# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्राऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મङ्गलम् ॥

**ભાવાર્થ:** – શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય–ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

## સિદ્ધચક્ર જયવંતુ બનો.

સિદ્ધચક્ર આ વંછિત પૂરણ, ચૂરણ કષ્ટ અનેક;
ધર્મરાયની આજ્ઞા જેને, તેને આપે વિવેક.
ચક્ર સદા આ સહસ્ત્ર રશ્મિથી, છેદે વિઘ્ન અનન્ત;
કવચ તણું આ કાર્ય કરે છે, કરવા કર્મનો અન્ત.
જગત્ વિષે ઉપમા નહિ જેની, તેની કરજો સેવ;
યતિગણ પૂજિત **અરિહંત** વિભુ, તે છે જેમાં દેવ.
વંદિત શુદ્ધ **સિદ્ધ** જ્યાં નિત્ય શોભે, વળી **સૂરિ**નો સમુદાય;
તુમુલ યુદ્ધ કર્મોથી કરતો, **પાઠક** જ્યાં સુખદાય.
બહાદૂર મુનિવર દર્શન પામી, **જ્ઞાન સંયમ** જ્યાં સેવે;
નોબત જૈન ધર્મની વાગે, કરો સદા **તપ** ટેવે,

"કુમાર શ્રમણ"


વી. સં. ૨૪૭૨
વિ. સં. ૨૦૦૨
વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
ધનજીસ્ટ્રીટ,-૨૫, ૨૬, મુંબઇ.

છુટક નકલ-
એકના
૦—૪—૬

# માનવંતા ગ્રાહકોને—

અમારા માનવંતા ગ્રાહકોને જાણીને હર્ષ થશે કે શ્રી સિદ્ધચક્ર પેપર આ અંકથી નવા વર્ષમાં એટલે તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. હમારા જ્ઞાનપિપાસુ ગ્રાહકોને સિદ્ધચક્રના આટલા વાંચનથી સંતોષ થતો ન હોવાથી તેઓની કદ વધારવા વારંવાર વિનંતિ સ્વીકારી હવેથી તેના દળમાં વધુ પાના ઉમેરવા વિચાર રાખ્યો છે. આજની કાગળ તથા છપાઇની અતિશય મોંઘવારીને અંગે તેનું લવાજમ વધારી રૂ. ૩) ત્રણ રાખવામાં આવ્યું છે. આશા છે કે હમારા તત્ત્વપ્રેમિ-ગ્રાહકો તે ક્ષમ્ય લેખશે. અને ગ્રાહક તરીકે ચાલુ રહી પેપરની કદર કરશે. ગ્રાહકોએ લવાજમ તુરત મોકલી આપવું. નહિંતર આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે. આગલા વર્ષનું જેનું લવાજમ બાકી હોય તે પણ સાથે મોકલી આપવું.

જે જે ગ્રાહકોએ ચાલુ રહેવા ઇચ્છા ન હોય તેઓએ તુરત લખી જણાવવું, નહિ તો અઢી લવાજમ મોકલી આપવું, જેથી વી. પી. ખર્ચ વિગેરેની નુકશાનીમાં ધાર્મિક સંસ્થાને ઉતરવું ન પડે મુંબઇના ગ્રાહકોએ ધનજીસ્ટ્રીટ ઘર નં. ૨૫-૨૭, શ્રિ. સા. સમિતિની ઓફીસના ઠેકાણે ભરી જવું.

સુરતના ગ્રાહકોએ શ્રી જૈન આનંદ પુસ્તકાલયમાં માસ્તર પાનાચંદ તારાચંદને ત્યાં ભરી જવું. તંત્રી.

## સુચના

જે જે સંસ્થાઓ તથા વ્યક્તિઓને આ પેપર ભેટ મોકલવામાં આવે છે તેઓએ બની શકે તો લવાજમ મોકલી આપવા અગર આર્થિક મદદ મોકલવા ધ્યાનમાં રાખવું. અથવા જો આ પેપર તેઓએ મંગાવવું હોય તો કાગળ લખવો જેથી તેઓને કોઈ તરફથી ભેટ મોકલવા વ્યવસ્થા કરીશું. તંત્રી.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ-૧૩. | આશ્વિન-માસ. | તંત્રીઃ
અંક ૧ લો. | તા. ૧૭-૧૦-૪૬. | પાનાચંદ રૂપચંદ ઝવેરી.


## 'શ્રી સિદ્ધચક્ર'ના મંગલમય તેરમા-વર્ષમાં પ્રવેશ.

લેઃ—કુમાર શ્રમણ.

વિવેકિ-વાંચકો !

આજે સંસારસમુદ્રમાં જીવનનૈયા વિચિત્રતાના વિકરાળ વાતાવરણમાં સફર કરી રહી છે. જડવાદના ગાઢ અંધકારમાં અંધ બનેલ માનવીને ધાર્મિક દિશાઓનો ધ્રુવ ન દેખાય તે સાહાજિક છે. આવા ગાઢ અંધકારથી વ્યાપ્ત બનેલી દિશાઓમાં પણ-ધર્મનું નક્ષત્ર દૃષ્ટિગોચર થાય તે અલ્પ આનંદનો વિષય તો કેમજ કહી શકાય ?

અધર્મનું તાંડવ શું ?, કે જડવાદની ચમકતી છૂરી શું ?; વિધર્મીઓની વાયડી વાતો શું ?, કે નવિન નિહ્નવોની વિચિત્ર કપટભરી રમત શું ?; એ બધી મોહભૂતની રૂપાંતર થયેલ કેવળ ભૂત-લીલાઓજ છે. આવી ભૂતલીલાના પડલને નાશ કરવા માટે અંજન સમાન અને ગાઢ અંધકારને ભેદવામાં લક્ષ-જ્યોતિથી દેદિપ્યમાન-જ્યોતિપુનાં ચક્ર સમાન **શ્રી સિદ્ધચક્ર જયવંતુ છે.** આ વાત આના આરાધકો માટે અલ્પ આનંદની તો કેમજ કહી શકાય ? અર્થાત્ અપૂર્વ આનંદનીજ વાત કહેવાય ! આજે કેટલાક રક્ષકો ભક્ષકો બન્યા છે, શેઠો શઠ બન્યા છે, મિત્રો અમિત્ર બન્યા છે, સબળો નિર્બળ બન્યા છે, શ્રીમંતો ભિખારી બન્યા છે, બાહોશો બેહોશ બન્યા છે; સત્યના પૂજારીઓ અસત્ય પૂજારીઓ=અસત્ય ઉપાસકો બન્યા છે, ન્યાયના સોદાગરોજ અન્યાયના દલાલ બન્યા છે, ભલાઇના શિક્ષકોજ બુરાઇના અધ્યાપકો બન્યા છે; આવા વિષમ વાતાવરણમાં પણ શ્રી સિદ્ધચક્ર બાર બાર વરસથી સુસુંદર સાહિત્ય, સૌહિત્ય આપણને પીરસે તે આપણા માટે અનિર્વચનીય હર્ષનો વિષય છે. અરે ! એથી વધુ અવર્ણનીય પ્રમોદનો કયો વિષય કહી શકાય ? આજે એજ આપણું માનીતું આગમ ઝરણાંને ઝરતું, ભૂલોનું સચોટ ભાન કરાવતું, સત્યના કિરણોને ફેંકતું, અજ્ઞાનરૂપ અંધકારને ભેદતું, શત્રુઓને સન્માર્ગે લઈ જતું, વિધર્મીઓને સદ્ધર્મનું ભાન કરાવતું, અને અધર્મમાં સુદર્શનચક્રવત્ ગમન કરતું **શ્રી સિદ્ધચક્ર મંગલમય તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે.** તો આપણે એના ઉત્પાદકને, એના ઉદ્ધારકને, એના સંચાલકને; એના પોષકને, એના આરાધકોને, અને એના વાંચકોને આપણે આપણી શુભ ઉર્મિઓથી અને શુભ ભાવનાથી સહસ્ત્ર સહસ્ત્ર અભિનંદન આપીયે તો યથાસ્થાને છે.

# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.**

સ્થળઃ—નેમુભાઈની વાડી, જૈન ઉપાશ્રયના ભવ્ય હૉલમાં ગોપીપુરા સુરત.

સંચયકારઃ—**પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી** ગણિવરના પરમવિનેય **મુનિશ્રી ચન્દ્રપ્રભ-સાગરજી**ના શિષ્ય **મુનિશ્રી ચન્દ્રવમ`સાગરજી**એ દેશનાનો સારભૂત સંચય કરેલો છે, અને તે વાંચવો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી **પૂ. પં. પ્રવરશ્રીજી** પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

લિ. તંત્રી.

## દેશનાના સારભૂત–અવતરણો.

**૧. પુદ્ગલ તરફ માંડેલી મીટ, ૨. હું કોણ ?, ૩. કયાંથી આવ્યો અને કયાં જવાનો છું ?, ૪. અજ્ઞાનીઓની અવળી સમજ, ૫. કર્મ બંધનનું કારણ શું ?, ૬. રાગદ્વેષને વધારનાર જ્ઞાન, ૭. અપા-દાનની વ્યવસ્થા, ૮. હિંસા કરે નહિ તેને વિરતિ શી ?, ૯. મળેલા પદાર્થ કરતાં નહિં મળેલામાં વધુ પ્રીતિ, ૧૦. મુંગા જવાબથી સાચો નિર્ણય, ૧૧. અણ-સમજના બહાને અવળી કાર્યવાહી, ૧૨. આચારાંગનું પ્રથમ સૂત્ર અને રહસ્ય; અને ૧૩. આરિસા સાથે આગમની સરખાવટ.**

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।**
**इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥१२॥**

### હું કોણ ?

શાસ્ત્રકાર મહારાજ **આચાર્ય** ભગવાન્ **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રક-રણની રચનાં કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિ કાળથી આ સંસારમાં રખડંપટી કરતાં કરતાં આ જીવે અનંત પુદ્ગલ પરાવર્તોમાં પુદ્ગલ તરફ મીટ માંડેલી છે. કોઇ વખત સ્પર્શમાં કોઇ વખત રસમાં, કોઇ વખત ગંધમાં, કોઇ વખત રૂપમાં અને કોઇ વખત શબ્દમાં મુખ્યતા રાખી ભટકયો છે. મનુષ્ય અને દેવતાના ભવોમાં પાંચે ઇંદ્રિયોના વિષયો પર, અર્થાત્ દરેક ભવમાં દરેક જાતિમાં અને દરેક ગતિમાં પણ પુદ્ગલનું સાધ્ય રાખ્યું છે. દરેકે દરેક જીવો પુદ્ગલનીજ અભિલાષા રાખે છે. આખા ભવચક્રમાં માત્ર પુદ્ગલપર જીવોનો અભ્યાસ ચાલુ છે. કોઇ પણ વખત આત્માની નજરથી પુદ્ગલ દૂર થતું નથી. કારણ કે દરેકે દરેક ભવમાં હું, દરેક જાતિમાં હું, દરેક ગતિમાં હું અને દરેક અવસ્થામાં પણ હુંપણાની નજર આગળ દોડધામ કરી પણ હું કોણ ? એ વિચાર કોઇપણ ભવમાં આવ્યો નથી. પોતાની નજર આગલ હમેશાં રહેલા આત્માને તપાસવો નહિં અને પુદ્ગલ તરફ દોડવું એ મૂર્ખતા છે. આત્મા દરેક ભવમાં, દરેક જાતિમાં, દરેક ગતિમાં, દરેક અવસ્થામાં અને દરેક ક્ષણમાં હોય છે. એટલુંજ નહિં પણ એવો એક પણ સમય નથી કે તે ન

હોય ? પરન્તુ હું કોણ એનો વિચાર સરખો કોઇપણ ભવમાં કર્યોજ નથી.

## કયાંથી આવ્યો ? અને કયાં જવાનો છું ?

જેમ દુનીયામાં આંખથી બધા કામ કરીએ છીએ, પણ આંખ કેવી છે તે વિચાર કર્યો છે ?, ખરેખર આંખ અભાગીની છે, કારણ કે આંખ કરેકે કરેક પદાર્થને જુએ છે. પણ પોતાની આંખમાં પડેલ કણીયાને પોતે જોઇ શકતી નથી. અગર આંખમાં લાલી આવી ગઇ હોય છતાં તે કણીયો અથવા લાલી બીજો જુએ તોજ કાર્યસિદ્ધિ થાય છે. તે સિવાય કાર્યસિદ્ધિ થઇ શકતી નથી, માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે કે આત્મા છે એટલુંજ નહિં પણ હું કયાંથી આવ્યો ? કયાં જવાનો છું ? તેનો તદ્દન અજાણ છે. અર્થાત્ પોતે પોતાને જોતો નથી. જુઓ આચારાંગ માં પ્રથમ સૂત્ર છે તેમાં અત્થિ મે આયા ઉવવાઇએ ઇત્યાદિ પદો છે.

આત્માનું અસ્તિત્વ છે એમાં શંકાને સ્થાનજ નથી. તેમજ આત્મા ઉત્પન્ન થયો છે તેમાં શંકા પણ નહિં, પણ કયાંથી આવ્યો ?, તે શંકા ? અને કયાં જવાનો છું ?; તે શંકા આ સૂત્રમાં કરી છે.

## અજ્ઞાનીઓની અવલી સમજ.

પાપ, પુણ્ય, આશ્રવ, સંવર અને નસીબ વિગેરે નહિં માનવાવાળાને શાસ્ત્ર શ્રવણ કરવાનો પણ અધિકાર નહિં. કારણ કે નહિ માનવાવાલા કહે છે કે જાણે તેને પંચાત હોય, પણ ભોળા માણસને કાંઈ નહિં. આવું કોને થાય ? તો શાસ્ત્રકાર કહે છે કે અજ્ઞાનીને થાય. વલી કહે છે કે અજાણપણામાં રાગ અથવા દ્વેષથી પ્રવૃત્તિ ન હોય, તો પછી સામાન્ય જન્મ પણ હોયજ નહિ. આવું કથન કરનાર અજ્ઞાનીઓ સમજ અસમજનો ફરક સમજ્યા નથી. કારણ કે જે અવતારમાંથી ઇશ્વર થાય તો તે મલીન અવતારમાંથી નિર્મલતા રૂપ ઇશ્વર થયા. આ કર્મ છે અને તે ઇશ્વર માને છે. અને જે કર્મ બંધાય છે તે પણ રાગ અને દ્વેષના લીધેજ કર્મ બંધાય છે. એ સર્વ આસ્તિકતાના મતે આ માન્યતા છે. એવો કોઇપણ આસ્તિક ન હોય કે રાગ દ્વેષથી કર્મ બંધાતા નથી. આ વાતને આડકતરી રીતિએ તે અજ્ઞાની પલટાવે છે. શું પલટાવે છે ? તો તે કહે છે કે જ્ઞાનથીજ રાગ દ્વેષ થાય છે. જેમ કુતરાને ઝેર દેવાય છે તે ઝેર બરફીની મીઠાશ સાથેજ દેવાય છે. અજ્ઞાનવાદીઓ પૈકિ એક ભાઇએ આવીને પ્રશ્ન કર્યો કે કર્મ બંધનનું કારણ શું ? જવાબમાં સાભળ્યું કે બે સ્થાનકેજ કર્મ બંધાય છે. તો કહે છે કે તે બે સ્થાન કયા ? સમાધાનમાં કહે છે કે રાગ અને દ્વેષ. કર્મ બંધનનું મૂળ કારણ શું ? અને કર્મ ઊદયનું મૂળ કારણ શું ? તેના સમાધાનમાં જાણવું જોઇએ કે તેમનું કારણ રાગ અને દ્વેષ છે. હવે રાગ અને દ્વેષનું કારણ શું ? તો કહે છે કે જ્ઞાન= સમજ. જેમ એક ચીજ (વસ્તુ) પર રાગ થાય છે ત્યારે બીજી ચીજ (વસ્તુ) પર દ્વેષ થાય છે. માટે મૂળ કારણ જ્ઞાન છે. જ્યાં સુધી જ્ઞાન થતું નથી ત્યાંસુધી પ્રીતી થતી નથી, અને તેવી રીતે અપ્રીતિ પણ થતી નથી. પ્રીતી કયારે થાય છે ? તો કે જ્ઞાન આવે અને સમજે ત્યારેજ. પ્રીતી અને અપ્રીતી જ્ઞાનના= સમજના સદ્ભાવમાં હોય છે. મળ્યું કે નહિ મળ્યું તેવા પ્રસંગોમાં અણસમજના અવસરમાં પ્રીતી હોતીજ નથી. મેળવવાની તાલાવેલીમાં સમજનો સદ્ભાવ હોય છે. અને વધારે વખત

ટકે તેવી આકાંક્ષા થયાજ કરે છે, કેમકે તેના ઉપર પ્રીતી છે. પણ મળ્યા માત્રથી રાગ થઇ જાય એ ચોક્કસ નિયમ નથી અને નહિં મલવા માત્રથી દ્વેષ થાય એ પણ બનતું નથી આ ઉપરથી રાગ-દ્વેષના ઊંડાણમાં સમજનો સદ્ભાવ સ્વીકારવો પડે છે. આવી અજ્ઞાનિઓને અવલી સમજ હોય છે.

## અપાદાનની વ્યવસ્થા.

વ્યાકરણકારોને પણ એ નિયમ લેવો પડે છે કે જે સ્થાનથી જુદા પડે તે સ્થાનને અપાદાનકારક થાય છે. અધર્મ થયો છે. **અધર્માદ્-વિરાતિઃ**। **પ્રમાદાદ્** અધર્મમાં અટવાયા કરે છે, ધર્મ થયોજ નથી અને પ્રમાદના પુરમાં તણાયા કરે છે. આવું સ્વીકાર્યા વગર વિરતિ માની શકાતી નથી. **હિંસાદ્ વિરાતિઃ** આ વાકયમાં હિંસાથી વિરમે છે તો તેમાં હિંસા કરે તે વિરમે છે કે જે હિંસા ન કરે તે વિરમે. હિંસા કરતો નથી તેને વિરમવાનું શું ?, અને જે હિંસા કરી રહ્યો છે તેની વિરતિ તે મૃષાવાદ કહેવાય. **મૃષાવાદ્ વિરમણ-વ્રતઃ** આ વાકયમાં અસત્યથી વિરમે છે, તો તેમા જુઠું બોલતો હતો તે વિરમે છે કે જે જુઠ ન બોલતો હતો તે વિરમે. અસત્ય બોલતો નથી તેને વિરમવાનું શું ?, અને જે અસત્ય બોલે છે તેની વિરતિ તે મૃષાવાદ કહેવાય. **અદત્તાદાન વિરમણ૦** આ વાકયમાં ચોરીથી વિરમે છે. તો તેમાં ચોરી કરતો હતો તે વિરમે છે કે જે ચોરી ન કરે તે વિરમે. અને જે ચોરી કરતો નથી તેને વિરમવાનું શું ?, અને જે ચોરી કરે છે તેની વિરતિ તે અદત્તાદાન કહેવાય. **મેહુણાઓ વેરમણ૦** આ વાકયમાં જે મૈથુનથી વિરમે છે. તો તેમા મૈથુન કરતો હોય તે વિરમે છે કે જે મૈથુન ન કરતો હોય તે વિરમે. મૈથુન સેવન કરતો નથી તેને વિરમવાનું શું ?, અને જે મૈથુન સેવે છે તેની વિરતિ તે મૈહુણું કહેવાય. એવી રીતે **પરિગ્ગહાઓ વેરમણં** વિગેરે સર્વમાં જે બોલો છો પણ બોલવાના અવસરમાં વિચારીને બોલો છો કે વિચાર વગર. જે વસ્તુ કરતાં હોય તેનાથી જુદા પડવાનું હોય તો વ્રત નિયમ બરાબર છે. પણ પાપ કરતાં નથી પછી પચ્ચખાણ શેના ? આ પ્રશ્નના સમાધાનમાં મળેલી ચીજમાં જેટલો વિચાર થાય તેના કરતાં નહિં મળેલ ચીજમાં ઘણો વિચાર થાય. માટે પ્રીતી એકલો મળેલા પદાર્થમાં રહે છે એમ નથી. પરન્તુ ચોર આવે અગર આવી જાય તેમાં પણ ડર છે કે નહિ ? આવે અગર ન આવે તેમાં પણ ડર હોય છે ? પ્રીતી-અને અપ્રીતી કયાં થાય છે ?, તો કે ધારેલી ધારણાઓના અંગેજ થાય છે. ધારણા વગર ન થાય માટે કહો કે બુદ્ધિપૂર્વક ધારણ કરેલી છે. અચાનક સંયોગથી અધર્મ થઇ જાય તેવી બુદ્ધિથી વિચારીને પણ અધર્મથી છુટા પડવા માટેજ કહે છે કે ધર્મમાં પ્રમાદ કરીશ નહિં. આ રીતે આ બધા વાકયોમાં બુદ્ધિપૂર્વકનો સંસર્ગ અને અપાય સમજવો જરૂરી છે.

## મુંગા જવાબથી સાચો નિર્ણય.

જેમ કોઇ સ્થલે જવું છે, અને રસ્તો ભય વાળો છે; અને સાથે વળાવો લેવામાં આવે છે. આ સ્થલે ચોર આવો ગયા હતા માટે વળાવો છે ? કે રસ્તો ભયવાલો છે માટે વળાવો છે ? એવી રીતેજ પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન મૈથુન વિરમણાદિ વ્રતોમાં પણ પ્રમાદાદિ આવવાની શંકા હોય તો પણ તેના પચ્ચખાણ લેવાય છે. જેમ ભૂત-ભવિષ્ય અને વર્તમાનને અંગે

થતી પ્રીતિ અને અપ્રીતી કોને હોય ? તો કે સમજે તેનેજ હોય છે. પણ જે સમજેજ નહિ તેને પ્રીતી અપ્રીતિ હોયજ નહિ. જ્યારે પ્રીતી અને અપ્રીતી થાય છે તે સમજણથીજ થાય છે. માટે સમજણ લેવીજ નહિં, કારણ કે સમજ ન લેવાથી પ્રીતી અપ્રીતી થાયજ નહીં. અને પ્રીતિ અપ્રીતિ ન થાય તો પણ કર્મ બંધાયજ નહિં. આ રીતિએ આકું અવલું સમજાવીને આખો કેસ પાછળથી માંડો વાલવો પડે છે, માટેજ હું કહું છું કે સમજણ હોવીજ ન જોઈએ. એવી રીતે જે અજ્ઞાની બોલે છે કે સમજણ ન લીધી હોય તો વિચાર નહિં થાય, વિચાર ન થાય તો રાગ દ્વેષ પણ ન થાય; અને રાગ-દ્વેષ ન થાય તો પછી કર્મ બંધાયજ નહી. હવે એને પૂછવું જોઈએ કે તમે આ જેટલી વાત કરી છે તે સમજીને કરી છે કે અસમજણથી કરી છે. કારણ કે જે માણસ ઉત્તરમાં કહે કે હું મુંગો છું. એમ બોલે તો સાંભલનારને તેની મૂર્ખાઈ માલમ પડશે. કેમકે હું મુંગો છું એની તપાસ કરવાની જરૂર પડતી નથી, કારણ કે પોતાના મોંઢાથીજ હું મુંગો છું એમ બોલે છે; અને તેથી તે જુઠો સાબીત થઇ જાય છે. અને તેને સાબીત કરવા માટે સાક્ષીની પણ જરૂર નથી. કારણ કે તેને સત્યવાદી માનવામાં આવતો નથી. એવી રીતે સમજીને બોલનારને સમજની જરૂર છે તેથી સમજ ન લેવાની વાત કરનાર સમજ લેવાનો નિર્ણય જાહેર કરે છે.

## અણસમજના બહાને અવળી કાર્યવાહી.

જેમ હું મુંગો છું એવું બોલવાવાલા માટે અક્કલવાલાને હવે સાબીત કરવા જેવું કાંઇ કરવું પડતું નથી તેવીજ રીતે તમે પણ તમારી જે વાત કરી તે બધી સમજણથી કરી છે ?, કે અણસમજણથી કરી છે ? જ્યારે તે બોલે કે સમજણથીજ આ વાત કરી છે તો હવે સમજણ નકામી ગણી છે અને સમજણ પૂર્વક તમે બોલો છો. તેજ બતાવી આપે છે કે સમજણ ઉપયોગીની છે. અજ્ઞાનને દુર કરવું, મિથ્યાત્વને દુર કરવું, રાગ અને દ્વેષને દુર કરવો; અને સમ્યગ્દર્શન, સમ્યગ્-જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર મેળવવું તેમાં બહારથી લાવવા પડે તેવાં કારણ નથી, કારણ કે તે બધાં કારણો પોતાનામાંજ છે. સમજણપૂર્વક ઉપદેશદ્વારાએ જીવોને બહાર લાવવા તેમાં પ્રીતી અને અપ્રીતી આડકતરી રીતે ગોઠવવી તે મૂર્ખાઈ છે. જે જે મતો નિકળ્યા છે તે તે મતોમાં જોઇએ તો એકજ વાંધો આવે છે. કયો વાંધો ? તો કે સંવર અને નિર્જરાને દૂર નાંખી દેવા છે. અને આશ્રવાદિને પોષવા છે. ત્યારે તેવાઓએ તો સમજણના નામે ગોટાળા વાળ્યા છે. જુઓ બે જણ લડતાં હોય તેમાં એક જણને કોઇ આવીને બાથમાં લે અને રોકે છે; પરન્તુ બીજાને છુટો છોડી મુકે છે. તેમાં તેઓ લડાઈ વધારી ગયા કે ઓછો કરી ગયા. કદાચ તમારી અણસમજ હતી તો બન્નેને રોકવા હતા. પણ દાનત સારી નથી તેથી આશ્રવને છુટા રાખવા છે અને સંવર નિર્જરાને રોકવા છે એ આજના નીકળેલા નવીન મતોના મોરચા છે, માટે અણસમજના બહાને અવળી કાર્યવાહી છે.

## સૂત્ર-રહસ્ય.

જેમ નાના બાલકને થોડું ગરમ લાગે એટલે રડવા લાગે છે અને જરા ઠંડુ લાગે તો હાશ

કરે છે. ત્યારે કહો કે તેને કોણ શિખવવા ગયું હતું ? કહેવું પડશે કે આ તો સ્વભાવિક છે. તેવીજ રીતે સ્વાભાવિક સંવર-નિર્જરા અને પુણ્ય બંધની કરણીઓ જીવને લાભદાયી છે. તમે સંવર-નિર્જરાદિને બાથમાં ઘાલીને આશ્રવ પાસે સંવર નિર્જરા બન્નેને માર ખવડાવ્યો, તેથી તમે લડાઇ હોલવી નહિ, લડતાને છોડાવ્યા નહિં પણ ઝઘડો વધાર્યો. અજ્ઞાનીની સ્થિતિ કેવી છે તે તપાસી ગયા કે જેમ હું મુંગો છું તો બોલતો છે એવા પ્રસિદ્ધિ થાય છે. અરે સમજીને બોલે અને અને પછી સમજણ નકામી કહે છે તે ચાલી શકતુંજ નથી અને વળી બોલે કે હું બીજાના ફાયદાને માટેજ બોલું છું પણ તે નુકશાનનું નગ્ન પ્રદર્શન છે. આ જીવ બીજી ગતિમાં જશે કે નહિં તેનો કોઇ નિશ્ચય નથી. કેમકે આત્મા છે કે નથી આત્મા ઉત્પન્ન થશે કે નહિં તેનું કંઈ ભાનજ નથી, માટેજ શ્રીસુધર્માસ્વામીજી મહારાજાએ આચારાંગના પ્રથમ સૂત્રમાં જણાવ્યું છે કે **अत्थि मे आया उववाइए०** ઇત્યાદિ. આથી અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, આદિ પક્ષકારોને સભામાં બેસવા દેવાની લાયકાતવાલાજ નથી અને કદાચ બેસે તો તેને ઊપદેશ આપતાં શાસ્ત્રકારો ચોકખા શબ્દોમાં કહે છે કે પૂર્વ દિશા, પશ્ચિમ દિશા, ઉત્તર દિશા, અને દક્ષિણ દિશા વિદિશાઓ વિગેરે દશે દિશા લઇ લીધી પછી **अन्नयरीओ०** ઇત્યાદિ પદની જરૂર શી ? કારણ કે દિશા વિદિશા બાકી નથી તો પછી તે પદ કેમ કીધું ? સીધા ઋજુગતિથી ચ્યવવા વાળા જીવ માટે તો દશે દિશા બોલો છે. પરન્તુ જે વકગતિથી આવે છે તેમને માટે નિયમ રહેતોજ નથી અને તેથીજ વકગતિવાળા માટે આ **अन्नयरीओ०** આદિ પદ છે. અર્થાત્ સાતમી નરકના પાથડામાંથી નીકળીને તિર્યંચ લોકના ખુણામાં ઉપજવું હોય તો નીચેથી ઉંચે અને ઉંચેથી આડો જાય ત્યારે ત્યાં ઉપજી શકે છે તે માટે **अन्नयरीओ०** પદ જણાવ્યું છે. અને તેથીજ અક્રિયાવાદી આદિ પક્ષો ટકતા નથી.

## આરિસાદ્વારાએ આત્માને જુઓ.

આવી રીતે પ્રાયઃ ચાર સમય વકગતિ હોય ત્યારે એકલી પૂર્વદિશા પશ્ચિમ દિશા, ઉત્તર દિશા અને દક્ષિણ દિશા અને વિદિશાઓનો નિયમ રહેતો નથી. ક્રિયાવાદીઓને આત્મા જીવ પાપ, પુણ્ય અને નસીબ માનવું છે અને હું કયાંથી આવ્યો અને હું કયાં જવાનો છું તે તેને માનવું નથી; અર્થાત્ જીંદગીના અંત સુધીમાં માલમ પડતું નથી માટે હું અહિં ઉત્પન્ન થયો છું. હું શબ્દ અનાદિ કાલથી કર્યા કરે છે. પણ હું એટલે શું ? જેમ આંખ આખા જગતને જુએ છે પણ પોતાને તે જોતી નથી તેવી રીતેજ આ આત્મા હું હું કર્યા કરે છે. પણ હું કોણ તે આત્મા પોતે પોતાને જોતો નથી. આંખ પોતાને કયારે જોવે છે ? તો કે આરિસાદ્વારા પોતે જોઇ શકે છે તેવી રીતે હું હું જોઇ શકે પણ તે કેવી રીતે ? તો કે જિનેશ્વરના વચન રૂપ આરિસાદ્વારા જોવાય છે, માટેજ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે **वचनाराधनया खलु** આત્માએ આત્માનું વાસ્તવિક સ્વરૂપને જોવું હોય તો વીતરાગના વચન રૂપ આરિસામાં જોયા કરો. હવે જોયા પછી આરાધના શી ચીજ ?, વચનનો વિષય શો ?, અને વચનનું સ્વરૂપ શું ? વિગેરે બતાવશે; તે અગ્રે વર્તમાન.

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥
॥ સકલમનોવાઞ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥
। સર્વમઙ્ગલશિરોમણિ-શ્રીદ્વાદશતપોધર્માનુરક્તેભ્યો નમઃ ।

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

**નોંધઃ**—આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મનું સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખકઃ**—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના** વિદ્વાન્ શિષ્યરત્ન શ્રીસર્વજ્ઞકથિત-રત્નાકરપદ્મમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત-શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર-**શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.**

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત-પ્રશિષ્યા સાધ્વી-**શ્રીતીર્થશ્રીજી**ના પુણ્યહુતી પામતા શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપમ ગ્રન્થરત્ન વાંચક વૃન્દો વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. **તંત્રી.** ]

[ લેખાંક ૭ મો ]

## શ્રદ્ધાનો અપલાપ કરનારાઓ જ શ્રદ્ધાના ઉચ્છેદકો છે.

અણસમજણમાંથી સમજદાર બનેલાઓ, અભણ અવસ્થામાંથી ભણી ગણીને પારંગત થયેલાઓ પૂર્વકાલને ભૂલીને શ્રદ્ધાને વગોવે છે. તે નવીન પ્રાપ્તિના માર્ગને રૂંધનાર છે=રોકનારા છે. આજના સમજદારોનો દાવો કરનારા જ્ઞાન વગરની ક્રિયા નકામી, જ્ઞાન વગરનું દાન નકામું, જ્ઞાન વગરનું શિયળ નકામું અને જ્ઞાન વગરનું તપ નકામું વિગેરે વિગેરે બકવાદ કરે છે. પરંતુ ફલદાયક દર્શન-વંદન-પૂજનાદિ ક્રિયા, ફલદાયક જ્ઞાન-ચારિત્ર, ફલદાયક દાન-શિયળ-તપ બનવા પહેલાં કેટલી વખત એકડો ઘુંટવાની માફક દ્રવ્ય ક્રિયારૂપ ચારિત્ર-તપાદિ કરવાં પડે છે, એ સમજતાં શીખ્યાં નથી એજ ખેદનો વિષય છે. જે વૃક્ષની છાયા નીચે બેસીને શાંતિ પામનારો મુસાફર રવાના થવાના અવસરમાં એજ વૃક્ષને છેદે તો તેને મૂર્ખ-શિરોમણિ કહેવાય છે. તેવી રીતે શ્રદ્ધારૂપી વૃક્ષની છાયા નીચે આનંદ લઇ બેઠેલા અને આગલ વધેલાઓ આજ કહેવાતા અસંખ્ય જ્ઞાનીઓ ક્રિયામાર્ગે શરૂ થયેલાઓને, ચારિત્રમાર્ગે ચાલનારાઓને, દાન દેનારાઓને, શિયળ સેવનારાઓને, તપશ્ચર્યાના માર્ગે આગળ વધનારાઓને નિન્દે છે, અપભ્રાજે છે તેઓ બધા શ્રદ્ધારૂપી વૃક્ષના ઉચ્છેદકો છે. જ્ઞાનીપણાનો દાવો કરનારને અંધશ્રદ્ધાનું મહત્વ ઓછું લાગતું હોય તેથી જગતના વ્યવહારમાંથી અને ધાર્મિક શુભ વ્યવહાર અને શુદ્ધ વ્યવહારમાંથી તે શ્રદ્ધાનું મહત્વ હજુ સુધી ઘટયું નથી, ઘટતું નથી અને ઘટશે પણ નહિંજ. એટલું નહિં પણ સર્વજ્ઞ-શાસન-રસિક આત્માઓની કાર્યાન્વિતી ક્રિયા, વર્તનો અને અનુષ્ઠાનો દેખીને તમને ધૃણા થતી હશે પણ તે તે ભાગ્યશાલીઓ ક્રમે ક્રમે શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ અનુષ્ઠાનો ભવિષ્યમાં કરનારા થશે. **'बाध्यमानं भवेद्भाव०"** એ પદ્યદ્વારા પ્રત્યાખ્યાન-અષ્ટકમાં ચૌદસો ચૂમ્માલીશ ગ્રન્થના પ્રણેતા

પૂ. શ્રીહરિભદ્રસૂરીશ્વર જણાવે છે કે–'જિનેશ્વર ભગવંતોએ કથન કરેલાં છે' એવી શ્રદ્ધાપૂર્વક સદ્‌ભક્તિપૂર્વક લીધેલાં વ્રત, નિયમ અને પ્રતિજ્ઞા તૂટી જાય, અને સંસારના લીલામાં અટવાઇ જાય છતાં લાભ ચાલ્યો જતો નથી. જેટલું આરાધ્યું તેટલું દ્રવ્ય અનુષ્ઠાન જો જિનેશ્વર ભગવાન કથિત હોય તો ભવિષ્યમાં તે અનુષ્ઠાન ભાવ પચ્ચખાણનું કારણ બને છે. સેંકડો-હજારો-લાખો દ્રવ્ય અનુષ્ઠાન થતાં થતાં એક ભાવ અનુષ્ઠાન બને છે. આ પ્રસંગમાં પૂર્વનું દ્રવ્ય અનુષ્ઠાન એ પછી થનારા દ્રવ્ય અનુષ્ઠાનરૂપી કાર્યનું કારણ છે અને એવી રીતે ઉત્તરોત્તર કાર્યકારણભાવ તપાસતાં અંતમાં થવાવાળું ભાવ અનુષ્ઠાનનું પૂર્વ અનુષ્ઠાન કારણ છે.

એટલુંજ નહિં પણ શાસ્ત્રોકત રીતિએ થવાવાળી શાસ્ત્રવિહિત દ્રવ્ય પ્રવૃત્તિ ત્યારેજ થાય છે કે પ્રવૃત્તિ કરનારને ૬૯ કોડાકોડી મોહનીયની સ્થિતિનો ક્ષયોપશમ થયો હોય. દૃષ્ટાંત તરીકે "એક કસાઈ બકરાંને કાપવા છરો લઇને ચાલ્યો જાય છે. બકરાં આગળ છે અને કસાઈ પાછલ છે. રસ્તે ચાલતાં આગમશ્રવણથી નવપલ્લવિત થયેલ શ્રાવક મલ્યો. શ્રાવકે બકરાંને મૂકી દેવા ઘણું ઘણું સમજાવ્યો પણ કસાઇ એકનો બે થયો નહિ. છેવટે પૈસા આપી બકરાંને પાંજરાપોળમાં મોકલાવી દીધા કસાઈ કહે તમને આ દયા ધર્મ શીખવાડનાર તમારા ગુરુઓ દયા ધર્મની શરૂઆતમાં શું કહીને દયાળુ બનાવે છે? હમારા કસાઈના ધંધામાં દયાનું નામનિશાન હોતું નથી, છતાં મારા જીવનમાં કલ્યાણ કરવું હોય તો કોઈ ઉપાય છે? શ્રાવકે કહ્યું-હા, તમે એક નવકાર રોજ ગણો. કસાઈ કહે-જીંદગી પર્યંત મહેનત કરું તો આવડે નહિં. તો રોજ મારી પાસે સાંભલી જાવ એવું શ્રાવકે કીધું. કસાઇ સાંભલવા રોજ આવે છે અને સાંભળીને રોજ કસાઇખાને પોતાના ધંધે જાય. અંતમાં સાંભલતાં સાંભલતાં કસાઈનો ધંધો છોડે છે, દયાળુ બને છે. હવે આ સ્થળે પહેલે દિવસે નવકાર મંત્રનું પહેલું પદ "નમો અરિહંતાણં" અને તે પદનો પહેલો અક્ષર "ન" કાનમાં પડયો તો કસાઇને કેટલો લાભ થયો હશે? આવો પ્રશ્ન કરનારને શાસ્ત્રકાર કહે છે કે–તે અવસરે ૬૯ કોડાકોડી મોહનો કર્મની સ્થિતિ તૂટે નહિ ત્યાં સુધી શાસ્ત્રવિહિત આટલી શ્રવણ પ્રવૃત્તિ પણ થતી નથી. આ ઉપરથી લાલચથી, વિરૂદ્ધ ઇચ્છાથી, બલાત્કારથી, પૌદ્‌ગલિક ઇચ્છાથી, કહેવાથી, શરમથી, પ્રેરણાથી કરેલી શાસ્ત્રવિહિત શ્રવણપ્રવૃત્તિરૂપી શ્રુતસામાયકનો લાભ ૬૯ કોડાકોડી સ્થિતિ તુટયા વગર કોઈ પણ જીવને થતો જ નથી, થયો નથી અને થશે પણ નહિં. બધુ વિચારકોએ *વિશેષાવશ્યકમાં જનાગમના રહસ્યવેત્તા શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણનાં વચનોનો બારીકાઈથી અભ્યાસ કરવો જરૂરી છે. આથી સ્પષ્ટ છે કે દર્શન-વંદન-પૂજન-સત્કાર કે સન્માનની કોઈ ક્રિયા દ્રવ્ય રૂપ હોય તો પણ કરવામાં નુકશાન તો છે જ નહિ, પરન્તુ દ્રવ્ય ક્રિયાના સંસ્કારો વૃદ્ધિ થતાં થતાં આત્મા માર્ગાભિમુખ બની આત્મ-કલ્યાણના રસ્તે ચઢી અમોઘ લાભ પ્રાપ્ત કરે છે શ્રદ્ધા નહિ હોય તેને જ્ઞાન થવાનું નથી. શ્રદ્ધા હશે તેને અજ્ઞાન જ્ઞાનરૂપે થશે અને ટકશે. કહેવાતા જ્ઞાનીઓને શ્રદ્ધાનાં વિનાશભાવમાં વર્તતું જ્ઞાન અજ્ઞાન થાય છે.

"જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળીઓ,
સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમ્યગ્‌દર્શન બળિઓ."

—સમ્યગ્‌દર્શન પૂજા. ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહોપાધ્યાય.

આ કથનમાં સમ્યગ્‌દર્શનના અભાવમાં જ્ઞાન પ્રમાણભૂત હોતું નથી. ચારિત્રનાં પુષ્પરૂપ કેવળજ્ઞાન અને ફળરૂપ મોક્ષ અર્થાત નિર્વાણસુખ પ્રાપ્ત થઇ શકતાં નથી માટે શ્રદ્ધાની અનિવાર્ય જરૂર છે. અજ્ઞાનીઓએ સમ્યગ્ જ્ઞાની થવામાં અને સમ્યગ્ જ્ઞાનીઓને સમ્યગ્ ટકાવવામાં વધારવામાં અને ફળદાયક બનાવવામાં શ્રદ્ધાની અનિવાર્ય જરૂર છે.

(અપૂર્ણ.)

* જુઓ, વિશેષાવશ્યક. શ્રુત-સામાયકની વ્યાખ્યા સમજવાથી આ પ્રસંગ સમજાશે.

सकलसमीहितपूरकश्रीसिद्धचक्रेभ्यो नमो नमः ।
श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयतेतमाम् ॥

# श्रीविंशति-विंशिका-सारांशः

આલેખનકારઃ—પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગીતાર્થ-સાર્વભૌમ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના પરમ-વિદ્વાન્-વિનેય-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્રઃ

**નોંધઃ**—ચાલુ વર્ષમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની છત્ર છાયામાં તેઓશ્રીના વિદ્વાન્ વિનેય પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી આદિ ઠાણાનું ચાતુર્માસ નેમુભાઈની વાડી, ગોપીપુરાના ઉપાશ્રયે સુરત મુકામે થયું. આ અમૂલ્ય અવસરમાં તેઓશ્રી પાસે વિંશતિ-વિંશિકાના વિષમ સ્થળો સમજવા ધારવાનું બન્યું. અને તેથીજ આ ગ્રન્થનો સારાંશ-રહસ્ય ક્રમશઃ આપવાનું નક્કી કર્યું છે. આ ગ્રન્થ વિષયક તેઓશ્રીનાં આશય વિરૂદ્ધ સમાધાન સમજવામાં કે ધારવામાં આલેખનકારને આ લેખનું આલેખન કરવામાં ત્રુટી રહી ગઇ હોય તો આલેખનકારની આગ્રહભરી ભલામણથી અમે ક્ષમા યાચીએ છીએ. **તન્ત્રી.**

## પ્રકરણ પ્રણેતાનું પુનિત નામ.

આસન્નોપકારી—અન્તિમ—તીર્થાધિપતિ શ્રીમહાવીર મહારાજાના ત્રિકાળાબાધિત-અવિચ્છિન્ન પ્રભાવમય શાસનની પ્રભાવના કરનાર, યાકિની મહત્તરાસૂનુ અર્થાત્ યાકિની મહત્તરાના ધર્મ પુત્રપણે શાસ્ત્ર-સુપ્રસિદ્ધ, ભવવિરહ-ફલ પ્રાપ્તિના અદ્વિતીય-ઉમેદવાર, ચૌદશો-ચુમ્માલીશ-ગ્રન્થના ગુંથનાર, સૂરિ-પુરંદર **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી** ભગવાન્નું નામ વિદ્વજ્જન જૈન-જૈનેતર સમુદાયમાં અતિ-પ્રસિદ્ધપણે સર્વ-માન્ય છે. તેઓશ્રીની ગુમ્ફિત પુનીત-કૃતિઓ પ્રત્યેનો આદર=બહુમાન સાક્ષી સ્વરૂપે સર્વ-માન્ય નજરે પડે છે. આજે પણ ચતુર્વિધ સંઘ તેઓશ્રીનું નામ પોતાના નામની જેમ સ્મરણ કરે છે.

## પ્રકરણ-પ્રણેતાઓમાં પણ પ્રથમ.

અનેકાનેક-ગ્રન્થકારો જૈન-શાસનમાન્ય સાહિત્ય-સૃષ્ટિમાં વિદ્યમાન છતાં આ પ્રસંગે કેવળ એ પ્રાતઃસ્મરણીય પૂજ્ય શ્રીસૂરીશ્વરશ્રીનું જ નામ યાદ કરવાની જરૂર શી ?, આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સમજવું જરૂરી છે કે જે પ્રકરણનો સારાંશ અને રહસ્ય વિચારવા તૈયાર થયા છીએ, તે ગ્રન્થના કર્તા તેઓશ્રી છે. એટલે પ્રાસંગિકપણે તેઓશ્રીની ઓળખ જરૂરીની છે. આ ઉપરથી ગ્રન્થ કર્ત્તાની ઓળખ તરીકે તેઓશ્રીનું નામ મોખરે આવે છે, એટલું જ નહિં પણ જૈન-સાહિત્ય-સાગરમાં છુટા છવાયાં ચર્ચાયેલ વિષયોને એકજ સ્થળે સંગ્રહ કરવા રૂપ સંગ્રહિત-કરણશકિત, સંગ્રહિત કરેલ વિષયને સંક્ષેપથી અગર વિસ્તારથી પ્રતિપાદન શકિત, જૈન-દર્શન માન્ય અનેકવિધ સિદ્ધાન્તોની સમન્વય શકિત, પૂર્વાપરના અનુસ્યૂત સંબંધોની સંરક્ષણ શકિત, અને પ્રકરણોનો પ્રારંભ કરીને પૂર્ણાહુતિ પ્રસંગે નજરે નિહાળાતી સર્વ શકિતનો વિચાર કરીએ તો વાંચકને ઉરનાં અભિનન્દનો ઉભરાયાં વગર રહેતાંજ નથી. આવી આવી અનેક-વિધ શક્તિના મહાસાગર સમા મહાન્ પ્રભાવિક પૂજ્ય આચાર્યશ્રીની કૃતિઓમાં ઝળહળતી અદ્ભૂત શકિતઓનું અને બુદ્ધિ-વૈભવ તથા શાસન-પ્રભાવનાદિ કાર્યોનું દિગ્દર્શન કરાવવા માટે સ્વતંત્ર નિબન્ધ લખવાની જરૂર પડે

એ બે ને બે ચાર જેવી સીધી અને સ્પષ્ટ વાત છે. આથી પણ પ્રકરણ પ્રણેતાઓમાં તેઓશ્રીનો નંબર પ્રથમ આવે છે.

## પ્રકરણ પ્રણેતાની પિછાણ.

આ નામધેય પૂ૦ આચાર્યશ્રીના અનેકવિધ અમૂલ્ય કૃતિઓરૂપ ગ્રન્થો પ્રસિદ્ધ થયેલ છે. તે ગ્રન્થો પૈકિ મુદ્રિત થયેલ **'विंशतिः-विंशिकाः'** નામનો ગ્રન્થ લક્ષ્ય છે. આ ગ્રન્થ ગહન વિષયોથી ગુંથાયેલો છે. અને તે ગ્રન્થ દર્શનીય છે, એટલું જ નહિ પણ વિદ્વજ્જનોને વાંચન કરવા યોગ્ય મનનીય અને પરીક્ષણીય છે. ગ્રન્થના પ્રણેતાની પિછાણ કરવાની અને કરાવવાની રીતિ નિતિમાં લેખક કે વાંચકને મતભેદ હોતો નથી. પરંતુ ગ્રન્થ કર્તાની પિછાણ થયા પછી ગ્રન્થની રસિક રચના, રચના સમય, રચના સમયના ઐતિહાસિક પ્રસંગો, શાસ્ત્રમાન્ય સિદ્ધાન્તો, પ્રકરણોનો પુનીત સંબંધ પ્રારંભ અને પુર્ણાહુતિ, પ્રકરણ સ્થિત વિષયોનો વિશિષ્ટ રીતિએ સાધેલો સુમેળ, વિષયોની છણવટ, છણવટ પ્રસંગે સચવાયેલ પૂર્વાપર સંબંધ; અને વિષયોના પ્રતિપાદન અવસરે ઝળહળતાં બુદ્ધિ-વૈભવાદિ પ્રસંગે ઉદ્ભવતી અનેક વિધ શંકાઓના ઉત્થાનને અવકાશજ મળતો નથી. અને કદાચ પ્રાસંગિક શંકાઓ આવિર્ભાવ થાય તો પ્રકરણ પ્રણેતા પ્રત્યેના આદર બહુમાનથી ત્યાંને ત્યાંજ શંકાનું નિરસન થઇ જાય છે. આ ગ્રન્થના વાંચન-મનન-પરિશીલન અને નિદિધ્યાસનમાં વાંચકો તથા વિચારકો અનેરો આનન્દ અનુભવે, તેમજ અખંડપણે આનન્દને ઝીલી રહે તે હેતુથી પ્રકરણ પ્રણેતાનું નામ, પ્રકરણ પ્રણેતાઓમાં પ્રથમપણું અને પ્રણેતાની પિછાણ કરી ગયા.

## પ્રકરણનું પુનીત નામ.

આ ગ્રન્થ પ્રાકૃત ભાષામાં અને પદ્યબંધ રચનામાં રચાયેલો છે. દરેકે દરેક શ્લોકો આર્યા છન્દમાં ગુન્થેલા છે. અને વીશ વીશ શ્લોકોથી એક એક વિંશિકા વિવિધ વિષયોને સ્પષ્ટ કરે છે. તેથીજ આ ગ્રન્થ **'विंशतेः विंशिकाः'** નામે જૈન શાસનમાં મશહૂર છે. એક એક વિંશિકાથી એક એક અધિકાર જણાવે છે એ રીતિએ વીશ વિંશિકાથી વીશ અધિકાર અનુક્રમે જણાવાય છે. આ ગ્રન્થને **'विंशति-विंशिका-प्रकरण'** નામે ઓળખવો ઉચીત છે. કારણ કે ગ્રન્થકારે અંતિમ વિંશિકાના અંતમાં **'काऊण पगरण-मिणं'** એ પદોથી પ્રકરણ જણાવેલું છે. તેથી હવે આ ગ્રન્થને **'विंशति-विंशिका-प्रकरण'** એ નામથી ઓળખશું.

## વિંશિકાઓના ક્રમશઃ નામ.

પ્રથમ વિંશિકાનું નામ **'अधिकारविंशिका'** છે. આ પ્રથમ વિંશિકાના શ્લોક-૧૧ થી શ્લોક-૧૫ સુધીના પાંચ શ્લોકમાં અંગુલિ નિર્દેશમાત્ર રૂપે વીશ વિંશિકાઓના અનુક્રમે નામ સૂચન કર્યા છે. **'अहिगारसूयणा खलु'** ઇત્યાદિ પદથી આરંભ કરીને **'तंसि परमं सुहं चेव'** એ પદ અંતમાં જણાવીને આ પદોથી વીશ વિંશિકાના નામો પૂર્ણ થાય છે. ૧. અધિકાર-સૂચના, ૨. લોકનું અનાદિપણું, ૩. કુલનીતિ લોકધર્મ, ૪. ચરમાવર્ત=અર્થાત્ છેલ્લો પુદ્ગલપરાવર્ત, ૫. બીજાદિ=અર્થાત્ ધર્મ પ્રાપ્તિના બીજ-અંકુર-કિસલય આદિનો અનુક્રમ, ૬. સદ્ધર્મ=અર્થાત્ સમ્યકત્વ સ્વરૂપ, ૭. દાન ધર્મ-વિધિ, ૮. ઉત્કૃષ્ટ પૂજા વિધિ, ૯. શ્રાવક ધર્મ-સ્વરૂપ, ૧૦. શ્રાવક પ્રતિમા સ્વરૂપ, ૧૧. યતિધર્મ સ્વરૂપ, ૧૨. ગ્રહણ-આસેવન

શિક્ષા સ્વરૂપ, ૧૩. ભિક્ષા-વિધિ, ૧૪. ભિક્ષા-શુદ્ધિ:, ૧૫. આલોચન-વિધિ, ૧૬. પ્રાયશ્ચિત્ત વિધિ, ૧૭. યોગ વિધાન, ૧૮. કેવળજ્ઞાન સ્વરૂપ, ૧૯. સિદ્ધ-ભગવન્તોના ભેદોનું સ્વરૂપ, ૨૦. સિદ્ધ ભગવન્તોના સુખનું યથાસ્થિત સ્વરૂપ.

ઉપરની વીશ-વિંશિકાઓ અનુક્રમે જણાવ્યા મુજબ પોતાના અર્થ સૂચક નામ પ્રમાણે પોત પોતાના અધિકારને વીશ-વીશ શ્લોકમાં પરિસ્ફુટપણે પ્રતિપાદન કરે છે.

## સાન્વર્થ-વિંશતિ-વિંશિકા નામ.

અષ્ટક, ષોડશક અને પંચાશક નામના પુનીત ગ્રન્થોના નામ અનુક્રમે આઠ શ્લોક પ્રમાણથી, સોળ શ્લોક પ્રમાણથી અને પચાસ શ્લોક પ્રમાણથી જૈન શાસનમાં મશહૂર છે. તેવી રીતે આ **'વિંશતિ-વિંશિકા-પ્રકરણ'** પણ વીશ વીશ શ્લોકથી એક એક વિંશિકા રૂપે છે, અને એવી વીશ વિંશિકાથી વિશિષ્ટ આ ગ્રન્થને ઓળખવાની જરૂર છે. આઠ શ્લોકથી એક એક અષ્ટકની રચના કરીને બત્રીશ અધિકારવાળો અર્થાત્ ૩૨ અષ્ટક પ્રમાણવાળો ગ્રન્થ અષ્ટકજી નામે ઓળખાય છે, પચાસ શ્લોકથી એક એક પંચાશકની રચના કરીને ૧૯ પંચાશક પ્રમાણવાળો પંચાશક ગ્રન્થ જૈન શાસનમાં અતિ પ્રસિદ્ધ છે, અર્થાત્ અષ્ટકજી અને પંચાશકમાં શ્લોક સંખ્યા પ્રમાણે અધિકારોનું નિયમીતપણું નથી. અને તેથીજ આઠ શ્લોકથી એક અષ્ટક અને અધિકારોની ગણના ૩૨ ની થાય છે, તેવીજ રીતે ૫૦=પચાસ શ્લોકથી એક પંચાશક અને અધિકારોની ગણના ૧૯ ની થાય છે; તેવું અધિકારોનું અનિયમીતપણું આ વીશ-વિંશિકા-પ્રકરણમાં નથી.

પરંતુ સોળ શ્લોકથી શરૂ થતાં એક એક ષોડશકની રચના રૂપે સોળ અધિકાર અર્થાત્ સોળ ષોડશકમાં પરિપૂર્ણ કરેલ ષોડશક ગ્રન્થ પ્રસિદ્ધ છે, તેવીજ રીતે વીશ શ્લોકથી એક એક વિંશિકાની રચના કરીને વીશ અધિકાર રૂપે અર્થાત્ **'વિંશતિ-વિંશિકા-પ્રકરણ'** નામે આ ગ્રન્થ પરિપૂર્ણપણે પોતાના નામને સાન્વર્થ રીતિયે સાર્થક કરે છે.

## પ્રકરણ-ગ્રન્થ-પ્રમાણ.

વિંશતિ-વિંશિકા-પ્રકરણનું નામ, અનુક્રમે વિંશતિ વિંશિકાઓના નામ અને પ્રકરણ નામની સાન્વર્થતાની પર્યાલોચના કર્યા પછી પ્રકરણનું શ્લોક પ્રમાણ વિચારીએ.

વીશ-વીશ શ્લોકથી શરૂ થતી વિંશિકાઓ વીશ છે એટલે સહજ કાલ્પનિક વિચારણાએ ૪૦૦ શ્લોક થવા જોઇએ. પરંતુ ભિક્ષાશુદ્ધિ નામની ચૌદમી વિંશિકાના છ શ્લોક પ્રાપ્ત છે, અર્થાત્ ચૌદ શ્લોક કોઇપણ પ્રતિમાં પ્રાપ્ત થતા નથી. આ ભિક્ષા શુદ્ધિ નામની વિંશિકાને **'तदन्तरायशुद्धिर्लिंगविंशिका'** નામથી પણ ઓળખે છે, કારણ કે કેઇક પ્રતિઓમાં આ નામ વિંશિકાના અંતમાં જણાવે છે. આ ઉપરથી ૧૯ વિંશિકાના ૩૮૦ શ્લોક, ચૌદમી વિંશિકાના ૬ શ્લોક અને છેલ્લી વિંશિકામાં વીશને બદલે ૨૧ શ્લોક છે, અર્થાત્ છેલ્લા એક શ્લોકમાં ગ્રન્થકારે ગ્રન્થની પરિસમાપ્તિરૂપ પુણ્યોપાર્જન અને આશીર્વાદનું સૂચન કર્યું છે. તેથી કુલ શ્લોક ૩૮૭ છે.

| | વિં૦ | શ્લોક |
|---|---|---|
| વિંશિકા એકથી ૧૩ વિંશિકા અને ૧૫ થી ૧૯ વિંશિકા | ૧૮ | × ૨૦=૩૬૦ |
| ચૌદમી વિંશિકા— | ૧ | × ૬=૬ |
| વીશમી વિંશિકા— | ૧ | × ૨૧=૨૧ |
| | | કુલ શ્લોક-૩૮૭. |

ઉપરના ૩૮૭ શ્લોકો આર્યામાં છે, એટલે એક એક શ્લોકમાં બત્રીશ અક્ષરો ઉપરાંતના અક્ષરો છે. અર્થાત્ કોઇ કોઇ શ્લોકમાં અક્ષરો ૪૧-૪૮-૩૯-૩૮ પણ આવે છે, અને તેથી સરેરાશ લગભગ બત્રીશ અક્ષરે એક શ્લોક ગણીએ તો આશરે ૫૦૦) પાંચસો શ્લોક પ્રમાણ થવા સંભવ છે.

## સંભવિત-સમાધાન.

વિંશતિ-વિંશિકા વીશ વીશ શ્લોક પ્રમાણવાળી હોવા છતાં ચૌદમી વિંશિકાની રચના શું ૬ શ્લોકમાંજ કરી હશે ?, વીશ શ્લોક હોવા છતાં શું છ શ્લોક રાખ્યા છે ?, ચૌદ શ્લોક નહિં મુકવાનું પ્રયોજન શું ?, રચના અવસરે વીશ હતા કે સોળ ?, શું ચૌદ શ્લોક મળતાં નથી ?, ચૌદ શ્લોક મળે છે છતાં શું લખ્યા નથી ?; આવી આવી અનેક વિધ પ્રશ્નની પરંપરા ઉઠે એ સ્વાભાવિક છે. પરંતુ ઉઠતી શંકાઓનું સંભવિત સમાધાન જેટલું મળે છે તે અત્ર જણાવાય છે. હસ્ત લિખિત ભંડારોમાંથી મળી આવતી પ્રતિઓમાં ચૌદમી વિંશિકામાં છ શ્લોકજ મળે છે. પ્રાથમિક મુદ્રણ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ગુરૂવર્ય-આગમોદ્ધારક-આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજની** પુનીત નજરે થયેલ છે. તેઓશ્રીએ પણ સંભવિત સમાધાન નીચે મુજબ આપેલું છે.—

**दृष्टेष्वादर्शेषु न क्वापि सप्तम्या आविंशतिं चतुर्दश गाथा उपलब्धा इति नोपायऽत्रासां मुद्रणे ।**

આ ઉપરથી ચૌદમી વિંશિકાની ચૌદ ગાથાઓ મળી આવતી પ્રતિઓમાં નથી એજ સંભવિત સમાધાન યોગ્ય છે.

આ મુદ્રણ કાર્ય થયા પછી પણ વિંશતિ વિંશિકા ઉપર પ્રો.અભ્યંકરે સંસ્કૃતમાં છાયા બનાવી છે. અને મુદ્રણ થયેલ તે ગ્રન્થમાં પણ છ શ્લોકની છાયા છે. અર્થાત્ સંશોધન સંપાદન અવસરે પ્રાપ્ત થયેલ પ્રતિઓમાં પણ તેઓને છજ ગાથા મળી છે. આ ચૌદમી વિંશિકા સંબંધની ૧૪ ગાથાઓ કોઇપણ સ્થળે મળી આવે અગર તે સંબંધમાં જાણવા મળે તો વિદ્વાનોએ મળતાં સાધન દ્વારાએ મેળવીને જણાવવું જરૂરીનું છે.

## પ્રકરણ-પ્રણેતાનો પુનીત-સમય-નિર્ણય.

આ પ્રકરણના પ્રણેતા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી છે એનો નિર્ણય કરવો શી રીતે ?, કારણ કે ગ્રન્થકારે ગ્રન્થની પરિસમાપ્તિમાં પોતાના ગુરૂવર્યનો, પોતાની વંશ પરંપરાનો, અને પોતાના નામનો ઉલ્લેખ કર્યોજ નથી. આ પ્રશ્નના સમાધાનમાં પ્રશ્નકારે સમજવું જરૂરીનું છે કે તેઓની સમગ્ર રચનાઓના અંતમાં **'भवविरह'** અગર **'भयविरह'** ઇત્યાદિ પદોના ભાવને અનુસરતાં પદોથી તેઓની રચના નિર્ણીત થાય છે. અને તેથીજ તેઓશ્રીને **भवविरहाङ्क पदविभूषित-शासनप्रभावकः, भवविरहाङ्कभगवच्छ्रीहरिभद्रसूरिः, श्रीभवविरहाङ्कैः श्रीहरिभद्रसूरिभिः,** ઇત્યાદિ પદોથી સંશોધનકારોએ, સંપાદનકારોએ અને ભાષાન્તરકારોએ સ્થળે સ્થળે સંબોધેલા છે.

એટલુંજ નહિં પણ તેઓશ્રીની મળી આવતી રચનાના અંતિમ પદો તપાસવામાં આવે તો તેજ ભાવના ઉલ્લેખો મળી આવે છે.

જુઓ=ષોડશક પ્રકરણ ગ્રન્થમાં ષોડશક ૧૬મું ગાથા ૧૬ મી-' **आत्मानुस्मरणाय च भावा भवविरह सिद्धिफलाः ।** '

=સસારદાવાનલ૦ ઈત્યાદિ ચાર સ્તુતિઓમાં છેલ્લી સ્તુતિના છેલ્લા પાદમાં 'भवविरहवरं देहि मे देवि सारं' આ પદો જણાવ્યા છે. અષ્ટક-પ્રકરણ ગ્રન્થમાં છેલ્લા 'સિદ્ધ સ્વરૂપાષ્ટકમ્' નામના બત્રીશમા અષ્ટકની સમાપ્તિમાં નવમા શ્લોકમાં 'विरहात्तेन पापस्य भवन्तु सुखिनो जनाः' આ પદો જણાવે છે.

તેવીજ રીતે 'વિંશતિ-વિંશિકા-પ્રકરણ'માં પણ પ્રથમ વિંશિકાની પરિ સમાપ્તિમાં અર્થાત્ વીશમા શ્લોકમાં '× × × भवविरहफलो इमेणं तु' અને વીશમી વિંશિકાના ૨૧ એકવીશ શ્લોકમાં જણાવે છે કે:—

काऊण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।
भव्वा भयविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥२१॥

**ભાવાર્થ:**—આ પ્રકરણ કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું તે પુણ્યથી ભવ્યાત્માઓ ભયવિરહ=ભવ ભયનો વિરહ કરવા માટે જિનશાસનમાં અતિ પ્રસિદ્ધ બોધિબીજ પામો.

આ પ્રમાણે ભવ્યાત્માઓને બોધિબીજ પામીને ભવવિરહ કરો એવો અનુપમ આશિર્વાદ આપીને તેજ પદના પરમાર્થમાં ઝીલતાં પ્રાતઃસ્મરણી પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી **ગ્રન્થની પરિસમાપ્તિ** કરે છે. તેથી સાંકેતિક **'भवविरह'** અર્થાત્ તેજ ભાવને અનુસરતાં શબ્દોથી તેઓની કૃતિ છે એ કહેવું અને માનવું તે નિઃશંક-સત્ય છે.

આ પુનીત પ્રકરણની સમાપ્તિમાં સંવત્ અગર કવિ-ઋદ્ધિના હિસાબે સાંકેતિક શબ્દોથી પણ સંવત ધ્વનિત થતો નથી એટલે આ પ્રકરણ ગ્રન્થની રચના કયા વર્ષમાં-કયા મહિનામાં કયા દિવસમાં થઇ તે કહી શકાય નહિ. તેમજ ગ્રન્થની રચના કયા સ્થળમાં થઇ તે પણ નિર્દેશ નથી તેથી રચના સંવત અને રચના સ્થળનો ઉલ્લેખ કરવાને જોઇતાં સાધનોનો અભાવ હોવાથી અમે તે સંબન્ધિનો નિર્દેશ ચોક્કસપણે જણાવી શક્તા નથી.

આ ગ્રન્થની રચના કયા વર્ષમાં થઇ વિગેરે મળતું નથી પરંતુ આ ગ્રન્થના પ્રણેતા વિક્રમ સંવત્ની છઠ્ઠી અને ભગવાન્ મહાવીર મહારાજા-સંવત્ની અગીઆરમી શતાબ્દિમાં થયા છે એવી માન્યતા વિદ્વજ્જન-સમુદાયમાં અતિ પ્રસિદ્ધિપણે રહે છે.

વિક્રમ સં. ૫૮૫ અને વીર સં. ૧૦૫૫ એટલે વિક્રમની છઠ્ઠી શતાબ્દિના મધ્યાહ્નકાળ કાળ પછી આ પ્રકરણ ગ્રન્થના પ્રણેતાને માનવામાં લેશભર શંકાને સ્થાનજ નથી. આથી તેઓશ્રીની સઘળી કૃતિઓ વિક્રમની છઠ્ઠી શતાબ્દિની રચના તરીકેની માન્યતા સાહિત્ય સૃષ્ટિમાં સર્વત્ર પ્રસિદ્ધ છે, એટલુંજ નહિ પણ આ બીનાને સત્યપણે વિદ્વજ્જનો સ્વીકારે છે.

શ્રી વિંશતિ-વિંશિકા-પ્રકરણ સ્થિત વીશ વિંશિકાઓનો અનુક્રમે સારાંશ સમજીએ તે પહેલાં પ્રકરણના પ્રણેતાનું પુનીત નામ, પ્રકરણના પ્રણેતાની પિછાણ, પ્રકરણનું પુનીત નામ, વિંશિકાઓના ક્રમશઃ નામ, સાન્વર્થ વિંશતિ-વિંશિકા નામ, પ્રકરણનું શ્લોક પ્રમાણ, સંભવિત સમાધાન (ચૌદમી વિંશિકામાં ચૌદ શ્લોક ઓછા છે તે સંબન્ધિ); અને પ્રકરણ પ્રણેતાનો પુનીત સમય નિર્ણયાદિ વિગેરે નવ પ્રકરણો વાંચી વિચારી ગયા.

## અધિકાર-સૂચના વિંશિકા ૧.

આ અધિકાર સૂચના નામની પ્રથમ વિંશિકાના ૧૧ મા શ્લોકથી શરૂ કરીને ૧૫ પંદરમા

શ્લોક સુધી જ્યારે વીસ અધિકારના નામ જણાવ્યા છે. ત્યારે સહેજે શંકા સ્થાન પુરસ્સરની થાય છે કે એકથી દશ શ્લોકોમાં શું શું પ્રતિપાદન કરેલું હશે ?, કયા વિષયો અને કયા પ્રસંગો હશે ?; વિગેરે. સહજ ઉદ્ભવતી શંકાઓના સમાધાનમાં સમજવું જરૂરીનું છે કે પ્રથમના બે શ્લોકમાં મંગલ-વિષય-પ્રયોજન-સંબંધ અને અધિકારિ આદિ પદાર્થોનું વર્ણન કરેલું છે. અર્થાત્ પ્રથમ શ્લોકમાં **नमिऊण वीयरायं** ઇત્યાદિ છ વિશેષણ પદોથી આસન્નોપકારી વીર વિભુની સ્તવના-પૂર્વક નમસ્કાર કરીને બીજા શ્લોકના પૂર્વાર્દ્ધમાં **'समासेण वुच्छं**=સંક્ષેપથી કહીશ એવી ગ્રન્થકાર પ્રતિજ્ઞા ( ગ્રન્થ-રચના-સંબન્ધિ વિષયો માટે ) કરે છે.

## આક્ષેપોનું દિગ્દર્શન.

સંક્ષેપથી કહેવાની પ્રતિજ્ઞા કરનાર ગ્રન્થકારને ત્રીજા શ્લોકની શરૂઆતમાં **'सुंदरमिइ अन्नेहिवि'** ઇત્યાદિ પદોથી સમાધાન શરૂ કરવું પડે છે. સંક્ષેપથી કહીશ એ પ્રતિજ્ઞા કર્યા પછી સંક્ષેપથી અધિકારોના અનુક્રમે નામો કહેવાને બદલે સમાધાનની શરૂઆત ત્રીજા શ્લોકથી દશ શ્લોક સુધી કરવી પડી છે તે પ્રસંગ વિચારણીય છે. અર્થાત્ ત્રીજા શ્લોકથી દશ શ્લોક સુધીમાં આક્ષેપોનું યત્કિંચિત્ દિગ્દર્શન કરાવતાં જાય છે. અને સાથે સાથે સ્યાદ્વાદની નીતિ-રિતિથી યુક્તિ-યુક્ત સુસંગત ઉક્તિઓથી ગ્રન્થ રચવાના સમયમાં તત્કાલીન અગર ભાવિકાલીન પ્રસંગોને લક્ષ્યમાં લેઇ સ્વયમેવ પ્રશ્નકાર બનીને પ્રશ્નો ઉઠાવે છે અને યુક્તિપુર.સ્સરના સમાધાનો પણ ગ્રન્થકાર સમર્પતા છે. પ્રશ્ન પોતે ઉઠાવે અને સમાધાન પોતે આપે તેમાં ગ્રન્થકારનો મુખ્ય આશય તો તે વિષયને વધુ વધુ સ્પષ્ટ કરવાનો હોય એમ સ્પષ્ટ જણાય છે. અથવા તો તે કાળમાં વિસ્તારપૂર્વક આલેખન કરાયેલાં વિવિધ વિષયોથી ભરપૂર વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત આગ-મોનું મંથન કરીને સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે કેવાં આક્ષેપો થતાં હશે ?, અને કેવાં વચન પ્રહારો થતાં હશે ?; તે બધાં શંકા-સમાધાનને સમન્વય નીતિ—રિતિથી સમજતાં અભ્યાસીઓને અભ્યાસકાળે સમજાઇ જાય છે.

ગ્રન્થકારના પુનીત સમયમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે આક્ષેપાદિ થતાં હતાં તેવાં ઐતિહાસિક પ્રમાણો દૃષ્ટિગોચર થતાં નથી. પરન્તુ તેઓશ્રી પછીના સમયમાં એટલે સત્તરમી શતાબ્દિના સમયમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે, સારભૂત તત્વો પીરસનારાઓ પ્રત્યે જબર-દસ્ત આક્ષેપો અને વચન પ્રહારોનું પુરેપુરૂં આક્રમણ હતું.

એવી અણધારેલ આપત્તિ સમાન આક્રમણ કાળમાં સામનો કરવાને આ ગ્રન્થકારના વચનો પ્રબળ સાધનરૂપ નીવડયાં છે એમ કહેવું અસ્થાને નથી. એટલુંજ નહિં પણ આ ગ્રન્થકાર પછીના ગ્રન્થ-પ્રણેતાઓના પુનીત માર્ગને નિષ્કંટક બનાવવા માટે તેઓશ્રીના વચન પરમ આશીર્વાદ રૂપ નીવડયાં છે.

## આશીર્વાદ-રચના.

જુઓ ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ સત્તરમી શતાબ્દિના ગ્રન્થકાર અને શાશન પ્રભાવક તરીકે શાસન માન્ય છે. ન્યાયાદિ ગ્રન્થોની રચના રચવામાં અતિ કુશળ શીલ્પી હોવા છતાં તેઓશ્રીએ ગુર્જર સાહિત્યને પણ અપનાવ્યું છે. સાડી ત્રણસો ગાથાના સ્તવનની ૪ થી ઢાલ-ગાથા

૧૧ થી ૧૬ સુધી વિચારનારને ભગવાન્ શ્રી-હરીભદ્રસૂરીશ્વરજીની પ્રથમ વિંશિકાના ૩ થી ૧૦ શ્લોકોનો પરિપૂર્ણ પરમાર્થ તે ગાથાઓમાં ગુમ્ફિત થયેલ નજર સન્મુખ ખડો થાય છે.

"કહે કોઈ નવી શી જોડી, શ્રુતમાં નહીં કાંઇ ખોડી;
તે મિથ્યા ઉદ્ધત ભાવા, શ્રુત-જલધિ-પ્રવેશે નાવા. ૧૧
પૂરવસૂરિયે કીધી, તેણે જે નવિ કરવી સિદ્ધિ;
તો સર્વે કીધો ધર્મ, નવિ કરવો જોયો મર્મ. ૧૨
પુરવ બુદ્ધને બહુમાને, નિજશક્તિ મારગ જાને;
ગુરુકુલવાસીને જોડી, યુક્તિ એહમાં નહીં ખોડી. ૧૩
એમ શ્રુતનો નહિં ઉચ્છેદ, એ તો એક દેશનો ભેદ;
એ અર્થ સુણી ઉલ્લાસે, ભવિ વરતે શ્રુત અભ્યાસે. ૧૪
ઇહાં દૂષણ એક કહાય, જે ખલને પીડા થાય;
તો પણ એ નવિ છોડી જે, જે સજ્જનને સુખ દીજે. ૧૫
તે પુણ્યે હોસે તોષ, તેહને પણ ઈમ નહિં દોષ;
ઉજમતાં હિયડે હીસી, જોઈ લીજે પહેલી વીશી." ૧૬

તેઓશ્રીનું રચેલ ગુર્જર સાહિત્ય પૈકી સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં હાલ મુદ્રિત થયેલ ગ્રન્થોમાં ઉપરની છ ગાથાઓ નજરે પડે છે. વર્તમાનકાલીન ગ્રન્થ પ્રણેતાઓને, વૃત્તિકારોને, સંક્ષેપ આલેખનકારોને; અને ભાષાન્તરકારોને તે વચનો આશીર્વાદ રૂપ છે. એટલું જ નહિં પણ તેઓશ્રીએ નવ-નવીન રચના કરનારાઓને કઇ નિતિ-રીતિથી આગળ વધવું તે પૂર્વકનો હિત-શિક્ષાત્મક ઉપદેશ સમર્પીને ભાવિકાળના સાહિત્ય-સૃષ્ટાઓના રાજમાર્ગને નિષ્કંટક બનાવ્યો છે. અને સાથે સાથે ઉત્સાહ પૂર્વક શબ્દોનું અપૂર્વ દાન દઇને રચયિતાઓને આગળ વધવા ભલામણ કરી છે.

સામાન્યતઃ સમજવું જરૂરીનું જણાયું હશે કે તે કાળમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે આક્ષેપ કરનારો વર્ગ હશે ?, કિંવા નહિં પણ હોય છતાં ગ્રન્થમાં જણાવેલાં યુક્તિ યુક્ત શંકા-સમાધાનો વર્તમાનમાં તો આશીર્વાદ રૂપ નીવડયાં છે. તેમજ દુઃષમકાળમાં અલ્પાયુષ્ય-મંદમેધાદિ અનેક વિધ સંયોગોમાં જીવન પસાર કરનારા જીવો માટે આ સંક્ષેપ રચનાઓ પરમ આશીર્વાદ રૂપ નીવડી છે.

## સુંદર સમાધાન.

આ વિંશિકાના ત્રીજા શ્લોકથી શરૂ થતાં સમાધાનથી નીચે જણાવાતી ગર્ભિત શંકાઓ અનેક વિધ હશે એમ વાસ્તવિક અનુમાનને અવકાશ છે. નમુના તરીકે એકાદ કલ્પના વિચારીએ. જેવી રીતે ઘૃત (ઘી) પ્રાપ્તિનો ઉમેદવાર દુધ મેળવે છે, દુધનું દહીં બનાવે છે, વલોણું કરીને દહીંનું માખણ તારવે છે, તારવેલ માંખણની ખટાશ દૂર કરવા ચૂલે ચઢાવે છે અને ખટાશના તત્ત્વો બળી ગયા પછી નિર્મળ ઘીને તે પ્રાપ્ત કરે છે. અને પછી વલોણામાં શું ?, તો જવાબમાં કહેવું પડશે કે છાશ અને કુચા. તેવી રીતે જૈનાગમોના આ મંથન રૂપ વલોણું કરીને સાર સારરૂપ નવ નવીન સંક્ષેપ રચનાઓ અને નવ નવીન પ્રકરણો રચીને નવનીત કાઢી લેવાથી અંતિમે જૈનાગમોની હાલત છાશ-કુચા જેવી કરી મુકશો તેથી પણ સંક્ષેપ રચનાઓ કે પ્રકરણો રચવાં જોઇએ નહિ.

આ રીતિએ બુદ્ધિને જોર દેવામાં આવે તો દીધેલાં સમાધાનની ભીતરમાં ભરેલી ભવ્ય શંકાઓ ઉદ્ભવ્યા વગર રહેતી નથી. માટે તે સંબન્ધિ વધુ વિચારણાઓને વિસ્તારથી વિચારીએ તો ઢગલાબંધ શંકાઓ ખડી થાય તેમ છે. છતાં સંક્ષેપ રચના કરનાર ગ્રન્થકાર પૂર્વ પુરૂષોના પુનીત માર્ગને આગળ ધરીને સમા-

ધાનને સુંદર શબ્દોમાં કથન કરે છે કે– **'सुन्दरमिइ अन्नोहित्ति'** ઇત્યાદિ.

## સમાધાન-સામગ્રીઓ.

સંક્ષેપરૂપ રસિક-રચના કરનારાઓ અનેક વિધ લાભદાયક હેતુઓ પુરસ્સર આગળ વધે તો શંકાને અગર આક્ષેપને સ્થાનજ રહેતું નથી. તે માટે સંક્ષેપ રચયિતાઓને ગ્રન્થકાર સુંદર સમાધાનની સામગ્રીઓ રૂપ નજરાણું ધરે છે.

અનેકવિધ હેતુઓ પૈકિ—

૧. સ્મરણ શક્તિમાં રખાતાં જીનાગમો મન્દમેધાદિ કારણે પ્રાતઃસ્મરણીય પૂજ્ય દેવર્દ્ધિ-ગણિ ક્ષમા શ્રમણે પુસ્તકારૂઢ કર્યા તેવા રીતે મંદ બુદ્ધિમાન્ જીવોને બોધ કરવા સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૨. વર્તમાન સમયના હિસાબે કોઈકને મંદ બુદ્ધિ ન હોય અને પ્રતિભાસંપન્નશાલિ જીવ હોય તો પણ અલ્પાયુષ્યાદિ સંયોગો દેખીને પણ સંક્ષેપ રચના હિતકારી હોવાથી તે રચના કરવી તે પણ **સુંદર છે.**

૩. મારી પૂર્વે થયેલ બીજા પણ મહા-પુરૂષોએ સંક્ષેપ કથન, સંક્ષેપ રચના, સંક્ષેપ રૂપ પ્રકરણ અને સંગ્રહ કર્યો છે અને તે લાભ ભાવિ પ્રજાને થશે અર્થાત્ તે લાભ વર્તમાનમાં સાક્ષાત્કાર થાય છે તેથી પણ સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૪. લાભાલાભની તુલના કરતાં બુદ્ધિમાં સમજાઇ જાય તેવું છે તેથી પણ સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૫. વિસ્તૃત-વિષયોથી ભરપુર આગમો ભણવા હશે તેઓ ભણશે એવી વાત આગળ કરવી તે અસ્થાને છે. કારણ કે તેથી તો સર્વદા સાર્વત્રિક લાભ થઇ શકતોજ નથી માટે સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૬. છુટા છવાયાં વિષયોથી ભરપુર જીનાગમ-સમુદ્રમાં પ્રવેશ કરનારને સંક્ષેપ રચનારૂપ નાવડીઓ આશીર્વાદ રૂપ બને તે હેતુથી સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૭. અનેક વિધ જીવ-સ્વભાવ અને અનેક વિધ ન્યૂનાધિક સામગ્રી સંપન્ન જીવોને લાભદાયી થાય તેવો સંક્ષેપ રચનાઓ રચવામાં ન આવે તો કલ્યાણકારી કથનોનું, અવિચ્છિન્ન આચરણા-ઓનું અને પુનિત કાર્યોનું ઉચ્છેદન થઇ જાય તે હેતુથી પણ સંક્ષેપ રચવું **તે અતિ-સુંદર છે.**

૮. સિંહ સમાન પૂર્વ પુરૂષો સમ્પૂર્ણ રચી ગયા છે, તેમાં 'કંઇ પણ બાકી રાખી નથી' એવાં નિરૂત્સાહજનક શબ્દ પ્રયોગો કરી આરંભેલ કાર્યને ઢીલાં બનાવનારાઓએ સમજવું જોઇએ કે પૂર્વ મહા પુરૂષોએ શ્રુતધર્મની અને ચારિત્ર ધર્મની આરાધના કરી છે. તેથી હમારે પણ હમારી શક્તિ અનુસાર કરવુંજ જોઇએ અને મળેલ સાધન દ્વારાએ પરોપકાર પરાયણતા કેળવવો જોઇએ તેથીજ સંક્ષેપ રચનાઓ રચવી તે અતિ સુંદર છે.

૯. તે તીર્થંકર ભગવન્તો અને ગણધર ભગવંતો પ્રત્યે તમોને (સંક્ષેપકારોને) બહુમાન નથી એવું કહેનારાઓએ હમારૂં સમાધાન સમજવું જોઇએ. કારણ કે ગુરૂકાળ વાસની સેવા કરીને, યથાર્થ રીતિએ શાસ્ત્રોનું પર્યા-લોચન કરીને, ઉત્સર્ગ-અપવાદ-નિશ્ચય-વ્યવ-હારનો નિર્ણય કરીને અને પૂર્વ પુરૂષોની

કૃતિઓ પ્રત્યે વધુ વધુ આદર-બહુમાન વૃદ્ધિ પામે એ હેતુઓને લક્ષ્યમાં રાખીનેજ અમે સંક્ષેપ રચનાઓ રચીએ છીએ માટે સંક્ષેપ રચવું તે અતિ સુંદર છે.

સુંદર રચના રચવા સંબંધમાં આ રીતિએ અનેક વિધ સમાધાન સામગ્રીઓ પ્રથમ વિંશિકામાં જણાવી છે. એટલુંજ નહિં પણ પ્રતિભાશાલિ-જીવો આ વિંશિકા સંબંધમાં વધુ વધુ વિચાર-મનન કરે તો વધુ વધુ પ્રમાણમાં સમાધાનો સહેલાઇથી પ્રાપ્ત થાય એમાં શંકાને સ્થાનજ નથી.

## સમાધાનના ઉપસંહારમાં.

સમાધાનની સુંદર વાનગીઓ પીરસીને ગ્રન્થકાર સમાધાનના ઉપસંહારમાં જણાવે છે કે જે જે શાસ્ત્રોથી સંક્ષેપતયા ઉદ્ધાર થયો એટલે લોકો સંક્ષેપ કૃતિઓનું પઠન-પાઠન કરશે, સત્કારશે અને આદર આપશે; આથી તો વિસ્તૃત વિવેચન રૂપ મૂળ શાસ્ત્રોની પઠન પાઠનાદિ ક્રિયાઓનો વિચ્છેદ થઇ જશે, અગર થઈ ગયો આ આક્ષેપ પણ અસ્થાને છે. કારણ કે શાસ્ત્રના સારભૂત દેશ-વિભાગ-વિષય કે અવયવને દેખાડવા માત્રથી તો સંક્ષેપ રચનારસિક વાંચકોને આશ્ચર્યાદિની ઉત્પત્તિ થશે. સાથે સાથે વાંચતાં વાંચતાં એ નિર્ણય થશે કે સંક્ષેપ કથનો પણ આવાં આવાં અનેકવિધ આશ્ચર્યોથી ભરપૂર છે તો પછી જે ગહન-ગ્રન્થોથી ઉદ્ધાર થઇ સંક્ષેપ કથનો થયાં છે તે મૂળ ગ્રન્થો વિચારતાં આશ્ચર્યોનો વધારો અને માર્ગની દૃઢતા કેળવાશે. અર્થાત્ મૂળ શાસ્ત્રોનો નાશ થવાનો સંભવ નથી, પરંતુ તે તે શાસ્ત્રોમાં આશ્ચર્યપૂર્વક પ્રવૃત્તિનો પ્રારંભ અને અસ્ખલિત પરંપરાનો વેગ વધુ વધુ બળવત્તર બનશે.

આક્ષેપ કરનારાઓને સુંદર સમાધાનો મળી જાય છતાં આક્ષેપ કરવાની આદત પડી હોય. તે યુક્તિ યુક્ત સુંદર સમાધાનને સ્વીકારી-શકતોજ નથી. અને તેથીજ નિર્માલ્ય અને વજુદ વગરની વાતો આગળ ધરીને જણાવે છે, તે જુઓ-આજ વિંશિકા ગાથા ૮.

**'इक्को उण इह दोसो जं जायइ खलजणस्स पीडत्ति ।'**

આ પદોથી આક્ષેપ કરનારાઓ એ જણાવવા માંગે છે કે તમારૂં સંક્ષેપ કથન ભાવિ માટે ભલે લાભદાયિ હોય પરંતુ તે કથનથી દુર્જનોને પીડા થશે. આ આક્ષેપના સમાધાનમાં શાસ્ત્રકાર તેજ ગાથામાં જણાવે છે કે—

**' तहवि पयट्टो इत्थं सुयणाण महतोसं '**

**ભાવાર્થ**:—તો પણ આ રીતિએ (સંક્ષેપ રચના રચવાની રીતિએ) પ્રવર્તવું એ લાભદાયી છે, કારણ કે તે સંક્ષેપ રચનાને દેખીને શ્રુતજ્ઞાનના અર્થીઓને અતિ સંતોષ થાય છે, અથવા તો સજ્જન પુરૂષોની બુદ્ધિને અતિ સંતોષ થાય છે. એટલુંજ નહિં પણ દુર્જનોને પીડા તો નહિં થાય પરંતુ તે સંક્ષેપ રચનાઓના શબ્દ તેઓને કર્ણગોચર થશે તો જરૂર લાભદાયિ થશે. કારણ કે શુદ્ધ-આશયથી કરેલ પ્રવૃત્તિને શાસ્ત્રોમાં નિર્દોષ રૂપે જણાવી છે, જુઓ—આ પ્રથમ વિંશિકા ગાથા—૯ ×××

**तत्तो तेसिंपि होहिइ ण पीडा सुद्धाशया पवत्ती सत्थे निद्दोसिया भणिया ॥९॥**

સમાધાનોની ભીતરમાં પ્રચ્છન્ન રહેલ સીધા અગર આડકતરા આક્ષેપોનું સુંદર યુક્તિ યુક્ત સમાધાન આપીને ગ્રન્થની શરૂઆત કરવા પહેલાં પોતાનાં આંતરિક અભિપ્રાયને ગ્રન્થકારે વ્યક્ત કર્યો છે.

સમાધાનના ઉપસંહારમાં આવિંશિકામાં જણાવે છે કે—

**इहरा छउमत्थेणं पढमं न कयाइ कुसलमग्गमि ।**
**इत्थं पयट्टियव्वं सम्मं ति कयं पसंगेणं ॥१९॥**

ઉપરના શંકા સમાધાન શ્રવણ કરવામાં ન આવે, યુક્તિયુક્ત રીતિએ વિચારવામાં ન આવે, લાભ-નુકશાનની નિર્ણીત દ્રષ્ટિએ નિહાળવામાં ન આવે તો છદ્મસ્થોએ કોઇપણ સમયે કુશળ માર્ગમાં પ્રથમતયા સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ કરીજ નથી. એ પ્રમાણે કહેવાથી સર્યું, અર્થાત્ એટલાજ શબ્દો બસ છે. આથી સમાધનના ઉપસંહારમાં કથન કરેલ શબ્દોથી ધ્વનિત થયું કે લાભદાયક પ્રવૃત્તિ હિતકારી હોવાથી સમ્યક્ પ્રકારે સંક્ષેપ રચવું તે અતિ સુંદર છે.

આ રીતિએ આ વિંશિકાના પૂર્વ પ્રકરણોના પંદર શ્લોકોમાં રહેલા પરમાર્થને પિછાણી ગયા.

સત્તરમા શ્લોકથી વીશ શ્લોક સુધી ગ્રન્થકાર પઠન-પાઠન કરનારને યોગ્ય આશીર્વાદ આપતાં જણાવે છે કે આ ગ્રન્થના વીશ-અધિકારોનું પઠન-પાઠન કરવાથી અનુક્રમે શુદ્ધ બુદ્ધિવાળો થાય છે અને સુત્રાર્થ રહસ્ય પ્રાપ્તિને યોગ્ય બને છે. એટલુંજ નહિં પણ અનુક્રમે ગુણની પરંપરાને પ્રાપ્ત કરનારો તે ભવ્ય પુણ્યવાન્ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં પ્રાયઃ કરીને હોવાથી **'भवविरहफलो इमेणं तु'** ભવવિરહ ફલ=સંસારના સર્વ બંધનથી મુક્ત એવા મોક્ષ સુખના અદ્વિતીય લાભને પ્રાપ્ત કરનારો થાય છે.

## ૨. લોક-અનાદિત્વ-વિંશિકા.

આ બીજી વિંશિકામાં લોકનું અનાદિપણું સિદ્ધ કરેલ છે. પરમપુરૂષ ઇશ્વરાદિ-જગત્કર્તૃત્વ આદિનું યુક્તિયુક્ત નિરસન કરેલું છે. જગતના અનાદિપણામાં સ્વસમય સિદ્ધાંતોને પ્રતિપાદન કરે છે, અને ધર્મ અધર્મ-આકાશ-જીવ અને પુદ્ગલ એ પંચાસ્તિકાયમય આલોક અનાદિપણે વર્તે છે. અનાદિપણું સ્થાપન કર્યા પછી ગ્રન્થકાર આદિપણું (જગતનું) સ્વીકારનારને કેવી આપત્તિઓનો સામનો કરવો પડે છે, અને સામનો કર્યા છતાં યોગ્ય બચાવના અભાવમાં અંતે અનાદિપણું સ્વીકારવાની ફરજ પડે છે. એકથી ચાર ગાથામાં અનાદિપણે વર્તતા લોક અને પંચાસ્તિકાયનું સ્વરૂપ પ્રતિપાદન કરીને જગતના અનાદિપણાની સિદ્ધિ કરેલ છે. પાંચમી ગાથાથી વીશ ગાથા સુધી ગ્રન્થકાર લોકનું આદિપણું સ્વીકારનારની માન્યતા જણાવીને ક્રમશઃ શંકા-સમાધાન આપીને દૃષ્ટાન્તાદિયુક્તિયુક્ત શાસ્ત્ર સમ્મત નિરૂપણથી ન્યાયપૂર્વક અનાદિપણાની સિદ્ધિ કરી છે. અને તેથીજ અંતિમ નિર્ણય-**'इय तन्तजुत्तिसिद्धो अणाइमं एस हंदि लोगुत्ति'** એ પ્રમાણે ગ્રન્થકાર જાહેર કરે છે.

## ૩. કુલનીતિ-લોકધર્મ-વિંશિકા.

લોકનું અનાદિપણું સિદ્ધ થયા પછી વિશિષ્ટ લોકને આશ્રીને કુલ પરંપરાથી આવેલી અગર માની લીધેલ આચરણાઓને ધર્મ કહેનારાઓ પણ મોટા પ્રમાણમાં છે. કુલપરંપરાથી આવેલી રૂઢીઓ અને આચરણાઓનું યત્કિંચિત્ દિગ્દર્શન કરાવીને કહેવાતાં અને મનાતા ધર્મોને કુલનીતિ-ધર્મો તરીકે ગ્રન્થકાર જણાવે છે.

આ વિંશિકાની ૧૯ મી ગાથામાં જણાવે છે કે-**सर्वेऽपि वेदधर्मा निःश्रेयसाधका न नियमेन ।** ગાથા ૧૯ મી પૂર્વાર્દ્ધ: ॥

અનાદિ અનંતકાળથી આ જીવ આનાદિ અનંત લોક-સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તે તે પરિભ્રમણ-કાળમાં અનંતા અનંત પુદ્ગળ-પરાવર્તોનો આ જીવે અનુભવ કર્યો, અને કુલનિતિ ધર્મોનું સેવન કર્યું પણ મોક્ષની અભિલાષા છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં જ થાય છે. તેથી હવે ચોથી વિંશિકામાં તેનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

## ૪. ચરમાવર્ત્ત-વિંશિકા.

પૂર્વે અનુભવેલા અનંત પુદ્ગલ-પરાવર્તો કરતાં આ છેલ્લો પુદ્ગલ-પરાવર્ત કાર્યસાધક બને છે. કારણ કે મહાન્ વ્યાધિના વિકારમાં જેમ પથ્ય ભોજનાદિ રૂચતાં નથી તેમ પૂર્વકાળમાં આત્મહિતકારિ પ્રવૃત્તિ પૂર્વેના પુદ્ગલ-પરાવર્તોમાં રૂચીકર થતી નથી. પરંતુ હવે આ છેલ્લા પુદ્ગલ-પરાવર્તમાં અત્યંત ભારે કર્મનો ભાર હલકો થવાથી જીવને મોક્ષાભિલાષને અનુકુળ પ્રવૃત્તિઓ થાય છે. અને તેથીજ આ ચરમ પુદ્ગલ પરાવર્ત જીવને કાર્ય-સાધક બને છે. આ સ્થળે શાસ્ત્રકાર પોતેજ શંકા કરે છે કે ચરમાવર્તની પૂર્વેના પુદ્ગલ પરાવર્તોમાં આત્મહિત-કાર્ય-સાધક પ્રવૃત્તિ ન થઇ અને આમાં થઇ તેમાં પ્રમાણ શું ?; આ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે ભ્રમણ રહિત એક સ્થાનમાં ઉભો રહેલ સ્થિર પુરૂષ હાથમાં ઝાલીને બાળકને ભમાવે છે ત્યારે ભ્રમણ ક્રિયાના વેગમાં બાળકને ગામના સ્થિર મકાનો-મહેલાતો, પુરૂષો અને સ્ત્રીઓ દોડતાં માલમ પડે છે. પરંતુ જ્યારે ભ્રમણ ક્રિયાનો વેગ બંધ પડે છે ત્યારે સ્થિર પદાર્થોને સ્થિર દેખે છે અને અસ્થિર પદાર્થોને અસ્થિર દેખે છે. રેલ્વે ગાડીમાં બેઠેલા મુસાફરને વેગથી દોડતી ગાડીમાંથી બહાર નજર ફેંકતા પહાડ-પર્વત-ડુંગર-ઝાડ-મકાનો વિગેરે દોડતાં માલમ પડે છે. વસ્તુ સ્થિતિએ સ્થિર હોવા છતાં અસ્થિર માલમ પડે છે, તેવી રીતે સંસાર પરિભ્રમણના વેગમાં વ્યવસ્થિત થયેલા આત્માઓ પણ હેય પદાર્થોને ઉપાદેયપણે અને ઉપાદેય-પદાર્થોને હેય સ્વરૂપે દેખે છે. પરંતુ ચરમાવર્તમાં કર્મમલની ઓછાશ થવાથી અને સંસાર પરિભ્રમણનો વેગ મંદ પડેલો હોવાથી હેયને હેય તરીકે અને ઉપાદેયને ઉપાદેય તરીકે સ્વીકારતો થાય છે, તેથીજ આ ચરમાવર્ત કાર્ય-સાધક બને છે. અને તેથીજ આ વિંશિકાની ગાથા ૯-૧૦માં **भमणकिरियाहियाए०** ઇત્યાદિ પદો ઉપરની બીનાને ચરિતાર્થ કરે છે.

આ વિંશિકાના અંતમાં આથીજ અચરમાવર્ત કાળને ભવાભ્યકાળ અને ચરમાવર્તને ધર્મનો યૌવનકાળ જણાવે છે. અને ચરમાવર્તમાં ભવ્યાત્માને ધર્મરાગ વૃદ્ધિમાન્ થાય છે, જુઓ-ગાથા ૧૯-૨૦ **अचरिमपयट्टेसुं०** ઇત્યાદિ પદોથી આ વાત સિદ્ધ થાય છે.

## ૫. બીજ-વિંશિકા.

અનાદિ અનંતકાળથો પરિભ્રમણ કરતાં આ જીવને વિશુદ્ધ ધર્મની આરાધના સન્મુખ થવાના બીજ-અંકુરાદિની પ્રાપ્તિ અનુક્રમે કઇ રીતે થાય છે તે આ વિંશિકામાં જણાવાય છે.

જગત્ની અનાદિ-આદિ, જગત્કર્તૃત્વ, અને ઇશ્વરની આદિ-અનાદિ વિગેરે પદાર્થોનો વિવેકપૂર્વક વ્હેંચણ કરીને લોકનું અનાદિપણું બીજી વિંશિકામાં સમજાવ્યા પછી કુલનીતિ ધર્મના સેવનમાં પણ આ જીવોએ અનંતોકાળ ગુમાવ્યો છે તે ત્રીજી

વિંશિકામાં સમજી ગયા. અને ચોથી વિંશિકામાં અનાદિમય જગતમાં પરિભ્રમણનો વેગ પૂર જોસમાં હતો તે મંદ પડવાનું કાર્ય છેલ્લા= ચરમ પુદ્ગલ-પરાવર્તમાં થાય છે તે પણ સમજી ગયા. ચરમપુદ્ગલ પરાવર્તમાં વર્તનારને બાલ્યકાળ ગયેલ હોવાથી ધર્મ યૌવનકાળનો આવિર્ભાવ થાય છે.

આ ધર્મ યૌવનકાળમાં યોગ્ય આત્માઓને ધર્મિ-આત્માઓ પ્રત્યે, ધર્મ પ્રત્યે અને ધર્મ પાળવાના, ટકાવવાના, વધારવાના અનેક-વિધ સાધનોને દેખીને, શ્રવણ કરીને અને સ્મરણો કરીને તે પ્રત્યે રાગ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે છે. અભિવૃદ્ધિ પામતો ધર્મ-રાગ કેવાં પરિણામ નિપજાવે છે તેનેજ **ધર્મનું બીજ** કહે છે તે આ વિંશિકામાં જણાવાય છે. ધર્મિ જીવોને દેખીને, તેમના ધર્મ અનુષ્ઠાનો સાંભળીને હૃદયમાં આદર-પ્રીતિ બહુમાન ઉઠે અને સાચી પ્રશંસા કરવાનું મન થાય તેને શાસ્ત્રકાર **ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ** કહે છે. ધર્મ-ધર્મી અને ધર્મના સાધનો, અનુષ્ઠાનો તથા તે તે પ્રત્યેની પ્રશંશાના પૂર ઉભરાય છે ત્યારે આત્માને તે તે ધર્મ અનુષ્ઠાન કરવાની અભિલાષા થાય છે. અને તેથીજ ધર્મકરણ-કરવાની ઇચ્છારૂપ પ્રણળ ઇચ્છા તે **ધર્મ કલ્પવૃક્ષનો નિષ્કલંક નિર્મળ અંકૂરો છે.**

થયેલ અંકૂરો પ્રશંસારૂપ પવનથી પોષાતાં અને ઇચ્છારૂપ પાણીથી સીંચાતા કાર્ય સિદ્ધિ (ધર્મની કરણી કરવારૂપ કાર્ય સિદ્ધિ)ના સફલીભૂત ઉપાયોની અનેક પ્રકારની ગવેષણારૂપ **ધર્મ કલ્પવૃક્ષના કાષ્ટ-સ્કંધડાળાં-ડાળીરૂપે** પરિણમે છે. અનુક્રમે આરંભેલા ઉપાયોને સફળ કરતાં કરતાં વીતરાગ-પ્રણીત વિચિત્ર-વિચિત્ર-પ્રવૃત્તિઓનું પૂર્ણ પ્રેમથી સેવન કરવું તે **ધર્મ કલ્પવૃક્ષના કિસલય-નાના પાંદડા અને મોટા પાંદડા છે.**

તે ધર્મરૂપી કલ્પવૃક્ષ બીજ-અંકુર કાષ્ટ સ્કંધ-શાખા-પ્રતિશાખા-કિસલય-પાંદડાથી પરિપૂર્ણ ફાલ્યો ફૂલ્યો હોય અને ફાલ્યા ફૂલેલા વૃક્ષને પરિપકવ-કાળે જેમ પુષ્પ આવવાની રાહ જોવાય છે તેમ સદ્ગુરૂના વચન-સંયોગાદિ પુષ્પોની પ્રાપ્તિ થાય છે.

આજ વિંશિકાની પ્રથમ ગાથાથી ચાર ગાથા સુધી ઉપરનો અનુક્રમ જણાવાય છે. અને પાંચમી ગાથામાં ગુરૂવર્યોના સમાગમથી સુદેશનાદિ વડે ભાવધર્મનાં સંપત્તિરૂપ ફળ ધર્મરૂપી કલ્પવૃક્ષને ઉત્પન્ન થાય છે, કે જે ફળ પરમ ફળ=મોક્ષ ફળનું નિયમા અમોઘ પ્રસાધક છે. તેથીજ આ વાતને શાસ્ત્રકાર આ રીતે જણાવે છે-

**तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती । तं फलमिह विन्नेयं परमफलपसाहगं नियमा ॥५-५॥**

ધર્મ કલ્પવૃક્ષના બીજની શરૂઆતથી ફળ સુધીની અનુક્રમે થતી સર્વ સંપત્તિ અતિ સુંદર હોય છે. અને તે બીજ-અંકુર આદિ સઘળી સંપત્તિઓ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાંજ થાય છે. આ ઉપરથી શાસ્ત્રકાર એ વાતને ચોક્કસ નિયમન કરે છે કે બીજ સંપત્તિની શરૂઆત પણ છેલ્લા પુદ્ગલ-પરાવર્તમાંજ થાય છે પરંતુ તે સિવાયના પૂર્વે અનુભવેલા કોઇ પણ પુદ્ગલ પરાવર્તોમાં થતીજ નથી. આજ વાતને **'बीजस्सावि संपत्ती जायइ चरिमंमि' गाथा ६** પૂર્વાર્દ્ધ ઇત્યાદિ પદોથી ચરિતાર્થ કરે છે.

(અપૂર્ણ.)

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશ-શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના અવસરમાં વિષયની વધુ છણવટ માટે ઉઠાવેલ પ્રશ્નોત્તરરૂપ પિયૂષનો-પૂનીત સંચય અત્ર અપાય છે. તંત્રી.

સંચયકારઃ—પૂ. પન્નયાસપ્રવર શ્રીચંદ્રસાગરજી ગણિવર.

પ્રશ્ન. ૯૩—ઇષ્ટ વસ્તુના જુઠા શબ્દો શું સારા લાગે ખરા ?

સમાધાન—હા, જુઓ આયુષ્ય, ધન, કુટુમ્બ, કબીલા પુત્ર પરિવાર ઇષ્ટ છે તેથી માંગનાર આશીર્વાદ દે છે કે તું ચીરંજીવી થા, ધનવાન થા અને કુટુમ્બ કબીલા પુત્ર પરિવારવાળો થા આ સાંભળીને સંતોષ થાય છે. કહેનારના કહેવાથી આયુષ્ય વધતું નથી, ધન કુટુમ્બ વધી જતાં નથી તેમજ વધશે એવું સાંભળનાર માનતો નથી અર્થાત જુઠ્ઠા શબ્દો હોવા છતાં ઇષ્ટ હોવાથી કર્ણને મધુર લાગે છે.

પ્રશ્ન. ૯૪—જેવી રીતે ઇષ્ટ વસ્તુના જુઠ્ઠા શબ્દો સારા લાગે છે તેવી રીતે અનિષ્ટ વસ્તુના જુઠ્ઠા શબ્દો સારા લાગે છે કે ખરાબ ?

સમાધાન—અનિષ્ટ વસ્તુના જુઠ્ઠા પણ શબ્દો સાંભળતાની સાથે ખરાબ લાગે છે, અને અણગમો થાય છે. જુઓ તમને કોઇ ગાળ દે, કોઇ કહે કે તમારૂં નખ્ખોદ જાય, અગર તું તો હરામખોર છે; આવાં શબ્દ સાંભળતાં કર્ણને કટુ લાગે છે અને બોલનાર તરફ અણગમો થાય છે. બોલનારના બોલવાથી ગાળ લાગી જતી નથી, નખ્ખોદ નીકળી જતું નથી અને હરામખોર થઇ જતા નથી છતાં અનિષ્ટ તરીકે પ્રસિદ્ધ પામેલ જુઠ્ઠા શબ્દો કર્ણને સાંભળવામાં રૂચિફર થતાંજ નથી.

પ્રશ્ન. ૯૫—ધર્મિઓને અને ધર્મ રહિત જીવોને ધર્મ એ ઇષ્ટ છે કે અનિષ્ટ ?

સમાધાન—ધર્મ કરવાવાળાને તો ધર્મ ઇષ્ટ હોય છે, પરંતુ ધર્મ કરતાં નથી એવા જીવોને પણ ધર્મ તો ઇષ્ટજ છે. અર્થાત આખા જગતમાં સઘળા જીવોને ધર્મ ઇષ્ટજ લાગે છે. અધર્મી હોય અને અધર્મમાં રચ્યો પચ્યો રહેતો હોય તેવાઓને પણ ધર્મી કહેવાય તો તેના કલેજે અને કર્ણમાં ઠંડક થાય છે.

પ્રશ્ન. ૯૬—ચક્રવર્તીને નરકનો દૂત અર્થાત ચક્રવર્તી મરે તો નરકેજ જાય છે એમ કેમ કહો છો ? કારણ કે આ અવસર્પિણીમાં ફક્ત બેજ ચક્રવર્તી સુભુમ-બ્રહ્મદત્ત નરકે ગયા છે, અને બાકીનાઓની સદ્ગતિ અને મોક્ષ થયો છે છતાં ચક્રવર્તી માટે નરકનો નિયમ કેમ ?

સમાધાન—ચક્રવર્તીઓ ચક્રવર્તીપણામાં મરે તો જરૂર નરકે જાય છે તેમાં શંકાને સ્થાન નથી. અક્કલથી વિચારો તો સમાધાન તમારા પ્રશ્નમાં છે. ચક્રના પ્રભાવે છ ખંડ સાધે ત્યાંસુધી ચક્રવર્તી, પરંતુ ચક્રવર્તીપણાની સઘળી સાહ્યબી અને સંપત્તિ છોડ્યા પછી ત્યાગી બને તેને ચક્રવર્તી કહેવો કે સંયમી ? ત્યાગી બનેલો ચક્રવર્તી આયુષ્ય ક્ષયે મરે અને દેવલોક અગર મોક્ષે જાય તો ફળ ત્યાગીપણાનું કે ચક્રવર્તીપણાનું ?, આ ઉપરથી મોક્ષે

જનારા અને સદ્ગતિ પામનારા ચક્રવર્તીઓ ચક્રવર્તીપણામાં મર્યા નથી તેથી નરકનો નિયમ તેમના માટે નહિ. પરંતુ સુભૂમ-બ્રહ્મદત્ત ચક્રવર્તીપણામાં મર્યા એટલે નરકનો નિયમ તે બન્ને માટે લાગુ પડ્યો છે.

પ્રશ્ન. ૯૭—બાળપણમાં ત્યાગી બને તો નિર્લેપપણે આગળ વધી ભણી ગણીને સ્વપર કલ્યાણ સાધી શકે છે. પરંતુ વૃદ્ધાવસ્થામાં લે તે શું કરે? અર્થાત્ ભણી ગણી શકે નહિ એટલે સ્વપર હિત સાધી શકે નહિ એમ ખરૂં?

સમાધાન—બાલ્યકાળમાં દીક્ષિત થયેલાને નિર્લેપ રહેવા માટે સુંદર સંયોગો છે; અને સંયોગ સામગ્રી અને ઉદ્યમ એક સરખો ચાલુ રહે તો સંયમ-જ્ઞાનમાં વધુ વધુ સ્થિર થઇ સ્વ-પરહિત સાધી શકે છે, તેવી રીતે જીંદગીના છેલ્લા ભાગમાં પણ સર્વ વિરતિ ધર્મની આરાધના કરે તો પણ કલ્યાણજ છે. આખા દસ્તાવેજમાં સહી ન હોય તો દસ્તાવેજ થયો કહેવાયજ નહિ. પરંતુ સહી થવાથી આખો દસ્તાવેજ થયો કહેવાય. તેવી રીતે આરંભાદિકમાં આખી જીંદગી જાય તો નરકના દસ્તાવેજમાં સહી થઈ ગઇ, પરંતુ અંત અવસરે છોડ્યું તો સદ્ગતિના દસ્તાવેજમાં સહી થઈ ગઇ માટે જાગ્યા ત્યારથી સવાર.

પ્રશ્ન. ૯૮—શું ઘણાં ભવોના અને ઘણાં વર્ષોના પાપો સંયમ ધર્મથી જાય?

સમાધાન—હા, ઘણા વર્ષનો જુનો રોગ દવાથી જાય છે. તો પછી ઘણા વર્ષોના પાપ જાય તેમાં નવાઇ નથી. રોજની હત્યા કરનારો અર્જુનમાલીનો પણ ઉદ્ધાર થયો તેવી રીતે ઘણાં ભવોનાં અને ઘણાં વર્ષોનાં પાપ ખપાવનારાઓનાં પણ ઘણાં દૃષ્ટાન્તો છે.

પ્રશ્ન. ૯૯—શું ગયા ભવના પાપનો ઉદય ભોગવવો પડે અને આ ભવના પાપનો પુંજ ધર્મથી દૂર કરી શકાય?

સમાધાન—હા, પણ તેમાં એકાન્ત નથી. ગયા ભવમાં જે માલનો સહી સિક્કો થઇ ગયો હોય અર્થાત્ નિકાચના જેવાં પાપો થઇ ગયાં હોય તે ભોગવવાં પડે. પરંતુ ગયા ભવના બધાં પાપો ભોગવવાં એવો એક સરખો નિયમ નથી. આ ઉપરથી એટલો નિયમ છે કે ગયા ભવનાં પાપો સહી સીક્કા સાથે સીલબંધ થયેલા હોય તે પાપો ભોગવવાં પડે છે અને આ ભવના કૃત્યો સહી સિક્કા સીલ વગરના હોય તે ધર્મની આરાધનાથી તૂટી જાય તેમાં નવાઇ નથી. પરંતુ વધુ ધર્મની આરાધનાનો રંગ ચઢે તો તેમાં અનેક ભવના પાપ પુંજ બળીને ભસ્મીભૂત થાય છે.

---

## શ્રુતિરાગ.

બત્રીશ વર્ષની નિરોગી લષ્ટ-પુષ્ટ શારિરીક અવસ્થા હોય, ખર્ચ કરતાં સો ગુણી આવક હોય, સ્થાવર જંગમ મીલ્કતો નદીના પૂરની જેમ ઉભરાતી હોય, સ્ત્રી આદિ ઐહિક ભોગની સંપૂર્ણ સામગ્રીઓથી સુખી હોય; કૌટુમ્બિક આદિ ચિન્તાનું નામ નિશાન પણ ન હોય અને સંગીત કળામાં અતિ પ્રવીણ એવો તરૂણ પુરૂષ હોય છતાં દેવતાઇ ગીત સાંભળવાના અવસરો છોડીને અત્યંત બહુમાન આદરથી વીતરાગ પ્રણીત ધર્મ શ્રવણ કરે તે શ્રુતિરાગ. આવો શ્રુતિરાગ જીવનને નવપલ્લવિત બનાવે છે.

* * *

# વાક્યપ્રકાશની સંક્ષિપ્ત રૂપરેખા

લેઃ—પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.)

ગુજરાતી ઉપરથી **કાતન્ત્ર**નું જ્ઞાન કરાવવાના પ્રારંભથી—સંસ્કૃત ભાષાનો સામાન્ય બોધ કરાવવાના ઉદ્દેશથી જેમ વિ. સં. ૧૩૩૬માં **સંગ્રામસિંહે** '**બાલશિક્ષા**' રચી છે તેમ આ કૃતિ નામે 'વાક્યપ્રકાશ' **ઉદયધર્મ** રચી છે. તેઓ આ કૃતિના અંતમાં પોતાનો પરિચય આપતાં કહે છે કે હું 'ગુરુ તપ' નામના ગણરૂપ ગગનાંગણને વિષે સૂર્યના સમાન **રત્નસિંહસૂરિ**નો શિષ્યાણુ છું. અહીં ગુરુ તપ'થી 'બૃહત્ તપ' ગચ્છ સમજવાનો છે અને એમ હોવાથી એઓ વિ. સં. ૧૫૪૩માં **મલયાસુંદરીરાસ** અને વિ. સં. ૧૫૫૦માં **કથાબત્રીસી** રચનારા, અને આગમગચ્છીય **મતિસાગર**ના શિષ્યરૂપ **ઉદયધર્મ**થી જુદા પડે છે. **વાક્યપ્રકાશના** કર્તા તે વિ. સં. ૧૫૨૫માં **મંગલકલશરાસ** રચનારા **મંગલધર્મના** ગુરુ **ઉદયધર્મ**થી પણ ભિન્ન છે, કેમકે એ **ઉદયધર્મ** તો બૃહત્ તપાગચ્છીય 'રત્નાકર' પક્ષના **જ્ઞાનસાગરસૂરિ**ના શિષ્ય છે.

**વાક્યપ્રકાશ**ના કર્તાએ 'સંનમત્રિદશસ્તોત્ર' રચ્યું છે એમ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૫૧૪)માં ઉલ્લેખ છે.

**વાક્યપ્રકાશ**ની રચના 'સિદ્ધપુર' નગરમાં વિ. સં. ૧૫૦૭ માં થઇ હતી એમ ગ્રંથકાર પોતે અંતિમ પદ્યમાં કહે છે. વિશેષમાં તેમણે આ પદ્યમાં આ કૃતિ રચવાનું કારણ પ્રાથમિક—સ્મૃતિ[૨] એમ કહ્યું છે.

આ પદ્યમાં 'વાક્યપ્રકાશ' એવું નામ સ્પષ્ટપણે દર્શાવાયું છે. પણ એની પહેલાંનાં પદ્યમાં એને માટે 'ઔક્તિક' એવો સામાન્ય ઉલ્લેખ છે. સૌથી પ્રથમ પદ્યમાં 'ઉક્તિયુક્તિ' એમ કહેવાયું છે. આ પદ્યમાં પોતાના વિદ્યાગુરુને નામ દઇને વંદન કરાયું છે અને મુગ્ધબુદ્ધિના બોધને માટે આ રચાય છે એમ કહ્યું છે. **દેવવર્ધન** એ એમના વિદ્યાગુરુનું નામ છે. આ **દેવવર્ધને** કોઇ કૃતિ રચી હોય એમ જાણવામાં નથી.

**વાક્યપ્રકાશ** એ ૧૨૮ પદ્યોની કૃતિ છે. એમાંનાં પહેલાં ૧૨૪ પદ્યો અનુષ્ટુભમાં છે. ત્યાર પછીનાં બે પદ્યો ઇન્દ્રવંશા અને વંશસ્થવિલના મિશ્રણરૂપ છંદમાં અને છેલ્લાં બે આર્યામાં છે.

આ **વાક્યપ્રકાશમાં** કોઈ કોઈ વાર ગુજરાતી વાક્યો અને એનું સંસ્કૃત જોવાય છે. ઉદાહરણાર્થે જુઓ દસમાથી તેરમા સુધીનાં પદ્યો. આ પદ્યોમાં 'આકણી' એવો ગુજરાતી શબ્દ વપરાયો છે. એનો **અર્થ** 'પોતાની મેળે' એમ થાય છે એવી રીતે બારમા પદ્યમાં ભાત (રાંધેલા ચોખા) એ અર્થમાં 'કૂર' શબ્દ વપરાયો છે. ૧૦૯મા પદ્યમાં 'સાથવા' એ અર્થવાળો સક્તુ શબ્દ યોજાયો છે.

આ **વાક્યપ્રકાશ** કોઇકે રચેલી સંસ્કૃત ટીકા સાથે **શ્રીસ્તોત્રરત્નાકર** (સટીક ના પ્રથમ ભાગમાં મહેસાણાની પાઠશાળા તરફથી ઇ. સ. ૧૯૧૬માં પ્રસિદ્ધ થયેલ છે. આ ટીકામાં **સિદ્ધહેમચન્દ્ર** નામના વ્યાકરણમાંથી અનેક સૂત્રો અપાયેલાં છે. કોઇ કોઇ પદ્યનો અર્થ તદ્દન સ્પષ્ટ જણાતા ટીકાકારે 'સ્પષ્ટ' એટલો જ ઉલ્લેખ કર્યો છે. જુઓ પ્રથમ પદ્યની ટીકા. પાંચમા પદ્યની ટીકામાં 'વીતરાગે ધર્મ કહ્યો' એવો અર્થ નીચે મુજબનાં બંને વાક્યોનો સામાન્યતઃ કરાય છે એમ ટીકાકારે કહ્યું છેઃ—

"जिनोऽवदद् धर्मम् ।"
"धर्मोऽवादि जिनेन ।"

વિશેષમાં એમણે એ ઉમેર્યું છે કે કોઇક દેશમાં આ બંનેનાં નીચે મુજબ ભિન્ન ભિન્ન અર્થ પણ કરાય છેઃ—

---

૧ જુઓ પં. **લાલચંદ**નો લેખ (પુરાતત્ત્વ પુ. ૩, અં. ૧, પૃ. ૪૦–૫૩). **પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ** (પૃ ૨૦૫–૨૧૭)માં **બાલશિક્ષા**માંનાં અવતરણો અપાયાં છે. એમાં શબ્દસંગ્રહ અને **ઔક્તિક** પદ્યો છે.

૨ પ્રાથમિકોના સ્મરણ માટે એવો અર્થ ટીકાકારે સૂચવ્યો છે.

"વીતરાગ ધર્મ બોલતો હુવો."

"વીતરાગે ધર્મ બોલિઓ."

"શ્રીસત્યવિજય સ્મારક જૈન ગ્રન્થમાલા" અમદાવાદ તરફથી ઈ. સ. ૧૯૨૬ માં મૂળ તેમજ ટીકા પ્રસિદ્ધ થયેલી છે. આ ટીકાના કર્તા તરીકે **ઉદયધર્મ**ગણિનો ઉલ્લેખ કરાયો છે. આ ટીકા ઉપર્યુક્ત આવૃત્તિગત ટીકા સાથે ઘણીખરી મળતી આવે છે. એટલે હું એ બંનેના કર્તા એક છે એમ માનવા લલચાઉં છું. વિશેષમાં મને આ ટીકા સ્વોપજ્ઞ હોય-મૂળના લેખકની જ કૃતિ હોય એમ લાગે છે. એમાં જો સમજફેર થતી હોય તો સુજ્ઞ વાંચકને મારું લક્ષ્ય ખેંચવા વિનવું છું.

પાલનપુરમાં જે વર્ષમાં **હીરવિજયસૂરિ**નો જન્મ થયો એ વર્ષમાં એટલે કે વિ. સં. ૧૫૮૩માં **હેમવિમલસૂરિ**ના રાજ્યમાં **હેમવિમલસૂરિ**ના શિષ્ય **હર્ષકુલગણિ**એ **વાક્યપ્રકાશ** ઉપર ટીકા રચી એમ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૫૨૬) જોતાં જણાય છે.[1] વિશેષમાં આ ઇતિહાસ (પૃ. ૬૦૨)-માં નિર્દેશાયું છે કે તપગચ્છીય **કીર્તિવિજય** વાચકના શિષ્ય **જિનવિજયે વાક્યપ્રકાશ** સાવચૂરિ વાર્તામાં રચેલ છે (જુઓ ખીલ્લરનો ચોથો હેવાલ, ક્રમાંક ૨૮૦). આમ જે અવચૂરિ અહીં ઉલ્લેખાઇ છે તે પ્રસિદ્ધ છે કે કેમ એ જાણવું બાકી રહે છે તેમ છતાં એ હું ઉમેરીશ કે મૂળ કૃતિ આ સમગ્ર વિવરણાત્મક સામગ્રીપૂર્વક પ્રસિદ્ધ થવી ઘટે. "આનન્દ કાવ્ય મહોદધિ"ના ત્રીજા ઔક્તિકના મુખ્યગ્રન્થ (પૃ. ૧૪)માં ટિપ્પણમાં આ **વાક્યપ્રકાશને હર્ષસુંદરસૂરિ**ના શિષ્ય **કુલમંડનસૂરિ** દ્વારા વિ. સં. ૧૪૫૮માં રચાયેલ **મુખ્યાવબોધ ઔક્તિક** તરીકે ઓળખાવાયું છે તે ભૂલ છે. બીજું, ત્યાં તેમજ પં. **લાલચન્દ્રે** 'ભરત-બાહુબલિ-રાસ'ની પ્રસ્તાવના (પૃ. ૪૨) માં **સ્તોત્ર-રત્નાકર** ભાગ ૨ માં એમ લખ્યું છે તે ભાગ ૧ લો જોઇએ

ઉપર જણાવેલી પહેલી ભૂલ **મુખ્યાવબોધ** તેમજ **વાક્યપ્રકાશ** એ બંને ઔક્તિકો હોવાને લીધે તેમજ એ બંને બાલજનોના બોધાર્થે હોવાથી થઈ હશે. **વાક્યપ્રકાશ**ની પ્રસિદ્ધ ટીકામાં પ્રથમ પદ્યમાં **વાક્ય-પ્રકાશ**નો ઔક્તિક તરીકે ઉલ્લેખ છે અને એનું વિવરણ કરાય છે એમ ટીકાકારે કહ્યું છે.

---

## ધર્મનું યથાર્થ સ્વરૂપ.

દુર્ગતિરૂપ દુર્ગમ-ખાડામાં પડતા જીવોને ધારણ કરવામાં તત્પરતા રૂપ પરિણામ અને તે પરિણામ પૂર્વક આગમ વિહિત અનુષ્ઠાનનું સેવન તે **ધર્મનું યથાર્થ સ્વરૂપ** છે

* * *

## સર્વદર્શન-માન્ય ધર્મ.

દુર્ગતિરૂપ ગહન-ગર્તામાં પડતાં અગર પડેલાં જીવોને ધારણ કરીને સર્વ સામગ્રીઓથી ભરપૂર સદ્ગતિરૂપ સુંદર સ્થાનમાં સ્થાપન કરે તેનું નામ **ધર્મ**.

* * *

## ધર્મરાગ.

ઘણા દિવસનો ભૂખ્યો હોય, ક્ષુધાથી આકુળ વ્યાકુળ થઇ ગયો હોય, ભયંકર અટવી ઉતરીને થાકી ગયો હોય, ભૂખ-દુઃખ અને થાકથી લડથડીયાં ખાતો હોય, સ્વભાવમાં ભોજનરસિક બ્રાહ્મણ જેવો હોય અને આ અવસરે ઘૃત-ભર્યાં ઘેબર મળે છતાં ભોજન કરવાના અભિલાષથી અધિકપણે લીધેલાં વ્રત નિયમનું સેવન કરે તેનું નામ **ધર્મરાગ**.

---

૧. **ભરત-બાહુબલિ-રાસ**ની પ્રસ્તાવના (પૃ. ૪૨)માં પં. **લાલચન્દ્રે** કહ્યું છે કે "નીતિવિજય ગ્રંથમાળામાં પં. **હર્ષકુલ**ની ટીકા સાથે **વાક્ય-પ્રકાશ** છપાયેલ છે.

૨ આનો શો અર્થ સમજવાનો છે ? –

# "श्रीसिद्धहेमचन्द्र-शब्दानुशासनम्"

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઈ રહ્યા હતા; તે મહાન ગ્રન્થ છપાઈને બહાર પડી ચુકયો છે.

**કલિકાલસર્વજ્ઞ-ભગવાન્-શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજીની** સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો અને **પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રકૃત-આનન્દ-બોધિની-વૃત્તિથી** બોધતો સંજ્ઞા-સન્ધિ-નામ કારકયુક્ત છપાદ પર્યન્તનો **શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુ-શાસનનો** પ્રથમ ભાગ બહાર પડી ચુકયો છે. તેની સાહિત્યરસિકોએ નોંધ લેવી જરૂરી છે. કીંમત રૂપિયા ૩૦) ત્રીશ.

મંગાવનારાઓ નીચેના સરનામેથી મંગાવી લેવો,

**પ્રાપ્તિ-સ્થાન:—**


૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ. ફે૦ ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ મુંબાઇ નંબર ૩.
૨. ઝવેરી જમનાદાસ મોનજી. ફે૦ બુલીયન એક્ષચેંજ, મુંબાઇ નં. ૨.
૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી. ખારાકુવા, ટેહરા ખિડકી ઉજ્જૈન, માલવા.
૪. નેમિચંદ તારાચંદ. ૪૦૭ કોટન એક્સચેંજ, કાલબાદેવી રોડ, મુંબાઇ નં. ૨
૫. શ્રીમેઘરાજ-જૈન-પુસ્તક ભંડાર. ફે૦ પાયધુની, ગૌડીજીની ચાલ, મુંબાઇ નં. ૩
૬. શ્રી સરસ્વતી પુસ્તક ભાણ્ડાર, ધં. ભૂરાલાલ કે. શાહ,
હાથીખાના રતનપોળ—અમદાવાદ.

---

**લિ૦ શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, મુંબઈ.**

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—



( લેખક:—પુંડાવર્ષી. )

૩૨૬. હાથીના પગલામાં સર્વ પગલાં સમાય છે તેવી રીતે શ્રી સિદ્ધચક્રમાં સર્વ આરાધનાનો સમાવેશ છે.

૩૨૭. આરાધનારૂપ આકરી દવા પીવરાવવા માટે માતાએ દેખાડેલ મિષ્ટ પદાર્થની જેમ સિદ્ધિ–સમૃદ્ધિ–સિદ્ધિઓના વર્ણનમાં મુંઝાવું જોઇએ નહિ.

૩૨૮. કલ્પનામય કથાઓ અને કુથલીની જેમ શ્રી શ્રીપાળનું ચરિત્ર નથી, પરંતુ એ બનેલ બનાવ છે. અર્થાત્ કલ્પનામય કોરા પ્રસંગ નથી; કિન્તુ વાસ્તવિક વૃતાંન્ત છે.

૩૨૯. બનેલા બનાવોની નોંધ એ ભૂતકાળના ભવ્ય પ્રસંગોનો જાજ્વલ્યમાન ઇતિહાસ છે.

૩૩૦. આરાધના કર્યા વગર આરાધ્ય પદમાં પ્રવેશ થઇ શકતોજ નથી.

૩૩૧. આરાધનામાં ઓતપ્રોત બનેલાઓજ આરાધ્ય પદરૂપ અરિહંત–સિદ્ધપદમાં સ્થિત થઇ ગયા, થાય છે; અને થશે.

૩૩૨. આરાધનાનાં અભ્યાસી આત્માઓ આચાર્ય ઉપાધ્યાય અને સાધુપદને શોભાવી શકે છે અને તે પદના પરમાર્થનો આસ્વાદન લેઇ શકે છે.

૩૩૩. ભેદજ્ઞાનની ભવ્યતા નજર સન્મુખ રાખીને કર્મછેદન કરવામાં કુશળ બનો.

૩૩૪. આરાધનામાં ઉદ્યમવન્ત થનાર આરાધકે ક્ષમાને ધારણ કરવી, ઇન્દ્રિયોને દમવી અને માનસિક વિકારોમાં અવશ્યમેવ દૂર કરવા જોઇએ.

૩૩૫. દરિયામાં ફેંકનાર ભેટણું ધરે છે છતાં શ્રીપાળ ક્રોધને વશ થતો નથી, ઇન્દ્રિયના સંયમન ગુમાવતો નથી અને ધવળનું બુરૂ કરવા સંબંધનો લેશભર વિચાર પણ કરતો નથી; કારણ કે અમોઘ ફૂલદાયિ આરાધનાના આ અપૂર્વ ચિહ્નો છે.

૩૩૬. સર્વજ્ઞ કથિત આરાધનાના અપૂર્વ રંગથી રંગાયેલ મયણા કોઢીયા પતિને પરણે છે છતાં પરણ્યા પહેલાની અને પછીની અવસ્થાની છાયા એક સરખી ભાસમાન થાય છે એ વિચારણીય છે.

૩૩૭. સર્વજ્ઞ કથિત ભાવ ધર્મની પ્રાપ્તિ વગરનો મનુષ્ય ભવ શું એળે ગુમાવવા જેવો નથી?

૩૩૮. ભાવ ધર્મને ઉત્પન્ન કરનાર, ટકાવનાર, વધારનાર અને અંતિમ ફળની પ્રાપ્તિ કરાવનાર નવ પદની આરાધના છે.

૩૩૯. અતિ ચંચળ એવા મનને વશ કરી ભાવ ધર્મની સન્મુખ કરનાર નવપદની આરાધના છે.

श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र

卐

# श्री सिद्धचक्र.

卐

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**भावार्थ:**—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —आ. बो.

## —: श्री सिद्धचक्रना सेवकोने :—

त्रिकालाबाधित-अविच्छिन्न-प्रभावमय जैन शासनमां पुनित प्रतिष्ठा पामेल श्री सिद्धचक्र सदाय जयवंतु वर्ते छे.

सहस्त्रयक्षोथी सुरक्षित थयेल चक्ररत्न चक्रवर्तिओना द्रव्य मनोरथोने पूर्ण करे छे. तेवी रीते सिद्धचक्रना सेवनमां सर्वस्व समर्पण करनार चारे निकायना देव-देवीओथी अधिष्ठित थयेल सिद्धचक्र साधर्मिकोना सघळांये द्रव्य मनोरथो परिपूर्ण करे छे.

એટલुंज नहि पण भाव धर्मना भव्य मनोरथोनी सन्मुख लावनार, भाव-धर्मनुं आस्वादन करावनार, भाव धर्मनी वृद्धि करावनार, अने परंपराએ सिद्धचक्र स्थित शाश्वत पदमां शाश्वत-भावे प्रवेशवानी पूर्ण योग्यता समर्पण करावनार એ शाश्वत-यशस्वि-सिद्धचक्रने हृदय-कमळमां स्थिर करो.

सिद्धचक्र-स्थित-गुणि-भगवन्तो अने गुणोनुं यथार्थ कथन करवुं એ वर्तमानकालीन विद्वानो माटे अशक्य वस्तु छे. એટલुंज नहिं पण प्रातःस्मरणीय पूर्वकालीन पूर्वधरो माटे पण अशक्य वस्तु छे, अने तेथीज श्री सिद्धचक्रनी सेवनामां सर्वस्व समर्पण करनार श्रीश्रीपाळ-रासना रचयितानुं रसिक-पद्य स्मरण-पथ पर आवीने उभुं रहे छे.

" सिद्धचक्रना गुण घणा, कहेतां नावे पार;
वांछित पूरे दुःख हरे, वंदु वारंवार. "

आथी विश्वज्जन-मनोवांछित पूरक अने अनेकविध दुःख-दारिद्र्य-दौर्भाग्य-चूरक अमोघ साधनरूप श्री सिद्धचक्रनुं वारंवार दर्शन-पूजन-वन्दन-सत्कार सन्मान करी कृतार्थ थवुं એज सेवको माटे सर्वदा-सर्वत्र-सर्वथा हितावह छे.

"सं स्मरणीय-सुधावर्षा "मांथी.

वी. सं. २४७३
वि. सं. २००३
वार्षिक लवाजम
३. ३-०-०

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तंत्रीः—पानाचंद इच्छचंद झवेरी.
धनजीस्ट्रीट,-२५, २७—मुंबइ.

छुटक नकल-
એકना
०—४—६

તંત્રી સ્થાનેથી—

# અનુમોદનીય પ્રસંગ—



પ્રાતઃસ્મરણીય પૂ. શાસન-પ્રભાવક-આગમોદ્ધારક-આચાર્ય-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીની આજ્ઞાથી તેઓશ્રીના વિદ્વાન્ શિષ્યરત્ન **પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી મહારાજ** પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ સાથે પર્યુષણ પર્વની આરાધના કરાવવા નિમિત્તે સગરામપુરા પધાર્યા હતા. તે અવસરે તેઓશ્રીના સદુપદેશથી સારી સંખ્યામાં તપશ્ચર્યાદિ કાર્યો થયાં હતાં, અને વાંઝગામ **નિવાસિ-દાનવીર-શ્રેષ્ઠિવર્ય શ્રી જીવણલાલ** કપુરાજીએ દશ ઉપવાસ કર્યા હતા. તથા ચૈત્ય પરિપાટીના અધિકારને શ્રવણ કરતાં તેમને શ્રી સંઘ સાથે શહેર યાત્રા કરવાની શુભ ભાવના થઈ. શુભ ભાવનાને મૂર્ત-સ્વરૂપને આપવા કારતક સુદ ૭ થી સુદ ૧૫ સુધીમાં ૭૦ જિન મંદિરમાં બિરાજમાન ત્રૈલોક્યનાથ-ભગવન્તોના દર્શનાર્થેનો કાર્યક્રમ શ્રી સંઘ નિમંત્રણ કુકુમપત્રિકા રૂપે બહાર પડયો. શહેર યાત્રાના શુભ સંદેશાઓ કર્ણોપકર્ણ પહોંચે તેવા પુનીત પ્રબંધો શરૂ થયા. અને દર્શનાર્થે ૫૦૦ થી ૬૦૦ સુધીની સંખ્યામાં દીનપ્રતિદીન ચતુર્વિધ-સંઘ-સાગર ભરતીરૂપે ભરપૂર ઉભરાવા લાગ્યો. દરેક દિવસે શ્રી સંઘના સત્કારાર્થે ઠામઠામ પૂ. ગુરૂવર્યોના બહુમાનાર્થે ગહુંલીઓ, સંઘપતિ-સંઘવણને તિલક કરી શ્રીફળ-હારતોરા અને પહેરામણી, તથા શ્રાવક-શ્રાવિકાઓના સન્માર્થે પ્રભાવના દરરોજ ચાલુ હતી. વાજતે ગાજતે નિયત કાર્યક્રમ પ્રમાણે દર્શન કરી સગરામપુરાના ઉપાશ્રયે મંગલિક શબ્દો શ્રવણ કરી પ્રભાવના લઇ હર્ષભર માનવ સમુદાય વિદાય થતો, અને બીજા દિવસના કાર્યક્રમનું સંસ્મરણ કર્યા કરતો હતો. શહેર યાત્રાને નજરે નિહાળનારાઓ જૈન શાસનની ભારી ભારી અનુમોદના કરતાં હતાં. તેથીજ શાસન પ્રભાવનાના પુનિત પ્રબંધોની બલિહારી છે એ કહેવું તે યોગ્ય સ્થાને છે.

સંઘવીશ્રીએ પર્યુષણમાં સંવત્સરી પ્રતિક્રમણ અવસરે દરેકને રૂપીઆની પ્રભાવના કરી હતી. દરેક વર્ષે પોતાની શક્તિ અનુસાર સાતે ક્ષેત્રમાં યથાશક્તિ ચપળ લક્ષ્મીનો સદ્વ્યય કરી કૃતાર્થ થાય છે. વાંઝ-ગામમાં જૈન ઉપાશ્રય માટે રૂ. ૫૦૦૦), સાધર્મિક વાત્સલ્યાર્થે રૂ. ૧૦૦૦), નવસારી સ્ટેશન પર શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ મંદિરના ઉપરના ભાગમાં પ્રભુ પધરાવવાદિ નિમિત્તે રૂ. ૧૨૫૧), તામ્રપત્ર જૈનાગમ મંદિરમાં એક દેરી રાખીને રૂ. ૫૫૦૦), પોતાના જ્ઞાતિ ભાઇઓને શ્રી સમેત શીખરજી તીર્થયાત્રા કરાવવા નિમિત્તે રૂ. ૫૦૦૦), સગરામપુરાના મંદિર ઉપર કળશ ચઢાવવા નિમિત્તે રૂ. ૩૦૦૦), ચૈત્રી પુનમના દેવ વંદન, શહેર યાત્રા આદિ સાત ક્ષેત્રના નાના મોટાં ધાર્મિક પ્રસંગો તેમજ શ્રાવકને ઉચિત સાત-ક્ષેત્ર ઉપરાંત દીન-અનાથ આદિ લોકોપયોગી કાર્યમાં લક્ષ્મીને છુટે હાથે ખર્ચેલ લક્ષ્મીનો અડસટ્ટો લગભગ રૂ. ૭૫૦૦૦) હજાર ઉપરાંતનો છે. વર્તમાનકાળમાં સુરત-સગરામપુરામાં સંઘવીશ્રી-પોતાની નિતિ-રિતિ અને વ્યવહારથી શ્રાવકને અનુમોદનીય જીવન જીવીને શાસન પ્રભાવના કરી રહ્યા છે. તેમનું અનુકરણ બીજા કરે તે હેતુથી આ અનુમોદનીય પ્રસંગ અનુમોદનાર્થે અત્રે સંક્ષેપથી લીધેલ છે.

# શ્રી સિદ્ધચક્ર

| વર્ષ-૧૩. | કાર્તિક-માસ. | તંત્રી: |
|---|---|---|
| અંક ૨ જો. | તા. ૧૭-૧૧-૪૬. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકાર:--આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમાન્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળ:—નેમુભાઈની વાડી, જૈન ઉપાશ્રયના ભવ્ય હૉલમાં, ગોપીપુરા; સુરત.

સંચયકાર:—પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય મુનિશ્રી ચન્દ્રપ્રભ-સાગરજીના શિષ્ય મુનિશ્રી ચન્દ્રધર્મસાગરજીએ દેશનાનો સારભૂત સંચય કરેલો છે, અને તે વાંચવો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અર્પાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ અદ્રક્ષ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

લિ. તંત્રી.

### દેશનાના સારભૂત-અવતરણો.

૧. સૃષ્ટિ સર્જનહાર ઈશ્વર છે એ માન્યતા સ્વીકારનારાઓ ગંભીર તોહ-મતનામું ઘડી રહ્યા છે.

૨. સૃષ્ટિના સ્રષ્ટા ઈશ્વર છે એ માન-વામાં ઈશ્વર જાતીમ જુલમગાર ઠરે છે.

૩. કાર્ય-કારણ અને ચિકીર્ષાના સમ-ન્વય સમજવાની જરૂર.

૪. શુકલ-પાક્ષિકપણાનું સ્વરૂપ અને મત-મતાન્તર.

૫. લાખ ક્રોડમાં પાઈના ફેરફ સાથે મત-મતાન્તરનો સમન્વય.

૬. શુકલ-પાક્ષિકપણાનું નિયમન અને ઉદાહરણ.

૭. શ્રવણની અનિવાર્ય જરૂર.

૮. સકૃત્ બંધવાળા જીવોની લાયકાત.

૯. પ્રતિજ્ઞા નહિં કરનાર જીવો પાપી છે.

વચનાગ્રહનયા ખલુ ધર્મસ્તદ્બાધયા સ્વધર્મ ઇતિ ।
ઇદમત્ર ધર્મગુહ્યં સર્વસ્વં ચૈતદેવાસ્ય ॥ ૧૨ ॥

### ઈશ્વરને માથે ગંભીર તહોમતનામું.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રક-રણની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવ અનાદિ કાળથી જન્મ મરણ જન્મ મરણ કર્યાજ કરે છે, પણ આ જન્મ મરણ કરવાનું મન જીવને નથી. એટલું જ નહિં પણ જન્મવું અને મરવું એ પોતાને

ગમતું નથી અને બીજાને પણ જન્મવું અને મરવું ગમતું જ નથી. પોતાની ઇચ્છાથી આ જન્મ લીધો છે તે સંબંધમાં **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ ખુલાશો કર્યો છે. કે આ જીવે અનાદિ કાળથી જન્મ અને મરણ કેમ થાય છે તેનો વિચારજ કર્યો નથી. કારણ કે એકેંદ્રિયમાં જન્મ અને મરણ થયાં પણ આ જીવને ભાનજ નથી. સુક્ષ્મ નિગોદમાં પણ આ જીવને જન્મ અને મરણની ખબર નથી. તેવીજ રીતે બાદર નિગોદમાં અને પ્રત્યેક વનસ્પતિમાં પણ આ જીવને જન્મ અને મરણ કેમ થાય છે તેનું ધ્યાનજ નથી. સૃષ્ટિ-સર્જનવાદીઓ તો જીવોના જન્મને અને મરણને આપવાનું કાર્ય પણ ઈશ્વરને માથે નાંખે છે. કારણ કે તેમના મત પ્રમાણે તો પરમેશ્વર સૃષ્ટિના સર્જનહાર છે. અને જન્મ આપવાનું અને મરણ પમાડવાનું કાર્ય કરનાર પણ તેજ છે. આ જીવને સંસારમાં ભમાવ્યો છે કોણે ?, તો કહે કે ઇશ્વરેજ આ જીવને ભમાડયો છે. છતાં ઇશ્વરવાદીઓને પણ આ જીવ તો અનાદિનો માનવોજ પડે છે. ત્યારે કહેવું પડશે કે આ જીવ અનાદિનો છે, અને આ સંસાર પણ અનાદિનો છે; તો હવે વિચારો કે ત્યારે ઇશ્વરને શો વિચાર થયો કે અમુક જીવને નિગોદથી બહાર કાઢયો અને અમુકને નિગોદમાં રાખ્યો. કારણ કે સૂક્ષ્મ-નિગોદમાંના જીવો કોઇ જીવોને કોઇ કાર્યમાં નડતા નથી. દાખલા તરીકે અજવાળું અને કાચનું દૃષ્ટાંત જાણવું. જેમ કાચની બારી હોય અને તે બંધ હોય તો પણ અજવાળું અંદર આવી શકે છે જેવી રીતે અજવાળું અંદર જઇ શકે છે, છતાં કાચને બાધા થતી નથી; તેવી રીતે સૂક્ષ્મ જીવો જવા આવવામાં કોઇને પણ બાધા કરતા નથી. તેવીજ રીતે સૂક્ષ્મ નિગોદના જીવો એટલા બધા ચર્મ ચક્ષુથી અદ્રશ્ય-સૂક્ષ્મ છે કે તે કોઇને કોઇ કાર્યમાં આડે આવતાંજ નથી. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયને ઇશ્વરે એવાં બનાવ્યાં છે કે દરેકે દરેક પંચેંદ્રિય મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય વિગેરે બધા જાનવરો તેનો ઉપયોગ કરે છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયાદિ બધા જીવોએ ઇશ્વરનું શું બગાડયું છે કે તે જીવોનાં જીવન લેઇને નાશ કરવાનો આ પ્રબંધ ગોઠવ્યો છે. ગુલામ (નોકર) નો ઉપયોગ પણ શેઠ ગુલામ (નોકર)નું જીવન રાખીનેજ કરે છે. છતાં આ ઇશ્વર તો પાંચે કાયના જીવોના જીવનનું રક્ષણ કરવાને બદલે સંહારનો સરંજામ ગોઠવીને તેમના જીવનનો નાશ કરે છે. આ સૃષ્ટિના સર્જનહારે કયા જીવને બાકી રાખ્યા છે ?, વિચારીએ તો ઇશ્વરે જગત્ના જીવોનો આ રીતિએ અનાદિ કાળથી આવો લાભ લીધો છે. અનંતાકાળ સુધી નિગોદમાં રખડાવ્યા અને નિગોદમાંથી બહાર કાઢયા ત્યારે નાના જીવોનો મોટા જીવો પાસે કોળીયો કરાવે છે. જેમ જીવાતને પાળનારાઓ પોતાના પક્ષીઓ (જીવો) માટે બીજ જીવાતને જાણી જોઇનેજ ઉત્પન્ન કરે છે. કારણ કે પોતાના પક્ષીઓ (જાનવરો) ને ખાવા માટે તે જીવાત જોઇએ છે, અને તેમનું રક્ષણ કરવા માટે તે જીવાતને ઉત્પન્ન કરે છે. તેવોજ રીતે દુનીયાના શિકાર માટે આ ઇશ્વર જીવોને જન્મ આપીને ઉત્પન્ન કરે છે, અને બીજા જીવો પાસે લાવીને તે જીવોનો શિકાર કરાવે છે; માટે ઇશ્વરને માથે ગંભીર તહોમતનામું છે એમ સાબિત થાય છે.

## કાર્ય-કારણ અને ચિકીર્ષા.

એનાથી પણ આગળ વધીને જોઇએ તો ઇશ્વરે ઘાતકી જાનવરના શિકાર માટે તેવા જીવો ઊત્પન્ન કર્યા છે, માટે ઇશ્વરની કૃપાળુતા સાબીત થતી નથી. જગતમાં મકાન કરવું આપણે અને પાડવું પણ આપણે. કાર્ય માટે કારણ હોવું જ જોઇએ. પરંતુ જૈનોએ તો એમ માન્યું છે કે કારણ જો મલી જાય પછી કર્તાની ઇચ્છા હોય અગર ન હોય તો પણ કામ થઇ જાય છે. નૈયાયિકોના મતે કર્તાની ઇચ્છાથી કામ થાય છે, જૈનોના મતે તો ચિકિર્ષા હોય અગર ન હોય તો પણ કારણ મલે તો કામ થાય છે, પરંતુ ચિકિર્ષા હોય અને કારણ ન મળે તો કાર્ય થાયજ નહિં. કોઇપણ મનુષ્ય દુઃખી થવા, રોગી થવા અને મરવા માટેની ઇચ્છા કરતો નથી. પરંતુ ઇચ્છા ન કરે છતાં કારણ મલે એટલે કામ થઇ જાય છે.

## શુકલ—પાક્ષિકપણું.

જેમ ઘડો એ કાર્ય અને ઘડાને અંગે માટી તે કારણ છે. જેમ સુતરના તાંતણા તે પણ પટનું કારણ છે. આ ઊપરથીજ પોતાનાજ નિયત કારણ પોતાના કાર્યમાં ઊપયોગ આવે પણ બીજાના કારણ ભળતાં કાર્યના ઊપયોગમાં આવતા નથી. જેવી રીતે ઘટ બનાવવા બેસે અને તાંતણા લેવે અગર પટ બનાવવા બેસે અને માટીનો પીંડ લેવે તો શું કામ લાગે ?, કારણ કે માટીના પીંડથી પટ બનતો નથી, અને સુતરના તાંતણાથી ઘટ બનતો નથી; પણ જે કાર્ય કરવું હોય તેનાંજ કારણ જોઇએ. તેવીજ રીતે કોઈ પણ કાર્ય ઇચ્છા વગર નજ થાય પણ ઇચ્છા હોય ત્યારેજ થાય એવું કાર્ય મોક્ષ. મોક્ષની ઇચ્છા વગર મોક્ષ થતો નથી. મોક્ષની ઇચ્છા થાય કયાંથી ?, પહેલા ગુણઠાણાથી મોક્ષની ઇચ્છા થાય છે. 'મોક્ષ મલે' એવી ઇચ્છા કયારથી શરૂ થાય ? મિથ્યાત્વ ગુણ-ઠાણાથીજ. માણસની ચપટીમાં પકડાયેલા માકડને જો દબાવવામાં આવે ત્યારે તે છુટવાનો પ્રયત્ન કરે છે? તે પોતે આમજ વિચાર કર્યા કરે છે કે હું કયારે છુટું ? અનેક બંધનમાં સપડાયેલાઓએ છુટવાની ઇચ્છા કરી તે મોક્ષની ઇચ્છા નથી, પણ સકલ કર્મ બંધનમાંથી છુટીને અવ્યાબાધપણાની ઇચ્છા થાય ત્યારેજ મોક્ષની ઇચ્છા થાય. તેથીજ શાસ્ત્રકારો કહે છે કે મોક્ષની ઇચ્છા થઇ એટલે શુકલપાક્ષિકપણું આવ્યું. હવે અહિં શુકલ-પાક્ષિકના બે ભેદ બતાવે છે. કેટલાક આચાર્યો એક પુદ્ગલ પરાવર્તનકાળ, અને કેટલાક આચાર્યો અર્દ્ધપુદ્ગલ પરાવર્તનકાળ માને છે. હવે તેમાં એક પુદ્ગલ પરાવર્તનકાળ બાકી રહે. ત્યારે શુકલ પક્ષીપણું થાય છે, અને બીજી બાજુ અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન કાળ બાકી રહે ત્યારે શુકલ પક્ષીપણું થાય છે.

## લાખ કોડનું આંતરૂં.

આપણે બુદ્ધિથી વિચારીએ તો ઊપરના બન્ને કાળ શુકલ—પક્ષીપણામાં ઘટે છે. પહેલ વહેલો જીવ શુકલપક્ષી બને તે વખત તેને એક પુદ્ગળ પરાવર્તનથી વધારે સંસાર નજ હોય. પરન્તુ ત્યાંથી મોક્ષની ઇચ્છામાં ચઢતો ચઢતો જ્યાં સુધી મોક્ષજ થાય એવો જકાર વાળો મોક્ષ અર્થાત્ મોક્ષજ થાય એવી ઇચ્છા વાલો હોય તે અવસરે અર્દ્ધ-પુદ્ગળ-પરાવર્તનકાળ બાકી રહે છે. જકાર વાલો મોક્ષ મેળવવામાં તલ્લીન થાય

કયારે ? તો શાસ્ત્રકાર કહે છે કે મોક્ષજ થાય એવો જકારવાળો. મોક્ષ તે અર્દ્ધ પુદ્ગળ પરાવર્તનમાં હોય છે, અર્થાત્ તેટલા કાળમાં જકારવાળા મોક્ષની ઇચ્છા થાય છે. હવે સમ્યકત્વમાં અને શુકલ પાક્ષિકપણામાં ફરક કયો ? ક્રોડ અને લાખમાં ફરક કેટલો ?, એક પાઇનોજ ફરક રહે છે. લાખ અને ક્રોડની રાશીમાં સો ગુણો અંતર દેખાય છે, પણ ત્યાં ૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯ બે પાઇ હોય ત્યાં સુધી લાખ કહેવાય; અર્થાત્ જ્યારે એક પાઇ નંખાય છે એટલે તુરત ક્રોડ થાય છે. અને તેથી લાખ ક્રોડમાં એક પાઇનું અંતર કહેવાય છે.

## શુકલપાક્ષિકપણાનું નિયમન.

તેવી રીતે એક પુદ્ગળ પરાવર્તન અથવા સમ્યકૃત્વ અને શુકલ-પાક્ષપણામાં પણ થોડોજ ફરક છે. કેવલી ભગવંતની દ્રષ્ટિથી અર્દ્ધપુદ્ગળ પરાવર્તમાં મોક્ષ જવાવાલો જીવ હોય તો તે શુકલ પાક્ષિક થઇજ જાય છે. કારણ કે મારૂદેવી માતાને વનસ્પતિમાંથી નીકલીને કેવળજ્ઞાન થયું તેવી રીતે શુકલ પાક્ષિકપણું આવ્યું એટલે મોક્ષ થવાનોજ છે. જેમ ક્રૂર જીવોને દેખીને ધર્મી શું વિચાર કરે છે ?, જેમ પરદેશી રાજાને ઉદ્દેશીને શાસ્ત્રકારે કયા શબ્દો વાપર્યા ? અધર્મી, અધર્મ-આચારનું સેવન કરનારો વિગેરે. તેવીજ રીતે સમકિત ન પામ્યો હોય પરંતુ મોક્ષમાં જવાની ઇચ્છા થઇ હોય તો કેવલી ભગવંતની દ્રષ્ટિથી શુકલ પાક્ષિક કહી શકાય છે. પછી ચાહે તે જીવ અત્યારે નિગોદમાં હોય અગર વનસ્પતિકાયમાં હોય પણ કેવલી ભગવંતની દ્રષ્ટિથી તે જીવને શુકલ પાક્ષિકપણું આવેલું કહેવાય છે.

## શ્રવણની અનિવાર્ય જરૂર.

આપણે કુટુમ્બમાં અગર તો વેપારમાં શું બોલાએ છીએ ? તો કે આપણું કહ્યું માને તેને કહેવાય. અન્ય દર્શનીઓ શું બોલે છે ? અશ્રદ્ધાવાલો હોય તેને ઉપદેશ સંભલાવવો નહિં. ઠીક ઉપદેશ નહિં સંભલાવવો, પણ શ્રદ્ધા આવશે કયાંથી ? તો કહેવું પડશે કે શ્રદ્ધા શ્રવણથીજ થાય. માટેજ શાસ્ત્રકાર કહે છે કે દરેક જીવોને શાસ્ત્રનું શ્રવણ જરૂર કરાવવું જોઇએ. ચાહે તે જીવને ધર્મ પ્રત્યે આદર હોય અગર ન હોય, ધર્મમાં શ્રદ્ધા હોય અગર ન હોય પણ દરેકે દરેક જીવોને શાસ્ત્ર શ્રવણ કરાવવું એ જરૂરીની ચીજ છે. આથીજ શાસ્ત્રકાર કહે છે કે ભવિષ્યતાની અનુકુળતાના લીધે જેને એક પુદ્ગળ-પરાવર્તન-સંસાર બાકી રહેલો છે, તેવા જીવોને વીતરાગના વચન સાંભળવા ઇષ્ટ લાગે છે અને અનુક્રમે શ્રદ્ધાને પામે છે. માટેજ બોલીએ છીએ કે દરેક કાર્યમાં બધો સામગ્રીની જરૂર છે. કાગળ વાંચવામાં અજવાળું ઉપયોગી છે. કાગળ વાંચે કોણ ?, દેખતો મનુષ્ય અજવાલાનો ઉપયોગ કરે છતાં આંખો તો જોઇએ. માટે સમાધાનમાં શાસ્ત્રકાર કહે છે કે અજવાલું સાધનરૂપ બને છે અને ઉપયોગી મનુષ્ય આંખનો તે દ્વારાએ ઉપયોગ કરે છે. તેવીજ રીતે તમોને આર્યક્ષેત્ર મળ્યું, ઉત્તમ કુલ મળ્યું, અને સુદેવ-સુગુરૂ અને સુધર્મની જોગવાઇ વિગેરે સર્વે મળ્યાં પણ ધર્મ સાંભળવો અને રૂચી થવી તે છેલ્લા પુદ્ગળ-પરાવર્તનરૂપી કાળમાંજ બને છે. અને તેને ચરમાવર્ત-કાળ કહે છે અને તેજ મુખ્ય

કારણ બને છે, અને તેમાંજ જીવ શ્રવણથી અનુક્રમે આગળ વધે છે.

## સકૃત્-બંધવાળો જીવ અને મોક્ષ કાર્યની સંગતિ.

'એક પુદ્ગળ પરાવર્તનથી વધારે સમય હોય તો વીતરાગ પ્રણીત વચન રૂચીકર થતા નથી' આ શાસ્ત્રકારનો સિદ્ધાન્ત છતાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આગળ વધે છે, અને કહે છે કે ઘીનું સીધું કારણ માખણ છે; છતાં દુધ, દહીં અને માંખણને કારણ માને તો વાંધો નથી. તેવીજ રીતે સકૃત્-બંધ બાંધવાવાળો જીવ ભાવિકાળમાં મોક્ષને લાયક છે. જ્યારે જીવને એક પુદ્ગળ-પરાવર્તનકાળ બાકી હોય તોજ જિનેશ્વર-ભગવાનના વચન રૂચે છે. તેનાથી આગળ વધીને જોઇએ તો એક વખત ફરી મોહનીય-કર્મની ૭૦ ક્રોડા ક્રોડીની સ્થિતિના બંધ બાંધવાવાલા જીવ હોય તેને પણ જિનેશ્વર ભગવાનના વચન રૂચે છે, એ પણ સ્વીકાર્ય સિદ્ધાન્ત છે. પરંતુ કોઈ અતીતકાળે, વર્તમાનકાળે અને ભવિષ્યકાળે કોઈ પણ જીવ સકૃત્ બંધપણામાં મોક્ષમાં ગયો નથી, જાય પણ નહિં અને જશે પણ નહિં આ શાશ્વત-નિયમ છે. તેવીજ રીતે ૧૩ મા ગુણઠાણે રહેલો જીવ મોક્ષમાં ગયો નથી, જાય નહિં, અને જશે પણ નહિં. અર્થાત્ જે મોક્ષે ગયા છે અને જાય છે તે બધા ૧૪ મા ગુણઠાણે આવે ત્યારેજ મોક્ષમાં જાય છે. આપણે વિચાર કરવો જોઇએ કે ૧૨ મા ગુણઠાણે સુધી મોક્ષે જવાની ઇચ્છા ખરી પણ મોક્ષે કોઇપણ ગયા નહિં અને ૧૩ મા ગુણઠાણે ઇચ્છા નથી, પણ મોક્ષે ન જાય તેની હજુ જડ છે. તેથી પણ નહિ જાય. ૧૪મા ગુણઠાણે ઇચ્છા નથી છતાં જીવો તે સ્થાને મોક્ષે જાય છે, કેમકે કારણ સબળ છે અને તેનાથી કાર્ય થાય છે. ચૌદમા ગુણઠાણે સર્વ-સંવર અને સર્વ નિર્જરાનો સંપૂર્ણ-સંગમ ત્યાંજ મલે છે, અને તેના લીધેજ મોક્ષ થઇ જાય છે. આપણે વિચાર કરીયે તો યોગ્ય કારણના લીધેજ કાર્ય થાય છે.

## પ્રતિજ્ઞા વગર પાપ બંધાય છે.

ધ્યાનમાં રાખો કે જૈનમાં અને જૈનેતરમાં મોટો ફરક છે. કારણ કે જૈનેતર પાપ કરવામાંજ પાપ માને છે. પણ જૈનો તો પાપ કાર્ય કરે તો પાપ માને છે અને પાપ કાર્ય ન કરે તો પણ પાપ માને છે. કારણ કે જૈનોમાં વ્રત નિયમ પચ્ચખાણ-પ્રતિજ્ઞા ન કરે તો પાપ કાર્ય થયાંજ કરે છે એમ માને છે. પ્રતિજ્ઞા ન કરવામાં પાપ માનવું આ શ્રદ્ધા થવી મુશ્કેલ છે. પણ આ બધું કયારે મનાય છે ? આ વિષય પર **શ્રીસિદ્ધસેન દિવાકરજી** મહારાજા કહે છે કે હે ભગવન્ ! તમારા વચન પર શ્રદ્ધા રાખે પણ પ્રતિજ્ઞા વગરના જીવો પાપ બાંધે છે અર્થાત્ અવિરતિનું પાપ બંધન ત્યારેજ મનાય છે. માટે જીન-વચનની મહત્તા, જિનવચન પરની શ્રદ્ધા ઉપર ટકેલી છે. વીતરાગના વચન પરની શ્રદ્ધાની જરૂરીયાત સ્વીકારનારે વચનનો વિષય વિભાગ વિગેરે સમજવાની જરૂર છે તે અગ્રે વર્તમાન.



# દેશના-સારાંશ.

[ નોંધ:—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની અમોઘ-દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે સંચય કરનાર પં. શ્રી હેમસાગરજી છે, અને વાંચકો તે સારાંશને સારી રીતે સમજી શકે તે હેતુથી પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિ પાસે પેરેગ્રાફાદિ પડાવીને અત્ર અપાય છે. વર્ષ ૧૨ અંક ૧૧ પૃ ૨૧૮ ૨૧૯-૨૨૦ સુધી જે લખાણ આવેલ છે તે પછીનો અનુસન્ધાન-વિષય ચાલુ કરાય છે.—તન્ત્રો. ]

**૧. અણસમજુની મુઠ્ઠી છોડાવવી મુશ્કેલ છે.**

**૨. શોક દાબી શકાય છે, પરંતુ હર્ષના આવેશો દાબી શકાતા નથી.**

**૩. રત્ન અને રઝળતા પત્થરા સરખા ગણનારા ગમારો ઘણા છે.**

**૪. ચિન્તામણિ સદ્રશ ધર્મની કિંમત કરનારા જવલ્લેજ નજરે પડે છે.**

**૫. ઉપકાર કરવાની ટેવ ભાગ્યશાળીઓ પાડી શકે છે.**

**૬. મરેલી માંખીનું કલેવર બાંધેલા અન્નની ઉલટી કરાવે છે.**

**૭. ધર્મ-ચિન્તામણિનો મહિમા.**

**૮. ધર્મ-ચિન્તામણિનો આરાધન વિધિ.**

**૯. નિષ્પુણ્યકની નિર્ભાગ્ય નિતિ-રિતિ અને વ્યવહારો.**

## પત્થર-ચિન્તામણિના ફરક.

જયદેવ રત્ન માટે રખડે છે છતાં ન મળ્યું અને પશુપાળને સહજે મળી ગયું છે તેનો વિચાર કરે છે, અર્થાત્ આ ગમારના હાથમાંથી લેવું મુશ્કેલ છે. નાના છોકરાના હાથમાં રૂપીઓ આપ્યો હોય પછી તેની પાસેથી પાછો લેવો મુશ્કેલ પડે છે. અણસમજુ બાળકની પણ મુઠ્ઠી છોડાવવી અધરી પડે છે. ગમાર પાસે ચિંતામણી રત્ન છે શી રીતે તેના હાથમાંથી છોડાવી લઉં. ખરેખર! શોક દાબી શકાય છે પરંતુ હર્ષના તરંગો દાબી શકાતા નથી. ગમારના હાથમાં ચિંતામણી દેખી જયદેવથી હર્ષ દાબી શકાતો નથી. ગમાર પાસે એ રત્નની માંગણી હર્ષપૂર્વક કરી. પશુપાળે કહ્યું કે તારે આ પત્થરનું શું કામ છે?, હવે ગમારને જયદેવે શો ઉત્તર આપવો?, નાનું બાળક સગડીમાં હાથ ઘાલે તે અવસરે દઝાય છે એમ બાળકને સમજાવવું શી રીતે?; સગડીથી છેટો રાખવો પડે. તેમ આ ગમારને તેવોજ ઉત્તર આપે છે જયદેવ કહે છે કે લાંબા કાળે હવે હું મારા સ્વદેશ તરફ જવાનો છું. ઘેર જઈશ એટલે માબાપ સ્ત્રી નાના ભાઇ બેન મને પુછશે કે પરદેશથી શું લાવ્યા? તો કંઇક નવીન વસ્તુ લઈ ગયો હોઉં તો નાના બાળકોને આનંદ થાય. નાના છોકરા પ્રથમ માંગે તો છોકરાઓને રમવા તો અપાય. હવે પેલો પશુપાળ કહે છે કે અરે વાણીયા! આવા આવા ગોળ પત્થરો ચકચકતા અહીં પડેલા છે. તે શા માટે તું નથી લેતો? ગમારને પોતાના હાથમાં રહેલું ચિંતામણી રત્ન અને ભોંય પર રખડતા પડી રહેલા પથરા વચ્ચે તફાવત માલમજ નથી. જેમ અજ્ઞાની આત્માને કુધર્મ કે સુધર્મ

બધાજ સરખા લાગે છે. સુધર્મ તરીકેનો ફરક અજ્ઞાનીને માલમ ન પડે. આ સંસારમાં કેટલાક કૂળ જાતિને લીધે સહચારી સંબંધીઓને લીધે પણ અનેક પ્રકારનાં ધર્મને પામેલા હોય છે, તેવાઓને આ એ ધર્મ છે અને પેલો પણ ધર્મ છે. જેમ પેલો ગમાર ચિંતામણીને બીજા પત્થર સાથે સરખાવે છે, તેમ પોતાને મળેલા ઉત્તમ ધર્મને બીજાના ધર્મોની યત્કિંચિત સરખાવટના શબ્દોને આગળ કરીને આ એ ધર્મ છે અને પેલો પણ ધર્મ છે તેવો સરખામણી કરે છે. ગમારો ઉત્તમ ધર્મને બીજા ધર્મની સરખાવટમાં મુકી દે છે.

## ઉપકાર કરવાની ટેવ પાડો.

હવે જયદેવે દેખ્યું કે આ પશુપાળ પોતાના હાથમાં રહેલા ચિંતામણી રત્નને બીજા પત્થરની સરખાવટમાં મુકે છે, એટલે પોતે રાજી થાય છે. હવે તેના પાસેથી આ રત્ન મેળવવામાં મુશ્કેલી નહીં પડે. કેમકે ગમાર તેને પત્થર ગણે છે. જયદેવ હવે પશુપાળને કહે છે કે મારે જલદી સ્વદેશ તરફ પહોંચવું છે, તું તો અહીંજ રાત દીવસ ફર્યા કરે છે, તો તું બીજા ખોળી લેજે, મને તું જલદી આપ કે હું જલદી હવે અહીંથી જઉં. હવે ગમારને ઉત્તર દેવાની સુઝ પડતી નથી.

કેટલાકો માખી જેવી સ્થિતિવાળા છે જે મરતાં મરતાં પર અપકારજ કરે. અંદરપેસીને પોતાના પ્રાણનો ભોગ આપી સામાને ખાધેલું બધું ઓકાવે. કેટલાક બકરીના ગળાના આંચળ જેવા હોય છે તે ઉપકારજ ન કરે. પોતાના હાથે બીજાનો ઉપકાર થાયજ નહીં. તો પછી પરોપકારની ઉત્તમતાની વાતો તો સમજેજ કયાંથી ? ઉપકાર કરવાની ટેવ પડયા વગર હયાત વસ્તુથી ઉપકાર થઇ શકતોજ નથી. આ ગમાર દરિદ્ર દશામાં છે. પરોપકાર કરવામાં સમજે જ કયાંથી ?, તેને તો પત્થરનો જ પરોપકાર કરવો હતો. વળી તેવા પત્થર તે જંગલમાં અનેક પડેલા હતા, પણ એક આનામાંથી એક પાઇ ખરચવાને ટેવાયેલો હોય તો રૂપીયામાંથી એક આનો ખરચી શકે. ખરચવું એ દાન દેવાની ટેવ ઉપર આધાર રાખે છે. જેને દાન કરવાની ટેવ પડી હશે તેને અહીં ઓછું હશે તો પણ ખરચશેજ. જેને દાનની ટેવ નથી તે મળ્યા છતાં પણ ખરચી શકતો નથી. આ બિચારા પશુપાળે જન્મથી કોઈ દિવસ પરોપકારને સ્થાન આપ્યું નથી. તેને તો કાંકરામાં પરોપકાર કરવાનો છે, છતાં આવો શ્રીમંત માણસ મળ્યો તો પણ કાંકરા તરીકે પણ આપવાનો પરોપકાર કરી શકતો નથી.

## પરોપકાર રસિક આત્માઓ પરોપકાર કરે છે.

હવે જયદેવ મનમાં વિચાર કરે છે કે મારો ધાર્યો સ્વાર્થ સિદ્ધ ન થયો, પણ આ પશુપાળને આ રત્ન સિદ્ધ થશે તો તેનું પણ કલ્યાણ થશે, અને ચિંતામણી રત્નનો મહિમા તો ટકી રહેશે. આ મહિમાવાળું ચિંતામણિ-રત્ન પત્થરમાં ન ખપી જાય તે ધારણા થઇ. સજ્જનપણું ત્યાંજ છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય તો પદાર્થની પવિત્રતાને ન બગાડે. પીવું નહીં તો ઢોળી નાખવું અને બીજાને તો પીવા નજ દઉં. પોતાનું ધાર્યું ન થાય તો મેં મરૂં પણ તુજે રાંડ કરૂં, આવી દુર્જનની સ્થિતિ હોય છે. તેજ કારણથી આ જયદેવ ધારે છે કે મારા હાથમાં ભલે ચિંતામણી ન આવ્યું પણ એનો તો ઉપકાર થાય તો પણ

કહ્યાણ; અને તેની પરંપરા તો રહેશે. જગતમાં ઉપકાર કરવાની દ્રષ્ટિ અલ્પ પ્રાણીઓને થાય છે, તેમાં સ્વાર્થ સિદ્ધી થાય ત્યારે ઉપકાર કરવાની દૃષ્ટિ ઓછી રહે છે. આ ચિંતામણીનો પ્રભાવ જગતમાં વધશે તે પણ ઘણું છે, તેમ આ રબારીનો પણ ઉપકાર થશે. આવી બુદ્ધિવાળો જયદેવ ભરવાડને કહે છે. હે ભદ્ર! અત્યાર સુધી તું પત્થર જાણે છે છતાં વળગી રહ્યો છે, અને છોડતો નથી તો હું કહું છું કે આ પત્થર નથી પણ ચિંતામણી રત્ન છે, હું લઇને તેની આરાધના કરત. હવે તું પણ તેની વિધિપૂર્વક આરાધના કર. એને આરાધવાથી તેનામાં તાકાત છે કે તું ઇચ્છા કરે તે વસ્તુ તને આપી શકે. જો એમજ હોય તો જરૂર હું આરાધના કરું. મનમાં જે વિચારે તે આપે તો મને વિચારતાં વાર શી?

## ધર્મ-ચિન્તામણિનો મહિમા.

ધર્મ ચિંતામણી માટે તો નિયમ છે કે જે વિચારે તે આપવું. તમો વિચારો કે મારે મોક્ષ જોઇએ તો મોક્ષ મેળવી આપે. મોક્ષનો વિચાર કોને થાય? જે ભવ્ય મોક્ષે જવાનો હોય તેનેજ તે વિચાર આવે. આપણામાં કેટલાક એવા આત્માઓ છે કે જ્યાં ખાવાપીવા પહેરવા ઓઢવાનું કે નાટક સીનેમા સ્ત્રી પુત્રાદિના સુખો નથી તો ત્યાં જઇને શું સુખ ભોગવવાનું? ભવાભિનંદી જીવો, પુદ્ગલાનન્દી જીવો, ઇન્દ્રીયારામિ-જીવો પૌદ્ગલીક સુખમાંજ સુખ માને છે. ઝેરનો કીડો ઝેરમાંજ સુખ સમજે તેથી તેને જો સાકરમાં મુકીએ તો મરી જાય. તેમ ઇન્દ્રીયારામિ-આત્માઓને આત્મિક સુખ અનંતુ છે છતાં તેમાં આનંદ ન આવે ધર્મ રત્નનો નિયમ છે કે મોક્ષ માંગે તેને મોક્ષ આપેજ. નવે તત્વની શ્રદ્ધા થઈ ન હોય, સમકિત પણ થયું ન હોય તો પણ મોક્ષવાંછુ-આત્માને એક પુદ્ગળ પરાવર્તનમાં નિયમા મોક્ષ મળે. મોક્ષજ જોઇએ તેવા આત્માને અર્ધ-પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ મળે. એક માત્ર વિચાર માત્રથી મોક્ષ મળે, તો પછી ચિંતામણી રત્ન માંગેલી વસ્તુ જરૂર પુરી પાડે તેમાં નવાઇ શી? આ રબારી આરાધવાની વાત કોરણે મુકીને માંગીશ તે આપશે તેની વિચારણામાં ચઢી ગયો. 'કુકડીનું મોં ઢેપલી' તેવો રીતે રબારી કહે છે કે હું બોર કેળાં કચુંબર માંગુ તો મને આપશેને?, આ સાંભળી જયદેવને હસવું આવ્યું. આવા ઉત્તમ ચિન્તામણિની પાસેથી કેવી રીતે મંગાય?, શું વસ્તુ મંગાય?; તેની ખબર નથી એટલુંજ નહિ પણ આરાધના કરવી જોઇએ એ વાતની પણ આ ગમારને ગમ નથી.

## ચિન્તામણિની આરાધના.

પાણો લેવા છીબુ-ઢાંકણું લઇને ગયો, પણ છીણામાં કેટલું પાણો સમાય. લેવાની પણ રિતિ-નિતિ હોવી જોઇએ. રિતિ ન હોય તો કંઈ ન મળે. એક શેઠ સાથે બીજા માણસે નક્કી કર્યું કે સરખા માપે તલ, આપવા તેટલું તેલ આપવું. લેવાના ઠામ અને લેવાની વસ્તુ વિચારવી જોઇએ. છીણામાં તલ ઘણા સમાય, પણ તેલ કેટલું ટકી શકે? તેમ આ બિચારો રબારી ચિંતામણી રત્ન પામ્યો, પણ રિતિનું ઠેકાણું ન હોવાથી જયદેવને હસવું આવ્યું. હસવું એમ આવ્યું કે રત્ન મારા હાથમાં તો ન આવ્યું, પણ તેના હાથમાં ટકવાનું નથી. જયદેવે ભરવાડને કહ્યું કે આમ વિચારાય નહિ ત્યારે કેમ વિચારાય?

અઠ્ઠમ–ત્રણ ઉપવાસ લાગ લાગટ કરવા. ત્રીજી રાત્રી પુરી થાય એટલે જમીન લીંપી એક બાજોઠ ત્યાં ગોઠવી ઉપર એક પવિત્ર વસ્ત્ર બીછાવી તેને થાળમાં પધરાવી પ્રક્ષાલન કરવું. પછી સુંદર વસ્ત્રથી નિર્જળ કરી, ચંદનાદિક પદાર્થોથી પૂજા કરી ઉત્તમ સુગંધી પુષ્પો ચઢાવવા, અને ધૂપ દીપક ત્યાં કરવા. પછી નમસ્કાર કરી આપણે જે ઈચ્છા હોય તેની માંગણી કરવી. એટલે તે વસ્તુ તરત મળી જાય. સજ્જડ રોગની ક્રિયાઓ કઠણ હોય છે, તો પછી ચિંતામણીની ક્રિયા કઠીન હોયજ. રબારીને 'ત્રણ દીવસ ભૂખ્યા રહેવું' વિગેરે બધો વિધિ કરવો અત્યંત આકરો લાગ્યો. જૈનના બાળકને ચઉવિહાર આયંબિલ યાવત ઉપવાસ કરવો પણ સહેલો પડે છે. ઇતર કોમના મોટા માણસને એક આંબેલ કરવાનું કહીએ તો એક કલાક પણ ભુખ્યો ન રહી શકે, તે શું કરે ?, જયદેવે સહેલી વિધિ બતાવી છતાં ગોવાળીયાને આકરી લાગી. એક પહોર છાશ વગર કે રોટલા વગર જે ચલાવી ન શકે તેનાથી અઠ્ઠમ શી રીતે બને !

## નિષ્પુણ્યકની નિર્ભાગ્ય-નિતિ-રિતિ.

હવે રબારી પોતાની બકરીઓને લઇને ગામ તરફ જાય છે. જયદેવ પણ પાછળ પાછળ જાય છે. ભાવિ શુભાશુભ કર્માનુસાર જીવોને બુદ્ધિ સુજે છે. આ રબારીને પોતાનું કર્મ ફળીભૂત કરવા બુદ્ધિ સુઝતી નથી. તેથી આ રત્ન રબારીના ઘરમાં કે હાથમાં રહેવાનું નથી. એ બિચારો હીન પુન્યવાળો હોવાથી વિધિ બતાવ્યો છતાં આરાધવા ઉત્સાહિત થતો નથી. નિષ્પુણ્યકને રત્ન મળ્યું છતાં ઢકવાનું નથી. તેથી જયદેવ તેની પાછળ પાછળ જાય છે. તે બીજી વ્યવસ્થા કરે તે વખતે જો હું હાજર હઈશ, તો રત્ન મારા હાથમાં આવી જશે. તેથી તેની પાછળ પાછળ જયદેવ ચાલ્યો જાય છે. અને નિષ્પુણ્યક આત્માઓની નફા વગરની નિતિ રિતિનો વિચાર કર્યા કરે છે. (ચાલુ)

## શ્રાવક કહેવો કોને ?

જે અત્યંત તીવ્ર કર્મનો વિશેષપણે નાશ કરીને પરલોકને હિતકારી એવું જીનવચન ઉપયોગપૂર્વક સમ્યપ્રકારે શ્રવણ કરે છે તેનેજ શ્રાવક જાણવો. જુઓ, પંચાશક ૧. ગાથા–૨.

**परलोयहियं सम्मं जो जिणवयणं सुणेइ उवउत्तो।**
**अइतिव्वकम्मविगमा सुक्कोसो सावगो एत्थ ॥२॥**


# સાહિત્ય–રસિકો માટે.

કલિકાલ–સર્વજ્ઞ–શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર–શ્રી ચન્દ્રસાગરજી–ગણીન્દ્રકૃત–આનન્દબોધિનીથી બોધપ્રદ સંજ્ઞા–સન્ધિ–નામકારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "**શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**" કિંમત રૂા. ૩૦) ત્રીશની મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન–એક્ષચેંજ, મુંબાઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ મુંબાઇ નંબર ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી ઉજ્જૈન, માલવા.

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭ કોટન એક્સચેંજ,
કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રીમેઘરાજ–જૈન–પુસ્તક ભંડાર.
ઠે૦ પામધુની, ગોડીજીની ચાલ, મુંબાઇ નં. ૩

૬. શ્રીસરસ્વતી–પુસ્તક–ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ–અમદાવાદ.

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

નોંધ:—આ 'શ્રીવર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. તંત્રી.

[ લેખાંક ૮ મો ]

ગતાંકથી ચાલુ—

## શ્રદ્ધાપૂર્વક સમજની ઉત્પત્તિ, ટકાવ, વૃદ્ધિ; અને ફલ.

જૈનશાસને જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ આપ્યું જ નથી, પરંતુ મોક્ષ ફલના અનિર્વચનીય-સાધન તરીકેજ સ્વીકારેલું છે. ધોતી, પહેરણ અને કોટ પહેરનારાઓએ સૂતરના તાણાવાણા ગણ્યા નથી, માથામાં રહેલા બાલ કાળા કેટલા અને ધોળા કેટલા તેનો હિસાબ કોઇએ રાખ્યો નથી અને રાખતા પણ નથી, ઘર બંધાવાતું હોય તે અવસરે આવેલા ગધેડા પર રેતીની ગુણીઓ ઘર આંગણે ઠલવાય છે અને તેમાંથી રેતીના કણીઆ કોઇએ ગણ્યા નથી અને ગણતું નથી, નળમાંથી નીકળતાં પાણીના ટીપે ટીપાની નોંધ કોઇએ રાખી નથી અને રાખતું નથી, આથી એ વાત સિદ્ધ થઈ છે કે નિરૂપયોગી કાર્યોમાં નકામો ટાઈમ બરબાદ કરવા દુનિયા પણ તૈયાર નથી, તો પછી નિરૂપયોગી કાર્યમાં મનુષ્ય જીવન એળે કેમ ગુમાવવું ?

એ અટપટા પ્રશ્નનો ઉકેલ બુદ્ધિમાને વિવેકપૂર્વક કરવા જેવો છે. પ્રશ્નનું સમાધાન બુદ્ધિનો સદુપયોગ કરીને કરવામાં આવે. અને જો સમાધાનનો સુંદર નિર્ણય કરવામાં ન આવે . તો નિરૂપયોગી કાર્યમાં બાલ્યકાળ, યુવાવસ્થાનો કાળ અને લગભગ વૃદ્ધાવસ્થાનો કાળ નિરર્થક જાય છે. એટલુંજ નહિ પણ અનર્થકારી રીતે એ પસાર થાય છે.

માનવ જીવનમાં નિરૂપયોગી અને ઉપયોગી કાર્યની વહેંચણ થઈ જાય અને પછી જીવન જીવાય તોજ માનવ જીવનની મોજ અને લાભ મળી શકે તેમ છે. અન્યથા નહિંજ મળે, એ નગ્ન સત્ય સદા સ્વીકારવા લાયક છે. ચક્ષુ મદયાં છતાં બરોબર ઉપયોગ કરનારા ઠોકરે ચડતા નથી, અને ઉંધું ઘાલી ચાલનારા ઠોકરે ચઢે છે અને દુઃખી થાય છે. દેખતો માણસ કાંટા ઉપર પગ મૂકે, દેખતો માણસ અગ્નિ ઉપર પગ મૂકે, દેખતો માણસ સર્પના મોઢા ઉપર પગ મૂકે; તો કહેવું પડશે શું આંધલો છે ?, અર્થાત્ ઠપકાને પાત્ર ઠરે છે. પણ આંધલો પગ મૂકે અને દેખનાર દેખે તો દયા લાવી હાથ પકડી સન્માર્ગે ચઢાવી દેવાય છે. તેવી રીતે જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી હેય=છાંડવા લાયક કાર્યો સમજાય નહિં અને છોડાય નહિં, ઉપાદેય= કાર્યો સમજાય નહિ અને સેવાય નહિં તો ઠપકાને પાત્ર બને તેમાં નવાઈ નથી. અરે એટલુંજ નહિં પણ છોડવા લાયક છોડી શકે નહિ અને આદરવા લાયક આદરી શકે નહિં પણ સમજાયજ નહિં એજ ખેદનો વિષય છે.

શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા પછી હેય-ઉપાદેયનો વિવેક અને વિવેક અનુસાર યથાશક્તિ હેય પદાર્થનો ત્યાગ અને ઉપાદેય પદાર્થનો સ્વીકાર કરવો જોઈએ. શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા પછી વર્તન બનવું જ જોઇએ એવો નિરધાર કરીએ તો વાંધો શું છે ? સમાધાનમાં સમજવું જરૂરી છે કે શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા છતાં સદ્વર્તનનું સેવન થવું જ જોઈએ એવો નિયમ નથી; કારણ કે નિયમ કરીએ તો જૈન શાસનમાં સમજ અને સદ્વર્તનને રોકનારાં જૂદાં જૂદાં કર્મો છે તે માનવામાં વાંધો આવશે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થવાવાલી જ્ઞાન=સમજ એ જૂદી ચીજ છે. તેમજ ચારિત્રાવણીયના ક્ષયોપશમથી થવાવાળી ચારિત્ર સદ્વર્તન એ જુદી ચીજ છે. પરંતુ એટલો નિયમ ચોક્કસ છે કે શ્રદ્ધાપૂર્વકની સમજવાલા ભલે સદ્વર્તનનું સેવન ન કરતા હોય છતાં સદ્વર્તન પ્રત્યે, સદ્વર્તનના સેવન પ્રત્યે, સદ્વર્તનના સબળા સાધનો અને

આગલ વધારનારાઓ પ્રત્યે બહુમાન હોય તોજ તેઓની શ્રદ્ધાપૂર્વકની સમજ ટકે છે અને વધે છે. આ રથળે હવે સમજી લેવું ઘટે છે કે અમુક માણસ સમજ્યો છે છતાં સદ્‌વર્તનમાં કેમ ઢીલો છે ? આવો સમજપૂર્વકનો સુંદર ઉપદેશ દે છે, અને સમજ ધરાવે છે છતાં કરવામાં કાયર કેમ છે ?; ભરે છે સો હાથ પણ તસુ ફાડતો નથી કેમ ? આ બધાં પ્રશ્નોને અવકાશ રહેતો નથી.

શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા પછી ૨ થી ૯ પલ્યોપમે આંશિક સદ્‌વર્તન-દેશવિરતિ શ્રાવકપણું આવે જ છે. અને શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા પછી સંખ્યાતા સાગરોપમે સુંદર સદ્‌વર્તન અર્થાત્ સર્વ-વિરતિ આવે છે, એ જૈન-શાસનનો ત્રિકાલબાધિત સિદ્ધાંત છે. પરન્તુ શ્રદ્ધાના રપર્શન સાથે સદ્‌વર્તન થવું જ જોઇએ એ નિયમ નથી. શાસનના અવિહડ-શ્રદ્ધાળુ શ્રીકૃષ્ણ અને શ્રેણિકના દૃષ્ટાન્ત આ વાતની સાક્ષી પૂરે છે. ક્રિયા-ચારિત્રરૂપ ક્રિયા અગર તપરૂપ ક્રિયા એ જ્ઞાનની દાસી છે એવું કહેનારાઓએ સમજી લેવું જરૂરી છે કે ચારિત્ર અગર તપની ક્રિયા કર્યા વગર દેશવિરતિરૂપ શ્રાવકપણું અર્થાત્ આંશિક ચારિત્ર અને સર્વવિરતી ચારિત્રરૂપ કે વધુ મોક્ષરૂપ સંપૂર્ણ ફલ પ્રાપ્ત થતું નથી. ચારિત્ર અને તપનો વિરોધ કરનારાઓને સમ્યગ્ જ્ઞાનરૂપે પ્રાપ્ત થયેલાં મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ જ્ઞાનાદિ અજ્ઞાનરૂપે બની જાય છે એટલુંજ નહિ પણ તેવા વિરોધ કરનારાઓને ત્રણે કાલમાં મનપર્યવ અને કેવલજ્ઞાન થવાનું જ નથી. ચૌદ વિદ્યાનાં પારંગતો ૪૪૦૦ ના પરિવાર સાથે આવ્યા અને શંકા રહિત થયા નહિ ત્યાં સુધી આ શાસને અજ્ઞાની ગણ્યા. શંકાનો ભેદ સમજી શ્રદ્ધા-પૂર્વકના સમજદાર થયા પછી જ્ઞાની બન્યા એટલું જ નહિ પણ શંકાનો છેદ કરી શ્રદ્ધાપૂર્વકના સમજદાર જ્ઞાની બનીને ત્યાગી બન્યા. પાંચસોના પરિવાર સાથે દીક્ષિત થયેલો અગીઆર અંગનો પાઠી જમાલી જ્ઞાની છતાં એક જ શંકાના પ્રાદુર્ભાવમાં અજ્ઞાની બન્યો. અગીયાર અંગભૂત પદાર્થોનું જ્ઞાન હોવા છતાં એક પદાર્થની અશ્રદ્ધામાં જ્ઞાની અજ્ઞાની બને છે આ સિદ્ધાન્તે જૈન શાસનની મહત્તા વધારી છે. તેથી જ શ્રદ્ધપૂર્વકની સમજમાં સમ્યગ્ જ્ઞાનની ઉત્પત્તિ છે, સમ્યગ્ જ્ઞાનનો ટકાવ છે, સમ્યગ્ જ્ઞાનની વૃદ્ધિ છે; અને સમ્યગ્ જ્ઞાનનું અંતિમ ફલ મોક્ષ છે. એટલું જ નહિ પણ સર્વજ્ઞને જીતવા આવેલા જીતાઇને પ્રવ્રજ્યા ગ્રહણ કરી ગણધરો બને છે. શંકાને નિર્મૂલ કરી સમ્યકત્વના રપર્શનમાં પૂર્વની અણસમજમાંથી સાચી સમજની પ્રાપ્તિ કરી સાચા સમજદાર બને છે. સાચી સમજના ટકાવ સાથે અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે. શ્રદ્ધપૂર્વક સમજની ઉત્પત્તિ, ટકાવ, વૃદ્ધિ અને ફલનો દર્શનીય અનુપમ દેખાવ ગણધર-ભગવંતનું પુનિત ચરિત્ર આપણને સાક્ષીરૂપ છે. સાથે સાથે શ્રીઆચારાંગ સૂત્રના પ્રથમ અંગમાં પ્રથમ શસ્ત્રપરિજ્ઞા-અધ્યયનના પ્રથમ સૂત્ર અને બીજા સૂત્રની રચના કરીને આજના કહેવાતા જ્ઞાનીઓને હિતશિખામણ આપી છે. સર્વજ્ઞ-પણાનો દાવો કરનારા અમે પણ આ જૈન શાસનનાં મૂલભૂત સિદ્ધાંતો ન સમજ્યા ત્યાં સુધી અજ્ઞાની રહ્યા. આ બીનાઓને ધ્યાનમાં લઇને જ જાણે પ્રથમ સૂત્રની રચના કરતાં ન હોય તેમ જણાવે છે "इहमेगेसिं नो सन्ना भवइ" આ સંસારમાં કોઇપણ પ્રાણીને સાચી સમજ નથી અર્થાત્ અજ્ઞાની છે-જૈન દર્શનના મૂલભૂત સિદ્ધાંતો જાણતો નથી. હું કયાંથી આવ્યો ?, હું કયાં જઇશ ?, હું જન્મ્યો ત્યારે શું લાવ્યો ? અને મરીશ ત્યારે શું લઈ જઈશ ? હું કોણ ? અને મારું વાસ્તવિક ધન શું ? આ છ પ્રશ્નના પરમાર્થને સમજ્યા વગરના સઘળા જીવોને લગભગ [૧]અજ્ઞાની જણાવે છે. અજ્ઞાનીપણાના એકરારનો આ અપૂર્વ દસ્તાવેજ છે.

વિશેષમાં ગણધર ભગવંતના ચારિત્ર તરફ નજર કરતાં અજ્ઞાની અવસ્થાને કબૂલ કરનારા તે ગણધર ભગવંતો જેમ શંકાના ઉચ્છેદન સાથે અજ્ઞાનીપણાને તિલાંજલી દઈ શ્રદ્ધાપૂર્વકની સમજની ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ અને શ્રદ્ધાપૂર્વકના ફલરૂપ પ્રવ્રજ્યા અને ગણધર પદવી પામ્યા. તેવીજ રીતે ગણધર પદવિભૂષિત થયેલા

---

૧ જુઓ, આચારાંગ સૂત્ર પ્રથમ અધ્યયન, પ્રથમ દ્વિતીય તૃતીય સૂત્રોનું વિવરણ.

ગણધર ભગવંતો પચાસ પચાસ વર્ષો સુધી સર્વજ્ઞપણાનો ફાંકો રાખનારા, મમત્વપૂર્વક માન્યતાને વલગી રહેનારા, જગત્‌ભરના વાદીઓને સર્વજ્ઞ મનાવનારા અને વાદમાં હરાવનારાઓએ પણ ભગવંત મહાવીરના સમાગમમાં પોતાની પચાસ વર્ષની માન્યતાને સર્વાંશે છોડી એ પણ આજના વર્તમાનકાલીન-ચતુર્વિધ સંઘને આ પ્રસંગ બોધપાઠરૂપે બોધ લેવા ભલામણ કરે છે.

આચાર્ય કે ઉપાધ્યાય, સાધુ કે સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાઓએ ગણધર ભગવંતના કથિત જીવનમાંથી એ શીખવું જરૂરી છે કે જે ગણધર ભગવંતો પોતાની પચાસ પચાસ વર્ષો સુધી દૃઢ કરેલી માન્યતાને મૂકવામાં લેશભર સંકોચ પામ્યા નહિં તો પછી આપણી બે પાંચ દશ વર્ષની માન્યતાને સમજવામાં અને સમજીને મૂકવામાં સંકોચ રાખવો તે ગાઢ-મિથ્યાત્વનું જબ્બરજસ્ત આવરણ છે, એ સમજવું મુશ્કેલ નથી. શ્રદ્ધાપૂર્વકની સમજ અગર શ્રદ્ધાપૂર્વકની સમજદારની નિશ્રાવગર જૈન શાસનમાં કોઇ સંસાર સમુદ્રનો પાર પામી શકતો નથી, અને પાર પામી શકશેજ નહિં એ નિર્વિવાદ સિદ્ધાંત સર્વદા સ્વીકાર્યા વગર ચાલે તેમ નથી.

## શ્રદ્ધા-સુધાંભોનિધિમાં પ્રવેશ કરનારાઓને.

પાયા વગરનું મકાન ટકી શકતું નથી, પાયાની પૂર્ણ મજબુતી વગર વાવાઝોડા અને વંટોલીઆના ઝપાટામાં સાત માળનો મહેલ પણ અલ્પ કાલમાં જમીનદોસ્ત થતો નજરે માલમ પડે છે. કાચા પાયાની કારીગરીવાળી ઇમારતોમાં રહેનારાઓને તે મકાન શાંતિ-આનંદ કે આરામ આપી શકતું નથી. મૂલીઆવાલા ઝાડો અલ્પ સમયમાં પડી જાય છે, કારણ કે જે ઝાડના સડવા માંડેલા મૂલીઆ જમીનમાં ઉંડા ગયાં હોતા નથી તે ઝાડ ઉપરથી ફલ-ફૂલ-પાંદડા-ડાલા-ડાલીઓની આશા રાખવી વ્યર્થ છે. આ બધાં પ્રસંગોમાં અનુક્રમે પાયાની પૂર્ણ મજબૂતી અને જમીનમાં મૂલીઆની ઉંડી જમાવટ વગર લાભ લેનારાઓને લાભને બદલે નુકશાનની મુંઝવણ ઉભી કરે છે. તેવી રીતે ધર્મ મહેલની અને ધર્મ વૃક્ષની સહિસલામતી શ્રદ્ધારૂપ પાયા અને મૂલીઆં ઉપર નિર્ભર છે. આજ વાતને પ્રતિપાદન કરતાં મહોપાધ્યાય—ન્યાયાચાર્ય—શ્રીમદ્ યશોવિજયજી મહારાજ શ્રી સમ્યક્‌ત્વની સડસઠ બોલની સજ્ઝાયમાં સમ્યક્‌ત્વની છ ભાવનાના સ્વરૂપને પ્રતિપાદન કરતાં પ્રથમ ભાવના અને ત્રીજી ભાવના લખતાં જણાવે છે કે—

" ભાવિજે રે સમકિત જેહથી રૂઅડું—
તે ભાવના રે ભાવો કરી મન પરવડું;—
જે સમકિત રે તાજું સાજું મૂલ રે,—
તો વ્રત તરૂ રે દીયે શિવફલ અનુકૂલ રે.—
અનુકૂલ મૂલ રસાલ સમકિત, જેહ વિણ મતિ અંધ એ.
જે કરે કિરિઆ ગર્વ ભરીયા; તેહ જૂઠો ધંધરે એ.—
પ્રથમ ભાવના ગુણે રૂડી એ: —"

* * *

ત્રીજી ભાવના રે સમકિત, પીઠ જે દૃઢ ગ્રહી,
તે મોટો રે ધર્મ-પ્રાસાદ ડગે નહિં;
પાયે ખોટે રે મોટે મંડાણે ન શોભીએ.
તેણે કારણે સમકિત શું ચિત્ત શોભીએ.

(અપૂર્ણ)

## માનવંતા ગ્રાહકોને —

અગાઉથી કરેલ સૂચના લક્ષ્યમાં રાખીને વી. પી. થયેલ અંકો છોડાવી લેવાં. ચાતુર્માસ ઉતરે પૂ. સાધુ સાધ્વીઓના વિહાર થશે માટે અંક મોકલવાની સગવડતા રહે તે સારૂ પોતાના નિશ્ચિત સરનામા લખી મોકલવા (પ્રકાશિકા-સ્થાને) મહેરબાની કરવી. હવે પછીનો અંક ચોક્કસ સરનામું આવે રવાના થશે તેની નોંધ ભેટ મેળવનારે ધ્યાનમાં રાખવી. ઉત્તરોત્તર અંકમાં આવતી અમુલ્ય-સામગ્રીના શુભ વાંચનમાં હમારા વાંચકો ઉત્સાહભેર આગર વધે તે સારૂ તેઓ યોગ્ય સહકાર આપવા ઉદાર થશે એજ. **તંત્રી.**

# શ્રીવિંશતિ-વિંશિકા-સારાંશ:

(ગતાંકથી ચાલુ)

ઉપર જણાવેલ બીજ અંકુરાદિ સંપત્તિઓ ચરમ પુદ્ગલ પરાવર્તમાંજ સંભવે છે, પરન્તુ અચરમ-પુદ્ગલ પરાવર્તોમાં સંભવતી નથી; તે માટે ગ્રન્થકાર શંકાનું ઉત્થાન કરીને યુક્તિયુક્ત સંગત સમાધાન આપે છે.

તથાભવ્યત્વ, કાલ, નિયતિ, પૂર્વકૃત-કર્મ અને પુરૂષાર્થાદિના સ્વતંત્ર સ્વભાવ તથા પરસ્પર સંબંધોનું વિવેચન વ્યસ્થિત રીતિએ કરે છે. એટલુંજ નહિ પણ કર્મ-કાલ-ઉદ્યમને પરસ્પર વિરોધ આવતો નથી તે યુક્તિ પુરસ્સર સમજાવાય છે. કર્મથી આક્ષિપ્ત કરાયેલા ભાવમાં ઉદ્યમ કેવો ભાગ ભજવે છે, કર્મ-ઉદ્યમ બન્નેથી બનવાવાળા કાર્ય ને ઉદ્યમથી થયું કેમ મનાય આવી આંટીગુંટીવાળી પ્રશ્નાવલીની ગુંચને સરળ રીતિએ શાસ્ત્રકાર ઉકેલી દે છે. જુઓ ગાથા. ૧૧. અંતમાં શાસ્ત્રમાન્ય-નિતિરિતિને વિચારતાં ઇતરેતરયોગ=પરસ્પર સંબંધથી અગર પ્રધાન ગૌણભાવે કાલાદિ પાંચ ઘટી શકે છે.

બીજની ઉત્પત્તિના પૂર્વકાળને ભવ બાળ કાળ કહે છે, અને બીજ અંકુરાદિની ઉત્પત્તિના કાળને ધર્મ-યૌવન કાળ કહે છે. બાલ્યકાળમાં કાળનું મુખ્યપણું છે, અને ધર્મ યૌવનકાળમાં આત્માના પરિણામરૂપ વિચિત્ર યોગરૂપ પુરૂષાર્થનું મુખ્યપણું છે; અર્થાત્ વ્યાધિના વિકાળ ઉદયકાળ સરખો ભવ બાલ્યકાળ છે, અને વ્યાધિનો ચિકિત્સાકાલ સરખો ધર્મ યૌવનકાળ છે. બાલ્યકાળમાં બાળકને ધૂલિના ગ્રહ વિગેરેની ક્રીડા અતિરમણીકપણે શ્રેષ્ઠ ભાસે છે તેવી રીતે ભવ બાળકને સંસારના પરિભ્રમણરૂપ-વ્યાધિના જોરે અસત્ ક્રિયાઓ શ્રેષ્ઠ ભાસે છે. પરંતુ તે બાળક જ્યારે યૌવનવસ્થાએ પહોંચે છે ત્યારે ભોગ રાગમાં રંગાય છે. ભોગમાં પુરેપુરો ભોગી બન્યા પછી ધૂળના ઘરની રમત રમવી લેશભર પસંદ પડતી નથી, તેવીજ રીતે ધર્મ યૌવનકાળમાં આવેલ ધર્મી જીવોને ધર્મ રાગનો રંગ વધ્યા પછી આ સંસાર સંબંધની અસત ક્રિયાઓમાં રસ પડતોજ નથી.

આ વિંશિકાના અંતમાં ગ્રન્થકાર જણાવે છે કે બીજ અંકુર આદિના ક્રમ વડે ભવ્ય જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. અને અનુક્રમે તે ધર્મ ચન્દનના ગન્ધની જેમ વિશેષે વિશેષે લાભદાયિ થાય છે. આ બધું વિવેચન ગાથા-૧૬ થી ૨૦ ગાથા સુધીમાં થાય છે. અર્થિઓએ વિંશિકા રહસ્યનું વિવેચન વધુ મનન કરવું.

## ૬. સદ્ધર્મ-વિંશિકા.

ધર્મ યૌવનકાળમાં સત્પ્રવૃત્તિના સેવનમાં રંગાયેલો જીવ ચરમ-ઉત્કૃષ્ટ-સ્થિતિ એટલે અંતઃ કોટા કોટિમાંથી કાંઇક ન્યૂન તે ઉપરાંતની સ્થીતિનો ક્ષય કરે છે. તે અવસરે આત્માના અપૂર્વ-વીર્યોલ્લાસ રૂપ અપૂર્વકરણથી સાધ્ય એવું જે સમ્યકત્વ તે (આત્માના શુભ પરિણામ રૂપ) પ્રાપ્ત કરે છે.

આઠે કર્મો, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ છતાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો જીવ સમ્યકત્વ કેમ પામતો

નથી ?, યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણોની મર્યાદા અને વ્યવસ્થા, અને સમ્યક્ત્વ પામ્યા પછી સંસાર પરિભ્રમણનો નિર્ણય આ બધું ગાથા ૨ થી ૯ સુધી અનુક્રમે જણાવાય છે. આજ વિંશિકાની ૧૦ મી ગાથાથી ૧૪ ગાથા સુધી શમ-સંવેગ—નિર્વેદ—અનુકંપા અને આસ્તિકયતાનું સ્વરૂપ જણાવાય છે.

આ પાંચે લક્ષણો સમ્યક્ત્વના છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ-ક્રમ પ્રમાણે વિચારતાં આસ્તિકયતા-અનુકંપા-નિર્વેદ-સંવેગ શમ આવવો જોઇએ. છતાં પાંચમા શમનું પ્રાધાન્યપણું છે અને તેથીજ પ્રાધાન્ય ક્રમે પાંચેને મુકવામાં આવ્યા છે. આ જીવને પ્રાપ્તિક્રમ-લાભક્રમ પશ્ચાનુપૂર્વિએ છે અને પ્રાધાન્યક્રમથી ગ્રન્થમાં શમાદિનો ઉપન્યાસક્રમ જાણવા લાયક છે. જુઓ-**पच्छाणुपुव्विओ०** ઇત્યાદિ ગાથા ૧૮.

પ્રથમ મુદ્રિત પ્રતિમાં ૧૨-૧૩ ગાથા છે તે હસ્તલિખિત પ્રતિમાં વ્યત્યયપણે નજરે પડે છે. અને હોવું જોઇએ પણ એમ કારણ કે સંવેગ પછી નિર્વેદ અને પછી અનુકંપા આવવી જોઇએ. તેથી મુદ્રિત પ્રતમાં ૧૨મી ગાથાને ૧૩મી ગાથા તરીકે સમજવી, અને ૧૩ મી ગાથા ૧૨ મી સમજવી; કે જેથી કરીને નિર્વેદ પછી અનુકંપા આવે એ ક્રમ સચવાઇ જશે.

શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકયતાના સ્વરૂપને ગાથામાં પ્રતિપાદન કર્યા છે, તેજ ગાથાઓને પૂર્વાચાર્યોએ પોતાના ગ્રંથમાં સાક્ષિરૂપે અપનાવી છે. તેવીજ રીતે ગ્રન્થકારે પોતાની પૂર્વે થયેલ પૂજ્યપાદ શ્રીજીતભદ્રગણિ ક્ષમાશ્રમણ અને શાસન-પ્રભાવક-શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજીના વચનો અને પરમાર્થને સાક્ષિરૂપે આજ વિંશિકાની ગાથામાં ગુમ્ફિત કર્યા છે. જુઓ-**'जा गंठि ता पढमं सम-इच्छओ०'** ઇત્યાદિ ગાથા ૮. **'मन्नइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पण्णत्तं'** ઇત્યાદિ ગાથા ૧૪.

આ વિંશિકાને સમ્યક્ત્વ વિંશિકા કહે છે. જ્યારે પાંચ લક્ષણયુક્ત સમ્યક્ત્વરૂપ ધર્મ જીવ ધારણ કરે છે ત્યારે ભાવ ધર્મની વિદ્યમાનતામાં નિયમા કરીને દાનાદિ ક્રિયાઓ શુદ્ધ-શુદ્ધતર થવાવાળી થાય છે, અને અંતમાં તે ધર્મ મોક્ષ ફળને દેવાવાળો આવે છે. આ રીતિએ ગાથા ૧૯-૨૦ માં ઉપરનાં ભાવને અનુસરતું કથન કરીને વિંશિકા સમાપ્ત કરે છે.

## ૭. દાન-વિંશિકા.

પ્રાપ્ત થયેલ સામગ્રીદ્વારાએ અંશે અંશે લાભનો અર્થી જીવ મમત્વભાવના ત્યાગનો અભ્યાસી બને છે ત્યારે ગલીકુંચી જેવા ધર્મમાર્ગને પોતે રાજમાર્ગ જેવો બનાવી શકે છે. તેથી છઠ્ઠી વિંશિકામાં સમ્યક્ત્વ-ધર્મથી સુશોભિત થયેલા જીવે દાન-ધર્મનું સેવન કરવું જોઇએ. અને એ હેતુથી આ વિંશિકાની શરૂઆતમાં દાનના ત્રણ પ્રકાર ૧ જ્ઞાનદાન, ૨ અભયદાન અને ૩ ધર્મોપગ્રહ દાન જણાવે છે. આ ત્રણ પ્રકારનાં દાનના પ્રસંગને પણ કલિકાળ-સર્વજ્ઞ-ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ શ્રી ત્રિષષ્ઠીય-શલાકા-પુરૂષ-ચરિત્રના પ્રથમ-પર્વમાં વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરેલો છે. ગાથા ૧.

જ્ઞાનનો દાતા, જ્ઞાનનો અર્થી ગ્રાહક, ગ્રાહકની યોગ્યતા, વિનીત ગ્રાહક અને અવિનીત ગ્રાહકની ઓળખાણ પૂર્વક જ્ઞાનદાનને યથાસ્થિત રીતિએ ગાથા ૨ થી ગાથા ૫ સુધીમાં જણાવાય છે. અભયદાન, અભયદાનનું સ્વરૂપ, સર્વ જીવોને વિષે સર્વથા રીતિએ સમ્યક્ પ્રકારે અભયદાન

કરવામાં લાભ, અને દાન કરીને વધુ સમરંભ સમારંભ આરંભમાં પ્રવર્તવાવાળા મૂઢાત્મા દાન ધર્મના રહસ્યને પામી શકયા નથી, અર્થાત્ ધનવાન્ છતાં પણ ભાવદરિદ્ર-શિરોમણી છે. જુઓ ગાથા ૬-૭-૮.

આ લોકમાં અને પરલોકમાં કદાપિ કાળે જેનાથી ભયજ થાય નહિ તેવા અભયદાનને દેનારા દાતાએ કરવું યોગ્ય છે. અભયદાનનું દેશ થકી દીધેલું દાન, જ્ઞાન દાન અને અભયદાનથી પરિણામે થતું ફળ અને અભયદાનના ઉપસંહારમાં અભયદાનના અવિહડ—રંગથી રંગાયેલો આત્મા અભયદાનેશ્વરીઓમાં શ્રેષ્ઠ શિરોમણિ કેવળી તુલ્ય દાતા બને છે. જુઓ ગાથા ૯ થી ૧૩.

જ્ઞાનદાન અને અભયદાનના સ્વરૂપને કથન કર્યા પછી ચૌદમી ગાથામાં ધર્મોપગ્રહ-દાનનું સ્વરૂપ જણાવે છે. ભોજનકાળે નિરોગીને જેમ પથ્ય ભોજન હિતકારી છે તેવી રીતે સંયમ ધર્મને પોષક એવા અસણાદિનું દાન પણ ઉત્તમ જાણવું.

ધર્મોપગ્રહ દાનનો દાતા, દાતાની યોગ્યતા, દાતામાં યથાયોગ્ય ગુણોનો આવિર્ભાવ, અન્યને ઉપઘાત કરવાનો નિષેધ, વડીલોની ભક્તિ, અને ન્યાયોપાર્જિત (ઉત્પન્ન થયેલ) દ્રવ્યોનું યથાસ્થિત સ્વરૂપ. ગાથા ૧૪ થી ૧૬ સુધી જણાવાય છે.

અનુકંપાને યોગ્ય જીવોમાં અપાતું દાન કરૂણા પ્રધાન છે, અનુકંપા દાનને ધર્મોપગ્રહ દાન સાથે સંબંધ છે. પૂ. તીર્થંકરોએ ગૃહસ્થપણામાં દીધેલું સાંવત્સરિક દાન અને સાધુપણામાં આપેલું દાન પણ પ્રશંસનીય છે. આ રીતિએ દાનધર્મનું આદિપણું વ્યવસ્થિત કરીને ભવ્યાત્માને અનુકંપાયુક્ત પ્રવૃત્તિ—કરવાથી શેષ ગુણની સિદ્ધિ થાય છે. આ પ્રસંગનું સ્પષ્ટિકરણ ગાથા ૧૭ થી ૨૦ સુધીમાં ગ્રન્થકાર કરે છે.

## ૮. પૂજા-વિંશિકા.

સપ્તમીદાન વિંશિકાની અઢારમી ગાથામાં ત્રૈલોકયનાથ ભગવંત તીર્થંકરોએ ગૃહસ્થપણામાં દીધેલું દાન અને સાધુપણામાં કરેલી દાન પ્રવૃત્તિને શાસ્ત્રકારે પ્રશંસેલી છે તે આપણે વિચારી ગયા. તે તારક ભગવન્તોનાં ચરણે સર્વ સમર્પણ કરી કૃતાર્થ થવા માટે દાન વિંશિકા પછી પૂજા વિંશિકાનું ગ્રન્થકાર ગુંથન કરે છે. પૂજ્ય ભગવંતોની પૂજા કરવાથી પૂજકોના પુનીત હૃદયોમાં પરિણામે પ્રકૃષ્ટ-ભાવ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલ પૂજકનો પ્રકૃષ્ટભાવ પૂજ્યતામાં પરિણમે છે, અર્થાત્ પૂજક-પૂજ્ય બની સર્વાર્થની સિદ્ધિ કરે છે; તે આ વિંશિકામાં ક્રમશઃ કથન કરાય છે.

દેવાધિદેવની પૂજા બે પ્રકારે દ્રવ્ય ભાવથી જાણવાલાયક છે આ બંન્ને પૂજા પરસ્પર સંબંધ ધરાવનાર છે. દ્રવ્યયુક્ત ભાવ કે ભાવયુક્ત દ્રવ્ય અર્થાત્ દ્રવ્ય વગર ભાવપૂજા અગર ભાવ વગરની દ્રવ્યપૂજા રહી શકતી નથી. તે બંન્ને પૂજાને તત્ત્વથી પ્રધાન-ગૌણભાવે જણાવેલી છે. જુઓ-ગાથા-પહેલી.

પંચાશક-ષોડશક અને અષ્ટક ગ્રન્થોમાં ગ્રન્થકારે પૂજાના અધિકારને પ્રતિપાદન કર્યો છે. તેજ અધિકારોને અત્રે જણાવ્યો હશે ?, અગર એકની એક વાતનું પિષ્ટ-પેષણ કર્યું હશે ?; આવી આવી કલ્પનાઓને અવકાશજ ન રહે તે રીતિએ આ વિંશિકામાં પૂજાના અધિકારને પ્રતિપાદન કરેલો છે.

પ્રથમ પૂજા પણ ગૃહસ્થોને ત્રણ પ્રકારે વર્ણવેલી છે. ત્રણ પ્રકારમાં કાયા-વચન અને મનની વિશુદ્ધિથી થતી પૂજા જણાવેલી છે. અથવા પૂજા નિમિત્તે એકઠાં કરાતાં દ્રવ્યો= ઉપકરણોના ભેદ વડે પણ ત્રણ પ્રકાર પડે છે ત્રણે પ્રકારમાં પ્રથમ પૂજા સમંતભદ્રા, બીજી સર્વ-મંગલ નામની, અને ત્રીજી શ્રેષ્ઠ-તત્ત્વગતા નામની પૂજા છે. આ ત્રણે પૂજાઓ પોતાના નામ પ્રમાણે સાર્થક રીતિએ પ્રવર્તે છે. અને તે ત્રણ પૂજાઓના યથાસ્થિત સ્વરૂપ, તે પૂજાઓ અનુક્રમે પ્રાપ્ત કરનારા જીવો, અને જીવોને પૂજા દ્વારાએ થતાં ફળનું દિગ્દર્શન ક્રમશઃ કરાવાય છે. અને તેથીજ ધર્મમાં એકસરખું મન લાગેલું હોય એવી સંલગ્ન-મનની પરિણતીવાળું થતું અનુષ્ઠાન અતિ સમ્યક્ છે એમ શાસ્ત્રકારો કહે છે. કારણ કે તેવા આત્માઓ અપકારીઓને પણ ઇચ્છિત અર્થ સાધી આપવાવાળા સમર્થ બને છે. આ સર્વ પ્રસંગને ગાથા ૨ થી ગાથા ૧૦ સુધીમાં ગ્રન્થકાર સ્પષ્ટરીતીએ પ્રતિપાદન કરે છે.

પૂજાના પ્રકારો પાંચ-આઠ અને સર્વોપચાર છે તે જણાવે છે. વ્યક્તિ=એક તીર્થંકરની, ક્ષેત્ર-પ્રતિષ્ઠા=૨૪ તીર્થંકરની, અને મહા-પ્રતિષ્ઠામાં સર્વ ક્ષેત્રના તીર્થંકરોની યોગ્ય રીતિએ વિનય બહુમાનપૂર્વક પૂજા કરવાનું જણાવે છે. ગાથા ૧૧.

શુદ્ધ દ્રવ્ય ભાવથી શોધવા લાયક છે, અને પોતાની કરાવેલી પ્રતિષ્ઠા અગર વડીલ ગુરૂવર્યોએ કરાવેલી સ્થાપના, અથવા વિશિષ્ટ-વિધિ વિધાનથી કરાવેલ અંજન-શલાકા-પ્રતિષ્ઠા લાભદાયી છે તે સંબંધમાં ઉઠતી શંકાઓનું સુસંગત સમાધાન પ્રતિપાદન કરાય છે. ગાથા ૧૨-૧૩.

મન સ્થાપનાથી સ્થાપિત થયેલ સ્થાપનાની પૂજા પણ પ્રશસ્ત છે. ઉપયોગપૂર્વક ઉપચારના કારણો મેળવીને કરેલી પૂજા પણ ઇષ્ટ ફલવાળી છે. આ રીતિએ પૂજકોને પૂજા સંબંધના સંકલ્પ વિકલ્પ દૂર થાય તે રીતે પ્રતિપાદન કરીને પૂજા એ પાપનો નાશ કરનાર છે, ભવાન્તરમાં ગૌરવશાળી ભોગ, ભોગના-સાધનોને પ્રાપ્ત કરી અંતમાં ત્યાગી બની નિર્વાણપદ સિદ્ધિ કરનાર છે. જેવી રીતે મહા સમુદ્રમાં નાંખેલું પાણીનું એક બિન્દુ પણ જેમ અક્ષય-ભાવને પામે છે તેવી રીતે ત્રૈલોક્યનાથ-ભગવન્ત-જીનેશ્વરોની પૂજા પણ અંતે અક્ષય ભાવને પામે છે. કારણ કે રસથી વિંધાયેલું ત્રાંબુ જે સોનું થઇ ગયું તે ફરી કોઇ કાલે પણ ત્રાંબુ= ત્રાંબાપણાના ભાવને પામતું જ નથી. તેજ કારણથી બુદ્ધિશાળીઓએ સર્વ આદરથી જીનેશ્વરની પૂજા કરવી તે સંસાર સમુદ્રમાંથી પાર ઉતારવા માટે પૂજા એ નાવા સમાન છે. આ રીતિએ દ્રવ્ય પૂજાનો ઉપદેશ આપીને ભાવ પૂજાને યોગ્ય યતિવર્યો છે એ અંતિમ ગાથામાં જણાવે છે. જુઓ ગાથા ૧૪ થી ગાથા ૨૦ સુધી.

## ૯. શ્રાવક-ધર્મ-વિંશિકા.

શરૂઆતમાં શ્રાવકનું સામાન્ય=સ્વરૂપ બતાવતાં ધર્મોપગ્રહદાનાદિ યુક્ત અને જીનેશ્વર ભગવન્તના વચન શ્રવણ કરવામાં પ્રીતિવાલો હોય તે શ્રાવક કહેવાય છે. ગાથા ૧.

વિશેષતઃ-સર્વજ્ઞ કથિત માર્ગને અનુસરનારો, શ્રદ્ધાળુ, ગુરૂવર્યોએ કથન કરેલ ભાવને અનુસરનારો, ક્રિયામાં તત્પર, ગુણાનુરાગી મંદ

આરંભવાન એવો દેશવિરતિ બાર પ્રકારના વ્રતો પૈકી પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતના પાલનમાં ઉજમાળ હોય છે. આ શ્રાવક-ધર્મ શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે અને કુશળ પરિણામરૂપ આંતરિક પરિણતિથી જાણવા લાયક છે. ગાથા ૨ થી ૪ સુધી.

સદ્ધર્મ-વિંશિકા નામની છઠ્ઠી વિંશિકામાં સમ્યક્ત્વનું સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે. તે સમ્યક્ત્વ વખતે બાકી રહેલ કર્મોમાંથી ૨ થી ૯ પલ્યોપમની સ્થીતિ વ્યતીત થયે છતે તે જીવને જરૂર શ્રાવક-ધર્મ વિધિપૂર્વક પ્રાપ્ત થાય છે. ગુરૂવર્યો પાસે શ્રુત ધર્મની પ્રાપ્તિ, વૈરાગ્યની વૃદ્ધિ, ઇત્વર-યાવત્કથિક વ્રત ગ્રહણ, વ્રત-પાલન અને નિરતિચાર સેવન ક્રમશઃ થાય છે. કર્મના ઉદયથી પરિણામની એવી વિચિત્રતાઓ છે કે દેશ વિરતિ ધર્મ સમાચારી એટલે પરંપરાએ ગ્રહણ કરવાથી થઇ જાય એમ પણ નથી, તેમજ પ્રાપ્ત કર્યા પછી પરિણામ થાય છે છતાં પણ નાશ પામે છે એવા વિચિત્ર સંયોગો છે. માટે તીર્થંકર ભગવન્તોની ભક્તિ, સુસાધુઓની પર્યુપાસના અને પ્રાપ્ત કરેલાં વ્રત-નિયમથી આગળ આગળની પરિણતિમાં શ્રદ્ધાપૂર્વક વધવા માટે પ્રયત્નશીલ થવાની ભલામણ કરે છે. જુઓ ગાથા ૫ થી ગાથા ૮ સુધી.

વિરતિના પરિણામ ન થયા હોય તેવાને થાય, થયેલાઓને દૃઢતા આવે તે સારૂ લીધેલા વ્રત નિયમનું સ્મરણ કરવું, અધિક ગુણવાન્ વ્રતધારિયો પ્રત્યે વિનય બહુમાન સેવન કરવું, વ્રત નિયમ ભાંગવા કટિબદ્ધ થયેલ પ્રતિપક્ષિરૂપ વિષય કષાયાદિની દુગંછા, પોતાની પરિણતિનું આલોચન કરવું કે જેથી કરીને આત્મા ઉત્તરોત્તર-વ્રત-નિયમની શ્રેણીએ વૃદ્ધિ પામતો માર્ગમાં આગળ વધે છે. અર્થાત્ બુદ્ધિમાને જેમ બને તેમ અપ્રમાદીપણું આવે તેમ કરવું એજ હિતાવહ છે. જુઓ ગાથા ૯-૧૦.

જે પ્રદેશમાં શ્રદ્ધાળુ શ્રાવકોનો સમુદાય હોય, જ્યાં સાધુ ભગવન્તોનું આવાગમન થતું હોય, જ્યાં જીનેશ્વર ભગવન્તનું મંદિર હોય, તેવા સ્થળમાં શ્રાવકોએ વસવું જોઇએ. આવાં સ્થાનમાં રહેવાથી દાનાદિ ચારે ધર્મનું સેવન વૃદ્ધિ, રત્નત્રયીની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. અને આવાં સ્થાનમાં રહેનાર શ્રાવકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં જાગવું, લીધેલાં વ્રતોનું સ્મરણ કરવું, દ્રવ્યક્ષેત્ર કાલાદિની ચિન્તવના, જીનેશ્વરનાં દર્શન-વંદન, ગુરૂવંદન, પચ્ચખાણ, યતિવર્યોને જ્ઞાન-સંયમાદિની સુખ શાતા પુછવી, અવિરૂદ્ધ વ્યવહાર, કાલે વિધિપૂર્વક ભોજન, આગમ શ્રવણાદિ; સવારથી સાંજ સુધીમાં અને અંતે શયન કરવાના અવસરના સર્વ ઉચિત વિધિનું ક્રમશઃ પ્રતિપાદન કરેલ છે. જુઓ ગાથા ૧૧ થી ગાથા ૧૫ સુધી.

અબ્રહ્મની વિરતિ, સ્ત્રી પરિભોગના કારણભૂત મોહની દુગંછન-નિન્દન, સ્ત્રીના શરીર રૂપ કલેવર લોહી માંસ-હાડકાંથી ભરપુર છે તેનું નિરંતર ચિન્તવન કરવું, અને અબ્રહ્મ સેવનથી વિરામ પામેલાઓ જ ધન્ય છે, વંદનીય છે ઇત્યાદિ સ્તવનાપૂર્વક તેઓ પ્રત્યે બહુમાન ધારણ કરવું. નિદ્રાનો ત્યાગ થયા પછી શ્રાવકે કર્મ-આત્માના વિચિત્ર પરિણામ રૂપ સૂક્ષ્મ પદાર્થોને વિષે ચિત્તને સ્થાપન કરવું, સંસારની વાસ્તવિક-સ્થિતિનું પર્યાલોચન કરવું; અને આત્મા વિષય-વિકાર-કષાયથી કલુષિત થાય તેવો કલહ-કૃષિ—આદિથી નિવર્તવા માટે ચિત્તને ઉપશમ ભાવવાળો બનાવવાને ઉદ્યમવંત

થવું, ગયેલું આયુષ્ય ફરી પ્રાપ્ત થતું નથી, જવા બેઠેલું આયુષ્ય રોકાતું નથી, રહેલા આયુષ્યમાં એક ક્ષણનો વૃદ્ધિ થતી નથી, રહેલું આયુષ્ય સંપૂર્ણ તથા નિયમિત ભોગવાય એવો નિયમ નથી, એટલુંજ નહિ પણ આયુષ્ય વધવાનો એક પણ સંયોગ નથી અને તૂટવાના અનેક વિધ સંયોગો ધ્યાનમાં લઇ આયુષ્યનો થતો નાશ, પાપમય આચારમાં રહેલાઓને ભાવિમાં દુર્ગતિ નરકના વિપાકો, વિચારીને ક્ષણ લાભને માટે મોટું નુકશાન ખમવું ન જોઇએ. અથવા મોહરૂપી મહા અંધકારમાં ક્ષણ લાભરૂપ દીપજ્ઞાનની જેમ વિવિધ ધર્મ ગુણોની પ્રાપ્તિમાં ઉદ્યમ કરવો જરૂરી છે. જુઓ ગાથા. ૧૬-૧૭-૧૮ સુધી.

કુશળ-અનુષ્ઠાનથી ખસેડનાર અર્થ-કામના અનેક વિધ સાધનો બાધક દોષરૂપ છે, તે બાધકના વિપક્ષભૂત સાધનોમાં અર્થાત્ ધર્મ-મોક્ષ પ્રાપ્તિના અદ્વિતીય સાધનોમાં ચિત્તને સ્થાપન કરવાનું કાર્ય ઉદ્યતવિહારી ધર્માચાર્યો કરે છે. તેઓ તરફથી પ્રાપ્ત થતો ઉપદેશ તે ભવ્યાત્માઓ માટે સર્વોત્તમ સંવેગપૂર્વક રસાયણ રૂપ છે. પ્રાતઃકાળાદિની પુનીત વિધિને અર્થાત્ પ્રાતઃ-મધ્યાન્હ-સાયાહ્ન અને રાત્રિની સર્વ વિધિને નિરંતર સેવન કરનારો શ્રાવક પ્રતિમાઓને આરાધીને અનુક્રમે ચારિત્રના પરિણામને પામે છે.

## ૧૦. શ્રાવક-પ્રતિમા-વિંશિકા.

શ્રાવક—ધર્મને અનુસરતી આરાધનામાં ઉત્તીર્ણ થયેલ શ્રાવક આ વિંશિકામાં કહેવાતી અગીયાર પ્રતિમાઓના વારંવાર સેવનથી આત્મા વ્રત નિયમોમાં અતિ અત્યંત દ્રઢતા કેળવે છે. તે પ્રતિમાઓના નામ અનુક્રમે આ પ્રમાણે છે. દર્શન, વ્રત, સામાયિક, પોષધ, કાયોત્સર્ગ, અબ્રહ્મત્યાગ, સચિત્ત-ત્યાગ, આરંભ ત્યાગ, પ્રેષણ-ત્યાગ, સ્વનિમિત્તે કરેલ આહારાદિ ત્યાગ અને શ્રમણભૂત અગીઆરમી પ્રતિમા છે. ગાથા ૧.

ગુણ । સ્થાનરૂપ, અને વિશેષે કરીને ઉત્તરોત્તર ગુણથી ભેદ પામવાવાળી બાહ્ય અનુષ્ઠાનથી અને ચિહ્નોથી એ અગીયાર પ્રતિમાઓ= અર્થાત્ પુનીત પ્રતિજ્ઞાઓ જાણવા લાયક છે. ગાથા ૨.

જે કારણથી શ્રવણ કરવાની ઇચ્છાદિદ્વારાએ સમ્યગ્દર્શન પ્રમુખનું કાર્ય સૂચન થાય છે. તેવી રીતે કાયાની ક્રિયાદિ દ્વારાએ સામાન્યતઃ આ પ્રતિમા ઓળખી શકાય છે. શ્રુતિરાગ, ધર્મરાગ, ગુરૂ અને દેવાધિદેવનું અસ્ખલિત વૈયાવચ્ચ અર્થાત્ જેવી રીતે સમાધિ થાય તેવી રીતે વૈયાવચ્ચ કરવાથી પ્રથમ દર્શન પ્રતિમા કહેવાય છે. ગાથા ૩-૪.

પાંચ અણુવ્રતને ધારણ કરવાવાળો, અતિચાર રહિતપણે વ્રતોને વિષે રાગવાળો, અને અતિચાર રહિત વીતરાગના વચનોની સેવના રૂપ આ બીજી વ્રત પ્રતિમા શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે. ગાથા ૫.

આત્મ વીર્યોલ્લાસથી શુદ્ધ ચાંદીના તેજ સરખું વિધિ પૂર્વક સમ્યક્ રીતીએ અનેક વખત સામાયક કરવું તે સામાયક પ્રતિમા છે, પાંચ પર્વોને વિષે પોષધમાં નિયત કરેલ ક્રિયાઓને વિશુદ્ધપણે કરવા પૂર્વક પોષધ પ્રતિમાનું પાલન થાય છે, કે જે પ્રતિમા યતિભાવને સાધવામાં પવિત્ર પરિણામવાળી અર્થાત્ નિરવદ્ય પરિણામવાળી આ પોષધ પ્રતિમા છે. ગાથા ૬-૭.

ચોથી પડિમા એટલે પ્રતિમા અર્થાત્ કાયોત્સર્ગ પ્રતિમા છે. આ પ્રતિમા ધારણ કરનારને પાંચ માસની મર્યાદાએ કાઉસગ્ગમાં રહેવાનું હોય છે. સ્નાનાદિ ક્રિયાએ કરીને રહિત પર્વોને વિષે રાત્રિ-પ્રમાણ કાયોત્સર્ગ-ધ્યાનાદિમાં રહેવાનો નિયમ આ પ્રતિમામાં છે. ગાથા ૮.

સ્નાનાદિક ક્રિયાને વર્જનારો, પ્રકાશમાં જમનારો અર્થાત્ રાત્રિ ભોજનનો ત્યાગી, કચ્છ નહિં બાંધવો અર્થાત્ પહેરવાના ધોતરની કાછડીને છુટી રાખનારો, દિવસના સર્વથા બ્રહ્મચર્ય પાળનારો તથા રાત્રિના બ્રહ્મચર્ય-પાલન કરવાના પરિણામવાળો, કષાય-રાગાદિના પ્રતિપક્ષ ક્ષમા-માર્દવાદિ ગુણ યુક્ત, પંચ-મંગળ-મહાશ્રુત-સ્કંધ-નવકાર મંત્રાદિ જાપનું સ્મરણ કરનારો, શાસ્ત્ર વિહિત ક્રિયા કરવામાં અપ્રમાદિ-આત્મા અબ્રહ્મને વર્જવાવાળો અને વિશેષે કરીને રાત્રિએ પણ બ્રહ્મચર્યનું સેવન કરનારો છ માસની મર્યાદાવાળી અબ્રહ્મવર્જન પ્રતિમાનું પાલન કરે છે. એવી રીતે યાવજ્જીવને માટે અબ્રહ્મની વર્જના કરવા પૂર્વકના પણ જે પરિણામ થાય અને તે પરિણામને અનુસરતી પ્રવૃત્તિરૂપ શ્રાવક ધર્મ પણઅનેક પ્રકારનો જણાવ્યો છે. જુઓ ગાથા ૯-૧૦ ૧૧.

આ રીતિએ અબ્રહ્મના વર્જનમાં વિશેષ તત્પર થયેલો શ્રાવક સાતમી સચિત્ત વર્જન નામની પ્રતિમાનું પાલન સાત માસ પર્યંત કરે છે. આ પ્રતિમામાં સચિત્તનું પરિવર્જન અને પ્રાસુક અર્થાત અચિત્ત પદાર્થોનો પરિભોગ જરૂરી પડતો કરવાનો હોય છે. જેવી રીતે અબ્રહ્મના પરિવર્જનની પ્રતિમાના સેવનથી યાવજ્જીવનું અબ્રહ્મ સેવનનો ત્યાગી બને છે તેવી રીતે સચિત્ત પરિવર્જનનો અભ્યાસી ક્રમશઃ યાવજ્જીવનો સચિત્ત પરિહાર કરે છે અર્થાત્ સચિત્ત પરિહારની પરિણતિવાળો અને પ્રવૃત્તિવાળો થાય છે. ગાથા ૧૨-૧૩.

એવી રીતે નિશ્ચે કરીને સાવદ્યના ત્યાગપૂર્વક પોતે આરંભના ત્યાગનું પાલન આઠ માસ સુધી કરે અર્થાત્ પોતે આરંભ કરે નહિ પરંતુ બીજા પાસે પણ ઉપયોગપૂર્વક આરંભ કરાવવામાં કાળજી રાખે. તેજ પ્રમાણે પ્રેષણ નામની નવમી પ્રતિમામાં પોતે આરંભનો ત્યાગ કરે અને બીજાને મોકલીને અર્થાત્ બીજા પાસે આરંભ નહિ કરવાનો અભિગ્રહ= નિયમ નવ માસ સુધીનો પાલન કરે છે. આ પ્રતિમાની પૂર્વે કથન કરેલી પ્રતિમાઓની સર્વ ક્રિયાના પાલનપૂર્વક આ પ્રતિમામાં ઉપરના નિયમનું પાલન કરે છે.

પોતાના નિમિત્તે કરેલ આહારના વર્જનરૂપ અને સ્વાધ્યાય ધ્યાનાદિ પ્રધાન-યોગના સેવનરૂપ આ દશમી પ્રતિમાનું દશ મહિના સુધી સેવન કરવાનું હોય છે. અને છેલ્લી અગીઆરમી પ્રતિમા સાધુપણાનું આચરણ કરવારૂપ છે. તે પ્રતિમા અગીઆર માસ પર્યંતની છે, અને આ અંતિમ શ્રમણભૂત પ્રતિમાને વિકલતા-રહિતપણે સેવન કરવામાં ઉજમાળ રહે. જુઓ ગાથા ૧૪-૧૫-૧૬-૧૭.

ઉપર જણાવેલી અગીઆર પ્રતિમાઓનું સેવન કરીને કોઇ ભવ્યાત્મા પુનીત પ્રવ્રજ્યાને અંગીકાર કરે છે, અગર તો ગૃહસ્થાશ્રમમાં રહે છે. તે તે ભાવની=તે તે પરિણામની વિચિત્રતાએ કરીને નિશ્ચે વિશુદ્ધિવાળો દીક્ષિત થાય છે, અને સંક્લેશતાને અનુસરવાવાળો ગૃહસ્થપણામાં રહે છે; અને તેમજ અન્યપ્રકાર-

જણાવે છે કે **आसेविऊण एयं कोई पव्वयइ तह गिही होई** । ઇત્યાદિ.

શ્રાવક ધર્મને પામ્યા પછી ઉત્તરોત્તર અસંખ્યાત કર્મની સ્થિતિનો ક્ષયોપશમ થયો હોય અર્થાત્ અસંખ્યાત કર્મોથી રહિત થયા પછીજ જીવોને વિશુદ્ધિ પરિણામવાળી વિશુદ્ધિને કરવાવાળી આ પ્રશસ્ત પ્રતિમાઓ=અભિગ્રહવિશેષો થાય છે. આ દશમી પ્રતિમા-વિંશિકાના ઉપસંહારમાં જણાવે છે કે આ પ્રતિમાઓને સેવન કરનારા નિયમા ભાવથી દેશવિરતિપણું અર્થાત ભાવ-શ્રાવકપણું પામેલા અને આગળ વધીને સર્વ-વિરતિને સ્વીકારવાળા થાય છે.

## ૧૧. યતિધર્મ વિંશિકા.

ચરમાવર્તમાં આવેલો ભવ્યાત્મા અનુક્રમે ધર્મના બીજને, સમ્યક્ત્વ ધર્મને, જ્ઞાનધર્મને, પૂજ્ય ભગવંતોની પૂજાને, શ્રાવક ધર્મને અર્થાત્ બારે ભાંગાવાળી દેશવિરતિના દેશતઃ વ્રત-નિયમને, અને શ્રાવક-ધર્મની કસોટીરૂપ પ્રતિમાઓનું પાલન અને એ પાલનમાં પરિપૂર્ણ ઉત્તીર્ણ થયેલ યતિધર્મનું સેવન કરવા ભાગ્યશાળી બને છે. અને તેથીજ આ વિંશિકામાં યતિધર્મનું સંક્ષેપથી સૂચન કરાય છે.

ક્ષાન્તિ-માર્દવ આદિ દશ પ્રકારનો યતિધર્મ છે, તે દશવિધ ધર્મમાં ક્ષાન્તિના પાંચ પ્રકાર જણાવે છે. ૧ ઉપકાર ક્ષમા, ૨ અપકાર ક્ષમા, ૩ વિપાક ક્ષમા, ૪ વચન ક્ષમા અને ૫ ધર્મ ક્ષમા. અનુક્રમે પ્રથમની ત્રણ ક્ષમા લૌકિક અને ચોથી તથા પાંચમી ક્ષમા લોકોત્તર માર્ગમાં યતિઓને સાપેક્ષપણે હોય છે એવી પ્રસિદ્ધી છે.

બાર પ્રકારના કષાયનો ક્ષય કે ઉપશમ થવાના યોગથી જે યતિધર્મ થાય છે, તે યતિ-ધર્મમાં યતિઓને છેલ્લી બે ક્ષમાઓ હોય છે. જુઓ ગાથા ૧-૨-૩-૪.

સંજ્વલન કષાયના ઉદયથી સર્વે અતિચારોનો સદ્ભાવ હોય છે, પણ જે કષાયમાં કાંઈક જ્વલનપણું છે તેવા કષાયને સાધુ આધીન પણ થાય છતાં તેવા સાધુઓને અપકારની અપેક્ષા કયાંથી હોય, અર્થાત્ નજ હોય.

છઠ્ઠા ગુણસ્થાનકમાં વર્તતા યતિના યતિધર્મને ભયંકર ભવાટવી અથવા દુર્ઘટ કિલ્લો ઓળંગવા જેવો કહેલો છે, અને તેથી તે મુનિને લોક ચિન્તા હોતીજ નથી. આજ ગાથાના ભાવાર્થને શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ સાડી ત્રણસો ગાથાના સ્તવનમાં અને અષ્ટકજીનાં શ્લોકમાં પ્રતિપાદન કરેલ છે, તે વિસ્તારથી વિંશિકા રહસ્યમાં વિચારશું. અને તેથીજ નિયમા નિશ્ચે કરીને સર્વ આશ્રવથી નિવૃત્ત થયેલા યતિજનોને પ્રથમ વચન ક્ષમા અને પછી ધર્મ ક્ષમા હોય છે. જુઓ ગાથા ૫-૬-૭.

એવી રીતે પૂર્વે જણાવેલા ક્ષમાના પાંચ પ્રકારો છે. તેવીજ રીતે માર્દવ આર્જવ અને નિર્લોભતાના પણ ઉપકાર, અપકાર, વિપાક વચન અને ધર્મ એ પાંચ પાંચ પ્રકારો જાણવા. અને પૂર્વે કહેલ દૃષ્ટાન્ત વડે યતિઓને અહિંઆ લોકોત્તર એવા છેલ્લા બે પ્રકાર વચન અને ધર્મરૂપ નમ્રતા, સરળતા અને સંતોષ હોય છે. ગાથા ૮.

(અપુર્ણ)

૩૫૨. પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૩. અણાહારી પદનું આસ્વાદન કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૪. આહારની મૂર્ચ્છા ટળાવનારા તપોવિધાનમાં સૌથી અગ્રેસર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૫. સાડા ચૌદ વર્ષથી ઉપરાંત જેટલા લાંબા સમય સુધી એકસરખી આહારની મૂર્ચ્છા ટળાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૬. રસગારવની ગર્તામાં પડી ગયેલા અને પડનારા જીવોને બચાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૭. આહારના અભિલાષ અને આસક્તિને દૂર કરવાનું સામર્થ્ય ધરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૮. ભાગવતી દીક્ષાના ભવ્ય ભાવને ઉત્પન્ન કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૯. ઉત્પન્ન થયેલા શુભ ભાવને ટકાવનાર, વધારનાર અને પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૦. વર્તમાનકાલીન શાસનાર્થે શાસનસંરક્ષકોનું સર્જન અને-સમર્પણ કરનાર શ્રીવર્ધમાન તપોધર્મ છે.

૩૬૧. શાસનનું અખંડ રીતે સંચાલન કરવાને માટે શ્રમણ ભગવંતોની પરંપરાને અખંડપણે ચાલુ રાખનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૨. વર્તમાનકાલીન-શ્રમણ-સંઘનું યશસ્વિ-જીવન ટકાવી રાખનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૩. વૈદ્ય, ડોકટર અને હકીમની દવા ખાઇ ખાઇને નિરાશ થયેલાઓને આશાનું કિરણ દેખાડનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૪. હોસ્પીટાલ અને દવાખાનાઓમાં દર્દીઓના પડતા દરોડાને રોકનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૫. કોઇપણ કર્મની કારમી મૂંઝવણમાં ખરેખરો આશીર્વાદ આપનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૬. આયંબીલ-તપની વૃદ્ધિમાં વધારેમાં વધારે લાભ અપાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૭. મોહરાજાની છાતીમાં આસ્વાદ નિશાન લગાવીને તેની સામે લડનારને વાસ્તવિક વિજયી બનાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૮. મોક્ષમાર્ગના મુસાફરોને ઉદાસીન પરિણામની પરિપકવતા કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૬૯. વિષયસુખના ભોગમાં રહેલી આપત્તિઓનો સાક્ષાત્કાર કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૦. આત્મિક-શક્તિઓના આવિર્ભાવ માટેનું અદ્વિતીય સાધન શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૧. જડવાદના ચાલુ જમાનામાં મક્કમપણે ત્યાગધર્મનું શિક્ષણ આપનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૨. આહાર, શરીર અને આત્માના પરસ્પર ભેદાભેદ તથા સંબંધનું યથાર્થ જ્ઞાન કરાવનાર શ્રી શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાયબ્રેરી, ભૂલેશ્વર, મુંબઇ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—સુધાવર્ષી. )

**નોંધઃ**—શ્રીવર્દ્ધમાન-તપોધર્મના આરાધકોની આરાધના ઉજ્વળ બને, અને વીમેલ્લિાસવૃદ્ધિ પામે તે હેતુથી 'સંસ્મરણીય-સુધાવર્ષા'ના સુધાબિન્દુઓનો સંચય અત્ર શરૂ કરાય છે. **તન્ત્રો.**

## —: સંસ્મરણીય-સુધાવર્ષા :—

## " શ્રીવર્દ્ધમાન-તપોધર્મ છે. "

૩૪૦. માનસિક મનોરથોની મહોલાતોને સત્ય કરી આપનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૧. માનસિક મનોરથો, વાચિક શબ્દપ્રયોગો અને કાયિક પ્રવૃત્તિઓને સફલીભૂત બનાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૨. શરીર અને આત્માને નિરોગો નિરખાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૩. ત્યાગ, ત્યાગી અને ત્યાગના સાધનોમાં જ સાચું સુખ રહેલું છે એવું ભાન કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૪. સમાધિપૂર્વક બાલપંડિતાદિ મરણ કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૫. રોગાદિ પ્રસંગે આર્તધ્યાનથી બચાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૬. આપત્તિના પ્રસંગોમાં સહનશક્તિનો સાક્ષાત્કાર કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૭. લાખોની સંખ્યામાં આયંબીલ કરનારાઓ, હજારોની સંખ્યામાં શ્રી વર્ધમાન તપ કરનારાઓ, સેંકડોની સંખ્યામાં સંયમધર્મની આરાધના કરનારાઓ અને કરોડોની સંખ્યામાં અઢળક દાન દેનારાઓના સમૂહરૂપ મોહવિનાશક-ચતુરંગી સેનાને સજ્જ કરનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૮. બાહ્ય તપ વિનાનો અભ્યંતર તપ કાર્યસાધક નહિં જ અને એ સિદ્ધાંતને સમજાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૯. ત્યાગના મહાન્ સિદ્ધાંતને રોમેરોમ પ્રસરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૦. અપૂર્વ આરાધનાથી ઉત્પન્ન થયેલા શ્રી ચંદ્રકેવળીના અદ્વિતીય-યશોરૂપી સાગરમાં અન્ય તપસ્વીઓના આરાધનથી ઉત્પન્ન થયેલી કીર્તિરૂપ નદીઓના પ્રવેશને રોકનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૧. શ્રી અંતગડ-સૂત્રમાં કરવામાં આવેલી મહાન્ તપસ્વીઓની ગણનામાં મહાસેનકૃષ્ણા-તપસ્વિનીના નામને મુખ્યતા અપાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો. ]

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

**ભાવાર્થ:**—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

## ઔચિત્યને અનુસરવું.

પ્રાતઃસ્મરણીય-પંચપરમેષ્ઠિ-સ્વરૂપ દેવતત્વ અને ગુરૂતત્વની આરાધનામાં સકળ ક્ષેત્રના, સકળ કાળના, સકળ અવસ્થાના અરિહંત ભગવંતોની સિદ્ધ ભગવંતોની, આચાર્ય ભગવંતોની, ઉપાધ્યાય ભગવંતોની, અને સાધુ ભગવંતોની આરાધનાનો સમાવેશ હોવાથી ત્રિવિધ યોગે ત્રિકરણ વિશુદ્ધિએ દર્શન વન્દન-પૂજનાદિ **ઔચિત્યને અનુસરવું એ જરૂરીનું છે.**

સકલ સમીહિત પૂરક, અનેકવિધ દુઃખ દારિદ્ર્ય દૌર્ભાગ્યચૂરક, સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિ રાજરાજેશ્વર શ્રી સિદ્ધચક્રસ્થિત દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપોધર્મ તત્વની આરાધનામાં સકળ ક્ષેત્રના, સકળ કાળના, અને સકળ અવસ્થાના સમ્યક્ દર્શનવન્ત આત્માઓ, સમ્યક્ જ્ઞાનવન્ત આત્માઓ, સમ્યક્ ચારિત્રવન્ત આત્માઓ અને સમ્યક્ તપોધર્માનુરસિક આત્માઓ તે તે આરાધક આત્માઓને આવિર્ભાવ થયેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપોધર્મ અને તે તે ધર્મ પામવાના, પમાડવાના, રક્ષણ કરવાના, વૃદ્ધિ કરવાના તથા પરંપરા એ ક્ષાયક ભાવથી ભાવિત કરવાના સમગ્ર સાધનોનો સમાવેશ હોવાથી ત્રિવિધ યોગે ત્રિકરણ વિશુદ્ધિએ દર્શન-વન્દન-પૂજનાદિ **ઔચિત્યને અનુસરવું એ જરૂરીનું છે.**

ઔચિત્યને અનુસરવામાં સંવર-નિર્જરા અને પુણ્યાનુબન્ધિ-પૂણ્યના ભંડાર પૂર્ણ ભરાય છે, અને અનૌચિત્યને અનુસરવામાં આશ્રવ-બંધ અને પાપના પુંજ ઉભરાય છે એ આરાધકોએ સર્વદા-સર્વત્ર-સર્વથા વિચારવું જરૂરીનું છે.

**'સંસ્મરણીય સુધાવર્ષામાંથી'**

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
**વર્ષ ૧૩-અંક ૩.**

પ્રકાશિકા—
**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**
તંત્રીઃ—**પાનાચંદ રૂપચંદ ઝવેરી.**
ધનજીસ્ટ્રીટ,-૨૫, ૨૭—**મુંબઇ.**

વાર્ષિક લવાજમ
**રૂ. ૩-૦-૦**
છુટક નકલ એકના
**રૂ. ૦—૪—૬**

# ચાર પ્રકારના તપસ્વીઓ.

**શ્રીઠાણાંગ સૂત્રના ૪ થા ઠાણાનું સૂત્ર-૨૪૩ चत्तारि घुणा पं० तं०-तयक्खाते, छल्लिक्खाते, कट्ठक्खाते, सारक्खाते, एवमेव चत्तारि भिक्खागा पं० तं०-तयक्खायसमाणे जाव सारक्खायसमाणे। तयक्खातसमाणस्स णं भिक्खागस्स सारक्खातसमाणे तवे पण्णत्ते, सारक्खातसमाणस्स णं भिक्खागस्स तयक्खातसमाणे तवे पण्णत्ते, छल्लिक्खायतसमाणस्स णं भिक्शागस्स कट्ठक्खायसमाणे तवे पण्णत्ते, कट्ठक्खायसमाणस्स णं भिक्खागस्स छल्लिक्खायसमाणे तवे पण्णत्ते। सूत्र २४३।**

**ભાવાર્થ**– ઘુણા-કીડા ચાર પ્રકારના હોય છે. ૧ ત્વક્ (છાલની ઉપરનો ભાગ) ખાવાવાળા, ૨ છાલ ખાવાવાળા ૩ કાષ્ઠ ખાવાવાળા અને ૪ સારભૂત તત્ત્વ ખાવાવાળા.

જે કીડાઓ ઝાડની છાલનો ઉપરનો ભાગ ખાય પરંતુ છાલની અંદરનો ભાગ નહિ ખાય તે ત્વક્ ખાવાવાળા કીડા કહેવાય છે, તેવી રીતે ત્વક્ખાદ સમાન જે સાધુઓ [૧]આચામામ્લાદિ (આયંબીલાદિ) [૨]પ્રાંત આહારનું સંતોષપણે ભક્ષણ કરતા હોય તેઓ ત્વક્ખાદ સમાન સાધુઓ કહેવાય છે.

ત્વક્ખાદ સમાન કીડાઓ અને તેવો આયંબીલાદિ નિરસ આહાર કરનારા સાધુઓ. ૧

છાલખાદ સમાન કીડાઓ અને તેવો નિવિગઇ આહાર કરનારા સાધુઓ. ૨

કાષ્ઠખાદ સમાન કીડાઓ. અને તેવો નિવિગઇ આહાર કરનાર સાધુઓ. ૩

સારખાદ સમાન કીડાઓ અને સર્વ ક્ષમગુણાદિની વૃદ્ધિ થાય તેવો પૌષ્ટિક આહાર કરનારા સાધુઓ. ૪

ઉપર જણાવ્યા પ્રમાણે ત્વક્ સરખા અસાર-નિરસ આહાર કરનારા મુનિવરોનો તપ વજ્રસાર તપ કહેવાય છે, અર્થાત્ કર્મનો નાશ કરવામાં એ તપ વજ્ર સરખું કામ કરે છે, તેથી કરીને ત્વક્ (છાલની ઉપરના ભાગ) સરખા અસાર નિરસ નિર્માલ્ય આહાર (આયંબીલાદિ) કરનારા સારભૂત ખાનારા ગણાય છે અને તેઓનો તપ પણ સારભૂત ગણાય છે.

આ રીતિએ—

૧. ત્વક્ખાદ સમાન નિરસ આહાર ખાનારા સાધુઓને સારભૂત ખાનારા તપસ્વી કહેલા છે અને તેમના તપને પણ સારભૂત વર્ણવેલો છે.

૨. સારખાદ સમાન પૌષ્ટિક આહાર ખાનારા સાધુઓને ત્વક્સારભૂત ખાનારા તપસ્વી કહેલા છે અને તેમના તપને ત્વક્ખાદ સમાન વર્ણવેલો છે.

૩. છાલખાદ સમાન આહાર ખાનારા સાધુઓને કાષ્ઠખાદ સમાન તપસ્વી કહેલા છે અને તેમના તપને કાષ્ઠખાદ સમાન વર્ણવેલો છે.

૪. કાષ્ઠખાદ સમાન આહાર ખાનારા સાધુઓને છલ્લિખાદ સમાન તપસ્વી કહેલા છે અને તેમના તપને છલ્લિખાદ સમાન વર્ણવેલો છે.

ઉપર જણાવેલા ચાર પ્રકારના તપસ્વીઓમાં પહેલાનો તપ તીવ્રતમ, બીજાનો તપ તીવ્રતર, ત્રીજાનો તપ તીવ્ર અને ચોથાનો તપ મંદ હોય છે. વધુ સ્પષ્ટીકરણ સમજવાની ઇચ્છાવાળાએ સૂત્ર-વૃત્તિનું મનન-પરિશીલન કરવું જરૂરી છે. તપોધર્મના સેવનમાં રંગાઈ ગયેલા તપસ્વીઓએ પોતે ઉપરના ચાર પ્રકારમાંથી કયા પ્રકારના વિભાગમાં છે તે વિચારવાની જરૂર છે.

**'શ્રી વર્દ્ધમાન તપોમહાત્મ્ય' માંથી.**

---

૧ આદિ શબ્દથી લૂખો-સુકો નિરસ આહાર. ૨ ગૃહસ્થો અને તેઓનો આશ્રિત વર્ગ જમી રહ્યા પછી રસોઈના વાસણોમાં રહેલો પદાર્થ કે જે નકામા જેવો હોય છે તે પ્રાંત આહાર.

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | માગશર-માસ. | તંત્રીઃ |
|---|---|---|
| અંક ૩ જો. | તા. ૧૭-૧૨-૪૬. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રીમાન્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.**

**સ્થળઃ—નેમુભાઈની વાડી,** જૈન ઉપાશ્રયના ભવ્ય હૉલમાં, **ગોપીપુરા; સુરત.**

સંચયકારઃ—**પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના** પરમવિનેય **મુનિશ્રી ચન્દ્રપ્રભ-સાગરજીના** શિષ્ય **મુનિશ્રી ચન્દ્રવર્મસાગરજીએ** દેશનાનો સારભૂત સંચય કરેલો છે, અને તે વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી **પૂ. પં. પ્રવરશ્રીજી** પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

લિ. તંત્રી.

### દેશનાના સારભૂત-અવતરણો.

**૧. અપેયપાનની માફક દીપતી દેદીપ્યમાન-તૃષ્ણાઓ.**

**૨. કુવાની છાંય સમાન ઇચ્છાઓનો અંત નથી.**

**૩. આકાશ દ્રવ્યની જેમ ઇચ્છાઓનું અનંતપણું.**

**૪. ઇચ્છાઓના વેગમાં મનુષ્ય જીવનની કિંમત સમજાતી નથી.**

**૫. લોભ-સંબન્ધિ પુરાણી કહેવતનું સ્મરણ.**

**૬. લાભ લોભની હરીફાઇનો અંત નથી.**

**૭. લોભની સમાપ્તિ માટે સંતોષની અનિવાર્ય જરૂર.**

**૮. ઇન્દ્રપણામાં રહેલા ઇન્દ્રોને પણ લોભનો અંત નથી.**

**૯. લોભના લાંબા પહોળા ખાડાને પૂરનારા તે ખાડાને વધુને વધુ લાંબો પહોળો બનાવે છે.**

વચનારાધનયા ખલુ ધર્મસ્તદ્બાધયા ત્વધર્મ ઇતિ ।
ઇદમત્ર ધર્મગુહ્યં સર્વસ્વં ચૈતદેવાસ્ય ॥૧૨॥

### ઇચ્છાઓનો અંત નથી.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિકાળથી રખડયા કરે છે. એટલુંજ નહિં પણ આ જીવની અનાદિકાળથી ભયંકર લોભ અને તૃષ્ણા હજુ સુધી સમી નથી. તે તૃષ્ણાને દરેકે દરેક કાળમાં દરેક જીવે સમાવવા પ્રયત્ન કર્યો પણ લેશભર સમાવી

શકયા નથી. ઉલટું અપેયપાનની માફક તે તૃષ્ણાઓ દીપે છે. તૃષ્ણાઓ વિચિત્ર પ્રકારની હોય છે. કોઇને જમીનની, કોઇને ધનની, કોઇને હીરાની, કોઇને માણેકની, કોઇકને મોતીની, કોઇકને સ્ત્રીની, કોઇકને કુટુંબની, કોઇકને પુત્ર-પરિવારની એમ અનેક પ્રકારની તૃષ્ણાઓ હોય છે. એક તૃષ્ણા પૂરી થતી નથી ત્યાં બીજી ઊઠે છે. ઇચ્છાઓ કુવાની છાંયડી જેવી છે, અર્થાત્ કુવાની છાંય કુવામાં સમાય તેવા સ્વરૂપની છે. શાસ્ત્રકારે તો ઇચ્છાને આકાશ સાથે સરખાવી છે. જગતમાં દરેકે દરેક વસ્તુનો છેડો છે, સમુદ્રનો પણ છેડો છે, અસંખ્યાત જોજનના વિમાનો છે તેનો પણ છેડો છે, ધર્માસ્તિકાય વિગેરે અરૂપી છે છતાં છેડો છે, અધર્માસ્તિકાયનો પણ છેડો છે, પરંતુ ઇચ્છાઓનો અંત નથી. જગતમાં કોઇ ચીજ અનંતી નથી. ત્યારે કહો કે કાળ તો અનંતો છે ને? તો જવાબમાં કહેવું પડશે કે ના. કારણ કે ગયા કાળને આવતા કાળની ગણના કરીને ભેળવીએ તોજ કાળ અનંતો થાય છે. પણ ગયા કાળને ન ગણો, અને આવતા કાળને ન ગણો તો વર્તમાનકાળ તો એક સમયનો ચંચળ છે. આથી દ્રવ્યોની વિચારણા કરતાં ફકત એકજ આકાશ દ્રવ્ય અનંતુ છે. અને અનંત આકાશ સાથે ઇચ્છાને પણ અનંતી જણાવે છે, અર્થાત્ આકાશ અનંતુ છે તેવી રીતે ઇચ્છાઓ અનંતી છે; તે વિચારવા જેવી બીના છે.

## ઇચ્છાઓના વેગમાં.

જેવી રીતે મેરૂ પર્વત ઉપર ઉભો રહેલો એક દેવતા એક મોટા થાંભલાનું ચૂર્ણ કરીને એક ભુંગલીમાં ભરીને દશે દિશામાં ફુંકી દે અને વેરાઇ ગયેલા તે ઝીણા ઝીણા કણીયાને ભેગા કરવા મથે તો થઇ શકે?, નહિં. છતાં અચિન્ત્ય-શક્તિશાલી-દૈવ જેમ ત્રણ ચપટીમાં ૪૫ લાખ લાંબા અને ૪૫ લાખ પહોળા અઢી દ્વીપને એક સમયમાં ૨૧ વાર દેવતાઇ-શક્તિથી તે દેવતા પ્રદક્ષિણા આપી શકે છે. એવી તાકાત (શકિત) વાલો દેવતા તે દશે દિશામાં વેરાઈ ગયેલા કણીયાઓને ભેગા કરી શકે એમ માનીએ તો પણ મેળવેલું મનુષ્ય જીવન ગયા પછી ફરી મળવું તે અત્યંત દુર્લભ છે. એક બાજુ મેળવેલું મનુષ્યપણું અને વીજળી વેગથી વધુ ઝડપે ભોગવાતું આયુષ્ય, આ બન્નેનો સંબંધ માપ્યા કાળ સુધી ટકે છે, છતાં ઇચ્છાઓના વેગમાં તણાતા જીવને મનુષ્ય જીવનની કિંમત સમજાતીજ નથી. એક છોકરાએ જન્મ લીધો અને તેની સાતમી પેઢી સુધી પરંપરા ચાલે છે. એટલુંજ નહિ પણ આ પરંપરાનો છેડો આવી શકતો નથી. તેવીજ રીતે આકાશનો પણ છેડો આવતો નથી. અનંત વિશેષણથી સંબોધાતી ચીજોનો અંત નથી. અને તેથીજ આકાશ ઇચ્છા વિ. અનંત કહી છે. આથી જગતના જીવોને પણ અનંતી તૃષ્ણાઓ=ઇચ્છાઓ છે. અને તે ઇચ્છાઓ જો દરેકે દરેક જીવોની ગણીએ તથા કાળની સાથે તેની ગણના કરીએ તો ઇચ્છાઓ જુદી જુદી છે, તેથી તે બધી ગણીયે તો પણ અનંતી થઇ જાય છે.

## ઇચ્છાના તરંગમાં બ્રાહ્મણ.

એક બ્રાહ્મણ કોઇક શહેરમાં કોઇ ગૃહસ્થને ઘેર વેદપાઠ કરવા ગયો. હવે વેદપાઠ જે ગૃહસ્થ કરાવે છે, તેને ત્યાં તે બ્રાહ્મણ રહે છે. હવે તે બ્રાહ્મણને તે ગૃહસ્થના સંબંધિની એક સ્ત્રી સાથે ગાઢ પરિચય થઇ ગયો. અને

તે સ્ત્રી સાથે પરિચય થયા પછી પૈસાની જરૂર પડે છે. તે અવસરે ગામમાં અગર નજીકના શહેરમાં કોઈ વાર મહોત્સવમાં જાય અને દક્ષિણા લાવે અને સંસાર નભાવે. એવી રીતે કામ ચાલતાં બહુ દિવસ થઇ ગયા. બ્રાહ્મણે વિચાર્યું કે વિદ્યાર્થીપણાને નભાવવું હોય તો સંસાર છોડવો જોઇએ. એમ વિચાર કરીને છોડવા સંબંધમાં તે બ્રાહ્મણે તે સ્ત્રીને પોતાની હૃદયની વાત કરી. પરંતુ તે સ્ત્રી બોલી કે તમારૂં ભણવું પછી પણ મારૂં ગુજરાન કેવી રીતે થાય તેનો વિચાર કરો. અને હવે પછી હું શું કરીશ ? આ વચન સાંભળીને વિદ્યાર્થી બ્રાહ્મણ ભણવું ગણવું ભુલીને પૈસા પ્રાપ્તિના વિચારમાં પડયો. હવે તેણે વિચાર કર્યો કે અહિંના રાજાને સવારમાં ઉઠીને જે વહેલો આશીર્વાદ આપે તેને રાજા તરફથી બે માસા સોનું આપે છે. આથી હું પણ વહેલો ઊઠીને રાજાને આશીર્વાદ આપીશ અને બે માસા સોનું લાવીશ તો તેનાથી સદાયની ચિન્તા ટલશે. બ્રાહ્મણમાં એક કહેવત છે કે જ્યારે "રાજા દાન આપે અને દાનમાં વલી તેલ આપે તો પણ લુગડામાં લઇ લેવું ઠીક છે. પરંતુ રાજાનું દાન પાછું ફેરવવુંજ નહિ" હવે તે બ્રાહ્મણને ચિંતા હોવાથી રાતમાં ઊંઘ ન આવી અને રાતના બે વાગે ઊઠીને રાજ-મહેલ તરફ ચાલવા માંડયું. રસ્તામાં ચોકીદારે તેને ચોર સમજીને પકડી લીધો. હવે બ્રાહ્મણ વિચાર કરે છે કે સોનું તો ન મળ્યું પણ ચોર તરીકે જેલમાં સડવું પડશે. હવે સવાર થયું એટલે ચોકીદાર તે બ્રાહ્મણને રાજાની સામે લઇ ગયો અને રાતની સર્વ હકીકત રાજાને કહી. ત્યારે રાજાએ તે બ્રાહ્મણને સત્ય હકીકત કહેવા માટે કહ્યું અને બ્રાહ્મણે પણ પોતાની સર્વ સત્ય વાત રાજાની પાસે કરી ત્યારે રાજા ખુશ થયો અને દાન દેવા તૈયાર થયો. પરંતુ માંગણી કરવા બ્રાહ્મણને કહ્યું એટલે બ્રાહ્મણ ભાઇ વિચારપૂર્વક ઇચ્છાઓના તરંગમાં ચઢયા.

## લાભ લોભની હરિફાઇ.

બે માસાએ શું થાય ? કારણ કે કપડા, દાગીના, ઘર માટે તો ઘણુંજ જોઇએ. ઇચ્છા-રૂપી પતંગ વિચારના વાયુ વેગમાં ઘસડાયા પછી પાર આવતોજ નથી. ઇચ્છાની તૃપ્તિ થાય તેવા સંયોગમાં લાભ નજરે દેખાય છતાં લાભની સામે લોભ ખડો થાય છે. અને તેથીજ શાસ્ત્રકારો કહે છે કે "जहा लाहो तहा लोहो०" અર્થાત્ જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભ વધતોજ જાય છે. કારણ કે સો મલે એટલે સોના લાભ સાથે હજારનો લોભ તુરત થાય છે. અને હજાર મલે એટલે લાખની ઇચ્છા થાય, લાખ મલે એટલે દશ લાખની ઇચ્છા થાય અને દશ લાખ મલે એટલે ક્રોડોની ઇચ્છા થાય. પણ લોભનો થોભજ નથી. પ્રાચીનકાળમાં સંભળાતી કહેવત યાદ કરવા જેવી છે. "લોભ નહિં જ્યાં થોભનો, શોભા સઘળી જાય; તૃષ્ણાથી તરસ્યો રહ્યો, ધનથી નહિં ધરાય." નાના બાલકની રમતને ધ્યાનમાં લો. કારણ કે છોકરાઓ ભેગા થઇને તળાવમાં નાની નાની પત્થરની કાંકરીઓ નાંખે અને ગોળ કુંડાલું ચક્કર થાય ત્યારે વળી તે છોકરાઓ બીજી કાંકરીઓ નાંખે એટલે નાના ગોળાકારની પૂર્ણાહુતીને જોયા વગર મોટા ગોળ ગોળ મોજાં થાય તે નજરે નિહાળે છે. તેવીજ રીતે નિર્ધન મનુષ્યને સો મળે તો હજારની ઇચ્છા થાય છે, હજાર મળે એટલે દશ હજારની ઇચ્છા થાય. દશ હજાર મળે

એટલે લાખની ઇચ્છા થાય, લાખ મલે એટલે દશ લાખની ઇચ્છા થાય, દશ લાખ મળે એટલે ક્રોડની ઇચ્છા થાય, ક્રોડ મળે એટલે દશ ક્રોડની ઇચ્છા થાય પણ સંતોષ આવતોજ નથી, કદાચ તે નિર્ધન અબ્જાધિપતિ થાય તો પણ સંતોષ આવતો નથી. એટલે રાજા થાઉં તો સારૂં, છતાં રાજા થાય એટલે મહારાજા થવાની ઇચ્છા થાય છે. મહારાજા થાય એટલે વાસુદેવ થવાની ઇચ્છા થાય. અને વાસુદેવ થાય એટલે ચક્રવર્તી થવાની ઇચ્છા થાય. ચક્રવર્તી થાય એટલે દેવોની ઋદ્ધિ ભોગવવાની ઇચ્છા થાય છે. પણ દેવોને દેવત્વપણામાં અને ઇન્દ્ર મહારાજાને ઇન્દ્રપણામાં પણ સંતોષ આવતો નથી. અર્થાત લાભ લોભની હરિફાઈ વધતી જાય છે.

## લોભાધીન ઇન્દ્રપણું.

શાસ્ત્રકાર કહે છે કે ઇન્દ્રોને પરસ્પર ઝઘડો થાય તો પણ તે ઝઘડો અધિક સાહ્યબી અને સત્તાવાળો ઈન્દ્ર વચમાં પડીને તે ઝઘડો પતાવે છે. સૌધર્મ ઇન્દ્ર અને ઇશાન ઇન્દ્રને પુષ્પાવકીર્ણ-વિમાનોની તકરાર થયા કરે છે. પરન્તુ ત્યાં આપણા શહેરની લઢાઈ જેવી લઢાઇ ન થાય. પરન્તુ વિખરેલાં ફુલ સરખી વિમાન સ્થિત જગ્યા તેની લઢાઇ થાય છે, પણ તેનો ન્યાય કોણ કરે છે ? તો શાસ્ત્રકાર મહારાજા કહે છે કે સનત્કુમારનો ઇન્દ્ર કરે છે. તેવી રીતે ત્રીજા અને ચોથા દેવલોકના ઇન્દ્રનો ઝગડો બ્રહ્મદેવ લોકનો ઇન્દ્ર પતાવે છે. આ રીતે પાંચમા, છઠ્ઠા અને સાતમા, આઠમા દેવલોકમાં લઢાઇ થાય છે અને તેમનો ઝગડો અધિક સાહ્યબી અને સત્તાવાલો ઈન્દ્ર વચમાં પડીને તે ઝગડો પતાવે છે. પરંતુ નવમાં દશમાં દેવલોકમાં લઢાઇ થતી નથી. કારણ કે બન્ને દેવલોકનો ઈન્દ્ર એકજ છે. તેવીજ રીતે અગીયારમાં અને બારમાં દેવલોકમાં પણ લઢાઇ થતી નથી કારણ કે આ બે નો એકજ માલિક છે. અર્થાત્ બન્ને દેવલોક એકજ ઇન્દ્રની માલિકીના છે. આ ઉપરથી ઇચ્છાનો અંત ઇન્દ્રપણામાં નથી.

## જીવનની ખુવારી.

પતંગ ઉડાવવામાં માજા (દોરી)વાલો થાકશે. કારણ કે વાયરા પ્રમાણે પતંગ જાય ત્યારે માજા (દોરી)નો પત્તો ખાયજ નહિં, પણ છેવટે માંજો સમેટવોજ પડશે. આ સ્થલે વિચાર કરવો જોઇએ કે વાયરામાં ઊડાવેલા પતંગનો છેડો આવેજ નહિં પણ ત્યાં સંતોષ પામી દોરી સમેટવામાં આવે છે. તેવી રીતે અહિં પણ ઇચ્છાને આધિન બનીને લોભ કર્યા કરે તો પત્તો લાગેજ નહિં, ઇચ્છા થઇ કે લોભ વધ્યો. કારણ કે લાભ થાય એટલે ઇચ્છાઓ સાથે લોભ વધ્યોજ જાય છે પણ છેવટે તો સંતોષ કરે તોજ લોભને ઘટવાનો અવસર આવે છે. આ જીવ રૂપી પતંગ વિચાર રૂપ માજાને આધીન બન્યો છે એમ સમજવું જોઇએ. તેવીજ રીતે આ વિચાર રૂપ માજાને આધિન બનેલો જીવ રૂપ આ પતંગ અનેક ભવનાં જીવન ખુએ છે. આપણે આ પતંગ અને આ માજા પાછળ ભવોભવનાં જીવન ખોઇએ છીએ છતાં કંટાળો નથી.

## લોભનો ઉંડો ખાડો.

શાસ્ત્રકાર મહારાજા કહે છે કે ઇચ્છા આકાશ સમાન છે. કારણ કે આકાશનો પણ અંત આવતોજ નથી. તેવીજ રીતે આ જીવ અનાદિ કાળથી ઇચ્છાને ઇચ્છામાં અનંતાઅનંત પુદ્ગલ પરાવર્તનમાં ભટકયો પણ ઇચ્છાનો અંત આવ્યોજ નહિં જેમ કે પાતાળનો ખાડો કોઈ

પણ પદાર્થથી પુરાતો નથી પણ તેને તો ઢાંકણું લગાવીએ તોજ બંધ થાય. તેવીજ રીતે ઇચ્છાઓ પણ પુરી થતીજ નથી પણ સંતોષ રૂપી ઢાંકણાંથી ઢાંકી દઇએ તોજ પૂર્ણ (બંધ) થાય છે. જેમ દુનીઆમાં દરેકે દરેક સ્થળે ખાડા પુરાય છે તેમ આ ઇચ્છાનો ખાડો પુરાતો નથી. મકાનના ચણતરમાં જેમ જેમ ચણતર ચણાય છે તેમ તેમ તે ઉપર જાય છે. પરંતુ કુવાના ચણતરમાં જેમ જેમ ચણતર ચણાય છે તેમ તેમ નીચે જવાય છે. તેવીજ રીતે આ લોભ છે જેમ જેમ તમે પુરો તેમ તેમ વધે છે. કારણ કે તમે લોભને પુરવા જાઓ છો પણ પોચી જગા હોવાથી તે લોભને પુરતા જાવો તેમ તેમ લોભનો ઉંડો ખાડો પડતો જાય છે. આ લોભ રૂપી ખાડો એવો છે કે તેને પુરવા જાઓ તો વધતોજ જાય છે.

## વાસ્તવિક સુખ.

આ જીવને મુખ્ય ઇચ્છા શાની?, જે કાંઈ ઇચ્છા કરે તે શા માટે? તો શાસ્ત્રકાર મહારાજા કહે છે કે સુખને માટેજ ઇચ્છા કરે છે. સોનાની ઇચ્છા કોઇ કરે છે. પણ સોનાને અગ્નિમાં લાલ ચોલ તપાવીને લાલ કરે અને કોઇ પણ માણસને તેવું લાલ (ગરમ) સોનું આપે તો લે ખરો? ના. કારણ કે તે સોનું (ગરમ) લેવાથી હાથ દાઝે એ એકજ દુઃખ, માટે તે સોનાને કોઇ પણ માણસ હાથમાં લેજ નહિ. સુખની ઇચ્છાવાળાને સુખ જોઇએ છે. પણ દુઃખ વગરનું સુખ જોઇએ છે. આવ્યા પછી પણ તે સુખ જાય નહિં એવું સુખ જોઇએ, એકલું દુઃખ વગરનું સુખજ સુખ, કોઇપણ ખામી વગરનું સુખ જોઇએ છીએ. આ જીવ સુખ રૂપ કાર્યની ઇચ્છા કરવામાં ડાહ્યો છે, પણ તે સુખ પ્રાપ્તિના કારણમાં ગાંડો છે. ખેતરના આંબાના મૂળીઆં હોય તે કાપી નાંખવા અને કેરીઓ ઘેર લઇ જવી જોઇએ તે શું કામ લાગે? પણ આંબાના મૂળીઆં રાખવામાં ડહાપણ વાપરે તોજ કેરીઓ ઘર ભેગી થઇ શકે છે. સુખ જોઇએ પણ તેના (સુખ પ્રાપ્તિનાં) કારણ તપાસવાં નથી. આ જીવને કોઇવાર વિચાર સરખોય ન આવે કે બનવાવાળા કાર્યનું કારણ જોતું જોઇએ. આ જીવે અનંતી વખત તીર્થંકરના દેશના સાંભળી, અનંતી વખત નવગ્રૈવેયક સુધી જઇ આવ્યો પણ ફળમાં તો હતા ત્યાંના ત્યાં. દુઃખ વગરનું સુખ, ન જાય તેવું સુખ મેલવ્યું જ નહિ. કારણ કે જે જીવની ભવસ્થિતિ પાકી હોય અને એક પુદ્ગલપરાવર્ત બાકી રહ્યો હોય તો તેને વાસ્તવિક સુખ પ્રાપ્તિના કારણની સમજ પડી જાય છે.

## વચનરૂચિ સાથે કાળનું નિયમન.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય તો જ તીર્થંકર ભગવાનની વાણી ઉપર રૂચિ થાય છે. તે પહેલા એટલે ચરમ-પુદ્ગલપરાવર્ત પહેલા તીર્થંકર ભગવાનના વચન ઉપર અરૂચિ રહે છે. જેમ સૂર્યમાં ગમે તેટલો તેજ છે-પ્રકાશ છે. પણ આગળ અરૂણને કર્યા વગર ચાલતો નથી. તેવીજ રીતે અહિં પણ દેશવિરતિ, સર્વવિરતિ અને સમ્યકત્વ વિગેરે સર્વ ધર્મની આરાધના પછી; પરંતુ ચરમાવર્ત આવ્યા સિવાય વીતરાગના વચન પર રૂચિ થતીજ નથી. અને તેથીજ ધર્મસૂર્યનો અરૂણોદય એજ ચરમાવર્ત અને તે કાળમાં વીતરાગના વચન ઉપર રૂચિ અને તેથીજ **વચનારાધનયા૦** શબ્દ લીધો છે. હવે વચનનું સ્વરૂપ શું? વચનનો વિષય શો? જિન વચનની મહત્તા શું? વિગેરે સમજવાની જરૂર છે તે અત્રે-વર્તમાન.

# દીપાવલિનો જન્મ.

[ નોંધ:—ગયા અંકમાં સ્થળ સંકોચને કારણે આ લેખ આપ્યો ન હોતો. તંત્રી. ]

લે:-"કુમાર શ્રમણ"

પર્વોની રૂપાળી રાણી દિવાળી. આજે આવી અને ગઇ. પણ "કયાંથી આવી ?, કયાં ગઈ ? અને માનવીના માનસ પટ પર જ્ઞાનની કેટલો દીપમાળા સળગાવી ગઇ !" તેની સમીક્ષા કરવા કોણ તત્પર બન્યું ? તત્પર બને કયાંથી ? દિવાળીનો આત્મા તો આજથી પચ્ચીસસો વરસ પૂર્વેની એક કાળ રાત્રીએ ભારતભૂમિ ત્યજી અપવર્ગમાં ચાલ્યો ગયો. આજે દિવાળી એ તો આત્મા વગરના ખોખા જેવી છે. આજે નથી કોઇને દીપાવલિના ઉત્થાનનું ભાન કે નથી કોઇને તેની મહત્તાની શાન ! દીપાવલિની મહત્તા નથી ફટાકડા ફોડવામાં કે નથી તેમજ ઘારી ઘૂઘરા કે સ્વાદિષ્ટ સુંવાળી ખાઇને ભીમોદર બનવામાં. ત્યારે મહત્તા છે શામાં ? આવા પ્રશ્નોના ઉત્તર આપણે જો સમજુ હોઇએ તો જરાપણ સંકોચ વગર આપી શકીએ એમ છીએ. જ્યારે આત્મામાં ગાઢ અંધકારને દૂર કરવા માટે શાશ્વત સૂર્યચંદ્રના કિરણો ભોંઠા પડયા. નવલખ તારાઓના તેજ ખુટયા. હિંસાના વિકરાળ વાદળાંઓએ દિગંત વ્યાપી ગાઢ અંધકારના પૂંજો વિશ્વમાં ભરી નાંખ્યા; ત્યારે વિશ્વોદ્ધારક શ્રી વીરે જોયું કે, હવે બાહ્ય તેજ કામ નહિ લાગે ત્યારે આત્માની અચળ શાશ્વત જ્યોત સળગાવી. બસ, મિથ્યાત્વ જીવ લઇ નાઠું. અજ્ઞાન અંધકારે, ભયભીત બની આર્યદેશ ત્યજી અનાર્ય દેશનું શરણું સ્વીકાર્યું. વીરે પીછો પકડયો. અનાર્ય દેશમાં પણ જ્ઞાન જ્યોત સળગાવી. અંધકારે અનાર્ય દેશ પણ છોડયો અને ગિરિ કંદરાનું શરણ લઇ રાહ જોતું બેસી રહ્યું. બસ, તે દિવસથી સળગી ભારતમાં જ્ઞાન જ્યોત. સંહારની કાળ-હેલીનો અંત આવ્યો. લોહીઆળી ભૂમિ દૂધાળી બની ! એ પ્રકાશ દેખી નાસ્તિક ઘૂવડો અંધકારનું શરણ શોધવા આમતેમ દોડવા લાગ્યા પણ આત્મ-દીપકની આવલી ઘરેઘરે, વનેવને, સ્થાને સ્થાને ઝળહળતો હતી !

એક કરૂણ રાત્રી એવી આવી કે જેમાં એ વિશ્વોદ્ધારક, જગતને અહિંસાનો સુરમ્ય માર્ગ બતાવનાર, સ્યાદ્વાદની સજેલી સરિતાને વહાવનાર, સંયમની હાકલ કરનાર, છેલ્લી ઘડી સુધી વિશ્વને સત્યનો સંદેશ પાઠવનાર, એ વીર વિનશ્વરી દેહ છોડી ચાલ્યો ગયો. ગયો ઝળહળતો સાચો દિપક ! રાત્રી અધિક કાળમુખી બની. ગિરીકંદરાનું શરણ લઇ છીપેલા મિથ્યાત્વે પુનઃ વિશ્વમાં અંધકારનો ઝંડો ફરકાવ્યો. એ અંધકારને દૂર કરવા અંતે કરવી પડી દીપ-આવલો અને પૂણ્ય-મૂર્તિના સ્મરણમાં જન્મી દીપાવલી. અને બસ તેજ આ દીપાવલિ.

## માનવંતા ગ્રાહકોને—

—અગાઉથી કરેલ સૂચના મુજબ વી. પી. થયેલ અંકો છોડાવી લેવાં.

—ગયા અંકની સુચના મુજબ વ્યવસ્થિત સરનામાં મળ્યા હશે તેજ પૂ. શ્રમણ ભગવંતોને અંકો પોષ્ટથી રવાના થયાં છે અને થશે.

—લવાજમ ભરનારે અગર નવા ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ-મુંબાઈ નં. ૩

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંલ્લાગળી ગોપીપુરા-સુરત.

લી૦ તન્ત્રી.

# દેશના-સારાંશ.

[ નોંધ:—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી**ની અમોઘ-દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે સંચય કરનાર **પૂ. પં. શ્રી હેમસાગરજી** છે. અને વાંચકો તે સારાંશને સારી રીતે સમજી શકે તે હેતુથી પૂ૦ **પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર** પાસે પેરેગ્રાફાદિ પડાવીને સુધારા વધારા સાથે અત્ર અપાય છે.—તન્ત્રી. ]

**૧. રત્ન સાથે રબારીના રિસામણા.**

**૨. પત્થર સાથે મૂર્ખાઇ ભરેલો વિચાર-વિનિમય.**

**૩. ધર્મ-રહિત પુત્રના અવિનીત-આચરણ.**

**૪. આરાધનાની કસોટી સિદ્ધિ વગર થતીજ નથી.**

**૫. ધર્મને સાવકા છોકરા જેવો ગણનારા.**

**૬. ચિંતામણી ચિંતાને હરે છે કે ઉત્પન્ન કરે છે ?**

**૭. શંકાશીલ બનેલો રબારી રીસે ચઢી રત્ન ફેંકે છે.**

**૮. સુલક્ષણ લક્ષિત પદાર્થોની પ્રાપ્તિમાં પૂણ્યની જડ.**

**૯. થતાં સાધુઓ અને થયેલાં સાધુઓનો ભેદ.**

## રત્ન અને રબારી.

હવે ગામ છેટું છે રબારી સાથે રસ્તામાં વાત કરનાર કોઇ નથી. રત્નને રબારી કહે છે અરે મણિ ! મારી સ્થિતિ તું બરાબર ધ્યાનમાં રાખજે. આ બકરીઓ મારા જીવન અને કુટુંબનો આધાર છે છતાં તારા માટે મારે બકરી વેચવી પડશે. એક બકરી વેચીને કપુર, ચંદન, કુલ, પાટલો, વસ્ત્ર, ધૂપ વીગેરે વસ્તુ લાવવી પડશે. પછી તારી પૂજા કરીશ. પણ આ વિચાર હું કરૂં તે પહેલાં તારે પણ ઘણો વિચાર કરવો પડશે. મારે બકરી વેચવી તે મારા હાથની ચીજ. બકરીની કિંમત આવશે તો મારે તો મુશ્કેલી નથી, પણ હે ચિંતામણિ ! તારે ઘણી મુશ્કેલી છે. ત્રીજે દહાડે પાછલી રાત્રે મારા મનમાં જે વિચાર આવે તે તારે આપવું પડશે. માટે બરાબર ધ્યાન રાખજે ! તોજ તારૂં ચિંતામણિ એવું નામ સાચું ઠરશે. હે ચિંતામણિ ! લાંબો રસ્તો કાપવો છે માટે તું કંઇક વાતો કર કે માર્ગ કપાઈ જાય. ચિંતામણી ચુપ રહ્યું, એટલે રબારી કહેવા લાગ્યો કે જંગલમાં તને વાત કરતાં કોઇએ શીખવ્યું લાગતું નથી. તું બોલતો નથી માટે તને વાત આવડતી લાગતી નથી. માટે હું વાત કરૂં તું સાંભળીશ અને હોંકારો પુરીશને ? કમળ શેઠના પુત્ર જેવું તો નહીં કરીશને ?

## ધર્મરહિત પુત્ર.

કમળ શેઠને પુત્ર હતો. તે પુત્ર બધી વાતે બાહોશ, પણ ધર્મના પગથીયે બીલકુલ ન ચઢે. શેઠ વારંવાર કહે કે મારા કહેવા ખાતર મહારાજ પાસે જા. સાંભળીને છેવટે જવું પડયું તેથી તે ગયો. વ્યાખ્યાનમાં નીચું ઘાલીને બેસી રહ્યો. અને દરમાંથી કીડીઓ બહાર નીકળતી હતી તે ગણ્યા કરી. ઘેર આવ્યો બાપે

પુછયું કે શું સાંભળ્યું ? હું ત્યાં જઇ આવ્યો પણ ત્યાં ઘરમાંથી ક્રીડીઓ નીકળતી હતી તે મેં માત્ર ગણી એટલે સાંભળવામાં ધ્યાન રહ્યું નહિં. હવે આપે કહ્યું કે હવેથી મહારાજની સામું નજર રાખીને સાંભળજે. બીજે દીવસે મહારાજની સામું જોયા કર્યું પણ સાંભળવામાં ધ્યાન ન રાખ્યું. પણ મહારાજના ગળાની હાડકી ૧૦૮ વાર ઉપર નીચે ચડ ઉતર કરતી હતી તે મેં માત્ર ગણી. એમ શેઠને જવાબ આપ્યો.

## આરાધનની કસોટી.

તેવી રીતે હે ચિંતામણી ! તું કમળશેઠના પુત્રની જેમ બરાબર સાંભળીશ કે નહિં ? એમ તે રબારી ગમાર ચિંતામણીને કહે છે. મણિ મૌન રહે છે. મૌન રહ્યો એટલે મારી વાત માની. એમ ગમાર વિચારીને વાત કહે છે. અરે મણિ ! એક દેવગૃહ=દેવ મંદિર એકજ હાથ ઉંચુ હતું. પણ અંદર દેવ ચાર હાથના હતા. આમ રબારી કહે છે પણ મણિ હોંકારો પુરતો નથી, એટલે ગમાર કહેવા લાગ્યો કે તેં કથા ન કરી. હું કહું છું તેમાં હોંકારો પણ આવતો નથી. અરે તમારા માથે કેવી મોટી ફરજ આવવાની છે. આજથી ત્રીજે દહાડે હું માંગીશ તે તારે આપવું પડશે.

કેટલાક અજ્ઞાનીઓ દેવ દેવીઓની માનતા માને છે. રોગ ન મટયો તો બીજું શું મટાડશે ?, અર્થાત્ લૌકિકમાં દેવગુરૂ ફળે તો લીલા લહેર, નહીંતર ફાવ્યા નહિં, ગણે છે એટલુંજ નહિં પણ તે આરાધના પડતી મૂકે છે. આપણે રબારીને હસીએ છીએ, પણ એજ સ્થિતિમાં આપણે પણ છીએ. જે દેવગુરૂ ધર્મના આરાનમાં સિદ્ધિ ન થઇ તો લોકોત્તર દેવગુરૂ ધર્મને પણ તેવી સ્થિતિમાં આપણે લાવી નાંખીએ છીએ. દેવગુરૂ ધર્મ એ કષ્ટથી આરાધ્ય છે. કષ્ટ વખતે તેની આરાધનાની ખરી કિંમત. લગીર કષ્ટ પડે તો આપણે દેવગુરૂ ધર્મને પ્રથમ છોડીએ છીએ.

## રત્ન ફેંકનાર રબારી.

આપણે બધાએ ધર્મને સાવકા છોકરા જેવો ગણ્યો છે. કાર્ય સિદ્ધિ માતાની જેમ થાય ત્યારે ઓરમાન છોકરાનું બોતાણું કાઢે. હવે રોષાયમાન થઇ ગમાર ચિંતામણિને કહે છે તારૂં નામ ચિંતામણિ કોણે પાડયું ? તારૂં નામજ બોટું છે. કદી સાચું હોય તો ચિંતા ઉભી કરનાર મણિ. ચિંતા રૂપજ મણિ જ્યારથી મારા હાથમાં તું આવ્યો ત્યારથી મને ચિંતા થઇ છે. અરે ચિંતા કરીને રહેવાવાળો હોય તો અડચણ નથી. આ તો ચિંતા દ્વારા મને મારવાનો તેં રસ્તો કર્યો છે. રાણ અને છશ વગર ક્ષણવાર જીવી ન શકું એવો હું ત્રણ દીવસ ખાઉં નહિં. હું મરી જઉં કે બીજું કંઇ ? માટે આ તો મરવાનો ઉપાય પેલા વાણીયાએ બતાવ્યો છે. એ વાણીયાએ માંગ્યું તે મેં ન આપ્યું તેથીજ મને મારો નાંખવાનો આ પ્રસંગ રચ્યો જણાય છે. પણ હું એવો કાચો નથી કે વાણીયાના કહેવાથી ત્રણ દીવસ લાંઘણ કરૂં. આ ચિંતા કરાવનાર હોવાથી અહીંથી એવી જગો પર ફેંકી દઉં કે ફરીથી મારો નજરે પણ ન પડે. એમ કહી રબારીએ રત્નને બહુજ દૂર ફેંકી દીધો.

## એકની રીસ એજ બીજાને સંતોષનું કારણ.

હવે વહુની રીસ અને સાસુનો સંતોષ ગમારે જોયો મણિ ફેંકયો કે જયદેવ તે મણિ પાસે તરત ગયો. અને દેખી પૂર્ણ હર્ષ પામ્યો.

પહેલા જે હસ્તિનાપુર નગર, પહાડ, પર્વત, ખાણો, બંદર અનેક જગોપર ફરીને ભૂખ તરસ વિગેરે દુઃખ પરિશ્રમ વેઠયા, તે અહીં સફળ થયા એમ તેણે ગણ્યા. મણિ પાસે જઈને પહેલા નમસ્કાર કર્યો. અને પછી હાથમાં લે છે. હવે જયદેવ ચિંતામણી રત્ન પામી પોતાના નગર તરફ પ્રયાણ કરે છે. માર્ગમાં અનેક સંકટોનો સામનો કરતો કરતો પોતાના નગરમાં નિર્વિઘ્ને પહોંચી જાય છે. સારી જગ્યામાં વસવાટ હોય ઘેર કોઈ ભાગ્યશાળી આત્માના પગલાં થાય, અગર કોઇ ઉત્તમ ગાય, બળદ, અશ્વ કે હાથી કે સુંદર લક્ષણ વાળું રત્ન આવી જાય તો ઘરની જોહોજલાલી થાય. સામાન્યકાળમાં ઉદય થાય તો પછી ચિંતામણિ જેવી વસ્તુ હાથમાં આવી જાય પછી શું કહેવું? રીસાયલા રબારીએ ચિંતામણિ રત્ન ફેંકયો પણ જયદેવને તો સંતોષનું કારણ થયું.

## પુણ્યોત્કર્ષની અજબ લીલા.

ઘેર આવ્યા પછી જે માતાપિતા એક વખત પરદેશ જવાની ના પાડતા હતા, ચિંતામણી જેવી વસ્તુજ નથી, માત્ર શાસ્ત્રમાં કલ્પના ગોઠવી છે; એવું કહેનારા માતાપિતા રત્ન દેખીને આનંદ પામ્યા. પુત્રને આશીર્વાદ આપવા લાગ્યા, અને ઘરમાં વૈભવાદિ વૃદ્ધિ પામવા લાગ્યા.

હવે માતાપિતા તે પુત્રનું લગ્ન કરવા માટે યોગ્ય કન્યાની શોધ કરે છે. એજ નગરના એક ધનવાન શેઠની રત્નવતી નામની કન્યાની સાથે વિવાહ કર્યો. ઠાઠ માઠથી લગ્નોત્સવ કર્યો. એમ કરતાં શેઠને ત્યાં પુત્ર પૌત્ર પરિવાર વૃદ્ધિ પામ્યો. વેપાર રોજગાર પણ વધવા લાગ્યો. દેશ પરદેશમાં કીર્તિ પુષ્કળ વધી. આટલું છતાં જયદેવ દરરોજ માતાપિતાનો વિનય નમસ્કાર સેવા-ભક્તિ ચુકતો નથી. હવે એજ માતાપિતા હર્ષપૂર્વક હમારા કૂળનો દીપક વીગેરે વિશેષણોથી નવાજવા લાગ્યા, અભિનંદન અને આપ્યું. દીન પ્રતિદિન સંપત્તિ સાધન અને આનંદ વૃદ્ધિ પામ્યા. ખરેખર પુણ્યોત્કર્ષનો અજબ લીલા છે.

## દીક્ષાની જડમાં ધર્મ છે.

બગીચો તૈયાર કર્યો હોય ત્યારે તો મહેનત પડે છે. પરંતુ ફળ ખાવા બધાં આવે છે. દીક્ષા થાય ત્યારે સંબંધ વગરનાને પણ કડવી લાગે છે. કયા ગામવાળાને ગુરૂ=સાધુ નથી જોઈતા. હમારા ગામમાં ચોમાસું પધારો આમ આગ્રહ પૂર્વક વિનંતિઓ સાધુઓને કરાય છે, છતાં થતા સાધુ નથી જોઇ શકાતા. પરંતુ તૈયાર થયેલા સાધુઓ માટે જોરદાર વિનંતિઓ કરો છો. છોકરાને ડરાવો છો તે કેવી રીતે? સાપ, ઘો, વીંછી નામે છોકરાને નથી ડરાવતા. બાવા આવ્યા કહી છોકરાને ડરાવો છો. એજ છોકરા જ્યારે ભણી ગણી હોંશીયાર થાય ત્યારે હમારૂં કૂળ અજવાળ્યું. જન્મ આપતી માતાનું દુઃખ જોઇ શકતા નથી પણ છોકરાને રમાડવા સહુ કોઇ તૈયાર છે. તેમ દીક્ષા લેતી વખતે કુટુંબના કલેશને કેટલાકો આગળ કરે છે, પણ જ્યારે સાધુ શાસન પ્રભાવનાના કાર્યોમાં જીવન અપનાવે છે ત્યારે તો સહુ કોઇ દેખી આનંદ પામે છે. કહેનારા કહે છે કે ખરેખર માતાના પેટે રત્ન પાકયો. છતાં કુટુંબીઓ દીક્ષા પાછળ કલેશ કરે તો પણ તેની જડમાં ધર્મ છે. પણ ફોગટીઆના નશીબમાં તો હાથ ઘસવાના છે. વજસ્વામીની માતાએ રાજ-

દરબારમાં ફરીયાદ કરી. છેવટે પુત્રે તો દીક્ષાજ લીધી. માતાએ વિચાર કર્યો કે પતિએ દીક્ષા લીધી અને પુત્રે પણ લીધી. હવે મારે કોના માટે સંસારમાં રહેવું એમ કરી માતા જે કલેશ કરનાર હતી, તેણે પણ દીક્ષાજ લીધી. ફોગટીયા દીક્ષામાં વિરોધ કરનારાને માત્ર દીક્ષાનો દ્વેષ છે. તેના કુટુંબીની દયા કે લાગણી નથી. જો લાગણીજ હોય તો કેટલાને મદદ કરી. લગ્ન કરવા જાય ત્યારે ચાર બારેક માટે ગાળાગાળી બોલનારી વેવાણો જમતી વખતે એક પાટલે બેસી જમશે. એજ સાધુ માંદા થાય ત્યારે કલેશ કરનારા કુટુંબીઓ તરત દોડતા આવશે, માવજત કરશે, પણ પેલા મફતીયા કલેશ કરનારા કોઈ તપાસ પણ કરવા આવતા નથી.

હવે તમામ સગાંવહાલા સ્વજનો બહુમાન કરવા આવે છે. જયદેવની સમૃદ્ધિ દેખી સાબાપ સ્વજનો નગરના લોકો અંતઃકરણથી પ્રિતિ બહુ માન કરવા લાગ્યા. દેખાડવા માટે કે ખુશામત ખાતર નહિ. વરને વરની માએ વખાણ્યો તેમાં શી નવાઇ ? તેમ નથી, પણ ખુલ્લે મોઢે આખા નગર લોકોએ પ્રશંસા કરી. અને અંતે જીવન પર્યંત શબ્દરૂપ રસ ગંધ સ્પર્શના સુંદર ભોગો અને ભોગના સાધનનું ભાજન બન્યો. અર્થાત્ પૂર્ણ ભોગી બન્યો. આ પ્રમાણે પશુપાળ અને જયદેવની ચિંતામણી રત્ન વિષયક દૃષ્ટાંત કહ્યું. પણ દૃષ્ટાંત કહેવાનો શાસ્ત્રકારનો અભિપ્રાય કયો છે, તેમજ આ દૃષ્ટાંતથી આપણે શું ઉપનય સમજવાનો છે તે હવે આગળ વિચારીએ.

## કાર્યસિદ્ધિના અભિલાષિઓને.

શ્રેયસ્કર કાર્યો વિઘ્નોથી ભરપૂર વીંટાયલા હોય છે. કલ્યાણકર કાર્યો કરનાર વિઘ્નોના વંટોળીઆઓથી મુંઝાય તે સ્વપ્ને પણ કાર્ય સિદ્ધિ કરી શકતો નથી. ધનવાનને ઘેર ધાડ-પાડુઓની ધાડ પડે છે તેવી રીતે ધર્મને અનુસરતી શુભ કાર્યવાહી કરનારને ત્યાં વિઘ્નો-રૂપી લુંટારૂઓ ધર્મધન લુંટવા આવે છે માટે સાવધ બનવું. પરંતુ વિઘ્નના ભયથી આરંભાતું અગર આરંભેલ શુભ કાર્ય વિવેકિયોએ છોડી દેવું નહિં.


## સાહિત્ય-રસિકો માટે.

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી બોધતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "**શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**" કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. **ઝવેરી જમનાદાસ મોનજી.**
ઠે૦ બુલીયન-એક્ષચેંઝ, **મુંબાઇ** નં. ૨.

૨. **ઝવેરી પાનાચંદ રૂપચંદ.**
ઠે૦ ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ **મુંબાઇ** નંબર ૩.

૩. **શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.**
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી ઉજ્જૈન, માલવા.

૪. **શા. નેમિચંદ તારાચંદ.** ૪૦૭ કોટન એકસચેંજ, કાલબાદેવી રોડ, **મુંબાઇ** નં. ૨.

૫. **શ્રીમેઘરાજ-જૈન-પુસ્તક ભંડાર.**
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, **મુંબાઇ** નં. ૩

૬. **શ્રીસરસ્વતી-પુસ્તક-ભણ્ડાર,**
**પં. ભૂરાલાલ કે. શાહ,**
ઠે૦ હાથીખાના, રતનપોળ-**અમદાવાદ.**

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

**નોંધ:**—આ 'શ્રીવર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. લેખક:-**પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીવર.** **તંત્રી.**

[ લેખાંક ૯ મો ]

ગતાંકથી ચાલુ—

ઉપરની પ્રથમ ભાવના અને ત્રીજી ભાવના ગુજરાતી પદ્યમાં હોવાથી ભાવ સરલ છે. તે ભાવનામાં અનુક્રમે મૂલ અને પાયાની જરૂરીઆત. અતિ આવશ્યકપણે રવીકારી છે, તે સમજાવવું પડે તેમ નથી. શ્રદ્ધાનાં નિર્ણય માટે શ્રદ્ધાની ઉત્પત્તિ, ટકાવ, વૃદ્ધિ અને ફલપ્રાપ્તિ માટે શાસ્ત્રકારોએ શ્રદ્ધાની તરતમતાને દર્શાવવા પૂરતી શ્રદ્ધાને છ વિભાગમાં વહેંચેલી છે. જે સ્થલે શ્રદ્ધાને સમ્યક્ત્વના નામથી, પ્રતીતિ કે રૂચિ નામથી સંબોધેલી હોય તે સ્થળે તો શ્રદ્ધા સમ્યક્ત્વ પ્રતીતિ રૂચિ વગેરેમાં ફરક માલુમ પડતો નથી, અર્થાત્ તે બધા શ્રદ્ધાના પર્યાયો છે. પરંતુ શબ્દના ભાવાર્થ અને તાત્વિક રહસ્યમાં ઉતરીએ છીએ ત્યારે તો એકજ સ્થળે વપરાયેલા શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ શબ્દોની વહેંચણી કરવામાં મુંઝવણ ઊભી થાય છે. સૂત્રકાર ભગવંતો અલ્પાક્ષરમાં સૂત્રની રચના કરે છે. માત્રાદિ પડતી હોય ત્યાં વધારવાનો આશય હોતો નથી, તો પછી શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ વિગેરે પર્યાયવાચક એક સરખા શબ્દો કેમ ગોઠવાઈ ગયાં હશે ? આ શંકાના સમાધાનમાં સમજવાનું એ છે કે-એકજ સ્થળે ગોઠવાયલાં આ શબ્દો પૂર્વના શબ્દો કરતાં પછીના ઉત્તરોત્તર વપરાયેલાં શબ્દો ચમત્કારવાળા તારતમ્યતા-દર્શક છે જ્યારે આપણે શ્રદ્ધા અને પ્રતીતિમાં કેટલું અંતર છે ? પ્રતીતિ અને રૂચિમાં કેટલું અંતર છે ? રૂચિ થયા પછી સમ્યક્ત્વનું સ્પર્શન, પાલન અને અનુપાલન શબ્દોની શી જરૂરીયાત અને વ્યવસ્થા છે ? આ બધું શંકા સમાધાન અને યુક્તિપૂર્વક વાંચન-મનન-પરિશીલન પૂર્વક સમજશે ત્યારે વાંચનારને ખાત્રી થશે કે ક્રિયાના અમોઘ ફલરૂપ સુર-નરસંપત્તિઓ અને ફલરૂપ મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થાય છે. મેલ-વનારાઓ અનુક્રમે શ્રદ્ધા-પ્રતિતિ-રૂચિમાં આગલ વધીને સ્પર્શન-પાલન-અનુપાલનમાં કેવી રીતે ઉત્તીર્ણ થાય છે, થયાં છે અને થશે એ બધો પ્રસંગ હવે પછીના પ્રકરણોમાં વિસ્તારથી સમજાવવામાં આવશે.

શ્રદ્ધા અને રૂચિની તરતમતા અને અંતરનું દિગ્દર્શન શ્રી નવપદજીના નવે પદની ઢાલમાં છઠ્ઠા દર્શન પદની ઢાલમાં ન્યાયાચાર્ય શ્રીમદ્ ઉપાધ્યાય શ્રીયશો-વિજયજી જણાવે છે:—

**'जिणुत्तत्ते रूइलक्खणस्स, नमो नमो निम्मलदंसणस्स"**

* * *

**जे अनुपा श्रद्धा धर्म प्रगटे सयल परइहा टले,**
**निज शुद्ध सत्ता प्रगट अनुभव करण रुचिता उछले।**
**बहुमान परिणति वस्तु तत्त्वे अहव तसु कारणपणे,**
**निज साध्य-द्रष्टे सर्व करणी तत्त्वत्ता संपति गणे॥**

* * *

**ભાવાર્થ**:—જિનેશ્વર ભગવંતોએ કથન કરેલ તત્વ વિષયક રૂચિને નિર્મલ દર્શન અર્થાત્ સમ્યક્ત્વ કહે છે. ઉપમા ન આપી શકાય એવો શ્રદ્ધા ધર્મ પ્રગટ થવાની સાથે સકલ પર પૌદ્ગલિક ભાવ સંબંધી ઈચ્છા (અર્થ કામના સંકલ્પ-વિકલ્પ, મનોરથ આશા વિચારો ને તરંગો તે બધા ઈચ્છાના ભેદો છે.) ટલે છે=દૂર થાય છે. આત્મિક-શુદ્ધસત્તાના આવિર્ભાવ થયેલ અનુ-ભવથી રત્નત્રયીના અનુષ્ઠાનો અને દાન-શીયલ-તપ-ભાવના અનેક વિધ અનુષ્ઠાનો કરવાનું રૂચિપણું સમુદ્રમાં આવતી ભરતીના તરંગની જેમ ઉછળ્યા કરે છે. અનુષ્ઠાનનું સેવન ઓછાવત્તા પ્રમાણમાં થાય પરંતુ સર્વજ્ઞકથિત તાત્વિક-પદાર્થ-વસ્તુ પ્રત્યે, અથવા તે તે

પદાર્થની પ્રાપ્તિના સર્વ સાધન અને કારણાદિ પ્રત્યે અત્યંત બહુમાન ઉઠયા જ કરે છે.

સાધ્યની ચોખવટ થયેલ હોવાથી અને પાણી ભરનારી બાઇની નજર પાણીના બેડા ઉપર ઠરી હોય તેમ સાધ્ય તરફ નજર રાખનારાઓ જે જે કરણી કરે છે, તે તે સર્વ કરણીને અવિનશ્વર ભાવની તાત્ત્વિક સંપદાઓજ સમજે છે.

આ ઉપરથી અનુપ શ્રદ્ધાના આવિર્ભાવમાં થયેલ કરણરૂચિતાને સમ્યક્ત્વ કહે છે. શ્રદ્ધારૂપી અમૃત-અબ્ધુનિધિમાં પ્રવેશ કરનારાઓને રૂચિપદ પ્રાપ્તિમાં કેટલા વિઘ્નો અને અંતરાયો છે, મુશ્કેલી અને મહેનત છે તે વિચારવા આગલ વધીએ.

## શ્રદ્ધા અને પ્રતિતિનું પારમાર્થિક રહસ્ય.

શ્રદ્ધાના નામ માત્રથી શ્રદ્ધાપૂર્વક સમજ આવી ગઇ છે એ સમજતાં પહેલાં આ પ્રકરણનું વાંચન, મનન અને પરિશીલનપૂર્વક વિચારવું યોગ્ય ગણાશે. કોર્ટમાં વાદી, પ્રતિવાદી, વાદીના સાક્ષીઓ અને પ્રતિવાદીના સાક્ષીઓ "ઇશ્વર માથે રાખી સાચું બોલીશ" આ વાકય અર્થાત્ આવાજ ભાવવાળાં વાકયને ઉચ્ચારે છે. કોર્ટના પિંજરામાં ગંગા, વિષ્ણુની મૂર્તિ, રામાયણ-ભારત આદિ લઇને ઇષ્ટદેવના સોગન ઉચ્ચારનારાઓને તે વચન બોલવા પૂરતી શ્રદ્ધા છે કે બોલતા વચનનાં અર્થ પરમાર્થ ઉપર શ્રદ્ધા છે ? કહેવું પડશે કે એવાં વચન ઉચ્ચારાઓને બોલવા પૂરતી શ્રદ્ધા છે. બોલવામાં અને આદરવામાં જમીન અને આભ જેટલું અંતર છે. સમજે છે કે કોર્ટના બારણે ચઢયા પછી કોર્ટના રિવાજ પ્રમાણે બોલવું પડશે. પરંતુ બોલવા માત્રથી સત્યજ બોલવું એમ નથી, એમ સમજીનેજ બોલે છે. સાચું બોલવા બેસીશ તો કેશ હારી જઇશ, તેથી એવું સાવધાનીથી બોલવું કે જુઠા હોવાલો પણ સાંભળનારને સાચા સમજાય. આ એક પ્રસંગ નહિં પણ વેપારમાં લેવડ દેવડમાં, કોલકરાર કરવા, કરાવવામાં, ઇન્કમટેક્ષની પતાવટમાં, ઝઘડાની પતાવટમાં અને સુલેહ—શાંતિની સમાધાની વિગેરેમાં લગભગ બોલવા પૂરતી શ્રદ્ધા અને વિશ્વાસ રહ્યા છે. પરંતુ બોલનારના હૃદયમાં પેસીને તપાસતાં આવડે તો શ્રદ્ધા-વિશ્વાસના નામે ઠામ ઠામ મહા અનર્થ માલમ પડે તેમ છે.

શ્રદ્ધા અને વિશ્વાસના નામે ઠગવાની કારમી કરામતમાં જગત્ કેટલું પાવરધું બન્યું છે, એ સમજાવવો પડે તેવો વિષય નથી. જે પદાર્થને કિંમતી કહે છે, માને છે, સમજે છે, અને સમજાવે છે તે પદાર્થની પ્રતિતિ છે કે નહિ તે પ્રથમ તપાસવું. પ્રશ્ન કરનાર કહેશે કે શ્રદ્ધા-પ્રતિતિ અને રૂચિ પર્યાયવાચક શબ્દો છે ? તમે તે પર્યાયવાચક શબ્દો જુદી રીતે કેમ પ્રતિપાદન કરો છો ?; તમારી પાસે પ્રતિપાદન કરવાને કોઇ આધાર છે ? આ પ્રશ્ન કરનારાઓએ શ્રી ઉપાસકદશાંગ દેખવું જરૂરી છે. તેથી જ વિશેષે કરીને આ પ્રસંગમાં સમ્યક્ત્વને સ્વીકારનારા ભગવાન્‌ના દશે શ્રાવકો મિથ્યાત્વને છોડે છે અને સમ્યક્ત્વને સ્વીકારે છે. તે અવસરે "સદ્દહામિણં ભંતે ઇણમેવ નિગ્ગંથં પાવયણં, પત્તિઆમિણં ભંતે ×××રોએમિણં ભંતે ××××" આદિ છ આલાવા બોલે છે. આ છ આલાવાની તરતમતાને પીછાણવામાં આવે તો વાંચનારો બુદ્ધિપૂર્વક જરૂર સમજી શકે છે કે શ્રદ્ધા આવ્યા પછી પ્રતિતની જરૂર છે. જૈન કુળમાં જન્મેલ બાળક કુલાચારથી સંન્યાસીને નમતો નથી, કારણ કે તે કહે છે કે આ મારા ગુરૂ નથી. એવામાં સંવેગી જૈન સાધુ આવે તો નમન કરે છે અને કહે છે કે આ મારા ગુરૂ છે. અને પર્યુષણાદિને પોતાના તહેવાર માને છે. આ સ્થળે કુલાચારથી શ્રદ્ધા છે પણ પ્રતીતિ નથી. બળેવ, નોરતાને પોતાનો તહેવાર માનતો નથી. પ્રતિતિ થયા પછી પણ રૂચિની જરૂર છે. રૂચિ થયા પછી પણ સ્પર્શન-પાલન અને અનુપાલનની અવશ્યમેવ જરૂર છે.

(અપૂર્ણ.)

# શ્રીવિંશતિ-વિશિંકા-સારાંશઃ

( ગતાંકથી ચાલુ )

આ પ્રમાણે ધર્મના ક્ષમાદિ ચારે પ્રકારોને વિભાગશઃ જણાવ્યા બાદ હવે તપનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

આ લોક અને પરલોકના ફળની અપેક્ષા રાખ્યા વગર અણુ અણુસાદિ બારે પ્રકારના વિવિધ અનુષ્ઠાનો છે, કે જેનું સેવન કરવાથી શુદ્ધ નિર્જરા ફલ ઉત્પન્ન થાય છે અને તે તપો ધર્મ જાણવા લાયક છે. ગાથા ૯.

પ્રાણાતિપાત પાંચ આશ્રવદ્વારનો નિરોધ, પાંચ ઇન્દ્રિય, ચાર કષાય અને મન, વચન-કાયા એ ત્રણ દંડનો નિગ્રહ એ સત્તર પ્રકારનો સંયમ પ્રેક્ષાદિ યોગ કરણ, અર્થાત પ્રતિ-લેખનાદિ દશવિધ-ચક્રવાલ સમાચારીપૂર્વક સેવન કરવું તે સર્વ સંયમ ધર્મ જાણવો. ગાથા ૧૦.

ગુરૂ ભગવંતો અને સૂત્રાર્થ રહસ્ય પૂર્વક પોતાના શાસ્ત્ર સિદ્ધાન્તથી અનુજ્ઞિત હોય, હિતકર, પ્રમાણોપેત અને બીજાને પીડા કરનાર ન હોય એવું પ્રિયકર જે બોલવું તેનેજ નિશ્ચયથી સત્ય ધર્મ જાણવો અર્થાત આવો સત્ય ધર્મ યતિવર્યોને હોય છે. ગાથા ૧૧.

આલોચનાદિ દશ પ્રકારના પુનીત જલથી પાપરૂપી પંકને વિધિપૂર્વક શોધવું તે દ્રવ્ય-શૌચ છે, કે જે દ્રવ્ય શૌચથી યુક્ત હોય તે શૌચ યતિજનોને પ્રશંસનીય છે. સંવરની સર્વ કરણીઓને દ્રવ્ય શૌચ અને નિર્જરાની કરણીને ભાવ શૌચ પણ એક સ્થળે જણાવેલો છે. ગાથા ૧૨.

પક્ષીઓ જેમ પોતાના જીવન નિર્વાહ માટે મેળવીને સંતોષ પામે છે તેવી રીતે પક્ષીની ઉપમાને અનુસરવાવાળા યતિવર્યોએ ધર્મોપકરણને વિષે અત્યંત લોભનો ત્યાગ કરીને અર્થાત સંતોષ ધારણ કરીને વસ્તુનું અગ્રહણ તે અકિંચન નામનો ધર્મ કહેલો છે. ગાથા ૧૩.

મનમાં વર્તતા બ્રહ્મચર્યના વિશુદ્ધ વિષયના વિચારોમાં જે મૈથુનસંજ્ઞાના વિજય વડે અને પાંચ પ્રકારની પરિચારણા (કાય-સ્પર્શાદિ પાંચ પ્રકારે અબ્રહ્મનું સેવન કરવું તે)ના ત્યાગથી જે બ્રહ્મ થાય છે તેનેજ શાસ્ત્રકારોએ અતિ વિશુદ્ધ બ્રહ્મચર્ય ધર્મ કહેલો છે. કાય, સ્પર્શ, રૂપ, શબ્દ તથા મનથી અહીં મૈથુન વિષયમાં પાંચ પ્રકારના પ્રવિચાર છે. આ પાંચ પ્રકારના પ્રવિચારમાં પરાધિન પડેલા આત્માને રાગથી મૈથુનનો સંબંધ મોહોદયે કરીને થાય છે, તે સર્વને શાસ્ત્રકારો રતિફલ કહે છે. એના અભાવમાં અર્થાત આ પાંચે પ્રકારના પ્રવિચારના અભાવમાં પણ અનુ-ત્તર વિમાનાવસિયોને બ્રહ્મચર્ય ધર્મનું સેવન થતું જ નથી, કારણ કે બ્રહ્મચર્યના પાલનમાં માનસિક વ્યાપાર નથી અને મનોવૃત્તિના અદ્વિ-તીય કારણ ભૂત વિશુદ્ધ આશયનો અભાવ છે. બ્રહ્મચર્યને ધારણ કરનાર તીર્થંકર ભગવન્તોએ સર્વ અનુષ્ઠાનોમાં શ્રેષ્ઠપણે બ્રહ્મચર્યને વર્ણવેલું છે, અને તેથી તે બ્રહ્મચર્ય વિષયક ક્ષયોપશમ અને માનસિક વ્યાપાર=મનોવૃત્તિ તેમાં=બ્રહ્મ-ચર્યમાં હોય છે. ઉપર કહ્યા પ્રમાણે અતિ વિશુદ્ધ આશય યુક્ત જે કોઇ નિશ્ચય કરીને મનનો નિરોધ કરે છે તેને પણ શાસ્ત્રમાં પર-માર્થથી યથાર્થ બ્રહ્મ કહેલું છે. જુઓ ગાથા. ૧૪-૧૫-૧૬-૧૭-૧૮.

આ રીતિએ શાસ્ત્ર કથિત યુક્તિઓને અને સૂત્રાર્થ રહસ્યને નીતિથી પંડિત પુરૂષોએ વિચારવા લાયક છે. એટલુંજ નહિં પણ સ્વ-સમય-પરસમય સંબંધવાળો સર્વ સૂત્રાર્થ મોક્ષના અભિલાષીઓએ વિચારવા લાયક છે. ગાથા ૧૬.

શ્રુત-સિદ્ધાન્ત રૂપ શાસ્ત્રોમાંથી સંક્ષેપ રૂપે અતિ મહાન્ અર્થથી ભરપૂર એવો આ યતિધર્મ મન્દ-બુદ્ધિવાળા જીવોને બોધ કરવાને માટે અસદ્ગ્રહ-આગ્રહથી રહિતપણે વર્ણન કર્યો છે. ગાથા ૨૦.

## ૧૨. શિક્ષા-વિંશિકા.

યતિ-ધર્મમાં સ્થિત થયેલ આ યતિવર્યોને બે પ્રકારની ગ્રહણ શિક્ષા અને આસેવન-શિક્ષા જાણવા લાયક છે. પ્રથમ ગ્રહણ શિક્ષા સૂત્રાર્થ વિષયરૂપી અને બીજી અનુષ્ઠાનના વિષયવાળી છે. ગાથા-૧.

જેવી રીતે ચક્રવર્તીને છ ખંડનું સામ્રાજ્ય મેળવીને તુચ્છ-ક્રિયાને વિષે અર્થાત્ તુચ્છ ક્રિયાઓના સેવનની બુદ્ધિજ થતી નથી. તેમજ આ યતિવર્યને ધર્મ-સામ્રાજ્ય પામ્યા પછી તેમને પણ ક્ષુદ્ર ક્રિયામાં રસ થતોજ નથી. ગાથા-૨.

જેમ ચક્રવર્તીને રાજ્ય પાળતાં કાળ સુખપૂર્વક જાય છે તેવી રીતે આ પુણ્યવાન્ સાધુને પણ સમ્યક્ પ્રકારે બન્ને શિક્ષાના સેવનમાં કાળ સુખપૂર્વક નિર્ગમન થાય છે. ગાથા-૩.

તેથી નિરૂપમ સુખના હેતુ સ્વરૂપ આ બંને શિક્ષાને અર્થાત્ આ બંને શિક્ષાને પ્રધાનદુગપણે જાણવી. અહીંઆ પણ અર્થાત્ આ ભવમાં ઐહિક સુખ-સંજોગ સાધનની અનુકુળતા, ભવાન્તરમાં દેવપણું અને પરંપરાએ પ્રશમસુખની પ્રાપ્તિ થાય છે. ગાથા-૪.

મૃગેન્દ્રવૃત્તિને ધારણ કરવાવાળા સિંહ સમાન શ્રમણ ભગવંતોને શિક્ષાદુગના સેવનમાં જે પ્રીતિ થાય છે, તેવી રીતે હાથી ઘોડે ચક્રવર્તીઓને પણ નિશ્ચય કરીને નિયમા પોતાના કાર્યમાં પ્રીતિ થતીજ નથી. ગાથા-૫.

જે યતિવર્ય પરમ મંત્રરૂપ સૂત્રને ભાવ-પૂર્વક વિધિપુરસ્સર ગ્રહણ કરે છે, તેવા યોગ્ય આ યતિવર્યને પણ પ્રાપ્ત થયેલ યતિ-ધર્મ રૂપ બીજને નવપલ્લવિત કરવામાં મધુર પાણીના જોગ સરખો આ યોગ છે. ગાથા-૬.

સૂત્રગ્રહણના યોગ્ય પર્યાયને પામીને સાધુઓ કાલ ગ્રહણાદિ યોગના અનુષ્ઠાન વડે સુગુરૂઓ પાસેથી ઉદ્દેશ અધ્યયનાદિ અનુક્રમ-યુક્ત સૂત્ર ગ્રહણ કરે છે તેને ગ્રહણ વિધિ અર્થાત્ ગ્રહણ શિક્ષાનો પ્રકાર કહે છે. ગાથા-૭.

આ સૂત્રની દાનવિધિમાં વિશેષે કરીને સૂત્રનો દાતા ગુરૂ હોય અથવા ગુરૂ મહારાજથી આદેશ કરાયેલો કોઈ પણ અખંડ ચારિત્ર યુક્ત સૂત્રનો દાતાર હોય. ગાથા-૮.

અનુક્રમે તે તે સૂત્રના અર્થ ગ્રહણમાં પણ આ વિધિ જાણવો, અને તેવી રીતે જીવના પરિણામ અને પર્યાયની યોગ્યતા પણ સમજવી અર્થાત્ સૂત્ર ગ્રહણ વિધિ પ્રમાણે સમજવી. સૂત્રાર્થ ગ્રહણ પૂર્વે મંડળી=જે સ્થળે સૂત્રાર્થ ગ્રહણ કરાય તે સ્થાન) નો કાળે કાઢી બે નિષદ્યા=ગુરૂ અને સ્થાપનાચાર્યને બિરાજમાન કરે, અને શિક્ષાને અનુસરે. વંદન, કાયોત્સર્ગ, દ્વાદશાવર્ત વંદન, યથાજ્યેષ્ઠવંદન, ઉપયોગ, સંવેગરંગમાં ઝીલવું, સ્થાન, પ્રશ્ન; ઇત્યાદિને પણ વિવેક પૂર્વક વિચારવું. સૂત્રાર્થમાં કહ્યા પ્રમાણે

જેવી જેવી રીતે આસેવન કરવાનું કહ્યું છે તેવી તેવી રીતે આસેવન કરે અને ગ્રહણ શિક્ષા પૂર્વક ઉચિતતા પ્રમાણે સમસ્ત ઉપધિનું પ્રતિલેખનાદિ પણ કરે. જુઓ ગાથા ૯-૧૦-૧૧-૧૨.

પ્રતિપત્તિરહિત જીવોને=આસેવન શિક્ષા રહિત જીવોને નિશ્ચયે કરીને સૂત્ર માત્ર અર્થાત્ સૂત્રાર્થ માત્ર ઉપકારક થતાં નથી, કારણ કે જેવી રીતે રોગીનો રોગ ઔષધના શ્રવણથી અર્થાત્ ઔષધના શ્રવણ ગ્રહણ માત્રથી નાશ પામતો નથી, પરંતુ સેવનથી નાશ પામે છે. તેવી રીતે આસેવન શિક્ષાનું રહસ્ય વિચારવું. કલ્યાણનો અર્થી આ આત્મા સૂત્રાર્થથી પરિણામને વિચારવા પૂર્વક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સર્વ આચરે છે. કહેવાતો સત્ય ભેદ-અર્થાત્ કહેવાતો સત્ય પ્રકાર પણ જો મોક્ષ માર્ગને બાધક હોય તો તે અયોગ કહેવાય છે, અને આવો અયોગ નિયમે કરીને દારૂણ-વિપાકને દેવાવાળો થાય છે, કારણ કે પાક (શતપાક-સહસ્રપાક) ક્રિયાને અનુસરતું સુપ્રસિદ્ધ દૃષ્ટાન્ત જેવી રીતે અહીં ઘટી શકે તેમ વિચારવું; અર્થાત્ કહ્યા પ્રમાણે ન કરતાં ઉલટું સુલટું કરવાથી લાભને બદલે નુકશાન થાય છે. આ સ્થળે કહેલ દૃષ્ટાન્ત ઉપનયાદિ વિંશતિ વિંશિકા રહસ્યમાં વિસ્તારથી વિવેક પૂર્વક જણાવ્યા છે માટે અર્થિઓ તે અવસરે વિચારવા ધ્યાન રાખવું. ગાથા ૧૩-૧૪.

જેવી રીતે રોગ નાશ પામે તેનો તાલાવેલીમાં તલ્લીન થયેલ રોગીને દુષ્કર એવી ચિકિત્સાદિ ક્રિયાઓ પણ સુખના હેતુભૂત થાય છે. તેવી રીતે અહીં યતિધર્મમાં યતિ વર્યને નિશ્ચયે કરીને આસેવન શિક્ષા પણ સુખને માટે થાય છે. ગાથા ૧૫.

આસેવન શિક્ષામાં ઓતપ્રોત થયેલા આવા મુનિવર્યનું જે સમ્યગ્જ્ઞાન તે નિશ્ચયે કરીને તત્ત્વસંવેદન જ્ઞાન કહેવાય છે, અને આથી બીજા દર્શનકારોએ પણ આ પ્રસંગમાં ઋષિભાષિત વિદ્ય-વૈદ્ય-સંવેદ્ય આદિ પદોથી સંબોધેલા છે. ગાથા ૧૬.

આવા સાધુ ભગવન્તોને (યતિધર્મમાં) નિશ્ચય રીતે પ્રીતિ અને પછી ભક્તિ થાય છે. અને તે પછી આગળ માત્ર હેતુ છે જેમાં તેને વચન અનુષ્ઠાન કહેવાય છે, તથા અનન્તર એકાન્ત=કોઇના પણ આલંબન વગર થતું અનુષ્ઠાન તે અસંગ અનુષ્ઠાન થાય છે. યતિઓને ઉપર જણાવેલાં ચારે અનુષ્ઠાનો બીજાઓએ પણ વર્ણવ્યાં છે, અને તે નિશ્ચયે કરીને પ્રીતિ-ભક્તિગત અને આગમ-અસંગગત છે. આવાં આહાર-ઉપાધિ-શય્યા વિષયમાં નિયમથી યતિ સંયમવાળો હોય છે. અને આથી સમ્યક્ પ્રકારે અનઘ=નિષ્પાપ ચારિત્રકાયવાળો થાય છે. ઉપર કહ્યા પ્રમાણેની આ શિક્ષાઓનું સેવન નહિં કરનારનો અગર વિરૂદ્ધ વર્તવાવાળાનો દેહ યતિધર્મના યોગ્ય લાભને પામી શકતો નથી કારણ કે યતિવર્યનો દેહ તે ધર્મદેહ કહેવાય છે. અર્થાત્ યતિના દેહદ્વારા ધર્મ થવોજ જોઇએ. જુઓ ગાથા ૧૭-૧૮-૧૯-૨૦.

## ૧૩. ભિક્ષાવિધિ-વિંશિકા.

યતિધર્મમાં સ્થિત થયેલો સાધુ ગ્રહણ આસેવન શિક્ષાનું પુનઃ પુનઃ સેવન કરનારો હોય. સાધુનો દેહ ધર્મદેહ છે અર્થાત્ સાધુના દેહથી ધર્મજ થવો જોઇએ એવું પૂર્વે જણાવી ગયા તેથી આ વિંશિકામાં સાધુઓએ પોતાના દેહનું વિધિપૂર્વક ભિક્ષા દ્વારાએ

પોષણ કરવું શ્રેયસ્કર છે. તેથી આ વિંશિકામાં યતિવર્યો માટે ભિક્ષાનું નિરવદ્ય-વિધાન કથન કરાય છે.

આ મહાનુભાવ યતિવર્યને બેતાલીસ દોષ રહિત પરિશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવો. સોળ દોષો ઉદ્ગમના અને સોળ દોષો ઉત્પાદનના છે. અનુક્રમે ઉદ્ગમના સોળ દોષ અને ઉત્પાદનના સોળ દોષ જણાવીને સંકિત આદિ એષણાના દશ દોષો જણાવે છે. અને ઉપર જણાવેલા બેતાલીસ દોષથી રહિત આહારરૂપ પિંડ ગ્રહણ કરવાની આજ્ઞા જિનેશ્વર ભગવંતોએ આપેલી છે, અને ગ્રહણ કરેલા પિંડને (આહારના) ભોગકાલે પણ સંયોજણાદિ પાંચ દોષો વર્જવા જરૂરી છે. દ્રવ્યાદિ સંયોજણાદિ પાંચ દોષને સક્ષેપથી જણાવે છે. જુઓ ગાથા. ૧ થી ૯ સુધી.

સાધુ ભગવન્તો છ કારણે આહારાદિ ગ્રહણ કરે છે. ૧ ક્ષુધાની વેદના શાન્ત કરવા માટે, ૨ વડીલોના વૈયાવચ્ચ કરવા માટે, ૩ ઇર્યાસમિતિ શોધવા માટે, ૪ સંયમ સ્થાનના સેવન માટે, ૫ પ્રાણના રક્ષણ માટે, અને ૬ ધર્મની ચિન્તવનાદિ માટેજ સાધુઓ આહાર ગ્રહણ કરે છે. વસ્ત્રાદિ પણ આધાકર્માદિક દોષથી દુષિત હોય તો પણ વિશેષે ત્યાગ કરવા લાયક છે. આથી યતિધર્મસેવનમાં યથા સંભવ દોષો થતા હોય તેની યોજના કરીને જણાવેલા જરૂરી છે. જુઓ ગાથા-૧૦-૧૧.

અહીં ભિક્ષા વિધિમાં પાત્ર ભેદથી અભિગ્રહ પ્રધાન એષણાઓ હોય છે. તે એષણા સાત પ્રકારે અને ચાર પ્રકારે પ્રકટ છે. અને બીજા પણ શાસ્ત્રથી અવિરૂદ્ધ ભેદો પણ જાણવા લાયક છે. સંસકત-અસંસકત આદિ સાત એષણાઓ અને ઉદ્દિષ્ટ આદિ ચાર એષણાઓ ક્રમશઃ નામપૂર્વક આહારની અને વસ્ત્રની પણ વીતરાગ ભગવન્તોએ પ્રરૂપેલી છે. વસતિ પણ આધાકર્માદિ દોષ રહિત મૂલ દ્રવ્યની અપેક્ષાએ પોતે તપાસીનેજ ગ્રહણ કરવી. તેથી વસતિ પણ સ્ત્રી, નપુંશક પશુ રહિત હોય તો તે શાસ્ત્રવિહિત સંપૂર્ણ શુદ્ધિવાળી જાણવી. અને બીજાને પીડા ન થાય તેવી રીતે અવગ્રહ પૂર્વક તે વસતિને શુદ્ધ જાણવી અર્થાત્ પૂર્વકથિત વિધિ શુદ્ધ વસતિ ગ્રહણ કરવી. જુઓ ગાથા ૧૨-૧૩-૧૪-૧૫-૧૬.

મમતા રહિત યતિવર્યોને નિશ્ચયે કરીને વિધિ પરિભોગથી વસતિની પણ શુદ્ધિ સમજવી. અર્થાત્ વસતિ શુદ્ધ હોય તોજ ભોગવવા લાયક છે. નહિંતર ગૃહસ્થે ગ્રહણ કરેલા ઘર જેવી વસતિ સમજવી એવી રીતે આહારાદિને વિષે ( આહાર-વસ્ત્ર પાત્ર વસતિ વિગેરેમાં ) મમત્વ રહિત યતિવર્યને ભાવથી પ્રયત્નવાળો થતાં નિયમા કરીને ધર્મ દેહના આરોગ્યપણાથી નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. આવો મુનિવર્ય આહારાદિની અશુદ્ધિને જાણે છે અને સૂત્રમાં કહ્યા પ્રમાણે આહારાદિકને વિષે પણ પિંડેષણામાં કથન કરેલ વિધિપૂર્વક નિયમોને સમ્યક્ પ્રકારે ઉપભોગવાળા થાય છે. જુઓ ગાથા ૧૭-૧૮-૧૯-૨૦

## ૧૪-તદંતરાયશુદ્ધિ-વિંશિકા.

શાસ્ત્રોના વિધિ-વિધાનને અનુસરીને કહેલી રીતિ નીતિથી ભિક્ષા ગ્રહણ કરવા નીકળેલા મુનિવર્યોને તદંતરાય=ભિક્ષાવિષયક આવો પડતાં અંતરાયોની શુદ્ધિ કેમ કરાય છે તે આ વિંશિકામાં જણાવાય છે.

ભિક્ષાએ જતો મુનિવર્ય યોગાન્તર=એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જવાની ઇચ્છાવાળો પરિશુદ્ધિને માટે ગુરૂવર્યની પાસે ઉપયોગ કરે છે. યતિવર્યોને સામીપ્યમં=નજીકમાં આ સૂત્ર-અર્થ રહસ્ય આદિનો યોગ હોય છે, અર્થાત્ સૂત્રાદિ યોગમાં તલ્લીન થયેલો યતિ દાતાર અને દેહના ઉપકારાર્થે કાલાદિની અપેક્ષાઓ વિવેકપૂર્વક ધ્યાનમાં લે છે. તેમાં પણ ભિક્ષામાં પ્રવર્તતી વખતે ભિક્ષાના અંતરાયની શુદ્ધિ માટે, માર્ગમાં વિહાર કરવા માટે, સૂત્રના યોગ માટે અને ત્રણ યોગના ઉપયોગમાં સ્થિર રહેવા માટે ગુરૂ વર્યોની આજ્ઞા માંગે છે. જુઓ. ગાથા-૧-૨-૩.

પોતાના ગુરૂ સમુદાયે કરી યુક્ત, મન, વચન કાયાદિ ત્રણ યોગે કરી સહિત નિમિત્ત શુદ્ધિને ત્રણ પ્રકારે પરીક્ષણ કરતો અહીં મંગલ (પંચ પરમેષ્ઠિ ભગવંતોના સ્મરણ રૂપ) નું ચિન્તવન કરે છે. આ નિમિત્તોની અશુદ્ધિ હોય તો ચૈત્યવંદન, તેથી પણ શુદ્ધ ન થાય તો કાયોત્સર્ગ વિગેરેમાં ઉપયોગવંત થાય. શુકન શુદ્ધ હોય તો ગોચરી=ભિક્ષા માટે ગમન કરે અને અશુદ્ધ હોય તો તે દિવસે ન જાય. શુદ્ધિમાં પણ અહીં=ભિક્ષા સમયે અંતરાય રૂપ પ્રતિષેધકો અથવા અન્તરાયના પ્રતિષેધકો હોય છે, અને નિશ્ચયે કરીને આહારના આ સાધક યોગો ધર્મને માટે થાય છે. જુઓ. ગાથા-૪-૫-૬.

## ૧૫. આલોચના-વિંશિકા.

ભિક્ષાદિને વિષે એવી રીતે પણ=ઉપર કહ્યા પ્રમાણે પ્રયત્નવાળાને પણ પ્રમાદાદિ દોષોને લીધે અતિચારાદિ લાગે છે, અને તે તે લાગેલા અતિચારોને આલોચના વિગેરેથી મુનિ શુદ્ધિ કરે છે. (તેથીજ આ વિંશિકામાં આલોચનાના અધિકાર જણાવાય છે) ગાથા-૧.

આલોયણના અર્થિ આત્માને પંદર દિવસે અને ચાર મહિને નિયમા આલોયણા દેવી, અને પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોને નિવેદન કરીને નવાં અભિગ્રહને ગ્રહણ કરે. ગાથા ૨.

પોતાના દોષનું કથન કરવું=સરળ ભાવે બનેલા દોષોને યથાર્થ રીતિમાં જણાવવું એ ભાવનું પ્રગટપણું છે, અને આથીજ આલોચનાનું ગ્રાહ્યપણું છે. ગુરૂ મહારાજથી લેવા લાયકની આ આલોચના સુવૈદ્યના દ્રષ્ટાંતથી જાણવા લાયક છે. ગાથા ૩.

જેવી રીતે વૈદ્ય માત્રને દોષનું કથન (રોગ સંબંધીના) સુંદર હોતું નથી, પરંતુ સુવૈદ્યને રોગનું કથન સુંદર થાય છે. તેવી રીતે ભાવ દોષમાં સુવૈદ્યને સ્થાને સુગુરૂ જાણવા ગાથા ૪.

જેવી રીતે સુવૈદ્ય વિધિવિધાનથી રોગીને આરોગ્યવાન કરે છે તેવી રીતે ચારિત્રદ્વારાએ આરોગ્ય કરનાર સુગુરૂ જાણવા. જેની સમીપે ભાવરોગીઓને વિધિપૂર્વક પામી ભાવ આરોગ્યને કરે છે. તે ગુરૂ ભાવ રોગ મટાડવામાં સિદ્ધ કર્મ=સફળ કાર્ય સિદ્ધ કરનાર વૈદ્ય સમાન જાણવા. ગાથા ૫-૬.

પૂર્વે જણાવેલ આવા (સિદ્ધકર્મ જેવા) બધા પણ ન હોય તો પણ ધર્મના પ્રભાવથી આલોચન વિષયમાં સિદ્ધકર્મવાળા વૈદ્યની જેમ વિધિપૂર્વક પ્રયત્ન કરવા લાયક છે. આવો આલોચનાનો દાતાર પણ નિશ્ચયે કરીને ગીતાર્થાદિ ગુણ સંયુકત હોય અને વિશેષે કરીને

ધર્મ કથા દ્વારાએ આકર્ષણ કરનાર હોય તે ગુરૂ વિશિષ્ટ કહેવાય છે. વળી ધર્મ કથા કરવામાં ઉદ્યમી, ભાવ=આલ-ગ્લાનાદિ ભાવને જાણનારો, ચારિત્રમાં પરિણત, સંવેગ વૃદ્ધિને કરનારો, સમ્યક્ પ્રકારે સૌમ્ય, અને ઇન્દ્રિયો-મનના વિકારથી પ્રશાન્ત હોય. ગાથા ૭-૮-૯.

ઉપર જણાવેલા ગુણવન્ત ગુરૂની પાસે નિયમા સંવેગ રંગથી રંગાઇને ફરી નહિ કરવાના ભાવથી પ્રમાદાદિ દુષ્ચરિત યતિજનોને પ્રકાશવા લાયક છે. ગાથા ૧૦.

જેવી રીતે બોલતો બાળક કાર્ય-અકાર્યને સરળ ભાવે બોલી જાય છે. તેવી રીતે માયા મદથી વિશેષ મુકાયલા આલોચનાના અર્થીને (દુ-ચરિતની) તેની આલોચના કરવા લાયક છે. ગાથા ૧૧.

કેટલાક આચાર્યો પ્રાયશ્ચિતમય-આલોયણ કરેલ હોવાની જ્ઞાનાવરણીયાદિ કર્મોની શુદ્ધિ થાય છે, અર્થાત્ આલોયણ એજ પ્રાયશ્ચિત કહે છે, જેથી કરીને તે યુક્ત નથી કારણ કે શલ્યે કરીને સહિત વ્રણ=ગુમડું અને રૂઝ આવવા સરખું અનુક્રમે આલોયણ પ્રાયશ્ચિત છે. ગાથા ૧૨.

નિશ્ચયે કરીને માયાદિ ત્રણ પ્રકારે શલ્યો એજ દોષો છે અને તે સર્વેનો ગુરૂ સમીપે પ્રયત્નથી ઉદ્ધાર કરવા લાયક છે. દુષ્પ્રયોગ કરેલ તે શાસ્ત્ર, તે વિષ, તે વૈતાલ, તે યંત્ર અને પ્રમાદથી ક્રોધી થયેલ તે શત્રુ જે નુકશાન કરતો નથી તે નુકશાન નહિં ઉદ્ધરેલ ભાવ શલ્ય કરે છે. ગાથા ૧૩-૧૪.

મોક્ષ કાલને વિષે નહિ ઉદ્ધરેલું એવું જે ભાવશલ્ય તે દુર્લભ બોધિપણું અને અનંત સંસારીપણાને કરવાવાળો થાય છે. ગાથા ૧૫.

તેથી ગારવ રહિત યતિવર્યો પુનર્ભવરૂપ વેલડીના મૂલ સમાન મિથ્યાદર્શન શલ્ય, માયા શલ્ય અને નિયાણા-શલ્યને ઉદ્ધરે છે. ચારિત્ર પરિણામથી પરિણત થયેલ ધર્માત્મા કોઇપણ રીતે પ્રમાદમાં વર્તતો હોય તે જ્યાંસુધી ગુરૂ પાસે આલોચના કરતો નથી ત્યાંસુધી દુઃચરિતની અધીરાઇને દ્રઢ કરે છે અર્થાત્ આ દુશ્ચરિત્રને કયારે આલોચું અને દૂર કરૂં એમ ભાવે છે. ગાથા ૧૬-૧૭.

અતિચારે કરીને સહિત મરણના ભય-વાલાઓને જ્યારે જ્યારે દુશ્ચરિત્રનું આવર્જન થાય=સેવન થાય ત્યારે ત્યારે પ્રયત્ન પૂર્વક નિયમા સમ્યક્ પ્રકારે આલોચવું જ જોઇએ. એવી રીતે કર્મોના અનાલોચનથી અને પરિ-ણામના અનાભોગ રૂપ હેતુઓની વિદ્યમાનતાથી પાક્ષિક ચૌમાશી આદિ પણ આલોચનાઓ વિષદવાલી થાય છે. ગાથા ૧૮-૧૯.

જેણે જેવા ભાવથી જે કાંઇ પણ સેવ્યું (દુશ્ચાસ્ત) હોય તે તો તેના કરતાં અધિક સંવેગ રંગથી તે તે આલોચવું જોઇએ. ગાથા-૨૦

## ૧૬. પ્રાયશ્ચિત્ત-વિંશિકા.

તથા પ્રકારના ભાવે આલોચન કરવા વડે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે, જો એમ ન હોય તો સદા સુકૃતભાવમાં રહેવાવાળા પીઠ-અને મહા પીઠ મુનીશ્વરોને પણ બ્રાહ્મી-સુંદરી રૂપે સ્ત્રી વેદ બંધાયું ન હોત. ગાથા-૧.

અધિક શુદ્ધ પરિણામે તેને ક્ષય કરવામાં (બાંધતી વખતના પરિણામે બાંધેલ કર્મને) પ્રાયશ્ચિત હોત તો શું ખરાબ ફળ=સ્ત્રી વેદ બાંધવાનું ફળ હોય ખરૂં ?, અર્થાત સ્ત્રી વેદ ન

બંધાત. હા ઇતિ ખેદે તેથી અધિક કર્મ ક્ષય થાય તેવા ભાવથી તથા=શાસ્ત્રો રીતિએ વર્તવાથીજ મોક્ષફળ થાય છે. ગાથા-૨.

જે કારણથી પાપને છેદે છે તે કારણથી તેને પ્રાયશ્ચિત્ત કહે છે. અથવા તો પ્રાય=કરીને ચિત્તને શુદ્ધ કરે છે તેથી પણ તેને પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા-૩.

સંકલેશાદિ ભેદ વડે ચિત્તની અશુદ્ધિથી પાપને બાંધે છે, અને તીવ્ર વિચિત્ર વિપાક રૂપ તે પાપને ચિત્ત વિશુદ્ધિથી દૂર કરે છે. ગાથા-૪.

કર્મ કર્યા છતાં પણ તથા પ્રકારે યોગોની સમાપ્તિમાં અર્થાત્ મન-વચન-કાયાના યોગોનું દુઃપ્રવર્તન સમાપ્ત થયો છે તે આ પ્રાયશ્ચિત્ત સંભવે છે, અને તે હેતુથી સૂત્રમાં જે રીતિએ દશ વિધ આલોચનાદિ ભેદો કહ્યા છે તે રીતિએ અત્ર જણાવાય છે. ગાથા-૫.

તે દશ પ્રકારો અનુક્રમે આ પ્રમાણે છે ૧ આલોચન, ૨ પ્રતિક્રમણ, ૩ મિશ્ર, ૪ વિવેક=ત્યાગ (પચવવું વિગેરે) ૫ કાયોત્સર્ગ, ૬ તપ, ૭ છેદ, ૮ મૂલ, ૯ અનવસ્થા અને ૧૦ પારંચિય. ગાથા-૬.

વસતિથી ( ઉપાશ્રયથી ) બે હાથ (.ડગલાં ) બહાર કાર્ય પ્રસંગે જનારને વિધિપૂર્વક ગમનાદિ વિષયવાળી અર્થાત જવા આવવામાં ઇર્યાપથિકી=ઈરિયાવહી વિગેરે કરવું તેને ગુરૂઓ આલોચના કહે છે. ગાથા ૭.

ચારિત્રના પરિણામ હોવા છતાં સહસ્સાકારથી અસમિતિ આદિ ભાવમાં આત્માનું ગમન થાય તો મિચ્છામિ દુક્કડં દેવો અને ફરી તેવું ન બને તે સારૂ પ્રતિક્રમણ અર્થાત્ અશુભ યોગથી નીકળીને શુભ યોગમાં પ્રવર્તવું તે બીજું પ્રતિક્રમણ કહેવાય છે. ગાથા ૮.

શબ્દાદિને વિષે અર્થાત્ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ વિષય-વિકારોને વિષે લેશ પણ રાગાદિ ભાવ થવાથી આલોચન અને પડિકમણું કરાય છે તેને મિશ્ર-પ્રાયશ્ચિત્ત કહેવાય છે. અર્થાત્ ઇરિયાવહીયાદિ આલોચન અને પ્રતિક્રમણ બે ભેલાં કરાય છે તેને મિશ્ર કહેવાય છે. ગાથા ૯.

પ્રાયઃ અણેષણીય એવા અસણાદિકનું અવિધિએ ગ્રહણ કરનારને આશ્રવથી બચવા માટે સંવર વિષયક સમસ્ત પ્રકારે જે ત્યાગ તે ત્યાગને વિવેક નામના પ્રાયશ્ચિતથી જાણવા લાયક છે. ગાથા ૧૦.

કુસુમિણ આદિને વિષે અર્થાત્ ખરાબ સ્વપ્ના વિષે પણ અતિચાર પણ લાગ્યો ન હોય તો પણ તેની વિશુદ્ધિ નિમિત્તે જે કાયોત્સર્ગ કરાય છે તેને વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા ૧૧.

પૃથ્વી આદિ જીવોને પ્રમાદપૂર્વક સંઘટ્ટવાદિ (પરિતાપ વિગેરે) કરવાથી થતાં અતિચારને શોધન કરવાને અર્થે શાસ્ત્ર વિહિત પંચકાદિ તપ અપાય છે તેને તપ નામનું પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા ૧૨.

તેવી રીતે ચારિત્રવન્ત જીવોને પ્રાયે કરીને કરેલા પાપોને પણ તપથી દુઃખે કરીને શોધી શકાય એવાં સંકલેશ-વિશેષથી થતાં પાપોને શોધવા માટે શ્રામણ્ય—પર્યાયનાં છેદ

પ્રકારાદિ પંચ-રાત્રિ-દિવાદિને છેદ પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા ૧૩.

પ્રાયે કરીને પ્રાણ વધાદિ (મૃષાવાદ-અદત્ત-મૈથુનાદિ) સહસાત્કારથી પણ ઉપયોગ પૂર્વક સેવન કરે છે તે યતિવર્યોના યતિ જીવન સંબન્ધિ દોષ પરિહાર માટે ફરી વ્રતનું સ્થાપન કરાય છે તેને મૂલ પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા-૧૪.

સાધુ સંબંધિ ચૈાર્યાદિ ભાવથી અર્થાત્ બીજાના સમુદાયમાં દીક્ષિત થનારા અગર થયેલાને નસાડવા ભગાડવા વિગેરે ભાવથી સંક્લેશ પરિણામ થાય અર્થાત્ ચારિત્રનો નાશ થાય તેવા અવસરમાં આગમોક્ત તપશ્ચા કરવાને અશકત એવાને તત્ક્ષણ વ્રતોને વિષે પણ અયોગ્ય એવાને વ્રતમાં સ્થાપન કરાય છે તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા-૧૫.

પુરૂષ વિશેષ પામીને અને વિષય કષાય ભેદ વડે પાપ વિશેષને જાણીને પ્રાયશ્ચિત્ત દેતાં છ માસ પર્યંતનું અર્થાત્ સમગ્ર પ્રાયશ્ચિત્તનું ઉલ્લંઘન થઈ જાય છતાં અપરાધની શુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત અપાય છે તેને પારંચિય પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા-૧૬.

એવી રીતે દશવિધ પ્રકારના પ્રાયશ્ચિત્તને કરતો સાધુ નિશ્ચય કરીને પાપ મલના અભાવથી અને તત્ત્વથી ચારિત્રની સમ્યક્ પ્રકારે આરાધના કરવાથી શુદ્ધ થાય છે. ગાથા-૧૭.

નથી વિરાધ્યું ચારિત્ર જેણે એવા મુનિને અનુબન્ધ સુંદર હોય છે એ હેતુથી અલ્પ પાપ થવાવાળું અહીં છે તેથી શુદ્ધિ માટે પ્રયત્ન કરવા લાયક છે. ગાથા-૧૮.

ક્રિયામાં અપથ્ય સેવનની સાવચેતીથી પ્રાયશ્ચિત્ત કરવાવાળાઓને પ્રવ્રજ્યા વિષયક અતિચારો તથા પ્રકારે અપકારક થતા નથી. ગા-૧૯.

એવી રીતે ભાવથી નિરોગી યતિ યોગથી થતા ઉત્તમ સુખને આ ભવમાં પ્રાપ્ત કરે છે અને પરલોકમાં ઉત્તરોત્તર મનુષ્ય-દેવ અને મોક્ષના સુખ રૂપ ફળને પ્રાપ્ત કરે છે. ગાથા-૨૦

## ૧૭. યોગ-વિંશિકા.

મોક્ષ-મહાનન્દની સાથે જોડાણ કરવાવાળા સર્વે ધર્મ વ્યાપારોને યોગ કહેવાય છે. પરંતુ વિશેષે કરીને સ્થાનાદિને પ્રાપ્ત થયેલા અને પ્રણિધાનાદિ પંચ આશયથી પરિશુદ્ધ થયેલો આ યોગ જાણવા લાયક છે. ગાથા ૧.

સ્થાન=કાયોત્સર્ગ, પર્યંકાસનાદિ અથવા વર્ણોત્પત્તિ સ્થાન કણ્ઠાદિ, ઉર્ણ એટલે ઉચ્ચાર કરાતાં સૂત્રસ્થિત વર્ણો, અર્થ એટલે શબ્દોના અભિધેયનો નિશ્ચય, આલમ્બન=પ્રતિમાદિ વિષય ધ્યાન અર્થાત્ ઉપર જણાવેલ સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન એ ચારે ભેદે રહિત (રૂપી દ્રવ્ય આલંબન રહિત) નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રૂપ જે યોગ તે મેળવતાં પાંચ પ્રકારે યોગ શાસ્ત્રોમાં જણાવ્યો છે. અને અહીં પ્રથમના સ્થાન-ઉર્ણ બે યોગોને કર્મયોગ કહેવાય છે તથા અર્થ; આલંબન અને નિરાલંબન એ ત્રણ જ્ઞાનયોગ કહેવાય છે. ગાથા ૨.

(અપૂર્ણ.)

## "આરાધકો માટે આવશ્યક છે."

૩૮૫. સર્વજ્ઞ શાસનના સંચાલક સદ્‌ગુરૂઓની આજ્ઞાનુસાર વર્તવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૬. પ્રારંભ કરેલા અનુષ્ઠાનના વિધિ-વિધાન પ્રત્યેના બહુમાનમાં વધારો કરતાં રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૭. અનુષ્ઠાનના આરંભ કાળથી તેની સમાપ્તિ થાય ત્યાં સુધી ચિત્તને એકાગ્ર કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૮. નાશવંત પદાર્થોની પ્રાપ્તિ, ટકાવ અને વૃદ્ધિની તમન્ના રહિત થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૯. અષ્ટ કર્મોના ઉન્મૂલન કરવાના અનુષ્ઠાનનું અવલંબન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૦. અનુષ્ઠાનમાં કરેલો ઉદ્યમ નિષ્ફળ જતો નથી અને ઉદ્યમ કર્યા વિના અનુષ્ઠાન સફળ થતું નથી એવા ત્રિકાલાબાધિત સિદ્ધાંતને અનુસરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૧. અનુષ્ઠાનની અમૂલ્યતાને વિચારવી એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૨. અનુષ્ઠાનની અમૂલ્યતાને સમજીને આપત્તિકાળમાં પણ આરાધનાને છોડવી નહિ એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૩. ઉદય અને અસ્તમાં એક સરખી અવસ્થાને ધારણ કરનારા સૂર્યની પેઠે સંપત્તિ અને આપત્તિના કાળમાં એક સરખી અવસ્થાને ધારણ કરીને દરેક આરાધના કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૪. વિષ, ગરલ, અનુષ્ઠાન, તદ્‌હેતુ અને અમૃત નામના પાંચ પ્રકારના અનુષ્ઠાનમાં પહેલાના ત્રણ હેય કક્ષાના છે અને પછીના બે ઉપાદેય કક્ષાના છે એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૫. વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાનના આંતરિક રહસ્યને નહિ સમજનારાઓ અમૂલ્ય રત્ન સમાન અનુષ્ઠાનના અપૂર્વ ફળના બદલામાં મુઠી ચણાની પ્રાપ્તિ કરે છે એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૬. વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન અને અનનુષ્ઠાનને છોડીને તદ્‌હેતુઅનુષ્ઠાન તથા અમૃતઅનુષ્ઠાનનું સેવન આરાધકો માટે આવશ્યક છે.

૩૯૭. તદ્‌હેતુઅનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાનમાં પ્રવેશ કર્યા પહેલાં ચિત્તના આઠ દોષોને સમજી લેવાં એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૮. ખેદ વિગેરે ચિત્તના આઠ દોષો ક્રિયામાં એકાગ્રતાની હાનિ કરનારા હોવાથી તેના સ્વરૂપને સમજી લેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૯. શરીરરૂપી મકાનમાં ચિત્તરૂપી ગુપ્ત સ્થાનમાં રહેલા ધર્મધનને લુંટનારા ખેદાદિ દોષોરૂપે અંજનસિદ્ધ ચોરોથી સદાકાળ સાવધાન રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર)

( લેખકઃ—સુધાવર્ષી. )

**નોંધઃ**—શ્રીવર્દ્ધમાનાદિ તપોધર્મના આરાધકોની આરાધના અધિક ઉજ્વળ બને, અને વર્ષાવલ્લી-સવૃદ્ધિ થાય તે હેતુથી 'સંસ્મરણીય-સુધાવર્ષા'ના સુધાબિન્દુઓનો સંચય અત્ર શરૂ કરાય છે. તન્ત્રી.

૩૭૩. આત્માને ચોળમજીઠ જેવા વૈરાગ્યના રંગમાં રંગનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૪. મોક્ષમાર્ગના મુસાફરોને નિર્વિઘ્નપણે મોક્ષમાં પહોંચાડનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૫. શ્રી ચંદ્રકેવળીના ચંદ્ર સમાન ઉજ્જવળ ચરિત્રના સંસ્મરણો અને જીવન પ્રસંગોને ઘણા કાળ સુધી જાગતાં–જીવતાં રાખનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૬. આરાધકોના હૃદયમાં અનેરો ઉત્સાહ પ્રગટ કરનાર તથા ઘનઘાતી કર્મોને તોડનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૭. જિનેશ્વર દેવોના જીવનરહસ્યો ત્રણ ચોવીસી સુધી, અખંડ બ્રહ્મચારીશિરોમણિ શ્રીસ્થૂલભદ્રસ્વામીનું જીવનરહસ્ય ચોરાશી ચોવીસી સુધી અને શ્રીવર્ધમાન તપની આરાધના કરનાર શ્રીચંદ્રકેવળીનું જીવન-રહસ્ય આઠસો ચોવીસી સુધી જાગતું–જીવતું રાખનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૮. આ મનુષ્ય જીવનમાં શ્રેષ્ઠ સંસ્કારોની સ્થાપના કરીને સર્વોત્તમ સુખની પ્રાપ્તિ કરાવનાર અને ભાગવતી દીક્ષાના માર્ગમાં ગમન કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૯. વિષય અને કષાયના દાવાનળથી દાઝી ગયેલા સંસારી જીવોને શાંતિનું સમર્પણ કરનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૮૦. વિઘ્નોની પરંપરાને ટાળનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૮૧. વાંછિત ફળની પરંપરાને પ્રાપ્ત કરાવનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૮૨. ૭ માસ પર્યંતની આરાધના કરવાથી કઠિણમાં કઠિણ વિઘ્નોને પણ દેશવટો દેનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૮૩. ઇંદ્રિયોના વિષય–વિકારોને જડમૂળથી ઉખેડી નાંખનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૮૪. વિઘ્નોના વૃંદનું વિદારણ કરીને ઐહલૌકિક–પારલૌકિક અનેકપ્રકારની સંપદાઓને પ્રાપ્ત કરાવનાર શ્રીવર્ધમાન–તપોમર્મ છે.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો. ]

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

**ભાવાર્થ:**—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

પ્રકાશક—શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન

## તારનાર છે કોણ?.....

### આરાધનાનો અખંડ અભ્યાસ.

ઉદન્વાનના ઉંડા નીર, ઉભરાતાં મગર મત્સ્યાદિ જલચર જંતુઓ, ઉછળતી ભરતી અને ઉતરતાં ઓટમાં તરવાની ઈચ્છાવાળાઓને પણ તરવું એ મુશ્કેલમાં મુશ્કેલ પ્રસંગ છે.

એટલુંજ નહિં પણ તરતાં તરતાં અનેકવિધ આફતોનો સફળ સામનો કરીને, તરીને પાર ઉતરીને; અને કાંઠે આવીને સહિસલામત સ્થાને પહોંચી જવું એ એથી પણ વધુમાં વધુ મુશ્કેલ પ્રસંગ છે.

તરવાની કળાના પારંગત-તરનારાઓ તરી ગયા. પરંતુ તરી ગયેલાઓના ભરોસે ભૂલા પડેલાઓ અને તરવાની કળાના અજ્ઞાત આત્માઓ તરવાની તાલાવેલી છતાં તરી શકયા નહિં, પાર ઉતરી શકયા નહિં, કાંઠે આવી શકયાં નહિ; અને સહીસલામત સ્થાને પહોંચી શકયાજ નહિં, પૂછનાર પૂછે છે કે **તારનાર છે કોણ?**

તરી ગયેલાઓ તારતા નથી, અને તરવાની કળાની આવડતમાં અધૂરાઓ તરી શકતાજ નથી; તો પછી પાર ઉતરવું, કાંઠે આવવું અને સહીસલામત સ્થાને પહોંચી જવું એ અનેજ કેમ?; માટે પૂછનાર પૂછે છે કે **તારનાર છે કોણ??**

[ વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૨ જું. ]

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
વર્ષ ૧૩-અંક ૪.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

**તારનાર છે કોણ ?** એ પ્રશ્નના સમાધાનમાં સમજવું પડશે કે તરવાની કળાના અખંડ-અભ્યાસ વગર કોઇપણ તરી શકયું નથી, પાર ઉતરી શકયું નથી, કાંઠે પહોંચી શકયું નથી; અને સહીસલામત સ્થાને પહોંચી શકયું જ નથી.

શાસ્ત્રના અભ્યાસિયોને તેમજ તીક્ષ્ણ બુદ્ધિમાન ભવ્યાત્માઓને નજરે નિહાળતાં સમુદ્રાદિની જેમ સંસારસમુદ્રની અમાપ ઉંડાઇ, વિસ્તૃત વિશાળતા, દૌર્ગત્ય, દુર્ભાગ્ય, દુઃખાદિરૂપ જળ, વિષયકષયાદિ જલચર જંતુઓ, ભયાનક ભરતી, આકસ્મિક ઓટ; અને તરનારાઓની અનેકવિધ મુશ્કેલીતાનું અવલોકન કરાવવું પડે તેમજ નથી. અને તેથીજ ઉપમા-ઉપમેય પદાર્થનું પર્યાલોચન કરવા માટે તીક્ષ્ણ બુદ્ધિ અને શાસ્ત્રાભ્યાસની અનિવાર્ય જરૂર છે—જે માટે નીતિકારો જણાવે છે કે—

**यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ? ।**
**लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ? ॥१॥**

ભાવાર્થઃ—જેને સ્વયં પ્રજ્ઞા-બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું કરે ? અર્થાત્ તેવાઓને લાભ થતોજ નથી. જેવી રીતે બે લોચન રહિત આંધળાને દર્પણ શું કરી શકે એમ છે ? અર્થાત્ દર્પણ કંઈપણ લાભ આપી શકતોજ નથી.

આ ઉપરથી સંસાર સમુદ્રની ભયાનકતાનું ભવ્ય અવલોકન કરનારને તેમાંથી તરીને પાર ઉતરવાની પુનીત કળાનું મૂલ્યાંક હૃદય મંદિરમાં સ્થિર થાય છે.

આથીજ સંસાર સમુદ્રમાંથી તરીને પાર ઉતરીને, અને કાંઠે આવીને શાશ્વત સ્થાને પહોંચી ગયેલા સર્વદા સ્મરણીય-સિદ્ધ ભગવંતો તરવાની ઇચ્છાવાળા-ભવ્યાત્માઓને તારતા નથી; તો પછી **તારનાર છે કોણ ???**

એવી રીતે સંસાર સમુદ્રમાંથી તરીને, પાર ઉતરીને, અને કાંઠે પહોંચીને નિયમા શાશ્વત સ્થાને પહોંચનારા, આરાધ્યપદમાં સ્થિત થનારા, આરાધ્ય-અરિહંતો સંસારાબ્ધિમાંથી આરાધકોને હાથ ઝાલીને બહાર કાઢનાર નથી; તો પછી હાથ ઝાલીને બહાર કાઢનાર અર્થાત્ હાથ ઝાલીને **તારનાર છે કોણ ???**

એજ પ્રમાણે સંસાર-સમુદ્રમાંથી તનતોડ તીવ્ર મહેનત કરવાવાળા અને સર્વસ્વ સમર્પણ કરીને, તરીને, અને પાર ઉતરીને કાંઠે પહોંચવાના ભગીરથ પ્રયત્ન કરવાવાળા પૂજ્ય આચાર્ય ભગવંતો ઘનઘાતિક-કર્મના ઘેરાં પાણીને ઓળંગીને અને પાર પામીને કાંઠે ( કેવળ જ્ઞાનના કાંઠે ) પણ પહોંચ્યા નથી; તો પછી **કાંઠે પહોંચાડનાર છે કોણ ?** અર્થાત્ **તારનાર છે કોણ ???**

કહેવું પડશે કે તરી ગયેલા, પાર પામી ગયેલા, કાંઠે પહોંચી ગયેલા અને સહિસલામત સ્થાને પહોંચી ગયેલા અથવા પહોંચવાનું નિયમા-નિર્માણ થયું છે એવા અરિહંતાદિ અખિલ-આરાધ્ય-ભગવંતો, અને તરવા વિગેરેની અભિલાષાવાળા આચાર્યાદિ અખિલ આરાધ્ય ભગવંતોને પણ **સંસાર સમુદ્રમાંથી તારનાર, બહાર કાઢનાર, પાર ઉતારનાર, કાંઠે પહોંચાડનાર અને નિર્વિઘ્ને સહિસલામત સ્થાને પહોંચાડનાર અર્થાત્ સ્થિત કરનાર તરવાની કળાના અખંડ અભ્યાસરૂપ-આગમ-વિહિત આરાધનાનો અખંડ અભ્યાસ છે.**

આરાધ્ય ભગવંતોના દર્શન, વંદન, નમન, સ્તવન, સત્કાર, સન્માન, સેવાના, ઉપાસના અને ભાવનાની ત્રિકરણ-યોગે વારંવાર પ્રવૃત્તિ કરવી એજ **આરાધનાનો અખંડ અભ્યાસ છે.**

આરાધનાના અખંડ અભ્યાસિઓ આરાધ્યપદમાં પ્રવેશીને આરાધ્યપદમાં સ્થિત થાય છે. અર્થાત્ શાશ્વત ધામમાં સર્વદા સ્થિત થાય છે એ આરાધનાનો અમોઘ વિજય છે માટે આરાધનાના અખંડ અભ્યાસમાં તત્પર બનો,

**'સંસ્મરણીય સુધાવર્ષામાંથી''**

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | પોષ-માસ. | તંત્રી: |
|---|---|---|
| અંક ૪ થો. | તા. ૧૭-૧-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકાર:--આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમાન્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળ:—નેમુભાઈની વાડી, જૈન ઉપાશ્રયના ભવ્ય હૉલમાં, ગોપીપુરા; સુરત.

સંચયકાર:—પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય મુનિશ્રી ચન્દ્રપ્રભ-સાગરજીના શિષ્ય મુનિશ્રી ચન્દ્રવર્મસાગરજીએ દેશનાનો સારભૂત સંચય કરેલો છે, અને તે વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

લિ. તંત્રી.

### દેશનાના સારભૂત-અવતરણો.

૧. ધર્મ જેવી ચીજ ન હોય તો દેવ અને ગુરૂને માનવાની જરૂરજ ન રહે.

૨. ધર્મ ઉત્તમ છે, ધર્મ કિંમતી છે; તેથી દેવ ગુરૂ ધર્મ ઉત્તમ ગણાય છે.

૩. જેણે ધર્મ આરાધ્યો નથી, તેને દેવ કે ગુરૂ થવાનો હક્ક જૈન-શાસને આપ્યો નથી.

૪. જૈન-શાસન-માન્ય-દેવાધિદેવોએ ધર્મ માટે સર્વસ્વ સમર્પણ કર્યું છે.

૫. સર્વસ્વ સમર્પણ કરવાની સુંદર કળા શીખ્યા વગરના દેવોનું દેવત્વ નાટકીયા જેવું છે.

૬. ધર્મની ઉત્તમતા, ધર્મની કિંમત, ધર્મનું સ્વરૂપ અને ધર્મના હેતુ અને ફળ સમજનારા અને સમજાવનારા જૈન ગુરૂઓ છે.

૭. ધર્મની શ્રેષ્ઠ કિંમત જગતે સ્વીકારી છે તેથીજ ધર્મની નકલો દિનપ્રતિદિન ઉભરાય છે.

૮. બીજા દર્શનની જેમ જૈન દર્શનમાં નાત-જાત-કુળના હિસાબે દેવપણું કે ગુરૂપણું મળતું નથી.

૯. મળેલી ભોગ સામગ્રીઓ છોડવી, અને છોડયા પછી પણ ફરી મેળવવાની લાલચ છોડવી એ મુશ્કેલ છે.

૧૦. શાંતિના ઉપદેશદ્વારાએ પણ સ્વાર્થસિદ્ધિ કરનારનો તોટો નથી.

૧૧. બ્રાહ્મણ કુળનો અધમતા અને ઉત્તમતા જૈન દર્શને સ્વીકારી છે.

**૧૨. કુળની અધમતા અને ઉત્તમતા સ્વીકારવામાં શાસ્ત્રાભ્યાસની જરૂર છે.**

**૧૩. પરીક્ષા કરનારે સાધન સામગ્રી તપાસવી જોઇએ.**

**વચનારાધનયા ખલુ ધર્મસ્તદ્બાધયા ત્વધર્મ ઇતિ ।**
**ઇદમત્ર ધર્મગુહ્યં સર્વસ્વં ચૈતદેવાસ્ય ॥૧૩॥**

**ધર્મની અમૂલ્ય કિંમત.**

**શાસ્ત્રકાર** મહારાજા **આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જેટલા જેટલા આસ્તિકવાદિઓ છે તે સર્વે દેવ, ગુરૂ અને ધર્મ માત્રને માનનારા હોય છે. કોઇપણ આસ્તિક દેવ ગુરૂ અને ધર્મને મંજુર કરનાર છે. ફકત આસ્તિકોને પણ પરીક્ષામાંજ વાંધો છે. જો ધર્મ જેવી ચીજ ન હોય, ધર્મ ઉત્તમ ન હોય તો, પછી દેવ, ગુરૂ અને ધર્મને માનવાના ન રહે. જૈનો અને જૈનેતરો ગુરૂઓ માને છે પણ જૈનો ગુરૂ કોને માને છે ? જે પોતે ધર્મ કરે છે અને બીજાને ધર્મ બતાવે છે, તેને ગુરૂ માને છે. જેમ ચાર પાંચ સ્ત્રીઓ ભેગી થાય તો ઘરનો વિચાર કરે, કુટુંબીઓ ભેગા થાય તો સગાઇ સંબંધી કે લગ્ન સંબંધી વિચાર કરે, શેરીવાળા ભેગા થાય તો મહોલ્લાનો વિચાર કરે, પણ આત્માનો વિચાર કોણ કરે ?, અને ધર્મનો વિચાર કયાં કરે ?; જવાબમાં કહેવું પડશે કે ઉપાશ્રયમાં ગુરૂ મહારાજ પાસે. જેમ વકીલો પોતે પોતાને ત્યાં બોર્ડ લગાવે છે. "જેને સલાહ લેવી હોય તેણે અહીં પૃછવું." જેમ ડૉકટરો બોર્ડ લગાવે છે કે દર્દીને દર્દ સંબંધિમાં પૃછવું હોય તો અહિંયા પૃછવું. તેવી રીતે ધર્મ સંબંધી જાણવું હોય તો ગુરૂ પાસે જઇને પૃછવું. એ બોર્ડ વગરના ઉપાશ્રયની પણ જાહેરાત છે. જો કે ધર્મ જેવી ચીજ ન હોય તો પછી ગુરૂની જરૂરજ નથી, દુનિયામાં રોગ વિગેરે ન હોય તો ડૉકટર કે વૈદ્યની શી જરૂર ? તેવી રીતે ધર્મ કિંમતી ન હોય, અને ઉત્તમ ન હોય તો પછી ધર્મની જરૂર શું ? એક વસ્તુથી અનેક મળે તે કિંમતી ગણાય છે. મનુષ્યગતિ વિગેરે ગતિઓ પણ આપણે મેળવીએ છીએ તે અહિંની ક્રિયાને આધીન નહિ. જે વસ્તુ પૌદ્ગલિક ભાવને આધીન ન હોય પણ આત્માના પરિણામને આધીન હોય તેનું જ નામ ધર્મ. તમને સારી જોગવાઇ મેળવી આપે તેનું નામ ધર્મ. તમે કોટીધ્વજ-કરોડપતિને ત્યાં જન્મ લીધો, ત્યાં મુકનાર કોણ ? કોઇપણ પદાર્થ મુકનાર હોવોજ જોઇયે ? તે મુકનાર તે એકજ અને તે ધર્મ છે. અને તેથીજ ધર્મની અમૂલ્ય કિંમત શાસ્ત્રકારોએ કથન કરી છે.

**જૈન ગુરૂઓની મહત્તા.**

જેવી રીતે જગતમાં કિંમતી ચીજની નકલોનો ઢગરોડો પડે છે. પરન્તુ જે હલકી ચીજ હોય, કિંમત વગરની ચીજ હોય અર્થાત્ ધૂળ, રેતી, પત્થરની નકલ હોતીજ નથી. ધર્મ કિંમતી ચીજ હોવાથી જગતમાં આ ધર્મની નકલ પણ વધારે છે. પરંતુ ધર્મની પરીક્ષા કોનાં પાસેથી મેળવાય છે ? તો કે ગુરૂ પાસેથી. જૈન ગુરૂપણું કયારે મલે છે ? શાસ્ત્રકાર મહારાજા કહે છે કે ધર્મને માટે પોતાની સઘળીએ નાશવંત મિલ્કતોનો ભોગ આપે ત્યારેજ જૈન ગુરૂપણું મળે છે.

કારણ કે પોતાનો દેશ, કુટુંબ-કબીલા, નાત-જાત, નામ, ગાડી, વાડી, ધન, સ્ત્રી વિગેરે સર્વને વોસિરે વોસિરે કરે ત્યારેજ ગુરૂપણું મળે છે. પરંતુ બીજા (અન્ય) દર્શનમાં કુલના હિસાબે પણ ગુરૂપણું મળે છે, તેવું જૈન શાસનમાં નથી. જેમ ધન મેળવવા માટે ચોવીસે કલાક કોશીશ (મહેનત) કરો છો. તેવીજ રીતે જે ગુરૂઓ આખો દિવસ રમા રામા કરે તેની પાસેથી ધર્મ શું મળે? ધર્મ તો ભોગ સામગ્રી વિગેરે બધાનો ભોગ આપે, પોતે ધર્મ કરે અને બીજાને ધર્મ બતાવે તો તેની પાસેથી અર્થાત્ તેવા ગુરૂ પાસેથી ધર્મ મળે છે. જાનવરોને પણ કુટુંબ સંબંધિની મમતા (મોહ) છોડવામાં પણ મુશ્કેલી થાય છે, તો પછી આ મનુષ્ય ભવમાં મળેલા ભોગ અને ભોગના સાધન છોડવા મુશ્કેલ થાય તેમાં નવાઇ શી? અર્થાત્ ધર્મને અંગે ભોગના સાધનોને તિલાંજલિ આપવી મુશ્કેલ છે. આથીજ જૈન ગુરૂઓની મહત્તા છે.

## શાંતિના બહાને સ્વાર્થ-સિદ્ધિ.

એક નગરમાં એક ધર્મિષ્ઠ શેઠ રહેતો હતો અને તે દરરોજ બ્રાહ્મણ વિગેરે સર્વેને દાન આપતો. હવે એક દિવસ તેના ઘર આગળ છવીસ બ્રાહ્મણની જમાત ભેગી થઇ. તે સમયે શેઠ દાન આપવા માટે તૈયાર થાય છે. તેજ સમયે તે બ્રાહ્મણોમાંથી પચ્ચીસ બ્રાહ્મણની ટોળી મળીને આગળ ધસી આવી. અને તે બધા બોલવા લાગ્યા કે "મને પે'લા આપો મને પે'લા આપો" હવે શેઠ આ શબ્દો સાંભળીને મનમાં મુંઝાવા લાગ્યો. અને વિચાર કર્યો કે કોને પે'લા આપું. કારણ કે લેનારા બધા ઉતાવળ કરે તેથી વિચારમાં પડયો. જેમ ઉપાશ્રયમાં કોઈપણ ભાઈ તરફથી પ્રભાવના વ્હેંચાય, ત્યારે ઉપાશ્રયમાં લેનારાઓનો દરોડો પડે તો પછી આ પ્રભાવના છે કે લુંટાલુંટ છે? આ વિચાર જાહેર કરી પ્રભાવના કરનારને બંધ રાખવાની ભલામણ કરવી તે ઠીક નથી. કારણ કે આ ઉપરથી દેનારાઓ અને લેનારાઓએ વિવેક-પૂર્વક વર્તવું એજ યુક્ત છે. પ્રભાવના દેવાવાલાને જો દાનેશ્વરી કહેવાય છે, તો પછી લેવાવાલાઓને લુંટારાઓ કેમ ગણાવાય? માટેજ શાસ્ત્રકાર મહારાજ કહે છે કે પ્રભાવનામાં જો લુંટાલુટ અને ગડબડ થાય તો પછી સંક્રાંતિના બ્રાહ્મણોની પડાપડી થાય અને વધારે દરોડો પડે તેમાં નવાઇ શી? હવે આપણે મૂળ વાત પર આવીએ કે દાન દેનારા શેઠને દાન દેવું છે, પણ ગાંસડી ખોલતો નથી. આ જોઇને બધા બ્રાહ્મણો બોલે છે કે શેઠજી પે'લા મને આપો, પે'લા મને આપો. શેઠજી તો દેવા માટે ગાંસડી બાંધીને ઉભો છે, પણ લેનારાઓને ધીરજ નથી. આ બધો બનાવ જોઇને પેલો છવ્વીસમો બ્રાહ્મણ બાજુમાં ઉભો હતો તે જરાક આગળ આવ્યો. અને બધા બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે શાંતિ રાખો શાંતિ રાખો. આ શાંતિનો ઉપદેશ આપીને બધાને એક લાઇનમાં ઉભા રાખ્યા. પછી તે બ્રાહ્મણ આગળ આવીને બોલે છે કે શેઠજી પે'લા આ મારા પલ્લામાં નાંખો. હવે સાંભળનારને વિચાર થશે કે આ શું? સ્વાર્થ સિદ્ધિ કરનારા શાંતિના ઉપદેશકો આવા હોય છે, અને તેણે તો શાંતિના ઉપદેશમાં પોતાની સ્વાર્થ સિદ્ધિ કરી લીધી.

## ધર્મના હિસાબે દેવ અને ગુરૂ.

હવે આપણે તો અક્ષર સાંભળીને જ્ઞાન લેવાનું છે તો પછી ગમે તેવો હોય તો પણ

આપણે શું ? માટેજ શાસ્ત્રકાર મહારાજા કહે છે કે નહિં, કારણ કે ખડીયો મારો છે, કાગળ મારો છે, લેખની મારી છે પછી લખનારમાં શું ? આવું બોલનારા લેખની કિંમત સમજતા નથી. તેથીજ શાસ્ત્રકારને શંકા કરે છે કે ઉપદેશ કરવાનો હુકમ (આજ્ઞા) કોણે આપ્યો છે ? જવાબમાં કહેવું પડશે કે જૈન શાસનને બધાનો ભોગ આપીને આવ્યો હોય તેનેજ ઉપદેશ દેવાનો અધિકાર આપ્યો છે. જેઓ મા (બા) બાપ બે'ન ભાઇ સ્ત્રી ધન માલ મિલ્કત સત્તા વિગેરે સર્વનો સંબંધ છોડીને નિકલે તેજ ધર્મનું સાચું સ્વરૂપ બતાવી શકે છે. બુદ્ધિ જ્ઞાન વિગેરે જ્ઞાનવાલો હોય છતાં ભોગ સાધનોને તિલાંજલિ દીધા વગર તો ધર્મ ઉપદેશક થઈ શકતોજ નથી. ગુરૂને માનવામાં આવે તે ન્યાત-જાતિ-કુલ વિગેરેના આધારે નહિં પણ બધાનો ભોગ આપે અને ભવિષ્યમાં પણ ભોગના સાધનોનો સંગ્રહ ન કરે તેવાજ ગુરૂઓ તરીકે મનાય છે. અને તેઓનોજ ઉપદેશ ભવ્ય જીવો માટે સારભૂત હોય છે. જેમ હિંસકો કુતરાને બરફીનો ટુકડો નાંખે છે પરંતુ અંદર ઝેર હોય છે, તે ઝેરને બરફી કુતરો સમજે નહિં અને બરફી સમજીને ખાય છે, છેવટે તે કુતરો મરણને શરણ થાય છે. માટેજ ગુરૂની કિંમત પણ ધર્મના આધારે છે. કેમકે જ્યાંસુધી સર્વસ્વનો ભોગ ન આપે ત્યાંસુધી ગુરૂપણું ન આવે. જૈન દર્શનમાં દેવ પણ ધર્મના આધારે મનાય છે. કેમકે રાજકુલમાં જન્મેલા હોય અને રાજ્ય સાહિબી છોડાને ધર્મને માટે બધો ભોગ આપે છે, ત્યારેજ તેઓ દેવ તરીકે મનાય છે અને પૂજાય છે. હવે એક ખુલાસો ધ્યાનમાં રાખવા જેવો છે કે તીર્થંકરોનો રાજકુળમાં જન્મ થાય, અર્થાત્ રાજ્યકુળમાં જન્મીને રાજ્ય લક્ષ્મીથી વધ્યા હોય; તેથી રાજ્યકુળના હિસાબેજ બ્રાહ્મણનું કુલ હલકું ગણાય છે. બ્રાહ્મણના કુળને હલકું ગણ્યું-પણ વિચાર કરો કે બ્રાહ્મણમાંથી ગણધર થયા તે અવસરે બ્રાહ્મણ કુલ-ગોત્રની પ્રશંસા શાસ્ત્રકારોએ કરી છે. એક બાજુ બ્રાહ્મણનું કુલ હલકું ગણ્યું છે તે તીર્થંકરના જન્મના હિસાબે, અને બીજી બાજુ બ્રાહ્મણનું કુલ ઉંચું ગણ્યું છે કારણ કે ગણધરો માટે તીર્થંકરોના જન્મ જેવો હિસાબ રાખ્યો નથી. કારણ કે તીર્થંકરો રાજ્યકુળમાં જન્મ્યા હોય, રાજ્યને પાલન કરતા હોય, રાજ્યલક્ષ્મીથી વધ્યા હોય અને પછી તેઓ ત્યાગી બનીને દીક્ષા લે છે; ત્યારે જગતમાં તેની જૂદી અસર થાય છે. આથીજ તીર્થંકરોના જન્મના હિસાબે બ્રાહ્મણનું કુળ હલકું ગણ્યું છે. પરંતુ ગણધર ભગવંતમાં હલકી જાત ગણવામાં ન આવે, કેમકે શાસન સ્થાપનામાં તો તીર્થંકરની છાપ પડે છે કે રાજ્ય સાહ્યબીનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે. આ ભવની અપેક્ષાએ સમગ્ર રાજ્ય સંબંધોના સમગ્ર ભોગ સાધનોનો ભોગ (ત્યાગ) આપે તોજ તીર્થંકર ગણાય છે. ત્યારે તીર્થંકરો પણ ભોગનો ભોગ (ત્યાગ) આપે તેના લીધેજ જગદ્‌ગુરૂ કહેવાય છે. તેવીજ રીતે ધર્મના આધારે ગુરૂની કિંમત છે. અને ધર્મના આધારે દેવની કિંમત છે. તો પછી ધર્મની કિંમત શ્રેષ્ઠ હોય તેમાં નવાઇ શી ? દેવનું દેવત્વ અને ગુરૂનું ગુરૂત્વ ધર્મના આધારે છે.

## જુદા જુદા પરીક્ષકો.

દુનીયામાં પરીક્ષા કરવામાં પરીક્ષકો જુદી જુદી જાતના અને સ્વભાવના હોય છે. કોઇક

પર છાપ હોય છતાં, તે કાપડમાં બચ્ચાં શું જુવે ? છાપ અને ચળકાટ જોવે છે. મોટા હોવે તે કાપડની કુમાશ તાણા-વાણા જુએ છે, અને સમજદાર માણસ શું જુવે ? તો કે તે કાપડની કુમાશ તાણા-વાણા અને તે ઉપરાંત કયારે બનાવ્યું, કયાં, અને કઇ મીલમાં બનેલો, અને કેવી રીતે બન્યું તે બધું જુએ છે. હવે આપણે વિચાર કરીએ કે ચીજ (વસ્તુ) એકજ છે. છતાં પરીક્ષા કરનાર પરીક્ષ્ય પદાર્થની જુદી જુદી રીતે પરીક્ષા કરે છે. અહિં પણ દેવ-ગુરૂની પરીક્ષામાં સર્વ ભોગ-સાધનનો ભોગ આપવાની જરૂર છે, એવું બધા તપાસતા નથી. અર્થાત્ બચ્ચાં અને અણસમજુઓ કાપડની જેમ છાપ-સિક્કાની ચળકાટને દેખે છે, ત્યારે મોટો વ્યક્તિ (માણસ) સમજદાર હોય તો અવસ્થાને જુએ છે. માટેજ શાસ્ત્રકાર મહારાજ કહે છે કે ધર્મ-માર્ગમાં પ્રથમ જોડાતા હોય તો તે શું જુએ છે ? ધર્મમાં પ્રથમ પ્રવેશવાવાળો આચાર અર્થાત્ રીત-રીવાજ દેખવાવાળો હોય છે. મધ્યમ બુદ્ધિવાલાઓ વિચાર અને વર્તનને વિચારનારા હોય છે, અને સમજદાર માણસ અર્થાત્ બુદ્ધિવાલા મનુષ્યો તો વસ્તુના તત્ત્વ અને રહસ્યને જુએ છે. ધર્મનો પરમાર્થ શો ?, અને ધર્મ પ્રત્યે ધૈર્ય કેટલું ?; એ બધું વસ્તુતઃ પંડિતોજ ધર્મની પરીક્ષા પૂર્વક તપાસ કરે છે.

## પરીક્ષાની પુનીત નીતિ.

પરીક્ષા કરે છે. તો પરીક્ષા શાની ? આગમની. વકતાએ કથન કરેલ ધર્મ શ્રવણમાં એકજ છે, છતાં તે ધર્મનો પરીક્ષા કરવાનું જણાવે છે. પરંતુ જેને ધર્મ જોવો હોય, તેને ઘણી મહેનત પડે છે. કેમ કે ધર્મશાસ્ત્રમાં ધર્મનું તત્ત્વ શું છે ? પ્રથમ દુનીયામાં વચનની કિંમત વક્તાથી થાય છે. જેવી રીતે સોનાની પરીક્ષા કસથી થાય છે, પરંતુ મનુષ્યની પરીક્ષા બહુ મુશ્કેલીથી થાય છે. વક્તાની પરીક્ષા થાય ત્યારેજ વચનનો પરીક્ષા થઇ જાય છે. પણ વક્તાની સ્થિતિ જોયા વગર વચનની પરીક્ષા કરવાની મનાઇ છે. કેવળ સાક્ષિના વચન પર જજમેન્ટ આપે તો જજની દશા કેવી ? અર્થાત્ તીર્થંકરોની અને આગમોની પરીક્ષા કરી ને પછી સાક્ષિની સ્થિતિ જોવાય છે. અને તે પછી જજમેન્ટનો વિચાર થાય છે, અહિં પણ ધર્મને અંગે જે નિર્ણય કરનાર છે. તેણે પહેલા તો પરીક્ષા કરવી જોઇએ. તે પરીક્ષામાં ત્રણ વસ્તુની પહેલાં પરીક્ષા કરવી. તે ત્રણ વસ્તુ કઇ ? જેમ ન્યાય મંદિરમાં ન્યાયાધીશનો ચુકાદો મનાય પણ તે ન્યાયાધીશ રાગી દ્વેષી અને અજ્ઞાની ન હોય. વાદી કે પ્રતિવાદી પ્રત્યે રાગી કે દ્વેષી હોય, લોભથી લેવાઈ ગયેલા હોય, અને મોહથી મુંઝાયેલો હોય તે અહીં કામ ન લાગે. કારણ કે અહિં તો આખા જગતના બનેલા અને બનતા બનાવોનો નિર્ણય ન્યાયાધીશને કરવાનો છે. તેમાં પાપ અને પુણ્યનો નિર્ણય કરવાનો છે. અર્થાત્ પાપ પુણ્યના કારણ રૂપ આશ્રવ-સંવર અને નિર્જરાના ફળ રૂપ મોક્ષનો વિચાર કરવાનો છે. એ બધો ચુકાદો કોણ આપે ? જે પુણ્યાત્માને આખા જગતમાં કોઇ પર રાગ કે દ્વેષ ન હોય, ચુકાદામાં અજ્ઞાનતાનો અંશ ન હોય તેનોજ ચુકાદો મનાય છે. અને તેમનેજ જૈન શાસનના દેવ કહેવાય છે.

## વચનની પરીક્ષા.

વૈષ્ણવમાં બધી જાતની લીલા શા નામે ? તો કે દેવના નામે છે. વિષ્ણુ ભગવંતની કૌમુદી લીલા વૈષ્ણવો કરશે પણ ગોવર્ધન લીલા કેમ ન કરે ?, કારણ કે કૌમુદી લીલામાં તો બૈરીઓ સાથે રમવાનું મળે છે; પણ ગોવર્ધન લીલામાં તો પર્વત ઉઠાવવો પડે છે; તેથી તે હિસાબે તેઓ રાગી છે. અર્થાત્ તેથી સાચું કહી શકતાંજ નથી. રાગ-દ્વેષ વગર બોલે તેજ વીતરાગ ભગવંત હોય. ધર્મ કરવો નથી, પૂર્વ ભવમાં ધર્મ કર્યો નથી હમણાં પણ ધર્મ કરવો નથી એવાઓને— દેવ-કે ગુરૂ મનાયજ નહિ. અંદર નાસ્તિક જેવો હોય અને ધર્મનો ઢોંગજ કરે તે હિસાબે અન્ય દર્શનના દેવો અને ગુરૂ છે. ત્યારેજ શાસ્ત્રકાર મહારાજ કહે છે કે પહેલાં વક્તાની પરીક્ષા કરવી જોઇએ. જેવી રીતે ન્યાયમંદિરમાં ન્યાયાધીશ પક્ષપાત વાલો હોય તો ન્યાય બરાબર ન આપે. ન્યાયાધીશની સ્થિતિ પહેલાં તપાસવી જોઇએ, ત્યારેજ તે ન્યાય આપે. તેવી રીતે અહિં પણ આપણી આખી જીંદગીનો ન્યાય લેવો છે, માટેજ પ્રથમ વક્તાની પરીક્ષા કરવી એટલે વીતરાગની પરીક્ષા કરવી; પછી વચનની પરીક્ષા થાય. માટેજ **આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** કહે છે કે વકતાના વચન અને વચનની આરાધના કરવાની અહીં કીધી. તેથી હવે વચનની પરીક્ષા કેવી રીતે થાય, તેના સાધન, હેતુ, અને વચનનો વિષય વિભાગ કેટલો વિશાળ છે તે **ક્ષવે** અગ્રે વર્તમાન.

જેની જૈન સમાજ રાહ જોઈ રહેલ છે તે—

# શ્રી શાસન જય પતાકા

નામક ગ્રન્થ બહાર પડી ચૂક્યો છે.
આજેજ મંગાવો અને ખુશખુશાલ બનો.
જે ગ્રન્થ તિથિ ચર્ચાનો આદર્શ ઇન્સાફ છે!
નવા તિથિ મતનો કરૂણ અંજામ છે.
શાસનનો વિજય ડંકો છે.
જે ગ્રન્થમાં—

**શ્રી** રામવિજયજી મહારાજે સંવત ૧૯૯૨ થી સ્થાપેલા નવા તિથિમતને તેમજ પુનાના ડો. પી. એલ. વૈદ્યના લખાણને તદ્દન અપ્રમાણિક તરીકે જાહેર કરનારા શ્રી કાશી, બનારસ, મદ્રાસ, જયપુર, શિકારપુર, કલકત્તા આદિ અનેક શહેરના ૬૩ સમર્થ પંડિતો અને પ્રિન્સીપાલોના અભિપ્રાયો છે.

જે ગ્રન્થના મૌલિક લખાણના કર્ત્તા જગપ્રસિદ્ધ મહામહોપાધ્યાય શ્રી આદિ મહાશયો છે. જેઓશ્રીએ અનેક ધર્મીજનોની વિજ્ઞપ્તિને ધ્યાનમાં લેવા ઉદારતા દાખવીને અતિપરિશ્રમે આ ગ્રન્થ તૈયાર કરેલ છે. આ શ્રી શાસન જય પતાકા નામક ગ્રન્થમાંના સમસ્ત લખાણને તેઓશ્રીએ સંસ્કૃત ભાષામાં અતિ પ્રૌઢ છતાં સરલ શૈલી વડે વિભૂષિત કરેલ છે. સંસ્કૃત લખાણને અંતે તેઓ શ્રીમાને આ સમસ્ત સંસ્કૃત લખાણનો અંગ્રેજીમાં સક્ષેપથી સંકલિતાંશ-સાર રજુ કરેલ છે, વળી આ અંગ્રેજીમાં રચેલા સારને છેડે તે સારનો ગુજરાતીમાં અનુવાદ પણ કરેલ છે. ગ્રન્થ ૨૮ રતલી ડેમી આઠ પેજીમાં લગભગ આઠ ફરમાનો તથા સુંદર બાઇન્ડીંગથી સુશોભિત છે. જેની કિંમત માત્ર રૂપીઆ બે રાખવામાં આવેલ છે. લખો:—

**શ્રી જૈનાનન્દ પુસ્તકાલય, ગોપીપુરા-સુરત.**

# આ તે આજ્ઞા કે અવજ્ઞા.?

લે:-મુનિ શ્રીચન્દ્રપ્રભસાગરજી, (ચિત્રભાનુ

મુકિતમાર્ગના મુમુક્ષુ મુસાફરે, મનોમન્દિરમાં આ વાત સદા કોતરી રાખવી જોઇએ કે, સ્વ અભિનિવેશથી અગર અલ્પબુદ્ધિથી, ભગવંત મહાવીરની સુંદર આજ્ઞાનો વિપરીત અર્થ તો નજ થવો જોઇએ. જો તેમની આજ્ઞાનો મર્મ તમારાથી ન સમજાય તો કોઇ ગીતાર્થનું શરણ સ્વીકારો અગર **मौनं सर्वार्थसाधनम्** એ સૂત્ર સ્વીકારો; પણ મતિકલ્પના પ્રમાણે તો કોઈ કાળે વિપરીત અર્થ કલ્પીને વિપરીત આચરણ નજ કરવું. "**आणाए धम्मो**" એ વાકય સત્ય છે; પણ એનો અર્થ જો બરાબર ધ્યાનમાં ન આવે તો જેમ આ વાર્તાનો નાયક વલભો આજ્ઞાને શિરોવન્દ્ય ગણનાર અને આજ્ઞાનું તાત્પર્ય બરાબર નહિ સમજનાર, ઉપહાસને પાત્ર બન્યો તેમ પ્રભુ મહાવીરની આજ્ઞાનું ઐદંપર્ય નહિ સમજનાર માનવ ઉપહાસને પાત્ર બને; અને આરાધકને બદલે વિરાધક બને માટે આ દ્રષ્ટાન્ત ચિન્તકે સદા ચિત્તમાં અવિસ્મરણ ચિન્તવવું અનુચિત તો નહિજ ગણાય !

ભાણપુર રહેતો પેલો વલભો પણ **यथा नाम तथा गुणाः** વાળા વાકયને સત્ય પાડે તેવોજ હતો. આવા વલભાઓ દરેક ગામમાં શોધ કરતાં એક બે મળી આવે છે; પણ તેઓને ઓળખાવાનાં ખાસ ચિન્હો ધ્યાનમાં રાખવા જોઇએ.

લેંસના ભાઈ જેવું શરીર, પડઘમ જેવું માથું, મોટી મોટી કોડા જેવી આંખો; ભૂંડ જેવું નાક, ચોબા જેવું પેટ અને અલમસ્ત શરીરઃ—એ આપણા વલભાના શરીરની ખાસ ખાશીયત હતી. ભાઇ સાહેબે પોતાના ફલદ્રુપ અજબ ભેજાં વડે તો ગામમાં પ્રખ્યાતિ મેળવી હતી ! પોતાની બુદ્ધિ સાથે બારમા ચન્દ્રમાંનો ઘણો સારો સુમેળ હતો ! ઉઘાડો ઓટલો અને ફરતો રોટલો તો માંગણી કરી નસીબમાં લખાવી લાવ્યો હતો.....

તેજ ગામમાં ધીરૂભાઇ પટેલને ખેતરના કામકાજ માટે એક નોકરની જરૂર છેઃ—આ વાત ગામમાં ફેલાતાં આ વલભાને વિચાર આવ્યો કે, "ધીરૂભાઇને નોકરની જરૂર છે અને મારે નોકરીની જરૂર છે, માટે ચાલ તલાસ કરી જોઉ !" વલભો તો વિચારને અમલમાં મૂકવા તુરત ધીરૂભાઇના ઘર તરફ ચાલ્યો. બારણા આગળ ઉભા રહીને વલભાએ હાક મારી "ધીરૂભાઈ પટેલ ઘરમાં છે કે ?"

બારણા આગળ આવતાં પટેલે ઉત્તર આપ્યોઃ—"કેમ ભાઇ વલભા ! ઘણે દહાડે આવવું થયું ?"

"મેં સાંભળ્યું છે કે તમારે નોકરની જરૂર છે. તો મારે નોકરી રહેવું છે તો રાખશો કે ?" વલભાએ તો ભોળાભાવે બધું કહી નાંખ્યું.

પટેલ જાણતા હતા કે વલભો અક્કલનો ઓથમીર છે, મંગાવીશું મરચાં તો લાવશે કોથમીર; પણ તુરત પટેલને નોકરની જરૂર હતી એટલે વિચાર્યું કે રોટલાના ટુકડાથી કાંઇ વલભો જાય તેવો ન હતો.

ધીરૂભાઇએ કહ્યું "જો વલભા પગારમાં ચોપડેલો રોટલો અને ઉપરથી મહિને ત્રણ રૂપીયા આપીશ, પણ યાદ રાખવાનું કે "**હું કરૂં તેમ કરવું અને હું કહું તેમ કહેવું.**"

અજ્ઞાન દુશ્મન વલભાએ તો આ શબ્દોની ગાંઠ વાળી અને બોલ્યો. 'પટેલ ! તમે કરશો તેમ કરીશ અને કહેશો તેમ કહીશ !"

બીજે દિવસે પટેલ માથા ઉપર બીજનું પોટકું લેઇ, વલભાને માથે પાણીનો ઠંડો ઘડો ઉપડાવી, બેતર ભણી ચાલ્યા. બે માઇલ ગયા પછી પટેલને થાક લાગતાં બીજનું પોટકું જમીન ઉપર ફેંકી, ઝાડ નીચે થાક ખાવા બેઠા. આ બનાવ જોઇ, વલભાએ વિચાર્યું કે **'પટેલ કરે તેમ કરવું !'** એટલે માથાં ઉપરનો પાણીથી ભરેલો ઘડો પોટકાની જેમ જમીન પર ફેંકી, એ પણ ઝાડ નીચે થાક ખાવા બેસી ગયો. ઘડો ફુટી જતાં પટેલ બીજવાઇને બરાડી ઉઠયા. "મૂર્ખ ! આ શું કર્યું ?" આ વાકય સાંભળી વલભાને બીજું વાકય યાદ આવ્યું, **'પટેલ કહે તેમ કહેવું !'** એટલે જવાબમાં વલભાએ પણ એમજ કહ્યું. "મૂર્ખ ! આ શું કર્યું ?" આથી બીજવાઇને પટેલે મારવા માટે એક ઢેકું ઉપાડયું. એટલે વલભાએ પણ સામે એક ઢેકું ઉપાડયું. નોકરને પોતાનીજ સામે ઢેકું મારતો જોઇ પટેલનું મગજ ગયું અને ઉપાડીને એક તમાચો વલભાને ચોડી દીધો.

વલભાએ પણ જમા આવેલો તમાચો ઉધાર રાખ્યા વગર, પટેલને એક તમાચો એવો ચોડયો કે પટેલના હોંસ-કોસ ઉડી ગયા !

આ તમાચાના મારથી ગભરાઇને પટેલ એક ઝાડ ઉપર ચઢી ગયા. વલભો પણ તે પટેલની પાછળ વાંદરાની જેમ ફલાંગ મારી ઝાડ ઉપર ચઢી ગયો. પટેલ આથી વધુ ગભરાયા ! પટેલને લાગ્યું કે વલભો ગાંડો બનો ગયો છે ! આથી પટેલ તો ઝાડ ઉપરથી કુદકો મારી મુઠ્ઠીઓ વાળી ઘર ભણી દોડયા. આથી બુદ્ધિનો બાંડો વલભો પણ પટેલની પાછળ ઝાડ ઉપરથી કુદકો મારી મુઠ્ઠીઓ વાળી દોડવા લાગ્યો. આગળ પટેલ અને પાછળ વલભો, જાય બજારે દોડયા !

આ રમુજી બનાવથી લોકો તો આભાજ બની ગયા.

એટલામાં પટેલનું ઘર આવ્યું. ઘુજતા થકાં પટેલ ઘરના ખૂણામાં ભરાઈ ગયા. વલભાએ પણ તેમજ કર્યું. તે પટેલની સામેના ખુણે સંતાઇને બેસી ગયો. પટેલ ઘૂરકી ઘૂરકીને વલભાની સામે જુએ. અને વલભો ધારી ધારીને પટેલની સામે જુએ !

થોડી વારમાં તો ગામમાં ખબર પડતાં માનવસાગરથી પટેલનું ઘર ઉભરાઇ ગયું. લોકો વલભાને પુછવા લાગ્યા. "વલભા આ શું નાટક માંડયું ?"

પોતાના ફલદ્રુપ ભેજામાંથી જાણે બુદ્ધિનો ફણુગોજ ન ફુટયો હોય, એવો વલભાએ ઉત્તર આપ્યો:--"હમારે અને પટેલને કરાર થયેલો છે, કે **'પટેલ કરે તેમ કરવું અને પટેલ કહે તેમ કહેવું.'** આમાં તમારે વચમાં પડવાની જરૂર નથી."

આ વાત સાંભળી વલભાના ફલદ્રુપ ભેજાની પ્રશંસા કરતાં લોકો વિખરાવા લાગ્યા. વાહરે, વફાદાર નોકર અને વાહરે ! બુદ્ધિનો ચમત્કાર ! આ તે આજ્ઞા કહેવાય કે અવજ્ઞા !

આ ઉપરથી કથાનો ઉપનય વાંચકે વિવેકપૂર્વક વિચારવા જેવો છે. 'કરે તેમ કરવું અને કહે તેમ કરવું" આટલી આજ્ઞાના રહસ્યને નહિં સમજતાં જેમ કથાના નાયકે આજ્ઞાને બહાને અવજ્ઞા કરી મહા અનર્થ ઉત્પન્ન કર્યો, તેમ આપણે આપણા જીવનમાં તેવા પ્રસંગથી સદાય અલિપ્ત રહેવા પ્રયત્નશીલ થવું એ જરૂરીનું છે.

# દેશના-સારાંશ.

[ નોંધ:—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની અમોઘ-દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે સંચય કરનાર પૂ. પં. શ્રી હેમસાગરજી છે. અને વાંચકો તે સારાંશને સારી રીતે સમજી શકે તે હેતુથી પૂ૦ પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર પાસે પેરેગ્રાફાદિ પડાવીને સુધારા વધારા સાથે અત્ર અપાય છે. લિ૦ તન્ત્રી. ]

૧. કથાના સર્વ પ્રસંગો મોજુદ છતાં શ્રોતાઓએ કથાનું રહસ્ય વિચારવું જરૂરી છે.

૨. શાલિભદ્રની કથામાં દાન દેવાના અવસરે રબારીનું ચિત્ત અને પરિણામની પુનીત ધારણા સાધ્ય તરીકે શીખવાની છે.

૩. હાથીના ભવમાં પરદયા માટે અઢી દિવસ ધીરજ ધરનારો સ્વદયા પાળવામાં ઢીલો થયો તેમ આત્માએ કર્મ તોડવાના અવસરે ઢીલા ન થવું એ મેઘકુમારની કથાનો સાર છે.

૪. ધર્મમાર્ગથી ખસી ગયેલાને પણ ભગવાન્ ધર્મમાં સ્થીર કરે છે.

૫. પડેલાને ધક્કો મારી વિદાય કરવાની વાત ધર્મ ગુરૂઓ સ્વીકારે નહિં.

૬. ભટકતા જીવને સમગ્ર રત્નોથી ભરપુર મણિવતી ખાણ જેવો મનુષ્યભવ મળવો દુર્લભ છે !

૭. નિર્ભાગીને ચિન્તામણિ મળતું નથી, અને મળે છે તો પશુપાળની જેમ ટકતું નથી.

૮. મનુષ્ય જન્મ પામ્યા છતાં સફળ કરવાના સાનુકુળ સાધનો મેળવવા એ રાધાવેધ સાધવા જેવાં અતિ દુર્લભ છે.

૯. ત્યાગ-તપશ્ચર્યા કરનારા હથેલીના મધને છોડીને કોણીના મધને ચાટવા જનારા છે એ કહેવું તદ્દન અસંગત છે.

૧૦. ચિન્તામણિને પત્થર સમજનારાઓ ચિન્તામણિ પ્રત્યે પણ બેદરકાર રહે છે એજ બેદનો વિષય છે.

૧૧. મહા પુણ્યના ઉદય વગર દુર્લભ ચીજનો સદુપયોગ થતોજ નથી.

૧૨. મનુષ્ય જન્મને સફળ કરવા માટે સાનુકુળ સામગ્રીઓ પુણ્યવૈભવ વગર મળતી નથી.

૧૩. મનુષ્ય જન્મ એજ દુઃખનું કારણ છે. છતાં પણ દર્શનાદિ ત્રણ રત્ન મેળવનાર મહા ભાગ્યશાળી છે.

૧૪. સકામ નિર્જરાના અજબ પ્રભાવે તિર્યંચો દેવપણું પ્રાપ્ત કરે છે.

૧૫. મનુષ્યો પૂર્વ પુણ્યાઈ ખર્ચીને પાપ બાંધી તિર્યંચમાં અને નરકમાં જાય છે એ વિચારવા જેવું છે.

૧૬. રાંડીરાંડો પણ મૂળ મૂડી સાચવી રાખે છે. એટલો ઊદ્યમ મનુષ્ય ભવ પામેલો મનુષ્ય કરતો નથી. અર્થાત્ મનુષ્ય મરી મનુષ્ય થતો નથી.

૧૭. ચિન્તામણિની વસ્તુતઃ કિંમત સમજ્યા પછી ચિંતામણિ પ્રત્યે બેદર-

કારી રાખવી અને ચિંતામણિને એળે ગુમાવવો એ કેવળ મૂર્ખતા છે.

**૧૮. અજ્ઞાનના અંધારામાં અટવાયેલો આત્મા બીજાને મૂર્ખ કહેનારો છતાં પોતાની મૂર્ખાઇ સમજી શકતો નથી.**

આ કથન કરેલ કથાનો ઉપનય સમજાવતાં જણાવે છે કે—

## શાલિભદ્રની કથાનું રહસ્ય.

ચારે ગતિમાં આ જીવને ધર્મ રત્ન મળવું મહા મુશ્કેલ છે. તેમ છતાં ભાગ્ય યોગે મળી ગયું તો, ટકવું બહુજ મુશ્કેલ છે, અને તે માટે પશુપાળનું દ્રષ્ટાંત આપ્યું. પશુપાળને રત્ન મળ્યું છતાં ટકયું નહિ. કેટલીક કથામાં માત્ર સાધ્ય લેવાનું હોય. જેવી રીતે શાલીભદ્રજીની કથામાં સાધ્ય દાનનું. સદ્ગતિ લેવાવાળાએ રબારી બનવું, ઢોર ચારવા. માતાએ દુધ, ચોખા અને સાકર માંગી લાવી એકઠા કરવા અને ખીર બનાવવી, છોકરાને ખીર પીરસવી, અને છોકરાએ દાન દેવું; એ બધું લેવાનું નથી પરંતુ માત્ર દાન દેવાથી પુન્ય બંધાય છે તે દાનના પરિણામનું સાધ્ય રાખવાનું છે. તેવી કથાને શાસ્ત્રકાર કથા કહે છે પરંતુ કથાના રહસ્યને સમજવાની જરૂર છે.

## મેઘકુમારની કથાનું રહસ્ય.

પર્યુષણમાં મેઘકુમારની કથા સાંભળો છો. મેઘકુમાર મોટા રાજાઓની રૂપવંતી અઢળક રિદ્ધિ લઇને આવતી રાજકુમારીઓને પરણે છે. અને છોડીને દીક્ષા લે છે. એકજ રાત્રિમાં સાધુના આવવા જવાથી સંથારામાં પુષ્કળ ધુળ એકઠી થવાથી સુખ શય્યામાં પોઢનાર મેઘકુમારને ક્ષણવાર પણ નિદ્રા ન આવી. તેથી સવારમાં ભગવાનને પૂછીને ઘેર જવાનો નિર્ણય કરે છે. મહાવીર ભગવાન દીક્ષા આપનાર છે. મહાવીર ભગવાન પૂર્વભવ સંભળાવે છે. આગલા ભવમાં હાથીના ભવમાં ધર્મ ખાતર તેં જીંદગી ગુમાવી છે. પહેલા ભવના ધર્મના સંસ્કારવાળો હાથીનો જીવ રાજકુમાર આઠ આઠ સ્ત્રીઓનો ત્યાગ કરીને દીક્ષા લે છે. તેવો જીવ ઘેર જવા માટે પરિણતિ કરે છે. આપણે તો અભિપ્રાય આપી દઇએ કે ભગવાને ઠીક ન કર્યું. પણ ઘોડો રથમાંથી છુટી જાય, ભાગી જાય અને ખાડામાં પડે તો પણ સારથિને તો ખાડામાંથી બહાર કાઢી ઉભો કરી રથમાં જોડવોજ પડે. ભાગી ગયો તો ઓછો થયો એમ સારથિ ન બોલે. તેમ ધર્મનાયકોનું શું કાર્ય ? ધર્મ છોડીને જીવ ખસી જાય અગર ખસવાની તૈયારી કરે તો તેની બેદરકારી ધર્મ ગુરૂઓ ન કરતાં તેને ધર્મમાં જોડે છે. હજુ મેઘકુમાર બોલતો નથી અને સવારે ભગવાન પાસે આવે છે. એટલે બોલ્યા પહેલાં તો શ્રી મહાવીર ભગવાન કહે છે કે—હે મેઘકુમાર ! રાત્રે આવો માઠો વિચાર કર્યો તે દુર્ધ્યાન કર્યું. તે વખતે મેઘકુમાર 'ના સાહેબ' તેમ નથી કહેતો પણ 'હા' કહે છે. અરે આપણે તો દુઃખની સામા જવાવાળા, સુખની દરકાર વગરના દુઃખની તૈયારી કરનારા, અને દુઃખને સહન કરી સંવર નિર્જરા કમાવાવાળા સાધુઓ છીએ. આવા સાધુ વર્ગમાં આવ્યા પછી દુઃખ લગાડવું તે તને યુકત નથી. તારો પૂર્વભવ યાદ કર. તું આગલા ભવમાં હાથી હતો ત્યાં તિર્યંચના ભવમાં પણ પ્રાણના ભોગે પરદયા પાળી, તો પછી અહીં સ્વદયા માટે કર્મ નિર્જરા માટે આટલા સામાન્ય દુઃખથી તું કેમ ડરી જાય છે ? કન્યાદાનમાં દાગીના આપવા છે પણ ઘરની મોજડી લઇ જાય તે પાલવતી નથી. આ મૂર્ખતા ગણાય. તેમ અહીં બાહ્ય દ્રવ્યદયા માટે તિર્યંચની અજ્ઞાન

સ્થિતિમાં પ્રાણ અર્પણ કરનાર, અહીં સ્વદયા માટે ધર્મને ધક્કો મારવા તૈયાર થાય, તે ધર્મની સમજણદશાની શાબાશી કે અણસમજણ દશાની શાબાશી ? તરતજ મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યાં આંખ સિવાય આખું અંગ વોસરાવે છે. આમ સરખાવટ કરીને સમજાવવામાં આવે છે. આટલી ઉંચી સ્થિતિમાં આવ્યા પછી આવી બાબતમાં કંટાળો લાવવો તારા સરખાને શોભતું નથી. આ કથા મેઘકુમારની કહી. કથામાં એકજ વાત પકડવાની. આગળ પાછળની વાતને સંબંધ ન હોય. દ્રષ્ટાંતમાં બધી બાબતો આપણા આત્મા ઉપર ઉતારવાની ન હોય, પણ મુખ્ય બાબતનો ધડો લેવાનો હોય. પશુપાળની કથા માત્ર કથા માટે કહેલ નથી. જ્ઞાત તરીકે કહેલું છે. બધા અંગોપાંગ ઘટાવવા જોઇએ. અને તે કથામાં રહસ્ય લેવું જોઇએ.

### ભટકતા જીવની જયદેવ સાથે સરખામણી.

આ જીવ જન્મ કર્મની પરંપરા કરતો અનાદિકાળથી સંસારમાં રખડી રહેલ છે. જેમ હસ્તિનાપુર જયદેવે છોડ્યું અને બધે ભટકયો, તેમ નિગોદરૂપ અવ્યવહાર રાશિ છોડી વ્યવહાર રાશિમાં આ જીવ આવ્યો. વ્યવહાર રાશિમાં પણ બાદર એકેન્દ્રી, બે ત્રણ ચાર ઇંદ્રિયવાળો થયો. નારકી, તીર્યંચ, મનુષ્ય, દેવતાદ રૂપે પાંચ ઇંદ્રિયવાળો થયો. તેમ દરેક સ્થાનમાં ૮૪ લાખ યોનિમાં અનંતી વખત ભટકયો. ભટકતાં ભટકતાં મણિવતી નામની ખાણ મહા મુશ્કેલીથી જેમ જયદેવને મળી તેમ પૃથ્વી આદિ એકેન્દ્રીમાં, વિકલેંદ્રીમાં, પંચેન્દ્રિમાં પણ ઘણું ભટકયો, છતાં સર્વ સામગ્રીથી ભરપૂર મણીવતી ખાણ સમાન મનુષ્ય ભવ મુશ્કેલીથી મળ્યો. જે જયદેવ તે આપણો આત્મા-જીવ સમજવો.

### મણીવતી ખાણ અને ચિંતામણિ.

નગરી પહાડ પર્વત ખાણ બંદર વિગેરે રૂપ ૮૪ લાખ યોનિ અથવા ચતુર્ગતિ સ્વરૂપ સંસાર સમજવો. મણીવતી ખાણ જ્યાંથી ચિંતામણી રત્ન મળે છે તે મનુષ્ય ગતિ. જેમાંથી ચિંતામણી રત્ન કરતાં અધિક એવા જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રત્નો પ્રાપ્ત થાય છે, અર્થાત્ જે રત્નોના પ્રભાવથી મહા સુખવાળું પરમાનંદ પદ પ્રાપ્ત થાય છે. ક્રોડો મનુષ્યો આ ખાણમાં આવી ગયા. કોઇને આ રત્ન ન મળ્યું. પશુપાળને મળ્યું છતાં તે નિર્ભાગીના હાથમાં ટકયું નહિં. આથી એ સમજવાનું કે જગતમાં અનંતાનંત જીવાત્મા છતાં મનુષ્યો માત્ર સંખ્યાતાજ. તેમાં પણ કેટલાક અનાર્ય ક્ષેત્રમાં જન્મયા. આર્યમાં જન્મ્યા છતાં ઉત્તમ કૂળ ન મળ્યું. ઉત્તમ કુળ મળવા છતાં નિરોગી શરીર ન મળ્યું. નીરોગી શરીર છતાં ઇંદ્રિયોની ખામી. સંપૂર્ણ ઇંદ્રિયોની ખામી. સંપૂર્ણ ઇંદ્રિયો, નિરોગી શરીરાદિક મળવા છતાં દેવ

---

## માનવંતા ગ્રાહકોને—

—અગાઉથી કરેલ સૂચના મુજબ વી. પી. થયેલ અંકો છોડાવી લેવા.

—ગયા અંકની સુચના મુજબ વ્યવસ્થિત સરનામાં મળ્યા હશે તેજ પૂ શ્રમણ ભગવંતોને અંકો પોષ્ટથી રવાના થયા છે અને થશે.

—લવાજમ ભરનારે અગર નવા ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

ગુરૂમા સમાગમ, તેની વાણીનું શ્રવણ, શ્રવણ થયાં પછી શ્રદ્ધા, શ્રદ્ધાપૂર્વકનો અમલ આ બધી એક એક વસ્તુ એક એક કરતાં સાધવા કરતાં મળવી અતિ કઠીન છે. આટલી સામગ્રી તો આપણને પશુપાળ માફક મળી ગઇ. પણ પશુપાળ માફક આ સામગ્રીનો સદુપયોગ ન કરતાં વિષય કષાયમાં એવા મુંઝાઇ જઇએ છીએ કે ધર્મક્રિયા ત્યાગ તપસ્યા એ કરવું રૂચતું નથી. એટલે ધર્મક્રિયા ત્યાગ બતાવનારને પણ આપણે કહી નાંખીએ છીએ કે ત્યાગ તપસ્યા સંયમ એ તો ભોગથી વંચિત રહેવાનું થાય છે. કોણે દેખ્યું કે સંયમ ત્યાગ-તપથી આગળ સુખ મળે છે, છતાં ભોગસુખને છોડવું તે તો હથેળીમાં રહેલા મધને છોડીને કોણીપર ચોંટેલા મધને ચાટવા જેવું છે. અર્થાત્ હથેળીનું મધ ઢોળાઇ જાય છે, અને કોણીએ જીભ પહોંચે નહીં, એટલે બંનેથી લટકે. આમ ધર્મોપદેશકને આપણે સામો જવાબ આપીએ છીએ.

### જૈનધર્મની મહત્તા.

જૈનધર્મ દુનીયાથી ઉલટી દીશાનો છે. દુનીયા ભોગને માને છે જ્યારે જૈનધર્મ ત્યાગને માને છે. જૈનોના દેવગુરૂ ત્યાગી, ધર્મ પણ ત્યાગમય. ત્યાગમાં ધર્મબુદ્ધિ કેટલી મુશ્કેલ તે વિચારવા જેવું છે. ભોગજ દુઃખનું કારણ. ડુબાડનાર, હેરાન કરનાર ભોગ છે, અને ત્યાગ કલ્યાણ કરનાર છે એવી બુદ્ધિ આવવી મુશ્કેલ છે. આ વિચારશો એટલે જૈન ધર્મરૂપી ચિંતામણી રત્ન મળ્યું. મુશ્કેલીના પદાર્થો કેટલી વખત મળી જાય. પણ ભાગ્ય ન હોય તો ટકવા મુશ્કેલ છે. સ્વપ્નમાં ચક્રવર્તિના છ ખંડનું રાજ્ય, નવ નિધાન, ૧૪ રત્નો મળી ગયા, પણ આંખ ઉઘડે ત્યારે શું ? તે માટે પશુપાળ બીચારો ચિન્તામણિ પામ્યો છતાં કુતુહલ ખાવા પીવાના ભોગમાં તીવ્ર રાગથી ચિન્તામણિ તરફ બેદરકાર રહ્યો. આપણામાં પણ કેટલાક વડેરા હોય તે પણ ભોગ માટે ધર્મને ફેંકનારા હોય. પરભવમાં રિદ્ધિ મળશે રાજા થઇશું તે ધારી ધર્મ કરનારા હોય. તેવાને પશુપાળ જેવાજ સમજવા. જયદેવ ચિંતામણી ફેંકનાર ન થયો. તેમ જૈનધર્મની મહત્તા સમજનાર પણ ધર્મને ચિંતામણી સમજી સંગ્રહી શકે છે.

---


## સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહસ્ત બિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.

# श्रीविंशति-विंशिका-सारांशः

(ગતાંકથી ચાલુ)

દેશવિરતિધરોને અને સર્વવિરતિધરોને પૂર્વે કથન કરેલા સ્થાનાદિ રૂપ પંચવિધ યોગ (કર્મયોગ-જ્ઞાનયોગ) નિશ્ચયથી હોય છે, અને બીજાઓને અર્થાત્ સમ્યકત્વધારી વિગેરેને યોગના બીજ માત્ર હોય છે એવું કેટલાક આચાર્યો ઇચ્છે છે. ગાથા ૩.

પૂર્વે જણાવેલા સ્થાનાદિ એક એકના પણ ચાર પ્રકારે ભેદો પરમાર્થથી જાણવા લાયક છે. તે ચારે પ્રકારો અનુક્રમે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ છે તે ભેદો શાસ્ત્ર-નીતિથી અર્થાત્ યોગશાસ્ત્રાદિ પ્રતિપાદિત નીતિથી જાણવા લાયક છે. ગાથા ૪.

ઇચ્છાદિ ચાર ભેદોનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કે-સ્થાનાદિ યોગયુક્ત કથાશ્રવણાદિથી થતી પ્રીતિ વડે વિચિત્ર પરિણામને ધારણ કરવાવાળી, અર્થાત્ વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારાઓ પ્રત્યે આદર-બહુમાન સ્વવીર્યોલ્લાસ રૂપ વિચિત્ર પરિણામને ધારણ કરવાવાળી; અથવા તો નિશ્ચળ પરિણામને ધારણ કરવાવાળી ઇચ્છા થાય છે તેનું નામ ઇચ્છા. તે ઇચ્છાનુસાર સર્વ અવસ્થામાં 'ઉપશમ સાર છે' એ વચનને અનુસરાય તે રીતે પાલન કરવું તેનું નામ પ્રવૃત્તિ. ગાથા ૫.

તેવીજ રીતે સ્થાનાદિ યોગનું પરિપાલન કરતા આવતાં બાધકોની ચિન્તારહિત થવું તે સ્થિરપણું જાણવું. પ્રવૃત્તિમાં અતિચારપણું હોવાથી બાધકચિન્તાને અવકાશ છે અને પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસે કરીને સ્થિરપણું આવેલ હોય છે તેથી અત્ર (સ્થિરતામાં) બાધક ચિન્તારહિતપણું હોય છે. વળી પોતાને પરાર્થસાધક એટલે પોતાને પ્રાપ્ત થયેલા ફળ જેવું સર્વ ફળ બીજાને અપાવવામાં સિદ્ધિનાકારણરૂપ બને છે, અર્થાત્ સંપૂર્ણ અહિંસકાદિ ભાવ પ્રાપ્ત કરનારના સમાગમમાં આવેલા હિંસકો પણ તે ભાવને પ્રાપ્ત કરે છે. ગાથા ૬.

ચિત્ર-વિચિત્ર રૂપે તે ઇચ્છાઓ ક્ષયોપશમ ભાવથી થાય છે, અર્થાત્ જેને જેટલો ક્ષયોપશમ તેને તેટલી માત્ર ઇચ્છાદિ સંપત્તિઓ હોય છે. પરંતુ તે સ્થાનાદિ યોગવાળાઓને શ્રદ્ધા-પ્રીતિ આદિ યોગથી અર્થાત્ શ્રદ્ધાનુસારે કરવામાં વધતી પ્રીતિથી ધૃતિ-ધારણાદિ યોગથી ભવ્ય સત્ત્વોની આગળ કથન કરતાં અનુકંપાદિ ભાવો અનુક્રમે થાય છે. ગાથા ૭.

અનુકંપા-નિર્વેદ-સંવેગ અને તેવી રીતે પ્રશમ પણ થાય છે, અર્થાત્ પૂર્વકથિત ઇચ્છાદિ સંપત્તિવાળાઓને અનુક્રમે ઇચ્છાના કાર્યરૂપ અનુકંપા, પ્રવૃત્તિવાળાને પ્રવૃત્તિના કાર્યરૂપ નિર્વેદ, સ્થિરતાવાળાને સંવેગ અને સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓને ઉપશમ ભાવ ઉભરાતાં રહે છે. ગાથા ૮.

ઉપર પ્રમાણે ૧ સ્થાન, ૨ શબ્દ, ૩ અર્થ, ૪ આલંબન અને ૫ નિરાલંબન એ પાંચને ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદે ગુણવાથી કુલ વીશ ભેદ થાય છે. અને તે વીશને અનુકંપાદિ ચાર ભેદે ગુણવાથી કુલ ૮૦ ભેદો થાય છે. તેથી એ પ્રકારે વિસ્તારથી પૂર્વકથિત એંશી ભેદો અને સામાન્યથી સ્થાનાદિ પાંચ ભેદરૂપ યોગતત્ત્વો સ્થિત થયે

લાએાને ચૈત્યવંદનના દ્રષ્ટાન્તથી પૂર્વ ભેદોને ઘટાવવા રૂપ પ્રકટ યોજના આ પ્રમાણે જાણવા લાયક છે. વિશેષમાં તે યોજના તત્ત્વજ્ઞોએ સમ્યક્ પ્રકારે આ રીતે કરેલી છે. ગાથા ૯.

'અરિહંત ચેઇયાણું કરેમિ કાઉસગ્ગ' એ રીતે ચૈત્યવંદન દંડકસૂત્રના પદોનું જ્ઞાન ક્રિયા કરવામાં આસ્તિકયતાવાળાને જે રીતિએ સ્વર, વ્યંજન, માત્રાદિનું પરિસ્ફુટપણે ઉચ્ચારણ કરવું તે ઉર્ણ-શબ્દ અર્થાત્ શુદ્ધ પદ-જ્ઞાન થાય છે. ગાથા ૧૦.

**एयं च**=પરિશુદ્ધ પદજ્ઞાન એટલે તે પદના વાક્યાર્થ, મહા-વાક્યાર્થ, અને ઐદંપર્યાર્થ-જ્ઞાન રૂપ અર્થજ્ઞાનનું આલંબન એટલે સ્વીકાર કરેલા તીર્થંકરાદિ યોગથી પ્રાયે કરીને ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. અને અર્થ આલંબન યોગથી રહિત જીવોને પણ સ્થાનાદિક યોગમાં યત્ન કરવાવાળા હોય તો તેઓને પણ કલ્યાણજ છે. ગાથા ૧૧.

**इतरथा**=અર્થાલંબનાદિ યોગાભાવવાળાને તો ચૈત્યવંદનાદિ દંડકના પદો કાકવાસિત પદ અર્થાત્ સમૂર્ચ્છિમ ક્રિયાવત્ ચેષ્ટિત થાય. પૂર્વકાલમાં એક એવો મત હતો કે પદોનું ઉચ્ચારણ કરવું પણ તેને અનુસરતાં ક્રિયાકાંડ કાંઇપણ કરવાંજ નહિ. અર્થાત્ અરિહંત-ચેઇયાણું ઇત્યાદિ પદોનું ઉચ્ચારણ કરવું પરંતુ તે સંબંધી વંદન, નમસ્કાર, ખમાસમણાં અને કાયોત્સર્ગ આદિ કરવાં નહિ. તેથી તે મતના હિસાબે કાકવાસિત પદો કહેવાય, અથવા તે રીતે ઉચ્ચારણ કરવું અને કરવું કાંઇ નહિ તેથી તો તે મહામૃષાવાદ કહેવાય. ઉપરની બીના સમજમાં આવશે એટલે મહામૃષાવાદ કેવી રીતે લાગે છે તે સમજાશે અન્યથા નહિં. કારણ કે વિધિના અજાણ આ લોક સંબંધિ કીર્તિ, યશ, ઇચ્છા અને લોભથી કરવાવાળાને મહામૃષાવાદી કહેવાતા નથી તેમજ તેમની ક્રિયાઓને વિષ-ગરલાદિ અનુષ્ઠાન પણ કહેવાતાં નથી. આ પ્રસંગ પર ભગવાન્ શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી રચિત પંચાશક ૧૯-ગાથા. ૨૯૩નું કથન વધુ પ્રકાશ પાડે છે, માટે અર્થિઓએ તે વિચારવું. તે ગાથામાં જણાવે છે કે આ લોકની ઇચ્છાથી કરેલાં તપોધર્મ અનુષ્ઠાનો પણ માર્ગાનુસારિતા માટે થાય છે. એટલુંજ નહિ પણ પૂર્વ ગાથાના પશ્ચાર્દ્ધનો પરમાર્થ પૂર્ણ-તથા સંગત થાયજ નહિ. **ता अणुरुवाणं** તેથી યોગ્ય ભવ્યાત્માઓને ચૈત્ય વંદનાદિ ( સૂત્ર પ્રધાનાદિયોગ ) નિશ્ચયે કરવા લાયક છે. ગાથા ૧૨.

જે કારણથી અનુરૂપ એટલે દેશવિરતિ ધર્મયુક્ત અહિં ગ્રહણ કરવા યોગ્ય છે. અને તેઓજ કાયાને વાસિરાવે છે, તેથી આ દેશ-વિરતિમાંઆ બધું ચિન્તવન કરવા યોગ્ય છે. એમ શાસ્ત્રોમાં સંભળાય છે, ગાથા ૧૩.

અશુદ્ધવિધિને ગ્રહણ કરનારાથી તીર્થ-પ્રવૃત્તિ ચાલુ રહેશે અને અવિધિ અનુષ્ઠાનનો આદર કરીને તીર્થપ્રવૃત્તિ ચાલુ રાખવાનો આક્ષેપ-કરનારને **तित्थस्सुच्छेयाइवि** આદિ શબ્દોથી જણાવે છે કે તીર્થ-ઉચ્છેદ=તીર્થના-શાદિમાં પણ અવિધિ અનુષ્ઠાનના સેવનનું આલંબન લેવું નહિં. કારણ કે અવિધિ અનુષ્ઠાનને કરનારાઓ વિધિવિધાનને અન્યથા કરનારા હોવાથી અશુદ્ધની પરંપરા થશે અને તેથી સૂત્ર ક્રિયાનો નાશ થશે. વસ્તુતઃ સૂત્ર ક્રિયાના નાશથીજ તીર્થનો નાશ થશે. અન્યથા નહિં. ગાથા ૧૪.

તે આ સૂત્ર ક્રિયાનો નાશ વક્ર છે અર્થાત્

નિશ્ચયે દુરન્ત-દુઃખદાયિ-ફલને દેનારો છે, અને સ્વયમેવ મરેલાઓને મરાવવામાં ફરક નથી. આથી પણ તીર્થ-ઉચ્છેદના બીકણુ-આત્માઓએ આ પ્રસંગ ભાવવાલાયક છે, અર્થાત્ સૂત્ર-ક્રિયાનો નાશ ન થાય તેમ વર્તવું જરૂરીનું છે. ગાથા ૧૫.

લોક સંજ્ઞા=શાસ્ત્ર-નિરપેક્ષ-મતિને છોડીને સારભૂત સિદ્ધાન્તના રહસ્યને હૃદયમાં ધારણ કરીને પંડિત-પુરૂષે અતિ નિપુણ બુદ્ધિથી સમ્યક્ પ્રકારે પ્રવર્તવવાલાયક છે. ગાથા-૧૬.

અત્ર આ પ્રસંગમાં વધુ કહેવાથી સર્યું. કારણ કે સ્થાનાદિક યોગમાં યત્ન કરવાવાળાઓને આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન હિતકારી એટલે મોક્ષસાધક છે એમ જાણવાલાયક છે, તથા તે (અનુષ્ઠાન) સદનુષ્ઠાનપણે હોવાથી પણ મોક્ષ-સાધક છે. ગાથા ૧૭.

આ સદનુષ્ઠાન પ્રીતિ, ભક્તિ અને આગ-મને અનુસરવાવાળું છે અને તેવી રીતે અસં-ગતાથી યુક્ત અસંગ-અનુષ્ઠાન એમ ચાર પ્રકારે જાણવાલાયક છે. તથા નિશ્ચયે કરીને આ ચારે ભેદોમાં છેલ્લો ભેદ અસંગ-અનુષ્ઠા-નમાં ચરમ=છેલ્લો અનાલંબન યોગ હોય છે. ગાથા ૧૮.

અહીં પૂર્વે જણાવેલ આ આલંબન પણ બે પ્રકારે છે. એક રૂપી અને બીજું અરૂપી સમવસરણસ્થિત-પ્રતિમાદિ આલંબન રૂપી છે. અને સિદ્ધ-સિલામાં બિરાજમાન સિદ્ધ-ભગવંતોનું આલંબન અરૂપી છે. પ્રથમ રૂપી વિષયક આલંબન છે અને તદ્ગુણપરિણતિ રૂપવાળાને અંતે અનાલંબન થાય છે, અર્થાત્ સૂક્ષ્મ આલંબન હોવાથી તેને અનાલંબન નામથી ઓળખાવાય છે. ગાથા ૧૯.

**एयम्मि**=આ નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થયે છતે મોહરૂપી મહાસાગરનું તરીને, ક્ષપક-શ્રેણી કરીને નિશ્ચયે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. અને તે પછી યોગ સંબંધી અનુક્રમે સયોગી કેવળી થઈને અંતમાં અયોગિ અવસ્થા પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ-નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. ગાથા ૨૦.

## ૧૮. કેવળજ્ઞાન-વિંશિકા.

કેવળજ્ઞાન કેવું છે? તો કહે છે કે અનંત-અર્થાત્ જે જ્ઞાનનો પાર ન પામી શકાય તેવું છે, જીવનું વાસ્તવિક સ્વરૂપ અર્થાત્ જીવ કેવળજ્ઞાનમય છે, આવરણ (કર્મના આવરણ) કરીને રહિત, લોકાલોકને પ્રકાશ કરનારું, એકવિધ એટલે એકજ ભેદવાળું અર્થાત્ આ જ્ઞાનનો બીજો ભેદ જ નથી એવું જ્યોતિ સ્વરૂપ છે. ગાથા ૧.

મનઃપર્યવજ્ઞાનના અંત સુધી જ્ઞાન સંબન્ધિ અને દર્શનસંબન્ધિ ફરક છે, પરંતુ કેવળજ્ઞાન એકજ=સમાનભાવમાં વર્તે છે. અર્થાત્ કેવળ દર્શનમાં અને કેવળજ્ઞાનમાં સમાન ભાવ રહેલો છે. ગાથા ૨.

સમસ્ત ભેદે કરીને સંપૂર્ણ આ લોકને અને અલોકને દેખતાં સર્વ રીતિએ તે બંને ભેદે જાણવાલાયક છે. જે થયેલું છે અર્થાત્ જે બની ગયું છે, જે થવાવાળું છે અર્થાત્ જે બની રહ્યું છે અને જે ભવિષ્યમાં બનશે એવા ત્રિકાળ-વિષયક સર્વ ગુણ-પર્યાયયુક્ત-પદાર્થ એવો નથી કે તેને દેખી શકે નહિ અર્થાત્ સર્વ પદાર્થને દેખે છે. ગાથા ૩.

ભૂતકાળમાં થઇ ગયેલા ભાવને ભૂતકાલિન ભાવપણે, વર્તમાન કાળમાં થતા ભાવને

વર્તમાનકાલીન ભાવપણે અને ભાવિકાળમાં થવાવાળા ભાવને ભાવિકાલીન ભાવપણે દેખે છે કે જે આ જ્ઞેયભાવ તરીકે કહેવાય છે. ગાથા ૪.

હવે જ્ઞેય પદાર્થોના પર્યાયોને ત્રિકાલવિષયક જાણ્યા પછી જાણવાનું કંઇ પણ ન રહે એવી શંકા કરનારને ઉત્તર આપતાં **नेयं च विसेसणं** ઇત્યાદિ પદથી જણાવે છે કે—જ્ઞેય એવું છે કે જે જ્ઞેયના વિશેષે કરીને ઘણા પર્યાયો નાશ પામે છે અને નાશ પામતા જાય છે. જો એમ ન હોય તો જ્ઞેય એ જ્ઞેયજ ન હોઇ શકે અને તેથી આ જ્ઞેય વિચિત્ર છે એજ યુક્તિયુકત છે. ગાથા ૫.

સાકાર=એટલે વિશેષ રૂપ અને અનાકાર એટલે સામાન્યરૂપ એમ બંને પ્રકારના સ્વરૂપવાળું જ્ઞેય છે. અણુ આદિથી શરૂ કરીને સર્વ જ્ઞેય પદાર્થોમાં પણ નિયમા કરીને સામાન્ય વિશેષ રૂપ હોય છે. ગાથા ૬.

તે કારણથી તે સાકાર-નિરાકાર સ્વરૂપ જ્ઞેયને પણ તથા પ્રકારે નિશ્ચયે કરીને તેના ગ્રાહકભાવથી=જ્ઞેયને ગ્રહણ કરનારના જ્ઞાનથી જાણવાલાયક છે. અને તેનો આકાર પણ તે જ્ઞેયને ગ્રહણકરનાર-જ્ઞાનના પરિણામસ્વરૂપે સમજવો. ગાથા ૭.

જો એમ ન હોય તો અમૂર્ત્ત એવા આત્માનો કોઇ પણ આકાર કે પ્રતિબિંબ હોતુંજ નથી. જેવી રીતે આરિસામાં પ્રાપ્ત થયેલ પદાર્થનું રહેવાપણું છે તેવી રીતે જ્ઞાનમાં હોવું જોઇએ તે તથાપ્રકારે યુક્તિયુકત છે. ગાથા ૮.

દિવસમાં તો દેદીપ્યમાનપણાને પામેલી શ્યામ છાયા હોય છે, અને તે શ્યામ છાયા રાત્રિમાં દેદીપ્યમાનપણાથી રહિત કાળાશની કાન્તિને અનુસરવાવાળી (છાયા) હોય છે, પરંતુ ભાસ્વર પદાર્થોમાં (દર્પણ-પૉલીશ દાગીના વિગેરે) પોતાના દેહના વર્ણને અનુસરતી આ છાયા સત્યપણે છે, અર્થાત્ જેવી હાલતમાં હોય તેવી હાલતમાં તે હોય છે; અને તે જાણવાલાયક છે. ગાથા ૯.

દર્પણની અંદર દેહના જે અવયવો સંક્રાન્ત થાય છે, તે અવયવોમાં અર્થાત્ તે અવયવ વિષયક તથાપ્રકારનું જ્ઞાન પ્રકાશના યોગથી થાય છે, પણ પ્રકાશ સિવાયના અવસરમાં તેવું જ્ઞાન થતું નથી; અથવા આરિસા સિવાયના પ્રકાશરહિત-પદાર્થમાં તેવું જ્ઞાન થતું નથી. ગાથા ૧૦.

આ આરિસામાં નિશ્ચયે કરીને છાયાના અણુઓનો પ્રવેશ થતો હોવાથી યુક્તિ યુકત ઘટે છે, પણ સિદ્ધભગવંતો શરીરરહિત હોવાથી તેજની છાયાના અણુઓના સંબંધનો વિરહ છે અર્થાત્ તેજની છાયાના અણુઓનો પ્રવેશ થતો નથી. ગાથા ૧૧.

સિદ્ધભગવાન્‌ને છાયાના અણુઓ વડે સંગપણું થઇ જતું હોવાથી સંબંધ નથી, કારણ કે સિદ્ધભગવાન્ અસંગી છે; એટલુંજ નહિં પણ અણુ આદિના સઘળા એ પરમાણુ વિગેરેને પણ છાયાના અણુઓ હોતાંજ નથી. ગાથા ૧૨.

**तं मित्तवेयणं**=તન્માત્રવેદનં=સ્થૂલ-પદાર્થ માત્રનું વેદન=જ્ઞાન થાય છે, પણ છાયા સિવાયના અણુ પરમાણુ વિગેરેનું ગ્રહણ અનુમાનથી પણ

થતું નથી તેથી કરીને સ્વરૂપનિયત એવા જ્ઞાનનો આ આકાર તદ્ગ્રહણ-પરિણામવાળો છે. ગાથા ૧૩.

ચન્દ્ર-સૂર્ય-ગ્રહાદિની પ્રભા તો પરિમિત ક્ષેત્રને પ્રકાશ કરે છે, પરંતુ કેવળજ્ઞાનની પ્રાપ્તિ તો લોક-અલોકને પ્રકાશ કરે છે. ગાથા ૧૪.

તેથીજ શાસ્ત્રનિર્ણીત-નિશ્ચયોને સમ્યક્-પ્રકારે જાણનારા જ્ઞાનીઓએ કેવળજ્ઞાનનું સ્વરૂપ સર્વગત પ્રકાશવાળું જણાવેલું છે, અને આ સર્વગત પ્રકાશવાળું સ્વરૂપ નિયમિત છે તો તે કેવી રીતે ઘટે છે? ગાથા ૧૫.

જેવી રીતે આભાસ=પ્રકાશનું ગ્રહણ નિયમા છે તેવી રીતે આભાસ=બોધ-જ્ઞાનનું ગ્રહણ અત્ર કેમ યુક્તિયુક્ત થતું નથી? તો કહે છે કે ચંદ્રની પ્રભા આદિના દ્રષ્ટાંત માત્રથી આ પ્રસંગ જાણવાલાયક છે. અર્થાત્ ચંદ્રની પ્રભાનો પ્રકાશ જે દેશમાં પડે છે તે પ્રદેશની ચીજ દેખાય છે તેમ તે અંશે આ દ્રષ્ટાંત સમજવું. ગાથા ૧૬.

જેવી રીતે ચન્દ્રાદિની પ્રભા એ પુદ્ગલરૂપ છે, પણ ચન્દ્રાદિનો ધર્મ નથી તેવી રીતે જ્ઞાન એ પુદ્ગલ રૂપ નથી પરંતુ જીવનો ધર્મ છે; તેથી કરીને તે જ્ઞાન નિયમિતપણે નિશ્ચયથી જીવનો= આત્માનો ધર્મજ છે. ગાથા ૧૭.

'અમે તો જીવને સર્વગત માનીએ છીએ એટલે સર્વગત વિષયનું જ્ઞાન થવામાં અમારે વાંધો નહિં આવે, પણ તમે તો અસંખ્યાત પ્રદેશી આત્મા માનો છો અને જ્ઞાનનો વિષય લોકાલોક-અનંત માનો છો' તેવાઓને ઓલંભો દે છે કે **जीवो य न सव्वगओ**=જીવ સર્વગત નથી તેથી જીવનો ધર્મ જ્ઞાન એ સર્વગત કેમ માની શકાય અને तद्धम्मो=તે જીવનો જ્ઞાન-ધર્મ કેવી રીતે બહાર-અલોકમાં હોઇ શકે?, કદાચ કહેશો કે અલોકમાં જીવનો જ્ઞાનધર્મ હોઇ શકે છે તો કહેવું પડશે કે તમે તો અલોકમાં ધર્માસ્તિકાય સ્વીકારતા નથી. અર્થાત્ ધર્માસ્તિકાયરહિત અનંત એવા અલોકમાં તે જ્ઞાનધર્મ કેવી રીતે જાય છે? ગાથા ૧૮.

તેથી જ્ઞાન સ્વરૂપ નિયમિત છે જેનો એવા જીવનો કેવળ ધર્મ છે અને આકાર પણ વિશેષ એ જ્ઞાનના છે, અને તેને સારી રીતે ગ્રહણ કરવાનો પરિણામ જ્ઞાનનો છે. આથી અઢારમી ગાથામાં કરેલ શંકાનું નિરસન કરતાં જણાવે છે કે અસંખ્યાત પ્રદેશી આત્માને શરીરમાં રહીને શરીરની બહાર-દૂર દેશાન્તરના પદાર્થનું જ્ઞાન કરવામાં વાંધો આવતો નથી તેવી રીતે અસંખ્યાત પ્રદેશી આત્માનો ધર્મ= આત્મસ્વરૂપજ્ઞાનને (કેવળજ્ઞાનને) અનંત અલોકનું જ્ઞાન કરવામાં વાંધો નથી એવું જ્ઞાનનું નિયત સ્વરૂપ છે. ગાથા ૧૯

**एयम्मि**=આ કેવળજ્ઞાન વિદ્યમાન હોય છે તે કેવલિ-ભગવાનને ભવોપગ્રાહિક કર્મ= નામ-વેદની-ગોત્ર આયુ કર્મના ક્ષયથી સિદ્ધપણું થાય છે, અને આ સિદ્ધપણું સમસ્ત શુદ્ધ ધર્મના આસેવનનું ઉત્તમ ફળરૂપ છે તે જાણવા લાયક છે. ગાથા ૨૦.

## ૧૯. શ્રીસિદ્ધ-ભેદ-વિંશિકા.

સિદ્ધ ભગવંતો બીજ તત્ત્વથી તથા પ્રકારે એક સ્વરૂપવાળા છે. અને તે સિદ્ધ ભગવંતોની વ્હેંચણ અહીં પંદર પ્રકારે ભગવંતોએ બોધ-ભેદથી કહેલી છે. અર્થાત્ શાસ્ત્રોમાં સિદ્ધ ભગવંતોને પંદર પ્રકારો પ્રરૂપેલા છે. ગાથા ૧.

પંદર ભેદો કયા ? તો કહે છે કે તે તીર્થાદિ સિદ્ધ ભેદો જાણવા. હવે અનુક્રમે તે પંદર ભેદો જણાવે છે. ચતુર્વિધ સંઘની વિદ્યમાનતા હોય છે તે તીર્થ સિદ્ધ થાય છે, અથવા ચતુર્વિધ સંઘમાં સદા તીર્થ-સિદ્ધ હોય છે=થાય છે. અને ચતુર્વિધ સંઘ રૂપ તીર્થની અવિદ્યમાનતામાં જે સિદ્ધો થાય છે તેઓ અતીર્થ-સિદ્ધ તરીકે જાણવાલાયક છે. ગાથા ૨.

તીર્થને કરનારા તીર્થંકરો સિદ્ધ થાય તે તીર્થંકર-સિદ્ધ અથવા જિન સિદ્ધ હોય છે. અને તે સિવાયના સિદ્ધ થનાર અતીર્થંકર સિદ્ધ અર્થાત્ અજીન-સિદ્ધ કહેવાય છે. પોતાની મેળે બોધ પામનારા અને પામીને સિદ્ધ થનારાને સ્વયં—સિદ્ધ કહેવાય છે. એવી રીતે કોઇક પદાર્થ દેખીને ચિન્તવન કરતાં બોધ પામનારાને પ્રત્યેક-બુદ્ધ કહેવાય છે, અને તેઓ સિદ્ધિપદ પામે તો તેઓને પ્રત્યેકબુદ્ધ-સિદ્ધ કહેવાય છે. ગાથા ૩.

પંડિત પુરૂષોથી બોધ પામેલાને નિશ્ચયે કરીને બુદ્ધિ-બોધિત સિદ્ધ જાણવા અને સ્ત્રી, પુરૂષ તથા નપુંસકલિંગે સિદ્ધ થનારાઓને અનુક્રમે સ્ત્રીલિંગ-સિદ્ધ, પુરૂષલિંગ-સિદ્ધ અને નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે. એવી રીતે સ્વલિંગે અર્થાત્ શાસન માન્ય સાધુલિંગે સિદ્ધ થનારાઓને સ્વલિંગે સિદ્ધ થયા કહેવાય છે. ગૃહસ્થ વેષમાં સિદ્ધ થનારાઓને ગૃહલિંગ-સિદ્ધ કહેવાય છે. તેમજ અન્ય લિંગે=જૈનેતર વેષમાં સિદ્ધ થયા હોય તેને અન્યલિંગ-સિદ્ધ કહેવાય છે. આ બધા ભેદો શાસ્ત્ર નીતિ રિતિએ જાણવાલાયક છે. ગાથા ૪.

તેવી રીતે એક સમયે એક સિદ્ધ થાય તેને એક સિદ્ધ કહેવાય છે. અને એક સમયમાં અનેક સિદ્ધ થયેલ છે તે સિદ્ધોને અનેક સિદ્ધ કહેવાય છે. તસ્સિદ્ધા=તે સિદ્ધો (ઉપર જણાવેલ પંદર ભેદના સિદ્ધો) ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થઇને કેવલિભાવમાં સિદ્ધિપદને પામે છે છતાં પંદર ભેદો જણાવ્યા તે **भवभया**= સંસારમાં વર્તતા ભેદોના હિસાબે છે. ગાથા ૫.

આ પ્રમાણે શ્રેણિ ઉપર આરૂઢ થયે છતે ચરમદેહ-ધારિયોને પ્રતિબંધકો અર્થાત્ કેવળજ્ઞાનને રોકનારા કર્મ હોતા નથી; એટલું જ નહિં પણ નિશ્ચયે કરીને શાસ્ત્રની નીતિરીતિથી અબાધિતપણે સ્ત્રીલિંગાદિ ભાવોને પણ પ્રતિબંધક અર્થાત્ કેવળજ્ઞાન પામવામાં અંતરાય હોતાજ નથી. ગાથા ૬.

જેઓ સ્ત્રીવેદે, નપુંસકવેદે સિદ્ધ થવાનું સ્વીકારતા નથી તેવાઓને=વિરોધ કરનારાઓને શિક્ષણ આપતાં જણાવે છે કે-**इत्थीपमुहाण**= સ્ત્રી પ્રમુખોને એટલે સ્ત્રીલિંગાદિમાં (સ્ત્રીલિંગ, પુરૂષલિંગ અને નપુંસક લિંગમાં) રહેલાઓને નવે ગુણસ્થાનકો અવિરોધપણે હોય છે, અને તેઓના માન્ય શાસ્ત્રથી સિદ્ધ થનારાઓની

સંખ્યાના શબ્દોથી નિશ્ચયે કરીને જાણવા લાયક છે. ગાથા ૭. આ ગાથાના પ્રસંગમાં નીચેની બીના વિચારણીય છે.

સ્ત્રી પ્રમુખને સિદ્ધિના નહિ માનનારાઓ પોતાના માનનીય તત્ત્વાર્થાધિગમ સૂત્રની ટીકા સર્વાર્થસિદ્ધિમાં (નિર્દેશ સ્વ૦ સૂત્રની ટીકામાં) પૃ. ૩૬ ઉપર વેદના અનુવાદમાં નવગુણ ઠાણાનું અવિરોધપણે વિધાન કરે છે. અને તત્ત્વાર્થસૂત્ર રાજવાર્તિક-નવમો અધ્યાય સૂત્ર ૧૦ મુ પૃ. ૩૬૭ ઉપર વેદાનુયોગમાં અસંખ્ય ગુણા સ્ત્રીલિંગે સિદ્ધો પ્રતિપાદન કર્યા છે. આ ઉપરથી પોતાના માનનીય શાસ્ત્ર સંમત વિધાનો પણ હૃદયમાં રૂચતાં નથી એજ બુદ્ધિમાનો માટે ખેદનો વિષય છે.

નવમા અનિવૃત્તિ બાદર ગુણ સ્થાનકમાં રહેલો તે (સ્ત્રીલિંગ-પુરૂષલિંગ કે નપુંસકમાં રહેલો ગમે તે જીવ) ક્ષપક-શ્રેણિને નિયમપૂર્વક અહિં સમાપ્ત કરે છે. અને શ્રેણિની સમાપ્તિ સાથે કેવળજ્ઞાન, તથા કેવલિપણામાં જન્મક્ષય થયે છતે અર્થાત્ ભવો પ્રાહિક ચારકર્મ જન્મ સંબંધિના ક્ષય થયે છતે નિયમાસિદ્ધ થાય છે. ગા. ૮.

આ ઉપરથી નવમા ગુણ સ્થાનકે ક્ષપક-શ્રેણિને શરૂ કરી દશમે ગુણસ્થાનકે સમાપ્ત કરી બારમા ગુણસ્થાનકના વિધાનની જેમ ક્ષપક-શ્રેણિ, કેવળજ્ઞાન પ્રાપ્તિ અને સિદ્ધિ પણ અવિરોધપણે શાસ્ત્ર સંમત સ્વીકારવા લાયક છે.

'પુરૂષલિંગ ધારિયોને વેદનું સંક્રમ ભાવ થતો હોવાથી અર્થાત્ પુરૂષલિંગ ધારિને જ્યારે સ્ત્રીવેદનું સંક્રમણ થાય છે, આ વિષયને અનુસરતી [1]ગમનિકા=શાસ્ત્રીય વચનો છે એમ જેઓ કહે છે તે અયુક્ત છે અર્થાત્ અયોગ્ય છે. અને કદાચ કહેશો કે વેદનું સંક્રમણ થાય છે તો પછી સ્ત્રીઓને પણ સ્ત્રી વેદનું સંક્રમણ થઇને પુરૂષ વેદ થાય છે અને થયા પછી ક્ષપક શ્રેણિ, કેવળજ્ઞાન, અને સિદ્ધિ આદિ ભાવો થાય છે એ માનવામાં વાંધો નથી. ગા. ૯.

પૂર્વ-કથનના રહસ્યને સમજાવતાં થતાં કહે છે કે લિંગ એટલે શરીરના ચિહ્ન અર્થાત્ પુરૂષ-સ્ત્રીના લિંગ નહિં પણ લિંગ એટલે ભાવ લિંગ છે. અને તેથીજ આ વાતને સ્પષ્ટ કરતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે—

અહીંના લિંગ શબ્દથી પ્રધાન એવું ભાવ લિંગ લેવું અને ઇતર એવું સ્ત્રી લિંગાદિ તો દેહને હોય છે. અને સિદ્ધિ જીવની થાય છે પરંતુ દેહની સિદ્ધિ થતી નથી તેથી કરીને એવં દેહ વિષયક લિંગ સંબંધી કથન કિંચિત્ નથી. સ્ત્રીને પુરૂષ, સાથે ભોગવવાના પરિણામ વિશેષ, અને પુરૂષને સ્ત્રી સંભોગાદિ કરવાના પરિણામ વિશેષને લિંગ તરીકે અર્થાત્ ભાવ લિંગ તરીકે લેવાનું છે. ગા. ૧૦.

સ્ત્રીઓને સારા પરિણામ ઉત્કૃષ્ટપણે થતાં નથી, અને ખરાબ પરિણામ પણ ઉત્કૃષ્ટપણે થતા નથી; આ સંબંધમાં વાદીની શંકા જણાવીને નિરસન પૂર્વક ઉત્તર આપતાં જણાવે છે કે વાદી કહે છે કે ખરાબ પરિણામ ઉત્કૃષ્ટપણે થતા નથી તેથી સ્ત્રી મરીને સાતમી નરકે

---

૧ ષટ્ખંડાગમ-ગોમટ્ટસાર આદિ શાસ્ત્રોમાં લબ્ધિના પ્રકરણમાં લિંગ=વેદનો સંક્રમણ ભાવ માને છે તે શાસ્ત્રીય વચન રૂપ ગમનિકા.

જતી નથી, આ કથન કરનારને જણાવાય છે કે રૌદ્ર પરિણામનો વિરહ હોવાથી તે સ્ત્રીઓને સાતમી નરકે જવાનો પ્રતિષેધ જણાવેલો છે, પરંતુ તેથી તો અમારે સિદ્ધ પામવામાં ઇષ્ટ ફળ રૂપ છે. અર્થાત્ એવા રૌદ્ર પરિણામ થતા નથી તેથી તો મોક્ષ માટે સાધ્વી અને સ્ત્રીઓને પ્રતિષેધ કહેલો નથી. અર્થાત્ મોક્ષ અનુકુળ પરિણામ કરીને ચારિત્રનું સેવન કરીને ઘન-ઘાતી તોડીને, કેવળજ્ઞાન પામી મોક્ષે જઇ શકે છે. ગાથા ૧૧.

પરંતુ તે સ્ત્રીઓને ઉત્તમપદ=મોક્ષપદ પ્રાપ્તિનો પ્રતિષેધ તો ત્યારેજ સંભવી શકે છે કે સહકારિ-સંજોગ, અને સાધનનો અભાવ હોય તો અર્થાત્ મનુષ્યપણું, ધર્મ પ્રાપ્તિ, શ્રદ્ધા, પ્રથમ સંઘયણ આદિનો અભાવ હોય તોજ પરમપદ પ્રાપ્તિનો પ્રતિષેધ સંભવી શકે છે. અને તેથી કેવળજ્ઞાન પામવાવાળા પોતાના વીર્ય બળે કેવળજ્ઞાન પામે છે તેવી રીતે સ્ત્રીલિંગધારિ-સાધ્વીઓ પણ પોતાના વીર્ય-બળે કેવળજ્ઞાન પામે છે તે હાઇતિ હેતે કહેવું પડે છે કે તે તદ્દન અવિરૂદ્ધ છે અર્થાત્ શાસ્ત્ર સમ્મત છે. ગાથા ૧૨.

એક સમયમાં સ્ત્રીઓ વીશ, પુરૂષો એકસો ને આઠ, અને નપુંસકો દશજ મોક્ષે જાય છે, તે ઉપર અર્થાત્ ઉપર જણાવેલી સંખ્યા કરતાં વધુ મોક્ષે જવાનો પ્રતિષેધ શાસ્ત્રમાં જણાવેલો છે. અને વળી આગળ જણાવતાં કહે છે કે ગૃહસ્થલિંગે ચાર, સ્વલિંગમાં એકસોને આઠ સિદ્ધપદને પામે છે. પરંતુ સ્વલિંગમાં સિદ્ધિ પામનારાઓ સંબંધમાં સ્વલિંગ શાસ્ત્રથી જાણવા લાયક છે. ગાથા ૧૩-૧૪.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેજ, જઘન્ય અવગાહનાળા ચાર અને તેવી રીતે મધ્યમ અવગાહનાવાળા એકસોને આઠ નિશ્ચયે કરીને સિદ્ધિપદને પામે છે. ગાથા ૧૫.

ચાર ઉર્ધ્વ લોકમાં, બે સમુદ્રમાં, ત્રણ જલમાં, બાવીશ અધો લોકમાં અને એકસોને આઠ તિર્છા લોકમાં સિદ્ધિ પદને પામે છે. અને ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૯૮ અને ૧૦૮ આ બધા અનુક્રમે સિદ્ધિપદ પામે છે. અર્થાત્ ૮-૭-૬-૫-૪-૩-૨-૧ સમયના અનુ-ક્રમથી સિદ્ધિ પદને પામે છે. આ પ્રસંગને ઠાણાંગ-સૂત્રના પ્રથમ-ઠાણામાં નવાંગી-વૃત્તિકાર-ભગવાન્ અભયદેવસૂરિ જણાવે છે. ગાથા ૧૬ ૧૭.

એવી રીતે સિદ્ધ ભગવંતોના પણ નિશ્ચયે કરીને ઉપાધિ ભેદથી અહીં=વિંશિકા પ્રકરણમાં ભેદો જણાવેલા છે. પરંતુ તત્ત્વથી તો સર્વ સિદ્ધ ભગવંતોમાં નિશ્ચયે કરીને સરખાપણુંજ હોય છે. સર્વે સિદ્ધ-ભગવંતો સર્વજ્ઞો છે, અને સર્વે સિદ્ધ-ભગવંતો સર્વદર્શી છે, અને સર્વે નિરૂપમ-સુખને પ્રાપ્ત કરેલા છે અને સર્વે જન્મ-જરા-મરણાદિ દુઃખે કરીને રહિત છે. જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો છે. અને તેઓએ ભવનો ક્ષય કરેલ હોવાથી સકળ કર્મના બંધનથી વિમુક્ત છે. અને પરસ્પર નિરાબાધપણે અવ્યાબાધ સુખને પામેલા સર્વ પ્રકારે સુખી સુખ પૂર્વક રહેલા છે. ગાથા ૧૮-૧૯-૨૦.

(અપૂર્ણ.)

૪૧૨. સર્વ ક્ષેત્રના, સર્વ કાળના, સર્વ અવસ્થાના, હરકોઈ નામને ધારણ કરવાવાળા, તીર્થંકરનામકર્મની નિકાચના કરેલા, તીર્થંકરનામકર્મની નિકાચના કરીને દેવલોક ગયેલા અગર નરકે ગયેલા સર્વ તીર્થંકરની આરાધના એક અરિહંતપદને આરાધવાથી થાય છે.

૪૧૩. અરિહંતપદની આરાધના દ્વારાએ અરિહંતપદની પ્રાપ્તિ થાય છે.

૪૧૪. આરાધ્ય ભગવંત અરિહંતો આરાધ્યપદ અપાવી શકતા નથી પણ તેઓની આરાધના અરિહંતપદની પ્રાપ્તિ કરાવે છે.

૪૧૫. અરિહંતાદિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

૪૧૬. અરિહંતાદિને કરેલો નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

૪૧૭. અરિહંતપદના આરાધકોને અરિહંતપદની આરાધનામાં તત્પર બન્યા વગર અરિહંતપદની પ્રાપ્તિ અબજો કોશ દૂર છે.

૪૧૮. ભેદજ્ઞાનમાં ભૂલા પડેલાઓ છેદ કરવાના અવસરે છેતરાય તેમાં નવાઈ શું ?

૪૧૯. ભેદજ્ઞાનની ભૂલભૂલામણીમાં છેદ કરવાનું છોડીને નહિ છેદ કરવાને છેદે છે.

૪૨૦. ભેદનીતિ અને ભેદજ્ઞાનમાં આભ અને જમીન જેટલું અંતર છે.

૪૨૧. છળ, કપટ, માયાજાળ અને મુત્સદ્દીપણાની ચાલબાજીઓનો સમાવેશ ભેદનીતિમાં છે, અને ભેદજ્ઞાન દ્વારાએ વિનાશી અવિનાશી પદાર્થનો વાસ્તવિક નિર્ણય-કિંમત-સ્વરૂપફલાદિની વિચારણાઓ હોય છે.

૪૨૨. પિયરમાં પોષાયેલી પુત્રીને પંદર વર્ષ પહેલાં પિયર અને ઘરના ભેદ સમજાય છે; પરંતુ જીવનના અંત સુધી સંસારિયોને સંસાર અને શાસનના ભેદ સમજાતા નથી, એજ ખેદનો વિષય છે,

૪૨૩. ભેદજ્ઞાનમાં ભીંજાયા વગર અને છેદ કરવાની કુશળ કાર્યવાહી કર્યા વગર કોઇપણ આત્મા અરિહંતપદ પ્રાપ્ત કરી શકતો નથી.

૪૨૪. આરાધ્યપદમાં બિરાજમાન અરિહંતો અરિહંતપદની પ્રાપ્તિ કરાવતા નથી, પરંતુ તેઓની આરાધના દ્વારા એ જ અરિહંતપદની પ્રાપ્તિ થાય છે.

૪૨૫. આરાધક અને આરાધ્યપદ વચ્ચેનું અંતર તોડનારી ચીજ આરાધના છે.

૪૨૬. આરાધનાના અપૂર્વ બળે આરાધ્યપદાદિ અરિહંતપદોને આરાધકો પામ્યા છે એમાં શંકાને સ્થાન જ નથી.

---

## ગ્રાહકોને સૂચના.

'સિદ્ધચક્ર'ના અંકો મળવા વિગેરે બાબતોની ફરીયાદ હોય તે નીચેના ઠેકાણે જણાવવી.

**શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ**

ઠે. ગોપીપુરા, ચાંલ્લાગલી—સુરત.

મુદ્રક : **મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—સુધાવર્ષી. )

**નોંધઃ**—શ્રીઅરિહંતપદના આરાધકોની આરાધના અધિક અધિકતર ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર શરૂ કરાય છે. **તન્ત્રી.**

## શ્રી અરિહંતપદના આરાધકો માટે.

૪૦૦. ભેદજ્ઞાનમાં નિષ્ણાત અને છેદ કરવામાં અતિ કુશળ શિરોમણિ તીર્થંકરો છે માટે જ તેઓના દર્શન, વંદન, પૂજન, સત્કારાદિમાં તત્પર બનો.

૪૦૧. તીર્થંકર ભગવંતોએ પૂર્વે પ્રાપ્ત કરેલ શરૂઆતનું સમ્યક્ત્વ પણ પ્રતિપાતિ હોઇ શકે છે.

૪૦૨. શ્રી તીર્થંકર ભગવંતોને જગત્ભરના જીવ માત્રને નિર્ગ્રન્થ પ્રવચનના રસિક બનાવવા વિશિષ્ટ વિચારોવાળું વરબોધિ સમ્યક્ત્વ ત્રીજા ભવે નિયમા હોય છે.

૪૦૩. એક જ ભવમાં કેવળજ્ઞાન અને મોક્ષ થવા એ સહેલામાં સહેલી સાધના છે, પરન્તુ તીર્થંકરનામકર્મની નિકાચના ત્રણ ભવ વગર થતી જ નથી.

૪૦૪. સંસારચક્રમાં પરિભ્રમણ કરનાર તીર્થંકર ભગવંતના જીવો પણ ત્રણ ભવ શેષ સંસાર રહે તે અવસરે આરાધ્યપદની આરાધના નિયમા કરે છે.

૪૦૫. તીર્થંકરનામકર્મની નિકાચના કરનાર તીર્થંકરોને ત્રણ ભવ શેષ રહે છે, તે અવસરે તેની નિકાચના કરે છે; અર્થાત્ તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે.

૪૦૬. તીર્થંકરનામકર્મની નિકાચના કરવાના અવસરે અપ્રતિપાતિ વરબોધિ (શ્રેષ્ઠ સમ્યક્ત્વ) હોય છે.

૪૦૭. વરબોધિને વરેલો પુણ્યાત્મા જગત્ભરને શાસનના રસિક બનાવવા માટે કટિબદ્ધ થયેલો હોય છે.

૪૦૮. તીર્થંકરનામકર્મની ઉપાર્જના કરનારને અરિહંતાદિક વીશ પદો અગર તે વીશ પદોમાંથી એકાદ પદને આરાધવું પડે છે.

૪૦૯. અરિહંતપદની આરાધનામાં વ્યક્તિના ભિન્નભેદો નજરે પડતા નથી.

૪૧૦. અરિહંતપદની આરાધનામાં ક્ષેત્ર-કાળ અવસ્થાનું નિયમન નથી.

૪૧૧. અરિહંતપદની આરાધનામાં નિયમિત નામનો નશો નથી.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો. ]

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

**ભાવાર્થ:**—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

## અંતિમ-સાધ્યનો નિર્ણય.

પૃથ્વીપરના પ્રાણી માત્રને હરકોઇ સાધ્ય-સિદ્ધિ કરવાનો અંતરંગ આશય આવિર્ભાવ થાય છે, ત્યારે સાધ્યનો નિર્ણય તેને પ્રથમ કરવોજ પડે છે.

વર્તમાનકાલીન કહેવાતા સંશોધકોએ શોધી કાઢેલી સૃષ્ટિ-ભરનો માનવસમૂહ અઢી-અબજના આંકે અંકિત થયેલો છે. તે માનવસમૂહ પૈકી મનુષ્ય માત્રના મનોમંદિરમાં સ્વયમેવ ઉઠતાં સંકલ્પો, સંયોગ-વિયોગ-વર્ધિત-વિચિત્ર કલ્પનાઓ, ઉદ્ભવતી-પ્રચ્છાઓ, મનોમાન્ય છતાં મનને મુંઝાવનારા મનોરથો, અકળામણ કરાવનારી આશાઓ, આવિર્ભાવ થતી અભિલાષાઓ, સફળ થતી-નિષ્ફળ થતી નિર્મળ-સમળ ધારણાઓ; અને વિચિત્ર-વિચાર-વાયુથી વૃદ્ધિ-વિસરાળ પામતા વિવિધ વિકલ્પોનું વિવેકપૂર્વક નિરીક્ષણ કરીને વર્ગીકરણ કરવામાં આવે તો સર્વ સંકલ્પાદિને ૧ ધર્મ સાધ્ય મૂલક, ૨ અર્થ સાધ્ય મૂલક, ૩ કામ સાધ્ય મૂલક અને મોક્ષ સાધ્ય મૂલક આ ચારે વિભાગમાં વહેંચી શકાય તેમ છે.

ભયંકર ભવાટવીમાં ભૂલા પડેલા ભવ્યાત્માઓને ભવોભવની ભૂલ ભૂલામણીમાં સર્વ શ્રેષ્ઠતમ-સાધ્યનો અંતિમ નિર્ણય થતોજ નથી. અને તેથીજ એ નિર્ણયના અભાવે સફળ-પ્રવૃત્તિ-નિવૃત્તિ થઈ શકિત નથી, વિઘ્નોનાં વિકરાળ વાદળા વિખેરી શકતાં નથી; અને અંતે 'पुनरपि जन्म पुनरपि मरणं' એ સર્વ-સમાન્ય-સિદ્ધાંતનો સ્વાદ હરકોઇને ચાખવોજ પડે છે.

એટલુંજ નહિં પણ ધર્મ સાધ્ય મૂલક-સંકલ્પાદિ પણ અર્થની-આંધાધુંધી પ્રતિ અને કામની કારમી કેડી તરફ ધસી પડનારાં હોય તો એ ધસી પડનારાં-પડેલાંઓને અધમગતિના અધમ સાધનોનું આસ્વાદન કરવુંજ પડે છે. અને એથીજ ઉદ્ઘોષ—એ ધર્મ સાધ્ય-મૂલક-સંકલ્પાદિ મોક્ષ-સાધ્યની સિદ્ધિ કરવામાં અનુકુળ થઈ જાય તો મુમુક્ષુ-મહાત્માઓને **નિસ્તરંગોદધિકલ્પ-સિદ્ધ અવસ્થાના અનુપમેય સુખનું** આસ્વાદન કરવાનું અસ્ખલિત-અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. અંતિમ-સાધ્ય=મોક્ષ પ્રાપ્તિના નિર્ણય વગર પારાવાર પ્રવૃત્તિઓ, નિરંતર સેવેલ-નિવૃત્તિઓ, અને વિઘ્નોનો વિવિધ રીતિએ કરેલા સામનાઓ કાર્ય સાધક થયાં નથી, થતાં નથી અને થશે પણ નહિં; માટે આદરણીય-આશયરૂપ અંતિમ સાધ્યનો નિર્ણય અવશ્યમેવ કરવાની જરૂર છે. **'સંસ્મરણીય-સુધા-વર્ષામાંથી'**


વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
**વર્ષ ૧૩-અંક ૫**

પ્રકાશિકા—
**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫૬ ૨૭, ધનજીસ્ટ્રીટ—**મુંબઇ.**

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

પં. દેવેન્દ્રસાગરજીએ શ્રી ભગવતીસૂત્ર અને શ્રી શાંતિનાથ ચરિત્ર વાંચ્યું; અંતે અષ્ટાહ્નિકા મહોત્સવ, શાંતિસ્નાત્ર વિગેરે શુભ કાર્યો થયાં. વિ૦ હસ્તલિખિત જ્ઞાન ભંડાર ખાતે રૂ. ૫૦૦) પાંચસો શ્રી સંઘે સમર્પણ કર્યાં. પૂ. આગમોદ્ધારક ગુરૂદેવની છત્રછાયામાંજ ચાતુર્માસ કરવાની ભાવના હોવા છતાં સગરામપુરાવાળાની આગ્રહ ભરી વિનંતિ અને સાચવવાની અનિવાર્ય જરૂર હોવાથી પૂ. પન્યાસપ્રવરશ્રી આદિ ઠા. ૪ ત્યાં પધાર્યા. ચૈત્ય પરિપાટીનો અધિકાર સાંભળીને શહેર યાત્રા કરાવવાનું મન વાંછ નિવાસિ શ્રેષ્ઠિ જીવણ કપુરાજીને થયું, અને તે નિમિત્તે લગભગ બે હજાર રૂપીયાનો ખર્ચ તેમણે કર્યો. સંવત્સરિક પ્રતિક્રમણ અવસરે રૂપીયાની પ્રભાવના કરી. અને સગરામપુરાના શ્રી સંઘે શ્રીવર્દ્ધમાન તપસહાયક સમિતિ મુંબાઈ, અને મૂળી, નવાપુરા-ઉજ્જૈનના જીર્ણોદ્ધાર ખાતે, તથા હસ્તલિખિત જ્ઞાન ભંડાર ખાતે અનુક્રમે ૧૩૧૩, ૧૦૦૦ અને રૂ. ૨૫૦) ખર્ચાને ચપળ લક્ષ્મીને અચપળ બનાવી.

**બારડોલીઃ**—૫૦ પૂજ્ય **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનન્દસાગર-સૂરીશ્વરજીના** વિદ્વાન શિષ્ય-રત્ન વ્યાકરણ-વિશારદ, શ્રીસિદ્ધચક્રારાધન-નવપદોદ્ધારક-પરમ-તપસ્વી-**અનુયોગાચાર્ય** પૂ૦ પં. **પ્રવર શ્રીચન્દ્રસાગરજી મહારાજ** સાહેબ તથા પૂ૦ પં. **શ્રી દેવેન્દ્રસાગરજી** મહારાજ તથા પૂ૦ પં. **શ્રીહીરસાગરજી** મહારાજાદિ ઠા. ૮ સુરતથી બારડોલી પધારતાં બારડોલીમાં અભૂતપૂર્વ **ભવ્ય** સ્વાગત થયું હતું. ઠેરઠેર ગુંહળીઓ અને સાથીઆ પૂરાયા હતા. ભારતિપ્રિય-મુનિ **શ્રીજ્ઞાનસાગરજી** મહારાજ, દીર્ઘતપસ્વી મુનિ **શ્રીચન્દ્રકાન્તસાગરજી** મહારાજ અને સમર્થ વક્તા મુનિ **શ્રીચન્દ્રપ્રભ-સાગરજી** મહારાજના સદુપદેશથી આવા વિષમ કાળમાં પણ શાસનોન્નતિકારક ઉપધાન-અષ્ટોત્તરી-સ્નાત્ર-પૂજા શેઠ **વીરચંદ તેજાજી** તથા શેઠ **મોતીચંદ છમનાજી** તરફથી થયાં હતાં. ઉજમણું શા. **વીરચંદ તેજાજી** તરફથી થયું હતું. જેની માળારોપણ વિધિ પૂ૦ પં૦ **પ્રવરશ્રીજી** મહારાજ સાહેબના વરદ હસ્તે **થઈ હતી.** પહેલી માળ ૭૦૦ મણની બોલીએ શેઠ **મોતીચંદ છમનાજીએ** લીધી હતી. કુલે મોળની આવક નવ હજાર રૂપીયાની થઈ હતી. આ પ્રસંગે સુરતથી પ્રસિદ્ધ બેન્ડ, રથ, ક્રિયા કરાવનારા અને ગવૈયાઓને લાવવામાં આવ્યા હતાં. ચાતુર્માસ દરમિયાન ધાર્મિક કાર્યો પ્રસંગે રૂ. ૫૦૦૦) પચાસ હજારનો સુંદર વ્યય થયો હતો. બારડોલીથી માગશર વદ ૬ ના દિવસે વિહાર કરતાં પૂ. **પંન્યાસજીશ્રીએ** માંગલિક સંભળાવ્યું હતું. બાદ છ મહિના દરમિયાનનો અંતિમ ઉપદેશ મુનિ **શ્રીચન્દ્રપ્રભસાગરજીએ** સંભળાવ્યો હતો કે જે સચોટ ઉપદેશને વિદાયના વેધક અશ્રુપુરથી દરેક ભાઇબ્હેનોએ વધાવી લીધો હતો. વિહાર કરી વરાડ દર્શન કરી કરોદ જવાનું થયું.

**કરોદઃ**—સુંદર સામૈયા સાથે પૂ. પં. **શ્રીચન્દ્રસાગરજી** મહારાજજી આદિ ઠા. ૧૧ સાહેબના આગમન નિમિત્તે ઠેરઠેર રંગોળી અને ગહુંળીઓ થઈ હતી. સંઘે પાંચ દિવસનો સુંદર ઓચ્છવ માંડયો હતો. ત્રણ દિવસ પુરશાદાનીય **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના કલ્યાણક નિમિત્તે જુદા જુદા ગૃહસ્થો તરફથી એકાસણાં થયાં હતાં, અને સારી સંખ્યામાં શ્રીસંઘે લાભ લીધો. પૂ **પંન્યાસપ્રવરશ્રીજીનું** વ્યાખ્યાન ચાલુ હતું. તથા પ્રસિદ્ધ વક્તા પં. **શ્રીદેવેન્દ્રસાગરજીએ** એક દિવસ જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. અને સમર્થ વક્તા મુનિ **શ્રીચન્દ્રપ્રભસાગરજીએ** "હવે ચેતો" આ વિષય ઉપર બે દિવસ પ્રતિભાસંપન્ન મૌલિક અને છટાદાર સચોટ પ્રવચન કરી જાહેર જનતાને ચકિત બનાવી હતી. ત્યાંથી વિહાર કરી માંડવી જવાનું થયું. મુનિશ્રી પ્રવીણસાગરજીની તબીયતને કારણે પં. શ્રી દેવેન્દ્રસાગરજી આદિ ચાર ઠાણાએ સ્થિરતા કરી.

**માંડવીઃ**—પૂ. પં. **શ્રીચન્દ્રસાગરજી** મહારાજશ્રી આદિ ઠા. ૭ માંડવી પધારતાં ત્યાંના સંઘે

[ **વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.** ]

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | માહ-માસ. | તંત્રીઃ |
|---|---|---|
| અંક ૫ મો. | તા. ૧૭-૨-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમાન્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળઃ—નેમુભાઈની વાડી, જૈન ઉપાશ્રયના ભવ્ય હૉલમાં, ગોપીપુરા; સુરત.

સંચયકારઃ—પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીના શિષ્ય મુનિશ્રી ચન્દ્રવર્મસાગરજીએ દેશનાનો સારભૂત સંચય કરેલો છે, અને તે વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

લિ. તંત્રી.

### દેશનાના સારભૂત-અવતરણો.

૧. આસ્તિકોનું ઉંચામાં ઉંચુ ધ્યેય ભવાન્તર સુધારવાનું છે.

૨. મેળવીને મુકવું ન પડે એવું મેળવતાં શીખો.

૩. મેળવેલાથી વધુ મેળવવું એજ બુદ્ધિમતા છે.

૪. દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં ઓતપ્રોત બનો.

૫. ભવાન્તર સુધારવાનું અદ્વિતીય સાધન વીતરાગ પ્રણીત ધર્મ છે.

૬. વીજળીના ઝબકારા જેવા જીવનમાં પ્રમાદ ન કરો.

૭. દોષ વગરના દેવ-ગુરૂ-ધર્મની કિંમત દોષ વગરના કરી શકે છે અને સમજી શકે છે.

૮. ભક્તિ બહુમાન પૂર્વકના પરિણામનું ફળ અતિ ઉત્તમ છે.

૯. 'ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ અને પરિણામે બંધ' આ સિદ્ધાંતોનું રહસ્ય સમજો.

વચનારાધનયા ખલુ ધર્મસ્તદ્બાધયા ત્વધર્મ ઇતિ ।
ઇદમત્ર ધર્મગુહ્યં સર્વસ્વં ચૈતદેવાસ્ય ॥૧૩॥

ઐવું મેળવો કે મુકવું જ પડે નહિ.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ

સંસારમાં આસ્તિક માત્ર ત્રણ તત્વને માને છે. આસ્તિકોનું ઉંચામાં ઉંચું ધ્યેય એ છે કે ભવાંતર સુધરવોજ જોઇએ. આ ભવ સુધરે અથવા બગડે પણ ભવાંતર તો સુધરવોજ જોઇએ. જેમ મજુર મજુરી કરતી વખત બીજું કાંઈ ન જુવે પણ તે તો કુટુમ્બ નિભાવના સાધ્ય માટે પૈસા જુએ છે. જેમ વેપારીને આબરૂ માટે અને ભવિષ્યના ફાયદા માટે ટાઢ અને તડકો બધો વહોરવો પડે છે, તેમ ભવાંતરને સુધારવા દરેક તકલીફ ઉઠાવવી પડે છે. જેમ બચપણમાં દમ-ગોટીલાં કરે અને રમતમાં રહે તે આગળ વિદ્યામાં વધેજ નહિ. અને એવાઓનું જુવાનીમાં શું થાય? તેવી રીતે આવતા ભવ માટે કાંઇ ન કરે તો આવતા ભવનું શું થાય? આસ્તિક માત્રમાં એક વાત તો નિશ્ચિત છે કે મેળવેલું જે છે તે બધું વધુ મેળવવા માટેજ છે. માલ, મિલકત, કંચન, કામીની, કુટુમ્બ અને કાયા સાથે લઇ જવાતાં નથી. પરન્તુ યાદ રાખવાનું કે મેળવ્યું તે ભોગવવા માટે નથી પણ વધુ મેળવવા માટે છે. પૂર્વ ભવમાં શકિતનો સદુપયોગ કરીને જે મેળવ્યું તે પણ મુકવા માટે છે. મેળવેલ ચીજથી વધુ મેળવીને મુકાય તે પણ ઠીક નથી. પરન્તુ મેળવેલાથી એવું મેળવવું કે જે મુકવું પડેજ નહિ.

## ભવાન્તર સુધારવાનું સાધન ધર્મ.

એવી કઈ ચીજ છે, કે જે મેળવ્યા પછી મુકવી પડેજ નહિ? કહેવું પડશે કે **જ્ઞાન-દર્શન-ચારિત્રની** આરાધના સિવાયના શરીર-શક્તિ-ઇન્દ્રિયો-વિષય-વિષયના-સાધનાદિ સર્વ મુકવા પડે છે. માટે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઓત-પ્રોત બનો. અંદરની ચીજનું અંતમાં મીંડું છે અને બહારની ચીજનું પણ મીંડું છે. કેમકે આહાર પાચન-શકિત-શરીર પોષણ શકિત આદિ છ પર્યાપ્તિઓ પણ છોડવાની છે. મેળવેલું પણ મેળવીજ દેવા માટે છે તો કોઇપણ ફાયદો લેઇ લેવો. તે ફાયદો કોણ લઇ શકે છે? આસ્તિકજ લઇ શકે છે. કેમકે નાસ્તિકને તો પરભવ-પાપ-પુણ્ય માનવાંજ નથી. આસ્તિકોને ફલમાં મીંડું નજ હોય, કારણ કે તેને ફલમાં મળે છે. પણ નાસ્તિકોને તો મેળવવામાં પણ મીંડું અને ફાયદામાં પણ મીંડું. વીજળીના ઝબકારામાં મોતી પોવાય તો પોઇ લો. એવી રીતે આ જીવનું જીવન વીજળીના ઝબકારા મુજબનું મળેલું છે. માટે જે સાધી લેવાય તે તો સાધી લેવુંજ જોઇએ. હવે આત્માના સાધન તરીકે શું?, અને સાચું સાધન શું? માટેજ શાસ્ત્રકાર મહારાજ કહે છે કે સાધ્યની સિદ્ધિ કરે તેનુંજ નામ સાધન. જેવી રીતે છોકરાએ માનેલો ઘોડો મુસાફરી ન કરાવે. તેવી રીતે મનગમતા સાધન માત્રથી અર્થાત જડ સાધનથી જડ સાધન મળે છે. અને વધે છે. જેવું સાધ્ય હોય તેવા સાધ્યમાં સાધનની પુરી પ્રગતિ હોય છે. સાચા સાધનમાં સાચી પ્રગતિ હોય છે. છોકરો સાધન ગણે છે, અર્થાત્ સાધન તરીકે ઘોડો ગણે છે, ગામ જવાની, ફરવાની, મુસાફરી કરવાની અને દોડધામ કરવાની સર્વે વાત બોલે છે. બીજાને સંભળાવે છે. સગાંવહાલાં રાજી થાય છે. છતાં સાધન ખોટું છે તેથી તો મુસાફરી વિગેરેનો લાભ શાનો થાય? અર્થાત થતોજ નથી. માટેજ ધર્મની આરાધના એ આવતી જીંદગી સુધારવાનું પરમ સાધન છે.

## દોષ વગરના દેવ-ગુરૂ.

આસ્તિકો માત્ર ધર્મને આવતી જીંદગી સુધારવાને માટે માને છે. પણ શબ્દ થકી ધર્મમાં ફરક છે. અને વિષય થકી ધર્મમાં ફરક છે. પણ ફલ તરીકે ધર્મમાં ફરક નહિં. કેમકે આવતું જીવન સુધારવું અને આવતું જીવન બગાડવા દેવું નહિ અને તેથીજ આવતા ભવની સુધારણાના સાધન તરીકે ધર્મ માન્યો છે. તે સાચો છે કે જુઠો છે? જેવી રીતે ઝાડ કાપીને ઘોડો બનાવ્યો તે મુસાફરી કરાવી શકે નહિ. તે ઘોડાને તો આપને ચલાવવો પડે છે અને કહેવું પડે કે ચાલ ઘોડા ચાલ. તેવી રીતે બોલવામાં શબ્દ રૂપે ધર્મ સાચો હોય પણ સાધ્ય સિદ્ધિમાં સાધન રૂપે ખોટો હોય છે. ઘોડાનું જે ફલ દુનિયા માને છે અને મનાવે છે તેજ ફલ લાકડાના ઘોડામાં પણ કહેવાય છે. છતાં તે મુસાફરી વિગેરે માટે સાધન ખોટું છે. તેવી રીતે અહિં પણ નામ કે શબ્દ માત્રથી ધર્મ હાથમાં ખોટો આવી ગયો હોય તો તે ખોટા સાધન દ્વારા ધારેલ સાધ્ય સિદ્ધિ ન થાય. આ વાત સાંભળીને સભામાંથી અમચંદ ભાઇએ પ્રશ્ન કર્યો કે ચ્હાય જેવા દેવ, ગુરૂ અને ધર્મને માનીએ પણ હમારા પરીણામ તો સાચા છે તો લાભ થવાનો છે, અને થશે. સુદેવ, સુગુરૂ અને સુધર્મ મળી ગયો તો પછી ફળમાં ફરક કેમ પડે છે? કેમકે તેના પરિણામ સાચા છે તો પછી ચ્હાય જેવા દેવ, ગુરૂ અને ધર્મ હોય તો તમારે વાંધો શો? સર્વ દેવોને પુજ્ય હોય, ત્યારે તો તમારે જૈન શાસ્ત્રને અનુસરીને તો પછી કોઇ મિથ્યાત્વી નજ રહે. કેમકે જેટલા જોગી બાવા અને ત્યાગીઓ છે તે વીતરાગને પૂજ્ય માને છે. કેમકે દુનીયામાં જે જે ધર્મવાલા છે. તે તે બધા પોતાના દેવ, ગુરૂ અને ધર્મને સુદેવ, સુગુરૂ અને સુધર્મ તરીકે માને છે. તો પછી તમારે સર્વે દેવ વિગેરેને વીતરાગ માનવા પડે અથવા તો બધાને મિથ્યાત્વી માનવા પડે. દાખલા તરીકે એક માણસ આવતો હતો અને ચાર માણસ બેઠેલા હતા. તેમાંથી એક માણસ બોલે છે કે આ મારો છોકરો આવ્યો. બીજો માણસ બોલે છે કે આ મારો જમાઇ આવ્યો; ત્રીજો માણસ બોલે છે કે આ મારો સગો ભાઇ આવ્યો. અને ચોથો માણસ બોલે છે કે આ મારો ભત્રીજો આવ્યો. ત્યારે આપણે વિચાર કરીયે કે માણસ તો એકજ આવ્યો. અને તે માણસના ચાર નામ કેમ? કારણ કે એકજ વ્યકિતમાં ચાર માણસ જુદું બોલ્યા તે ખોટું થવું જોઇએ. પણ તેમાં અપેક્ષાના હિસાબે જુદા જુદા નામ તરીકે ઓળખીએ તો બધા સાચા જણાશે. તેવીજ રીતે બધા દર્શનના દેવોનો વિચાર કરીએ તો માલુમ પડશે કે દોષ વગરના દેવ તરીકે બધાજ માને છે.

## દોષ વગરનાની કિંમત દોષ વગરના કરી શકે છે.

કલિકાળ સર્વજ્ઞ ભગવન્ શ્રીમાન્ હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ કહે છે કે ચાહે જે શાસ્ત્ર હોય તેમાં મારે કાંઇ વાંધો નથી, ગમે તેવી રીતે તે દેવાદિને માને તેમાં પણ મને કાંઇ વાંધો નથી, અને જે નામ તરીકે માને અગર બોલે તેમાં પણ મને કાંઇ વાંધો નથી; પણ હું બધાને એકજ વાત પૂછું છું કે તમારા ભગવાન્ દોષવાલા છે કે દોષ વગરના છે?

પરમેશ્વરમાં અજ્ઞાનનો અંશ, રાગનો રંગ અને રોષની કણીજ ન જોઇએ, એ વાત તો બધાને માનવી પડે છે અને પડશે. કારણ કે નામ ફરવાથી વસ્તુ ફરતી નથી, સ્થાન ફરવાથી વસ્તુ ફરતી નથી અને આકાર ફરવાથી પણ વસ્તુ ફરતી નથી. જેમ બાળક ધુળમાં રમતો હતો અને આજે ગાદી પર બેસે તેથી શું તે ફરી ગયો ? નહિં કારણ કે તે તો અવસ્થા ફરી છે પણ વસ્તુ તો સ્વરૂપે તેની તેજ છે. કોઇપણ માણસ પોતાના પરમેશ્વરને દોષ રૂપી માનવાને તૈયાર છે ?, અર્થાત્ માનવા માટે તૈયાર નથી. ધર્મમાં દોષ હોય તો તે માને છે? તો કહે છે કે નહિં. બધા દર્શનકારો પોતાના બધા દેવ, ગુરૂ અને ધર્મને દોષ વગરનાજ માને છે. દાખલા તરીકે એક ભાઇ બહારગામ રહે છે, અને આપને પાનાચંદભાઇને અને તેમને ગાઢ પરિચય છે. અને તેમનું નામ ઠામ લખી લીધું. હવે તે ગામનો કોઇ બીજો માણસ આપણી પાસે આવ્યો. અને નામ ઠામ-જાત વિગેરે સર્વે તેના જેવી અને તે માણસની શિકલ વિગેરે પણ મળતી જોઇને તેનો આદર-સત્કાર કર્યો. અને તે ત્યાંથી ફરીને પોતાના દેશમાં ચાલ્યો ગયો. હવે તે વિચાર કરે છે કે મારા નામથી કેવી વૈયાવચ્ચ-ભકિત કરી છે. ચાહે મારા નામથી બીજાના કાર્યો થયાં પણ આખરે કાર્યો તો મારા નામથીજ થયાં ને તેવી રીતે કલિકાળ-સર્વજ્ઞ-ભગવન્ શ્રીમાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે તમારા નામથી ભલે બીજાની ભકિત બીજાઓ કરે છે પણ ધર્મ ભકિત-પ્રશંસાદિ તો તમારા નામનીજ હતી અને થાય છે. વેષ, દેશ અને જાત વિગેરે બધા જુદા છે. પણ તેમની ભાવના શી હતી ? તેવી રીતે તે દોષવાલા દેવની અથવા મલીનપણાવાલા દેવની ભકિત વિગેરે કરે પણ ધારણા શું ? કારણ કે નિર્મલ એવા દેવને દોષ વગર માનીનેજ કરે છે. માટે ચહાએ બીજાની ભકિત કરે પણ કિમ્મત કોણ કરે છે ? માટેજ શાસ્ત્રકાર મહારાજ કહે છે કે જે રાગ-દ્વેષ વગરના હોય તેજ તેની કિમ્મત કરી શકે છે.

## ભકિત-બહુમાન પૂર્વક પરિણામની પરીક્ષા.

જે રાગ-દ્વેષ વગરના નિર્મલ હોય તો તેજ પરમેશ્વર કહેવાય છે. બીજા દર્શનકારોને ત્યાં તો નિર્મલને નામે મલીનો પૂજાય છે અને તેવાઓનોજ આદર-સત્કાર થાય છે. આદર સત્કાર તેઓ કોનો કરે છે ?, તો કહેવું પડશે કે મિથ્યાત્વી હોય પણ આદર-સત્કાર તો નિર્દોષનોજ થાય છે; અને સુદેવ, સુગુરૂ અને સુધર્મનેજ માને છે, માટે આ ઉપરથી બધા પરિણામે તો સાચા છે. પરિણામે કોઇ પણ આસ્તિક ખોટા નથી, કેમકે તેમણે તો નિર્મળ દેવાદિકને તરણ-તારણહાર તરીકેજ માન્યા છે. તમારે તો ક્રિયા એ કર્મ છે. તમે તો ભક્તિ કરતાં બહુમાનની વધુ કિંમત કરો છો. તમારે ત્યાં તો ઘરે બેઠા જે વંદન કરે છે તેને તમે તે વંદનને માન્ય રાખો છો. જૂઓ-શ્રીકૃષ્ણનો છોકરો પાલક ઘોડા પર બેસીને ભગવાન્ બાળ બ્રહ્મચારી શ્રીનેમનાથજીને વંદન કરવાને માટે જાય છે. હવે શ્રીકૃષ્ણ ભગવાન્ શ્રીનેમનાથજીની પાસે જઇને પૂછે છે કે હે ભગવન્ ! પ્રથમ વંદન કોનું હતું ? ત્યારે ભગવાન કહે છે કે પ્રથમ વંદન પાલકનું નહિં પણ પ્રથમ વંદન શામ્બકુમારનું છે. કારણ કે ઘેર બેઠેલા

શામ્બકુમારનું વંદન પ્રથમ થયેલું છે અને પાલકનું વંદન ઘોડે બેસી ભગવાન્ શ્રી નેમનાથજીને કર્યું છતાં કરવાની રીતિએ કર્યું નથી માટે સ્વીકાર તો પરિણામ પૂર્વકની પ્રવૃત્તિનો છે. ભગવાન્-શ્રીનેમનાથજીને પ્રથમ વંદન કરનાર પુત્રને શ્રી કૃષ્ણ-મહારાજ ઘોડો આપવાના છે. તમારે તો છોકરો પેટલાદપુરીના ખાડા પુરવાની પરીક્ષામાં પાસ થાય તો મોટર, ઘડીયાલ, ઇન્ડીપેન, બાઇસિકલ વિગેરે આપવાની વાત કરો છો. અને જ્યાં ધર્મ થતો હોય અને તેની હરીફાઇની વાત હોય તો આપવું નહિ અને આપનારને નિંદવા એ હાલ તમારા છે. શ્રી કૃષ્ણ મહારાજ બોલે છે કે હું સંસારિક વિષય-કષાયોમાં આશક્ત છું, આરંભ પરિગ્રહમાં પુરો ઉતરી ગયો છું, આવા વિચાર આસ્તિકોનેજ હોય; નાસ્તિકને હોયજ નહિં. હું છોડી શકતો નથી. કારણ કે હું તો આરંભ-પરિગ્રહમાં આશક્ત છું. અને તેના લીધે છોડી શકતો નથી. તેમને આટલી બધી આશકિત હોવા છતાં ધર્મમાં કેટલા બધા ઉંચા પરિણામ હતા. વ્હાલાં છોકરાંઓ ઘોડો માંગે તો પણ શ્રી કૃષ્ણ જેવા પિતા શું વિચાર કરે છે કે ભગવાન્ શ્રી નેમનાથજીને પ્રથમ જે વંદન કરે તેને ઘોડો આપવામાં આવશે. તમારે તો છોકરો કાંઇ પણ વસ્તુની માંગણી કરે તો તેમાં શું શરત કરો છો ?, પિતા થનારાએ કૃષ્ણનું અનુકરણ કરવું જોઇએ. પાલક તો અંધારામાં ઊઠીને ઘોડો લેવા માટે પ્રથમ વંદન કરવા ગયો. અને જવાનો અવસર નથી માટે વિચાર કરીને જાણ્યા પૂર્વક શામ્બકુમારે તો ઘેરથીજ ભાવપૂર્વક વંદન કર્યું. અને તેથીજ ઘોડો શામ્બકુમારને મળ્યો અર્થાત્ મળે છે.

## અંતરંગના ભક્તિ-બહુમાન.

હૃદયના બહુમાન અંગે દાખલા તરીકે એક જંગલમાં મહાદેવનું મંદિર છે. અને તે મંદિરમાં એક બ્રાહ્મણ પૂજા કરવા દરરોજ આવે અને પૂજા કરીને ચાલ્યો જાય છે. હવે તેજ મંદિરમાં એક ભીલ પણ પૂજા કરવા માટે આવે છે. હવે તે ભીલ કેવી રીતે પૂજા કરે છે ? તો કહે છે કે મોંઢામાં પાણી ભરીને લાવે અને મોંઢામાં રહેલા પાણીનો કોગળો કરી શિવલિંગને નવરાવે છે. પછી માછલી લાવીને તેની આગળ ચઢાવીને પૂજા કરે છે. હવે બીજે દિવસે બ્રાહ્મણ જ્યારે પૂજા કરવા આવે છે ત્યારે તેને હૃદયમાં થયું કે આવી રીતે આ કોણ પૂજા કરે છે ? તેને અર્થાત્ તે મુર્ખાને પકડવો જોઇએ. હવે તપાસ કરતાં પકડાતો નથી. તેથી એક દિવસ તપાસ કરવા માટે મંદિરના પાછળના ભાગમાં તે બ્રાહ્મણ ઉભો રહ્યો છે. જ્યાં ભીલનો સમય થયો એટલે ભીલ આવ્યો અને હંમેશની માફક મહાદેવની (શિવલિંગની) પૂજા કરી. ત્યારે મહાદેવ તો પ્રસન્ન થઇને તે ભીલથી વાતો કરવા લાગ્યા. ભીલ પૂજા કરીને (પાણીના કોગળાથી અને માછલીથી) ગયો. તે પછી બ્રાહ્મણે આવીને મહાદેવને બહુ ઠપકો આપ્યો, અને ન બોલવા જેવા અપશબ્દ પણ બોલ્યો. આ સાંભળી મહાદેવ ચુપ થઈ ગયા અને અદ્રષ્ય થઇ ગયા. હવે થોડા દિવસ પછી મહાદેવનું ત્રણ નેત્રમાંથી એક નેત્ર ગુમ થઇ ગયું. જ્યારે બ્રાહ્મણ પૂજા કરવા આવ્યો ત્યારે અફસોસ અને બળાપો કરવા લાગ્યો કે એવો કોણ માણસ આવ્યો કે મહાદેવજીનું એક નેત્ર લઈ ગયો. હવે તે

બ્રાહ્મણ લઈ જનારા ઉપર ક્રોધ કરે છે. તેજ સમયમાં ભીલ પૂજા કરવા આવ્યો ત્યારે શિવજીનું નેત્ર ન જોઈને તુરત પોતાની આંખનું નેત્ર કાઢીને મહાદેવજીના ગયેલા નેત્રની જગાએ લગાડી દીધું. મહાદેવે બ્રાહ્મણને પ્રત્યક્ષ થઈને કીધું કે અંતરંગની ભક્તિ જૂદી હોય છે.

## લાભદાયિક બને તે જોતાં શીખો.

આસ્તિકો માત્ર પોત પોતાના દેવ, ગુરૂ અને ધર્મને સુદેવ, સુગુરૂ અને સુધર્મજ કરીને માને છે. એનાજ માટે કલિકાળ-સર્વજ્ઞ-ભગવાન્ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે બધા જે દર્શન-વંદન-પૂજા-સત્કાર-સન્માન-સ્મરણ-ધ્યાન કરે છે તે વીતરાગની દ્રષ્ટિથીજ માને છે. હવે જેઓ "પરિણામે બંધ, ઉપયોગે ધર્મ અને ક્રિયા એ કર્મ છે." આ સિદ્ધાન્ત માનનારને પ્રસંગ-સ્થાન તપાસવાં પડશે. કારણ કે ક્રિયા અને પરિણામ કઈ જગ્યાએ લેવાં ? કેમકે પાઘડી સારી છે. અને માથા પર પહેરે તો શોભે છે પણ તેજ પાઘડી પગમાં પહેરે તો શું કહેવું ? પહેરનારને મૂર્ખ કહેવો. કારણ કે પાઘડી માથા પરજ શોભે છે. હાર કયાં શોભે ? ગળામાં પણ પગમાં હાર શોભતો નથી. જોડા પગમાં શોભે છે પણ માથા કે ગળામાં શોભે નહિં. પરિણામે બંધ અને ક્રિયાએ કર્મ તે બન્ને સારાં છે પણ કયા સ્થળે કયા પ્રસંગે લાભદાયિક બને તે જોવાની જરૂર છે.

## પરિણામના પુનીત પ્રસંગો.

ભગવાન્ શ્રી મહાવીરસ્વામીજીને પારણું કરાવવાની ભાવના જીરણ શેઠનો ઉત્તમ છે. કેમકે પારણું કરાવવા માટે કેવી ભાવના હતી. તે તમે ઘણી વખત કથા દ્વારાએ સાંભળી છે, છતાં ચાર માસ વિનંતિ કરનારને ઘેર પારણું ન થયું અને બીજાને ત્યાં અર્થાત્ નવીન શેઠને ત્યાં થયું. તે સાંભળીને પરિણામની ધારાએ જીરણ શેઠ દેવલોકમાં ગયો. કેમકે પરિણામ કેવા હતા તો કે પુનીત અને સારા તેવીજ રીતે શ્રેણીક રાજાએ કાલિક કસાઇને કુવામાં ટાંગ્યો છતાં પરિણામ પાડા મારવાના છે. અર્થાત પાપમય હતા. હવે બીજો દાખલો આ છે કે સમવસરણમાં ભગવાન્ને છીંક આવી તો દેવ કહે છે કે વહેલાં મરો. શ્રેણીક રાજાને છીંક આવી તો દેવ કહે છે કે જીવતો રહે. અભયકુમારને છીંક આવી તો દેવ કહે છે કે જીવે તો સારૂં છે અને મરે તો પણ સારૂં છે. અને કાલિક કસાઇને છીંક આવી ત્યારે દેવ કહે છે કે જીવે તો ઠીક નથી અને મરે તોએ ઠીક નથી. આ સાંભળીને શ્રેણીક રાજાને ક્રોધ થયો અને દેવ ઉપર રોષાયમાન થયો. ભગવાનના સમવસરણમાં વૈરભાવ હોય નહિ, છતાં શ્રેણીક રાજાને ક્રોધ થયો. અને સીપાઇને આજ્ઞા આપી કે તેને બાંધીને બંધીખાનામાં રાખો. જ્યારે સીપાઈ પકડવા ગયા તો તે દેવ હોવાથી આકાશમાં ચાલ્યો ગયો. ત્યારે ભગવાન્ શ્રી મહાવીરસ્વામીને શ્રેણીક રાજાએ પ્રશ્ન કર્યો કે તે કહેનાર કોણ હતો ? તો ભગવાન્ કહે છે કે તારી પરીક્ષા કરવાને તે દેવ આવેલો હતો, અને સંતોષની ખાતર દેવે કહેલ કથનનો ખુલાસો કર્યો. મ્હને મરવાનું કીધું એટલે ભવોપગ્રહીક ચાર કર્મ ખપાવી અચલ-અનંત

અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા જલ્દી મરો. હે શ્રેણીક તું અહીં આનંદ ભોગવે છે પણ મર્યા પછી નરકની વેદના ભોગવવી પડશે માટે તને જીવતો રહે એમ જણાવ્યું. અભયકુમાર તો જીવતાં એ ધર્મ સાધે છે અને મર્યા પછી ઉત્તરોત્તર લાભદાયિ લાભો ઉઠાવશે માટે જીવે તો ઠીક અને મરે તો ઠીક કીધું. કાલિક તો અહીં પણ પાપ કરી રહ્યો છે, અને મર્યા પછી નરકની યાતનાઓ ભોગવશે તેથી જીવે તો ઠીક નથી અને મરે તોએ ઠીક નથી. આ બધા પ્રસંગોમાં પરિણામના પુનિત પ્રસંગોનું પરીક્ષણ કરો.

## શ્રેણીકની ભાવના.

હવે આ વાત સાંભળીને શ્રદ્ધાળુ શ્રેણીક રાજા તે ભગવાનને કહે છે કે તમારા જેવા તીર્થંકર મારા માથાના શિરછત્ર મુગટ સમાન અને મારા જેવો તમારો ભક્ત શ્રાવક, તો પણ હું નરકમાં જાઉં તે નજ બને. ત્યારે ભગવાને ઉત્તર આપ્યો કે તારે ઘેર કપીલા દાસી પાસેથી સુપાત્ર દાન અપાવ, અને કાલિક કસાઈ પાસેથી પાંચશો પાડાને મારવાનું કાર્ય બંધ કરાવ, અને પુણીયો શ્રાવક જે સામાયિક કરે છે તે સામાયિકનું ફળ જો તને મળે તોજ તારી બાંધેલી નરક અને તે સંબંધીનું આયુષ્ય તૂટી શકે અન્યથા નહિ. આવા અનેક ઉપાયો સાંભળ્યા, અજમાવ્યા પરંતુ એકે કરાવી શકયો નહિ. તેની બાંધેલ કર્મ અનુસાર શ્રેણીક રાજાને નરકે જવું પડયું. આવો રીતે ક્રિયા અને પરિણામમાં ખામી હોવા છતાં પાપમય ક્રિયાથી અને પાપમય પરિણામથી પાપનાજ ભાગીદાર થવાય છે. અશુભ ક્રિયા-કરણ કાળે પરિણામ પલટે તો તે પરિણામ પ્રમાણેજ લાભ થાય છે, પરંતુ ક્રિયા પર કર્મનો બંધ થવો એ નિયમ નથી. પરિણામ સારા હોય અને ક્રિયા ખરાબ હોય તો પણ પરિણામ પર આધાર છે. અશુભ ક્રિયાકાળે તારા પરિણામ ખરાબ હતા તેથી નરકનું આયુષ્ય બંધાઇ ગયું તે હવે ભોગવ્યા વગર છુટકો નથી, કુદેવ, કુગુરૂ અને કુધર્મ માનવો અને પરિણામ સારા છે એમ બોલવું નહિં. પરંતુ સુદેવ, સુગુરૂ અને સુધર્મને શાસ્ત્ર કથિત પરીક્ષાપૂર્વક માનીને તેમને આરાધવા જોઇએ. દાખલા તરીકે કોઇ રાજા પાસે ખાંડી (તલવાર) હતી અર્થાત્ તલવારનો ટુકડો હતો તે સામંત-સરદારને આપે છતાં તે કોઇ લેવે નહિં. હવે એક શૂરવીર લડવૈયો હતો તેણે રાજા પાસેથી ભેટ તરીકે ખાંડી (તલવાર) મેળવી. હવે એક વાર એવો બનાવ બન્યો કે બીજા ગામનું લશ્કર સીમાડા પર લડવા આવ્યું અને તે અવસરે તે શૂરવીર લશ્કરની પાસે ઝાડીમાં હતો. ત્યાં ઝાડી એવી હતી કે ત્યાં આખો તલવાર ચાલી ન શકે તેના લીધે ત્યાં તો તે ખાંડો તલવાર કામે આવી અને તેના લીધેજ આખા લશ્કરને ત્યાં જીતવામાં આવ્યું, તો ખાંડી તલવાર પણ એવા અવસરે કામ આવે છે. માટે અવસરે પણ સાચી તલવારનો ટુકડો કામ આવ્યો તેમ અવસરે સાચા દેવ-ગુરૂ-ધર્મ કામ લાગે!

## સારભૂત મહામંત્ર.

ચૌદ પૂર્વનો સાર શું છે? એક નવકાર છે. એ ખાંડી તલવાર મુજબનું કામ સાધે છે. છતાં અવસરે એજ કામ આવે છે. અને એ એવા કામમાં આવશે કેમકે દરેક ક્રિયામાં

શ્રી નવકાર મંત્રની મુખ્યતા લેવાય છે. જેને આખી જીંદગી પરિણામ અને ક્રિયા સારી રાખી હોય અને છેવટે ક્રિયા ન હોય છતાં પરિણામ સારા હોય તો તેના પર આધાર છે. મિથ્યાવી દેવ-ગુરૂને માનીને પરિણામ સારા માનો એટલા માત્રથી તરી જવાનું નથી. અને તે ખરાબ સંસ્કારથી આવતી જીંદગી સારી થતી નથી. માટેજ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે **वचनाराधनया खलु०** એટલે વચનની આરાધના કરો. હવે વચનની આરાધના શી ચીજ ? વચનનો વિષય શો ? અને વચનનું સ્વરૂપ શું ? વિગેરે બતાવાશે, તે અત્રે વર્તમાન.


## સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી બોધતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.


# સમીક્ષા.

સમીક્ષક—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય-અમદાવાદ શાખાના ઔપચારિક ઉદ્ઘાટન પ્રસંગે, સરદાર વલ્લભભાઇએ કરેલા પ્રવચનમાં, અભ્યાસ શા માટે હોવો જોઇએ ? અને આજે અભ્યાસ કેવો છે ? તેનું લાક્ષણિક રીતે વિશદ વિવેચન કર્યું છે કે જેનું સારરૂપ અવતરણ નીચે આપેલું છે.....

"જૈન વિદ્યાલયે ઠીક કામ કર્યું છે. કેળવણીની કાંઈ મર્યાદા નથી. અસલમાં તો આ સંસાર, **આ જગત એ મહાવિદ્યાલય છે.** દરેકને અનુકુળ જ્ઞાન મેળવવું એ ધર્મ છે. આ સંસ્થામાં જૈન ધર્મના શિક્ષણની વ્યવસ્થા છે એ સારી વાત છે. આજની કેળવણીમાં ધર્મને સ્થાન નથી. એમ કહીએ તો ચાલે. માત્ર ભરણ પોષણને ખાતરજ કેળવણી લેવી એ સામાન્ય વસ્તુ છે. અસલમાં તો મનુષ્ય-દેહની કીંમત શું ?, તેનો ઉપયોગ શી રીતે થશે ?, દેહ પડયા પછી શું થશે ?, દેહ અને આત્માનો સંબંધ શો છે ?; એનું જ્ઞાન જો ન હોય તો ગ્રેજ્યુએટ થવાથી આપણને લાભ છે એમ માનશો નહીં. એમ તો ઠેકાણે ઠેકાણે અને ગલીએ ગલીએ ગ્રેજ્યુએટો અથડાય છે. એથી હિંદને લાભ નથી. અજ્ઞાનની બારીનો દરવાજો જડતો નથી. જ્ઞાન તો દીપક છે, કે જે અંધારામાં અજવાળું કરે છે. પણ જો તમે સાચું જ્ઞાન ન મેળવ્યું હોય તો પેટ જાનવર પણ ભરે છે, એટલે મનુષ્યમાં જે વિશેષતા છે તેને જો મનુષ્ય ન ઓળખે તો તેને મળેલું જ્ઞાન નકામું છે. આ વિદ્યાલયમાં

જૈન ધર્મના મૂળ તત્વો જાણવાની વ્યવસ્થા છે એ વિશેષ અગત્યની વસ્તુ છે. એવી સાચી વિદ્યા મળે, જૈન ધર્મના સિદ્ધાંતોનું જો તેઓ પાલન કરતા શીખે તો સખાવત કરનારાને પણ સંતોષ થાય. જૈન સિદ્ધાન્તોનો કેટલો અમલ કર્યો છે તેના પર તેને જૈન કહેવો કે નહિ તેનો આધાર રહે છે. જિતેન્દ્રિયને જૈન કહેવામાં આવે છે. એટલે તેણે કેટલો સંયમ કેળવ્યો છે એ માટે અંતરના ઉંડાણમાં ઉતરીને તેણે જોવાનું છે. ધર્મ માનીને અસલ સિદ્ધાંતોને ભુલી જાય તો એ નામનોજ જૈન કહેવાય."

ઉપરના કથનથી, પ્રજ્ઞા માટે તો, આ સંસાર એજ મહાવિદ્યાલય છે, એમાંથીજ આપણે ભણવાનું છેઃ—જન્મ મરણના ફેરા કરતો આત્મા પોતાની વાસ્તવિક ચીજને ભૂલી જઈ, કારમા જડવાદના આકર્ષણમાં પડી ગયો છે, અને આત્મ-આકર્ષણથી વિમુકત બન્યો છે! પણ પ્રત્યેક માનવ તેવો સ્વયંપ્રજ્ઞ ન પણ હોઇ શકે, તેના માટે સમયાનુકૂલ જ્ઞાન સાથે આત્મ-વિજ્ઞાન, સારી સંસ્થા દ્વારા મેળવી, ધાર્મિક જીવનમાં આગળ વધવું એ અયોગ્ય નજ ગણાય!

સરદારશ્રી આગળ જતાં જણાવે છે કે, આજની કેળવણીમાં તો ધર્મને સ્થાન નથી એમ કહીએ તો ચાલે, આ વાકય સાંભળી ઘણાને એવો વિચાર આવશે કે જો આજની કેળવણીમાં ધર્મને સ્થાન નથી તો આજની કેળવણી લેવી એ પણ વ્યર્થજ ગણાય ને? હા. જો, એ કેળવણી માનવને વિનયવાનને બદલે ઉદ્ધત બનાવતી હોય, માનવતાને જલાંજલિ આપતી હોય તો, અવશ્ય એ વિદ્યા નામધારી અવિદ્યાને જલાંજલિ આપવી શું ખોટી? પણ જો કેળવણી આત્મલક્ષ્ય વધારતી હોય, માનવતાને નિકટવર્તિ બનાવતી હોય, ધર્મ ભાવનાને જાગૃત કરતી હોય તો કેળવણી પ્રત્યે ઉપેક્ષાભાવ પણ કેમ સંભવે? ખરી કેળવણી પણ તેજ છે કે જેમાં આવા પ્રશ્નો ઉદ્ભવેઃ—હું કોણ?, હું કયાંથી આવ્યો?, હું કયાં જવાનો? મારી ફર્જ શું?, મેં મારી ફર્જ અદા કરી કે નહિ?, અને ફર્જ અદા ન કરી હોય તો બાકી કેટલી રહી?, અને બાકી રહેલી ફર્જ કયારે અદા કરીશ? આવાં આવાં પ્રશ્નો ઉદ્ભવવા સાથે એ પ્રશ્નોનો ઉકેલ કરવા પણ તત્પર બને તેજ ખરૂં જ્ઞાન છે. બીજું તો કેવળ અજ્ઞાનજ છે! એટલેજ કહેવું પડે છે કે આવા અજ્ઞાનવાળા ગ્રેજ્યુએટો તો ગલીએ ગલીએ અથડાતા ફરે છે, તેની કિમ્મત પણ શું છે? પેટ ભરા જ્ઞાનને જ્ઞાન કહે કોણ? આવું જ્ઞાન તો જાનવરમાં પણ હોય છે! અને તેથીજ કહેવું પડે છે કે માનવમાં ને પશુમાં ફરક શું? જ્ઞાન તો દીપક છે જે આત્માના અંધકારને દૂર કરે અને આત્મામાં સાચું અજવાળું કરે અને અંતે પરમપદે પહોંચાડે-તેથીજ તેની મહત્તા છે.

દાતાઓના દાનનો ઉલ્લેખ કરતાં સરદારશ્રી જણાવે છે કે "જૈન ધર્મના સિદ્ધાન્તોનું જો તેઓ પાલન કરતા શીખે તો સખાવત કરનારને પણ સંતોષ થાય." આ વાત કેટલી સ્પષ્ટ અને

સત્ય છે, તે ઘણાંને ભાન પણ નથી. જે દાતાઓ દાન આપે છે, તેઓનો હેતુ એજ હોય છે કે હમારા સાધર્મીભાઇઓ કેળવણી મેળવી, આત્માનો, કોમનો, રાષ્ટ્રનો ઉદ્ધાર કરશે અને સાચા જૈન તરીકે ઉન્નત મસ્તકે જીવી જાણશે. કમનસીબે ! આજે સંસ્થાઓમાં ભણનારા એવા બહુજ અલ્પ પ્રમાણમાં છે કે જે આ ઉદ્દેશને સારી રીતે સમજી પણ શકતા હોય ! તો પછી જિતેન્દ્રિય બની સમાજ માટે કુરબાનીઓ આપનારા તો કયાંથી હોય ? અને જો કુરબાનીઓ આપનારા ન મળે તો શાસન અને સમાજનો ઉદ્ધાર પણ કયાંથી થાય ? માટે મારી તો દરેક સંસ્થાઓના કાર્યવાહકોને અને વિદ્યાર્થીઓને ભલામણ છે કે શાસ્ત્રકારોના સિદ્ધાંતોને-અનુસરતું સરદારશ્રીનું ભાષણ જીવનમાં વણશો તો તમારૂં જીવન સફળ થશે અન્યથા અરણ્ય રુદનવત્ ગણાશે.

## માનવંતા ગ્રાહકોને-

—અગાઉથી કરેલ સૂચના મુજબ વી. પી. થયેલ અંકો છોડાવી લેવા.

—ગયા અંકની સુચના મુજબ વ્યવસ્થિત સરનામાં મળ્યા હશે તેજ પૂ. શ્રમણ ભગવંતોને અંકો પોષ્ટથી રવાના થયા છે અને થશે.

—લવાજમ ભરનારે અગર નવા ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
૬૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

# બેન ! આ ડોકમાં શું છે ?

લે:-મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

**ઢગલાબંધ શત્રુઓ વધારવા એ મૂર્ખતાનું લક્ષણ છે; પણ સજ્જનનો ગાઢ પરિચય જતો કરી દુર્જનની મૈત્રી કરવી, એ તેનાથી કોડ ગણી મૂર્ખતાનું લક્ષણ છે !.....**

સજ્જનનો સ્વભાવિક મુખ્ય સુગુણ એ છે કે પાસે આવેલાને પોતાની સુપરિમલથી સુવાસિત બનાવે છે; ત્યારે દુર્જનનો નૈસર્ગિક દુર્ગુણ એ છે કે પાસે આવેલાને દુર્ગન્ધથી દુર્ગન્ધિત બનાવે ! જેમકે તમે કસ્તૂરીના વેપારી છો. ભલે તમે કસ્તૂરી શરીરે ન લગાડો; પણ એનો સૌજન્યતાભર્યો સ્વભાવ તમને સૌરભથી સુવાસિત બનાવશે ! આથી વિપરિત કોઇ લસણનો વેપારી છે. વેપારીએ લસણના ખેતરમાં કેશરનું ખાતર નાંખ્યું હોય, અંકૂરો ફૂટતાં ચન્દનનું વિલેપન કર્યું હોય, પાંદડે પાંદડે સુંદર કપૂર વિગેરેનું અર્ચન કર્યું હોય, તોએ લસણનો નૈસર્ગિક સ્વભાવજ એવો છે કે, આટલું આટલું થએ છતે પણ તે ઉગતાંની સાથેજ દુર્ગન્ધનો ફેલાવો કરશેજ પછી ભલેને એના માટે કોડો ઉપાય કર્યા હોય !.....

આથી સજ્જન ભલે દુઃખી સ્થિતિમાં હોય, પણ સજ્જન, સજ્જનતા જાળવેજ ! અને દુર્જન ગમે તેવી સારી સ્થિતિમાં હોય તો પણ એ પોતાની દુર્જનતા દાખવેજ !.....

તે માટે તમને એક સુંદર દ્રષ્ટાન્ત સમજાવું, જુઓ.

માંડવીમાં ધના ધોબીને ત્યાં એક હૃષ્ટ-પુષ્ટ અલમસ્ત ગધેડો રહેતો હતો. તેની સામેજ ગોમા ગોવાળના વાડામાં એક દુર્બળ-પાતળી ગાય રહેતી હતી. રોજ સવારે ગાય ગધેડાને ધારી ધારીને જુએ, અને વિચારે "આ ગધેડો કેવો બેફીકરો અને અલમસ્ત છે? આ આવું તે શું ખાતો હશે? કે રોજ બરોજ આમ વધતોજ જાય છે!"

એવામાં જંગલમાં ચરવા જતાં ગધેડાને અને ગાયને ધીમે ધીમે દોસ્તી થઇ. આમ રોજ ગધેડો અને ગાય જંગલમાં સાથેજ ફરવા જાય અને જુદી જુદી વાતોના પોતાની ભાષામાં ગપ્પા મારે.

એક દિવસ લાગ જોઇ, લમ્બ-કર્ણ ગર્દભને, ગાયે હસીને પુછયું "હે દીર્ઘ-દન્ત-ભદન્ત-ગર્દભરાજ! આપનું શરીર તો ઘણુંજ સુંદર છે. આપ એવી તે કઇ અમૂલ્ય ચીજ ખાઓ છો કે જેથી આપનું શરીર આ હદે પહોંચ્યું છે?"

પોતાના શરીરની આવી સુંદર પ્રશંસા સાંભળીને, ગર્દભરાજ તો એકદમ ફુલાયા અને ભૂંકણ કરી ઉત્તર આપ્યો. "હે ગૌ બ્હેન! તને શું કહું! એક પટેલની એવી સુંદર વાડી છે કે જેમાં સદા લીલીછમ-વનસ્પતિઓ તો હોયજ, અને જુદા જુદા ફળો પણ કદિ કદિ મળી આવે છે તે નફામાં આનો હું સાહસ ખેડી ઉપભોગ કરૂં છું. તમારે પણ જો તે ખાવું હોય તો ચાલો મારી સાથે." આ વાત સાંભળી ગાયનું મન લલચાયું. પણ ગાયને ખબર નહોતી કે દુર્જનની સોબતથી થતો લાભ, તે વાસ્તવિક રીતે લાભ નથી, પણ ગેર લાભજ છેઃ તથાપિ લોભથી લોભાઇને ગૌએ તો વાડીમાં આવવાની હા પાડી દીધી.....

ગધેડો લાગ જોઇ રાતના પોતાની સાથે ગાયને લઇ તે વાડીમાં ગયો. વાડીમાં બન્ને જણ ચરવા લાગ્યા. ગધેડો તો પોતાના જાતિ-સ્વભાવ પ્રમાણે, જે મળ્યું તે ચાવવાજ માંડયો, થોડીવારમાં તો ફળફૂળ, ભાજીપાલો જે મળ્યું તે ખાઇને, પેટ ભરી તૈયાર થઈ ગયો..... પણ ગાય તો પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે કોમળ-તૃણાચ્છાદિત ભૂમિને શોધતી હોવાથી અને ધીમે ધીમે ચરતી હોવાથી, હજુ તો તે ભૂખીજ હતી, એવામાં ગર્દભરાજે ગાય પાસે આવીને ધડાકો કર્યોઃ—"મારૂં પેટ ભરાઇ ગયું હોવાથી મને ભૂંકણ કરવાનું મન થયું છે માટે ચાલો હું તો ભૂંકણ કરૂં છું."

ખાવાની મઝા તો હમણાંજ આવી હતી અને એવામાં આ ઓચિંતો ધડાકો સાંભળી ગાય ચમકી, અને દીનતાથી ગાય બોલી; "અરે, ભલા ગર્દભરાજ! આપ આ શું બોલો છો? પેટ ભરવાની વાત તો દૂર રહી; પણ હજુ મેં બરાબર ઘાસ ચાખ્યું પણ નથી, માટે મહેરબાની કરો પા કલાક થોભો, કે જેથી હું પણ પેટ ભરી ખાઇ લઉં."....દુર્જનનો જાતિ-સ્વભાવજ એવો છે કે પોતાને પૈસાના લાભની ખાતર બીજાને રૂપીયાનું નુકશાન કરે, તેજ નિયમ પ્રમાણે ગધેડાએ પણ ગાયનો વિચાર કર્યા વગર, કહી દીધું. "હું તો ભૂંકણ કરવાનોજ!" એમ કહી ભૂંકતો ભૂંકતો પુછડી

ઊંચી કરીને ઝાડી ઝાંખરાવાળી જર્જરિત વાડ ઓળંગી નાશી ગયેા.

બીચારી ! દુર્બળ ગાયને તેા આ વાડી માંથી કઈ બાજુ થઇને નાસી જવું તેનું ભાનજ ન હેાતું એમાં વળી રાત્રિ હેાવાથી માર્ગ પણ ન સૂઝે, એટલે આમ-તેમ વાડીમાંથી નીકળવાનું દ્વાર શેાધવા લાગી.

એવામાં ગર્દભનેા કર્ણસ્ફેાટ શબ્દ સાંભળી, વાડીનેા રક્ષક ધેાકેા લઈ દેાડા આવ્યેા; પણ ગધેડા તેા કયારનેાય નાસી છૂટયેા હતેા; પણ દ્વાર શેાધતી ગાય તેા ત્યાંજ હતી એટલે બીજવાઇને રક્ષકે ધેાકા વડે ગાયને ખુબ ધબ-કાવી અને વાડામાં બાંધીને ડબામાં પૂરી દીધી.

હવે ગાય વિચારવા લાગી. "મેં આ શું કર્યું", એક તેા આ દુર્જનની સેાબતના લીધે ચેારી કરતાં શીખી, ઉપરથી માર પડયેા અને મારેા માલીક મારશે તે મફતનું ! ખરેખર ! જેમ દૂરથી મૃગતૃષ્ણિકામાં જળ દેખાય છે, પણ વાસ્તવિક રીતે તેા તે ભ્રમજ છે. તેમ ભલે દુર્જનથી બાહ્યદૃષ્ટિએ લાભ દેખાય; પણ અભ્યન્તર દૃષ્ટિએ તેા તે કેવળ ભ્રમજ છે !

બીજે દિવસે ગાયના માલિકે ગાયને ડબા-માંથી છેાડાવીને, ખુબ મારી અને રખડેલની નીશાની તરીકે, ગાયના ગળામાં લાકડાનેા ડીંગેારેા બાંધ્યેા. બીજા દિવસે વનમાં એની સખીઓ પૂછતી "બેે'ન ! આ ડેાકમાં શું છે ?" ત્યારે એ જણાવતીઃ—

**कुसंगसंगदोषेण साधवो यान्ति विक्रियाम् ।**
**एकरात्रिप्रसंगेन काष्टघंटाविडम्बना ॥ १ ॥**

કુસંગ સંગના દેાષથી ઉત્તમ પુરૂષેા પણ વિપત્તિરૂપ વિક્રિયાને પામે છે. એક રાત્રિના પ્રસંગથી (મારે) કાષ્ટઘંટાની વિડમ્બના થઇ.

"દુર્જન સાથે ગેાઠડી પગ પગ હેાય કલેશ" આ વાકય, આ કાલ્પનિક વાર્તાથી સુંદર ભાન કરાવે છે. ગાય, ગર્દભની મૈત્રી વડે લાભ મેળવવા ગઇ; પણ લાભ તેા ન મળ્યેા પણ ઉલટી બદનામ થઇ. પગે પગે કલેશની પરંપરા વધી. અને દુર્જનની ગેાઠડીથી દુર્જન બની ! પણ ઘણા એમ પણ કહે છે કે "ના, અમને તેા કાંઇ દુર્જનની અસર થતીજ નથી." પણ તેમને પુછેા કે સ્વચ્છ પવિત્ર અને મધુર એવું પણ જળ શું ગટરના પાણીમાં મળતાં મલીન, અપવિત્ર અને ગંધાતું નથી બનતું ? શું ગંગાનું પવિત્ર અને મિષ્ટ જળ પણ જલધિમાં ભળતાં લૂણપણું નથી પામતું ? પામેજ છે. તેમ દુર્જનની સેાબતથી સદાચારને અને સદ્-વિચારને અવશ્ય ધક્કેા લાગેજ છે અને લેાકા-પવાદ પણ થાય છે. માટે પાપભીરૂ શિષ્ટ જનેાએ દુર્જનની સંગ સર્વથા ત્યજી, કલ્પતરુની જેમ શીતળ છાયા આપનાર સજ્જન પુરૂષેાનેા સંગ કરવેા એજ હિતાવહ છે.

## શ્રવણ વિધિ.

**निद्दाविगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।**
**भत्तिबहुमानपुव्वं उवउत्तेहिं सुणेयव्वं ॥ २ ॥**
(આ૦ નિ૦)

નિદ્રા-વિકથાઓનું વિશેષે પરિવર્જન કરીને, ત્રણે યેાગનેા યથાર્થ સંયમ સાચવીને, બે હાથને જોડવા રૂપ અંજલિ કરીને ભક્તિ બહુ-માન પૂર્વક ઉપયેાગવન્ત આત્માઓએ જિન વચન શ્રવણ કરવા યેાગ્ય છે.

# श्रीविंशति-विंशिका-सारांशः

(ગતાંકથી ચાલુ)

## ૨૦. શ્રીસિદ્ધ-સુખ-વિંશિકા.

ત્રિભુવન ગુરૂ, ઉત્કૃષ્ટ પાર ન પામી શકાય એવા અનંત સુખને સમ્યક્ પ્રકારે સર્વદા પામેલા છતાં પણ સિદ્ધિસ્થાનને નહિ મૂકનારા, વીતરાગ, શ્રીમહાવીર મહારાજાને નમસ્કાર કરીને ઉપમા આપી ન શકાય એવા અનુપમ સિદ્ધ ભગવંતોના ઉત્કૃષ્ટ સુખના લેશ માત્રને અર્થાત્ લેશ માત્ર કહેવાના ઉદ્દેશથી દ્રષ્ટાન્ત-શાસ્ત્ર અને યુક્તિઓ વડે અથવા ન્યાય અને આગમની યુક્તિઓ વડે મધ્યમજનોને બોધ કરવાને માટે કહીશ. ગાથા ૧-૨.

જેવી રીતે સર્વ શત્રુઓના ક્ષયરૂપ પ્રાપ્તિ, સર્વ-વ્યાધિઓના વિનાશરૂપ પ્રાપ્તિ અને સર્વ પ્રકારની સર્વ ઇચ્છાઓના સંબંધરૂપ પ્રાપ્તિઓ વડે જે સુખ થાય છે તેવી રીતે **इणं** આ સિદ્ધ-ભગવંતોનું સુખ ઉપર કહેલા ત્રણ પ્રકારો કરતાં અનંતુ છે. અથવા તો જેવી રીતે સર્વ શત્રુઓ ઉઠયા હોય ને ઘસારો લાગીને ઘસાઇ જાય, નાશ પામે કે નુકશાન પામે અને અંતે વિરામ પામે, અથવા દૂર થઈ જાય કે સર્વ નાશ પામે; તેવી રીતે સર્વ પ્રકારની ઇચ્છાઓ ઉઠી હોય તે પણ ઘસારો લાગીને ઘસાઇ જાય, નાશ પામે અગર અનુકુળ સંબંધોની પ્રાપ્તિઓ વડે જે સુખ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આ સુખ (સિદ્ધોનું સુખ) પણ તેનાથી અનંતુ છે. ગાથા ૩.

ઉપરની ગાથામાં જણાવેલા દ્રવ્યરૂપ-શત્રુ-વ્યાધિ અને ઇચ્છાઓને ચાલુ પ્રકરણમાં ભાવ સ્વરૂપે પ્રતિપાદન કરે છે. રાગાદિ શત્રુઓ, કર્મના ઉદયથી થવાવાળા વ્યાધિઓ, અને પરમાર્થથી ઇચ્છાની જગાએ લબ્ધિઓ જાણવી. જેવી રીતે પ્રથમ ઇચ્છાથી ધર્મનો આરંભ થાય છે અને પછી નિરિચ્છક ભાવ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આ ઇચ્છાઓ જાણવી. અર્થાત ચોથે ગુણઠાણે મોક્ષની ઇચ્છાથી ધર્મનો આરંભ થાય છે. શાસ્ત્રને અનુસરતી રીતિ નિતિથી સકલ કર્મનો ક્ષય કરવા ઉદ્યમવંત થાય છે. અને અંતે અતુલ-વીર્યના સામર્થ્યથી સકલ કર્મ ક્ષય કરીને મોક્ષ પામે છે. તેથીજ પ્રથમ ઇચ્છા-યોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ અનુક્રમે ઘટી શકે છે. ગાથા ૪.

રોગીઓને જેમ આરોગ્ય સુખ અનુભવ સિદ્ધ હોય છે, પરંતુ આ અનુભવ સિદ્ધ આરોગ્ય સુખ **न गम्मइ इयरेण** બીજા વડે જાણી શકાતું નથી. તેવી રીતે **सम्मामिणं** આ સિદ્ધ ભગવંતનું આ સુખ પણ સમ્યક્ પ્રકારે ચિન્તવન કરવા લાયક છે અર્થાત તે સુખ પણ અનુભવ-સિદ્ધજ છે. ગાથા ૫.

જો સિદ્ધના સુખનો ઢગલો સર્વ કાલનો એકઠો કરાય, તે ઢગલાને અનંત વર્ગરૂપે કરાય, અને તે પછી તે વર્ગથી ભાંગીએ તો ભાગા-કારમાં આવેલ સુખનો ભાગ પણ સર્વ આકાશ પ્રદેશમાં સમાતો નથી. સામાન્ય કલ્પનારૂપ દ્રષ્ટાન્ત તરીકે સિદ્ધનું સુખ ઢગલારૂપે ૫ ની સંખ્યામાં ગણીએ અને સર્વકાલની ૫ ની સંખ્યાથી ગુણીએ=૫×૫=૨૫×૨૫=૬૨૫ વર્ગરૂપ સંખ્યા ૬૨૫)૬૨૫(૧ થાય. ભાગાકારથી ભાગમાં આવેલ આ એક અંશ - પણ સર્વ આકાશ પ્રદેશમાં સમાતા નથી એમ અત્ર આ ગાથામાં કહેવાનું રહસ્ય છે. ગાથા ૬.

પીડાના ક્ષયથી ઉત્પન્ન થયેલા સુખના બિન્દુ: ભાવને (સ્વરૂપને) આ ચાલુ પ્રકરણમાં પ્રાપ્ત કરીને તે સુખના બિન્દુથી અનંતર અનંતર, સુખને કલ્પીને અર્થાત પ્રથમ જઘન્યમાં જઘન્ય

સુખ તે પછી અંશ અંશ વધારતાં જવું વધતા અંશની કલ્પનાઓ કલ્પીને તે બધા અંશોનો ઢગલો સમ્યક્ અહીં વિચારવો. અથવા ઉપરના પ્રસંગને આ રીતે કલ્પી શકાય છે. જેમકે સર્વ પ્રકારની શારીરિક પીડાઓ, માનસિક ચિન્તાઓ અને ઉપાધિઓ એક પછી એક કલ્પવી અને એક એકનું દુઃખ કલ્પવું અને તે તે દુઃખ એક પછી એક જાય છે અને સુખના અંશ થતા જાય છે તે એકઠા કરે જવું, એ રીતે સર્વ અંશોના સમુદાય તે ઢગલો અહીં વિચારવો ગાથા ૭.

વળી આ કલ્પેલો સર્વ સુખનો ઢગલો પણ નિશ્ચયે કરીને નિરતિશયપણે એકજ સ્વરૂપે છે. જેવી રીતે સર્વ પીડાઓ અને સર્વ પીડાના કારણભૂત કારણોના ક્ષય થવાથી તથા પ્રકારે પૂર્વ જણાવેલ ઢગલો (સુખનો રાશિ) જાણવા લાયક છે. ગાથા ૮.

તમે જ્યારે ઢગલો કલ્પ્યો એટલે સુખના કણે કણ મેળવ્યા વગર ઢગલો થાય નહિ એવી કલ્પના કરનારને ઉત્તર આપે છે. અર્થાત્ રૂપી અંશોનો અગર અરૂપી અંશોનો ઢગલો થાય પરંતું સુખના અંશોનો શી રીતે ઢગલો થાય એવી કલ્પના કરનારને ઉત્તર આપે છે-જેવી રીતે પૂર્વે કલ્પેલો ઢગલો ભિન્ન ભિન્ન સુખના બિન્દુઓથી થાય તેવી રીતે ભિન્ન ભિન્ન સુખોના બિન્દુઓનો સમુદાય પણ નિશ્ચયે કરીને આ નથી અર્થાત્ સિદ્ધભગવંતોના સુખનો સમુદાય આ નથી. તમને સમજાવવાની ખાતર અર્થાત્ તમારી બુદ્ધિમાં ઉતરે તેની શાન્તિ માટે સુખના ઢગલો કલ્પીને સમજાવ્યો હતો. તેથી તે ભિન્ન ભિન્ન સુખના બિન્દુઓ હોવા છતાં ક્ષયોપશમ ભાવથી શરૂ થતા સુખના બિન્દુની ગણના કરીને ક્ષાયિકભાવે થવાવાળા મોક્ષ પર્યંતના બધા સુખના બિન્દુઓની ગણત્રી કરવી એ બધા સુખનો સમુદાય અહીં હોય છે. ગાથા ૯.

ક્ષયોપશમ ભાવની શરૂઆતના સુખબિન્દુનો આવો સ્વભાવ જે કહ્યો છે તે સિદ્ધના સુખના સ્વભાવને મળતો સ્વભાવ નથી, અને તે ક્ષયોપશમથી થતું સુખ પણ તેવી રીતે ઉત્કૃષ્ટપણે પણ હોતું જ નથી. કારણ કે ઘણા વિષયના કણીઆથી સેળભેળ થયેલું અમૃત પણ સંપૂર્ણ અમૃતપણે રહેતું જ નથી. અર્થાત્ સંસારમાં રહેવાવાળાને ક્ષયોપશમ ભાવથી જે સુખ થશે તે પૌદ્ગલિક હશે અને તેથી વિષના કણ જેવું છે. આ ઉપરથી સિદ્ધ ભગવંતના સુખ સાથે ઘટાવેલ સુખ બિન્દુ અમૃત જેવું અને ક્ષયોપશમ ભાવથી થવાવાળા સાંસારિક પૌદ્ગલિક સુખો એ વિષના કણીઆથી ભરપૂર છે. તેથી તે સિદ્ધ ભગવંતના અમૃત સમાન સુખ સાથે ઘટી શકતું જ નથી. ગાથા ૧૦.

તમે પૂર્વે સિદ્ધના સુખને પ્રતિપાદન કરતાં સર્વ કાલનું પિંડિત કરીને અનંત વર્ગ વિગેરે કરીને ભાગાકાર કરી જણાવ્યા, તેના કરતાં સિદ્ધ ભગવંતના સુખનું બિન્દુ માત્ર પણ આકાશ પ્રદેશમાં માતું નથી; અર્થાત્ અનંતુ છે. એમજ કહેવું હતું છતાં આવી ભાંજગડ શા માટે ? આવી શંકા કરનારને ઉત્તર આપતાં જણાવે છે કે—સર્વકાલના સિદ્ધ ભગવંતોનું સુખ સમ્યક્ પ્રકારે એકઠું કર્યું, સર્વ કાલના પ્રદેશોને એકઠા કર્યા, અને અનંત-વર્ગ કરીને ભાગાકાર કર્યો, તે ભાગાકારમાં આવેલો ભાગ પણ આકાશના અનંત પ્રદેશમાં માઇ શકયો નહિ; અર્થાત્ સર્વ સિદ્ધોનું સુખ, સર્વ કાલના પ્રદેશ અને આકાશ પ્રદેશ એ ત્રણે અનંતા છે તે દેખાડવાને માટેજ આ કથન છે. ગાથા. ૧૧.

સિદ્ધના સુખને અનંતુ કહીને આગળ ચાલ્યા હોત તો પ્રથમ-તથા સામાન્ય રીતિએ સ્થાપન કરીએ તો પરિત્ત-અનંતામાં આવે, પણ જ્યારે ત્રણેને વિશેષે કરીને ભેળા કરીએ તો આઠમા અનંતામાં પ્રવેશે છે; અને તેથીજ—

ત્રણ પ્રદેશ-રાશિઓ એક એક જૂદી જૂદી સ્થાપન કરીએ તો પણ તે તે એક એક અનંતા છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે તથા-પ્રકારે વિશેષે કરીને ત્રણેને ભેળા કરીએ તો તે અનંતાનંત છે એ સમ્યક્ પ્રકારે વિચારવા લાયક છે. ગાથા. ૧૨.

કાળ ભેદે સિદ્ધ ભગવંતોમાં ભેદ પાડશો તો પૂર્વના સિદ્ધ ભગવંતો કરતાં કાળભેદે કરીને પછીના થવાવાળા સિદ્ધ ભગવંતોને સુખનું આસ્વાદન ઓછું રહેશે. કારણ કે હમણાં સિદ્ધિએ જનારા જ્યારે સંસારમાં રીબાતો હતો ત્યારે તો પૂર્વના સિદ્ધો સિદ્ધિ સુખમાં મગ્ન હતા તો પછી બધા સિદ્ધ ભગવંતોના સુખનું તુલ્યપણું કેવી રીતે ઘટે છે તે શંકાનું નિરસન કરતાં જણાવે છે કે—

સર્વ સિદ્ધ ભગવન્તોને સર્વથા પ્રકારે આ સુખ-કાળભેદ હોવા છતાં પણ સરખું જ છે. જેવી રીતે ક્ષણ-કાળ ભેદ હોવા છતાં જે કોટીશ્વરપણું કોટીધ્વજને પહેલાં હતું તેવી રીતે તથા પ્રકારે હમણાના કોટિધ્વજને છે તે સુક્ષ્મ રીતે વિચારવું. ગાથા. ૧૩.

અસંભવ-સ્થાપનાદિ વડે જે કલ્પેલી સર્વ કોટિઓને=સર્વ હિસ્સાને પણ સ્થાપેલું હોય તો તેથી તે સુખનો સ્વામી હોય છે, અર્થાત્ સર્વ સિદ્ધ ભગવંતો સાદિ-અનંતકાળ સુધી સિદ્ધિ સુખનો આસ્વાદ એક સરખો લેઇ શકે છે, તેથી અહીં કાલ ભેદક નથી. અથવા કાલભેદે સિદ્ધ ભગવંતો ઓછાવત્તા સુખના માલીક કહેવાતા નથી. ગાથા. ૧૪.

જે તેનાથી (પહેલાં સિદ્ધ થયેલ અને પછી થયેલ સિદ્ધથી નિશ્ચયે કરીને અધિક કંઇક સુખ સ્વરૂપથી હોય તો ભેદ થયો કહેવાય, પણ આજના સિદ્ધિ સુખમાં, કાલના સિદ્ધિ સુખમાં, અઠવાડીયાના સિદ્ધિ સુખમાં, મહિનાના સિદ્ધિ સુખમાં, કે વર્ષના સિદ્ધિ સુખની કોટિઓ= હિસ્સાઓના અજાણ=અજ્ઞાનિયોને તે ભેદ જાણમાં જાણવામાં હોતો નથી તો પછી અનંત-સુખમાં ભેદ પડે કઇ રીતે ?, અર્થાત્ ભેદ વસ્તુતઃ નથી; એટલે ભેદ પડતો નથી. ગાથા ૧૫.

ફલની અપેક્ષાએ કરીને સહિત ક્રિયાવડે જે સુખ થાય છે તેવી રીતે અહીં પરમ સુખ નથી, પરંતુ લોકમાં જેમ મુંગો ગોળ-સાકર ખાય પણ કહી શકે નહિ તેજ યુક્તિથી (મુગાદિ-ભાવથી) પરમસુખ વિચારવા લાયક છે. ગાથા ૧૬.

દુનિયાભરના સર્વ પૌદ્ગલિક સુખો ઔત્સુક્ય-ભાવે સહિત છે, જ્યારે આ પરમસુખ ઔત્સુક્ય-ભાવે રહિત છે, અને તેથી તે ભાવને જણાવતાં કહે છે કે—સર્વ ઔત્સુક્ય ભાવની વ્યાવૃત્તિ હોય ત્યાંજ તે સુખને પંડિત પુરૂષોએ યત્નપૂર્વક સૂક્ષ્મ ઉપયોગ વડે તથા-પ્રકારે અપરાધીનપણે નિરૂપણ કરવા લાયક છે. ગાથા ૧૭.

જે સ્થળે એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો રહેલા છે, અને તેઓ જન્મ મરણની પરંપરાવાળા ભવ ભયથી મુકાયલા છે, પરસ્પર પીડા રહિતપણે અવ્યબાધપણે સુખને પામેલા સંપૂર્ણ સુખી સુખપૂર્વક રહેલા છે. ગાથા ૧૮.

એવી રીતે સિદ્ધપણું થવું એ જીવનો સ્વભાવ છે, એટલે જીવનો જે સ્વભાવ હતો તે પ્રગટ થયો; અર્થાત્ જીવ બહારથી કંઇ નવું લાવ્યો નથી પરંતુ વસ્તુતઃ જીવનો સ્વભાવજ પ્રગટ થયેલો છે. એમ ન હોય તો સંસાર સંજ્ઞાને છોડવાથી તદનંતર પ્રાપ્ત થનારી મુક્ત સંજ્ઞા પામેજ નહિ. કેટલાએક આચાર્યો સંસાર સંજ્ઞા અને મુક્ત સંજ્ઞા એ બંન્નેને તથા-ભાવ કહે છે જો એમ ન હોય તો સંસારમાં સંસાર-વર્તિ જીવો તે સિદ્ધિ સુખના સ્વભાવને કેમ ન પામે ? અર્થાત્ તે સુખને પામવા જોઇએ. ગાથા ૧૯.

તેવી રીતે તે સિદ્ધ ભગવંતોમાં સ્વભાવથી નિયત એવું સ્વરૂપ તથા પ્રકારે છે. પરંતુ તે સ્વરૂપે સ્વભાવ-સુખ મૂર્ત નથી. અથવા તેવી રીતે સિદ્ધ ભગવંતોના સ્વભાવથી નિયત સ્વરૂપ

જે પ્રકારે છે તે સંસારમાં અર્થાત્ સંસારી પ્રાણિયોમાં હોતું નથી, પરંતુ સ્વભાવથી નિયત એવું એકાન્તભવ-રહિત પરમ-સુખાદિ સ્વભાવમય, તે સ્વરૂપ સુખ મુકિતમાં છે તે જાણવા લાયક છે. ગાથા ૨૦.

એવી રીતે સિદ્ધ સુખ નામની વીસમી વિંશિકા સમાપ્ત થઇ. યાકિની મહત્તરા= શાસન માન્ય સાધ્વીના સદુપદેશથી શ્રમણ-ધર્મ સન્મુખ થયેલ હોવાથી ઉપકારિના ઉપકારને સદાય સ્મરણ કરતાં 'યાકિની મહત્તરાના ધર્મપુત્ર' આ વિશેષણથી પોતાને જણાવે છે. અને તેથી આ કૃતિ યાકિની-મહત્તરા-ધર્મપુત્ર-શ્વેતામ્બરાચાર્ય-શ્રીહરિભદ્રસૂરીશ્વરે કરેલી છે.

**काऊण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।**
**भव्वा भयविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥२१॥**

આ પ્રકરણ કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું, તે પુણ્યથી ભવ્યાત્માઓ ભવભયના વિરહ માટે જિનેશ્વર ભગવંતના શાસનમાં બોધિ બીજને પામો. અર્થાત્ પુણ્યના પુનીત આનંદથી આનંદિ-થયેલ આચાર્યવર્યશ્રી ભવ્યાત્માઓને ઉપરનો આશીર્વાદ અર્પણ કરે છે. અથવા જે પ્રકરણ કરીને મેં આ પુણ્ય ઉપાર્જન કર્યું તે પ્રકરણથી ભવ્યાત્માઓ ભય-વિરહત્થં=સર્વ પ્રકારના ભયનો વિરહ કરવા સમર્થશાળી એવા બોધિ બીજને પામો. ગાથા. ૨૧.

**इति श्रीविंशति-विंशिका प्रकरण-सारांश समाप्तम् ॥**

## ઉપસંહાર.

અનાદિ અનંતકાળથી આ આત્મા રખડી રહ્યો છે. રખડપટ્ટી કરનારા આત્માને અનાદિપણા સાથે શો સંબંધ છે?, પંચાસ્તિકાયમય-લોકનું અનાદિપણું, અનાદિપણામાં અસ્ખલિત પરિભ્રમણ કરનાર આત્મા ધર્મ સન્મુખ કઈ રીતે થાય છે તે ક્રમસર જણાવવામાં આવે છે. અર્થાત્ દ્વિતીય વિંશિકામાં લોકનું અનાદિપણું સિદ્ધ કરીને કુલનીતિની પરંપરા રૂપ ધર્મ સેવનમાં કેટલો કાળ વ્યતીત થાય છે તે સારૂ કુલનીતિ લોકધર્મનો અધિકાર ત્રીજી વિંશિકામાં જણાવી દીધો.

ધર્મ બીજની અનુકુળતાને યોગ્ય થયેલા જીવે પૂર્વે અનંતા અનંત પુદ્ગલ પરાવર્તોનું પરિભ્રમણ કરીને ચરમાવર્ત કાળની વિશિષ્ટ-સિદ્ધિ-યોથી ચરમાવર્ત વિંશિકામાં સુસંગત યુક્તિ યુક્તપણે વિચારાય છે ગયા. ચરમાવર્ત વિંશિકા પછી અનુક્રમે બીજ-અંકુર-કાષ્ઠાદિ સંપત્તિ સ્વરૂપ ધર્મ કઈ રીતે પામે છે તે જણાવી દીધું અને તે પછી અનુક્રમે સદ્ધર્મ-દાન-પૂજા-શ્રાવક ધર્મ અને શ્રાવક પ્રતિમાના અધિકાર રૂપ વિંશિકાઓનું વિશેષતયા સ્પષ્ટીકરણ કરી દીધું.

દશ-વિંશિકા પર્યંત શ્રાવક ધર્મ અને શ્રાવક ધર્મની પરીક્ષા રૂપ પ્રતિમામાં ઉત્તીર્ણ થયેલ યતિ ધર્મનો અધિકારી થાય છે. તેથી યતિધર્મ, ગ્રહણ-આસેવન-શિક્ષા, ભિક્ષા-વિધિ, ભિક્ષા-શુદ્ધિ, આલોચન-વિધિ, પ્રાયશ્ચિત, યોગ, કેવળજ્ઞાન, સિદ્ધ ભેદ અને સિદ્ધ-ભગવંતોના સુખનું વર્ણન અનુક્રમે વિંશિકામાં-અધિકારરૂપે સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું.

આ રીતિએ જે પુણ્યાત્માઓ આ વીશ વિંશિકાઓનું અનુક્રમે અધિકારસ્થિત વિષયોનું વાંચન-મનન-પરિશીલન કરશે, અગર પઠન-પાઠન રૂપે જીવનમાં અભ્યાસ રૂપે અમલમાં મુકશે; તેઓ ઉત્તરોત્તર અધિકાર અનુસાર જીવન જીવીને સિદ્ધિ સુખના ભાગીદાર થશે. અર્થાત્ નિસ્તરંગોદધિકલ્પ-સિદ્ધ-અવસ્થાને પ્રાપ્ત-કરવાવાળા થશે.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-પરમોપાસ્ય-આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની છત્રછાયામાં આ વિંશતિ-વિંશિકા પ્રકરણોના વિષમ સ્થળોના આશય સમજવાનું અને ધારવાનું સુંદર સૌભાગ્ય ગત ચાતુર્માસમાં પ્રાપ્ત થયું. તેઓશ્રીના આશય વિરૂદ્ધ સારાંશ લખવામાં ત્રુટિ રહી ગઈ હોય, અથવા વાંચકની વાસ્તવિક ઈચ્છાઓને સંતોષ આપી શકાય તેવી રીતના વિસ્તૃત સારાંશને [1]સકારણ સંક્ષેપપણે સમાપ્ત કરવો પડયો હોય, અગર શાસન માન્ય સિદ્ધાંતોને અજ્ઞાનતાથી સારાંશમાં લખી દીધા હોય; તે સર્વનો અત્ર 'મિચ્છામિ દુક્કડં' દઇ સારાંશ સમાપ્ત કરવામાં આવે છે. વિસ્તારના અર્થિઓને વિંશિકા રહસ્ય વાંચવાની ભલામણ છે.

---

૧. નિયમિત માસિક પ્રગટ થાય તે સારૂં પ્રેસ મેટર ત્વરાથી પુરૂં પાડવું વિગેરે.

સુંદર બેન્ડ સાથે સુસુંદર ભવ્ય સ્વાગત કર્યું હતું. ઠેર ઠેર રંગોળીથી તેમજ ગુંહળી સાથે વધામણીથી અનેરી ભાત પડી હતી. ત્યારબાદ પૂ. **પંન્યાસપ્રવરશ્રીજીએ** માંગલિક અને પ્રવચન રોજ ચાલુ હતાં. પૂ. પન્યાસપ્રવરશ્રીજીના ઉપદેશથી ત્યાંનો ઉપાશ્રય જીર્ણ થઈ ગયો હોવાથી તેના ઉદ્ધાર માટે રૂ. ૫૦૦૦) હજારની ટીપ થઇ છે. થોડા વખતમાં ઉપાશ્રય તૈયાર કરવાની તૈયારીઓ ચાલે છે. પૂજ્યશ્રીના આગમન નિમિત્તે રોજ પૂજા-પ્રભાવના સંઘ તરફથી ચાલુ હતી. ત્યાંથી વિહાર કરી વ્યારા પધારવાનું થયું.

**વ્યારા**:—પૂ. **પંન્યાસજીશ્રીએ** પધારતાં માંગલિક પ્રવચન કર્યું. રોજ પ્રવચન ચાલુ હતું. શા. **હરખચંદભાઇ ગોવિન્દજીભાઇ** તરફથી પંચકલ્યાણુકની પૂજા ભણાવી હતી. ત્યાં **બારડોલીથી** શેઠ **વીરચંદ તેજજી**, શેઠ **મોતીચંદ છમનાજી**, ચોકસી **નાથાલાલભાઈ** તેમજ **જીવણભાઈ** વિગેરે વંદનાર્થે આવ્યા હતાં. બુહારીની વિનંતિ માટે **ધર્મવીર ઝવેરચંદ પન્નાજી** આદિ સંઘના આગેવાનો પધાર્યા હતાં.

**બાજીપુરા**:—વ્યારાથી વિહાર કરતાં ઘણા ભાઇઓ **બાજીપુરા પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીને** સાથે આવ્યા હતાં. **પૂજ્યશ્રીનું બાજીપુરામાં** આગમન થતાં ભવ્ય સામૈયું થયું હતું, અને શેઠ **નેમચંદ જીવણજી** તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ શ્રી સિદ્ધચક્રના આજીવન સભ્ય શ્રીયુત શા. **હરખચંદભાઇ ગોવીંદજી** તથા શા. **નેમચંદભાઇ જીવણજી** થયાં છે. તથા અહીંનું અટકી પડેલું ઉપાશ્રયનું કાર્ય પૂજ્યશ્રીના સદુપદેશથી પુનઃ આરમ્ભાયું છે. અને તે માટે જગ્યાની ખરીદી દસ્તાવેજ કરી આપી રૂ. ૨૨૫૧) શા **વીરચંદ કીસનાજીએ** શ્રીસંઘને આપ્યા છે. અને થોડા દિવસમાં પોતાના ખર્ચે ઉપાશ્રય બંધાવી આપવાની બાંહેધરી શ્રીસંઘને આપી છે ત્યાંથી વિહાર કરી વાલોડના દેરાસરના દર્શન કરી બુહારી જવાનું થયું.

**બુહારી**:—**બુહારીમાં પૂજ્યપંન્યાસ પ્રવરશ્રીજી** આદિ ઠા. ૭ ના સ્વાગત માટે દૂર દૂરથી ધ્વજા, તોરણ અને વાવટાઓથી શેરીએ શેરી શોભી રહી હતી. રંગોળી સાથીઆઓ અને ગુંહળીઓથી વિથિકાઓ આજે અનેરી જણાતી હતી. પૂજ્યશ્રીના આગમન નિમિત્તે પાંચ દિવસનો ઓચ્છવ અને પૂજાઓનો સુંદર કાર્યક્રમ ગોઠવાયો હતો. વ્યાખ્યાનાદિ રોજ ચાલુ હતું અને તે દરમિયાન શ્રાદ્ધ રત્ન શેઠ **શ્રીઝવેરચંદ પન્નાજીએ** પૌષધ સાથે અટ્ઠમની તપશ્ચર્યા કરી હતી. ત્યાંથી વલસાડના ઓચ્છવ માટે જલ્દી વિહાર કરી કરચેલીયા જવાનું થયું. વિહાર અવસરે સારો સંઘ વળાવવા આવ્યો હતો.

**કરચેલીયા**:—**કરચેલીયામાં** શ્રી જૈન યુવક મંડળે તેમજ શ્રીસંઘ બેન્ડ સાથે **પૂજ્યશ્રીજી** આદિ ઠા. ૮ નું સુંદર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ **પૂજ્યશ્રીએ** પ્રવચન કર્યું હતું. અને પૂ. મુનિ **શ્રીચન્દ્રપ્રભસાગરજી** મહારાજે સવારે, બપોરે તેમજ રાત્રે ત્રણે વખતે જાહેર ભાષણ કર્યું હતું. જેમાં સેંકડો જણે લાભ લીધો હતો. ત્યાંથી સાતેમ, ગણદેવા, ગણદેવી અને બીલીમોરા વિગેરે સ્થળે થઇ વલસાડમાં શેઠ **નગીનચંદ ઝવેરચંદને** ત્યાં **ઉજમણું-અષ્ટોત્તરી** વિગેરે શુભ કાર્યો હોવાથી તથા તેમની આગ્રહભરી વિનંતિ સ્વીકારીને વલસાડ તરફ પધાર્યા છે. અત્ર (વલસાડમાં) મહોત્સવ અંગે પંદર દિવસની સ્થીરતા છે.

**બહુધાન**:—પૂ પંન્યાસપ્રવરશ્રીજીના પરમવિનેય પં. શ્રીદેવેન્દ્રસાગરજી આદિ ઠા. ૪ શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી કડોદથી અત્ર પધાર્યા છે. શ્રીસંઘ વ્યાખ્યાન વાણીનો લાભ લઈ રહ્યો છે અને અષ્ટાન્હિકા મહોત્સવ ચાલુ છે.

# આભાર સાથે સ્વીકાર અને અનુમોદનીય.

'શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ' નું મુખપત્ર લગભગ તેર વર્ષથી શાસન—સેવા બજાવી રહી છે. આ માસિકમાં નવપદના આરાધકોનો વીર્યોલ્લાસ વૃદ્ધિ પામે તેવી નવ-નવીન-આત્મ-હિતવર્ધક સામગ્રી પીરસવામાં આવે છે. આ માસિકનું મોટે ભાગે વાંચન શ્રમણ ભગવંતો કરે છે, અને તેઓને વિના મૂલ્યે સમિતિ આપી શકે તે સારૂ ચાલુ વર્ષમાં જીવન-પર્યંતના સભાસદો પૂ. પન્યાસપ્રવરશ્રીજીના સદુપદેશથી થયાં છે તે આભાર સાથે સ્વીકારવામાં આવે છે. વિ. સમિતિના સંસ્થાપક પૂ. પ્રન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી આદિ ઠાણાની અનુમોદનીય-પુનીત-પ્રવૃત્તિઓની પ્રાસંગિક-નોંધ પણ અત્ર આપેલી છે, કારણ કે વિહાર દરમિયાન રથળોમાં સિદ્ધચક્ર માસિક માટે સ્તુત્ય પ્રયાસ તેઓશ્રી તરફથી થયેલો છે. લિ૦ **તન્ત્રી.**

૧૦૧) વાંઝ ગામ નિવાસી શ્રેષ્ઠી જીવણચંદ કપુરાજી ચાલુ વર્ષના ભેટ
૧૦૧) શેઠ નરેન્દ્રચન્દ્ર હીરાલાલજી ઈન્દોરવાળા આજીવન સભાસદ
૧૦૧) શેઠ કેસરીમલજી જેઠમલજી કરાડીયાવાળા ,, ,,
૧૦૧) શેઠ માણેકચંદ ઝવેરચંદ હા. હીરાભાઈ સુરતવાળા ,, ,,
પ્રથમ ૫૦) પચાસ રૂપીઆ આપેલા અને
૫૧) ચાલુ વર્ષમાં આપ્યા.
૧૦૧) શેઠ હરચંદ ગોવનજી મુ. બ્યારા ,, ,,
૧૦૧) શેઠ નેમચંદ જીવણજી મુ. બાજીપુરા. ,, ,,

**સુરત**—મુંબાઈ પાસ ઘાટકોપર મુકામે શાશ્વતી-શ્રીનવપદની આરાધના કરીને પુના તરફ જવાનો નિર્ણય હતો. પરંતુ સમુદાય પ્રત્યે હિતદ્રષ્ટિ અને સહાનુભૂતિ ધરાવનારા અમદાવાદ, મુંબાઈ, સુરત, જામનગર આદિના શ્રાવકોની આગ્રહભરી વિનંતિથી અને પૂજ્યપાદ ગુરૂદેવ સાથે ચાતુર્માસ કરવાની ભાવનાથી પૂજ્ય-પન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી આદિ ઠાણાએ સુરત તરફ વિહાર કર્યો, અને ગ્રામાનુગ્રામ રસ્તામાં શ્રીસંઘને વ્યાખ્યાન વાણી આદિનો લાભ આપતાં અનુક્રમે બારડોલી આવવાનું થયું. બાર વર્ષથી સુ. સાધુઓના ચાતુર્માસ રહિત ક્ષેત્ર બારડોલી-શ્રીસંઘની આગ્રહ ભરી વિનંતિથી મુનિશ્રી જ્ઞાનસાગરજી, મુનિશ્રી ચન્દ્રકાન્ત-સાગરજી અને મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીને ચાતુર્માસ માટે સ્થીરતા કરાવીને આગમોદ્ધારક પૂ. ગુરૂદેવ સાથે પૂ. પન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી આદિ ઠા. ૮ નો વિહાર કર્યો. જેઠ વદ ૬ ના રોજ સુરતમાં પ્રવેશ થયો, અને નેમુભાઇની વાડાની પાછળની ધર્મશાળામાં ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસમાં છાપરીયાશેરી, હરીપુરાની આગ્રહભરી વિનંતિથી પૂ. પન્યાસપ્રવરશ્રીજીના પરમ વિનેય પં. શ્રીદેવેન્દ્રસાગરજી અને મુનિશ્રી સુબોધસાગરજીને અનુક્રમે બન્ને રથળે સાચવવા માટે ત્યાં મોકલાવ્યા.

જેઠ વદ ૬ ના પ્રવેશ દિનથી પૂ. પન્યાસપ્રવરશ્રીજીએ શ્રીવર્દ્ધમાન તપની સલગ્ન ૫૯-૬૦મી ઓળી કરેલ હતી. ઓળીના પૂર્ણાહુતીના પુનીત દિવસે શ્રી સંઘે નવાણું અભિષેક અને આખા શહેરના ભવ્ય મંદિરોમાં આંગી પૂજા કરાવીને અનહદ લાભ લીધો.

છાપરીયાશેરીએ શ્રી ભગવતી સૂત્રનો પ્રારંભ પૂ. પન્યાસજી પ્રવરશ્રી પાસે કરાવ્યો, તે દિવસે જ્ઞાન ખાતામાં સારી ઉપજ થઇ હતી. શ્રુતભક્તિ નિમિત્તે વરઘોડો નીકળ્યો, અને ચાર મહિના નિર્વિઘ્ને

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું. ]

મુદ્રક : **મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબાઈ.

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।

सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

## અનુભવનો સાક્ષાત્કાર.

લેખકઃ—સુધાવર્ષી.

નિગ્રન્થ પ્રવચનના ઉપાસક નિગ્રન્થ-નિગ્રન્થિઓ અને નિર્મળ વ્રતધારિયો નિશાના નિર્મળ-વાતાવરણમાં એક પહોર પર્યંત સરસ શેલડીના આસ્વાદનનો અભ્યાસરૂપે અનુભવ કરીને નિષ્પાપ-સંસ્તારકમાં શયન કરે છે.

અભ્યાસ અને અનુભવને આકાશ જમીન જેટલું અંતર છે. અભ્યાસરૂપે પુનઃ પુનઃ પ્રવૃત્તિઓ અનુભવરૂપે સાક્ષાત્કાર થવાની જરૂર છે.

સૂત્ર અક્ષર-ગદ્ય-પદ્યાદિકનું પુનરાવર્તન કરવું એજ કલ્યાણકાંક્ષિ ભવ્યાત્માઓને અનુપમ-આસ્વાદન લેવાનું ફરમાન છે, જે માટે ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે.

"સૂત્ર-અક્ષર-પરાવર્તના, સરસ શેલડી દાખી;
તાસરસ અનુભવ ચાખીએ, જીહાં એક છે સાખી."

સવાસો ગાથા સ્તવન, ત્રીજી ઢાલ.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.)

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
વર્ષ ૧૬-અંક ૬.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

પરમાત્મા–પ્રણીત–પુનીત–પદ્ય–ગદ્યગુમ્ફિત શબ્દ કરનારાઓને અને શ્રવણ કરનારાઓને પણ સુધાપાનનો સાક્ષાત્કાર કરાવે છે.

પહોર પર્યંત પીયૂષસમ પુનીત ચર્યાની પરિસમાપ્તિમાં પરમ હિતશિક્ષાઓનું ઉચ્ચારણ કરે છે, છતાં અનુભવ અગોચર–ગોચર હોઇ શકે છે. પાપ-શોષક, પુણ્યપોષક અને પરમ સંવર-નિર્જરા વર્ધક સંરતારક વિધિ વિહિત–પરમહિત શિક્ષાઓના પુનીત-ભાવથી ભાવિત થયેલાઓ અખણ્ડ–અવ્યાબાધ સુખના ભોકતા બનવા ઉદ્યમવંત રહ્યા છે અને રહે છે.

સંસ્તારક વિધિ વિહિત-હિત શિક્ષાઓની ઉંડાણમાં અનેકવિધ–અમૂલ્ય સામગ્રીઓનો સાક્ષાત્કાર અભ્યાસિયોને અભ્યાસ કાલે અનુભવ ગોચર થયા વગર રહેતીજ નથી. અંતિમ સાધ્ય–સિદ્ધિમાં તે અમૂલ્ય સામગ્રીઓ અમોઘ કાર્યસાધક છે. **અનુભવનો સાક્ષાત્કાર જીવનમાં નવ નવીન જોમ ઝળકાવે છે.**

અમૂલ્ય સામગ્રીઓના અનુભવ રસિક અભ્યાસિયો અંતિમ સાધ્ય સિદ્ધિ કરી શાશ્વત સુખના ભાગીદાર થયા, થશે અને થાય છે.

જેથી અનુભવ રસિક અભ્યાસિયો માટે અમૂલ્ય સામગ્રીઓ—

૧ નિરવદ્યનું સેવન, ૨ સાવદ્યનુ વર્જન, ૩ આજ્ઞાનું આરાધન, ૪ શયન વિધિનું સ્મરણ, ૫ દીર્ઘશયનનું અનુસ્મરણ, ૬ દેહાદિ મમત્વ વિસર્જન, ૭ ચાર મંગળનું ચિત્તમાં સ્થાપન; ૮ ઉત્તમોત્તમચારનું ચિત્તમાં નિર્ધારણ, ૯ શરણ્યભૂત ચારનું ચિત્તમાં શરણરૂપે સ્વીકરણ, ૧૦ "હું એકલો છું, મારૂં કોઇ નથી, હું બીજા કોઇનો પણ નથી" ઇત્યાદિ પુનીત પદો વડે અદીન ભાવથી ભાવિત થયેલ આત્માને અનુશિક્ષણ, ૧૧ "જ્ઞાન–દર્શન યુકત એકજ મ્હારો શાશ્વત આત્મા છે, તે સિવાયના સંયોગ-વિયોગ સ્વરૂપ બાહ્ય ભાવો છે" એ રીતિએ વિવેકિયોને વિનાશિ–અવિનાશિ ભાવ ભાવની વિવેક પૂર્વકની ઓળંચણ ૧૨ સંયોગની ઝેરી જડથી જીવોએ પ્રાપ્ત કરેલ દુઃખની પરંપરાનો અનુભવન, ૧૩ જલ્લામ જૂલ્મગાર ઝેરો સર્વ સંયોગ સંબંધોનું ત્રિવિધેવ્યુત્સર્જન, ૧૪ વ્યકિતવ્યામોહ–વિષનું વિવેક પૂર્વક નિવારણ, ૧૫ સમષ્ટિગત સારભૂત સમ્યકત્વનું અંગીકરણ, ૧૬ 'ખમવું અને ખમાવવું" એ જિનશાસન મુદ્રાલેખનું પુનઃ પુનઃ સ્મરણ, ૧૭ 'ચોરાશી લાખ જીવાયોનિસ્થ જીવો પ્રત્યે મ્હારે વૈરભાવ નથી' એવું સિદ્ધ ભગવન્ત સાક્ષિયે આલોચન; અને ૧૮ 'કર્મ વશવર્તિ સર્વ જીવો ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરી રહેલા જીવો પ્રત્યે ખમત ખામણ અને તેઓ મ્હારા પ્રત્યે ખમો" એવા પરમ પુનીત ભાવનું પ્રકટન. ઇત્યાદિક સામગ્રીઓનું અભ્યાસિઓ અભ્યાસ પૂર્વક અનુભવન કરશે ને ઉત્તરોત્તર ભવમાં સુંદર સંજોગ સાધન સામગ્રી પામીને અખંડ અવ્યબાધ સુખના ભોકતા થશે. **અનુભવનો સાક્ષાત્કાર શાશ્વ સુખની સમીપમાં લઇ જનાર છે.**

'સંસ્મરણીય સુધાવર્ષામાંથી'

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | ફાગણ-માસ. | તંત્રીઃ |
| --- | --- | --- |
| અંક ૬ ઠ્ઠો. | તા. ૧૭-૩-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


# દેશના-સારાંશ.

[ નોંધઃ—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક-આચાર્ય-દેવેશ-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીની અમોઘ-દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે સંચય કરનાર પૂ. પં. શ્રી હેમસાગરજી છે. આ સારાંશને વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ૦ પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર પાસે સારભૂત અવતરણ પેરેગ્રાફાદિ પડાવીને સુધારા વધારા સાથે અત્ર અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી. ]

## સારાંશના સારભૂત-અવતરણો.

૧. પુણ્ય વૈભવ અને ગુણ વૈભવની જરૂર.

૨. માનવજીવનની ભદ્રંકરતા અને ભયંકરતા.

૩. અકામ નિર્જરાનો અજબ ચમત્કાર.

૪. પહેલાંના પુણ્યનેં આધ જનારૂં માનવ જીવન.

૫. પહેલાંના પાપોને ખપાવનારૂં તિર્યંચ જીવન.

૬. સદુપયોગ નહિં કરનારાઓ જીવન હારી જાય છે.

૭. ભરતરાજાના ભવ્ય-મનોરથો.

૮. હું મૂર્ખ કે તું મૂર્ખ ?

૯. હીરાને પત્થર સમજીને હીરો-ગુમાવનારાઓ કરતાં હીરાને હીરો સમજીને ગુમાવનારાઓ મૂર્ખ શિરોમણી છે.

૧૦. મનુષ્ય થવું સહેલું છે પણ મનુષ્યપણું પામવું મુશ્કેલ છે.

૧૧. કોટિધ્વજને ઘેર જન્મેલાઓ કયાં કમાવવા ગયા છે માટે પુણ્યને પીછાણો.

૧૨. પડી રહેલી તરવાર કાર્યસાધક નથી, તેમ પાણીના પ્રવાહની જેમ જતું મનુષ્યનું જીવન પણ કાર્યસાધક નથી.

૧૩. મનુષ્યપણામાં મહત્વભરી આણ સાથે આવ્યા વગર માનવજીવન સફળ થતું નથી.

૧૪. ધર્મરત્નને પામવું, ટકાવવું; અને સર્વાંગે સફળ કરવું એજ માનવ-જીવનની શ્રેષ્ઠ-સાફલ્યતા છે.

**૧૫. લગ્ન કરનાર અને કરાવનારને લગ્નની જવાબદારી સમજાઇ નથી.**

**૧૬. જૈન કુળમાં જન્મતાંની સાથે સાધુના સુંદર આચારો જાણવા મળે છે.**

**૧૭. મનુષ્ય જીવનરૂપી ઉત્તમ સાધન-વડે સાધ્યની સિદ્ધિ કરો.**

**૧૮. વિષય-વિકારોની તૃપ્તિ માટે માનવ જીવન મળ્યું નથી.**

**૧૯. ચન્દ્રહાસ ખડ્ગથી ઘાસ કપાય છે, પરંતુ કાપનારની મૂર્ખાઇનું પ્રદર્શન થાય છે.**

**૨૦. મેળવતાં ક્ષણ અને રક્ષણમાં સઘળુંયે જીવન સમર્પણ કરતાં શીખો.**

**૨૧. સંયોગ-સામગ્રીના સુવઅવસરમાં ધર્મ સાધી શકાતો નથી તે પાછળથી જરૂર પસ્તાશે.**

## પુણ્ય વૈભવની જરૂર.

અજ્ઞાની આત્મા ધર્મરત્નને પૌદ્ગલિક-સુખની ઇચ્છાથી ફેંકનારા નીકળે તે દેખીને આપણે ધર્મનું સાચું સ્વરૂપ સમજનારા હોવાથી આપણને પૌદ્ગલિક સુખ સાટે ધર્મરત્નનું સાટું કરવું તે ન શોભે. પુન્યરૂપી ખરૂં દ્રવ્ય જયદેવના આત્મામાં હતું. રબારીના આત્મામાં તેવું પુન્ય ન હતું. તેવી રીતે આ જીવોમાં જેમ ચિંતામણિ-રત્ન પ્રાપ્ત કરવા માટે પુન્ય વૈભવની જરૂર છે, તેમ ધર્મરત્ન પ્રાપ્ત કરવા માટે ગુણ વૈભવની જરૂર છે, વૈભવ વગરનો આત્મા ધર્મ રત્ન પામી શકતો નથી. પુણ્ય વૈભવથી અવિકલ સંપૂર્ણ નિર્મળ ગુણનો સમુદાય ધારણ કરનાર આત્મા જીનેશ્વરના ધર્મરૂપી ચિંતામણી રત્નને પામી શકે છે.

## માનવ જીવનની સફળતા.

આ મનુષ્યભવ '**દુઃખનિમિત્તમપીદંમ્**' અર્થાત્ દુઃખના કારણભૂત છે. મનુષ્યભવ મળવામાં પણ દુઃખના કારણ સ્વરૂપ છે. તેમજ જગતમાં જે જે દુઃખો છે, તેનું મોટું કારણ હોય તો આ મનુષ્યભવ છે. સાતમી નારકીમાં જનારા આત્માઓ હોય તો મનુષ્યો. અપવાદ રૂપે મત્સ્યો છે, પણ તેમાં મૂળ કારણ તો મનુષ્યપણું છે. તેમજ મનુષ્યગતિ મેળવવા માટે પણ પૂર્વે દુઃખ સહન કરવું પડે છે. તેથી શાસ્ત્રોમાં દેવભવ દુર્લભ ન કહ્યો પણ '**દુલ્લહે ખલુ માણુસે ભવે**' અર્થાત્ મનુષ્યભવજ દુર્લભ છે. મોક્ષની નીસરણીરૂપ ચારિત્ર પણ મનુષ્ય ગતિમાંજ મળી શકે છે. જ્ઞાન-દર્શન ચારિત્રની ત્રણે એકી સામટી આરાધના કરાતી હોય તો માત્ર મનુષ્ય ભવમાંજ થાય છે. આ મનુષ્ય-ભવનો જો સદુપયોગ કરશો તો સફળતાપૂર્વક મોક્ષ મેળવી આપનાર છે, અને જો દુરૂપયોગ કરીને વિષય-કષાય ૧૮ પાપ-સ્થાનકમાં વેડફી નાંખશો તો આજ મનુષ્યપણું ભયંકર છે.

## અકામ-નિર્જરાનો અજબ ચમત્કાર.

વર્તમાન કાળની અપેક્ષાએ મનુષ્યગતિ સારી પણ અનુપયોગ કર્યો તો ઢોર કરતાં હલકો છે. એક માણસ પાસે મીલકત છે, પણ ફના કરે છે. નવું દેવું વધારે છે. તે ખરાબ ગણાય, અને દેવું પતાવે તથા નવી મુડી ઉભી કરે તે સારો ગણાય. તીર્યંચો આગળ કરેલા પાપો ભોગવી અકામ નિર્જરા કરી ઘણે ભાગે દેવગતિનું આયુષ્ય અને પુન્ય બાંધે છે. દેવતાઓનું થાળું તીર્યંચો પુરે છે, પરંતુ મનુષ્યોથી પુરાતું નથી. ગર્ભજ મનુષ્યો ગણતરીનાજ માત્ર ૨૯ આંકની સંખ્યાવાળા. અસંજ્ઞિ-મનુષ્યો કે તીર્યંચો દેવલોકે ન જાય. વગર ઇચ્છાએ ભૂખ, તરસ, ટાઢ, તડકો, પીડા સહન કરવા દ્વારાએ જે નિર્જરા કરે છે તે અકામ નિર્જરા કરે છે. તેથી તેઓ દેવતા થાય. શૂલપાણી યક્ષ કોણ ?, તે આગલા ભવમાં બળદ હતો.

તેના સાંધાઓ તુટી ગયા હોવાથી માલીકે એક ગામમાં પૈસા આપી ખાવા પીવા માટે વ્યવસ્થા કરી હતી, પણ ગામવાળાએ તેની કશી ચિંતા ન કરી. કોઇ બાઈ પાણીનું બેડું ભરીને આવતી દેખે તો હમણાં મને પાણી પાશે. ઘાસનો ભારો લેઇને કોઈ આવે તો હમણાં મને ખાવા પુળો આપશે. તેમ છતાં કોઈપણ પાણી કે પુળો આપતું નથી. વગર ઇચ્છાએ ભૂખ તરસ સહન કરી અકામ નિર્જરા કરી શૂલપાણી યક્ષ દેવતા થયો. આ ઉપરથી સમજશે કે અકામ નિર્જરાનો અજબ ચમત્કાર છે કે જેથી તિર્યંચપણું છોડી દેવ થયો.

## સદુપયોગ કરતાં શીખો.

જનવરની જીંદગી પહેલાના પાપોને ખપાવનારી. આપણી જીંદગી પહેલાના પુન્યોને ખાનારી. આગલા ભવના પુન્યોદયથી મનુષ્ય થયો. આપણે ગયા ભવની મુડીજ ખાયા કરીએ છીએ, અને નવી પેદા કરતા નથી.

મનુષ્યપણા જેટલી પણ મુડી ટકાવી રાખીએ તો રાંડી રાડ બાઈ જેવા તો ગણાઇએ. રાંડી રાડ બાઈ વ્યાજ ખાય ને મુડી સાચવે કેટલીક તો મૂળ મુડીમાં પણ વધારો કરે, પણ ઘટાડો તો નજ કરે. આપણે તો મોક્ષ કે દેવલોક ન મેળવીએ, પણ મનુષ્યપણું તો સાચવી; રાખીએ તો રાંડી રાડ બાઈ જેવા પણ ગણાઈએ. આપણે ચતુર વેપારી કોમ ગણાઇએ. મનુષ્યપણા જેટલી સ્થિતિ ટકાવી ન રાખીએ, અને તીર્યંચ કે નરક ગતિમાં જઇએ એવાંજ કાર્યો અહીં કરીએ; તો રાંડી રાંડ બાઈ કરતાં પણ ગયા, કે મળેલું મનુષ્યપણું પણ આવતા ભવ માટે ટકાવી ન રાખ્યું. આપણે મનુષ્યપણું આવતા ભવમાં મેળવવું, એ આપણા હાથની વાત છે. એવી કાર્યવાહી કરવી કે જેથી સદ્ગતિજ મળે. પરંતુ દુર્ગતિને લાયકની કાર્યવાહી તો તુરત છોડી દેવી. દુરૂપયોગ થતો અટકાવવો, અને સદુપયોગ ન થવાથી ભવ હારી જવાય છે.

## ભરત મહારાજાની ભવ્ય વિચારણા.

ભરતમહારાજાને કહેવું પડયું કે મારા કરતાં નાસ્તિક સારા. તે કેવી રીતે તે ઉપર એક દ્રષ્ટાન્ત કહેવાય છે. એક રબારીને બકરી ચારતાં ચારતાં કોઇકનો માર્ગમાં પડી ગયેલ હીરો જડયો. રબારીએ બકરીના ગળે બાંધ્યો. બજારમાંથી બકરીને લઈને રબારી પસાર થતો હતો. માર્ગમાં એક ઝવેરીએ બકરીના ગળામાં હીરો દેખ્યો. ઓળખ્યો હીરોજ છે. ઝવેરીએ વિચાર કર્યો કે આ રબારી પાસે જો હીરાની માંગણી કરીશ તો નહીં આપે, માટે આખી બકરીની માંગણી કરવા દે, એમ કરીને બકરી વેચતી છે? હવે વેપારી માંગણી કરે એટલે રબારીએ વિચાર્યું કે ગમ્યાની વરતુ છે તો માગું તે કીંમત આપશે, પણ રબારી માંગી માંગીને શું માંગે? પાંચ રૂપીયા આપો તો આપું. ઝવેરી કસવા જાય છે કે ના ભાઈ પાંચ તો નહીં ત્રણ રૂપીયા આપું. રબારી આગળ ગયો. પાડોશમાં બીજી દુકાને ઝવેરી હતો તે રાહજ જોઈ રહ્યો હતો, કે ત્યાંથી આવે કે હું ગમે તે કીંમત આપી લઇ લઉં. પહેલો ઝવેરી વિચાર કરે છે કે કયાં જવાનો હતો, હમણાં પાછો આવશે. જોડેની દુકાનવાલાએ પૂછયું કે આને ગળે શું બાંધ્યું છે?, પત્થર છે. શું લેવું છે. પાંચ રૂપીયા, સારૂં પાંચમાં રાજી છે ને?, પાંચ રૂપીયામાં હીરો રબારીએ આપી દીધો. બીજે દહાડે બકરી લઈને બજારમાંથી રબારી નીકળ્યો. પેલા ઝવેરીએ બોલાવ્યો. અલ્યા ગળે બાંધ્યું હતું તે કયાં ગયું? અરે એ તો પથરો હતો તે પાંચ રૂપીયામાં વેચી નાંખ્યો. અરે મૂર્ખા! પથરો ન હતો પણ હીરો હતો. પાંચમાં કયાં આપી દીધો! રબારી ઝવેરીને કહે છે કે હું મૂર્ખ કે તમે મૂર્ખ. હું તો પથરોજ સમજતો હતો, તમે-તો હીરો જાણતા હતા છતાં બે રૂપીયા માટે ખોયો. બેની કસર કરતાં હજારોની કમાણી ગુમાવી. માટે આપણા બેમાં મૂર્ખ કોણ?, મારે તો પત્થરના પાંચ ઉપજ્યાં; તેમ ભરત મહારાજા વિચાર કરે છે કે હું ધર્મની કીંમત સમજું છું ને ધર્મ

કરતો નથી. નાસ્તિકો પુન્ય પાપ ન માને તેવાના હાથમાં ધર્મ આવીને ચાલ્યો જાય, તેમાં મૂર્ખાઈ ન ગણાય. પણ ઝવેરીની દ્રષ્ટિએ પડેલો હીરો પાંચ રૂપીયામાં ચાલી જાય તો કેવી દશા ?, હું પુન્ય પાપ માનવાવાલો છતાં પાપથી દૂર ન રહું; આરંભ સમારંભ વિષય કષાયમાં પડી રહું ને પુન્ય પેદા ન કરૂં તો મારા જેવો મૂર્ખ કોણ ? ધર્મ જેવું રત્ન હાથમાં આવેલું ચાલ્યું જાય તે પશુપાળને શોભે, પણ મારા જેવાને ન શોભે. આમ ભરત મહારાજા સરખા પોતાના આત્મા માટે વિચાર કરી રહ્યા છે. શાસનમાં ભરતરાજા મશહૂર ઝવેરી છે. માનવ જીવનને ચિન્તામણી રત્ન જેવો ગણીને જીવન નકામા પાણીની માફક ચાલ્યું જાય છે તેનો વિચાર કરે છે.

## મનુષ્યપણાને સફળ કરો.

આ મનુષ્ય ભવ મળવો મુશ્કેલ છે. જેમ પહાડ ઉપરથી ધસાતા ટીચાતા પત્થરાઓ જ્યાં નદીનું મુખ આવે ત્યાં આગળ તેમાંના કેટ પત્થરો ખુણાં ખાંચા વગરના ગોળાકાર બની જાય છે. તેમ આ જીવ પણ ચારે ગતિમાં અથડાતો પીટાતો કુટાતો લઘુ કર્મી બની મનુષ્ય અણધાર્યો બની ગયો. અટોલ પત્થરને અથડાવામાં હિસાબ શો ? તેમ આ જીવને મનુષ્યપણું પામવા પૂર્વે અથડાયાનો હિસાબ નથી. અટોલ પત્થરમાં એક નિયમ સુંવાળો થયો એટલે બસ. અહીં મનુષ્ય થયો એટલે અંતર મુહૂર્તનું જ માત્ર કામ. મોક્ષની નીસરણીના ૧૪ પગથીયાં. તેમાં ૧૧ મા પગથીયા સુધી પહોંચેલો આત્મા પડે અને આથડે તે સીધો નિગોદમાં ઉતરી જાય. મનઃપર્યય જ્ઞાન પામેલો આત્મા પણ તરત મરીને નિગોદમાં પણ જાય. મહાવિદેહ ક્ષેત્રના ૧૬૫૮૩ હાથી પ્રમાણ રૂરનાઈના ઢગલાથી લખી શકાય તેવા પૂર્વોના જ્ઞાનવાળા પણ પ્રમાદ-વશથી પછડાઈને ગબડીને ૧ લે પગથીયે આવીને નિગોદમાં ઉતરી ગયા, અને ઉતરી [illegible] મનુષ્યપણું ટકાવવું બહુજ મુશ્કેલ છે. આવા આત્માઓ પણ નિગોદમાં અલ્પ-પ્રમાદ કરતાં ઉતરી જાય તો વિષય કષાય રાજ્ય રાણીમાં ખુંચી ગયેલાઓની શી સ્થિતિ થશે ? કોટિધ્વજને ઘેર છોકરો અવતર્યો કમાવા ગયો નથી પણ ક્રોડનો માલીક જનમતાંની સાથે થઈ ગયો. ક્રોડની કિંમત નહિં સમજનાર તે મિલ્કતના ફના ફાટીયા કરવા મંડી ગયો, અને દુરૂપયોગ કરવા મંડી ગયો તો શી હાલત થશે ?, તેમ આવો મનુષ્યભવ મળી ગયો અને દુરૂપયોગ કર્યો તો આગલા ભવમાં શી દશા ?; આ બીના દરેકે વિચારવા જેવી છે માટે આ મનુષ્ય-પણું પામીને સફળ કરવા જેવું છે, અને તેનો સદુપયોગ કરવા લાયક છે.

## તરવારની જેમ મનુષ્યપણું તારનાર નથી.

શેઠીયાની તરવાર માફક વગર ઉપયોગે મનુષ્યપણું કાર્ય સિદ્ધ કરનાર નહિંજ બને. એક શેઠ છે અને પાડોશમાં ગરાસીયો રહે છે. ગરાસીયો તલવાર બાંધીને ફરે છે. શેઠે ગરાસીયાને પુછ્યું કે આ શું છે ? અરે એનાથી તો ચોર ધાડપાડુ જોતાંની સાથે ભાગી જાય તેવી છે. હું આવી જબરી છે ?, તો મને આપ. પોલીસને વરસો વરસ બો'ણી તરીકે ઈનામ આપો તેની ફીકર નહિં, પણ જે વરસે ન આપો તે વરસે બુરા હાલ કરે. તેમ અત્યારે જો ગરાસીયો તરવાર ન આપે તો શેઠ પણ તેના બુરા હાલ કરે. ગરાસીયો સમજે છે કે આ વાણીયાને તરવારનો ઉપયોગ કરતાં આવડતો નથી, અને માંગે છે. ના કહીશ તો બીજા જશે. શું કરવું ? રસ્તામાં ચોરો મળશે તો તે તરવારથીજ તેનું માથું ઉડાવી મુકશે, અને જગતમાં હું ભુંડો ગણાઈશ; છતાં આપવા તો દે પછી જોયું જાશે. ઘરમાંથી તરવાર આપી. શેઠ પણ ગરાસીયાની માફક કમ્મરે બાંધી બીજે ગામ જવા નીકળ્યા. પેલો ગરાસીયો મોં ઉપર બોકાણી બાંધીને બીજે રસ્તેથી સામો આવ્યો. શેઠ મનમાં વિચાર કરે છે કે મારા પાસે તરવાર છે ને આ સામો કેમ આવે છે ?, પણ

એને ખબર નહીં હોય કે મારી પાસે તરવાર છે. જો તેને ખબર હોત તો આ તરવારથી જરૂર તે ભાગી જાય. ખરેખર ગરાસીયાના કહેવા મુજબ તરવાર તેનું કામ કરતી જણાતી નથી. હવે શેઠ કમ્મરેથી તરવાર ઉતારીને નીચે મુકીને તરવારને કહે છે કે "તરવાર બા! તરવાર બા! તારા માલીકને ત્યાં જે કાર્ય કરતી હોય તે તુરત કર." તેમ કહેવાથી તરવાર શું કરે? આ સ્થળે કથાનો ઉપનય એ છે કે બધા સિદ્ધોને આ મનુષ્યપણારૂપી તરવારે તાર્યા છે, પણ શેઠીયાની તરવાર માફક આ મનુષ્યપણું તારી ન દે. તરવારનો ઉપયોગ કરે તો બચાવી દે, તેવી રીતે મનુષ્યપણાનો સદુપયોગ કરે તોજ કામ કરે.

## ધર્મરત્નની પ્રાપ્તિ માટેજ મનુષ્ય ભવ.

ધર્મરૂપી રત્ન મેળવી શકાય તોજ મનુષ્યપણાનું ફળ મેળવ્યું ગણાય. ખાવાપીવા વિષયો ભોગવવા માટે મનુષ્યપણું સારૂં માનતા હોતો વિધાતાને ધિક્કારવી જોઇએ. કારણ કે મનુષ્યપણામાં ભોગો બહુજ મોંઘા છે. અહીં ભોગો ભોગવવા એટલે માથું ફોડીએ ત્યારે શીરો ખાવા મળે. તિર્યંચના ભવોમાં વગર મહેનતે ઇંદ્રીયના વિષય-ભોગો મળી જાય. તમારે કન્યા લાવવી હોય તો કેટલી જવાબદારીની મુશ્કેલી? કુતરાને સ્ત્રી ભોગ માટે કઇ જવાબદારી?; તમારે પરણ્યા પછીની ભરણપોષણની જવાબદારી. તીર્યંચને કાંઈ પણ જવાબદારી નથી. મનુષ્ય જીંદગી સુધી સ્ત્રીનું ભરણપોષણ કરવા કાયદાથી પણ બંધાયેલ છે. આ વસ્તુ તમારા પરણેલા છોકરા સમજ્યા છે? તમો કહો છો કે નાના બાળક દીક્ષામાં શું સમજે? પણ તમારા છોકરા લગ્નની જવાબદારી સમજ્યા છે? બાયડી ૧૦૦) રૂપીયા કમાતી હોય તો પણ કાયદાની રૂએ તમારે ભરણપોષણ આપવુંજ પડે. આ સમજણ તમારા છોકરાને તમે પરણાવતી વખતે આપી છે? અહીં સાધુ થનાર નાનો બાળક હશે તે પણ ઘેર સાધુ વહોરવા આવશે તો કહેશે કે છોકરીથી સાધુને ન અડકાય, મહારાજથી ગાડીમાં ન બેસાય; સીનેમા નાટક ન જોવાય. આમ જૈનોના નાના બાળકો પણ સાધુના આચારો સમજે છે. ૭૦ વરસનો મુસલમાન શૌચ નહીં સમજે અને પાંચ વરસનો બ્રાહ્મણ છોકરો શૌચ બરાબર સમજશે. જૈન કુળમાં સાધુપણાની જવાબદારી રહેજે સમજાય છે, પણ લગ્નની જવાબદારી અને જોખમદારી સમજાતી નથી. મનુષ્યપણામાં વિષયો, વિકારો અને ભોગો મોંઘા અને જવાબદારી-જોખમદારીવાળા છે. તીર્યંચોમાં સોંઘા અને જવાબદારી તથા જોખમદારી વગરના છે. મીઠાઇવાળાને ત્યાં મફત રસનાનો વિષય કીડીને મળે છે. ભમરાને રાજ-બગીચાના કમળો સુંઘવાના મફત મળે છે પક્ષીઓને રાણીનું રૂપ જોવું હોય તો રોકટોક વગર જોવા મળે છે. પશુઓને વગર જવાબદારીએ સ્ત્રીનું સુખ મળે છે, તેમજ રાજાને ત્યાં સુંદર ગાયનો પણ સાંભળી શકે છે, અર્થાત્ તેને કોઈ હાંકી કાઢતું નથી. પરંતુ તે જગોપર મનુષ્ય કંદોઇને ત્યાં ખાવા જાય, રાજાના બગીચામાં પુલ સુંઘવા જાય, રાણીનું રૂપ કે સંગીત સાંભળવા જાય તો તરત પહેરેગીર પકડે છે; અને પશુને કોઈ રોકતું નથી. વિષય ભોગો માટે મનુષ્યપણું સારૂં માનતા હોતો વિધાતાને શ્રાપ દેજો કે કર્મે મને મનુષ્ય બનાવ્યોજ કેમ?, મનુષ્ય જીવન તો ધર્મરત્ન મેળવવા માટેજ ઉપયોગી છે.

## ઉત્તમ સાધનથી ઉત્તમોત્તમ મેળવો.

મનુષ્ય-ભવરૂપી ચંદ્રહાસ તલવાર મળી. તેનો— ઘાંસ કાપવારૂપ વિષય કષાય કે આરંભ સમારંભ કરવામાં ઉપયોગ કરે તો મૂર્ખ ગણાય. ઘાંસ કાપવા માટે તો સામાન્ય દાતરડું ઉપયોગમાં લેવાય, પરંતુ ચંદ્રહાસ જેવી કિંમતી તરવારથી ઘાસ કાપનાર મૂર્ખ ગણાય. જો કે ઘાસ કષાય, પણ ઉત્તમ વસ્તુનો ઉપયોગ અધમ [redacted]

દશા ગણાય. તેમ મનુષ્યપણાનો ઉપયોગ મનુષ્યગતિથી સાધ્ય ધર્મરત્ન મેળવવામાં ન કરતાં સર્વ ગતિમાં સાધ્ય એવા ભોગોમાં અને વિષયોમાં કરે એના જેવું બીજું શું શોચનીય હોઇ શકે ?, અર્થાત્ જનવર કરતાં મનુષ્યે વધારે શું કર્યું ?; ઉત્તમોત્તમ ઉત્તમ મનુષ્યપણાથી ધર્મરત્ન મેળવો. માળા કરનાર પક્ષીઓ પોતાનું ઘર-માળો બાંધે છે. રક્ષણ કરે છે. પક્ષીઓ પશુઓ પણ પોતાના બચ્ચાનું ઉછેર-રક્ષણ-પોષણ સ્નેહથી કરે છે. કુતરૂં કે ગાય પોતાના બચ્ચાને જન્મ આપે તે વખતે માલીક પણ જો પાસે જાય તો કુતરૂં કરડવા દોડશે, અને ગાય શીંગડું મારશે. કારણ કે પોતાના બચ્ચાં ઉપર પ્યાર હોવાથી ઘરધણીના માલીકનો પણ તે જનવરને ભરોસો હોતો નથી. સંતાનનું પાલન પોષણ રક્ષણ જનવરો પણ કરે છે, અને તમો પણ કરો છો; તેથી તમો વધી જતા નથી. વસ્તુતઃ તેમાં મનુષ્યભવની સફળતા નથી. પાપરૂપ વિષય કષાયનો ત્યાગ કરી કુટુંબ, સગાં-સ્નેહી પુત્ર, સ્ત્રીનાં રંગ રાગમાં રાચ્યા વગર ધર્મરત્ન પ્રાપ્ત કરી વિવેક પૂર્વક વર્તો તોજ મહા મુશ્કેલીથી મળેલું મનુષ્યત્વ સફળ થાય. કુદરતે મળી ગયેલું મનુષ્યપણું તેનું રક્ષણ કુદરત નહીં કરે. મળેલા ધર્મ-રત્નનું રક્ષણ આત્મ વીર્યજ કરશે. પશુપાળે ચિંતામણિ રત્ન મેળવ્યું પણ ગેરસમજથી પોતાના હાથેજ અમૂલ્ય અલભ્ય તે રત્ન ફેંકી દીધું, તેમ આપણે પણ આપણો આ ઉત્તમ મનુષ્ય જન્મ અણસમજણથી પ્રમાદમાં ગુમાવી નાંખીએ છીએ. તે ન ગુમાવતાં ઉત્તમ સાધનથી ઉત્તમોત્તમ ધર્મ ચિંતામણિ મેળવો.

## મળતાં ક્ષણ, પણ રક્ષણમાં જીવન.

ચક્રવર્તિને ઘેર પ્રથમ પુત્ર જન્મ્યો, પણ તરતજ મરી ગયો. કહો કે તે જીવે શું મેળવ્યું ? પાટવી કુંવર તરીકે તે રાજપુત્રે જેટલું ગુમાવ્યું નથી, તેના કરતાં તો મનુષ્ય થયો અને ધર્મરત્ન ખોયું તો ધર્મરત્ન કમાવનારના ભવોભવ બગડે છે. રાજપુત્રે એક ભવનું રાજ્ય ગુમાવ્યું, અને શ્રાવક કુળમાં આવેલા આત્માએ તો અનેક જન્મો સુધી સુખ આપનાર ધર્મરત્ન ગુમાવ્યું. સામગ્રી સંયોગના સુઅવસરમાં કાર્ય ન સાધી શકીએ તો સામગ્રી વગરના કાળમાં શું સાધી શકવાના હતા ?, શક્તિ સંપૂર્ણ, શસ્ત્રો સંપૂર્ણ, સંયોગ-સાધનો બધું અનુકૂળ હોય તે વખતે કર્મશત્રુને લડાઈ ન આપીએ તો કયે ટાઇમે કર્મશત્રુને જીતી શકીશું ? જ્યાં અનાર્ય-ક્ષેત્ર, પાંચ ઇંદ્રીયની ખામી, આયુષ્ય ટુંકું, રોગી શરીર, ઉત્તમ કુળ નહિં, દેવ ગુરૂનો સમાગમ નહિં, ધર્મ શ્રવણ નહિ, હેય-ઉપાદેય સમજાય નહિં; સાધર્મિક ભાઈઓનો સહવાસ નહિં, એવા વખતે તમો શું સાધી શકવાના છો ? નીસરણી ઉપરથી ઉતરતા એકાદ ટેસ વાગી તો છેક નીચેજ ગબડી પડવાનો અહીં મનુષ્યભવમાં પ્રમાદથી એકાદ ટેસ વાગી તો નરક નિગોદ સુધી ગબડી પડીશ, માટે આત્માએ વિચારી રાખવું કે પછી પત્તો નહીં ખાઈશ. માટે મહાનુભાવો ! જે ધર્મરત્ન પામ્યા છો તેને ગુમાવી ન નાંખો. ધર્મરત્ન મળે મીનીટમાં, પણ રક્ષણ જીંદગી સુધી કરવાનું. સ્ત્રીને દાગીના કે પુત્ર મળે મીનીટમાં પણ પાલન રક્ષણ જીંદગી સુધી કરવાનું છે. ધર્મ રત્ન પામવું મુશ્કેલ તે કરતાં જતન-રક્ષણ કરવું બહુજ મુશ્કેલ છે. ધર્મરત્ન મળ્યા પછી ઘરનું રમકડું ગણી લેવાય છે. પૂજા કરવાની ટેવ પડી જાય પછી પ્રભુ મૂર્તિ તરફ કઇ દ્રષ્ટિ થઇ જાય છે ? એક ગભારામાંથી બીજા ગભારામાં લઈ જાય લઇ આવો તેનો અર્થ શો ? ઢીંગલા ઢીંગલી ફેરવે તેમ લેઇ જાય અને લેઈ આવે. પૂજાની જેમ બીજી ચીજમાં પણ સમજી લેવું. ભણવાની લાગણી થાય પછી ભણેલું ભૂલી કેમ જવાય ? તેમ જયણા-સામાયિક પ્રતિક્રમણ વિગેરે ધર્મ કાર્યોમાં મંદાદર નિરપેક્ષ થવું એટલે ધર્મરત્ન મળ્યા છતાં તે રત્નને ટકાવવું રક્ષણ કરવું બહુ મુશ્કેલ છે.

## અંતિમ-પશ્ચાતાપ.

ભવિતવ્યતા યોગે આ જીવ અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવી બાદરપણું પામ્યો, બે ત્રણ ચાર ઇંદ્રીયવાળો વિકલેન્દ્રીય બન્યો, પાંચ ઇંદ્રીયવાળો થયો, સંજ્ઞી થયો, અને મનુષ્ય થયો; અહીં સુધી તો આ જીવ ભવિતવ્યતા યોગે આવી પહોંચ્યો આટલી વસ્તુ પ્રયત્ન વગર પણ સિદ્ધ થઇ ગઇ. તે વસ્તુઓમાં અત્યારે કંઇ સાધવાનું નથી. ભવાંતરની અપેક્ષાએ ભલે સાધવાનું છે, પણ અહિં આ મનુષ્યભવમાં સિદ્ધ થયેલી છે. મળેલી વસ્તુનો ઉપયોગ કર્યો હોઇ શકે ? તમને ધૂળની પણ કિંમત છે. નાનો છોકરો ચોપડામાં લખવા ઉપર નાખવાની રેતી ફેંકી દે તો તમે ઠપકો આપો છો, કારણ કે રેતી-ધૂળની પણ તમો કીંમત સમજો છો. પણ દુધ ધી ઢોળાઇ જાય તો પણ ઢોળનાર ઉપર ક્રોધ કરો છો, કારણ કે તેમાં ધી, દુધની તમે કીંમત સમજ્યા છો. પરંતુ જીંદગીના વરસો, મહીનાઓ, દિવસો, કલાકોના કલાકો નકામા ગયા, તેની ધૂળ જેટલી પણ કીંમત તમે આંકી નથી. આટલાં વરસોમાં આત્માએ શું મેળવ્યું અને શું ગુમાવ્યું તેનો હિસાબ ઘડીભર પણ તપાસ્યો છે ખરો ? જીંદગીની ધૂળ જેટલી પણ કીંમત ગણી હોત તો જીંદગી સાટે શું મેળવ્યું અગર શું મેળવવા લાયક છે; તેનો વિચાર જરૂર કરત. મનુષ્ય જીંદગીની એક મીનીટની કિંમત દેવતાની જીંદગીના ૨) ક્રોડ પલ્યોપમ બરાબર છે. એક સામાયકમાં દેવતાનું આયુષ્ય ૯૨૫૯૨૫૯૨૫$\frac{૬}{૭}$ પલ્યોપમ બંધાય. તેલ ધી દુધ શા ભાવે લાવું છું શા ભાવે વેચું છું ?, તેમાં લાભ નુકસાનનો વિચાર કરીને લેવાય છે; અને વેચાય છે. આ મનુષ્ય જીંદગીની એક મીનીટની કિંમત શાસ્ત્રકારો જેટલી કહે છે તે પ્રમાણે તેની કિંમત તમો ઉપજાવો છો કે નહિ ? હું દરેક ક્ષણે કેટલું ગુમાવું છું ? તેનો વિચાર કોઈ દીવસ આવે છે ? કમાવાની સીઝનમાં (મોસમમાં) આળસ કરીને બેસી રહે અને મોસમ પુરી થાય એટલે પસ્તાવો કરે, પણ પાછળથી પસ્તાવો કરે તેમાં શું વળે ? એમ આખી જીંદગી વેડફી નાંખે અને આખર વખતે પસ્તાવો કરે કે આખી જીંદગી સુધી પેટ ખાતર એક શેર અનાજ માટે અનેક જુઠા પ્રપંચો કર્યા, એટલુંજ નહિં પણ ઘણાં પાપ કર્મો કરી આ આત્માને ભારી કર્યો. અહીં આ કમાયેલું પડી રહેશે, આમાંથી મારા સાથે કંઇ પણ નહીં આવે, ફોગટ મેં મારી જીંદગી ગુમારી; ધર્મરત્ન મેળવવાને બદલે પાપરૂપી પથરાઓ માથું ફોડે તેવા મેળવ્યા. હવે આવતા ભવમાં મારૂં શું થશે ? નરક તિર્યંચ ગતિમાં પરાધીનતા આદિનું દુઃખ દીર્ઘકાળ સુધી ભોગવતાં પણ મારો છુટકારો નહિં થાય. ખરેખર ? મનુષ્યભવ મેં એળે ગુમાવ્યો. આવા મનમાં ને મનમાં પશ્ચાતાપના વિચારો કરે પણ હવે થાય શું ? અર્થાત્ પારકી પંચાતમાં જીવન વેડફાઈ ગયું હવે પશ્ચાતાપ કરે વળે શું ?

## પ્રકની પુનીત પ્રેરણા.

આ જીવ આખા જગતની ભાંજગડ કરે છે, પણ પોતે પોતાની ભાંજગડ કરતો નથી. આંખમાં એક મોટો દુર્ગુણ આખા જગતને આંખ દેખે પણ પોતાની અંદર રહેલા કણને આંખ દેખતી નથી. પોતાની આંખ લાલ થઇ હોય તો પોતે દેખી ન શકે, પણ પારકાની દેખી શકે; તેમ આત્મા પોતાનામાં રહેલા અવગુણોને પોતે જોઇ શકતો નથી. એ કયારે જોઈ શકે ? જો ધર્મરત્ન આવ્યું હોય તો પોતાનામાં રહેલી ખામી જરૂર સમજી શકે. આવું ધર્મરત્ન મળ્યા છતાં સાચવવું ટકવું બહુ મુશ્કેલ છે. મનુષ્યો પૈસાવાળા થાય ત્યારે આપત્તિના ઢગલા પણ સાથેજ ખડા થાય છે. ચોરો દરિદ્રના મકાન તરફ નજર કરતાં નથી, પરંતુ ધનવાનોના ઘર તરફ નજર કરે છે. જુગારીઓ પણ માલદારને ફસાવે છે. માલદાર થયો એટલે ચોર લુંટારા રાજા વ્યસનીઓની નજર તે તરફ ફરે, તેમ ધર્મરત્ન આપણા પાસે

આવ્યું ત્યારે પાપ-સ્થાનકો, કષાયો, અંતરાયોની નજર ધર્મિ તરફ ફરે. તે વખતે પાપો અને કષાયોથી દૂર રહેવું ભારે પડે છે. એટલાજ માટે જણાવ્યું છે કે પ્રાપ્ત થયેલા ધર્મ રત્નનું રક્ષણ અતિ મુશ્કેલ છે. પશુપાળ પાસે ચિન્તામણિ રત્ન અને તેનો વિધિ પણ આવી ગયો હતો. વિધિના સમગ્ર સાધન લાવી શકે તેમ હતું, પણ ગેર સમજણથી રત્ન ફેંકી દીધું. તેમ આપણો જીવ પણ ધર્મ રત્ન પામ્યા પછી પ્રેરક ગુરૂ પણ મળ્યા હોય, વિધિ કર્યા ન કર્યાનો લાભ તોટો સમજાવનાર સદ્‌ગુરૂ પણ હોય, તો પણ મોહાધિન બનેલો આત્મા પ્રેરકનો પુનીત સાચો ઉપદેશ લક્ષ્યમાં લેતો નથી; માટે પ્રેરકની પુનીત પ્રેરણા સફળ કરો.

## કથાનું અંતિમ.

જ્યારે જયદેવ શાસ્ત્રમાંથી ચિંતામણિ રત્નનાં લક્ષણ અને તેના ગુણો ફાયદા જાણે છે, ત્યારે બીજા રત્નોને પત્થર સમાન માને છે. એવીજ રીતે વિવેકી આત્માએ શાસ્ત્રમાંથી જેઓ આત્માદિક અતીન્દ્રીય પદાર્થો કેવળજ્ઞાન, કેવળ દર્શન, વીતરાગતા, અનંતુ સુખ, મોક્ષનું સુખ જાણે છે, તેઓ જન્મમરણ વૃદ્ધાવસ્થા આધિવ્યાધિ ઉપાધિ ઈષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ રૂપ દુઃખ જ્યાં લગીરપણ નથી, તેવું શાશ્વતું ધામ આ ધર્મ રત્ન દ્વારા મેળવી શકાય છે એ સમજે છે. એટલે જગતના પૌદ્‌ગલિક સુખને દુઃખરૂપ માને છે, અને માત્ર મોક્ષ સુખજ મેળવવાનો દૃઢ નિશ્ચય કરે છે. પોતાના નગરમાં એ રત્ન ન મળ્યું તો પરદેશમાં અનેક પહાડો પર્વતો જળ સ્થળ માર્ગો ખાણોમાં ફર્યો પણ કંટાળ્યો નહિં તેમ આ જીવ પણ દેવલોકાદિકમાં ગયો ત્યાં ધર્મ રત્ન ન મળ્યું તો મનુષ્ય ગતિરૂપ ધર્મરત્નની ખાણ તરફ જ્ઞાની ગુરૂના સમાગમ અને ગુરૂના ઉપદેશથી પહોંચ્યો. ત્યાં ઘણી શોધ કરી છેવટે રત્ન નજરે પડયું ત્યારે અપૂર્વ આનંદમાં આવી ગયો. તેવી રીતે જ્યારે સમ્યકત્વ રૂપી રત્નની પ્રાપ્તિ આ જીવને થાય છે, ત્યારે કોઈ વખત ન અનુભવેલ એવો અપૂર્વ આનંદ આ આત્માને પણ થાય છે. આ રત્ન પામ્યા બાદ સંસારના સુખો સ્ત્રી પુત્રપરિવાર તરફ મમતા ભાવ ઓછો થતો જાય છે, અને સિદ્ધિ વધૂ ઉપર મમતા વધતી જાય છે. આ રત્ન મળ્યા બાદ ઉત્તરોત્તર આત્મિક રિદ્ધિ સંપત્તિ આબાદી વધતી જાય છે યાવત્ જયદેવની કિર્તિ જેમ પરદેશ સુધી ફેલાઈ હતી, તેમ ધર્મરત્ન પ્રાપ્ત કર્યા પછી પણ આત્માની કીર્તિ અમર લોક સુધી ફેલાઇ જાય છે. હંમેશ માટે સંસારમાં સુખનું ભોજન જેમ જયદેવ બન્યો તેમ અનંતકાળ સુધી આ આત્મા આ ધર્મ રત્નના પ્રતાપે સુખનું સર્વદા ભોજન બનશે. આ દૃષ્ટાંતની દરેક વાકયમાંથી આત્મિક-પદાર્થો સાથે સમન્વય કરી જે આત્માઓ હંસદૃષ્ટિ રાખી ખીરનીર જુદું કરી આત્મા અને પુદ્ગલનો પૃથગ્ ભાવ સમજશે અને બંનેને છુટા પાડવા કટીબદ્ધ થશે તેઓ શાશ્વતા સુખના ભોગી બનશે.

## શ્રાવક શબ્દનો અક્ષરાર્થઃ

જેવી રીતે B. B. C I. Ry. અક્ષરો વાંચીને બોમ્બે-બરોડા-સેન્ટ્રલ ઈન્ડીયા રેલ્વે ઈંગ્લીશ ભાષાનો જાણકાર નક્કી કરે છે. તેવી રીતે શ્રા-વ-ક આ શબ્દનો ત્રણ અક્ષરનો પરમાર્થ નીચે મુજબનું છે.

પદાર્થ ચિન્તવનથી શ્રદ્ધાને જે પકાવે છે તે **શ્રા**-સુપાત્રોને વિષે ધન-ધાન્યાદિકનું વપન કરે છે તે **વ**-સુસાધુઓની સેવનાથી પાપ કર્મોને કાપે છે તે **ક**-

श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् !
किरत्यपुण्यानि सुसाधुसेवनादद्यापि तं श्रावकमाहुरुज्ञसा ॥१॥

शाश्वत-सुख शान्तिदायक-श्रीसिद्धचक्रेभ्यो नमो नमः ।
सकल-समीहितपूरक-श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयतेतमाम् ॥

# श्रीपञ्चाशकशास्त्र-सारांशः

આલેખનકારઃ—પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગીતાર્થસાર્વભૌમ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના
પરમ-વિદ્વાન્-વિનેય-પન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરગણીન્દ્રઃ

[નોંધઃ—ચાલુ વર્ષના અંકથી પાંચ અંક સુધી શ્રી વિંશતિ વિંશિકા સારાંશ સમાપ્ત થયેલ છે. તે વિંશિકા-સ્થિત-પદ્યોનું પૂર્વાપર-પર્યાલોચન કરીને પુનીત-પિયૂષ પીરસવાનો પ્રબંધ કરેલો હતો. છતાં વિવેકિ વાંચકોની નવીન ગ્રંથના નવ-નવીન નિર્મળ ઝરણામાં ઝીલવાની અતિ ઉત્કંઠાને સંતોષવા શ્રી પંચાશક-ગ્રન્થ સ્થિત નવીન નવનીતરૂપ-નજરાણું નયન સન્મુખ ધરાય છે. તન્ત્રી ]

## પ્રકરણ-પ્રણેતા.

આસન્નોપકારિ-અંતિમ-તીર્થાધિપતિ શ્રી-મહાવીર મહારાજાના ત્રિકાળાબાધિત-અવિચ્છિન્ન પ્રભાવમય-શાસનની પ્રભાવના કરનાર, યાકિની મહત્તરા-ધર્મ-પુત્ર, ભવવિરહભવ્ય-પદ વિભૂષિત, ભવ-વિરહ ફલ પ્રાપ્તિના અદ્વિતીય-ઉમેદવાર, સુગૃહીત નામધેય, ચૌદશો ચુમ્માલીશ ગહન-ગ્રન્થોના રચયિતા, અનેકવિધ[1] શક્તિરૂપ અમૂલ્ય ગુણ રત્ન-રત્નાકર, શાસ્ત્રાવતાર; સૂરિપુરંદર-શ્રીહરિભદ્રસૂરીશ્વરજીનું નામ વિશ્વ-વિદ્વજ્જન-વિશ્વમાં અતિ વિખ્યાત છે. અર્થાત્ જૈન-જૈનેતર જગતમાં પણ અતિ પ્રસિદ્ધપણે સર્વમાન્ય છે. અદ્યાપિ પર્યંત શાસન-માન્ય-ચતુર્વિધ-શ્રી સંઘ તેઓશ્રીનું પુનિત નામ પોતાના નામની જેમ સ્મરણ કરે છે. શ્રી પંચાશક-શાસ્ત્ર અથવા પંચાશક સૂત્ર પ્રણેતા તેઓશ્રી છે, તેથી તેઓશ્રીનું નામ પ્રકરણ સ્થિત સારભૂત સારાંશને સમજવા પહેલાં વાંચકે અગર વિચારકે પ્રથમતયા સ્મૃતિ-પટ પર આલેખન કરવું આવશ્યક છે. આથી શ્રીપંચાશક-શાસ્ત્રના પ્રણેતા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી છે, એટલુંજ નહિં પણ તે સંબંધમાં વિવાદને લેશભર સ્થાનજ નથી.

## પ્રાતઃસ્મરણીય-પ્રણેતા.

જૈન શાસનમાન્ય સાહિત્ય સૃષ્ટિમાં સાહિત્ય-સર્જનકારો અનેક વિધ હોવા છતાં આ પ્રસંગે ગ્રન્થકારને યાદ કરવાની જરૂર શી ?, સમાધાનમાં સમજવું જોઇએ કે જે ગ્રન્થનો સારાંશ સમજવા તૈયાર થયા છીએ તે ગ્રન્થકારને અવશ્યમેવ યાદ કરવા જોઇએ અને ઓળખી લેવા પણ જોઇએ, આ ગ્રન્થકારે પંચાશક ગ્રન્થના ઓગણીશ અધિકાર રૂપ (૧૯) પંચાશકોજ રચ્યા છે, એમ નથી, પરંતુ તેઓશ્રી ચૌદશો ચુમ્માલીશ પ્રકરણ=સૂત્ર=શાસ્ત્ર આદિના રચયિતા છે.

જગદ્વન્દ્ય-જિનેશ્વર ભગવંત-પ્રણીત જૈન સાહિત્ય સાગરમાં છુટા છવાયેલાં વિષયોને એકજ સ્થળે સંગૃહિત કરીને વિષય વાંચનના ઉત્સુકોને સમર્પણ કરવાનો સબળોયે યશઃ આ

---

૧. સર્વજ્ઞસાર્જંત-સાહિત્ય-સૃષ્ટિમાં છુટાં છવાયાં સારભૂત-પદાર્થોને એકજ સ્થળે સંગ્રહ કરવારૂપ સંગ્રહણ-કરણ શકિત, સંગૃહીત-વિષય-પ્રતિપાદન-શકિત, સિદ્ધાન્ત સમન્વય શકિત, અનુભવ-અમૃત-સિંચન શકિત, પૂર્વાપર અનુસ્યૂત સંબંધ સંરક્ષણ શકિત ઇત્યાદિ.

સૂરિપુરંદર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને ફાળે જાય છે.

સંગૃહિત વિષયને સંક્ષેપથી અગર વિસ્તારથી પ્રતિપાદન કરવું, જૈન દર્શન માન્ય અનેકાનેક સિદ્ધાન્તોનો સમન્વય કરવો, પૂર્વાપરના અનુસ્યૂત સંબંધોના સંરક્ષણ કરવાં, પ્રકરણોનો પ્રારંભ કરીને પુર્ણાહુતિ અવસરે વાંચકને અંતિમ સાધ્ય સિદ્ધિનો માર્ગ સૂચવી દેવો, અને અનેક પ્રસંગે બુદ્ધિના વૈભવો અને સાથે સાથે શાસન પ્રભાવનાદિ કાર્યોનું દિગ્દર્શન કરાવી દેવું એ આ ગ્રન્થકારની ગુંથણીની ગહનતા છે. માટેજ સર્વે ગ્રન્થકારોમાં આ ગ્રન્થકાર સ્મૃતિ પટ પર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ પ્રણેતા તરીકે અંકિત કરવા એ વાંચકનું અવશ્ય કર્તવ્ય છે.

## પ્રકરણ સ્થિત-મુખ્ય વિભાગો.

ગ્રન્થના પ્રણેતાની પિછાન કરવાની અને કરાવવાની નિતિ રિતિમાં લેખક વાંચકને મત-ભેદ હોતો નથી, એ હિસાબે ગ્રન્થ-પ્રણેતાને પિછાણ્યા. પ્રાતઃસ્મરણીય પ્રણેતાની કૃતિઓ અનેક વિધ છે. અનેક વિધ પૈકી કેટલાએક ગ્રન્થો મુદ્રિત થયા છે, અને કેટલાએક ગ્રન્થો શ્રવણ અગોચર છે, પછી દર્શન તો કયાંથી હોય ?; અર્થાત્ દર્શન ગોચર નથી અને મુદ્રિત પણ નથી.

ભયંકર ભવાટવીનો પાર પામવા માટે આ ગ્રન્થ માર્ગદર્શક છે. આ ગ્રન્થ ગહન વિષયોથી ગુંથાયેલો છે, માટેજ વિદ્વાન-વાંચકોને વાંચન-મનન-પરિશીલ કરીને અભ્યાસરૂપે જીવનને વધુ પગભર બનાવવા માટે ગ્રન્થ-સ્થિત વિષય-પ્રસંગો જીવનમાં વણી નાંખવાં જેવાં છે.

પ્રકરણ પ્રણેતાની પિછાણ થયા પછી ગ્રન્થ રચનાની રસિકતા, રચયિતાના સમયની નિયમિતતા, રચના સમય સંબંધિ ઐતિહાસિક પ્રસંગોની જળવાયેલી પવિત્રતા, શાસ્ત્રમાન્ય સિદ્ધાન્તોની સુબદ્ધતા, પ્રકરણ-વિષય-અધિકા-કારોની સુમેળતા, પૂર્વાપર સંબંધોની સુરક્ષણતા, વિષયોની છણવટ પ્રસંગે સચવાયેલી વિવેકિતા, બુદ્ધિ વૈભવની વિશાળતા, અને શાસ્ત્ર રચનાને અનુસરતું જે જે જોઇએ તે તે પરિપૂર્ણ હશે એ સંભવિતતાને લેશભર સમજાવવી પડતી નથી. કારણ કે ગ્રન્થકારનું નામ શ્રવણ થતાં ઉપરના પ્રસંગો વાંચન-મનન-પરિશિલનમાં હૃદયાબ્ધિરૂપ સમુદ્રની ભરતીની જેમ ઉભરાયાં કરે છે.

પ્રકરણ પ્રણેતાની પિછાણની જેમ પ્રકરણમાં મુખ્યતયા શ્રાવક ધર્મનું યથાસ્થિત નિરૂપણ અને સાધુ ધર્મનું યથારિથત નિરૂપણ છે. એ જાણવું જરૂરીનું છે. આ બે વિભાગોને અનુ-સરીને ૧૯ પંચાશકોની પ્રણેતાએ પારમાર્થિક-દ્રષ્ટિએ રચના કરી છે.

## પ્રકરણ-સૂત્ર-શાસ્ત્ર-શબ્દોની સુસંગતતા.

આ ગ્રન્થને સૂત્ર-શાસ્ત્ર અગર પ્રકરણની પુનીત સંજ્ઞાથી વાંચકો પિછાણે છે. સૂત્ર-શાસ્ત્ર અને પ્રકરણ એ સામાન્ય નામ છે, પરંતુ પંચાશક શબ્દથી વિશેષ નામ સૂચિત થાય છે. હવેથી આપણે સારાંશ સમજવાના અવસરે આ ગ્રન્થને પંચાશક સૂત્ર, પંચાશક શાસ્ત્ર અગર તો પંચાશક પ્રકરણના નામથી ઓળખશું. કારણ કે પંચાશક પ્રકરણના વૃત્તિકાર-ભગવાન્ શ્રીઅભયદેવસૂરીશ્વરજી સ્વ-વિરચિત વૃત્તિમાં સ્થળે સ્થળે આ ગ્રન્થને આ ગ્રન્થના અધિકારોને પ્રકરણના પુનિત નામથી આલેખન કરે છે.

અનેકવિધ ભાવો, અનેકવિધ પ્રસંગો, અને અનેકાનેક અર્થોના ભંડારરૂપ સુંદર સૂત્ર રચનાઓનું રસ ભરી રીતિનું અનુપમ અનુસરણ કરતાં ન હોય એમ પ્રકરણ પ્રણેતા પ્રકરણના સ્થાને આ ગ્રન્થને અનેકાનેક અર્થાધિરૂપે રચે છે; તેથી સૂત્ર કહેવામાં પણ વાંધો આવતો નથી.

અનંતકાળથી પરિભ્રમણ કરનારા ભવ્યાત્માઓને સર્વજ્ઞ-કથિત શ્રાવક ધર્મની પ્રાપ્તિ, ટકાવ, વૃદ્ધિ, આનુષંગિક ફળ, પ્રાસંગિક ફળ, પરંપર ફળ, આપત્તિકાળે ધર્મ સંરક્ષણાદિ માટેની હિત શિક્ષા આદેશ-ઉપદેશ-આજ્ઞા, સલાહ સૂચના અને માર્ગદર્શન યુકિત પ્રયુક્તિઓનું પ્રદાન કરે છે; તેથી આ ગ્રન્થને શાસ્ત્ર શબ્દથી સંબોધિત કરવું તે પણ યુકિતયુકત સુસંગત છે.

પ્રકરણ સંજ્ઞાથી સંજ્ઞિત થયેલ ગ્રન્થની અલ્પ કિંમત આંકનારાઓને આગ્રહ પૂર્વક ભલામણ છે કે આ ગ્રન્થની ગહનતા, મૌલિકતા અને અપૂર્વતાના યશોગાન જેટલાંએ ગાઇએ તેટલાં ઓછાં છે, કારણ કે અભ્યાસિયોને અભ્યાસ કાળે આ ગ્રન્થની ગહનતાદિનો સાક્ષાત્કાર જરૂર થાય છે. આ ઉપરથી સામાન્ય વિશેષ સંજ્ઞાથી સંજ્ઞિત થયેલ શ્રી પંચાશક પ્રકરણને, અને પ્રકરણના સારભૂત સારાંશને સૂત્ર અને શાસ્ત્રની જેમ આદર બહુમાનની નજરે નિહાળવું જોઇએ; અને નિહાળનારાઓને નિર્મળ લાભની પરંપરાઓ પ્રાપ્ત થાય છે. પ્રકરણ-સૂત્ર-શાસ્ત્ર શબ્દો આ પંચાશક ગ્રન્થ સાથે યુકિત-યુકત રીતિએ સુસંગત છે, તે વિચારવાથી માલમ પડે છે.

## સાન્વર્થ-પંચાશક-નામ.

આ ગ્રન્થ પ્રાકૃત ભાષામાં પદ્યબન્ધ રચનામાં રચયિતાએ રચેલો છે. દરેક શ્લોકો આર્ય-છિન્દમાં છન્દની નિતિ રિતિએ ગુંથેલા છે. વિંશિકા ગ્રન્થ વીશ, અધિકારોથી અને દરેક અધિકાર વીશ શ્લોકથી ગુમ્ફિત થયેલો છે. ષોડશક ગ્રન્થ સોળ અધિકારોથી અને દરેક અધિકારો સોળ શ્લોકથી ગુમ્ફિત થયેલ છે; તેવી રીતે શું પંચાશક ગ્રન્થ ગુંથણી છે?, વિંશિકા અને ષોડશકની જેમ શું પંચાશકના પચાશ અધિકારો છે?, અને દરેક અધિકારો શું પચાસ શ્લોકથી પરિપૂર્ણ છે?; આ બધા પ્રશ્નોના સમાધાનમાં સમજવાનું એ છે કે મુખ્યતાએ પચાસ શ્લોકથી એક એક અધિકાર વર્ણવેલો છે. એથી આ ગ્રન્થનું શ્રી પંચાશક નામ સાન્વર્થરીતિએ સાર્થક છે; અને ઓગણીશ અધિકારરૂપ ઓગણીશ પંચાશકો છે.

વિંશિકા અને ષોડશકમાં અધિકારો અને શ્લોકોની સંખ્યા એક સરખી છે, તેવી રીતે પંચાશક-પ્રકરણમાં અધિકારો અને શ્લોકોની સંખ્યા એક સરખી નથી. અધિકારોનું પ્રમાણ અને અધિકાર સ્થિત શ્લોક-પ્રમાણ પંચાશક પ્રકરણ ગ્રન્થ પ્રમાણમાં વિચારીએ.

## પંચાશક-ગ્રન્થ-પ્રમાણ.

આ પંચાશક-પ્રકરણ-ગ્રન્થમાં ૧૯ પ્રકરણો અર્થાત ઓગણીશ અધિકારો છે.

સ્વયં સેવક દીક્ષા અધિકાર બીજાના શ્લોકો ૪૪ છે, સ્થિતાદિ કલ્પ અધિકાર સત્તરમાના શ્લોક ૫૨ છે, અને તપ-ઉપધાનરૂપ ઓગણીશમા અધિકારના શ્લોક ૪૪ છે,

તે સિવાયના સોળ અધિકારરૂપ પંચાશકોના પચાસ પચાસ શ્લોકોની ગણના કરતાં ૮૦૦ આઠસો શ્લોકો થાય છે,

પંચા૦ ૧ થી ૧૬=કુલ સોળ×૫૦=૮૦૦

„ ૨-૧૭ ૧૯=કુલ ત્રણ=૪૪-૫૨-૪૪=૧૪૦

———————

કુલ-શ્લોક ૯૪૦) થાય છે.

આ ઉપરથી ઓગણીસ પંચાશકના પચાસ શ્લોકની સરેરાશે કુળ સરવાળો ગણીએ તો ૯૫૦=નવસોને પચાસ શ્લોક થવા જોઈએ, પરંતુ બીજા પંચાશકમાં છ, અને ઓગણીસમાં પંચાશકમાં છ શ્લોકો એટલે કુલ બાર શ્લોક ઓછા છે; જ્યારે સત્તરમાં પંચાશકમાં બે શ્લોક વધારે છે. એટલે બે પંચાશકમાં કુલ બાર શ્લોકોનો ઘટાડો છે, અને એક પંચાશકમાં કુલ બે શ્લોકોનો વધારો છે; એટલે એકંદર દશ શ્લોકનો ઘટાડો હોવાથી કુલ ૯૪૦) શ્લોકનું પ્રમાણ પૂર્વે સમજી ગયા તે યથાર્થ છે. ઓછાવત્તા શ્લોક પ્રમાણ હોવા છતાં ૧૯ અધિકારો ઓગણીશ પંચાશકના નામથી પંચાશક-શાસ્ત્ર નામે સુપ્રસિદ્ધ છે.

## પંચાશકોના ક્રમશઃ નામ.

પ્રથમ શ્રાવક ધર્મ પંચાશક, બીજું જિન દીક્ષા (સ્વયંસેવક દીક્ષા) પંચાશક, ત્રીજું વંદન વિધાન પંચાશક, ચોથું પૂજાવિધાન પંચાશક, પાંચમું પ્રત્યાખ્યાન—વિધિ—પંચાશક, છઠું, સ્તવવિધિ પંચાશક, સાતમું જિન-ભવનકરણ-વિધિ-પંચાશક, આઠમું પ્રતિષ્ઠાવિધિ-પંચાશક, નવમું યાત્રાવિધિ-પંચાશક, દશમું શ્રમણોપાસક-પ્રતિમા-પંચાશક, અગીઆરમું સાધુધર્મ પંચાશક, બારમું સામાચારી પંચાશક, તેરમું પિંડ-વિધાન પંચાશક, ચૌદમું શીલાંગ-વિધાન પંચાશક, પંદરમું આલોચના-વિધાન પંચાશક, સોળમું પ્રાયશ્ચિત્ત પંચાશક, સત્તરમું સ્થિતાદિકલ્પ પંચાશક, અઢારમું ભિક્ષુપ્રતિમા પંચાશક; અને ઓગણીશમું તપ ઉપધાન પંચાશક છે.

ઉપરના ઓગણીશે પંચાશકો પોત પોતાના અર્થસૂચક-પુનીત નામ પ્રમાણે અધિકારોને ધ્વનિત કરવાપૂર્વક આગળની નીતિ-રિતિએ પરિસ્ફુટપણે પ્રતિપાદન કરે છે. એટલું જ નહિં પણ શ્રાવક ધર્મનો ક્રમસર અભ્યાસ શ્રાવક=પરમાર્હતપણામાં ઉત્તીર્ણ થઇ સાધુધર્મને પ્રાપ્ત કરી ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા પામી શકે તેવો કલ્યાણકારિ-ક્રમ છે.

## પ્રથમ પંચાશક-પ્રારંભની સહેતુકતા.

હવે પંચાશકોના અધિકારોનો આરંભ કેવી રીતે થાય છે?, સંકલનામાં શી વિશિષ્ટતા છે? એક અધિકાર સાથે બીજા અધિકારોનો અનુસ્યૂત સંબંધ શો છે?, વીશ-વિંશિકા-ષોડશક-અષ્ટક આદિ ગ્રંથ પ્રતિપાદિત અધિકારોનું સામ્યપણું કઈ અપેક્ષાએ છે?, અને તુલનાત્મકપણે કેવી કેવી વિશિષ્ટતાઓ છે?; તે બધું વિચારવાથી આ ગ્રંથની અપૂર્વતા, મૌલિકતા, અને સર્વમાન્ય-સિદ્ધાંત-પ્રતિપાદિતા હૃદયમંદિરમાં સચોટપણે દૃઢીભૂત થાય છે. અને તેથીજ ક્રમશઃ પ્રશ્નને વિસ્તારથી વિચારીએ.

પ્રથમ પંચાશકમાં શ્રાવક ધર્મનું નિરૂપણ છે, જ્યારે વીશ વિંશિકા-ગ્રન્થની નવમી વિંશિકામાં શ્રાવક ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે. શ્રાવક ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કરવા પહેલાં અનાદિપણાનો અબાધ્ય સિદ્ધાન્ત, અનાદિકાળની અંધાધુંધીમાં કુલનિતિ ધર્મનું સેવન,

ભવ-બાલ્યકાલમાં ભવ્યાત્માનું ભવ ભ્રમણ, ભવ સ્થિતિના પરિપાકપૂર્વક ધર્મયૌવન અવસ્થા સન્મુખ કરનાર ચરમાવર્ત પુદ્ગલ પરાવર્ત, ધર્મના બીજ-અંકુર-કિસલય-પત્ર-પુષ્પાદિનો અનુક્રમ, સમ્યક્ત્વનું સ્વરૂપ, દાતા-દેય-દાન ધર્મનું સ્વરૂપ, અને ઉત્કૃષ્ટ પૂજાનું સ્વરૂપ આદિ ભાવોને જણાવ્યા નહિં અને શ્રાવકધર્મનું સ્વરૂપ કથન કરવાનો આરંભ કેમ કર્યો? આ પ્રશ્નના સમાધાનમાં સંભવિત-સમાધાન નીચે મુજબ છે.

વિંશતિ વિંશિકામાં ઉપરના સઘળા ભાવો પ્રતિપાદન કર્યા છે તેથી આ ગ્રન્થમાં ફરી પુનરાવર્તન ન થાય તે પણ એક સંભવિત સમાધાન છે. ૧.

અનાદિ અનંતકાળથી પરિભ્રમણ કરનાર આત્માનો ધર્મ-યૌવનકાળ સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વક શ્રાવક ધર્મથી શરૂ થાય છે. તેથીજ સમ્યક્ત્વ સહિત શ્રાવક-ધર્મની પ્રરૂપણાને અવલંબીને આ ગ્રન્થનો આરંભ કર્યો છે, એ બીજું સમાધાન છે. ૨.

ધર્મ-યૌવનકાળ પૂર્વે જે કાળ ગયો તેને ભવ બાલ્યકાળ ગણેલો છે, અને તેથી તે તે કાળમાં ધૂલિની રમત જેમ જીવન જીવેલ જીવનો સઘળોયે કાળ નિરર્થક બલ્કે અનર્થક ગયો છે, એ સૂચન કરવાની જરૂર નથી; એવું વિચારીને સમ્યક્ત્વ પૂર્વેની બીનાઓ પ્રતિપાદન ન કરી એ પણ સમાધાન છે. કારણ કે સમ્યક્ત્વ-પ્રાપ્તિ-પૂર્વકના શ્રાવક-ધર્મનું સેવન કરનારાઓનો મોક્ષકાળ નિયમિત થયો છે. સંભવિત સમાધાન રૂપ આ કારણથી સમ્યક્ત્વના સૂચન પૂર્વક શ્રાવક ધર્મના સ્વરૂપને ગ્રન્થના પ્રારંભમાં પ્રતિપાદન કરે છે.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શાસન સંસ્થાપકો તીર્થંકર ભગવંતો બે પ્રકારના ધર્મનું પ્રતિપાદન કરે છે, ૧. આગાર ધર્મ, અને ૨. અણગાર ધર્મ; અર્થાત્ ૧. શ્રાવક ધર્મ અને બીજો સાધુ ધર્મ. આ સમાધાનને લક્ષ્યમાં રાખીને પ્રથમ શ્રાવક ધર્મ સ્વરૂપથી આ ગ્રન્થનો પ્રારંભ કરતાં હોય એમ પણ સંભવી શકે છે.

ઉપર જણાવેલાં અને બુદ્ધિ પ્રદેશમાં નવ-નવીન આવતાં શાસ્ત્ર-સંગત સુંદર-સમાધાનો અનેક વિધ હોઈ શકે એ બનવા જોગ છે. એટલુંજ નહિં પણ શાસન માન્ય-શાસ્ત્ર પારંગત સદ્ગુરૂઓના સમાગમમાં સંભવિત સમાધાનો સમજવાની જરૂર છે, કે જે સમજતાં સદ્ભાવમાં શ્રદ્ધાની નિર્મળતા અને દ્રઢતા અવિચળ બની રહે છે. આથીજ પ્રથમ તથા શ્રાવક ધર્મનું સ્વરૂપ પ્રથમ પંચાશકમાં પ્રતિપાદન કરેલ છે. પંચાશકનો પ્રારંભ સહેતુક છે એ સમજવું યુકિત યુકત છે.

## પ્રણેતાનો નિર્ણય.

પંચાશક-પ્રકરણ-પ્રણેતા-પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે, એ પ્રસંગનો નિર્ણય કરવો શી રીતે?, આ સમાધાનને વિસ્તારથી વિંશતિ વિંશિકાના સારાંશમાં "[1] પ્રકરણ-પ્રણેતાનો પુનીત-સમય-નિર્ણય' નામના પ્રકરણમાં સુસંગત યુક્તિપૂર્વક આલેખન કરેલું છે તે વાંચકોએ વિચારી લેવું.

આ પ્રસંગે સ્થાન શૂન્ય નિવારણાર્થે યત્કિંચિક લખવું જરૂરીનું છે એમ સમજીને અત્ર લખાય છે. વાંચક તે પ્રકરણ વાંચે અને પ્રક-

૧ સિદ્ધચક્ર માસિક વર્ષ ૧૩, અંક ૧ લો પૃ. ૧૨.

રણ પ્રણેતાના સમયનો નિર્ણય કરે તે કરતાં થોડા શબ્દમાં તે પ્રસંગ સમજાવી દેવો જરૂરી છે એમ ધારીને અત્ર તે પ્રસંગ અંગુલિ નિર્દેશરૂપે આલેખન કરાય છે.

ગ્રન્થકારે ગ્રન્થના પ્રારંભમાં કે ગ્રન્થની પરિસમાપ્તિમાં પોતાના ગુરૂવર્યનો, પોતાની વંશ પરંપરાનો, અને પોતાના નામનો ઉલ્લેખ કર્યોજ નથી. એટલુંજ નહિં પણ ગ્રન્થ રચનાનો સમય સ્પષ્ટ શબ્દમાં કે સાંકેતિક શબ્દોમાં કર્યો નથી, અને ગ્રન્થ રચનાનો પ્રારંભ કયા સ્થળે કર્યો અગર પૂર્ણાહુતી કયા સ્થળે કરી તે પણ જણાવ્યો નથી.

પ્રકરણ-પ્રણેતા પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદની સમગ્ર પૂનિત કૃતિઓમાં રચના સ્થળ, રચના સંમય, સમાપ્તિ સમય અને રચયિતાનું નામ નિર્દેશરૂપે આવતુંજ નથી. પરંતુ દરેક કૃતિના રચયિતા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી હતા તે ભવવિરહ આદિ સાંકેતિક પદ માત્રથી પોતાનો નિર્ણયાત્મક-નિર્દેશ નિયમિત કરે છે.

આજના લેખકો અગર ગ્રન્થકારો પોતાના નામ નહિં જણાવતાં પસંદ કરેલા ઉપનામથી પોતાપણું સંબોધે છે, તેવીજ રીતિએ પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વર્ત્યા એમ કહેવું અસ્થાને નથી. પરંતુ ઉપનામની પસંદગીમાં આજના લેખકો, ગ્રન્થ રચયિતાઓ અને કવિવરો માટે શબ્દાદર્શ-શબ્દ રત્નમહોદધિ-શબ્દ ચિન્તામણિ-અભિધાન ચિન્તામણિ-અમરકોષ-વિશ્વકોષ અને અનેકવિધ સાન્વર્થ નામ સંપન્ન કોષો શરણભૂત છે. છતાં ઉપનામ શબ્દની પસંદગી કરવાના અવસરે તે નામની યથાર્થતા જીવનમાં છે કે નહિ ?, અગર જીવન સાથે ઉપનામ શબ્દનો સીધો કે આડકતરો સંબંધ છે કે નહિ ?; આ વિચારવાની દરેકે દરેક લેખકાદિને જરૂર છે.

આ પંચાશકના પ્રણેતાએ આ ગ્રન્થમાં અગર સ્વરચિત સમગ્ર કૃતિઓમાં પોતાનું ઉપનામ પૂર્ણ પસંદગી પૂર્વક સ્વીકૃત કરેલું છે, અને તે અર્થ સૂચક-આશીર્વાદ બોધક-સ્વ-પર લાભદાયક અને પરંપરાએ શાશ્વત આનન્દદાયક છે, એ બીના વિશ્વ-વિદ્વાન્-વિશ્વમાં સૂર્ય ચન્દ્રની જેમ અતિ સુપ્રસિદ્ધ છે. એટલુંજ નહિં પણ ઉપનામની પસંદગી કરવામાં તેઓશ્રીનું નામ સર્વ ગ્રન્થકારોમાં સર્વ શ્રેષ્ઠપણે પ્રથમ આવે છે.

અધિકારની સમાપ્તિમાં, વિષયની સમાપ્તિમાં અગર ગ્રન્થ પરિસમાપ્તિમાં ઉપનામ તરીકે પસંદ કરેલું પદ ભવવિરહ આદિ છે. ભવવિરહ-ફલ, ભવવિરહ વરં, ભવવિરહ સિદ્ધિફલાઃ, ભવવિરહત્થં બોહિં, ભવવિરહ બીયભૂઓ×××× ચરિત પરિણામો, અને ભવવિરાગાઓ ઇત્યાદિ પદો ભવવિરહ ફલના અદ્વિતીય ઉમેદવાર ગ્રન્થ-પ્રણેતાનું પુનીતપણું સૂચન કરે છે.

આ ઉપનામરૂપ ઉત્કૃષ્ટપદથી ગ્રન્થ રચયિતા જન્મ-મરણની પરંપરારૂપ ભવ=સંસારનો સર્વથા વિરહ ઇચ્છે છે, અને વાંચકના પણ સંસારનો સર્વથા વિરહ ઇચ્છે છે; અર્થાત્ વાંચકને પણ સંસારનો સર્વથા વિરહ થાય એવા આશીર્વાદ સમર્પે છે. એટલુંજ નહિં પણ આ આશીર્વાદથી પ્રકરણ પ્રણેતા આરાધનાના અજબ રંગથી રંગાઇને આરાધ્યપદમાં પ્રવેશવાની અને સાથે સાથે વાંચકને પણ આરાધ્યપદમાં પ્રવેશ કરાવવાની સર્વોત્તમ સંપૂર્ણ અભિલાષાથી હાર્દિક ભાવે આ આશીર્વાદને અતિ ઉત્સુકપણે ગ્રન્થ

આલેખનમાં આલેખે છે. તે વાંચકને વાંચન-મનન-પરિશીલન અવસરે પ્રતીતિ થાય તેમાં શંકાને સ્થાનજ નથી. આ સિવાય પ્રણેતાના નિર્ણયનું કોઈપણ સાધન તેઓની કૃતિમાં નજરે પડતું જ નથી.

## ભવવિરહની ભવ્યતા.

આ ગ્રન્થમાં આવતાં ઓગણીસ પંચાશકો પૈકી પ્રથમથી દશ પંચાશક સુધી શ્રાવક ધર્મનું વિસ્તૃત સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે. અને અગીઆરથી ઓગણીશ સુધીના નવ પંચાશકો દ્વારા સાધુ જીવન-ચર્યા સ્પષ્ટ કરે છે.

આ ગ્રન્થના ઓગણીશ અધિકાર રૂપ ઓગણીશ પંચાશકોની પરિસમાપ્તિમાં ભવ વિરહ-વિરહ-કુગ્રહવિરહ ઇત્યાદિ પદોદ્વારા અર્થ સૂચિત ઐકયતા પ્રતિપાદન કરીને ગ્રન્થકાર પોતાનું નામ જણાવે છે, અને તેનો નિર્ણય નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયસૂરીશ્વરજીનો નિર્ણય કેવો સાક્ષીરૂપ છે તે વિચારીએ.

ભવવિરહ પદના પરમાર્થને જાણવાથી ગ્રન્થકારનો ઉચ્ચતમ આશય અને વાંચકને તે આશય દ્વારા નવપલ્લવિત કરવાનો દૃઢ નિશ્ચય દૃઢીભૂત બને તે હેતુથી તે તે અધિકાર સ્થિત તે તે ભવવિરહાદિ પદોની પુનીત વિચારણા વિચારીએ—

૧. શ્રાવક પંચાશક શ્લોક-૫૦-પૃ-૬૩ ××× ××××× । भवविरहबीयभूओ जायइ चारित्तपरिणामो ॥ ૫૦ ॥

વૃત્તિઃ—संसारविरह-बीजभूतो जायते चारित्रपरिणामः—सर्वविरति-परिणतिः, एवं हि देशविरतिमभ्यस्यत उपायप्रवृत्तेरवश्यं भवविरहबीजभूतश्चारित्र परिणामः, तत्रान्यत्र वा भवेदिति हृदयम् । इह च विरह इति सिताम्बर श्री हरिभद्राचार्यस्य कृतेरङ्क इति गाथार्थः ॥૫૦॥

ભાવાર્થઃ—આ પંચાશકમાં પ્રદર્શિત-અનુષ્ઠાનોનું નિરંતર સેવન કરનારો શ્રાવક સંસારનો જે વિયોગ, અને તે વિયોગના બીજભૂત સર્વવિરતિ રૂપ જે ચારિત્ર પરિણામ તેને પ્રાપ્ત કરે છે. દેશવિરતિ ધર્મની પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસથી સંસારના વિરહ-બીજભૂત ચારિત્રનો પરિણામ આ ભવે અગર અનંતર ભવે થાય એ ઉત્તર પદનો પરમાર્થ છે. અને ભવવિરહ પદથી ગ્રન્થ પ્રણેતાનું પ્રણેતાપણું નિશ્ચીત થાય છે.

૨. જિન-દીક્ષા પંચાશક—શ્લો૦ ૪૪ પૃ. ૮૮. ગ્રન્થકાર જણાવે છે. ×××× कुग्गहविरहं लहुं कुणइ ॥૪૪॥

વૃત્તિઃ—कुग्गविरहम्—असदभिनिवेशविश्लेषवियोगं लघु—शीघ्रं करोति-विद्यते । इह विरहशब्देन हरिभद्राचार्यकृत्वं प्रकरणस्यावेदितं, विरहाङ्कत्वात्तस्येत्येवं सर्वत्र ॥ इति उत्तरपदार्थः । ૪૪॥

ભાવાર્થઃ—સકૃદ્-બન્ધકને અને અપુનર્બન્ધકને ગ્રન્થિભેદ થયો ન હોય ત્યાંસુધી અસદભિનિવેષનો સંભવ હોઇ શકે છે. અર્થાત્ જે કોઈ ભવ્યાત્મા=જીવ વિશેષ યથા-પ્રવૃત્તિકરણ કરીને રાગદ્વેષની નિબિડ-દુર્ભેદ્ય ગ્રન્થિપ્રદેશ સુધી આવેલો હોય, પરંતુ તે ગ્રન્થિને ભેદ્યો નથી એવો એકવાર સીત્તેર કોટા કોટિ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધશે અને ભેદશે. આ જીવને સકૃદ્બન્ધક કહેવાય છે. અને જે કોઈ ભવ્યાત્મા જીવ વિશેષ યથા-પ્રવૃત્તિ કરણ કરીને સીત્તેર કોટાકોટિની સ્થિતિને

અપાવતો ગ્રન્થિ પ્રદેશ સુધી આવેલો છે. પરંતુ તે ગ્રન્થિને ભેદી નથી તે જીવને અપુનર્બંધક કહેવાય છે. ઉપરના સકૃદ્બન્ધક અપુનર્બંધકને ગ્રન્થિ ભેદ થયો નથી તેથી કુગ્રહઃ=અસદભિનિવેશ=મિથ્યા આગ્રહ થવાનો સંભવ છે. આવા કુગ્રહનો વિયોગ વિશેષે શીઘ્ર કરે છે. અર્થાત્ આવાં ઉપર જણાવેલા બન્ને પ્રકારના જીવોને ભાવ સમ્યક્ત્વનો અભાવ હોવાથી તે જીવોને દ્રવ્ય સમ્યક્ત્વનોજ આરોપ કરાય છે, છતાં આ જિન દીક્ષા-સ્વયં સેવક દીક્ષાના ભાવથી ભાવિત થયેલો આત્મા કુગ્રહનો વિયોગ શીઘ્ર કરે છે. સ્વયંસેવકની દીક્ષામાં શાસન પ્રત્યે સર્વસ્વ સમર્પણ ભાવથી ભાવિત થવાનું મુખ્યપણે હોય છે.

૩. વન્દન-વિધિ પંચાશક-શ્લો. ૫૦, પૃ. ૧૧૬; ગ્રન્થકાર જણાવે છે કે—×××। ××× कुग्गह विरहेण धीरेहिं ॥ ૫૦ ॥

વૃત્તિઃ—कुग्रहविरहेण—अशास्त्रीयाभिनिवेशत्यागेन, धीरैः—सत्त्वाधिकैरविवेकि-लोकापवादादविभ्यद्भिर्बुद्धिमद्भिर्वेति ॥

**ભાવાર્થ**:—જેવી રીતે બાલ-ગ્લાન-વૃદ્ધને ઉચિતકાલે ઉચિત પ્રમાણોપેત પથ્ય ઔષધ દીધું હોય તો ગુણકર થાય છે, અન્યથા દોષકર થાય છે; તેવી રીતે પ્રસ્તુત વંદના-અવસરે પણ ઉપરનું દૃષ્ટાંત વિચારવું. અર્થાત્ પ્રસ્તુત વંદના અવસરે સત્ત્વશાલિ-બુદ્ધિમાનોએ અશાસ્ત્રીય-અભિનિવેશનો ત્યાગ કરીને વંદનાદિનું સેવન કરવુંજ જોઇએ.

આ ઉપરથી ગ્રન્થકાર કુગ્રહ=અસદભિનિવેશના ત્યાગથી=વિરહથી અર્થાત્ અનુક્રમે સંસારનો વિરહ=ભવવિરહ થાય છે. અને વિરહ પદથી આ પંચાશકનું કર્તૃત્વ નિશ્ચીત થાય છે.

૫. પ્રત્યાખ્યાન પંચાશક-શ્લો. ૫૦, પૃ. ૧૮૦; ગ્રન્થકાર જણાવે છે—××××। सफलं सव्वत्थ इदं भवविरहं इच्छमाणस्स ॥ ૫૦ ॥

વૃત્તિઃ—सफलं=फलवत्, सर्वत्र=सर्वेषु विद्यमानाविद्यमानेष्वर्थेषु इदं प्रत्याख्यानं, कस्येत्याह=भवविरहं—संसार वियोगं इच्छतः—अभिलषतः, तदन्यस्य हि प्रत्याख्यान प्रतिपत्तेः, प्रत्तिपत्तावपि सांसारिक-फल-साधकत्वात् परमार्थतस्तनिष्फलमेव ॥ इति उत्तरपदार्थः ॥૫૦॥

ભાવાર્થ:—સંસાર વિયોગના સદભિલાષિઓને વિદ્યમાન-અવિદ્યમાન-પદાર્થ વિષયક આ પ્રત્યાખ્યાન ફલદાયક છે. પરંતુ સંસાર વિયોગની ઇચ્છા વગરના જીવોએ સ્વીકારેલું પચ્ચખાણ સંસાર સંબંધિ ફલને સાધવાવાળું હોવાથી પરમાર્થથી નિષ્ફળ છે.

આ પંચાશકની પરિસમાપ્તિમાં ગ્રન્થકારે ભવવિરહ-પદથી પ્રણેતાપણું અને પ્રત્યાખ્યાન પ્રવૃત્તિ રસિકજનોને હૃદય મંદિરમાં હિત શિક્ષારૂપ ભવવિરહની ભવ્ય ઇચ્છા=અભિલાષાને અનુસરતા તરંગોજ ઉછળતાં હોવાં જોઇએ એ જણાવી દીધું. સાથે સાથે ગ્રન્થકાર ગ્રન્થ ગુન્થન કાળે પણ ભવવિરહ=સંસાર-વિયોગ અર્થાત્ કેવળ મોક્ષાભિલાષના અતિ ઉત્તમ રંગથી રંગાઈ ગયા હતા. અને વાંચકને પણ તે રંગથી રંગી નાંખવાના મહાન મનોરથવાળા હતા તે તેઓની પદ્ય રચનાથી જાણી શકાય છે.

(અપૂર્ણ)

# પ્રમાણિક કરૂણ કથા.

લે:—ચન્દ્રપ્રભસાગર ( ચિત્રભાનુ )

મધુરતાની માદક ભૂરકી છાંટીને, સામા માણસને વિશ્વાસ અને સંતોષની મૂર્છામાં પોઢાડી દેનાર, બુદ્ધિધનો કરતાં–આ મનુષ્ય કેટલો શ્રેષ્ઠ હતો, તેનો ખ્યાલ તો હવે મને આવે છે.....

(૧)

કલકત્તાની રોશની પણ હમણાંજ ઝગમગ ઝગમગ ચમકી રહી છે, ટાઢ પણ ઠીક ઠીક વાય છે, સાંજનો સમય હોવાથી માણસોની અવરજવર પણ હમણાં જુજ જણાય છે, એવામાં લગભગ અઢારેક વર્ષનો ઉમ્મરનો એક છોકરો કેરીની ટોપલી લઇ, આમ તેમ જોતો પોતાના ઘર ભણી ધીમે ડગલાં ભરી રહ્યો છે. એનાં અર્ધજીર્ણ વસ્ત્રોમાંથી કંગાલિયત ડોકિયાં કરી રહી છે; તોય એના મુખ પરની નિર્દોષ સૌમ્યતા એક સજ્જનને છાજે તેવી તો છેજ.....સામેની ફૂટપાથ પર મને પસાર થતો જોઈ, એ છોકરો મારી નજીક આવ્યો અને કહેવા લાગ્યોઃ—"શેઠ ! કેરીઓ ઘણીજ મીઠી છે લેશો ?"

મેં કહ્યું:—'મારે નથી જોઈતી."

"અરે, શેઠ ! ઘણીજ સસ્તી છે. સાંજનો સમય છે, મારે પણ ઘેર જવું છે. એટલે લો ફકત બાર આને ડઝન. કેમ લેશો ?"

આટલું બોલી એણે ઉંડો નિઃસાસો મૂકયો....

મેં કહ્યું:—"ભાઇ ! જવા દેને માથા ફોડ ! મારે કેરીઓ નથી જોઇતી." આ શબ્દો સાંભળી, એ ગળગળો બની ગયો. એની આંખમાંથી બે આંસુ ટપટપ સરી પડયાં !.....

ઓચિંતા આંસુ જોઇ, મને સખેદ આશ્ચર્ય થયું. આથી મેં પુછયું:— 'ભાઇ ! મેં તને કાંઇ ગાળ દીધી નથી, છતાં કેમ તું આમ ગળગળો બની ગયો છે ?"

અશ્રુ લૂંછી એણે ઉત્તર આપ્યોઃ—"શેઠ ! મારા કર્મને રડું છું. શું કહું મારી કરૂણ કથા ? મારી મા આઠ દિવસથી સખત માંદી છે. તાવ ખૂબ આવે છે. એના માટે દવા લાવવા તો શું પણ દૂધ લાવવા પૂરતા પણ મારી પાસે આજે પૈસા નથી ! બે દિવસથી મેં અને મારી નાની બહેને આ કેરીઓ સિવાય કાંઇ ખાધું નથી. રોજ ફેરી કરૂં છું. ચાર આઠ આનાનો માલ વેચાય, તેનું દૂધ મારી મા માટે લઇ જાઉં છું; પણ આજે તો એક પૈસાનો પણ માલ વેચાયો નથી. આજે મારી મા માટે દૂધ કયાંથી લઇ જાઉં. આ વિચારથી હું દુઃખી બન્યો છું !".....

આ કરૂણ કથા સાંભળી, મારા હૈયામાં છૂરીના ઘા જેવો કારમો અઘાત થયો ! **સમાજમાં આવા અર્ધભૂખ્યા અને અન્ન-વિહોણા કેટલા માનવો જીવન વિતાવે છે ! અને બીજી બાજુ, પાપારંભથી મેળવેલ લક્ષ્મીથી પુનીત ગણાતા શેઠ-શેઠો કેટલા મોજશોખમાં નકામા પૈસા**

વેડફી રહ્યા છે ? આ વિચાર મારી નજર આગળ એકવાર ફરી વળ્યો !.....

મેં કહ્યું—"જો ભાઈ ! હું પરદેશી છું. મારે કેરીઓ જોઇતી નથી. તારે જોઇતા હોય તો પૈસા આપું. આ લઈજા."

જરા ધીરજથી એણે ઉત્તર આપ્યો. "શેઠ ! માફ કરજો. હું ગરીબ છું, પણ ભિખારી નથી ! મારે માલના પૈસા જોઇએ, હરામના નહિ !"

દુઃખમાં પણ આવી અનોખી ધીરજ ધરનાર, આવો વિરલ યુવક મેં જીંદગીમાં પહેલ વહેલો જોયો, એમ કહું તો ચાલે !

મને થયું કે આમ તો આ પૈસા નહિ લે, પણ જો આની બધી કેરીઓ લઈશ તો આને પૈસા અપાશે.

મેં પુછયું:—"તારી ટોપલીમાં કેરીઓ કેટલા રૂપીયાની છે ?"

મારો સવાલ સાંભળી જરા હર્ષથી જવાબ આપ્યો. "ચાર રૂપીયાની." "ઠીક ચાલ મારી સાથે મારા મુકામ પર બધી કેરીઓ નાંખી દે." એમ કહી, મારા મુકામ પર એને લઇ ગયો અને મેં બધી કેરીઓ લઇ લીધી.

ચાર રૂપીયા આપવા માટે પાકીટ તપાસ્યું પણ; છૂટા રૂપીયા ન હોવાથી, પરચૂરણ લાવવા માટે મેં દશની નોટ એને આપી.

ટોપલી મારા ઓરડામાંજ મૂકી, "હમણાં આવું છું" કહી નોટ વટાવવા ઉપડો ગયો.

ઢાઢર ઉતર્યો ત્યાંસુધી હું એની પાછળ જોઇ રહ્યો. થોડી રાહ જોઇ પણ તે નજ આવ્યો ! ગયો તે ગયો ! જ્યારે મોડે સુધી ન આવ્યો, ત્યારે મને લાગ્યું કે આતો ઠગ મળ્યો. મને બનાવી ગયો.....

(૨)

એ વાતને આજે ત્રીજો દહાડો છે. કપડાં બદલાવી બ્હાર ફરવા જવાની તૈયારી કરી રહ્યો છું. તેવામાં એક નોકરે "બોય" આવી જણાવ્યું. "શેઠ ! આપને કોઇ નાની છોકરી મળવા માંગે છે."

આ સાંભળી હું વિચારમાં પડી ગયો—આ અજાણ્યા દેશમાં મને વળી મળવા કોણ આવ્યું હશે ? એમાં વળી નાની છોકરી. એ વળી કોણ છે ?

એટલે મેં કહ્યું:—"ઉપર આવવા દે."

થોડીવારમાં નોકર છોકરીને ઉપર લઇ આવ્યો. ધારીને જોતાં જણાયું કે, આ છોકરી પેલા કેરીઆની બેન જેવી જણાતી હતી.

ફાટયાં તૂટયાં લૂગડાં, વિખરેલાં વાળ, અન્ત અશ્રુવાળી-એ છોકરી બોલીઃ—"દક્ષિણી શેઠ તમેજ કે ? લો આ છ રૂપીયા. મારા ભાઇ પાસેથી કેરીઓ આપે વેચાતી લીધી હતી ને ? એ હવે આવી શકે તેમ નથી. એ તો પહોંચી ગયો પ્રભુને ધામ !"

આ હૃદયદ્રાવક વિચિત્ર બનાવ સાંભળી મારૂં હૃદય કમ્પી ઉઠયું. વિકલ્પ તરંગોથી હૈયું ભરાઇ ગયું ! જરા આશ્વાસન આપી મેં છોકરીને પુછયું "બેન ! રડ મા. તારા ભાઇને શું થયું અને શાથી મરી ગયો, તે જરા મહેરબાની કરી જણાવીશ ?"

આંસુ લૂછીને એણે ધીમેથી કહ્યું:—"પરચૂરણ લઇ, આપને આપવા આવતો હતો. રસ્તામાં

મોટર સાથે અથડાઇ પડયો. અને માથું ફૂટી ગયું !

તેજ મોટરમાં નાંખી મારા ભાઇને હોસ્પીટલમાં લઇ ગયા અને મને ને મારી બાને, આ વાતની ખબર આપી. અમે તુરત જઇને જોયું તો, ભાઇને ઘણુંજ વાગ્યું હોવાથી, માથે તેમજ હાથે મોટા પાટા બાંધેલા હતા. અમારા આવી ગયાના સમાચારથી, એણે આંખ ઉઘાડી અમને જોયા, જોતાંજ એની આંખો આંસુથી છલાછલ થઇ ગઈ ! ધીરેથી એણે કહ્યું:— "મા ! તું માંદી છે ને અહિં શા માટે આવી ? ના, ના સારૂં થયું તું આવી ગઇ. ફરી આપણે ક્યાં મળવાના છીએ ?".....

માથા પર હાથ ફેરવતાં બાએ કહ્યું:— બેટા ! આમ ગાંડપણ શું કરે છે ? જરા શાન્તિ રાખ. બધા સારા વાનાં થશે !"

વચ્ચેજ ભાઇ બોલી ઉઠયો:—"મા ! હવે શાન્તિ કેવી ? શાન્તિ તો પ્રભુના ધામમાં મળશે ! હું હવે ઘણું જીવનાર નથી. મા ! તારી પાસે ક્ષમા માંગું છું. જીવનમાં મારી કાંઇ ભૂલ થઇ હોય તો માફ કરજે ! તારા સદાચાર અને સદ્‌વિચારની સુવાસ લઇને આ તૂફાની દુનિયાથી જાઉં છું કે ફરી મળે તો તારા જેવી અલબ્ય પણ સંસ્કારી માતા મળજો ! મા ! મને શોક કે ચિન્તા કાંઈ નથી. ચિન્તા માત્ર એટલી છે કે, મારી બ્હેન તો થોડા દહાડામાં સાસરે જશે. પછી તારી સેવા કોણ કરશે ?" આટલું બોલી મારો ભાઇ રડી પડયો.....આમ બોલતી, તે છોકરી પણ રડી પડી !..... ....

આ બાળા જેમ જેમ આ વેધક કરૂણ કથની કહેતી ગઇ, તેમ તેમ હમારા હૃદય પણ દ્રવિત થતાં ગયાં.

આંસુ લૂંછી, બાળાએ આગળ ચલાવ્યું:— "મારી માએ કહ્યું; બેટા ! આમ ઘબરૂ ન થા. મારી ચિન્તા ન કર. હમણાં તો તારી ચિન્તા કરવાની છે."....આંસુ લૂછીને મારા ભાઇએ કહ્યું:—"મા ! મારૂં એક કામ છે તે તું ભૂલી ન જતી હોં ! પરમ દિવસે કેરી વેચવા ગયો, પણ સાંજ સુધી કેરીઓ વેચાણી નહિ, ત્યારે એક ભલા શેઠે, મારી બધી કેરીઓ ખરીદી લીધી, અને મને દશની નોટ, પરચૂરણ લાવવા માટે આપી. હું છુટા લઇને આવતો હતો, તેવામાં, મોટર સાથે અથડાવાથી માથું ફુટી ગયું; આથી બાકીના છ રૂપીયા આપવાના રહી ગયા છે, તે તું બરવે હોટલમાં દક્ષિણી શેઠને પહોંચાડી દેજે હોં !

જો તું નહિ પહોંચાડે તો હું ભવાન્તરમાં દેણદાર રહી જઇશ અને શેઠ સમજશે કે ઠગ મળ્યો. અને મારૂં વચન જશે. માટે યાદ રાખી પહોંચાડી દેજે હોં ! અને કહેજે કે જીમ્મરે રામરામ કહ્યા છે. મા ! મા ! હવે હું વધારે જીવનાર નથી. બેન ! માને તું બરાબર સાચવજે હોં ! લો હવે હું જાઉં છું. આટલું બોલી એણે આંખો સદાને માટે મીંચી

દીકરી. મારા વ્હાલેા ભાઇલેા મરી ગયેા ! શેઠ ! મરી ગયેા.....આમ બેાલતી એ બાળા એકદમ રડી પડી... .....

આ વિબુદ્ધ યુવાન ફેરયાની જીવનના અંત સુધી પણ પ્રમાણિકતાની અવિહડ પ્રીતિ જોઇ-મારા નજર આગળ એની કારૂણ્યમય નિર્દોષ પ્રતિકૃતિ પ્રતિબિમ્બિત થઈ ગઇ.....

મધુરતાની માદક ભૂરકી છાંટીને, સામા માનવને વિશ્વાસ અને સંતેાષની મૂર્ચ્છામાં


## સાહિત્ય-રસિકેા માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનેા સાક્ષાત્કાર કરાવતેા, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબેાધિનીથી બેાપતેા સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનેા પ્રથમ—ભાગ બહાર પડયેા છે, તે "**શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**" કિંમત રૂા. ૩૨) ત્રીસથી મંગાવી લેવેા.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરેા જમનાદાસ મેાનજી.
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કેાટન એક્સચેંજ, કાલબાદેવી રેાડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગેાડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપેાળ-અમદાવાદ.


પેાઢાડી દેનાર, બુદ્ધિધનેા કરતાં આ અબુદ્ધ કેટલેા શ્રેષ્ઠ હતેા, તેનેા ખ્યાલ તેા હવે મને આવવા લાગ્યેા.... .. ....

ખરેખર, મીઠા જળનેા સ્વાદ કરાવી, એ ઝરણું સદા માટે સૂકાઈ ગયું ! સૌરભની એક સુંદર લહેરી આપી, એ પુષ્પ સદા માટે ચીમળાઇ ગયું ! પ્રકાશના કિરણ ફેંકી, એ દીપક સદા માટે બૂઝાઈ ગયેા ! આવા અનેક દૃશ્યેા મારી નજર આગળ થેાડીવારમાં તરવા લાગ્યા.

આ વાત સાંભળવા માટે હેાટલના ઘણા ગૃહસ્થેા ત્યાં ભેગા થઇને શાન્તિથી સાંભળતા હતા. તેમને ઉદ્દેશીને મેં કહ્યું. 'ભાઇઓ આવા એક પ્રમાણિક ગરીબના કુટુમ્બને, આપણે કાંઇક મદદ કરવી જોઇએ, એ આપણી ફર્જ છે !" આ સાંભળી બધા ખૂશ થયા અને થેાડીવારમાં ત્રણસેા રૂપીયાની ટીપ થઇ ગઇ.

આ નાની રકમ, એ બાળાના હાથમાં આપતાં મેં કહ્યું. "બેન ! તારા પ્રમાણિક બાન્ધવની યાદગીરીમાં, આ નાચીજ રકમ લઈ અમને આભારી કર. તારી સંસ્કારી માતાને અમારા પણ પ્રણામ કહેજે !"

આ આશ્ચર્યજનક કરૂણ કથાને આજે વર્ષોના વાણાં વાઇ ગયા, પણ આજે એ કરૂણ દ્રશ્ય નજર આગળ નૃત્ય કરે છે ! કયું હૈયું ભૂલે આવું કરૂણ દ્રશ્ય ?

# 卐 શ્રી વર્દ્ધમાન–તપો મહાત્મ્ય. 卐

**નોંધ:**—આ 'શ્રીવર્દ્ધમાન–તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. લેખકઃ-**પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીવર.** **તંત્રી.**

[ લેખાંક ૧૦ મો ]

દેવ–ગુરુ–ધર્મને કિંમતી કહેનારા અને સમજનારાને કાંટો વાગે, ઠોકર વાગે અને અંધારામાં માથું અફલાય છે ત્યારે બા અને બાપ મોઢાંમાં આવીને ઉભા રહે છે, પરંતુ અરિહંતાદિ આવતાં નથી. ભલે બાને મરી ગયે બાવીશ વર્ષ થયાં હોય અને બાપને મરી ગયાને બેંતાલીશ વર્ષ પૂરાં થયાં હોય તો પણ કહેવું પડશે કે કહેવાતા ધર્મીને દેવ-ગુરુ–ધર્મની શ્રદ્ધા નામ માત્રની છે અર્થાત્ બોલવા માત્રની છે; પ્રતિતિ નથી. મરી થયેલી માતા અને બાપની હૈયાતી નથી અને તેઓ જીવતાં હોય તો પોતાનો બચાવ વેદનાના અવસરમાં કરી શકતા નથી તો તે વેદનામાં રિબાતા પુત્ર પુત્રીનું દુઃખ દૂર કરે છે? કે કરશે?; હરગીજ નહિં. તો પછી આ સંભારણા કેમ? કહેવું પડશે કે મોહમૂર્ચ્છિતને સાચી વાત સમજાતી નથી.

હવે શ્રીપાલનો પ્રસંગ વિચારો. દરિયામાં ધવળ શ્રીપાળને મત્સ્ય દેખાડે છે. શ્રીપાળ મત્સ્ય દેખવા જાય છે, દોર તૂટે છે અને દરિયામાં પડે છે. પરણેલી બે સ્ત્રીઓ, અઢીસેં વહાણો, રિદ્ધિ સિદ્ધિથી ભરપૂર છે, ઉજ્જૈનમાં માતુશ્રી અને મયણા છે; છતાં કોઇને યાદ કર્યા વગર અને જીવવાની અંશમાત્ર અભિલાષા રાખ્યા વગર પડતની સાથે શ્રી નવપદ મોઢાંમાં આવી ઉભો રહે છે. કહેવું પડશે કે શ્રદ્ધા સાથે પ્રતિતિનો પુરો સંસ્કાર જામી ગયો છે. આ શ્રી નવપદ વગર તારનાર કોઈ નથી! જગતમાં ઉત્તમોત્તમ તે શ્રી નવપદ છે!! શરણ કરવા લાયક શ્રી નવપદ છે!!! સકળ મંગળ-શિરોમણિ શ્રી નવપદ છે!!! આવી પ્રતીતપૂર્વકની માન્યતા વગર દરિયામાં પડતાં મુખમાં શ્રી નવપદ આવેજ નહિ. તે નવપદના પ્રભાવે મગરમત્સ્ય તેને ગીલે છે. દરિયામાં મત્સ્ય જમીનના મુસાફરની જેમ મુસાફરી પુરી કરાવી કોંકણ કાંઠે ઉતારે છે. થાકયો શ્રીપાળ ચંપાના ઝાડ નીચે સૂએ છે. સવારમાં મહોત્સવપૂર્વક રાજકન્યા પરણે છે. નવપદના આરાધકોએ શ્રીપાળની શ્રદ્ધા અને પ્રતીતિનું પુરેપુરું પુનિત અનુકરણ કરવુંજ જોઈએ. અનુપમેય શ્રી નવપદની પ્રતિતિ શ્રીપાળમાં છે. બચાવનાર આ સિવાય કોઈ નથી; જગતના વિનાશી પદાર્થો અનર્થકારી સમજાય ત્યારે આ રંગ હૃદયમાં વ્યાપે છે.

પાઈ અને પૈસામાં ત્રણ ગુણો ફરક, પૈસામાં અને આનામાં ચાર ગુણો ફરક, આના અને અધેલીમાં આઠ ગુણો ફરક, અધેલી અને રૂપીયામાં બમણો ફરક, રૂપીઆ અને ગીનીમાં પચાસ ગુણો ફરક, હીરા–પન્ના–માણેક–મોતી અને ચિન્તામણિ રત્નના ફરક સમજવા સહેલા અને સરલ, આ બધી નાશવંત સામગ્રીઓની કિંમત સમજવી સહેલી અને સરળ છે તે કરતાં સર્વજ્ઞકથિત ધર્મકરણીના આંશિક વિભાગની કિંમત સમજવી ઘણીજ મુશ્કેલ છે.

ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામકુંભ, સુરકુમ, ચિત્રાવેલ અને દક્ષિણાવર્ત શંખની કિંમત સમજનારાઓએ સર્વજ્ઞકથિત ધર્મની કિંમત પાસે ઉપરના બધા પદાર્થોને કુડી કોડીની કિંમતના સમજવા પડશે. સમજીને બેસી રહેવાનું નહિં પણ તેજ સમજણપૂર્વકનું વર્તન કરવું પડશે. ત્યારેજ શ્રદ્ધાના પગથીએથી આગલ વધીને પ્રતિતિના પારમાર્થિક પગથીઆ ઉપર ટકનારાઓને પ્રતિતિના શબ્દ માત્રથી નહિં ચાલે પણ તેવું વર્તન વર્તવું પડશે. બોલેલા શબ્દની પ્રતીતિ પુરતો પુરાવો આ નાનકડા કથાનકમાં છે. નહિં તો કૃષ્ણ વાસુદેવની પુત્રી જેવી દશા થશે. કૃષ્ણ વાસુદેવને પ્રભાતમાં પુત્રીઓ નમન કરવા આવે છે. શ્રી કૃષ્ણ પ્રશ્ન પૂછે છે.

રાણી બનવું છે કે દાસી ? પ્રશ્ન પુછનાર પ્રશ્નનો ઉત્તર સમજે છે; જવાબ આપનાર પુત્રી પ્રશ્નનો ઉત્તર દેવાનો સમજે છે, પરન્તુ ઉત્તર દીધા પછી રાણી બનાવવાનો અમલ કેવો વિચિત્ર છે તે પુત્રી સમજતી નથી. આવી રીતે પ્રશ્ન પુછાતાં ગયાં અને પુત્રીઓ જવાબ દેતી ગઈ. જવાબ દેવાની સાથે શ્રી કૃષ્ણે ભગવન્ત નેમનાથ પાસે દીક્ષા અપાવી સાધ્વીઓ બનાવી. આ સ્થલે આજના વિષય-વિલાસીયોને શંકા થશે કે શ્રી કૃષ્ણ આવો ફૂટ પ્રશ્ન કરીને જુલ્મ કેમ ગુજારે છે? સમાધાનમાં સમજવું કે બાલ્યકાલમાં પોતાના હિતાહિતને પુત્રો નથી સમજતી તે શ્રી કૃષ્ણ સમજે છે. બીજી રીતિએ કહીએ તો ત્રણ ખંડમાં બધા રાજા-રાણા અને મહારાણા મને સલામ ભરનાર છે જેથી જ્યાં પરણાવું ત્યાં દાસી બને, માટે આ એકજ સ્થાન એવું છે કે તે સ્વીકારે તોજ મારા માથાની શિરતાજ બને. એવું સ્થલ કયું ? ભગવાન્ નેમનાથજી. આથી જવાબ દેનારી પુત્રીઓને વંદન કરવા યોગ્ય સાધ્વીઓ બનાવીને પ્રશ્નના ઉત્તરને સાર્થક રીતિએ અમલ કર્યો. શ્રી કૃષ્ણ વિષયવિકારના-વિલાસના પુરેપુરા રસિક છે, છતાં પુત્ર-પુત્રીના હિતને સારી રીતે સમજતા હતા. આ રીતિએ કૃષ્ણની જેમ પિતાપણું સફલ કરનારા આજે હોય તો જૈન શાસનની અપૂર્વ જાહોજલાલી થાય. આજ તો પરાયાં છોકરા અને છોકરીઓ દીક્ષિત થાય તો સારૂં થયું કહેવાતું નથી, કારણ કે કાગડાને મોઢે રામ હોયજ નહિં તેવી રીતે દુર્ભવી આત્માઓને દીક્ષાની, દીક્ષા લેનારની, દીક્ષા દેનારની અને દેવરાવનારની અનુમોદના આવતી નથી. હવે ચાલુ પ્રસંગમાં આવીએ. પ્રશ્નના ઉત્તર દેનારી પુત્રીઓમાં એક પુત્રીને તેની માતુશ્રીએ શીખવ્યું કે-બેટા, તારા પિતા 'રાણી બનવાનું' અને દાસી બનવાનું' પૂછે તો જવાબમાં દાસી બનવાનું બોલજે. પુત્રી પુછે છે કે માતાજી ચાકરડી બનવા કરતાં રાણીપણામાં મોજ છે. છતાં માતા તું આમ કેમ કહે છે? માતા મૂળથી બધી પુત્રીઓના બનેલા બનાવને સંભળાવે છે. રાણીપણામાં સાધ્વીપણું મળવાનું છે. "રોતીને પિયરીયાં મળે" તેવી રીતે પુત્રીને સંસાર છોડવો નહોતો અને માતાએ સમજાવીને ભણાવી દીધી પિતાએ પૂછયું અને જવાબમાં પુત્રીએ દાસી બનવા જણાવ્યું. ઉત્તરનો અમલ કર્યો એક સામાન્ય સાળવી વીરા સાથે પરણાવી દીધી. અને વીરા સાળીને કહ્યું કે તારા ઘરની રીતિએ આની સાથે વર્તાવ કરજે. રાજ-મંદિરમાં રમણ કરનારી પુત્રી વીરા સાળવીથી કંટાળી ગઈ અને પછી ફરિયાદ સાંભળી. પિતાએ રાણી બનાવવા રૂપ સાધ્વી બનાવી. કથાનું તત્વ એટલુંજ છે કે દાસી બનાવવા શબ્દ બોલનાર પુત્રીને રાજમંદિરની રાણી બનવાની પ્રતિતિ હતી પરંતુ દાસી બનવાનો ઇરાદો લેશ માત્ર નહોતો તેવી રીતે આજના ધર્મીઓ દેવ, ગુરૂ, ધર્મ અને તારનાર તેની આગળ સંસારની બધી સાહ્યબી નકામી તે બોલવા માત્ર છે. બોલેલા શબ્દોની પ્રતીતિ શ્રી કૃષ્ણની પુત્રીની જેમ પોતાના હૃદયમાં ધર્મીઓને પણ નથી. ધન, માલ, મિલકત, શરીર, ઇન્દ્રિયો, પુત્રપરિવારની કિંમત મગજમાં જે સ્થિર થઈ છે તેના ક્રોડમા હિસ્સે ધર્મની પ્રતિતિ નથી અર્થાત્ શ્રદ્ધા પૂરતા શબ્દ બોલવા છે પણ શબ્દ બોલનારાઓને વર્તન અવસરે પ્રતિતિ પલાયન થઈ જાય છે. ધર્મના સોગન ખાઈને સોદો કરનાર વેપારીને ઘરાકના હૃદયમાં વિશ્વાસ બેસાડવા પુરતાં તે શબ્દો છે. નહિતર તરણતારણ અમૂલ્ય ધર્મના સોગન પૈસા ખાતર ખાયજ નહિ. આજના સમયમાં વાતવાતમાં દેવગુરૂધર્મના સોગન ખાનારાઓને, વાતવાતમાં આબરૂને ટકાવવા ભગવાનની પલાંઠીએ હાથ મૂકવાનું કહેનારાઓને ધર્મની વાસ્તવિક કિંમત અને પ્રતિતિ થઈજ નથી. સંસારની ચક્રવર્તીની રિદ્ધિ અને દેવ દેવેંદ્ર કુબેર ભંડારી સમાન રિદ્ધિ પણ આંશિક ધર્મની હોડમાં આવીજ શકતી નથી. તો પછી ધર્મની કિંમત નહિ સમજનારાઓના આવા માનસિક, વાચિક અને કાયિક વર્તાવ પ્રત્યે જૈન શાસનના હિતૈષી પરમેષ્ઠિ ભગવંતોને ભાવ દયા સ્ફુરે તેમાં નવાઈ નથી. ક્ષાયિક-

ભાવના દર્શન, જ્ઞાન, ચારિત્ર પામેલ પૂજ્ય તીર્થંકરો પણ દેશવિરતિમાં રહેલ કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા વખાણે છે. ક્ષાયક ભાવના દર્શન, જ્ઞાન, ચારિત્ર આગળ કામદેવની વિરતિની કિંમત કેટલી ?, સમાધાન સમજવાનું કે-સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાથી શરૂ થયેલ ધર્મ અને ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈને કેવલજ્ઞાન પામતાં કેવળીનું કેવળજ્ઞાન, ભવોપગ્રાહી તોડીને સિદ્ધદશા પામનાર સિદ્ધો; આ બધાની કિંમતો સમજવામાં ધર્મની પ્રતિતિના પુરા રંગવાલાને કાંઈ વાંધો આવતો નથી. કારણ કે હીરાની કિંમત સમજનારને ભલે ૦ા રતીનો હીરો હોય કે પાંચ રતીનો હોય તો પણ કિંમત કરવામાં અને મેળવનારના ભાગ્યની અનુમોદના કરવામાં, પાછો પડતો નથી. પાછો પડે તેને કહેવું પડે કે ઝવેરી ઝવેરાતને ઓળખી શકયો નથી. આવી રીતિએ સમ્યગ્દ્રષ્ટિ ગુણથી શરૂ થતા સર્વજ્ઞકથિત ધર્મ પ્રાપ્ત કરનારો પૂરેપૂરો ભાગ્યશાળી છે. તે ધર્મમાં ટકશે, વધારો કરશે તો જરૂર અલ્પકાળમાં સિદ્ધ સમાન સંપત્તિનો ભોકતા બનશે. એ માનવામાં શાસનના સાચા ઝવેરીઓને મુંઝવણ થતી નથી. પ્રતિતિમાં પૂરા પાવરધા બનેલ અને પ્રતિતિ પદમાં સ્થિર થયેલ આત્માઓજ રૂચિપદમાં પ્રવેશે છે; માટે પ્રતિતિ કરતાં રૂચિમાં શી વિશેષતા છે તે સમજીએ.

## પ્રતિતિની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની જરૂર.

પ્રતિતિ કરતાં રૂચિમાં શી વિશેષતા છે તે સમજવા પહેલાં પ્રતિતિને પૂરેપૂરી પિછાણવાની જરૂર છે. એક ચીજની કિંમત સમજ્યા પછી બીજી ચીજની અધિક કિમત સમજાય છે ત્યારે પ્રથમની ચીજને મૂકી દેવાય છે. અને બીજી ધારેલ કિંમતી ચીજને પકડાય છે. જન્મેલુ બાલક માતાની કમરમાં રહે છે. અને રહેવા મથે છે. તે બાલકને માતા સર્વસ્વ સમજાય છે ઘરના કાર્યમાં અવસરે જરાક કમરમાંથી નીચે મૂકે છે કે રોવાનું કામ શરૂ કરે છે. ફરી કમરમાં લે ત્યાંસુધી રડયાજ કરે છે. બાલ્યકાળમાંથી જરાક આગલ વધ્યો, નિશાળે બેઠો અને ભણતા શીખ્યો પછી રમત-ગમત અને ગોઠીયા પાછલ લીન થયેલો જણાય છે. પુત્રને જમવા અવસરે મા બુમરાણ કરે તો સાંભલતો નથી. કદાચ માની નજરે પડે તો સંતાવાને પ્રયત્ન કરે છે. કારણ કે રમત-ગમત અને મિત્રોની માનેલી કિંમત પાસે માનું બુમરાણ-માની મુંઝવણને ગણતો નથી, અર્થાત્ કિંમત વગરના ગણે છે. ભણીગણીને નિશાળે બેઠો, પછી પરણ્યો એટલે માવડીમુખે, મિત્રમુખો, રમત-ગમતમુખો પુત્ર પરાયા ઘરની સ્ત્રી પાછલ સ્ત્રીમુખો બનીને ઘેલો થાય છે. વળી વેપારમાં પડયો. અને ધાર્યા પ્રમાણે કમાણીમાં કુદ્યો—ભુસકે આગલ વધ્યો એટલે વેપાર-માલ-વેપારી અને નફામાં મુંઝાઇ જાય છે. વાત કરવાની પણ પુરસદ મલે નહિ એવા ભાઈસાહેબના રંગઢંગ થાય છે. પરણેલો પુત્ર સ્ત્રી પાસે કલાકોના કલાકો બેસતો હતો તેને રાત્રિના સુવાના ટાઇમે ૦ા કલાકની પુરસદ મલતી નથી. આ બધા પ્રસંગોમાં બાલ્યકાળમાં માની લીધેલા કિંમતી પદાર્થો મૂકીને યુવાવસ્થામાં માની લીધેલા કિંમતી પદાર્થો પકડયા. જીવનભરના પ્રસંગને તપાસવામાં આવે તો વાંચકને નિર્ણય થશે કે મનગમતી કિંમત માનીને પકડેલી ચીજો સેકડો વખત મુકી અને લીધી. વધુ કિંમતી માનેલી ચીજને પકડતો ને મૂકતો ગયો, છતાં હજુ સુધી નિર્ણય થયો નથી કે જગતમાં કિંમતી ચીજ કઇ છે ? ધર્મની વાસ્તવિક કિંમતની હરીફાઇમાં એક ચીજ પણ આવી શકી નથી. જેમ જેમ ઉમ્મર વધે છે તેમ તેમ મૃગતૃષ્ણારૂપી આશા, મનોરથો અને વિકલ્પો પાછલ ગાંડો ગંતુર બનેલો મનુષ્ય બીજીજ પલે બીજા પદાર્થ પાછલ ઘેલો થાય છે.

અર્થકામના અભિલાષીઓને ભોગવિલાસ અને ભોગવિલાસના સાધનો સર્વજ્ઞશાસ્ત્રોના હિસાબે કુટી કોડીની કિંમતના હોવા છતાં તે નિર્માલ્ય-નાશવંત

પદાર્થોની નવનવીન કિંમત ભાસમાન થાય છે એજ માનવ જીવનની બરબાદી છે અર્થાત્ પદાર્થની પૂરેપૂરી વાસ્તવિક કિંમત પૂર્ણકની પ્રતિતિ નથી. તેવીજ રીતે "દેવાથી મલે" આ કહેવતને લક્ષ્યમાં રાખી "**दानेन भोगानाप्नोति**" એ સૂત્રની વ્યાખ્યા પુસ્તકમાંથી વાંચી સાંભળી ને ભોગવિલાસમાં આસકત જીવો દાનનો ધંધો સ્વીકારે છે. દાન ધર્મની વાસ્તવિક વ્યાખ્યા સમજ્યાજ વગર ભોગ ભોગવવાની અને ભોગવિલાસના સાધનો મેલવવાની તાલાવેલીમાં દાનનો વેપાર કરનારો દાનનો જુગાર ખેલે છે. એક બાજુ દાન દે છે અને બીજી બાજુ દીધેલા દાનનો પૂરો લાભ મેલવવાની તાલાવેલી જમાવે છે. એક બાજુ મલ્યું એટલે દાન ફલ્યું એમ સમજે છે, પરંતુ સર્વજ્ઞ શાસનના હિસાબે દાન-ધર્મનો મર્મ શું છે તે સમજી શકતો નથી, અને સમજાવવા પ્રયત્ન કરનારની સામે આંખો કાઢે છે તેમજ ચેડાં કરે છે. દાન-ધર્મના પારમાર્થિક તત્વ મમત્વ-ત્યાગાદિ સમજવાને બદલે હલકો મોટી મુંઝવણમાં પડીને ધર્મથી, ધર્મગુરૂથી અને ધર્મના સામાન્ય સિદ્ધાંતોથી દૂર રહે છે. આવીજ રીતે શિયલ-તપનું સેવન કરનારા તે તે ધર્મની, ધર્મના અનુષ્ઠાનની અને ધર્મના સાધનની વાસ્તવિક કિંમત કરવાના અભાવમાં કોડોની કિંમતવાલી ચીજના બદલામાં કાણી કોડીના માલની ખરીદી કરે છે. ધર્મની વાસ્તવિક પ્રતિતિના અભાવમાં 'ધેલીના પહેરણા' જેવી દશા ધર્મના દરેક કાર્યમાં આ આત્માની થાય છે સંસારમાં ભોગવિલાસના સાધનો નહોતાં ત્યારે જે પ્રતિક્રમણ-સામાયક-વ્યાખ્યાન શ્રવણ—પર્વતિથિઓ શિયલ-દર્શન-વંદન-પૂજન-પોસહ અને તપ કરતો હતો; પરંતુ તેજ આત્મા સંસારની સાહ્યબી આજે વધવા માંડી એટલે ભૂલવા માંડયો અર્થાત્ પૂર્વની ધર્મકરણીઓ ઓછો કરતો ગયો. ત્યારે ધર્મના વાસ્તવિક પ્રેમની દયા આવ્યા વિના રહેતી નથી. કહેવું પડે છે કે આ બિચારાઓને ધર્મની વાસ્તવિક કિંમતની પ્રતિતિ પણ થઈ નથી. જગતના સર્વવિનાશી પદાર્થોની કિંમત કાચ જેવી અને તત્વત્રયીની કિંમત અમૂલ્ય રત્ન જેવી સમજાશે ત્યારેજ વાસ્તવિક પ્રતિતિ થઇ સમજવી. જગત્ભરના સઘળા વિનાશી પદાર્થોમાં અધગતાને અવલોકયા વગર, ધર્મ, ધર્મી અને ધર્મના સાધનની ઉત્તમતા સમજ્યા વગર સાચી પ્રતિતિ આવવી એ સેંકડો કોષ દૂર છે. આવી પ્રતિતિ આવ્યા પછી રૂચિતા આવિર્ભાવ થાય છે. પેટનો મલ દૂર થયા પછી જેમ સ્વભાવિક જઠરાગ્નિ દીપે છે. અને કકડીને ભૂખ લાગે છે, ખાદ્ય ખોરાક ખાય છે અને ખાધા સાથે પચાવે છે. તેવી રીતે વિનાશી પદાર્થોનો મોહરૂપી કચરો દૂર થશે ત્યારે આ આત્માની હાલત પણ તેવીજ થશે. અર્થાત્ વિનાશી પદાર્થ દેખતાંની સાથે જે મુંઝવણ થાય છે અને કિંમત વગરની ચીજમાં કિંમત સમજાય છે તે મલ દૂર થશે એટલે તુરત સંવર-નિર્જરાના અનુષ્ઠાન કરવાં ગમશે, કરનારાઓ અને કરાવનારાઓ પ્રત્યે બહુમાન છૂટશે. પ્રતિતિની પરીક્ષામાં પૂરેપૂરો ઉત્તીર્ણ થયા વગરનો જીવ રૂચિપદમાં પ્રવેશી શકતોજ નથી, માટે પ્રતિતિની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની અનિવાર્ય જરૂર છે.

(અપૂર્ણ)

## માનવંતા ગ્રાહકોને—

—અગાઉથી કરેલ સૂચના મુજબ વી. પી. થયેલ અંકો છોડાવી લેવા.

—ગયા અંકની સુચના મુજબ વ્યવસ્થિત સરનામાં મળ્યા હશે તેજ પૂ. શ્રમણ ભગવંતોને અંકો પોષ્ટથી રવાના થયા છે અને થશે.

—લવાજમ ભરનારે અગર નવા ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
૬૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

૪૩૮. મંદ સંવેગીઓ પડતાં આલંબનોને પકડે છે અને તીવ્ર-સંવેગીઓ ચઢતાં આલંબનોને અવલંબે છે.

૪૩૮. તીવ્ર સંવેગ વગર ઉપશમ ભાવની ઊર્મિઓ હૃદયમંદિરમાં ઉછળતી નથી

૪૪૦. વરવૃત્તિના વર્ષક-વાગ્બાણો વિદ્વાનોના વિવેક નેત્રને વીંધી નાંખે તેમાં નવાઇ નથી.

૪૪૧. વૈરવૃત્તિ ભર્યા વીતરાગ શાસનથી વિપરીત વિચારો-વચન-વર્તન અને વિષમય પ્રચારથી કોઇનું એ ભલું થયું નથી, થવાનું નથી. અને થશે નહિ એ નિઃશંક-સત્યની સેવના કરો.

૪૪૨. શાસનને માલિન્ય કરનારાઓને, પીઠ થાબડનારાઓને, અને પોષકોને ભવાન્તરમાં શાસન પાળવું અતિ દુર્લભ છે.

૪૪૩. વૈરવૃત્તિ ભર્યા વિષમય પ્રચારથી ધાર્મિક-વાતાવરણ કલુષિત બને છે.

૪૪૪. સુવૈદ્ય સુંદર ઔષધ-અનુકુળ અનુપાન અને સુવૈદ્યની સલાહ અનુસાર વર્તવાવાળા ક્ષયના દરદીને નિરોગી થવામાં સુકી હવા જેમ કર્મ રોગીઓના-કલેશદાયક રોગ-નિવારણ માટે વીતરાગ-વીતરાગ પ્રણીત અનુષ્ઠાનાદિની પ્રાપ્તિ છતાં શાસનનું અતિ-વિશુદ્ધ વાતાવરણની અનિવર્ય જરૂર છે

૪૪૫. કોઇપણ આત્મા આપત્તિમાં આવી પડે એવી માનસિક-વાચિક કે કાયિક પ્રવૃત્તિ કરવી એ સમજુ આત્માઓ માટે ભયંકર છે.

૪૪૬. પરદુઃખમાં નિમિત્તભૂત બનતાં બચો અને પરસુખમાં નિમિત્તભૂત બનતાં શીખો.

૪૪૭. વણિકબુદ્ધિ ન્યાયે ઓછા લાભને જતો કરી વધુ લાભ મેળવવો એ જેમ શ્રેયસ્કર છે, તેવી રીતે નીચલા ગુણસ્થાનકની ક્રિયા અનુષ્ઠાનમાં રંગાયેલા ઉંચ ગુણસ્થાનકનો લાભ મળતો હોય તો પૂર્વના ગુણસ્થાનકની ક્રિયાને ગૌણ બનાવવી જરૂરી છે. સમજવા તરીકે કોઈ કહે કે-ભવાટવીનું ઉલ્લંઘન કરવા માટે છઠ્ઠું ગુણસ્થાનકે સાધુપણું પામવું શ્રેયસ્કર છે. પરંતુ પ્રભુપૂજા, સુપાત્રદાનાદિનો રંગ મને એવો લાગ્યો છે કે તેના વગર ચેનજ પડતુ નથી. આવા રંગથી રંગાયેલા આત્માઓએ આસંગદોષથી અલગ થઇ ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ ગુણસ્થાનકના અનુષ્ઠાનમાં ઓતપ્રોત થઈ જવું એ આરાધકો માટે આવશ્યક છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—મુધાવર્ષી. )

**નોંધઃ**—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ અને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૰ તન્ત્રી.

૪૨૭. 'સંપત્તિ એ સાધન છે પણ સાધ્ય નથી' આ સિદ્ધાન્તનો નિર્ણય સાધકે સત્વર કરવા જેવો છે, નહિં તો માનવ જીવન નિષ્ફળ જશે.

૪૨૮. ભવ વિરહની ભવ્ય ઈચ્છાના આંદોલનો વગર કોઇપણ ભવ્યાત્મા ભવનો અંત કરી શકતો નથી.

૪૨૯. પાતળા કાચની પૂતળીથી વધારે આવરદા અભિમાનની નથી.

૪૩૦. પાણીના પરપોટા પાણીમાં ઉઠયા અને શમ્યાં છતાં પરપોટા પરથી પૂર્ણ બોધપાઠ પ્રાણી લઇ શકતો નથી એજ બેડુતો વિષય છે.

૪૩૧. કુદરતની કળી ન શકાય એવી અજેય શક્તિ સામે રાખીને માનવી માનવ-જીવન જીવી શકે તો પસ્તાવો કરવાનો વખત આવેજ નહિં.

૪૩૨. અણુબોમ્બના અહંકાર કરનારાઓને વર્તમાનકાલીન બ્રિટનમાં બળતણનું બુમરાણ બુદ્ધિમાનોને પણ બોધપાઠ શીખવે છે.

૪૩૩. નયનના નિમેષ માત્રથી કુદરત જે કરી બતાવે છે તે કરવાની તાકાત જગત્ભરના સર્વ સત્તાધીશો અગર જગતના કોઇ માનવીમાં નથી.

૪૩૪. સદ્ગુણ વિનાનું સૌન્દર્ય પરાગ વિનાના પંકજ જેવું છે.

૪૩૫. યોગીઓ દરેક દરેક કાર્યમાં કર્મોની નિર્જરા કરે છે, જ્યારે ભોગીઓ કર્મબંધન કરે છે.

૪૩૬. સદ્ગુરૂનો સંયોગ અને તેઓના વચનની અખંડ સેવના એ ભવોભવ પર્યંત બંન્નેનો સુયોગ બની રહે તો સંસારનો સર્વથા વિયોગ અને શાશ્વત સુખ સ્વરૂપ સિદ્ધિ દૂરજ નથી.

૪૩૭. ભવવિરહનાં ભવ્ય આંદોલનો એજ તીવ્ર સંવેગના માપક છે.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો. ]

શ્રી અગાશી અષ્ટાપદ જૈન

સ્વર્ગસ્થ વીરાર: ( જુલ્લે

ખા: બી: એન્ડ સી: અ

અગાશી અષ્ટા

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

**ભાવાર્થ:**—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

## શાશ્વત-સંયોગ-વિયોગ.

લેખકઃ—**સુધાવર્ષી.**

સૂર્યોદય-સૂર્યાસ્તની સંધ્યાના સોનેરી રંગ સમાન સંયોગ અને વર્ષાઋતુના વિસ્તરેલ-વાદળમાં થતી વિદ્યુતના વેગવન્તા ઝબકારા સમાન વિયોગોને વિવેકપૂર્વક નિહાળનારાઓને સંયોગ-વિયોગની સ્વાભાવિક સ્થિતિનું દિગ્દર્શન થયા વગર રહેતુંજ નથી. ઇષ્ટ સંયોગોમાં હરખાઈ જવું અને અનિષ્ટ સંયોગોમાં ગભરાઈ જવું એજ અવિવેકની આવિભવિતા છે. અનુકૂળ સંયોગોમાં સુખ-શાન્તિ આનન્દ-હર્ષને અતિરેક થવો અને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ અશાન્તિ-ગ્લાનિ-શોકનો અતિરેક થવો એ પણ અવિવેકની અંધાધુંધી છે.

સંયોગ એ સ્વાદિષ્ટ-ખાદ્ય પદાર્થ નથી, છતાં સજ્જનશિરોમણિ-બુદ્ધિમાન-વિવેકિયોની વિવેક પૂર્ણ નજરમાં સ્વાદિષ્ટ-ખાદ્ય પદાર્થ છે; એટલુંજ નહિં પણ સંયોગ અને વિયોગ એ સ્વાદિષ્ટ-ખાદ્ય અને પચાવવા લાયકનો પદાર્થ છે.

ભવાટવીમાં ભાન ભૂલેલા ભવ્યાત્માઓએ અનેકશઃ અનેકવિધ સંયોગ-વિયોગોનું જનમ-મરણ અનેક ભવોની પરંપરામાં અનુભવ્યું, અનુભવાય છે અને અનુભવાશે. છતાં અનુભવન કરનાર અનુભવીઓએ સંયોગ-વિયોગના મૂળ કારણનો નિર્ણય કર્યોજ નથી. અને તેથીજ સંયોગનો યથાર્થ સ્વાદ લઇ શક્યો નથી.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.)

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
વર્ષ ૧૩-અંક ૭.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
૩. ૩-૦-૦
છુટક નકલ એકના
૩. ૦—૪—૬

નિશ્ચીત—નિર્ણય કરવામાં નિષ્ફળ નીવડેલા સરમુખત્યાર–સત્તાધીશ અને સેનાપતિઓને વિજયનાં વધામણાં શ્રવણ કરવાનો હર્ષ પણ પલવારમાં પરાજયની પડઘમોના પડઘાઓનું પતિશ્રવણ થતાં શોકમાં પલટાઈ ગયેલ અને પલટાઈ જાય છે,

રણસંગ્રામ ઉપર લડતાં હિટલરના હિમ્મતવાન સૈનિકોએ ૭ ૭ વર્ષ સુધી જીત અને વિજય વરમાળોને પહેરી, છતાં પલવારમાં પ્રતિપક્ષીના નાસીપાસ થયેલાઓને તે જીત અને વિજય પ્રાપ્ત થયો; આ ઐતિહાસિક બનાવમાં નફા–નુકશાનની સમજ વગરનો નિર્ણયજ જવાબદાર છે. એ કહેવું અસ્થાને નથી.

એવીજ રીતે વિનશ્વર–સંયોગ–વિયોગના વિષમ વાતાવરણનો અનુભવ કરી કરીને એક ભવની પુર્ણાહુતીના પરિપૂર્ણ વિયોગ સાથે બીજા ભવની તૈયારી રૂપ (આહાર–શરીર–ઇન્દ્રિય–શ્વાસોશ્વાસ–ભાષા અને માનસિક શક્તિઓ, આયુષ્ય, ઉત્તમ ગતિ, આર્યદેશ, ઉત્તમ કુળ–ઉત્તમ જાતિ આદિ) સંયોગ પ્રાપ્ત થયો. પરંતુ શાશ્વત–સંયોગ–વિયોગની શાશ્વત ધારણા કર્યા વગર વિનશ્વર સંયોગ–વિયોગની વિષમ ભૂલ–ભૂલામણીમાં સહીસલામત–રાજમાર્ગે ચઢવા ભાગ્યશાળી થઇ શકાતુ નથી એ કહેવાતા વિવેકીઓ માટે સમજ વગરનો નિર્ણયજ ખેદનો વિષય બને છે.

સંસારનો સર્વથા વિયોગ કરવા સર્વજ્ઞકથિત વચનાનુસારે કટીબદ્ધ થવું અને સંસારનો સર્વદા વિયોગનો વિચાર દ્રઢીભૂત કરીને અનુકૂળ ઉદ્યમે વિયોગ થાય એમ વર્તવું એજ શાશ્વત વિયોગની વિજય–કાર્યવાહી છે.

સંસારનો શાશ્વત–વિયોગ થવાની સાથે આત્મા આદિ–અનંતભાવની શાશ્વત સંપદાઓને પ્રાપ્ત થાય છે એ ભુલવા જેવું નથી.

સંસારનો શાશ્વતભાવે થવાવાળો વિયોગ અર્થાત્ ઘાતી–અઘાતી કર્મોનો વિયોગ અને અંતિમ સાધ્ય–સિદ્ધિ સ્વરૂપ પરમપદનો શાશ્વતભાવે થવાવાળો સંયોગ એ બંન્નેની પ્રાપ્તિ થયા વગર દુઃખ મૂલક–દુઃખ ફલક–દુઃખની પરંપરા વર્ધક વિનશ્વર–સંયોગ–વિયોગોના વિષમ વાતાવરણમાં કોઈપણ જીવ અલગ થઇ શકયો નથી, અલગ થઈ શકતો નથી અને અલગ થઈ શકશેજ નહિં.

સંસારનો શાશ્વતભાવે વિયોગ કરવામાં અને અંતિમ સાધ્ય સિદ્ધિરૂપ પરમપદનો શાશ્વતભાવે સંયોગ કરવામાં સદ્‌ગુરૂનો વિનશ્વર સંયોગ પણ પરમ લાભદાયી છે, અર્થાત્ એ સંયોગને પચાવતાં શીખવાની જરૂર છે.

શાશ્વત–વિયોગ–સંયોગ પ્રાપ્તિનો પ્રેરક ઉપદેશ, પ્રાપ્તિરૂપ પ્રણિધાનની પિછાણ, પ્રવૃત્તિ–નિર્વૃત્તિનું સ્પષ્ટીકરણ, વિઘ્નોનો વિવેક, વિવેકપૂર્વક વિઘ્નોને વિદારણ કરવાની કુશળતા, કાર્યસિદ્ધિ, પ્રાપ્ત થયેલ સિદ્ધિનું પ્રદાન પરંપરાની પુનીત કાર્યવાહિઓ **સદ્‌ગુરૂનો સમાગમ અને તેઓશ્રીના વચનોનું પ્રેમ–પૂર્વક પાલન કરવાથી વિજયવન્તી બને છે અને બનશે શાશ્વત સંયોગ–વિયોગની પ્રાપ્તિના** પુનીત રાજમાર્ગે પ્રયાણ કરવું એ વિવેકિયોનું આવશ્યક કર્તવ્ય છે.

**"સંસ્મરણીય સુધાવર્ષા" માંથી.**

# શ્રી વિદ્વત્ક.

| વર્ષ-૧૩. | ચૈત્ર-માસ. | તંત્રીઃ |
|---|---|---|
| અંક ૭ મો. | તા. ૧૭-૪-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમાન્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળઃ—નાગજી ભૂધરનો પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ. વિ. સં. ૧૯૯૫.

[ નોંધઃ—વિ. સં ૧૯૯૫ના ચાતુર્માસ દરમિયાન પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ દેશનાકારે શ્રી સૂત્રકૃતાંગ-સૂત્રના બીજા શ્રુત-સ્કંધના શ્રીપુંડરીક-અધ્યયન ઉપર પરમહિતકારિ-દેશના દીધેલી તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય-મુનિશ્રી સુબોધસાગરજી પાસેથી મેળવી, વાંચકો સારી રીતે વાંચી શકે અને વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં દેશનાકારના આશય વિરુદ્ધ કોઇપણ શબ્દાદિ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી. ]

### શ્રીપુંડરીક-અધ્યયનના પારમાર્થિક અવતરણો.

૧. ઐતિહાસિક-સત્યનું સંરક્ષણ કરો.

૨. ઐતિહાસિક-સત્યનો અપલાપ કરનારાઓ.

૩. પ્રબળ-પ્રયત્ન વગર મનોરથોની મહોલાતો સફળ થતી નથી.

૪. અજ્ઞાનિયો અને જ્ઞાનિયોના મનોરથોમાં મહાન્ ફરક.

૫. પ્રજાની શક્તિ-પરાક્રમને પિછાણ્યા વગર અને ભાવિ પરિણામ-વિચાર્યા વગર પ્રજાને જોખમી કાર્યમાં ઉતારવી એ મહા મૂર્ખતા છે.

૬. અનુકૂળ ઉદ્યમ વગર કાર્યસિદ્ધિ કરોડો કોશ દૂર છે.

૭. શક્તિ અને યોગ્યતા વગરના મનોરથો પણ દેવોને ફળતાં નથી.

૮. ચરિત અને કલ્પિત કથાઓના ફરક તથા રહસ્ય.

૯. આવડત વગરના અને આવડતમાં અધુરાઓ આપત્તિને અનુભવે છે.

૧૦. પેટપૂર્તિની પ્રવૃત્તિ સામે પણ અડગ-રહેનાર જૈન-દર્શની જાહોજલાલી.

૧૧. પેટપૂર્તિ માટે પાપમય પ્રવૃત્તિઓના ફરમાન પરદર્શનકારો બતાવે છે.

૧૨. સર્વજ્ઞના સિદ્ધાન્તોને પેટની બાતર અપનાવનારા પરદર્શનકારો.

૧૩. ભાવ શબ્દથી ભાવનાઓનું રહસ્ય.

૧૪. સર્વ શબ્દની વ્યાપકતા અને મૈત્રી-ભાવની મહત્તા.

૧૫. અનુકૂળ અને પ્રતિકૂળ પ્રત્યે મૈત્રીમાં એક સરખું વર્તન.

૧૬. મૈત્રી એટલે સર્વ જીવોના હિતની વાત.

૧૭. સંગમ પ્રત્યે દયાની વૃષ્ટિ.

૧૮. અનેકવિધ ભાવના અને ભવ્ય ભાવમાં ફરક.

## ઐતિહાસિક-સત્યનું સંરક્ષણ.

શાસ્ત્રકાર-મહારાજા-શ્રીમાન્-શ્રીસુધર્માસ્વામિજી, ગણધર મહારાજા શ્રી જંબુસ્વામીજીને સૂયગડાંગ-સૂત્ર સંભળાવતાં થકાં આગળ કહી ગયા કે—હે જંબુ! આ પુંડરીક અધ્યયનનું જે સ્વરૂપ જણાવીશ, અથવા-પુંડરીકની જે ઘટના જણાવીશ તે કલ્પના મારી પોતાની નથી, પણ પ્રભુ મહાવીરે કહેલી છે તેજ રીતિએ જણાવીશ. હવે કોઇક કથાકાર વર્તમાનકાળમાં એક ચરિત્રનો મુદ્દો લઇ આખી નોવેલ ઉભી કરે છે, તેવી રીતે આ ઘટના પણ નથી. આ વાતનો એક મુદ્દો પકડી આ આખો પ્રસંગ મારી કલ્પનાથી કહેતો નથી. જેવી રીતે તેમને કહ્યું તેવી રીતેજ કહીશ. નવ નવીન નોવેલોની રચના કરતાં ઇતીહાસનું ખુન થઈ જાય, અને લોકોને રસ પડે તેમ હું કરવાનો નથી. તત્ત્વને જાણનારા સિવાય ઇતિહાસનું ખુન કઇ જગ્યાએ નોવેલમાં થાય છે તેની ખબર બીજાઓને બહુ ઓછીજ હોય છે. અહીં ઇતીહાસનું ખુન થઇ જવા જેવું કંઈ નથી. આ જે પુંડરીક કમળની ઘટના જણાવીશ, તે મારી કહેલી નથી; પરન્તુ જેવી રીતે સર્વજ્ઞ ભગવાન પ્રભુ મહાવીરે જણાવી છે તેવીજ રીતે જણાવીશ. સર્વજ્ઞના કથનને અનુસરીને કથન કરવાથી ઐતિહાસિક-સત્યનું સંરક્ષણ થઈ જાય છે.

## પ્રબળ પ્રયત્ન વગર મનોરથ ફળતા નથી.

પૂર્વ દક્ષિણ, પશ્ચિમના આવેલા ત્રણ પુરૂષો જે છે તેની વક્તવ્યતા આગળ જણાવી ગયા. હવે ચોથો પુરૂષ તે કયાંથી આવેલો છે? તો તે પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે ઉત્તર દિશા તરફથી આવેલો છે. વળી તે આવેલો પુરૂષ જે વાવડી છે ત્યાં આવીને તેના કાંઠે ઉભો રહ્યો છે. આવનાર જ્યાં ઉભો છે, ત્યાં મોટું જે કમળ વચ્ચો વચ્ચ રહેલું છે; તેને જોયું. હવે તેને જોયા પછી તે કમળ ઘણું ઉંચું છે, અને અનુક્રમે ઉગેલું પણ જોયું. જે કમળનાં પ્રતિબિંબો જગો જગોપર જોવામાં આવે છે. હવે પૂર્વ. દક્ષિણ, પશ્ચિમથી આવીને જે પુરૂષો ફસાયેલા છે, તેને પણ પોતે જોયા. વાવડીને કાંઠેથી તો નીકળી ગયા છે, પણ કમળને પહોંચ્યા નથી. જેમ કોઇ મુસાફર અમદાવાદથી મુંબઇ જવા નીકળ્યો, પણ વચમાં નડીયાદ જેવા સ્ટેશને અટકી ગયો; તેનું શું? અહિં ત્રણ પુરૂષો કચરામાં ખૂંચી ગયેલા છે. તેથી તે ત્રણ પુરૂષોનું જવું આવવું રોકાઇ ગયું છે. આવા ત્રણને જોઇ ચોથો પુરૂષ બોલે છે કે આ ત્રણ પુરૂષો કેવા છે?, અર્થાત્ હૃદયમાં વિચારે છે કે પરિશ્રમને જાણનારા નથી. કારણકે તેઓએ ધ્યાન રાખવું જોઇએ કે પાણીમાં ઉતરવા માટે અક્કલનું જોર જોઇએ, અને તેથી પાણીમાં માપ્યા વિના ઉતરાય નહિં. કચરો કેટલો ઉંડો રહેલો છે તે જોવો જોઇએ. આથી તેના

પરિશ્રમને યથાર્થ જાણવો જોઇએ, તેથી અપંડિત-અમેધાવી એવા ત્રણ પુરૂષો ગણાય, અર્થાત માર્ગની ગતિ વિગેરેને અંગે પરાક્રમ આદિને સમજવાવાળા નથી. આ ત્રણેએ મનમાં એમ ધાર્યું હતું કે "અમે આ કમળને ઉખાડીને લઇ લેશું." એમ ધારણા હતી. ધારણા સાચી થાય, તો પણ અવસરે જગતને ભરમાવવાનો રસ્તો. "આપણા મનને ચોક્કસ હોય તો તે કામ નિશ્ચે થાયજ છે." એમ બોલનાર ચોક્કસ ધારે છે કે મરવાવાળો જીવવાનો છે, અને તરવાવાળો ડુબવાનો છે. હવે મન કહે તે પ્રમાણે સાચું જ થતું હોય તો પણ ધ્યાનમાં રાખવું કે અજ્ઞાનીઓના મનોરથો મનમાં ઘણાં થાય પણ તેથી વળે શું ?, દરેક મનુષ્યોનાં મનનાં મનોરથો સાચાં હોય એવો નિયમ નહીં. પ્રબળ પ્રયત્ન વગર મનોરથ ફળતાં નથી.

## મનનાં મનોરથોને સફળ કરનારાઓ.

જેઓ જ્ઞાની હોય, જેઓ પદાર્થના સ્વરૂપને અથથી ઇતિ સુધી જાણતાં હોય એવા કોઇ પોતાના મનની વાત કરે તે સાચીજ હોય. હવે જેઓને રાગદ્વેષ રહિતપણું નથી, પદાર્થનું જ્ઞાન નથી તેવાઓનું મનનું ધારેલું સાચું પડે એ નિયમ નહિ. એ તો અજ્ઞાની સિવાય કોઇ ધારી શકે નહી. હવે ત્રણે દીશાવાળાઓ કમલને ઉખેડવાના નિશ્ચયવાળા હતા. હવે જુઓ સ્વરાજ્ય માટે તો ત્રણ માસ, છ માસ, નવ માસ વિગેરે ઘણી મુદતો રાખી પણ સ્વરાજ્ય કોને મેળવ્યું ?, સારૂં કર્યું તો મેં કર્યું, અને ખરાબ કર્યું તો કે તારા બાપે કર્યું; પ્રજાના પરાક્રમને જોયા વિના તેની શક્તિનો ખ્યાલ કર્યા વિના જે નેતા કે જનરલ પોતાની પ્રજાને લડાઈમાં જોડે તે ખરેખર નીતિને અંગે ન્યાયી નથી; અને વ્યવસ્થિત કામનો નથી. તેમ અહીં ત્રણે કમળને લેવાના નિશ્ચયવાળા તો છે પણ નિશ્ચય કર્યા માત્રથી કાર્ય થતું નથી. નિશ્ચયવાળાને પણ યોગ્ય પ્રયત્ન અને નસીબદારીની પણ જરૂર રહે છે. અહીં નિશ્ચય હતો પણ યથાયોગ્ય પ્રયત્ન નહોતો. હવે ચોથો પુરૂષ કહે છે કે આ ત્રણે પુરૂષોએ જે રીતે કમળને હાથમાં લેવાનું ધાર્યું હતું, તેવી રીતનો આ રસ્તોજ નથી; એ ભૂલવા જેવું નથી. નફા નુકસાનને સમજનારા જ્ઞાનીઓના મનોરથો પણ પ્રબળ પ્રયત્ને સફળ થાય છે. હવે જેમ કોઇને રૂપીઆ આપ્યા હોય તો ઘરે બેઠા ન આપી જાય પણ ઉઘરાણીનો પ્રયત્ન કરીએ તોજ રૂપીઆ પડે છે. અરે નાણા ભીડમાં હોય તો છેવટે કેસ કરીને પણ નાણાં પ્રયત્નપૂર્વક પતાવવાં પડે છે.

## અનુકૂળ-ઉદ્યમ વગર કાર્ય સિદ્ધિ થતી નથી.

હવે સ્વરાજ્યની સ્વયં પ્રયત્ન વગરની પ્રભાવનાઓ હોત તો કોઇ દેશ કે પ્રાન્ત પરાધીનજ ન હોત, પણ સર્વ દેશ પ્રાંતો સ્વતંત્ર હોત. પતાસાંની પ્રભાવના જેવું નથી. છતાં પણ તે અવસરપર પ્રબળ પ્રયત્નો કરવામાં આવે ત્યારેજ પતાસાંની પ્રભાવના મળે છે. આયર્લેન્ડને કોઇએ જીત્યું નથી, પણ પુરા પ્રયત્ને આયર્લેન્ડ-વાસીઓના મન પતાવવા માટે સ્વતંત્રપણું આપેલું છે. તેને છોડાવવા કેટલો મહેનત પ્રયત્ન અને મુદ્દત જોઇએ છે ?, ગુલામીની ધૂસરીમાં પડેલા એવા તમોને તો સ્વતંત્ર થતાં ઘણા વર્ષો અને ઉંચા પ્રયત્નો જોઇએ હવે દેવતાઓને પૌદ્ગલિક ઇચ્છા થાય એટલે તે મળી જાય, પણ તે ઇંદ્ર થવાની વાત કરે તો ઇન્દ્ર

થાયજ નહિ. કારણ કે પોતાના તાબાની કે શક્તિની વાતો હોય તોજ મળી જાય, તેમ મનુષ્યને પણ શક્તિની કે તાબાની વાત પણ વિચાર અને પ્રબળ પ્રયત્ન માત્રથી થાય, આ ત્રણ જણ તો જીવના ભેખમે કમળ લેવા ઉભા છે, અજાણી વાવડીમાં ઉભા છે, નિશ્ચયમાં કંઈ બાકી નથી; છતાં પ્રયત્ન વગર વસ્તુ કયાંથી બને?, તે વિચારી રહ્યા છે. કમળ-પ્રાપ્તિના અનુકુળ-માર્ગમાં રહે તેને જાણે, અને તે લાયકની ગતિ પ્રારંભ કરે તોજ વસ્તુ સિદ્ધિ થાય; તે સિવાય વસ્તુની કે કાર્યની સિદ્ધિ થતી નથી. પરંતુ યથાયોગ્ય રીતે કમળને હસ્તગત કરી શકીએ, તે સિવાય પ્રાપ્ત થતું જ નથી.

## ચરિત અને કલ્પિત-કથાઓની ચોખવટ.

આ ત્રણે ધાર્યું હતું તેવી રીતે કમળ હાથમાં આવે નહિ. પરંતુ આપણે સામાન્ય દ્રષ્ટાન્ત લઇએ છીએ કે 'પીંપળ પાન ખરંતા હસતી કુંપલીઆ' આવી જે ઘટના છે તેમાં પાંદડાઓનું બોલવું થતું નથી ને કુંપલીઓનું હસવું થતું નથી, પણ આ એક ઘટના છે. પાંદડા-કુંપલીઓને કોઇ જાતનું જ્ઞાન નથી. હવે તે રીતે અહીં કોરી ઘટના નથી ઘટનાના વાકયોને સાંભળીને કેટલાએક અર્ધદગ્ધોને એવા વિચારો આવે કે શાસ્ત્રોમાં ઠામઠામ કલ્પિત વાતો છે પણ સાચી વાતો નથી. **नय पुप्फं किलामेइ सोय पिणेइ अप्पयं.** જેમ ભમરો કુલના રસને પીએ છે અને તે એકેન્દ્રીય વૃક્ષને કે વૃક્ષના પુષ્પને કિલામણા કરતો નથી. હવે કિલામણા નહીં કરવાનો વિચાર ચઉરેન્દ્રિય ભમરાને આવ્યો કયાંથી ? છકાય-જીવપણાનું જ્ઞાન તેને નથી પણ જૈનત્વ પામેલા જૈનનેજ છે.

હવે જૈનપણું છે કયાં?-જવાબમાં કહેવું પડશે કે છકાય જીવોને જીવમય માનવા તે સ્થળે. સર્વજ્ઞના વચન પર પ્રતીતિ હોય તેજ પૃથ્વી અને અપકાયને જીવમય માને છે. તેઉકાય વાઉકાયને જીવમય માનવા તે પણ સર્વજ્ઞના વચન ઉપર પ્રતીતિ હોય તેજ જીવપણે માને. છકાય જીવોને જીવપણે માનવાવાળા જે કોઇ હોય તેજ જૈન કહી શકાય, એ શિવાય જૈન થવાનો રસ્તો નથી. હવે મનુષ્યોમાં છકાયના જીવોની માન્યતા થવી મુશ્કેલ છે; તો પછી પંચેન્દ્રિય તિર્યંચોમાં તો હોયજ કયાંથી?, અને તમારે તો ચઉરેન્દ્રિય ભમરામાં તે પ્રતીતિ લાવવી છે. કારણ કે 'न य पुप्फं किलामेइ' એમ બોલો છો તો પછી એમાં એને જ્ઞાન નથી, છતાં કિલામણા નહિં કરવાનો વિચાર આવ્યો કયાંથી? બાર વ્રતધારી શ્રાવકને પણ વનસ્પતિને અંગે કિલામણાનો અને પરિહાર કરવાનો વિચાર આવવો મુશ્કેલ છે. આવી ધારણા વ્રતધારીમાં થવી એ પણ મુશ્કેલ થઇ પડે છે, તો પછી તે વાત ભમરામાંથી ઉતરે કયાંથી?, ભમરાએ એમ ધાર્યું કે કુલને કિલામણા થાય છે તેથી હું તેને પીડા ન કરૂં. શું તે ભમરાએ વનસ્પતિને જીવરૂપ માન્યા?, તે દુઃખી મારાથી થશે આવી માન્યતા અને દયાના પરિણામ ભમરાને આવ્યા કયાંથી? રસ્તામાં ચાલનારા મનુષ્યોને પણ લીલ કુલ વનસ્પતિ ચાંપતાં તેના ઉપર પગ મૂકતા જરાયે વિચાર આવે છે? ન્હાવા જવામાં ઉતાવળીઆઓથી લીલ કુળ કે કોડીયોના ઘરો જોવાતાં નથી. એ તો પાણી ઢોલ્યું અને સ્નાન કર્યું એટલે બસ, આવા વિચારો આવવા મુશ્કેલ છે, બાર-વ્રતિઓને દયા પરીણમવી બહુ મુશ્કેલ છે, તો પછી ભમરાને આવી

કયાંથી ? આવી રીતે જેઓ શંકા કરે છે તેના જવાબમાં કહે છે કે—કથાઓમાં બે વિભાગો પડે છે. એક ચરિત અને બીજો કલ્પિત એટલે ઘટનાથી. **ઐતિહાસિક બનાવો બનેલા તે પ્રથમ ચરિત તેમાં કલ્પનાને અવકાશ નહી. શ્રોતાઓને દુનિયાભરનો ચાળો બતાવીને તેમાં કલ્પાનાની ઘટના ઘટાવીને બોધ પમાડવા કથા કહેવાય તે બીજી કલ્પિત.**

## આવડત વગરના અને આવડતમાં અધુરા ખૂંચી ગયા.

ભગવાન્ ઋષભદેવ કે મરૂદેવી માતા ન હોય, અને તે કેવળ કલ્પિત ઉભાં કર્યાં હોય તો તે કલ્પિત કહેવાય છે; પણ જે કલ્પિત છે તેનો ખુલાસો શાસ્ત્રોમાં જે કહે છે તે જણાવે છે કે કલ્પિત અને ચરિત બંનેના જુદા વિભાગ પાડીએ છીએ. તે બે ભેદમાં ભેળસેળ કે મિશ્રિત કરતાં નથી. અહીં ભ્રમરની ઉપમા આપેલી છે. જે વસ્તુ કલ્પનાએ કરી કહેવામાં આવે છે, ત્યાં સાક્ષાત્ ખુલાસો કરી દેવામાં આવે છે; તેથી ચરિતમાં કલ્પનાનું સ્થાન રહેતું નથી.

હવે ત્રણ દિશાથી જે પુરૂષો આવેલા છે તે યોગ્ય માર્ગમાં રહેલા નથી, અને તેની ગતિ પરાક્રમને પણ સમજેલા નથી, છતાં કમળ લેવાના નિશ્ચયવાળા છે; પણ લેઇ શકતા નથી. પણ ચોથો આવેલો વિચારે છે કે હું ઉત્તર દિશાથી આવેલો પુરૂષ છું. પાન ખરી ગયું છે પણ પીંપલના કુંપલોને ખ્યાલ નથી કે મારી પણ આ દશા થશે. વર્તમાનમાં વૃદ્ધને જોઇને જુવાનીઆ બોલે છે પણ જુવાનીની તેવી દશા છે તે જુવાનીઆએ સમજવું જોઇએ. હવે આ ચોથો ત્રણ ખૂંચી ગયેલાઓને જોઇને બોલે છે કે હું પુરૂષાતનવાળો છું. વળી કઇ જગે કેવી રીતનો પુરૂષાર્થ કરવો તે હું સમજી શકું છું. વળી વસ્તુ મેળવવામાં ઉચિત માર્ગ જોઇએ કારણકે માર્ગ વિના મેળવાય નહિ. હવે માર્ગ હોય છતાં જવું કયે રસ્તે એ ખ્યાલ ન હોય તો માર્ગે પહોંચાય નહિ. હવે રસ્તામાં વાવડીને ઓળંગવા માટે અહીં માર્ગને અનુકુળની ગતિ અને તે સંબંધીનો પરાક્રમ તેને હું જાણવાવાળો છું. તેથી હું ખરેખર આ કમળને હસ્તગત કરીશ. એમ કહીને તે ઉત્તર દિશાથી આવેલો ચોથો પુરૂષ તે વાવડીમાં ઉતરવા લાગ્યો. જેટલું જેટલું ચાલે છે, જેમ જેમ આગળ વધે છે, ત્યાં પાણી ઉંડુ આવવા લાગ્યું, અને કચરો આવ્યો અને તે પછી તેમાંજ તે ખૂંચી ગયો. આવી રીતે ચારે દિશાના ચારે પુરૂષો પણ ખૂંચી ગયા.

## ભાગ્યશાલિ-ભિક્ષુક.

હવે કમળ લેશે કોણ ?, કયાંથી આવશે ?, તો કહે છે કે ભિક્ષુ લેશે. અરે સાધુ મુનિ કે જતિ નહીં ને ભિક્ષુ શબ્દ શા માટે કહ્યો. એક મુદ્દાથી જગતમાં ઉદર નિર્વાહ એવી ચીજ છે કે સર્વને લાગેલી છે. કેટલાકોએ ધર્મને કહ્યો છે પણ પેટની બારી ખુલ્લી રાખી છે.

**'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ'** આવું બોલ્યા પછી પણ જગતમાં કેટલાકોને પોતાના કાર્યને માટે બીજાના શાશનમાં કહેલ સિદ્ધાન્તની છાયાથી કામ લેવાનું હોય તો તેનું ગાએલું ગાવું જ પડે છે. હવે બાગાપંથીઓ જે છે તેમને જીવની

અહિંસા સ્વપ્ને પણ હોય નહી. પરંતુ જ્યાં દુનિયા હિંસાથી અળગી થવા લાગી, અહિંસામાંજ ધર્મ માનવા લાગી, જ્યાં દરેકનો પોતાનો આત્મા સાક્ષી પુરવા લાગ્યો કે હિંસામાં ધર્મ હોવો જોઇએજ નહી; ત્યારે ભોળી જનતાને શ્રાદ્ધના નામે દોરીને, સ્વર્ગના નામે દોરીને, પેટ પૂરવાનો ધંધો ખોલ્યો. હવે તે નામે પણ ઝૂકતી બંધ થઇ ત્યારે માબાપોને હોમવાવાળાઓ, બકારાઓને હોમવાવાળાઓ; (માબાપ બકરા અશ્વનો યજ્ઞ કરવાવાળા)નું કંઇ પણ ચાલ્યું નહિ. ત્યારે તેઓ બોલ્યા કે **'मा हिंस्यात् सर्वभूतानि'** આ ઉપરની છાયાથી કામ લેવા પુરતુંજ તેઓજ બોલે છે. પણ શાણાઓ તો સમજે છે કે હૃદયમાં તો હિંસાની બુદ્ધિ છે. બહારથી ડોળ કરે છે, અંદરથી ફસાવવાની બુદ્ધિ છે, અને આગળ પેટનો ખાડો પુરવો છે. માટે તેઓ કહે છે કે-**'जीवो जीवस्य जीवनम्!'** એટલે જીવ માત્રને જીવનો ખોરાક છે. **પેટ પુરવાની વાત આગળ પણ જે સિદ્ધાન્તમાં મજબુત રહેનાર દર્શન હોય તો ફક્ત એકજ અને તે જૈન-દર્શન છે.** અજ્ઞાની લોકો તો કહે છે કે ઇશ્વરે બધું કર્યું છે શા માટે?, ખાવા માટેજ. પેટલાદ પુરીની દહાય સળગી હોય તેને ઓલવવામાં આગળ પાછળનો વિચાર જેણે રાખ્યોજ-નથી. અરે બ્રાહ્મણોની મનુ સ્મૃતિમાં લખ્યું છે કે મહાત્મા તરીકે પ્રસિદ્ધ થયેલા અજીગત નામના ઋષિ છોકરાને મારી ખાવા દોડ્યા. છોકરાને મારી ખાવા જેવું પાપ કર્યું. પંચેન્દ્રિય મનુષ્ય અને વળી આશ્રિત-અરે તેનું પાપ કર્યું છતાં તેનાથી લેપાયો નથી; કારણમાં ઋષિને ભૂખ લાગી હતી, તેનો તે ઉપાય કર્યો માટે પાપ નહી. ઋષિએ વધુ નામના સુથારની ઘણી ગાયો મારી નાંખી હતી. છતાં પાપ લાગ્યું નહિ.

કુતરીની યોનિનું માંસ ખાધું છતાં પાપ લાગ્યું નહિ. ભુખને શમાવવા માટે આવા હકકો લખી આવ્યા છે, તેવા લેખના સંગ્રહને તેઓ શાસ્ત્ર ગણાવે છે. હવે આ કાણી કોઠીને પુરવા માટે એવી છુટ લઇ લીધી છે કે ધર્મ અને વિશ્વાસને પણ જેઓને કોરાણે મૂકવો પડે છે. પેટપૂર્તિ કરવા માટે છોકરાને મારવામાં, ગાયને મારવામાં, બ્રાહ્મણની ઇચ્છાએ માંસ ખાવામાં પાપ નહીં આવી ઘટનાઓ શાને માટે? કાણી કોઠીની પૂર્તિ માટે. તે તો સેંકડો વર્ષો બલકે અનાદિ કાળથી કોઠી કાણી છે, તે પુરાતી નથી. હવે કાણી કોઠી ઉપર કબજો મેળવનાર જૈન-શાસન સિવાય કોઇ નથી. તેથી યતી મુની સાધુ શબ્દ નહિ મુકતાં **भिक्खु** શબ્દ મૂકયો. બેતાલીસ-દોષથી રહિત ભીખ માંગીને લાવનાર જો કોઇ હોય તો જૈન ભિક્ષુકજ છે. કારણ કે તે મારીને કે પડાવીને લાવેજ નહીં, પણ ભિક્ષાથીજ ઉદર નિર્વાહ કરવા માટે ગૃહસ્થનું મન દુભાવ્યા વગર લાવે. ઉત્તરાધ્યયન-સૂત્રકાર લખે છે કે ભાગ્યશાળી ભિક્ષુકોને તગુખલા જેટલી ચીજ પણ તેને માંગીનેજ લેવાનો હક છે.

## ઉપકારિયોની ઉચ્ચ-ભાવના.

નવલોહીયા જુવાનીયાઓ કહેતા હતા કે ભગવાન્ મહાવીર મહારાજે ચંડકોશિયા આગળ પોતાનો હક્ક જમાવવા માટે ત્યાંજ કાઉસગ્ગ કર્યો. જે બિચારાઓ જૈન-સાધુના આચારને સમજતા નથી તે વીતરાગને તો સમજેજ કયાંથી?, અરે માંગીને લેવાનો જેનો આચાર

છે તેને પછી હકજ જમાવવાની તો વાતજ શી? અરે! પર્યુષણ સરખા વ્યાખ્યાનો સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો હોય અને સાંભળીને વિચાર્યું હોય તો ખ્યાલ આવત કે લોકોએ તેમને ઉજ્જડ રસ્તે જવા ના પાડી છે છતાં પ્રભુ જાય છે તે શા માટે?, પ્રતિબોધ માટે. અહીં ચંડકૌશિક પૂર્વ ભવમાં સાધુ હતો તે વાત પોતે જાણે છે. તેથી તેના ક્રોધને શમાવવા માટે પ્રતિબોધ કરવા જાય છે. જેમ ગચરકો આવે અર્થાત્ વાયાનો ઓડકાર આવે તેથી આખા શરીરમાં કંપારી થાય તેમ આ ચંડકૌશિક પૂર્વ ભવમાં ઉગ્ર-તપસ્વી પંચ-મહાવ્રત પાળક જીન-વચન-શાસન ઉપર શ્રદ્ધાવાળો, અને મિલ્કત કુટુંબ શરીર આદિનો ભોગ આપીને તીર્થંકરના વચન ઉપર સાધુપણું પાળવા આવ્યો હતો. જેણે જીન વચન ઉપર સર્વ છોડી ઉંચી દશાને પ્રાપ્ત થયેલો છતાં જેમ ગચરકો=ઓડકાર પ્રબળને હેરાન કરે છે તેમ દુર્બળને પણ હેરાન કરે છે. તેમ અહીં ક્રોધરૂપી કઠોર ઓડકારે આ મહા-પુરૂષ ચંડકોશિકને હેરાન કર્યો છે. હવે કહે છે કે ન હોય ને ન જાય તેની ફીકર નહી પણ હોય તેનું જાય તેની ફીકર તેને ઘણી થાય. આ ચંડકોશીયાને આવેલું ગયું અર્થાત્ ભરાયેલું ભાણું ઢોલાઇ ગયું છે, તેને પ્રતિબોધ કરું. ભલે મને નુકશાન થાય પણ ઉપકારની કીમ્મત ભોગ આપવામાં છે. હવે જગતને તારવા નીકળેલો હું ચંડકોશિયાને પ્રતિબોધ કરવા જાઉં તો મારે માટે આશ્ચર્યકારક નથી. હવે અહીં પ્રતિબોધ કરવા ગયા છતાં જે જૈન-નામધારીઓ તેમને (પ્રભુને) હક જમાવવા ગયા છે તેની વાત કરવી એ તો તેનું કમભાગ્યજ છે. જે વસ્તુ ચંડકોશિયાના પ્રતિબોધ માટે છે તેજ વસ્તુને ચંડકોશિયાની સત્તા-હક્ક ઉખેડવા માટે લેવી તે જૈન નામધારીને તો શોભે નહી. કદાચ જૈન નામ ધરાવતા હોય છતાં બોલે તો તેમની જીંદગીને ધિક્કાર છે, એ કહેવું અસ્થાને નથી. ઉપકારીઓ ઉપકાર કરવા અવસરે ઉચ્ચ ભાવનાથી ભાવિત હોય છે.

## ભાવભિક્ષુકની જીવન-ચર્યા.

હવે ભિક્ષુક ભિક્ષા-ગોચર્યા અવસરે રોટલો પાણી માંગે. ત્યારે તો દાતારની મરજી હોય તોજ મળે છે, એટલે આપે કે ન પણ આપે. જ્યાં જાય ત્યાં ધર્મ લાભ. પ્રાપ્તિ થાય કે ન થાય તો પણ ધર્મલાભ. ધર્મલાભ શબ્દ સિવાય બીજું ઉચ્ચારણ કરવાનું ભિક્ષુકને નથી, અર્થાત્ સત્તા કે હક્કનો અંકુરો નથી. જે શાસનમાં હક્કની વાત નથી, અરે! સામાયિકમાં પણ સામાયિક સંદિસાહુ એમ કહી બેસવાનું. જ્યાં ગુરૂ અને શિષ્ય વચ્ચે હક્ક નહીં. જ્યાં તીર્થંકર અને ભકતો માટે હક્ક નહીં. અહિં જૈન શાસનમાં આ ચામડાની કાંણી કોઠીને પુરવા માટે પણ જો હુકમ કે હક્ક નહીં. પેટ પૂર્તિ માટે પણ માંગીને લાવવાનું છે અર્થાત્ તે માટે પણ ટેકસ કે હક્ક નથી. કોઇ પણ પેટ પૂર્તિમાં પણ કડક આચારનું પાલન અને પ્રતિપાદન કરતું હોય તો આ જૈનધર્મ છે, અને તેથી પ્રથમ भिक्खु શબ્દ મુકયો છે. અત્યારે ચશ્મા જેવી ચીજ પહેરવી હોય-પોતાને ઉપયોગી લાગે ત્યારે પણ સંયમના સાધન તરીકે તેની યાચના કરીને ઉપયોગ કરી શકાય તેથી ભિક્ષુક. હવે નામથી કે જાતિથી કે વર્ગથી ભિક્ષુ નથી. ભિક્ષુક નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ એ ચારમાંથી કયા ભિક્ષુક સમજવા

તો કહે છે કે ભાવ ભિક્ષુક લેવાના છે. તે ભાવ ભિક્ષુક કમળ લેવા કેવી રીતનો પ્રયત્ન કરે છે, તે વિગેરે શ્રી મહાવીર મહારાજા આગળ કહી ગયા છે; તે રીતિએ શ્રીસુધર્મા-સ્વામિજી, શ્રી જંબૂસ્વામીજીને જણાવશે તે અગ્રે અધિકાર.

## —:ભાવનાધિકાર:—

### મૈત્રી-ભાવનામાં સર્વ-શબ્દનું રહસ્ય.

શાસ્ત્રકાર-મહારાજા-શ્રીજીનહર્ષસૂરીશ્વરજી મહારાજ વિશતિ-સ્થાનક-ચરિત્રની અંદર દાન-શીલ તપની વાત જણાવી ગયા. તેમાં દાનના ત્રણ પેટા ભેદો, શીલના અઢાર, અને તપમાં બાહ્ય અભ્યંતર બે ભેદ બતાવ્યા. હવે ભાવ કહેવો કોને? ભાવ શબ્દથી પ્રાય: જૈન કોઈકજ અજાણ્યો હશે? તેના શબ્દથી તો અજાણ્યો નહીંજ હોય પણ ભાવ કહેવો કોને? ભાવ શબ્દથી ભાવના, મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય, અને માધ્યસ્થ આ ચારે સર્વે જગતને લાગુ પડે છે. પ્રથમ મૈત્રી ભાવના બીજાનું હિત ચિંતવવું. શબ્દ કહેવો સહેલો છે પણ અમલમાં મૂકવો અઘરો છે. બીજાનું હિત થવામાં જરાએ આડો ન આવું બચ્ચાઓ પરસ્પરની દોસ્તીમાં કહે છે કે મ્હારે અને તહારે તો જીવજાન દોસ્તી છે' એમ બોલે પણ બે ઘોલ-થપ્પડ પડે કે તુરત કટ્ટી થાય છે. **मित्ति मे सव्वभूएसु** એમ બોલાએ ખરા, પણ અહીં સર્વ=શબ્દ અપેક્ષાનો નથી. અપેક્ષારૂપ એટલે સર્વ સાધુ તે રૂપ જીવ અને તેમાં મૈત્રી એમ અપેક્ષિત નથી. પરન્તુ જેમ સવ્વં-સાવજ્જ' 'માં નિરવશેષ સર્વ શબ્દ છે, એટલે કંઇ બાકી નહિ. અપેક્ષિત સર્વ શબ્દ જગતમાં વપરાય છે. જેમકે લોટામાં ઘી હતું તે બાઇ ગયો એની જગાએ બોલો છો કે તે બધું ઘી બાઇ ગયો. પણ અહીં સર્વ-શબ્દ ખરો પણ લોટાની અપેક્ષિતવાળો ઘી શબ્દ છે. તેમ સર્વ સાવદ્યમાં અપેક્ષિત નહિં. પણ સર્વ સાવદ્યનો ત્યાગ. જેમ સાવદ્ય યોગનો ત્યાગ કરતી વખતે કોઇ સાવદ્ય બાકી નહી પણ સર્વનો ત્યાગ છે. તેવી રીતે **मित्ति मे सव्वभूएसु** એનો પણ શબ્દથી કોઈ જીવ બાકી નહિં, તેવી રીતે મૈત્રી કરવી, અર્થાત્ જગત્ના જીવ માત્રનું હિત કરવું તે છે.

### વિરોધી પ્રત્યે પણ દયાની વર્ષા.

હવે કેટલાકો તો પ્રતિકુળ ન થાય ત્યાંસુધી મૈત્રી રાખવી એમ માને છે. શાસનથી પ્રતિકુળ થાય ત્યારે મૈત્રીના રામરામ કરે એવાઓને ભોંઠે શોભાવનાર શબ્દરૂપ મૈત્રી રહે છે. પોતા ઉપર આવેલો વસ્તુને જ્ઞાની ઉપર નાંખે અર્થાત્ પોતાના ઉપર આવેલી વસ્તુ શાસન ઉપર નાંખે, અને પોતાના બચાવની ખાતર શાસનના વિરોધી સિવાયની સાથે મૈત્રી રાખવા એમ બોલે છે; પણ શાસ્ત્રકાર તેવી મૈત્રી લેવાની વાત જણાવતાંજ નથી. તે તો સર્વ જીવોની સાથે મૈત્રીની વાત કરે છે. ચૌદ રાજમાં કોઇ જીવ બાકી ન રહે. સંગમ દેવતા સરખો અધર્મી કહો કે ખોટી નિંદા કરવાવાળો કહો કે જે સંગમને દેવલોકની બહાર ઇન્દ્ર કાઢી મુકીને સજા કરે છે તેવો સંગમ મરણાન્ત ઉપસર્ગ કરનારો તેવાને વિષે **ईदृशाष्यादृयो भद्रं** ઇત્યાદિ પદો જણાવ્યા. દયાના રસથી ભરપુર છે, આંખની કીકીઓ આંસુથી ભરાઇ છે એવા શ્રી મહાવીર છે. અહીં દયાળુ તીર્થંકર સંગમ જેવા વિરોધીને અંગે પણ પ્રભુને દયા સુઝે છે. મૈત્રી ભાવનાથી રહિત એવા આપણને તો

મારવાની બુદ્ધિ સુઝે છે. જીવોની પ્રકૃતિ ન રહે તે જુદી વસ્તુ છે પણ પરિણામની સાથે વિચાર કરવાનો છે. મૈત્રી કોનું નામ? સર્વ જીવના હિતનો વાત જેમાં હોય.

ચંડપ્રદ્યોતન સરખો રાજા, જે મુકુટ બદ્ધ-૧૪ રાજાઓને સાથે લઈ આવ્યો છે. મૃગાવતી સરખી જે ઉદાયન રાજાની રાણી શતાનિક પતિ મરી ગયો છે તેથી રાંડીરાંડ છે, છતાં તે હાથતાળી આપે છે. ચંડ પ્રદ્યોતન ઉજ્જયની લઈ જવા મૃગાવતીને કહે છે. તેના જવાબમાં મૃગાવતી કહે છે કે કુંવર નાનો છે, કુંવરનું રાજ્ય બગડી જાય; એમ બોલીને સંરક્ષણ માંગે છે. પછી ઈંટો મંગાવીને કોશામ્બીનો કોટ કરાવે છે અને કોઠાર=ભંડાર ધન-ધાન્ય ભરાવીને તૈયાર કરાવ્યાં છ મહિનાનો વાયદો આપે છે. અને પછી કહે છે કે સતીઓ તો કોઈના હાથે ચાલતી હશે? એમ જ્યારે બોલી ત્યારે ચંડપ્રદ્યોતનના મગજમાં કેટલી ખુમારી વધી હશે? તે વિચારો. એટલે આ કથનથી મૃગાવતીની અવગણના નથી. પણ સત્ય વાતની જાહેરાત છે. આવી સ્થિતિમાં શ્રી મહાવીર મહારાજા સમોસર્યા છે. ત્યાં પોતે વંદનાર્થે ગઇ છે, છતાં ચંડ પ્રદ્યોતન રોકી શકતો નથી. જેને હાથે ભંડાર કોઠાર ભરાવ્યો, કિલ્લો કરાવ્યો છતાં મૃગાવતીએ વાત વાતમાં રમાડયો. આવું હોવા છતાં પ્રભુને વંદન કરવા જતાં રોકાય નહિ. કારણ હિતની પ્રાપ્તિમાં તો વિરોધ હોયજ નહિં, પણ અનુમોદન હોય. આ વાત જ્યારે વિચારશો ત્યારે ખ્યાલ આપશે કે બાહુબળજીને ભરત કેમ નમ્યા?, તે સમજાશે. બાર બાર વર્ષ સુધી લોહીની નદીઓ વહેવડાવનાર અને દેવતાથી નિયુક્ત થએલા પાંચ પાંચ યુદ્ધોમાં બાહુબળીથી ક્ષુદ્ર ભરત મહારાજે જખમ સહ્યા છે. ભરતને હૃદયમાં અપમાનની કેટલી જ્વાળાઓ સળગતી હશે? હવે ચક્રવર્તી જે પોતાના ચક્રવર્તીપણાને અંગે વિચારે કે બાર બાર વર્ષ સુધી કબજામાં ન આપ્યો તેને અંગે કેવી સ્થિતિ હોય?, છતાં દીક્ષા સમયે વંદન કર્યું, કારણ કે હિતની પ્રાપ્તિનો પ્રસંગ બાહુબળિને છે ત્યાં અટકાયત નહિ. આવો પ્રસંગ તેજ **परहित चिन्ता मैत्री** કહી શકાય. વંદિત્તા સુત્રની વ્યાખ્યા કરતાં **वेरं मज्झ न केणइ** મારો ચાહે જેવો વિરોધી, અનુકૂળ કે પ્રતિકૂળ શત્રુ હોય, પણ જો તે મોક્ષમાર્ગમાં આવતો હોય, અગર મોક્ષ માર્ગને અનુસરતા અનુષ્ઠાનમાં આવે તો હું તેને આડો તો નજ આવું. આનું નામ વૈર વોસરાવ્યું કહેવાય, અર્થાત્ વાસ્તવિક મૈત્રી ચિંતવી કહી શકાય. આને પણ ભાવ કહે છે. તેમ બીજી ભાવનાઓ, અને સમિતિઓ કે ગુપ્તિ વિચારવી તે પણ ભાવ કહેવાય છે, પણ હવે દાનાદિ ચારમાં કયો ભાવ લેવો?, હવે તે ત્રણ ભાવો કયા રૂપના છે?, અહિં ભાવ કયા રૂપે લેવાનો છે; એ સમજવી તેનું કારણ વિગેરે સમજાવશે તે અગ્રે વર્તમાન.

## માનવંતા ગ્રાહકોને—

—અગાઉથી કરેલ સૂચના મુજબ વી. પી. થયેલ અંકો છોડાવી લેવા.

—ગયા અંકની સુચના મુજબ વ્યવસ્થિત સરનામાં મળ્યા હશે તેજ પૂ. શ્રમણ ભગવંતોને અંકો પોષ્ટથી રવાના થયા છે અને થશે.

—લવાજમ ભરનારે અગર નવા ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ નં. ૩**

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, **સુરત.**
લી૦ **તન્ત્રી.**

# 卐 શ્રી વર્દ્ધમાન–તપો મહાત્મ્ય. 卐

**નોંધ:**—આ 'શ્રીવર્દ્ધમાન–તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. **લેખકઃ-પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીવર. તંત્રી.**

[ લેખાંક ૧૧ મો ]

## રૂચિપદમાં પ્રવેશનારાઓને.

૧ શ્રદ્ધાની અનિવાર્ય જરૂર.

૨ શ્રદ્ધાનો અપલાપ કરનારાઓજ શ્રદ્ધાના ઉચ્છેદકો છે.

૩ શ્રદ્ધાપૂર્વક સમજની ઉત્પત્તિ, ટકાવ, વૃદ્ધિ અને ફલ.

૪ શ્રદ્ધા–દુધાંભોનિધિમાં પ્રવેશ કરનારાઓને.

૫ શ્રદ્ધા અને પ્રતીતિનું પારમાર્થિક રહસ્ય.

૬ પ્રતીતિની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની જરૂર.

આ છએ પ્રકરણોનું વાંચન–મનન–પરિશીલન કર્યા પછી શ્રદ્ધાની અનિવાર્ય જરૂર છે, એ બીના સ્પષ્ટપણે સમજાઇ ગઈ હશે, જિનેશ્વર–દેવના શાસનમાં પ્રવેશ કરનારાઓને અને વ્રત–નિયમ ઉચ્ચરનારાઓને સામાન્યતઃ પ્રથમ સમ્યક્ત્વ ઉચ્ચરાવાય છે. તે પ્રથમ શ્રદ્ધાના પદમાં પ્રવેશેલો છે એમ કહી શકાય છે અથવા તો મિથ્યાત્વના ત્યાગ સાથે શ્રદ્ધાનો પાઠ સ્વીકારવાનો અંગીકાર કર્યો છે એમ પણ કહી શકાય છે પરંતુ સર્વજ્ઞકથિત પદાર્થની કિંમતને સમજ્યા વગર પ્રતીતિ પદમાં શ્રદ્ધાના સ્વીકારના રિવાજને અનુસરવાવાળા તે બધાએ પ્રવેશ કર્યો છે એમ માની શકાતું નથી.

શ્રદ્ધાપદની પ્રાપ્તિ સાથે પ્રતીતિપદની પ્રાપ્તિ થતીજ નથી એમ પણ નથી. તેવીજ રીતે પ્રતીતિપદની પ્રાપ્તિ સાથે રૂચિપદની પ્રાપ્તિ થતીજ નથી એમ પણ નથી, પરંતુ આ જીવને સર્વજ્ઞકથિત સમ્યક્ત્વ કેવું સ્પર્શ્યું છે? વિવિધ પ્રકારના પ્રસંગો પ્રાપ્ત થતાં તેની સ્થિતિ નિશ્ચળ રહે છે કે ડગમગ થાય છે? તેવા પ્રસંગોમાં જીવની વાસ્તવિક સ્થિતિનું દિગ્દર્શન કરવા માટે ઉપર જણાવેલ શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિનું સ્વરૂપ સમજવાની જરૂર છે. દર્શનમોહના જીવલેણ ભાવને તપાસવા માટેજ આ છ પદોનું અવલોકન કરવું જરૂરી છે. દર્શનમોહના વિનાશ વગર આત્યંતિક રૂચિભાવને સ્થિર કરી શકાતોજ નથી. 'દર્શનમોહના વિનાશથી જે નિર્મળ ગુણ પ્રગટ થાય તેનુંજ નામ નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે' એમ સમ્યક્ત્વની ૬૭ બોલની સજ્ઝાયમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે જણાવ્યું છે. જુઓ 'દર્શનમોહ વિનાશથી જે નિર્મળ ગુણ ગણ તે નિશ્ચય સમકિત કહ્યું.' × × × × ×

દર્શનમોહનો ઉપશમ અને ક્ષયોપશમ થયાં છે કે નહિ? થયાં છે તો ગયાં છે કે રહ્યાં છે? રહ્યાં છે તો રહેશે કે જશે? આ બધી બીનાનો નિર્ણય આ શ્રદ્ધાદિ છ પદદ્વારા લગભગ થઈ જાય છે.

દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થવા સંબંધમાં વિસ્તારપૂર્વક સર્વજ્ઞકથિત શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. સમજવાની ઈચ્છાવાળાઓએ તે તે ગ્રંથો જોવા જરૂરી છે.

તત્ત્વત્રયીની પ્રતીતિમાં પાવરધા બનેલા આત્માઓને હિતકર, અનુકૂળ અને પરંપરાએ ફાયદાકારક પદાર્થ તત્ત્વત્રયીજ છે, તત્ત્વત્રયીના સેવનથી આત્મિક શક્તિનો વિકાસ થશે. તત્ત્વત્રયીથી વિમુખ રહેવામાં આત્માની સાચી શાંતિ, આનંદ અને સુખ પલાયન થઈ જશે. આ તત્ત્વત્રયીના સેવનથી અનેક જીવો ભૂતકાળમાં કલ્યાણ સાધી ગયા, વર્તમાન કાળમાં સાધે છે અને ભવિષ્ય કાળમાં સાધશે. આ તત્ત્વત્રયીના દર્શન, પૂજન, વંદન અને સેવનમાં જેમ જેમ જીવન પસાર થશે તેમ તેમ મારૂં જીવન ઉચ્ચ બનશે. તત્ત્વત્રયી પાછળ સર્વસ્વ જીવન સમર્પણ કર્યા વગર આત્મા પરમપદને પ્રાપ્ત કરી શકવાનો નથી. દેવાધિદેવના દર્શન કરૂં, વંદન કરૂં, સેવન કરૂં, તેમનું ધ્યાન ધરૂં, ગુરૂવાણીનું શ્રવણ કરૂં, વ્રત–પચ્ચખાણ કરૂં, આવાં આવાં અનેક

વિધ રૂચિકર તરંગો હૃદયાબ્ધિમાં અનેકશઃ ઉછળે છે. આત્મસત્તાના અલૌકિક અનુભવમાં તત્ત્વત્રયીના અનેકાનેક અનુષ્ઠાન કરવાની રૂચિ જાગૃત છે. જિનેશ્વરપ્રણીત નિર્ગ્રંથ પ્રવચન, પ્રવચનના સંસ્થાપકો, પ્રવચનના સંચલકો અને પ્રવચનના પ્રાણભૂત તત્વોની સેવના સિવાયનો પસાર થતો માનવજીવનનો કાળ નિરર્થક ફોગટ છે એટલુંજ નહિ પણ અનર્થક અને જલીમ જુલમગાર છે. અર્થાત્ અર્થ અને કામની ઉપાસનામાં જતો સમય આત્માનો અને આત્માના પરિણામનો સર્વથા ઘાતક છે આવા રૂચિપદમાં પ્રવેશેલા આત્માઓને કોઇ પૂછે કે-ધર્મિષ્ઠ કહેવાતા ધર્મદાસને શું રૂચે છે ? તો જવાબ મળશે કે ધર્મદાસભાઇને તો ધર્મજ રૂચે છે, તે સિવાય બધું અરૂચિકર લાગે છે.

(અપૂર્ણ)

## સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી બોધતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

**૧. ઝવેરી જમનાદાસ મોનજી.**
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, **મુંબઇ નં. ૨.**

**૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.**
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, **મુંબાઇ નં. ૩.**

**૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.**
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી, **ઉજ્જૈન,** (માલવા)

**૪. શા. નેમિચંદ તારાચંદ.** ૪૦૭, કોટન એક્સચેંજ,
કાલબાદેવી રોડ, **મુંબઇ નં. ૨.**

**૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.**
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, **મુંબઇ નં. ૩**

**૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,**
**પં. ભૂરાલાલ કે. શાહ,**
ઠે૦ હાથીખાના, રતનપોળ-**અમદાવાદ.**

# કોહીનૂર.

લેઃ—**ચન્દ્રપ્રભસાગર (ચિત્રભાનુ)**

નગરાજ હિમાલયની ઘનઘોર તરૂઘટાવાળી ખીણમાં, નરપાલ ધનપાલે એકદા રજનીવાસો કર્યો.

એ રઢીયાળી રાત્રિમાં નિદ્રાદેવીના ઝૂંપાળા ખોળામાં શયન કરતા ધનપાલના મૂકુટમાંથી કોહીનૂર હીરો સરી પડયો !

પ્રભાતે ધારા ભણી પ્રયાણ કરતા ધનપાલે કોહીનૂર ખૂબ શોધ્યો, પણ ન મળ્યો તે નજ મળ્યો. આખરે દુઃખી બનેલા ભૂપતિએ આગેકૂચ કરી.....સોહામણી સાંજનો સમય હતો, સરિતા મધુર કલરવ કરતી પૂર્વ ભણી ધસી રહી હતી, સૂર્યનો સુવર્ણ વર્ણ સન્ધ્યાના વર્ણ સાથે સવર્ણ બન્યો હતો; ત્યારે પેલો કોહીનૂર પાંદડાઓમાં છુપાએલો છતો, હળવાં કિરણ ફેંકી રહ્યો હતો !!

લાકડાનો ભારો લઈ જતાં કોઈ વનેચરે ભીલની દ્રષ્ટિને, આ કિરણોએ આંજી નાંખી ! હવે એ હાથમાં આવ્યો શાનો રહે ?, ભારો ફગાવી કૂદકો મારી, હીરા પાસે દોડી આવ્યો.

હીરાને હાથમાં લેતાં વનચરને વિચાર આવ્યોઃ—આ તો ખાવા લાયક કોઈ અદૃષ્ટપૂર્વ અપૂર્વ ફળ લાગે છે—એમ જાણી એને મોંમાં મૂક્યોઃ ચૂસ્યો પણ સ્વાદ નહિ. ચળગળાવ્યો પણ ગળ્યો નહિ. ચાવ્યો પણ ચવાણો નહિ. દાંતથી ભાંગવા લાગ્યો પણ ભાંગ્યો નહિ. એમ કરતાં ઉલ્ટો એ અભાગીનો દાંત તૂટી ગયો. અને વહી લોહીની ધારા. ક્રોધથી ધમધમતા વનેચરે, કોહીનૂરને મોઢામાંથી કાઢી, એની સામે ટગર ટગર ઘણીવાર સુધી જોઈ બોલી ઉઠયોઃ—"ઓ ! કઠણ પાણીયા ! તું શોભિતો છે. સુંદર છે. ચિત્રવિચિત રંગથી ચકચકીત છે; પણ મારે કામનો

તો તું નથીજ: તને ચૂરયો તો સ્વાદ નથી. ચળગળાવ્યો તો પીગળ્યો નહિ. ચાવ્યો તો ચવાણો નહિ. તોડવા ગયો તો મારો દાંત તૂટી ગયો. માટે તારા જેવા કમનસીબ કઠિન પાણાને રાખી શું કરું?" આમ કહી, ક્રોધથી દાંત કચકચાવી હીરાને દૂર દૂર ફગાવી દીધો—

ફગાવેલો કોહીનૂર, એજ ખાણની વનઘટામાંથી ઉદ્ભવેલી [કાવ્યગંગામાં સ્નાન કરતાં કવિના ચરણ કમલમાં આવી પડયો. કવિના ચરણમાં પડેલો એ કોહીનૂર મન્દ-આક્રન્દ કરવા લાગ્યો—

હા! રાજાના મૂકુટ ઉપરે શોભતો હું સદા જ્યાં,
લોકો આવી નમંન કરતાં દેખીને મુજને ત્યાં;
રે,રે આજે મૂરખ જનના હાથમાં હું ચઢયો કયાં?,
ગાળો આપી કવિ ચરણમાં ફેંકતો તુચ્છથી જ્યાં.

હા! કોઈ મોટા ભૂપના હાથે હું ચઢયો હોત તો, મૂર્ધન્ય મૂકુટમાં મૂર્ધન્ય શ્રેષ્ઠ બનત, ત્યાં મારી સોમ્ય કાન્તિ જોઈ લોકો પ્રસન્ન બનત! કોઈ મુગ્ધ મહારાણીએ જોયો હોત તો, પોતાના કોમળ કંઠમાં રહેલા નવલખા હારમાં મને શોભાવત! કોઈ પરીક્ષક ઝવેરીએ મને નિરખ્યો હોત તો, મખમલની સોહામણી ગાદીવાળી સુવર્ણ મંજુષામાં મૂકી, મને જોઈ જોઈ ખૂશી થાત અને સુખી બનત! પણ હું તો મળ્યો આ ગમાર વનેચરનેઃ બન્નેને નુકસાન! એનો દાંત પડયો અને મારૂં અપમાન થયું.

હા! બેકદરને કદર કયાંથી હોય? અજ્ઞાનીને જ્ઞાનીઓના મૂલ્યાંકન કયાંથી સમજાય? દુર્જનને સજ્જનતાનો ભાસ કયાંથી થાય? વિલાસીને વિરાગીની વિશિષ્ટતાઓની મઝા કયાંથી સાંપડે? તેમ અમૂલ્ય ગુણોની કિંમત ઘેલા-ગમારને કયાંથી હોય?—

પોતાના ચરણમાં પડેલા કોહીનૂરનો આ વિલાપ સાંભળી, એ સુજ્ઞ કવિએ આશ્વાસન આપતાં કહ્યું:—

"ઓ! કોહીનૂર! આમ સમજુને શોક સાગરમાં ડૂબવાનું ન હોય! આ વનચર તારી કિંમત ન સમજે એટલા માત્રથી આખું જગત તારી કિંમત નથી સમજતું, એમ માનવાની ભૂલ કરીશ નહી. ગમાર વનેચરો તારી કિંમત કયાંથી સમજે? તું પણ ગમાર પાસે મૂલ્યાંકનની આશા શા માટે રાખે છે? એ તો તારૂં અહોભાગ્ય છે કે એણે તારો પત્થરથી ચૂરો નથી કર્યો. ગમારથી બચી ગયો એજ તારૂં પરમ ભાગ્ય સમજ. તારી કિંમત તો સમજશે પન્ના ઝવેરીઓ, અને વિશ્વવેત્તાઓ! નિરાશ ન થા. તારા જેવા સાચા કોહીનૂરની મારે મારા મોંઘેરા જીવનમાં જરૂર હતી. તારા વિના મારા અન્ધકારવાળા હૈયામાં પ્રકાશના કિરણો કોણ ફેંકે?" આમ આશ્વાસન આપી, કોહીનૂરને ચૂંબન કરતો કવિ,—

'સાચો હીરો જગત્ જનને પૂર્વપુણ્યે મળે છે'-
આ સુંદર કવિતાને અનુસરતી કિંમતિ-કડીઓ લલકારતો,
ક્ષિતિજ ભણી ધીરાં ડગ ભરવા લાગ્યો.

---

## સકલ-સમીહિત પૂરક શ્રીશંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

રચયિતા - **પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગર-ગણીન્દ્ર.**

અવસર પામીને આવીયાંએ, આવ્યાં નાથ હજૂર;
જ્યો જીન પાસજી એ,
**શ્રીશંખેશ્વર સાહિબા**એ, મ્હારાં કર્મ કઠીણ કર દૂર.
જ્યો જીન પાસજીએ ૧.

જગ ચિન્તામણિ જગધણી એ, જગબાન્ધવ જગનાથ;
જ્યો જીન પાસજી એ,
આજ સફળ દિન માહરાંએ, નયણે નિરખ્યો નાથ.
જ્યો જીન પાસજીએ. ૨.

આશ્રય અનુપમ પામીયોએ, શ્રવણે સુણી હું આજ,
જ્યો જીન પાસજીએ,
આશ્રિત આશને પૂરવા એ, તુમ શિર શોભા લાજ.
જ્યો જીન પાસજીએ. ૩.

ઉચિત કાર્ય કુશલકરાએ, કમઠ ધરણિધર રાય,
જ્યોજીન પાસજીએ,
તુલ્યચિત્તવૃત્તિ પ્રભુ તાહરીએ, નિર્મળ યશઃ જગ ગાય,
જ્યો જીન પાસજીએ. ૪.

આશભર્યા અમે આવીયાંએ, લીધા વિના નવિ જાય,
જ્યો જીન પાસજીએ,
ચન્દ્રવદન તુજ ચાહતાંએ, આનન્દ અંગ ન માય,
જ્યો જીન પાસજીએ. ૫.

# શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ

(ગતાંકથી ચાલુ)

૬. **સ્તવનવિધિ પંચાશક**—શ્લો.૫૦, પૃ. ૨૦૬; ગ્રન્થકાર જણાવે છે કે ××××× । दोवि इमे कायव्वा भवविरहत्थं बुइजणेणं ॥५०॥

**વૃત્તિ**—द्वावपि न पुनरेक्ता एव, इमौ–द्रव्यस्तव भावस्तवौ कर्तव्यौ=विधेयौ भवविरहार्थं–संसारविच्छेद-निमित्तं, ×××, बुधजनेन=साधु श्रावकलोकेन तस्यैव सम्यग्दर्शनपूतबोधतया निरुपचरितबुधत्वेनोचितत्वात् ॥ इति उत्तरपदार्थः ॥५०॥

**ભાવાર્થ**:—શ્રમણ ભગવંતોએ અને શ્રાવકજનોએ આ બંન્ને દ્રવ્યસ્તવ-ભાવસ્તવને પણ સંસારનો સર્વથા વિચ્છેદ કરવાને માટે વિધિપૂર્વક કરવા લાયક છે.

આ સ્થળે ગ્રન્થકાર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવદ્વારાએ ભવવિરહનો અમોઘ ઉપાય પ્રદર્શિત કરે છે.

ભવવિરની ભવ્ય અભિલાષાવાળા ગ્રન્થકાર દ્રવ્યસ્તવનું સેવન કરનારને ભાવસ્તવના ભાવિત ભાવુકોને, વાંચકને, વિચારકને, અને આ પંચાશકનું પરિશીલન કરનારને ભવવિરહ માટે અર્થાત્ સંસારના ઉચ્છેદન માટે સર્વથા–સર્વદા–સર્વત્ર કટીબદ્ધ થવું પરમ શ્રેયસ્કર છે એ ભારપૂર્વક જણાવે છે.

૮. **પ્રતિષ્ઠાવિધિ પંચાશક**—શ્લો. ૫૦, પૃ. ૨૪૬; ગ્રન્થકાર જણાવે છે કે-×××××। विहिताणुट्ठाणं खलु भवविरह फले जहा होति ॥५०॥

**વૃત્તિ**—विहितानुष्ठानं=पूजावन्दनयात्रास्नानादि, खलुखधारणे, स च उत्तरोत्र संगत्स्यते, भवविरहफलमेव–संसार वियोग साधकमेव, यथेति=तथा शब्दस्य वीप्सायां प्रयुक्तत्वाद्यथाशब्दोऽपि वीप्सायामेव द्रष्टव्यः तेन यथा यथा–येन येन प्रकारेण भवति–जायत इत्युपदेशः ॥ इति उत्तरपदार्थः ॥५०॥

**ભાવાર્થ**:—જગદ્વન્દ્ય જિનેશ્વર ભગવંતના બિમ્બની પ્રતિષ્ઠા થયે છતે પૂજા-વંદન-યાત્રા-સ્નાનાદિ અનુષ્ઠાન નિયમા કરવા-લાયક છે. અર્થાત્ પૂજા-વન્દન સ્નાત્ર-યાત્રાદિ જે જે પ્રકારે જે જે રીતિએ કરવામાં આવે છે તે તે પ્રકારે તે તે રીતિએ કરવાથી સંસાર વિયોગના ફળ રૂપ મોક્ષથી પ્રાપ્તિ થાય છે.

૧૦. **શ્રમણોપાસક પ્રતિમા પંચાશક**—શ્લો. ૫૦, પૃ. ૨૮૭; ગ્રન્થકાર જણાવે છે કે ××××× । ता इय इह जइयव्वं भवविरहं इच्छमाणेहिं ॥५०॥

**વૃત્તિ**—तस्मात् इत्युक्तन्यायेन इह प्रतिमा पूर्वक प्रव्रज्यायां यतितव्यं=यत्नोविधेयः भवविरहः=संसारवियोगं, इच्छद्भिः—वाञ्छद्भिर्निखिलशासनपरमरहस्यपारगतागमावलंबिभिः ॥ उत्तरपदार्थः ॥५०॥

**ભાવાર્થ**:—જૈન પ્રવચનમાં પ્રતિમાનું સ્વરૂપ અને બીજા દર્શનમાં આશ્રમ ભેદ=ભૂમિકા વિશેષ (બ્રહ્મચર્યાશ્રમ-ગૃહસ્થાશ્રમ-વાનપ્રસ્થાશ્રમ-યતિ આશ્રમ ચાર આશ્રમ) જણાવ્યા છે તેથી કરીને પ્રતિમાપૂર્વક પ્રવ્રજ્યામાં સંસારનો વિયોગ ઇચ્છનારાઓએ યત્ન કરવા લાયક છે.

આ રીતિએ શ્રાવક ધર્મના સ્વરૂપને પ્રતિપાદન કરનાર પ્રથમ શ્રાવક પંચાશકથી શરૂ કરીને દશમા પંચાશક (પ્રતિમા પંચાશક) સુધી

શ્રાવક ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ કથન કરેલ છે, પ્રથમ=પંચમ-છઠ્ઠું-આઠમું અને દશમાં પાંચ પંચાશકમાં ભવવિરહનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. બીજા અને ત્રીજા પંચાશકમાં કુગ્રહ શબ્દથી અસદભિનિવેષ=અશાસ્ત્રીયાભિનિવેશ જણાવીને પરંપરાએ ભવવિરહ=સંસારનો વિયોગ સ્પષ્ટ જણાવે છે. ચોથા, સાતમા અને નવમા પંચાશકમાં ભવવિરહ અગર કુગ્રહ શબ્દથી નિર્દેશ કર્યો નથી, પરંતુ ભવવિરહથી ઉત્પન્ન થતું અનુક્રમે સિદ્ધિકામેહિં-સાસય સોક્ખં ઇત્યાદિ સિદ્ધિફલ જણાવીને ભવવિરહની ભવ્યતા અને આવશ્યકતા સિદ્ધિ ફલદ્વારા સ્પષ્ટ કરે છે. ઉપર પ્રમાણે શ્રાવકધર્મ વિભાગીય ભવ-વિરહતા સમજવા.

## શ્રમણ-ધર્મ વિભાગ:

હવે શ્રમણ ધર્મ વિભાગીય નવ પંચાશક સ્થિત ભવ વિરહતાને વિવેકપૂર્વક સમજીએ.

**૧૧. સાધુધર્મ[1] પંચાશક**—શ્લો૦ ૫૦, પૃ. ૩૧૪, ગ્રન્થપ્રણેતા પ્રતિપાદન કરે છે કે, एसो पुण संविग्गो संवेगं सेसयाणं जणयंतो। कुग्गहविरहेण लहुं पावइ मोक्खं सयासोक्खं ॥५०॥

**વૃત્તિ**—एसो-एषोऽनन्तरोक्तगुणो भावसाधुः पुनः शब्दो विशेषणार्थः संविग्नो मोक्षाभिलाषी-संसारभीरुर्वा आत्मना तथा संवेगं-उक्तरूपं शेषकाणां=आत्मनोऽन्येषां जनयन्=उत्पादयन् स्वदेशनया सच्चेष्टया च कुग्रहविरहेण= असत्त्वाभिनिवेशविकलतया लघु=शीघ्रं, प्राप्नोति= आसादयति, मोक्षं=सकलकर्मनिबन्धनवियोगलक्षणं, सदासौख्यं=सततसुखं, दुःखबीजस्य कर्मणोऽभावात् ॥ इति गाथार्थः ५० ॥

**ભાવાર્થ**:—પૂર્વે (પૂર્વ ગાથામાં જણાવેલા ગુણો યુક્ત) જણાવેલ ગુણવાન્ ભાવસાધુ મોક્ષનો અભિલાષી અગર સંસારની સર્વ પ્રવૃત્તિ પ્રત્યે ભીરૂ=ખીકણુ હોય તે પોતાને અને આશ્રિતોને સદેશના વડે અથવા સત્ય પ્રવૃત્તિ વડે સંવેગને ઉત્પન્ન કરતો અતત્વાભિનિવેશ= અસદ્ આગ્રહે કરીને રહિત જલ્દી કર્મ બંધનથી મુક્ત એવા શાશ્વત સુખને પામે છે.

**૧૨. સામાચારી-પ્રકરણ પંચાશક**—શ્લો૦ ૫૦, પૃ. ૩૩૯, ગ્રન્થકાર જણાવે છે કે-जे पुण एयविउत्ता सग्गहजुत्ता जणंमि विहरंति। तेसिं तमणुट्ठाणं णो भवविरहं पसाहेइ ॥५०॥ सामायारी समत्ता ॥

**વૃત્તિ**—अथोक्त व्यतिरेकमाह-'जे' इत्यादि, सामाचारीं युञ्जानाः कर्मक्षपयन्त्येव, ये पुनः साधवः एतद्वियुक्ता=उक्तसामाचारीवियुताः, तथा स्वाग्रहयुक्ताः= अशास्त्रीयानुष्ठानाभिनिवेशोपेताः, जने=लोके, विहरन्ति= विचरन्ति, तेषां एतत्सामाचारीवियुक्तसाधूनां तत्त्वाग्रह-विषयभूतं अनुष्ठानं=क्रिया, नो=नैव, भवविरहं=संसारक्षयं, प्रसाधयति=निष्पादयति, स्वमतिविवृत्तेर्मोक्षफलत्वेनोक्तत्वात्। इति गाथार्थः ॥५०॥

**ભાવાર્થ**:—જેઓ દશવિધ ચક્રવાલ સામા-ચારીનું સેવન કરે છે, તે સાધુ-ભગવંતો કર્મને ખપાવે છે અર્થાત્ કિલષ્ટ-કર્મોની નિર્જરા કરે છે. પરંતુ જે સાધુઓ દશવિધ ચક્રવાલ સામાચારીનું સેવન કરતાં નથી,

---

૧. ઇચ્છાકાર, મિચ્છાકાર આદિ દશવિધ સામા-ચારીઓનું સેવન સંયમધારિ સાધુ ભગવન્તોને નિયમા કરવાનું ફરમાન છે. દશનો સમુદાયને દશવિધ ચક્રવાલ સમાચારીને કહે છે.

અર્થાત્ જેઓ દશવિધ ચક્રવાલ સામાચારીએ કરીને રહિત છે, તથા શાસ્ત્રમાં નહિં કથન કરેલાં અનુષ્ઠાન કરવામાં અતિ આગ્રહવન્ત છે; તેઓ ગ્રામાનુગ્રામ વિહાર કરીને જનસમુદાયમાં વિચરી રહ્યાં છે, તેવાઓની અશાસ્ત્રીય અનુષ્ઠાનભૂત ક્રિયાઓ સંસારનો સર્વથા ક્ષય કરી શકતીજ નથી. પરમાર્થથી સ્વમતિ કલ્પિત પ્રવૃત્તિ સંસારની દુઃખદાયક-પરંપરા રૂપ ફલને ઉત્પન્ન કરે છે.

આ ઉપરથી દશવિધ ચક્રવાલ સામાચારીનું સેવન કરનારાઓજ ક્લિષ્ટ કર્મોને ખપાવે છે, તેથી વિરૂદ્ધ વર્તનારા નામધારિ સાધુઓ કર્મ ખપાવી શકતાંજ નથી. ભવ વિરહના અભિલાષિ—ભવ્ય ભાવુકોએ ભવ વિરહ=સંસારના સર્વથા ક્ષય કરવા માટે દશવિધ ચક્રવાલ સામાચારીનું સેવન કરવા ત્રિવિધે ત્રિવિધે અતિ ઉજમાળપણે સંયમિ-જીવન જીવવું એજ સર્વથા-સર્વદા-સર્વત્ર હિતાવહ છે એ આ ગાથાનો પારમાર્થિક-પુનીત ઉપદેશ છે. ગાથા ૫૦.

૧૩. **પિણ્ડવિધાન પંચાશક**—શ્લો૦ ૫૦, પૃ, ૩૬૨; ગ્રન્થકાર જણાવે છે કે-

एयं णाऊण जो सव्वं चिय सुत्तमाणतो कुणति । काउं संजमकायं सो भवविरहं लहु लहति ॥૫૦॥

**વૃત્તિ**—एतत्पूर्वोक्तं पिंडविधानं ज्ञात्वा=अवगम्य, यः कोऽपि साधुः सर्वमेव=निःशेषमेव, सप्तचत्वारिंशद्दोषवर्जनेन सूत्रमानत=आप्तवचनं प्रमाणीकृत्य करोति=विधत्ते, अनेन मोक्षार्थिनः सर्वविद्व च नैकशरणतां दर्शयति, कृत्वा=विधाय, संयमप्रधानः कायः शरीरं संयमस्य वा कायो राशिः संयमकायस्तं स साधुः भवविरहं=संसारविच्छेदं, लघु=शिघ्रं, लभते=प्राप्नोति, भवविरहोपायत्वेन संयम कायस्य सर्वविदा दृष्टत्वादिति गाथार्थः ॥૫૦॥

**ભાવાર્થ**:—ભક્ત-પાનાદિ સ્વરૂપ પિણ્ડ-ગ્રહણવિધિ પંચાશકનો ઉપસંહાર કરતાં અંતિમ શ્લોકમાં શાસ્ત્રકાર જણાવે છે કે—પૂર્વ કથન કરેલ આ પિણ્ડ વિધિને જાણીને જે કોઇ સાધુ સમસ્ત સુડતાલીસ (૪૭) દોષોના વર્જનથી આપ્ત વચનને સ્વીકારે છે. અર્થાત્ વસ્તુતઃ મોક્ષાભિલાષિઓએ સર્વજ્ઞ કથિત વચનોનું એક શરણ્યપણું સ્વીકારવા યોગ્ય છે. દોષ રહિત ભાત પાણી ગ્રહણ કરીને સંયમ પ્રધાન શરીરને પોષે છે, અથવા દોષરહિત ભાત પાણી ગ્રહણ કરીને સંયમનો રાશિ=સમુદાય એકઠો કરે છે તે સાધુ ભવવિરહ=સંસારનો વિચ્છેદ= સંસારનો સર્વથા ક્ષયને શીઘ્રપણે પ્રાપ્ત કરે છે. કારણ કે "ભવવિરહનું અદ્વિતીય કારણ સંયમ-કાય છે" એવું સર્વજ્ઞ તીર્થંકરોએ પ્રતિપાદન કરેલું છે અને શાસન સંચાલક સૂત્રકાર ભગવંતોએ જણાવેલું છે. ભવવિરહના અર્થિ-આત્માએ દોષ રહિત આહારથીજ સંયમ કાય-રૂપ સાધુ શરીરને પોષવું એજ સર્વદા-સર્વથા-સર્વત્ર હિતાવહ છે.

૧૪. **શીલાંગ-પંચાશક**—શ્લો૦ ૫૦, પૃ. ૩૮૫; શાસ્ત્રકાર જણાવે છે કે-

इय णियबुद्धिए इमं आलोएऊण एत्थ जइयव्वं । अच्चंतभावसारं भवविरहत्थं महजणेणं ॥૫૦॥

**વૃત્તિ**—' इय ' इत्यादि, इति=यागुक्तन्यायेन निजबुद्धया=स्वधिया इदमनन्तरोपन्यस्तं भावशून्यक्रियायास्तत्त्वतोऽक्रियात्वं आलोच्य=विमृश्य अत्र क्रियायां यतितव्यं=यत्नो विधेयः, कथमिति ?, आह—अत्यन्त भावसारं=अतीवप्रशस्ताध्यवसाय प्रधानं क्रियाविशेषणमेतत्

भावयुक्त क्रियायां न क्रियामात्र इत्यर्थः, किमर्थमिति, आह–भवविग्रहार्थं=संसारक्षयाय, अनन्योपायत्वात्तस्य महाजनेन विशिष्टलोक एवहि भवविग्रहार्थी स्यादिति गाथार्थः ॥५०॥

**ભાવાર્થ:**—ભાવધર્મથી ભાવિત-સર્વવિરતિધર સાધુ ભગવંતોને સર્વવિરતિ ધર્મ અખંડપણે પ્રવર્તતો હોય ત્યારે અઢાર હજાર શીલાંગ=સર્વ વિરતિ ધર્મરૂપ ચારિત્ર ધર્મના અઢાર હજાર અંશો હોય છે.

યોગ-કરણ-સંજ્ઞા-ઇન્દ્રિય-કાય-યતિધર્મ

૩ × ૩ × ૪ × ૫ × ૧૦ × ૧૮=૧૮૦૦૦) અઢાર હજાર અનુક્રમે ગુણાકાર કરતાં ચારિત્રના અંશો થાય છે.

આ અઢાર હજાર શીલાંગનું સ્વરૂપ આ પંચાશકમાં પ્રતિપાદન કરીને પ્રકરણની પરિસમાપ્તિમાં શાસ્ત્રકાર જણાવે છે કે—અસદ્ગ્રહ યુકત અને પ્રશસ્ત ભાવશૂન્ય આત્માઓએ સાધુપણામાં દ્રવ્યાદિ અનુષ્ઠાનો કરીને અનંતીવાર તેઓ નવગ્રૈવેયકાદિમાં ગયા, પરંતુ નિર્વાણ=મોક્ષકારણ ભૂત સમ્યકત્વને પ્રાપ્ત કર્યું નહિં, કે જેથી કરીને સુંદર ભાવ આવી શકયોજ નહિ.

ઉપર પ્રમાણેના કથન કરેલ ન્યાયથી અનંતી વખત મનુષ્યપણું, મનુષ્યપણાને સફળ કરવાની સાધન સામગ્રી, સાધુપણું મેળવવું; અને મેળવેલી સમગ્ર સામગ્રીઓ સાથે મુકયા કરવું, તથા ભવોભવની રખડપટ્ટીમાં દુઃખની પરંપરા અનુભવ્યાજ કરવું તે વિદ્વાન્-વિવેકિયોને આ સિદ્ધાન્ત માન્ય હોઈ શકે નહિ. તેથી આ કથન કરેલ ન્યાયથી વિવેકિયોએ પોતાની બુદ્ધિથી હેય-ઉપાદેયનો વાસ્તવિક નિર્ણય કરીને ભાવશૂન્ય ક્રિયાને પરમાર્થથી અક્રિયપણું=કાર્ય સાધક રહિતપણું વિચારીને સુક્રિયામાં સર્વથા યત્ન કરવા ઉજમાળ રહેવું જરૂરી છે.

સંસારનો ક્ષય કરવા માટે ભાવ યુક્ત ક્રિયામાં અતીવ પ્રશસ્ત ધ્યાન એજ અમોઘ કારણ છે, અર્થાત્ સંસારના ક્ષય માટે અત્યંત પ્રશસ્ત ભાવ સિવાય બીજું કોઇપણ કારણ કાર્ય સાધક થતુંજ નથી. આજ વાતને ત્રૈલોક્યનાથ તીર્થંકર ભગવંતાદિ પૂર્વધર–પૂર્વાચાર્ય–મહાજનોએ ભવવિરહના અર્થિ–આત્માઓ માટે અનન્ય ઉપાય આજ દર્શાવ્યો છે.

**૧૫. આલોચન વિધાન-પંચાશક—** શ્લો. ૫૦, પૃ. ૪૦૬; ગ્રન્થકાર અંતિમ શ્લોક ૪૯-૫૦ ની અંદર ભવવિરહ શબ્દના પ્રયોગનું આલેખન કરતાં નથી. પરંતુ ભવવિરહના ભવ્ય ઉપાયને પ્રદર્શિત કરી ભવ્યાત્માઓને ગુણ સ્થાનક શુદ્ધિજનક આલોચનાદિનું સેવન કરવાનું જણાવી દે છે. છેલ્લા બે શ્લોકના પરમાર્થનું પુનીત ભાવે સેવન કરનારા પુણ્યાત્માઓ ભવવિરહ=સંસાર ક્ષય કરી પરમ પદને પ્રાપ્ત કરે છે, એ અંતિમ બંન્ને શ્લોકોનો પરમાર્થ છે.

**૧૬. પ્રાયશ્ચિત્ત-વિધિ-પંચાશક—**શ્લો. ૫૦, પૃ. ૪૨૬; ગ્રન્થકાર જણાવે છે કે–××××। तह चेव पयट्टाणं भवविरहपराण साहूणं ॥૫૦॥

વૃત્તિ–तथैव संयमाप्रतिपातेनैव प्रवृत्तानां=व्यापृतानां भवविरहपराणां=संसारच्छेदनपधानानांसाधूनाम्=संयतानामिति ॥ उत्तर पदार्थः ॥

**ભાવાર્થ:**—સર્વ વિરતિ ધર્મનું સેવન કરતાં, જાણતાં-અજાણતાં લાગેલાં કર્મનું શોધન કરવા માટે, પ્રાયશ્ચિત અદ્વિતીય હેતુ ભૂત છે. આલોચન કર્યા વગર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું

નથી. પ્રાયશ્ચિતને અનુસરતું અનુષ્ઠાન કર્યા વગર કર્મની વિશુદ્ધિ થતી નથી, અર્થાત્ ભવની પરંપરાનો અંત આવતો નથી. તેથીજ સંયમને અનુસરતાં પરિણામ-પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલા પુણ્યવંત સાધુ ભગવંતોનું પ્રધાન કાર્ય સંસારનો છેદન ભેદન કરવાનું જ હોય છે. અથવા સંસારનું છેદન કરવામાં તત્પર થયેલા સાધુ ભગવંતો સંયમને અનુસરતાં પરિણામ-પ્રવૃત્તિમાં ઉદ્યમવન્ત હોય છે, અને લાગેલાં પાપ કર્મના શોધનાર્થે પ્રાપ્ત થયેલ પ્રાયશ્ચિત્તનું પૂર્ણ પ્રેમથી પુનઃ પુનઃ સેવન કરે છે.

૧૭. **સ્થિતાદિ કલ્પ પંચાશક**—શ્લો૦ ૫૨, પૃ. ૪૪૭, પ્રકરણ પ્રણેતા ભગવન્ત શાસ્ત્રકાર જણાવે છે કે—એવં ચ સંકિલિટ્ઠ। માઇટ્ઠાણંમિ णिच्चतल्लिच्छा। आजीवियभयत्था मूढा णो साहुणो णेया ॥૧૧॥

संविग्गा गुरुविणया णाणी दंतिंदिया जियकसाया। भव–विग्हे उज्जुत्ता साहुणो होंति ॥૧૨॥ स्थितास्थितविधिः समाप्तः ॥

**વૃત્તિ**—'एव' मित्यादि, एवं च–उक्तनीत्या संज्वलनव्यतिरिक्त कषायोदये न श्रमणत्वमित्येवंलक्षणया संक्लिष्टाः–संक्लिष्टचित्ताः कषायान्तरोदयात् मातृस्थाने=पापायां नित्यं तल्लिप्सा–सदैव तत्पराः परवञ्चनपराणत्वात्, आजीवनमाजीविका=निर्वाहस्तदभावतया यद्भयं=भीतिस्तदाजीविकाभयं तेन ग्रस्ता=अभिभूता ये ते तथा गृहस्थैर्विज्ञातनिर्गुत्वाधनादिविरहिता वा कथं निर्वेक्ष्याम इत्यभिप्रायवन्त इत्यर्थः मूढा=मुग्धाः, परलोकसाधनवैमुख्येनेहलोकप्रतिबद्धत्वात्, नो–नैव साधवो ज्ञेया=ज्ञातव्याः। इति गाथार्थः ॥૧૧॥ उक्तविपर्ययमाह–'संविग्गेत्यादि संविग्नाः=संसारभीरवः, अत एवगुरुषु=संसारोत्तरणोपायोपदेशकेषु विनताः=प्रणतागुरुविनताः, अतएवज्ञानिनः=सुपसन्नगुरुवितीर्णश्रुतज्ञानाः, अतएव च दान्तेन्द्रियाः=जिताक्षाः, जितकषायाः=निगृहीतक्रोधादिभावाः, भवविग्हे=संसारवियोगे विधेये उद्युक्ताः=उद्यताः, ज्ञानक्रियारूपत्वात्तदुद्यमस्य, यथार्हि=यथायोग्यं देशकालाद्यपेक्षया ऋजुजडवक्रजडऋजुप्रज्ञत्वानुरुपं वा, न तु वक्रजडत्वे सति ऋजुप्रज्ञत्वोचिता इतरे चेति भावः, साधवो=यतयः भवन्ति=स्युः ॥ इति गाथार्थः ॥૧૨॥

**ભાવાર્થ**:—એવી રીતે સંજ્વલન કષાયવર્તિ સાધુ ભગવન્તોને સર્વવિરતિ રૂપ ચારિત્ર છે, અને આથીજ સંજ્વલન કષાય સિવાયની પૂર્વની ત્રણ ચોકડીઓ (અનન્તાનુબન્ધિ આદિ ત્રણ વિભાગીય કષાયોની ચોકડીઓ) ના ઉદયમાં શ્રમણપણું સંભવતું નથી. કારણ કે સંજ્વલન સિવાયના બીજા કષાયોના ઉદયકાલે સાધુઓની જીવન ચર્યા કેવા પ્રકારની હોય તે જણાવે છે. ૧ આર્તધ્યાનાદિમાં રકત સંકલિષ્ટ ચિત્તવાળા, ૨ અસતી-કુલટા નારી પરે નયન-વચન-શરીરાદિના હાવભાવને ગોપવામાં તત્પર એવા માયાદિ સ્થાનમાં નિત્ય રંગાયેલા અને બીજાઓને રંજન કરવામાં ચતુર. ૩ સાધુપણાની આજીવિકા કઇ રીતે નહિ તેજ ભાવે વર્તવાવાળા અને ચાલુ આજીવિકાને ભય ન આવે તે માટે સદા આજીવિકાના ભયથી ભયભીત થયેલા. ૪ પરલોક પ્રાપ્તિના વિશિષ્ટ સાધનોથી વિમુખ થયેલા અને આ લોકમાં જન મનરંજન કરવામાં અતિ ચતુર ભોળા મહામૂર્ખ એવા વેષથી સાધુઓ હોય છતાં સાધવા યોગ્ય સાધનથી વિપરીત જીવન જીવનારા હોવાથી ઉપર કહેલાં

વિશેષણ યુકત નામધારિ સાધુઓને સત્‌સાધુઓ રૂપે જાણવા લાયક નથી.

તો પછી ઉપર કહેલા દોષોથી વિપરીતપણે જીવન જીવનારાઓ સાધવા યોગ્ય સાધનદ્વારાએ સાધ્ય સિદ્ધિ કરવામાં ઉદ્યમવંત છે. માટે તેઓનેજ સાધુઓ કહેવા. તેઓની જીવનચર્યાનું પ્રતિપાદન કરતાં જણાવે છે કે, સંસારમાં દેવ-દેવેન્દ્ર અગર અનુત્તર વિમાનવાસિ દેવોની સર્વ સંપત્તિઓને, અને નર નરેન્દ્ર ચક્રવર્તિ-વાસુદેવની સર્વ સંપદાઓને કેવળ દુઃખરૂપ માનનારા અને મોક્ષ સુખ સિવાય સર્વત્ર દુઃખ-મૂલક-દુઃખફલક અને દુઃખ-પરંપરા વર્ધક સાધનોને જોનારા હોવાથી સંસારની ચારે ગતિઓથી ઉદ્વિગ્ન=સંવિગ્ના=મોક્ષ સુખના અભિલાષિ હોય, ૨ અને આથીજ સંસાર સમુદ્રથી પાર ઉતરવાના ઉપાયનો ઉપદેશ દેનારા ઉપદેશક ઉચ્ચસ્થાન સ્થિત ગુરૂવર્યો પ્રત્યે વિનય બહુમાન કરનારા, ૩ અને તેથીજ તેવા સુપ્રસન્ન થયેલા ગુરૂવર્યોએ સુપાત્ર સ્વરૂપ શિષ્યોને દીધી છે. શ્રુતજ્ઞાનની સંપદાઓ જેણે અર્થાત્‌ ગુરૂવર્ય પરંપરાએ પ્રાપ્ત કરેલ શ્રુતજ્ઞાન સંપદાઓના સ્વામિપણાને પ્રાપ્ત કરનારા, ૪ અને આથીજ ઈન્દ્રિયોનું દમન કરનારા, ૫ ક્રોધાદિ કષાયોપર વિજય મેળવનારા ભવ્યાત્મા-શ્રમણ ભગવંતો સંસારનો વિયોગ=સંસારનો ક્ષય કરવારૂપ વિધાનમાં અતિ ઉદ્યમવન્ત હોય કારણ કે સંસારનો સર્વથા વિયોગ કરવામાં થતો ઉદ્યમ એ જ્ઞાન-ક્રિયા સ્વરૂપ હોવાથી સફળ છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ ભાવની અપેક્ષાએ જે શ્રમણ ભગવંતો સંસારનો સર્વથા વિયોગ કરવામાં ઉદ્યમવંત હોય છે. અર્થાત્‌ સંસાર વિયોગ-રૂપ અંતિમ વિયોગના અંતમાં શાશ્વતપદની પ્રાપ્તિ સ્વરૂપ આદિ અનંત ભાવે સુસંયોગની પ્રાપ્તિ તે પુણ્યાત્માઓને પ્રાપ્ત થાય છે. અને આથીજ સંવિગ્ના ગુરૂ વિનીતા-જ્ઞાની જીતેન્દ્રિય જીતકષાયવંત, તથા ભવવિરહ જે રીતિએ થાય તે રીતિએ કરવાને ઉદ્યમવન્ત હોય તેઓજ સાધુ ભગવંતો છે એ બંન્ને ગાથાનો ફલિતાર્થ છે.

**૧૮. ભિક્ષુ પ્રતિમા પંચાશક**—શ્લો. ૫૦, પૃ. ૪૭૦; પ્રકરણ પ્રણેતા પ્રતિપાદન કરે છે કે—xxxx । सयसामत्थणुरूवं अइरा काहिंति भवविरहं ॥૫૦॥

**વૃત્તિઃ**—xxxx । सयसामत्थणुरूवंति=निजशक्त्यनुसारेण 'अइर'त्ति शीघ्रं, 'काहिंति'त्ति विधास्यन्ति, 'भवविरहं'ति संसारक्षयं इति गाथार्थः ।૫૦॥

**ભાવાર્થ**—प्रतिमा=प्रतिज्ञा=अभिग्रह विशेषનું સ્વરૂપ આ પંચાશકમાં પ્રતિપાદન કરેલું છે. પૂર્વે જણાવેલ સર્વ પ્રતિજ્ઞાનું પૂર્ણ પ્રેમથી યથાર્થ પાલન કરનારા અર્થાત્‌ પોતાની મતિ કલ્પનાએ કરનારા નહિં પરંતુ જીનેશ્વર ભગવંતોએ શાસ્ત્રોમાં જે રીતિએ પ્રતિજ્ઞાનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તે રીતિ એજ પ્રતિજ્ઞાનું પાલન કરનારાઓ સ્વબલ-વીર્ય-પરાક્રમ-સામર્થ્યને અનુસરીને અલ્પ સમયમાં ભવવિરહ=સંસારક્ષયને કરે છે અને કરશે.

**૧૯. તપ ઉપધાન પંચાશક**—શ્લો૦ ૪૪, પૃ. ૪૮૬, પંચાશક ગ્રન્થકાર અંતિમ શ્લોકમાં જણાવે છે કે—जम्हा एसो सुद्धो अणियाणो होइ भावियमईणं । तम्हा करेह सम्मं जह विरहो होइ कम्माणं ॥૪૪॥

**વૃત્તિઃ**—एवमनन्तरोक्तं तपो निर्निदानमिति व्यवस्था-

पितमथोपदिशन्नाह—' जम्हा ' इत्यादि, यस्मात्कारणात् 'एसो'त्ति इदमन्तरोक्तं तपः शुद्धं निर्दोषं भवति—स्यात्, किंभूतं सदिति ?, आह—अनिदानं—प्रागुक्तयुक्तया निदान-वर्जितं, केषामिदमेवंविधमिति ?, आह—भावितमतीनां= सदागम वासितमानसानां, तस्मात् कारणात् कुरुत—विधत्त एतदेवेति गम्यं, सम्यग्—भावशुद्ध्या, एतदेव व्यक्ततामाह-यथा=येन प्रकारेण विरहो=विनाशो भवति—जायते कर्मणां=ज्ञानवरणादीनां, इह च **विरहशब्देन श्रीहरि-भद्राचार्यकृतता प्रकरणस्य सूचिता, विरहांकत्वात्तस्येति** गाथार्थः ॥४४॥

**ભાવાર્થ**:—એ રીતિએ આ પંચાશક પ્રકરણના પૂર્વે ૪૩ શ્લોકોમાં જે જે તપોધર્મનું વિધાન કર્યું, તે તે તપોધર્મનું સેવન નિયાણા વગર (ભાવિ જીવનમાં તપોધર્મના વાસ્તવિક ફળને બદલે સાંસારિક લાભો મેળવવાના મનોરથો વગર) કરવું જોઈએ એ પ્રમાણે ગ્રન્થકાર વ્યવસ્થા કરે છે.

નિયાણા વગર તપોધર્મની વ્યવસ્થા કરીને હવે અંતિમ ઉપદેશ જણાવે છે, તે ઉપદેશને વાંચકોએ હૃદય મંદિરમાં વિવેક પૂર્વક સ્થિર કરવો જોઈએ. સર્વજ્ઞકથિત આગમના અનુપમ ભાવથી ભાવિત થયેલ છે. અંતઃકરણ અને બુદ્ધિ જેઓની, તેઓએ પૂર્વે કથન કરેલ તપોધર્મ નિયાણા વગર જે જે કારણથી શુદ્ધ થાય તે તે કારણથી તે તપોધર્મને શુદ્ધ કરવો જ જોઈએ, અને નિયાણા વગર ભાવ શુદ્ધિપૂર્વક તપોધર્મનું સેવન કરનારાઓ જે જે પ્રકારે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો વિરહ=નાશ=ક્ષય થાય તે રીતે કરે છે.

વિરહ શબ્દથી પ્રકરણની પૂનીત કૃતિના કર્તા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વર છે એ પણ ગ્રન્થકારે સૂચન કર્યું. અને સાથે સાથે સકળ કર્મોનો વિરહ ઇચ્છાવાવાળા ગ્રન્થકાર વાંચકને પણ સકળ કર્મનો વિરહ થાય તે રીતિએ વાંચન—મનન—પરિશીલન કરવા ભલામણ કરે છે.

## વિરહાદિપદોનો વિવેક.

પ્રણેતાનો નિર્ણય ભવવિરહાદિ પદોથી થાય છે, તે સંબંધમાં "પ્રણેતાનો નિર્ણય," અને "ભવવિરહની ભવ્યતા" આ બે પ્રકરણરૂપ પેરેગ્રાફમાં પણ વિસ્તારથી સમજાવી ગયા, અને તેથી જ પ્રણેતાની સિદ્ધિ ભવવિરહાદિ પદોનેજ અવલંબે છે.

ભવવિરહાદિ પદો માટે ગ્રન્થકારનું ચિન્તન, અને વૃત્તિકારનું વિવેકભર્યું સૂચન શાન્ત ચિત્તે વાંચકે વિચારવા જેવું છે. વિવેક વગરની વ્યવસ્થા મુંઝવણ કરે છે. કારણ કે શ્રાવકધર્મ નિરૂપણ દશ પંચાશક પ્રકરણોમાં ભવવિરહાદિ પદોનો વપરાશ, અને સાધુધર્મ નિરૂપણ દશ પંચાશક પ્રકરણોમાં તે તે પદોનો થયેલો વપરાશ; વિવેક પૂર્વકની વ્યવસ્થા કરવાથી શ્રાદ્ધ ધર્મના અભ્યાસિયોને તથા સાધુ ધર્મના અભ્યાસિયોને સર્વજ્ઞકથિત બન્ને રાજમાર્ગની ચોખવટ સંતોષપૂર્વકની થાય છે.

શ્રાવક ધર્મ નિરૂપણમાં દશ પંચાશકોમાં વપરાયેલા ભવવિરહાદિ પદો દ્વારા ગ્રન્થકાર પોતાનું કર્તૃત્વ જણાવે છે. અને સાથે સાથે તે તે પ્રકરણો દ્વારા શ્રાવકોને અંતિમ હિત શિક્ષા આપીને વીર્યોલ્લાસની વૃદ્ધિપૂર્વક તે તે ભવ-વિરહાદિ પદોદ્વારા સર્વ વિરતિ ધર્મની સમીપમાં લાવવા કેવા પ્રયત્નશીળ રહે છે તે પણ વિવેકપૂર્વક સમજવા જેવું છે.

આથી આપણે શ્રાવક ધર્મ નિરૂપણ દશ પંચાશકમાં આવતાં ભવવિરહાદિ પદોનો અનુક્રમ અને પરમાર્થ સમજીએ. અને તે પછી સાધુ ધર્મ નિરૂપણમાં આવતો તે તે પદોનો અનુક્રમ અને પરમાર્થ સમજવા પ્રયત્નવંત થઈએ. વિરહાદિ પદોની વ્યવસ્થા અને વિવેકપૂર્વકનો પરમાર્થ સમજવાથી પ્રણેતાના આશયની પૂનીત-વિશાળતા લક્ષ્યમાં આવશે.

## વિરહાદિ પદોનું વિવેકપૂર્વક યોજન.

જ્યાં સુધી શ્રાવક ધર્મનો અભ્યાસિ આત્મા સર્વ વિરતિ ધર્મને પ્રાપ્ત કરતો નથી અને સર્વવિરતિ ધર્મની પુનીત પરિણતિથી પવિત્રિત થતો નથી ત્યાં સુધી ભવવિરહના ભવ્ય મનોરથો ફળદાયિ નીવડતાંજ નથી. તેથી ગ્રન્થકાર પ્રથમ પંચાશકના અંતિમમાં જણાવે છે કે— ભવવિરહના બીજભૂત ચારિત્રનો પવિત્ર-પરિણામ શ્રાદ્ધ ધર્મના અભ્યાસિયોને શ્રાદ્ધ ધર્મના પુનઃ પુનઃ સેવનથી થાય છે. અંતમાં એ ચારિત્રનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં ઘનઘાતી તોડી કેવળજ્ઞાનાદિ શાશ્વત પદ પમાડવામાં પ્રબળ કાર્ય સાધક બને છે. આ રીતે પ્રથમ પંચાશકમાં ભવવિરહનું બીજ ચારિત્ર પરિણામ છે એ ગ્રન્થકાર ગ્રંથમાં વિવેકપૂર્વક યોજના કરીને સ્પષ્ટ કરે છે. ૧.

સમ્યકત્વ વગરનો ચારિત્ર પરિણામ એ જીવ વગરની કાયા અને જનસમુદાય વગરનું જનપદ=દેશ કે નગર જેવું શૂન્ય ભાસે છે. ભવવિરહ માટે ચારિત્ર પરિણામ પ્રબળ સાધક છે તો પછી સમ્યકત્વ રહિત ચારિત્રનો પરિણામ કાર્યસાધક બની શકતો નથીજ. તેથી સિંહાવલોકન દ્રષ્ટિથી સમ્યકત્વ પામેલા સમ્યકત્વ પામવાની તૈયારીવાળા, સમ્યકત્વની સન્મુખ થયેલા; અને સમ્યકત્વની સન્મુખ થાય તેવા સંયોગમાં આવેલાઓએ જૈન શાસન પ્રત્યે સ્વયંસેવક ભાવને બહુમાન પૂર્વક સર્વથા-સર્વદા-સર્વત્ર સેવન કરવાની અનિવાર્ય જરૂર છે.

જૈન શાસન પામેલાઓને અગર જૈન કુળમાં જન્મેલાઓને મળેલ શરીર ઇન્દ્રિયો-વિષય ભોગનાં સાધનો-સ્થાવર-જંગમ મિલ્કત પુત્ર-પરિવારાદિ સઘળીયે શારીરિક-આર્થિક- માનસિક નૈતિક સમગ્ર સંપત્તિઓ શાસનના સંરક્ષણાદિ માટે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સમર્પણ કરવા તૈયાર થવું તેનું જ નામ સર્વસ્વ સમર્પણ અથવા તો સાચો સ્વયંસેવક ભાવ જણાવ્યો છે. આ ભાવમાં વિઘ્નકારી અસદ્ અભિનિવેશ છે તેથી તેનો વિરહ થાય તે હેતુથી વિરહ પદનું યોજન છે. બીજા પંચાશકનું નામ જિનદીક્ષા અથવા સ્વયંસેવક દીક્ષા છે. આ સ્વયંસેવક ભાવમાં કુગ્રહ=અસદ્ અભિનિવેશના વિરહ એ અવશ્યમેવ જરૂરીનો પદાર્થ છે. એ રીતે વિરહ પદનું સૂચન શાસ્ત્રકારે કર્યું છે.

અસદ્ આગ્રહનો ત્યાગ કર્યા વગર માનનું મર્દન થતું નથી, માનના મર્દન થયા વગર વિનયપૂર્વકના બાહ્ય વન્દન પણ પ્રવર્તતા નથી; અને તેથીજ વંદન વિધિ પંચાશકના અંતિમ શ્લોકમાં વંદન દ્વારાએ લાભની પરંપરા પ્રાપ્ત કરનારાએ **કુગ્રહ વિરહેણ** એ પદથી અશાસ્ત્રીય-અભિનિવંશને ત્યાગ કરવા ભારપૂર્વક ભલામણ કરીને શાસ્ત્રકારે વિરહ પદની સાર્થકતાનું સૂચન કર્યું છે. ૩.

( અપૂર્ણ )

# શત-શતમુખથી વેરાતાં પ્રશંસાના પુષ્પો.

તોરણ પતાકા અને રંગોલીઓની ભવ્ય રચના વચ્ચે આજે ગોપીપુરાનો મોહનગારો મહામંડપ, માનવ મેદનીથી માતો નહોતો!

હર્ષઘેલો માનવ સમૂહ એકજ વાતની રટણ ધૂન સાથે બોલતો હતો—

"અહો! આપણું કેવું સદ્‌ભાગ્ય! આપણે આંગણે, દાનવીર સંઘવી–માણેકલાલભાઇના વરદ હસ્તે, શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિરનું શુભ ખાતમુહૂર્ત થશે!"

આમ માનવસાગરના હર્ષનિનાદ વચ્ચે, શ્રી આગમોદ્ધારક સંસ્થાની દેખરેખ નીચે, સંઘવી શ્રી માણેકલાલભાઇના શુભ હસ્તે ખાત–મુહૂર્તની ક્રિયા થઇ ગઇ અને બોલાણો અસંખ્ય મુખથી જય–જયકાર!! ધન્ય છે એ પળને!!! લોકો કહેવા લાગ્યા—"આ અપૂર્વ ને અવર્ણનીય કાર્યનો યશઃ આગમોદ્ધારકના અથાગ ને અજોડ પરિશ્રમને ફાળે જાય છે!" એમની અપ્રતિમ–ઓજસ્વી-પ્રતિભા, સિદ્ધગિરિની શીતળ છાંયમાં એક અનુપમ—આગમ મંદિર ખડું કરી ગઇ—પણ ગરવી ગૂર્જરી તો આવા સોહામણા મંદિર વિના કદરૂપી હતી!

પણ એવામાં સૂરીશ્વરજીની પુનીત-પ્રતિભામાંથી ઉદ્‌ભવેલ આ તામ્રપત્ર મંદિરે, એ કદરૂપીપણાની કલંકિત કાળી ટીલી ભૂંસી નાંખી! કદરૂપી ગૂર્જરીને, આ મહાકાર્યે સુરૂપા બનાવી. અને બનાવી સૂરીશ્વરજીએ સોનાની સુરતને સૌરભવાળી. ખાતમુહૂર્ત કરાવનાર સંઘવી માણેકલાલભાઇને કેમ ભૂલાય? આથી નગરપતિ શેઠશ્રી બાબુભાઇએ, શેઠશ્રીનું રોમાંચક જીવનને કાર્યો એવાં તો મૌલિક રીતે વર્ણવ્યાં કે સાંભળનાર, સહર્ષે, શેઠશ્રીના સુંદર જીવન ઉપર પ્રશંસા-પુષ્પો પાથરવા લાગ્યાં અને થયો સંઘવીશ્રીના કંઠમાં પુષ્પહારનો ઢગલો!

શેઠશ્રી માણેકલાલભાઇ પણ આ સન્માનનો, પ્રત્યુત્તર આપતાં બોલ્યા—"હું બાલ્યકાળથી, શાસ્ત્રન–વિખ્યાત પૂજ્ય આચાર્યમહારાજ શ્રીસાગરાનન્દસૂરીશ્વરજીને ઓળખું છું, એમની વિદ્વત્તાભરી શાસનસેવા અને અનિર્વચનીય કાર્યો જૈન–આલમમાં અજોડ અને અનેરાં છે એ હું કેવી રીતે વર્ણવું? આથી એમનો નિશ્રાના આ કાર્ય અંગે મારે આવવું થયું તે મારું પરમ ભાગ્ય સમજું છું. અને એ સાથે આપે આપેલા સન્માનનો શાસનના સેવક તરીકે હું આપનો સર્વેનો આભાર માનું છું; અને આ નજીવી રૂા. ૫૧૦૧) રકમ આ મંદિરને ચરણે ધરું છું તે સ્વીકારી મને આભારી કરશો એવી હું આશા રાખું છું.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખકઃ—સુધાવર્ષી.)

**નોંધ:**—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ० **તન્ત્રી.**

૪૪૮. આરંભેલી ક્રિયાનો લાભ મેળવ્યા વગર બીજી ક્રિયાઓમાં હર્ષઘેલા થઇ અનુક્રમે એક પછી એક ક્રિયાનો આરંભ કરનાર મુદ્દલ લાભ મેળવી શકતો નથી, તેવી રીતે સર્વજ્ઞ શાસનમાન્ય-ક્રિયાનો આરંભ-કરનાર આરંભેલી ક્રિયાનો આરંભ કરે છે તે આરંભેલા ઈષ્ટ કાર્યને બાળનાર અંગાર-દોષનું સેવન કરનાર છે, એમ સમજી અંગાર-દોષથી અવશ્યમેવ અલગ રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૪૯. રોગી જેમ કુપથ્યનું સેવન કરી તંદુરસ્તીને ભયમાં મૂકે છે, તેવી રીતે રાગદોષથી ગ્રસિત થયેલો આત્મા અનારોગ્યથી શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ કરી અનુષ્ઠાનના યથાર્થ લાભને મેળવતો નથી એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૦. ભોગી આત્માને શરીર વગર ભોગ અને ભોગના સાધન તદ્દન નકામા છે, તેવી રીતે માનદોષથી દૂષિત થયેલા આત્માઓ કષાયના અભાવરૂપ શાંતપણું અને ગંભીરતા વગર અનુષ્ઠાનનું અપૂર્વ ફળ પામી શકતા નથી, એ શિક્ષામણને ધ્યાનમાં લેવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૧. ખેદાદિ આઠ દોષને સમજીને અમૃતક્રિયાના પ્રથમ ચિહ્ન સમાન તદ્ગતચિત્તમાં તદ્રૂપ થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૨. ક્રિયાનો શાસ્ત્રવિહિત સમય સાચવવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૩ ગુણગણના ભંડારરૂપ પંચ પરમેષ્ઠિઓ અને વડીલો પ્રત્યે બહુમાનપુરસ્સરનું ઔચિત્ય પ્રવર્તન કરવામાં કદાગ્રહને તિલાંજલિ દઇ આગમાનુસારી પરંપરાએ પ્રવર્તન અને નિવર્તન કરીને ભાવની વૃદ્ધિ કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૪૪. ભવભયથી ત્રાસ પામીને નિર્વેદના નિર્મળ ઝરણાને ઝીલીને સંસારરૂપ કારાગારથી છૂટવાની ભાવનાને પુષ્ટ કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૫. સંસારના સર્વ આશ્ચર્યોને ભૂલીને અનુષ્ઠાન કરવાના પ્રસંગે સૂત્ર, અર્થ અને રહસ્યમાં લીન થતાં આશ્ચર્યનો આસ્વાદ લેવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૬. અનુષ્ઠાન સેવનના અનુપમ આશ્ચર્યના આવિર્ભાવથી રોમરાજી વિકસ્વર થવારૂપ પુલકીત પુલકાક એવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૭. જન્માંધને નેત્ર, નિર્ધનને ધન અને લડતા સૈનિકને જીતની પ્રાપ્તિથી જેવો પ્રમોદ થાય છે તેથી પણ વિશેષ પ્રમોદ અનુષ્ઠાનથી ઉત્પન્ન થવો એ આરાધકો માટે આવશ્યક છે.

श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९

# श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**भावार्थः**—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —आ. बो.

## संवेगश्रीना स्वामीज छे.

लेखकः—सुधावर्षी.

१. सुर-सुरेन्द्र अने सर्वार्थसिद्ध विमान पर्यंतना विश्व विमान वासियोने सकळ-साधन सामग्रीओ अने साह्यबीओना संकल्पेला सुखाभासने सुख नहिं पण दुःखज माननारा **संवेगश्रीना स्वामीज छे.**

२. कहेवाता श्रीमंतो, सामान्य श्रीमंतो, गर्भ-श्रीमंतो, ओछीनी श्रीमंताइथी थनी बेठेला श्रीमंतो; अने नामधारि-श्रीमंतो ओ संपत्तिना स्वामी नथी, पण विपत्तिओनाज स्वामी छे, ओ सुंदर समजने संगीनपणे समजनारा **संवेगश्रीनाज स्वामी छे.**

३. चक्रवर्तिओ, वासुदेवो, प्रतिवासुदेवो, थळदेवो, नरेन्द्रो, सिंहासनारूढ सत्ताधीशो; अने सिंहासन पचावी पडेला-पामर पालको ओ संपदाओना स्वामी नथी, पण आपदाओना अधिपतिओ छे; ओ अनुभवमां ओतप्रोत थनारा **संवेगश्रीना स्वामीज छे.**

(वधु माटे जुओ टाईटल पेज २ जुं.)

वी. सं. २४७३
वि. सं. २००३
वर्ष १७-अंक ८.

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तं. ए.—पानाचंद रूपचंद झवेरी.
२५, २७, धनजीस्ट्रीट—मुंबइ.

वार्षिक लवाजम
३. ७-०-०
छुटक नकल एकना
३.०—४—६

૪. નર-નરેન્દ્ર અને દેવ-દેવેન્દ્રના કહેવાતાં સુખને નિશ્ચયાત્મકરૂપે નિર્મળ-ભાવથી નિયમા દુઃખજ માનનારા, અને વિશ્વ સંબન્ધિ, વિશ્વ-વિનાશિ ભાવોની સ્વપ્ને પણ અંશિક-અભ્યર્થનાને નહિં કરનારા **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૫. પડતા આલંબનને પકડનારા મંદ-સંવેગિ-પામરાત્માઓ કરતાં આત્મહિતકર-આલંબનને અવલંબન કરનારા ઉત્કટ વીર્યવાન-તીવ્ર સંવેગીઓ **સંવેગશ્રીના સ્વામિજ છે.**

૬. **સંવેગશ્રીના સ્વામિજ છે** તેઓજ અપરાધિ-સુરાધમ-સંગમપર અને વૈરની વસુલાત કરનાર કઠોરકર્મિ કમઠ ઉપર ઉપશમની ઉચ્ચવર્ષા વર્ષાવી શકે છે, અને તેથીજ ઉપશમશ્રીના સ્વામિ-વિશ્વવન્દ્ય શ્રી વીર વિભુ તથા પ્રાતઃસ્મરણીય પરમારાધ્ય પુરૂષાદાનીય શ્રી પાર્શ્વપ્રભુની ઉપશમ વર્ષાનો ઉચ્ચ જીવન પ્રસંગ અનુકરણીય છે.

૭. જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ ઉપાધિઓની ઉંડી ગુંચમાં ગુંચાઈ ગયેલાઓ, કંટાળી ગયેલાઓ, ચાર ગતિરૂપ ચારકે=કેદખાનામાંથી છુટવા રૂપ=કંટાળા રૂપ નિર્વેદના નિર્મળ ઝરણામાં ઝીલવા-વાળાઓ, અને શાશ્વત-શિવ-સુખની પ્રાપ્તિ માટે સર્વથા-સર્વત્ર-સર્વદા ઉદ્યમવન્ત આત્માઓ **સંવેગશ્રીના સ્વામિજ છે.**

૮. શ્રાવક-પ્રજ્ઞપ્તિ નામના પ્રૌઢ ગ્રન્થમાં **नर विबुहेसा०** ઇત્યાદિ પદોદ્વારા સત્ય સ્વરૂપનું દિવ્ય દર્શન દશ પૂર્વધર કરાવે છે, તેજ સ્વરૂપને ભવવિરહપદ પ્રાપ્તિના અદ્વિતીય ઉમેદવાર અને કલિકાલ સર્વજ્ઞ અનુક્રમે વિંશતિ વિંશિકા તથા યોગશાસ્ત્રમાં દર્શાવે છે; આથીજ સંવેગશ્રીના સત્ય સ્વરૂપમાં ઓતપ્રોત થયેલા અર્થિઓ **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૯. સંવેગશ્રીના સ્વામી થવું એ સહેલું છે, પરંતુ વિવેક પૂર્વક ભોગવટો કરવો એ અતિ મુશ્કેલ છે. જેઓ **સંવેગશ્રીના સ્વામીજ છે,** તેઓ શાસનમાન્ય **સિંહની સ્વાભાવિક-સંપત્તિઓ અને વિશાળ વૃત્તિઓના અખંડ અભ્યાસી બની** અનુક્રમે **ઉપશમશ્રીને** આલિંગન કરી, ઘનઘાતીકર્મ તોડીને **કેવલશ્રીને** પ્રાપ્ત કરીને, શિવશ્રીના શાશ્વત-સ્વામિભાવને અનુસરે છે અર્થાત્ **શિવશ્રીના શાશ્વત સ્વામી બને છે.**

卐

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી ચિદ્ધ્વજ.

| વર્ષ-૧૩. | વૈશાખ-માસ. | તંત્રીઃ |
|---|---|---|
| અંક ૮ મો. | તા. ૧૭-૫-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-આગમાવતાર-**શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.**

**સ્થળઃ—નાગજી ભૂધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.**

[ નોંધઃ—વિ. સં ૧૯૯૫ ના ચાતુર્માસ દરમિયાન **પૂ.-દેશનાકારે શ્રી સૂત્રકૃતાંગ-સૂત્ર**ના બીજા શ્રુત-સ્કંધના **પ્રથમ-શ્રીપુંડરીક-અધ્યયન** ઉપર પરમહિતકારિ-દેશના દીધી હતી, તેનો સારભૂત સંચય **પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય-મુનિશ્રી સુબોધસાગરજી** પાસેથી મેળવી, વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે, અને વિચારી શકે તે હેતુથી **પૂ. પં. પ્રવરશ્રીજી** પાસે પેરેગ્રાફાદિ-સુધારા-વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં **પૂ. દેશનાકારના** આશય-વિરુદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. **તંત્રી.** ]

**શ્રીપુંડરીક-અધ્યયનના પારમાર્થિક અવતરણો.**

**૧. અખંડ શ્રવણને અનુસરતી આગમની અગમ્ય રચનાઓ.**

**૨. ભિક્ષુક શબ્દનું પરમાર્થ-રીતિએ પિછાણ.**

**૩. આહારનું અખણ્ડ-સામ્રાજ્ય.**

**૪. આગ્રહનું અવળું પરિણામ અને અંધાધુંધીમાં ગુમાવનારાઓને.**

**૫. નિરવદ્ય-આજીવિકા જીવનારા ભાવિત-ભિક્ષુકો.**

**૬. ભાવ-ભિક્ષુકોનું પરમ-સાધ્ય શું ?**

**૭. વિદિશા અને અણુદિશાના વિવેકને સમજો.**

**૮. કર્મ તોડવામાં ઉદ્યમવંત બનો.**

**૯. કર્મ બાંધવાની પણ ભલામણ-કરનાર શાસ્ત્રકાર.**

**૧૦. તીર્થંકર નામ કર્મ બાંધવામાં તપોધર્મની મુખ્યતા.**

**૧૧. કોઇપણ સ્વરૂપમાં, બંધમાં, હેતુમાં અને ફળમાં સર્વત્ર શુદ્ધ હોય તો તીર્થંકર નામ-કર્મપ્રકૃતિ.**

**૧૨. ભાવધર્મનું અંતિમ-રહસ્ય.**

**અખંડ-શ્રવણ.**

ગણધર—મહારાજા-ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી મહારાજ શ્રી જંબુસ્વામિજીને બીજા શ્રુતસ્કંધના પ્રથમ પુંડરીક અધ્યયનની વાંચના દેતા થકાં આગળ જણાવી ગયા કે હે જંબુ! શ્રમણ ભગવંતશ્રીમહાવીર-મહારાજે જેવી રીતે પુંડરીક અધ્યયન કહેલું છે,

તેવીજ રીતે મેં અસ્ખલિતપણે પણ સાંભળ્યું છે. જો અસ્ખલિતપણે ન સાંભળ્યું હોય તો કોઇ સાંભળી લે કે અભવ્ય પણ મોક્ષે જાય છે. જેમ કોઈ જીવના બે ભેદ જણાવે અને કહે કે? ભવ્ય અને બીજા અભવ્ય. તેમાં મોક્ષને યોગ્ય તે ભવ્ય અને મોક્ષને અયોગ્ય=નહિ લાયક તે અભવ્ય. એમાં બે વાક્યો તદ્દન જુદા રહે છે. સંબંધ વગરના શબ્દનો એક ભાગ લેવામાં આવે અને કહે કે અભવ્ય=હમણાં અયોગ્ય પણ પછી મોક્ષે જાય. એટલે એક વાક્યનો કટકો બીજામાં જોડવાનું કહે તો અર્થનો અનર્થ થાય. માટે મેં અખંડપણે સાંભળેલું છે અને મહાવીર મહારાજાએ જે કહેલું છે તેજ હું તમને કહું છું. કારણ કે અખંડ શ્રવણ વગર અર્થના અનર્થ થાય છે.

## ભિક્ખુ-શબ્દની ભવ્યતા.

બીજા શ્રુતસ્કંધનું જે પ્રથમ પુંડરીક અધ્યયન તેમાં પૂર્વે શ્રવણ કરી ગયા કે ચારે દિશાના પુરૂષો આવ્યા છે, અને વાવડીમાં ઉતર્યા, તથા કમળ લેવા ગયા; ન રહ્યા વાવડીના અને ન રહ્યા કમળની પાસે પણ તે ચારે પુરૂષો વાવડીના પાણી કરારામાં ખૂંચ્યા. એવી રીતે ચાર પુરૂષનું વૃતાન્ત બન્યા પછી પાંચમો આવ્યો કોણ? **भिक्खु**. હવે શંકાકાર બીજું કંઇ નહિં કહે તો પણ કહે છે કે ભિક્ખુ શબ્દ જે ભિખારી વાચક છે, તેવા હલકા શબ્દની શરૂઆત શાસ્ત્રમાં શા માટે?, યતિ-મુનિ-સાધુ અને અણગારાદિ અમુલ્ય શબ્દો છોડીને ભિક્ષુ શબ્દ લીધો શા માટે?; શાસ્ત્રકાર કહે છે કે વાત ખરી અને જરા ઉંડો ઉતર અને વિચાર કર. જેને પેટ નિભાવવા પુરતું પણ આવતી કાલ માટે જરાયે રાખવું નહિ, રાખવાનું વિધાન પણ નહિં, છ કાયનો સંહાર પણ પેટના નિભાવવા અર્થે કરવોજ નહિ. એવો ભવ્ય-અર્થવાળો ભિક્ખુ શબ્દ છે. અહીં ભિક્ષુકનો અર્થ એ છે કે ક્ષુધાને ભેદે અર્થાત્ ભૂખ ઉપર કબ્જો મેળવનાર તે ભિક્ષુક, પણ દુનિયામાં વપરાતો ભિખારી એવો અર્થ-વાળો શબ્દ લેવાનો નથી.

## સર્વત્ર-આહારી.

હવે જીવ જ્યાંસુધી મોક્ષે ગયો નથી, ત્યાંસુધી સમુદ્‌ઘાત અને વિગ્રહગતિ વિનાનો હોતો નથી, એક ગતિમાંથી બીજી ગતિમાં જતા સીધી શ્રેણીએ ન જાય તો તે વક્રગતિ એટલે વિગ્રહ ગતિ હોય, તે સમયે આહાર લેતો નથી અણહારી તેમજ સમુદ્‌-ઘાતના ત્રણ સમયે તેમજ ચૌદમે અણહારી હોય છે. બાકી સર્વે જગોએ જીવ આહારી હોય છે.

## આગ્રહનું અવલું પરિણામ.

આવી સ્થિતિ હોવા છતાં દિગમ્બરોએ વાંધો લીધો કે કેવળીને આહાર ન હોય તેનું કારણ શું?, એ લોકોને એક વાત કબૂલ છે કે કોડપૂર્વના આયુષ્ય-વાળાને પણ નવ વર્ષે કેવળજ્ઞાન થાય છે. હવે નવ વર્ષ સુધી શરીર શું એમનું એમ રહેતું હશે? હવે કેવળીને આહાર નહિં માનવામાં શરીરની સ્થિતિ રહેતી નથી. હવે શરીરમાં પાછું પરમ ઔદારિક માની લીધું. જે તત્ત્વાર્થાધિગમ સૂત્રકારે પણ પાંચથી અધિક શરીર કહ્યાંજ નથી. હવે એક જુઠા પ્રસંગને ઢાંકવા માટે બીજાં સો જુઠ્ઠા બોલવાં પડે છે. બોધો મુહપત્તિ નહિં, કારણ કે તે પરિગ્રહ રૂપ માને છે પણ શૌચ કરવા કમંડલું રાખવું તે પરિગ્રહ નહી. જૈન શાસનનો જે ભાવ-ઉપર સાધુપણાનો મુદ્દો હતો તે છોડી દીધો, અને ફકત દ્રવ્ય-ઉપકરણ ઉપર નાચી રહ્યા; એટલે વસ્ત્રવાળાને કેવળ જ્ઞાન થાયજ નહી. અર્થાત્ દિગમ્બરો સિવાયનાઓને કેવળજ્ઞાન થાયજ નહિ. આવો મત શ્વેતામ્બરો માનતાજ નથી. તે તો વસ્ત્ર વિનાએ પણ કેવળજ્ઞાન થાયજ છે. તેમનો આગ્રહ છેજ નહી. દિગંબરોને એવો આગ્રહ છે કે વસ્ત્ર વિનાએજ મોક્ષ થાય, અને વસ્ત્રવાળાને ન થાય. જૈન શ્વેતામ્બર મતે અન્ય લિંગે કેવળજ્ઞાન થવાનું માન્યું છે, પરંતુ તેમના મતમાં રહ્યું નથી. તેવીજ રીતે તેમના મતે તો ગૃહસ્થને પણ સિદ્ધ થવાનું ઉડા

ગયું. યાવત્ સ્ત્રીને વસ્ત્રવાળી હોવાથી કેવળજ્ઞાન અને મોક્ષ થવાનું રહ્યું નથી. આ ત્રણે પરિણામ અણસમજ પૂર્વકના આગ્રહને લીધે છે. જો આગ્રહ ન રાખ્યો હોત તો ગૃહલિંગે, અન્યલિંગે કે સ્ત્રીલિંગે મોક્ષ થવાની અડચણ ઉભી ન થાત. ઉપરના બધા પ્રસંગમાં આગ્રહનું અવળું પરિણામ આવ્યું.

## આગ્રહની આંધાધુંધીમાં બધું ગુમાવનારાઃ—

તેમને તો ભગવાનને પુતળાં માનવા છે. દિગંબરોને કહેવું છે કે અમારી પ્રતિમા અને તમારાં પુતળાં, એમ બોલનારાની જીભ કંઈ પકડાતી નથી. હવે વચન સાંભળીને તું પણ ઉંઘી જાય તો વાત જુદી વાત, પણ તે વસ્તુને યથાર્થ સમજવા માંગતો હોય તો અમારી ના નથી. ધ્યાન પૂર્વક સાંભળ કે સેલડી, નાળીયેર, ચક્ષુરિન્દ્રિયવાળા નથી પણ એકેન્દ્રિય છે, તેને આંખ છે એમ વિશ્વમાં કહેવાય છે. તે આંખ શરીરના રંગથી તદ્દન જુદી હોય છે. ઢોર-મનુષ્યને પણ આંખનો આકાર શરીરથી જુદોજ હોય છે. સચેતન પદાર્થોને આંખનો રંગ શરીરના રંગથી જુદોજ હોય છે. આથી મનુષ્યો સમજે છે કે હવે જે પ્રતિમાનો રંગ છે તેનાથી આંખનો જુદોજ રંગ હોય છે, પરંતુ પ્રતિમા અને આંખનો રંગ એક સરખો હોય તો તે પ્રતિમા નહી પણ પુતલુંજ છે. હવે ધ્યાનમાં પણ નાસાગ્ર-દત્ત આંખ હોય પણ મીંચેલી આંખો ન હોય. આથી અર્ધી ખુલ્લી અને અર્ધી મીંચેલી આંખ હોય પણ બંધ આંખો તો નજ હોય. હવે જો મૂર્તિ માનતો હોય તો આંખ માટે રંગમાં ફરક માનવો પડશે, પરંતુ સ્વાભાવિક આ પણ માનવું નથી. કારણ કે પરિગ્રહ નડે છે. શો પરિગ્રહ નડે છે?, ટીલા=ટીકા કે ચક્ષુ આદિ લગાડે તેથી પરિગ્રહ આવે, અને તેથી તેઓને સર્વ-સ્થાને સપડાવું પડે છે. વળી દિગંબરો કહે છે કે અમે તો વીતરાગને માનીએ છીએ, અને પૂજીએ છીએ. તમે તો ટીકાવાળા, ચક્ષુવાળા એવા પરિગ્રહ-વાળાને પરમેશ્વર માનો છો. હવે સામાન્ય સાધુને પોતાના સ્થાન માટે મારૂં એમ ન કહેવાય. તો પછી શ્રીજીનેશ્વર માટે તમારા તરફથી જીનમંદિર એમ નામ શા માટે અપાય છે! કહો કે તે ભક્તોએ કરેલું છે. વીતરાગ દશામાં તો મેરૂ પર્વત પર જે ઈન્દ્રોએ અભિષેક કર્યો છે. ત્યાં શું વીતરાગ દશા નથીને?, હવે પ્રભુનો અભિષેક માનો તો વસ્ત્ર અલંકાર માન-વાની ફરજ પડશે હવે ઇંદ્ર મહારાજે જ્યારે અભિષેક કર્યો ત્યારે સ્નાન કરાવ્યું, અને વસ્ત્રાભરણે શણગાર્યા હતા. કહો કે જે ઇંદ્રે અભિષેક કર્યો છે તેજ ઈન્દ્રે વસ્ત્રાભરણોથી પ્રભુને શણગારેલા છે. અભિષેક પકડી રાખ્યો, વસ્ત્રાભરણ કેમ છોડાયાં?, તેનું કારણ શું?, વસ્ત્રાદિમાં પરિગ્રહ આવી જાય. અભિષેક અને વસ્ત્રાભરણ બંને સરાગદશામાં છે. એકે પણ વીતરાગ દશાના છેજ નહિ, છતાં એક પકડતાં બીજું ગુમાવાય છે. હવે મોક્ષ કલ્યાણક પછી જે સ્નાન-સત્કાર કહેવામાં આવે છે તે પ્રભુ વીતરાગપણામાં તમારે હિસાબે છે કયાં? પણ કહો કે અણસમજ પૂર્વક તો આગ્રહ હોવાથી સ્નાન-સત્કાર કરવામાં અડચણ આવતી નથી, અને ટીકા-ચક્ષુ વસ્ત્રાલંકારમાં વાંધો આવે છે. હવે દિગંબરોને કેવળીનો આહાર ઉડાવવાનું કારણ શું?, કે પોતે કેવલી-તીર્થંકર મહારાજાને હરવું ફરવું માનતા નથી. અને સાધુ-મહાત્માને પાતરાં રાખવાનું વિધાન નથી. આથી પાતરાં વિગેરે દ્રવ્યોપધિ ઉડાવવા માટે કેવળીનો આહાર ઉડાવ્યો હવે જે ક્રોડ-પૂર્વ-વર્ષ સુધી જીવવાના છે, તેઓ નવ વર્ષના શરીરથી આગળ જેમ જેમ વર્ષો વધશે તેમ તેમ શું શરીર વધવાનું નથી?, કહો કે દ્રવ્યોપકરણ માનવામાં વાંધો આવે છે.

## નિરવદ્ય આજીવિકા જીવનાર.

હવે મૂળ વાતમાં આવો કે જે ક્ષુધાને ભેટે તેજ ભિક્ષુ, આવો જે ત્યાગી એટલે ઉદરભરણ માટે પાપારંભ પણ ન કરતો હોય તેજ ભિખ્ખુ. ઉદરભરણ માટે ચીજ ન રાખતો હોય તે બીજા કયા કામ માટે

પાપારંભ કરે ? દુનિયામાં છેલ્લામાં છેલ્લો પાપારંભ તે ઉદરનિર્વાહ, તે પણ ભિક્ષુકને વર્જવાનો છે; અને તેથીજ તેને ભિક્ષુક કહેવાય છે. હવે બ્રહ્મચર્ય રાત્રિ ભોજન આવી પ્રતિમાઓમાં જે વિધાન નથી તે શ્રાવકની દશમી પ્રતિમામાં જે પોતાને માટે કરેલું ન ખાય એવી સ્થિતિ ભિક્ષુકની છે ઉદરવૃત્તિ માટે આરંભના સકંજામાં આવવુંજ નહિ. આ વાત સમજાશે ત્યારે તમારી શંકા નીકળી જશે. જુઓ શ્રી દશ વૈકાલિક સૂત્ર શ્રુતકેવલિ ભગવાન્ શય્યંભવસૂરિ કહેવાવાળા છે, અને તેઓશ્રીએ કહી દીધું કે ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે, તે ધર્મના અહિંસા, સંયમ, અને તપ એ ત્રણ ભેદ છે. દેવો પણ જેને નમે છે કે જેનું મન સદા ધર્મમાં રકત હોય છે. આ પ્રભાવ શાલિ-દશ વૈકાલિક સૂત્રમાં સૌથી પ્રથમ મંગલાચરણ કરીને શરૂઆત શું કરે છે ?, **'जहा दुम्मस्स पुप्फेसु भमरो आवियइ रसं'** આ વાત કરે છે એટલે કુટુંબ કબીલો, સંસાર, માલ-મીલકત, આરંભ પરિગ્રહ જેને છોડયા છે. એવા ભિક્ષુકોને ઉદર નિર્વાહ માટે અર્થાત્ શરીરના ભરણ પોષણ માટે આરંભ પરિગ્રહ હોયજ નહિ. પણ યાચનાથી ગૃહસ્થને બાધા કર્યા વગર બધ પુરતું લઇ શકાય. જેવી રીતે વૃક્ષોના પુષ્પોમાંથી ભ્રમર રસ લે છે, તેવી રીતે કીલામણા કર્યા વગર ભિક્ષુઓ ગૃહસ્થોના ઘરેથી યાચના કરીને બાધા રહિતપણે ભિક્ષા લે છે આ ભાવ લેવાનો છે.

## તદ્દન-લુખ્ખા-ભિક્ષુક.

હવે આ પુંડરીક નામના પ્રથમ અધ્યયનમાં જણાવ્યું છે કે છેલ્લામાં છેલ્લી ત્યાગની કોટીએજ કે ઉદર નિર્વાહની દરકાર કર્યા સિવાય આરંભ પરિગ્રહનો ત્યાગ કરવો, અને રત્નત્રયીની સેવના કરવી; તેથીજ ભિક્ષુ. હવે પ્રથમ ચારે દિશાએથી આવેલા વાવડીના કાદવમાં ચારે પુરૂષો ખૂંચી ગયા છે. હવે પાંચમો આવ્યો તેને પુરૂષ શબ્દથી કેમ સંબોધ્યો નહિં ?, અને તેને ભિક્ષુ શબ્દથી સંબોધ્યો શા માટે ?; કહે છે કે **अवरे न=** બીજા નહિ, પુરૂષ જનત તેમ અપરપણું કેમ નહિ ? અહીં જે મહત્તા હોય તો પુરૂષપણાની, કે પુરૂષાર્થપણાની નથી, પરંતુ અહીં મહત્તા છે આરંભ પરિગ્રહને વર્જવાની છે, અને તેથીજ ભિક્ષુક શબ્દ લીધો. હવે તે ભિક્ષુક કેવો ? તો ભિખારીઓ જગતમાં ઘણા છે, અને તે ભિક્ષા માંગવાનું કામ કરે છે. બાવા ફકીર સંન્યાસીઓ બધા ભીખ માંગે છે.

એકલી ભિક્ષાથી ઉદર નિર્વાહ કરતો હોય તેને ભિક્ષુક કહેવો એમ અહીં શસ્ત્રાકાર કહેતા નથી. પરંતુ કર્મ લાગવાને માટે તો તદ્દન રાગ વગરનો લુખ્ખો ભિક્ષુ. જેમ ચીકટું શરીર હોય તો ધૂળ લાગે, અને ચીકટું ન હોય તેને ધૂળ ન લાગે; તેવી રીતે જેઓ રાગદ્વેષમાં રગદોચાયેલા છે અને આરંભ પરિગ્રહમાં જોડાયા છે તેમને રાગદ્વેષની ચીકાશ-કર્મ લાગ્યા વિના રહી શકતા નથી. અહિં રાગદ્વેષ વગરનો ભિક્ષુ તદ્દન લુખ્ખો લેવાનો છે.

## નામનો ભિક્ષુક.

હવે પ્રથમ શ્રીઆચારંગ-સૂત્રના ટીકાકાર લખે છે કે છઠ્ઠા ગુણસ્થાનકે પ્રમત-સાધુ પણ વિરતીવાળો હોવાથી જે કંઇ કર્મ લાગે તે આ જીંદગીમાં અર્થાત્ સાધુપણાની જીંદગીમાં સંયમાદિ સેવનદ્વારાએ ભોગવાઈ જાય છે, કારણ કે રાગદ્વેષની પરિણતિ-વિનાનું જીવન હોવાથી સંચય કરેલા કર્મ આ ભવેજ નાશ પામે છે. હવે પાંચમા પુરૂષ તરીકે જે ગણવામાં આવ્યો છે તે ભિક્ષુક એટલે શાસ્ત્ર-વિધિ પ્રમાણે ભિક્ષા માંગીને આહાર લેવાવાળો છે. હવે કોઈ પણ શ્રાવક માંગણ-ભિક્ષુક માટે ચૂલો સળગાવતા નથી. પણ જેઓ સળગાવે છે તેઓ ભાઈ બ્હેન કે પોતાના સગાં અથવા પોતાના સંબંધી માટે સળગાવે છે. તેવી રીતે અહિં સાધુઓ માટે સળગાવવાનો હોતોજ નથી. જેમ રાજગૃહી નગરીમાં કોઈક સાધુ ભિક્ષા માટે ગયા બહુ ફર્યા છતાં

પોતાને માટે આહાર ન મળ્યો. કારણ કે લાભાન્તરાયનો ઉદય તેથી ન મલ્યું. તે અવસરે ગામ ઉજાણી કરવા ગયેલ છે, તેથી તે સાધુ ત્યાં ગામ બહાર ગયો, અને બધાને ખાતાં ખેદ-ક્રોધ થયો. પર્વત ઉપર ચઢયો, અને શીલા ફેંકી. જમતા નગરજનોએ તે ભિક્ષુકને જોયો, અને ગડગડતી શિલાથી લોક બચી ગયા. પોતે (સાધુ) તેજ શીલા તળે આવ્યો, મરી ગયો, અને સાતમીએ ગયો. હવે અહિંઆ ઉદાહરણમાં જે ભિક્ષુક છે, તે ઉદર-નિર્વાહ માટે ભિક્ષા માંગે છે, પણ પરિણામ પાપમય ઉપર જેવા છે તેથી નામનો ભિક્ષુક છે. ઉદર-નિર્વાહ માટે આવાં આર્ત રૌદ્રધ્યાન હોય તો તે નામ ભિક્ષુક છે.

## ભાવ-ભિક્ષુકનું પરમ-સાધ્ય.

ચાલુ અધિકારમાં લુબ્ધો ભિક્ષુક જોઈએ, એટલે રાગ-દ્વેષની પરિણિતી વિનાનો, અને આરંભાદિક અધર્મ કાર્યથી બચવાવાળો એવો ભિક્ષુક લેવાનો છે. તેજ ભિક્ષુક વાવડીને તીરે ઉભો છે, અર્થાત્ તરવાની ઈચ્છાવાળો છે. જેમ કોઇને દુનિયામાં કંઈ સાધ્ય નથી, એટલે સાતમી નરકના છેડાથી અને સર્વાર્થ સિદ્ધ વિમાનના છેડા સુધી કંઈ સાધ્ય નથી. એવા માણસને સર્વદા દુઃખમય સંસારથી તરવાની ઈચ્છા થાય, ત્યારે તેને ધનમાલ, કુંટુંબ કબીલો, કંચન, સ્ત્રી, આદિ લેશ પણ સાધ્ય નથી. સંસારનો કાંઠો કેમ પાર પામું ? એજ જેનું પરમ સાધ્ય છે. આવા ઉત્તમ સાધ્યવાળો સાધુ કેવો છે ?, પરિશ્રમને જાણનાર, કુશળ-પંડિત, અને યોગ્ય માર્ગ અને તેની ગતિ-પરાક્રમને જાણનારો છે; અને આથી તેજ ભાવ ભિક્ષુક છે.

## વિદિશા અને અણુદિશા.

જે કોઇપણ દિશાથી કે અણુ-દિશાઓથી આવ્યા છે તે બધા પૂર્વ પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ અને ઉર્ધ્વ અધો એ દિશાઓથી આવ્યા કહેવાય. તેમજ વાયવ્ય-અગ્નિ આદિ ખૂણાઓથી આવેલાને અણુ દિશાઓથી આવ્યા કહેવાય. શાસ્ત્રમાં વિદિશા શબ્દ છે, છતાં અહિં અણુ દિશા કેમ લીધી ? તો શાસ્ત્રમાં કહેલી વિદિશા તો એકજ પ્રદેશવાળી છે, તેમાં જીવનું જવું આવવું થાયજ નહિ, તેથી તે એક પ્રદેશ વાળી વિદિશા નથી લીધી. પરંતુ અહીં તો જવા આવવાનું બની શકે તેવી અણુ દિશા, એટલે વચલી દિશા કે ખુણાથી તે ભિક્ષુક આવેલો છે, અને વાવડી પાસે આવ્યો છે. અને કાંઠે ઉભો રહ્યો છે.

## કમળ માટે કચરામાં ખૂંચેલા.

તે વાવડીમાં મોટું કમળ જે અનુક્રમે ઉગેલું છે, કાંન્તિવાળું છે, વર્ણ-ગંધ-રસ અને સુંદર સ્વર્શવાળું છે. નજરે પડતાં તે કમળ પ્રશંશનીય છે, એવું કમળ તેણે દેખ્યું. એટલુંજ નહિં પણ તેની ચારે બાજુ કાદવમાં ખૂંચાઈ ગયેલા ઉભા રહેલા ચાર પુરૂષોને જોયા. કાંઠેથી ખસેલા છે અને શ્રેષ્ઠ એવા પુંડરીક એટલે ઉત્તમ-કમળને લઇ શકે એ હેતુથી ખસ્યા પણ તેની પાસે પહોંચ્યા નથી. જે ચાર પુરૂષો કાંઠે પણ રહેવા પામ્યા નથી અને કમળ પાસે પણ રહેવા પામ્યા નથી પણ કચરામાં તે ચારે ખૂંચાયેલા છે તેને પેલો ભિક્ષુક જુએ છે.

## મિથ્યાત્વના મતો.

આ ચાર પુરૂષો કેવા છે ?, તો કહે છે કે તેઓ ખેદ-પરિશ્રમ-માર્ગની ગતિ જાણનારા નથી, એમ આ ભિક્ષુક નથી. પશ્ચિમ પૂર્વવાળા માટે, તેમ પૂર્વવાળો બીજા માટે જે બોલતો હતો પણ અહિં ભિક્ષુક સાધુ મહાત્માને બોલીને શું ? વાવડીના કાંઠાના થયા કે કમળના માટે કચરાના થયા, તેની તારે શી પંચાત ? 'તું તારી સંભાળ પરની તારે શી પીડા.' સાધુનું કામ તો સમુપસ્થિતને ધર્મ સંભળાવવો, પણ પરપીડાથી મતલબ શું ?, કે અમુક દિશાથી આવ્યો અને અમુક બીજો અમુક દિશાથી આવ્યો ?; આ સ્થળે શાસ્ત્રકાર

સમાધન આપે છે કે આ વ્યક્તિગત વાત નથી. જો વ્યક્તિગત વાત હોત તો પરપીડાની વાત ન કરત, પણ તત્ત્વશ્રી આ ચારે મતો છે. અને તે કેવા મતો છે ?, તો તે કહે છે કે એ ચારે મતો મિથ્યાત્વના લેવાના છે.

## કમળ, પાણી, અને કીચડનો વિવેક.

હવે એક અવાજે કબુલ કરવું પડશે કે મિથ્યાત્વ ખરચ્યા વિના સમકિત આવી શકેજ નહી. સાધુને પણ મિથાત્વ ખરચ્યા સિવાય ભાવ-સાધુપણું આવતું નથી. મિથ્યાત્વના પરિહાર માટે નિજ ગુણ અને પર-ગુણનો વિચાર કરીનેજ સમકીતની પ્રાપ્તિ થાય છે. માટે મતની પરીક્ષા કરીને મિથાત્વનો પરિહાર સાધુ થનારે કરવોજ જોઇએ. આ ચાર પુરૂષો દ્રષ્ટાંત રૂપે છે, અને તે ચાર મત ઉપર જે ધ્યાન ન આપે તે સમ્યકત્વમાં આવી ન શકે; કારણ જીવ અનાદિ કાળથી મિથ્યાત્વમાં ઘેરાયલો છે. મિથ્યાત્વનું અનર્થ-કારકપણું અને તેનું જુલ્મીપણું મગજપર ન લે તો તેનાથી તે બચી ન શકે, અને સમ્યકત્વમાં સ્થિર પણ રહી ન શકે. આ વ્યકિતની નિંદા તરીકે નહિ, પણ મિથ્યાત્વનું જે અશુભપણું છે તે તો ધ્યાનમાં લેવુંજ જોઇએ. આ ચારે મતવાળાઓ એમ ધારતા હતા કે અમે માર્ગમાં છીએ, પણ કોઇપણ પુરૂષ માર્ગમાં નથી. તો પછી તે મતવાળાઓ ગતિ કે પરાક્રમમાં તો હોયજ કયાંથી ? જેમ મંકોડાએ કહ્યું કે મા, મા, ગોળની ભેલી લઈ આવું. મા કહે તારી કેડમાં જોર કેટલું છે તે તો હું જાણું છું, કારણ કે તેની પુંઠ તદ્દન નિર્બળ હોય અને તે વજનદાર ગોળની ભેલી લાવવાની વાત કરે તે નકામી છે. તેમ અહીં જેઓ માર્ગને જાણતા નથી તેની ગતિ અને પરાક્રમની વાતો કરે ધર્મ પ્રાપ્ત કરવા માટે ફોગટની વાતો કરે છે, કારણ કે બધી વાતો ગોળની ભેલી લાવવા જેવી વાત છે. તેમણે વિચાર્યું કે અમે આ કમળ લેશું ? પરન્તુ આ ભિક્ષુક બોલે છે કે પાણીમાં અને કચરામાં તે પોતે ખૂંચાઈ ગયેલા છે, તો તેમનાથી કમળને લેવાય શી રીતે ? તે મત અંગે નિંદા હોતી છતાં સાધુને તેનું મિથ્યાપણું અને સાચાપણું જણા-વવાનું હતું તેમ અહીં કમલ તરીકે ભવ્ય, પાણી તરીકે કર્મ, અને કીચ્ચડ તરીકે મિથ્યાત્વ છે.

## કર્મ તોડવા સ્વયં પ્રયન્તવન્ત બનો.

હવે તમો તેવીશ કલાકના વખતમાં શું કરતા હતા ? કહેવું પડશે કે કંચન, કામીની, કુટુંબ અને કાયાની વાતો, કહો કે આ એક કલાક પણ જો તેવી વાતો હોય તો તમને અહીં આવવાથી ફળ શું ?; માટે કહો કે જેઓ કંચન-કામિનિ-કુટુંબ-કાયાની વાતોથી દૂર છે, તેઓ ત્યાગી તરીકે પ્રસિદ્ધ છે; અને તેજ તમોને ઉપદેશ આપી શકે. હવે વાવડીમાં ઉતર્યા સિવાય કમળ લાવવાની વાત કરવી તે ખોટી છે. હવે ભવ્ય જો પોતે આરંભ-પરિગ્રહમાં ખૂંચી જાય તો પછી ધર્મની પ્રાપ્તિ થાયજ કયાંથી ? માટે ભિક્ષુ કહે છે કે કમળ લેનારે પાણી કીચ્ચડમાં ખૂંચાવું ન જોઇએ. હવે મિથ્યાતીઓએ આરંભ પરિગ્રહમાં જોડાઇ ભવ્યનો ઉદ્ધાર કરવા માંગે તે બનેજ શી રીતે ?, રાજા ભાગવતનો પાઠ વંચાવે છે. અને શુકદેવજી રોજ વાંચે છે. તેનું કલ્યાણ થયું તો હું રોજ વંચાવું છું તો પછી મારૂં કલ્યાણ કયારે થાય ? હવે વિચારે છે કે કરવું શું ?, ઘેર જઇને રાજા સૂઇ ગયો. છોકરાએ શુકદેવજીને પૂછ્યું કે પિતાજી શું થયું છે ?; ત્યારે રાજાની વાત કહી, પછી છોકરાએ રાજા પાસે જઈ કહ્યું કે સારૂં કર્યું. સાથે ફરવા જતાં છોકરાએ દોરડાથી રાજાને અને બાપને બંનેને બાંધ્યા, અને છુટાય શી રીતે તે પુછ્યું ?, છોકરાએ આવી ને કર્મની વાત સમજાવીને મુક્ત કર્યો. આથી જેઓ ભિક્ષુક છે અને ભાવ ભિક્ષુકપણું પિછાણે છે તેઓ આરંભ પરિગ્રહ

અને રાગદ્વેષથી મુક્ત છે. એવાઓ તો ભવ્યરૂપકમળને પહોંચી શકે છે, અને તેઓજ મોક્ષમાર્ગની ગતિ-પરાક્રમને જાણવાવાળા છે. તેથી હું આ પુંડરીક કમળને લાવી શકીશ, તેથી તે ભિક્ષુક-સાધુએ વાવડીમાં પગ પણ મૂકયો નહિં, અને પાણીમાં પગ બોળ્યોજ નહિં. પેલા ચાર તો ઉતર્યા હતા અને પાણી કિચડમાં ખૂંચી ગયા, ત્યારે આ ભિક્ષુકે શું કર્યું ?; વાવડીના કાંઠે ઉભો રહ્યો. હવે ત્યા ઉભા રહીને પુંડરીક વરકમળને કહે છે કે આવા પાણી-કીચડમાં તારે રહેવાનું ન હોય, તારી કિંમત અને ઉજ્જવળતા તો બહાર છે; તેથી તે કમળને ઉડવાનું કહ્યું. જ્યાં એ ભિક્ષુકે શબ્દ કર્યો કે તુરત કમળ ઉડીને બહાર આવ્યું. તમને આ કથાની યોજના ઠીક ન લાગે, કારણ કે પાંચમા ભિક્ષકને બહાર રાખ્યો, અને તેમાં કમળને ઉડવાનું કહ્યું; તથા તે કમળ ઉડીને પણ આવ્યું. તે ઘટતું નથી. શાસ્ત્રકાર કહે છે કે વાત ખરી પણ જેમ દેવતાઈ ચમત્કારોને લીધે, અને વિદ્યા મંત્ર-તંત્રના અતિશય-શક્તિને લઇ કમળને બહાર રહીને પણ બોલાવી શકાય છે, તથા લઇ શકાય છે; તેવી રીતે અહીં સર્વજ્ઞ-કથિત-ધર્મની અપૂર્વ-અને અજબ શક્તિ છે. તે જણાવવા માટે આટલું આ કથામાં વૈષમ્ય પણું દુનિયાદારીના હિસાબે બનાવ્યું છે. આથી વાવડી-પાણી-કચરો કમળ-પાંચપુરૂષરૂપ જે દ્રષ્ટાંતનો અધિકાર જણાવવો હતો તે જણાવ્યો, પણ તેમાં વાવડી શું ?, કમળ શું ?, કચરો પાણી શું ?; એ વિગેરે ઉપનય ખુદ ભગવાન્ શ્રી મહાવીર-મહારાજ તે સુધર્માસ્વામીજી શ્રી જંબુને જણાવશે તે અગ્રે વર્તમાન.

## —:ભાવનાધિકાર:—

### તીર્થંકર-નામકર્મની અદ્વિતીયતા.

શાસ્ત્રકાર-મહારાજ-શ્રીમાન્-જીનહર્ષસૂરિજી મહારાજ ભવ્યોના ઉપકાર માટે વિંશતી-સ્થાનક-ચરિત્રની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે જીનેશ્વરની પદવી ઉંચામાં ઉંચી છે. એની કોઈપણ પદવી નથી કે જે કર્મ-પ્રકૃતિ બંધમાં, સ્વરૂપમાં, અને ફળમાં પણ શુદ્ધ હોય છે. બંધ-સ્વરૂપ-અને ફળમાં શુદ્ધ એવી પરમ પદવી કેવળ તીર્થંકરની છે. બીજી પદવીઓ એટલે બળદેવ, વાસુદેવ,-પ્રતિવાસુદેવ ચક્રવર્તી આદિ તો કોઇક કર્મ પ્રકૃત્તિ બંધે, કોઈ રૂપે, કોઈક હેતુએ પણ અશુદ્ધ હોય છે. એટલુંજ નહિ પણ શાસ્ત્રકાર કોઈ ભવ્ય જીવોને કોઇપણ પદવી મેળવવા પ્રેરણા નહીં કરે, પણ ફક્ત એકજ તીર્થંકર ભગવાનની પદવી મેળવવાની વાત કરશે. વાસુદેવાદીની પદવી મેળવવાની વાત નહિં કરે, કારણ કે અંતે બાંધનારને નરકે જવું પડે. કર્મ બાંધવાની વાત શાસ્ત્રકાર ન કરે, તેઓ તો તોડવાની વાત કરે તો પછી કર્મ બાંધવાની તો હોયજ કયાંથી ?

એકજ તીર્થંકર નામ કર્મ એવું છે કે જેને બાંધવા માટે શાસ્ત્રકારો ઉપદેશ દે છે. જહોજલાલીથી વ્યાપ્ત એવું જૈન-શાસન કર્મ બાંધવામાં કોઇપણ કાળે રાજી હોયજ નહીં, પણ કર્મ બાંધવાનું સંભવિત છે તે શાથી ?, તો કહે છે કે તીર્થંકર નામ કર્મને બાંધવા માટે સંભવ કહે છે; તો કર્મ સ્વપરનું કલ્યાણ કરનારૂં જગતમાં છે. જેને લીધે શાસ્ત્રકારો અને તીર્થંકરો તેને બાંધવા કહે છે. બીજા કોઈપણ કર્મની પ્રકૃતિ બાંધવા માટે શાસ્ત્રકાર સંમતિ પણ નહીં આપે. આ એક કર્મ માટે સંમતિ આપે છે અને પ્રેરણા પણ કરે છે. તીર્થંકર નામ કર્મ બાંધવામાં સાધનો પણ બતાવે છે કે આવી આરાધનાથી બંધાશે. બીજા કર્મ માટે બાંધવાનું સાધન નહિંજ બતાવે, બતાવે તો ફકત તીર્થંકર નામ કર્મ માટે; આથીજ કર્મ બાંધવામાં તીર્થંકર નામની અદ્વિતીયતા છે.

### તીર્થંકર-નામકર્મ બાંધતા શીખો.

હવે જો એમજ છે તો તે બંધાય શાથી ?, તેના જાપથી, તો શાસ્ત્રકાર ના કહે છે, પણ વીસ સ્થાનક તપની આરાધના કરવાથી આપોઆપ તીર્થંકર નામ કર્મ બંધાય છે. આખું જગત આધિ-વ્યાધિ-ઉપાધિથી

મુકત બને, જન્મ, જરા, મૃત્યુથી દૂર રહે, એવી ભાવના જે ભવ્યને થાય તેજ તીર્થંકર નામ કર્મ બાંધે છે. 'સવિ જીવ કરૂં શાસન રસી' આ વાકય પ્રચલિત છે. ત્યાં શાસન એટલે સંયમ-અર્થાત્ સર્વ જીવ માત્રને ત્યાગમય બનાવું. સર્વ જીવોને વિષય કષાયથી રહિત કરી દઉં. જન્મ, જરા, મરણ, શોકથી દૂર કરી દઉં, આધિ વ્યાધિથી મુકત કરી દઉં; અને આજ લગનીથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.

## તપોધર્મના સેવનથી તીર્થંકર-પદની પ્રાપ્તિ.

હવે તે તીર્થંકર નામ કર્મને બાંધવા વિંશતિ સ્થાનકને તપમાં ગણાય છે, તે શું ?, તેનામાં શું દાન, શીલ-અને ભાવ નથી ? દાન-શીલ-તપ અને ભાવનો અધિકાર પણ વીસ સ્થાનકમાં છે. છતાં કેવળ તપસ્યા શા માટે લીધી ?, તપસ્યાના પારણાં દાનથી હોય છે. બ્રહ્મચર્ય પાલન તે શીલ છે, અને ભાવ વગર અરિહંતાદિ પદોની આરાધના થતી નથી; તો પછી તપસ્યા કેવળ લીધી કેમ ?, આરાધનામાં ચારેનું સેવન થાય છે છતાં તપસ્યા શા માટે ? શાસ્ત્રોમાં જગો જગોએ વીશ સ્થાનકોની આરાધના એ વીશ સ્થાનકથી અગર એક સ્થાનકથી તીર્થંકરપદ બંધાય છે એમ આવે છે છતાં તમો તો તપસ્યા એકલી કેમ કહો છો ?; સમાધાન આપતાં શાસ્ત્રકાર જણાવે છે કે શાસ્ત્રથી વિરૂદ્ધપણે ત્રણની ઉપેક્ષા કરીને તપનો અધિકાર આ તપસ્યામાં કહેવામાં આવ્યો નથી. પરન્તુ એક એક સ્થાનકે આયંબિલ ઉપવાસ, છઠ્ઠ આદિ તપસ્યાએ આરાધના કરવાની છે. પ્રભુ મહાવીરે નંદનના ભવમાં માસખમણ કરીને સ્થાનકની આરધના કરી છે, અર્થાત્ દાન શીયલ, ભાવ કરતાં તપો ધર્મના સેવનની મુખ્યતા છે.

## ભાવધર્મનું વાસ્તવિક-સ્વરૂપ.

હવે તે તીર્થંકર નામ કર્મમાં ભાવ ધર્મની વાત પણ કરાય છે. તેમાં ચારે ભાવના જે મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય ને માધ્યસ્થ જણાવી છે તો તે ભાવ છે, પણ તે ભાવ કોના ધરનો છે ? તો કહે છે કે સમ્યકૃત્વના ધરનો. તેવી રીતે અનિત્યતા આદિ બાર ભાવના કોના ધરની છે ?; તો શાસ્ત્રકાર કહે છે કે તે વૈરાગ્ય અને સંજમના ધરની છે. ઇર્યાસમીતિ અને ગુપ્તિઓ કોના ધરની છે ? તો કહે છે કે તે મહાવ્રતના ધરની છે. પરંતુ ધર્મના ચાર પ્રકારમાં કહેવાતો ભાવ કયા ધરનો છે ? તેના માટે શાસ્ત્રકારે જણાવ્યું કે સંસારથી પાર ઉતારવાની પ્રબળ ઇચ્છા તે ભાવ. ભાવધર્મ કયી ચીજ ? સંસારથી પાર ઉતારવાની બુદ્ધિ. ભાવ જબરો ઓલીએ છીએ. પણ ચીજ કંઈ ? એતો જરૂર હૃદયમાં ઉતારો. તે માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય શું કહે છે તે ધ્યાનમાં લો-મોક્ષના અર્થીપણે થઈ, મોક્ષ માર્ગના મુસાફરો ભગવાન્ની ભકિત-વૈરાગ્ય-જ્ઞાનમાં તલ્લીન થઈ સંસારની સર્વ પ્રવૃતિ તરફ જુગુપ્સા અને ઉદાસીન ભાવે રહે તેનું નામ ભાવધર્મ છે.

## ભાવધર્મની અનેક રીતિએ પિછાણ.

અહિં પોતાના અંતઃકરણનો પરિણામ મોક્ષ તરફજ હોય તે શિવાય શુદ્ધ-શુદ્ધતર ક્રિયાઓ મને મળે એટલે તેની વૃદ્ધિ કરનાર અને તે તે ક્રિયાને કરનારાને જોઇ અતિ આનંદ થાય. જેમ સગાં વહાલાંને ઘેર છોકરો થાય અને આનંદ ઉપજે. આનંદમાં આવીને બોલે કે સગાંને ઘેર મેં પારણું બંધાવ્યું, તેમ અહીં મોક્ષના અર્થી એવા ભવ્ય જીવો તે સગાં છે એમ માનવું. અહિં સંસારમાં તો શરીરના એક સ્વાર્થના સગાં છે, પરંતુ આત્માના સગાં તો જેઓ મોક્ષ માર્ગે પ્રયાણ કરનારા છે તેજ છે. પવિત્ર ક્રિયાઓ દાનાદિ-દ્વારાએ કરી રહ્યા હોય તેમાં પ્રમોદ રાખવો. શત્રુને જેમ પોતે ન મારી શકે પણ બીજા મારે તો તેથી આનંદ ઉપજે તેમ અહિં મોહરૂપ શત્રુને આપણે ન મારીએ પણ મોહને મારે અને તે જીતે તો તેને અનુમોદન આપીએ અને આપણો આનંદ થાય. જે માટે જેઓ મોહને જીતીને આગળ વધે છે, તેની

પીઠને થાબડતાં શીખો. આ જીવને મોહને જીતવા વાળાની પીઠ થાબડવાનું ગમતું નથી. બીજા એ મોહને માર્યો ને પીઠ થાબડી તેનું જ નામ **ભાવધર્મ** છે. વાસ્તવિક આત્મ કલ્યાણરૂપ હર્ષનો સિંહનાદ કરવો તેનું નામ **ભાવધર્મ** છે. અંતઃકરણના શુદ્ધ મોક્ષ માર્ગે અનુસરવાના પરિણામ તેમજ મોક્ષના અર્થીઓ પ્રત્યે પ્રમોદ તેનું નામ પણ ભાવધર્મ છે. અને આથીજ તે સૌથી ચારે દાનાદિ પ્રકારમાં ઉંચો છે; તમેજ કહો છો કે આ ચાર પ્રકારમાં કોઇપણ ઉંચો હોય તે તે ભાવ ધર્મ છે. આવી રીતે ચાર ધર્મ કરી ભાવનું સ્વરૂપ સમજ્યા. હવે ચાર પ્રકારમાં કોઇપણ ઉંચો હોય તો ભાવ. હવે તપરયાનો અધિકાર જણાવી વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર પદવી ક્રમ પ્રાપ્ત થાય તે અગ્રે વર્તમાન.


## સાહિત્ય–રસિકો માટે

કલિકાલ–સર્વજ્ઞ–શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર–શ્રી ચન્દ્રસાગરજી–ગણીન્દ્રકૃત–આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા–સન્ધિ–નામ–કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

**૧. ઝવેરી જમનાદાસ મોનજી.**
ઠે૦ બુલીયન–એક્ષચેંજ, **મુંબઇ નં. ૨.**

**૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.**
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ નં. ૩.**

**૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.**
ઠે૦ ખારાકુવા, દેહરા ખિડકી, **ઉજ્જૈન, (માલવા)**

**૪. શા. નેમિચંદ તારાચંદ.** ૪૦૭, કોટનં એકસચેંજ, કાલબાદેવી રોડ, **મુંબઇ નં. ૨.**

**૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.**
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, **મુંબઇ નં. ૩**

**૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,**
**પં. ભૂરાલાલ કે. શાહ,**
ઠે૦ હાથીખાના, રતનપોળ–**અમદાવાદ.**


# ત્યાગી તમે કે હું ?

લે:-ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ.

અનેક મનહર–કુસુમ લતાઓથી વ્યાપ્ત, વિવિધ પુષ્પોની સૌરભથી મહેકતા, વૃક્ષોની ગાઢ છાયાથી છવાએલા, કોયલના મધુર કલરવથી કૂજિત મધુવનમાં, એક સુંદર આસોપાલવના મૂળ પાસે, એક તરૂણ વયના તેજસ્વી ત્યાગી સમાધિમાં શોભી રહ્યા છે !

વસન્તની વનરાજિનું અમૃતપાન નયનોને કરાવવા ગૂર્જેશ્વર પણ મધુવન ભણી વિહાર કરી રહ્યા છે !

આશોપાલવના વૃક્ષ નીચે બેઠેલા તરૂણ ત્યાગીને જોઇ, ગૂર્જેશ્વર આશ્ચર્ય ચકિત ચિન્તવે છે.—

અહો ! કેવી સૌન્દર્યતા ! અહો શું રૂપ ! અહો ! આનન્દથી ઉભરાતી કેવી ભવ્ય આકૃતિ ! આવા નવયૌવનમાં પણ કેવી પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે ઉપેક્ષા ! ધન્ય હો આવા ત્યાગીઓને !

આમ ગર્વિતના ગર્વને ગાળનાર એ ઓજસ્વી ત્યાગીના ત્યાગની છબી ગૂર્જેશ્વરના માનસપટ પર મુદ્રાલેખની જેમ કોતરાઈ ગઈ !

આથી ગૂર્જેશ્વર ત્રણ પ્રદક્ષિણા દઇ, એ યોગીના ચરણોને નમસ્કાર કરી પ્રસન્ન સન્મુખ ઉભા રહે છે.

સમયજ્ઞ મુનિએ, રાજાને પ્રતિબોધ કરવાનો ઉચિત સમય જાણી, તેણે રાજાને નમ્રતા પૂર્વક પુનઃ પુનઃ વન્દન કર્યું.

આ બનાવથી રાજા સાશ્ચર્ય વિચારવા લાગ્યોઃ– આ શું ?

હું ત્યાગીને નમન કરું તે ઉચિત છે. કારણ કે હું ગૃહસ્થ, સંસારના ભોગોનો ભોગી, પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે આસક્તિવાળો, મોહપાશમાં જકડાએલો, પણ આ તો ત્યાગી ! સંસારના ભોગ રોગને લાત મારનાર પૌદ્ગલિક પદાર્થોમાં અનાસક્ત ! મોહને માહાત કરનાર-ત્યાગી મને નમસ્કાર શા માટે કરે ?"

બે હાથ જોડી સવિનય રાજાએ પૂછ્યું–"યોગીશ્વર ! આપે મને નમન કર્યું તે શું ઉચિત છે ?"

એના પ્રશ્નના ઉત્તરમાં મુનિએ પુછ્યું. "રાજન્" તમે મને શા માટે નમન કર્યું ?

આ મુંઝાવી નાંખનાર પ્રશ્નનો ઉત્તર વિવેક પુરસ્સર આપતાં તેણે કહ્યું:—"આપ જિતેન્દ્રિય છો. વૈભવ વિલાસથી વિરકત છો, નિરારંભી છો, અને ત્યાગી છો, તેથી મેં આપને વંદન કર્યું."

મધુર સ્મિત પુષ્પોને વર્ષાવતા મુનિવર બોલ્યા:—"રાજન્! હું ત્યાગી છું. તેથી અધિક ત્યાગી તો તું છો અને તેથીજ મેં તને નમન કર્યું."

મુનિના આ ગૂઢ ઉતરથી રાજાના હૈયામાં અનન્ત આંદોલનોની શ્રેણિ ગતિમાન થવા લાગી ! હજારોને મહાત કરનાર આ રણબંકો એક ત્યાગી પાસે નાચીજ બની ગયો ! વિદ્વાનોના અણઉકલેલા કોયડાને ઉકેલનાર રાજા, મુનિના એક પ્રશ્નને ન ઉકેલી શકયો !

પ્રાન્તે વિનિત ભાવે રાજાએ પૂછ્યું:—સંયમિન્! આધિ, વ્યાધિ અને ઉપાધિના ખરાબામાં પડેલો હું તો એક પામર જંતુ છું. રાજ્યના અનેક કાવાદાવાની જંજીરમાં જકડાએલો હું તો એક ભીરૂ કેદી છું. મોહની જાળમાં પડેલો હું તો એક અજ્ઞાની મૃગલો છું. હું કઈ રીતે ત્યાગી હોઈ શકું ?"

ગૂર્જેશ્વરના વિચાર સાગરને શાન્ત કરવા મુનિવર બોલ્યા:—"નરપતિ ! અખંડિત સુખને આપનાર દર્શન, જ્ઞાન અને ચારિત્ર આગળ આ દુનિયાનું સુખ શું હિસાબમાં છે ? અલૌકિક આત્મરમણતા આગળ આ લૌકિક પદાર્થોની શું કિમ્મત છે ? સાચા આત્મિક સામ્રાજ્ય આગળ આ તમારા રાજ્યના મૂલ્યાંકન કેટલાં થઇ શકે ? કેવળ ત્રણ બદામના. હવે તમે વિચારો. મેં તો આ અપૂર્વ સામ્રાજ્ય મેળવવા માટે આ નાચીજ ત્રણ બદામની કિમ્મતનું રાજ્ય છોડયું. એટલે થોડું છોડી ઘણું મેળવ્યું. અલ્પ છોડી અનલ્પ મેળવ્યું. આથી હું તો અધુરો ત્યાગી છું.

પણ ખરો ત્યાગી અને સંતોષી તો તું જ છે. કારણ કે જે કરોડો રૂપિયા આપતાં પણ ન મળે, જે ચક્રવર્તીનું વિશાળ સામ્રાજ્ય આપતાં પણ ન મળે. જે અનન્ત સંસારના ચક્રમાં પરિભ્રમણ કરતાં પણ ન મળે, તે દુર્લભ મોક્ષ સામ્રાજ્યને છોડી તમે ત્રણ બદામનું તુચ્છ રાજ્ય સ્વીકાર્યું છે. તમે તો સાચો હીરો સ્વીકાર્યો છે. માટે બોલો આપણા બેમાં અધિક ત્યાગી તમે કે હું ? મને તો તમારો ત્યાગ અધિક લાગે છે તેથીજ અધિક ત્યાગી એવા તમને મેં નમન કર્યું !"

મુનિના નમનમાં રહેલા ગૂઢ રહસ્યને સમજી, પ્રસન્ન બનેલો ગૂર્જેશ્વર બે હાથ જોડી કહેવા લાગ્યો:—"સંયમિન્ ! આપે મને સંસારના તુચ્છ પૌદ્ગલિક પદાર્થોનું સાચું ભાન કરાવ્યું છે ! મોહમાં મુગ્ધ બનેલા મને આપે સાચો પંથ બતાવ્યો છે ! અજ્ઞાન અટવીમાં અટુલા પરિભ્રમણ કરતાં મને આપે જ્ઞાન-નગરમાં પહોંચાડયો છે. આપનો આ અમોઘ ઉપદેશ અને ઉપકાર હું કદિ નહિ ભૂલું !

આપે આપનો માનવભવ સફળ કર્યો છે. અને આપના રૂપ, સૌન્દર્ય ને પ્રભાવ સાર્થક કર્યા છે. ધન્ય છે આપને અને આપના સન્માર્ગને !

હે મહા ભાગ્યશાળી ! આપના ધ્યાનમાં મેં ભંગ પાડયો તેની પુનઃ પુનઃ ક્ષમા યાચું છું."

આમ એ ત્યાગી-યોગીના ઉપદેશ અમૃતના મીઠડા ઘૂંટડાનો આસ્વાદ કરતો ગૂર્જેશ્વર પોતાના સ્થાન ભણી ગયો !!!

મુનિ પણ અપ્રતિબદ્ધ-પવનની જેમ ધરાતલ પર વિચરવા લાગ્યા !

शाश्वत-शान्तिदायक श्री सिद्धचक्रेभ्यो नमो नमः ।
सकलसमीहितपूरक श्री शङ्खेश्वरपार्श्वनाथेभ्यो नमः ।

# -श्री प्रश्नोत्तर-पियूषाब्धिः-

૧. પ્રશ્નોત્તર પ્રદેશઃ—પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-પરમનામધેય-પરમપ્રભાવક-ચૌદશો ચુમ્માલીસ પ્રકરણ પ્રણેતા-યાકિની મહત્તરા ધર્મસૂનુ-મૂલશાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરીશ્વર, વિરચિત શ્રી પંચાશક શાસ્ત્ર, અને તે શાસ્ત્ર સ્થિત-વિષયને વિસ્તારથી વિવેકપૂર્વક વિચારી શકાય તે હેતુથી વૃત્તિકાર-ભગવાન્ શ્રીઅભયદેવસૂરીશ્વર વિરચિત-વૃત્તિ=મુદ્રિત દ્વિતીયા વૃત્તિ-પૃષ્ઠ-પંકિત.

૨. પ્રશ્નોત્તરકારઃ—નિર્ગ્રન્થ પ્રવચન-પિયૂષવર્ષિ-નવાઙ્ગીવૃત્તિકાર-ભગવાન્ **શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ.**

૩. પ્રશ્નોત્તર-અવતરણકારઃ—પૂ. ગીતાર્થ સાર્વભૌમ આગમોદ્ધારક શ્રી વર્ધમાન જૈનાગમ મંદિર-તામ્રપત્ર જૈનાગમમંદિર-નિર્માતા-આચાર્યદેવેશ **શ્રીઆનન્દ-સાગરસૂરીશ્વર**ના વિદ્વાન્-શિષ્યરત્ન-વૈયાકરણ કેસરિ-સિદ્ધાન્તમહોદધિ તીર્થોદ્ધારક-**પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્ર-સાગર ગણીન્દ્ર**ના અદ્વિતીય પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિવર્ય.**

૪. પ્રશ્નોત્તર—અવતરણ-અમૂલ્ય સામગ્રી સંચયકાર **પૂ. પં. પ્રવર શ્રીચન્દ્રસાગર** ગણિવર્યના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર** ગણિના શિષ્યરત્ન **મુનિશ્રી દોલતસાગર.**

નોંધઃ—પારમાર્થિક વૃત્તિએ **શ્રી પંચાશક શાસ્ત્ર**નું પુનિત પ્રણયન કરીને અને તે શાસ્ત્રસ્થિત-પદ્ય-પદાર્થોના પુનીત-ભાવ-રહસ્યને વૃત્તિદ્વારાએ સ્પષ્ટ આલેખન કરીને ઉક્ત મૂલકાર-વૃત્તિકાર ભગવન્તોએ પૂ. શ્રમણ વર્ગ અને શ્રમણોપાસક વર્ગ ઉપર અનહદ ઉપકાર કર્યો છે એટલુંજ નહિં પણ ઉક્ત બંન્ને આચાર્ય-વર્યોનો તે ચતુર્વિધ સંઘ સદાયનો ઋણી છે.

આ શાસ્ત્રના વિષય ભાગને વિચારી શકે, પદ્યસ્થિત-પદ-પદાર્થના પરમાર્થને પિછાણી શકે; અને પદ્યસ્થિત ઉત્સર્ગ-અપવાદ વિધિ-નિષેધાદિ સંબન્ધોને સમજી શકે તે હેતુથી વૃત્તિકાર ભગવાને સ્વયં ननु, न च, अथ, आदि, पुनीतपदोथी **"प्रश्नोत्तररूप पियूषाब्धि"** વૃત્તિમાં વ્યવસ્થિત કરેલ છે.

વૃત્તિસ્થિત પ્રશ્નોનું ઉત્થાન કયા પ્રસંગાદિને પામીને છે, અને ઉત્તરોની ઉજ્જ્વલ-ઊક્તિઓ કઈ અપેક્ષાને અનુસરીને છે; તે બન્નેનું ગુર્જર ભાષામાં સારભૂત અવતરણ કરીને ઉક્ત અવતરણકારે અભ્યાસિઓ માટે અમૂલ્ય સામગ્રી સમર્પણ કરી છે.

ગુર્જર ભાષામાં અવતરણ કરેલી અમૂલ્ય સામગ્રીનો સંચય **પૂ. પન્યાસપ્રવર શ્રીચંદ્રસાગર ગણિવર્ય**ના પરમ વિનેય **પં. પ્રવર શ્રી દેવેન્દ્રસાગરગણિ**ના પરમ વિનેય **મુનિ શ્રી દોલતસાગરજીએ** ઉક્ત પ્રશ્નોત્તર અવતરણની અમૂલ્ય સામગ્રીનો સંચય કરેલો છે. પૂ. મૂલકાર પૂ. વૃત્તિકારના આશય વિરૂદ્ધ, પૂ. અવતરણકારે અવતરણ કરવામાં ઓછાશ કરી હોય કે ત્રુટિ રહી ગઈ હોય તેની ક્ષમાપના માંગવાપૂર્વક સુજ્ઞો સુધારીને વાંચે અને અમોને જણાવે તે ભલામણપૂર્વક તે સંચય તેઓશ્રી પાસેથી મેળવીને વાંચકોનો વિવેક વૃદ્ધિ પામે તે હેતુથી અત્રે અપાય છે. - લિ० **તન્ત્રી.**

## મંગલવિષયક-પ્રશ્નોત્તર.

ननु मानसादि इत्यादिना.

પૃ. ૨, પં-૬;—પ્રશ્ન-૧.

મન-વચન કાયાથી નમસ્કાર કરવા વડે અથવા તપ સંયમના આચરણા રૂપ બીજા મંગલો વડે જ્યારે વિઘ્નના નાશથી ઈષ્ટ સિદ્ધિ થઈ જાય છે, તો પછી પ્રારંભમાં વચન વ્યાપારરૂપ નમસ્કાર વડે ગ્રંથને ગૌરવ કરનાર મંગલ કરવા વડે કરીને શું ?

ઉત્તર ૧. સત્યં કિં તુ ઇત્યાદિના.

તમારી વાત ઠીક છે, પરન્તુ શ્રોતાઓને પ્રવૃત્તિ કરાવવા માટે આ મંગલ થશે. તે વાતને સ્પષ્ટ કરતાં વૃત્તિકાર જણાવે છે કે ઉપર મુજબ વાચિક મંગલ કરવા વડે ગ્રન્થકારને વિઘ્નનો અભાવ થવાથી ગ્રન્થ રચનારૂપ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય તો પણ ઇષ્ટદેવતાના નમસ્કારરૂપ વાચિક મંગલ વગર ચાલુ ગ્રન્થના અધ્યયન શ્રવણ આદિમાં પ્રવર્તનાર પ્રમાદિ-શિષ્યોને વિઘ્નનો સંભવ હોવાથી પ્રવૃત્તિ નહિ થાય, ને મંગલ વચનની સ્થાપના વડે મંગલ વચનના ઉચ્ચાર પૂર્વક પ્રવર્તમાન શિષ્યને મંગલ-વચનથી પ્રાપ્ત થયેલા દેવ સંબન્ધના શુભ પરિણામ રૂપ ભાવ વડે વિઘ્નને દૂર કરેલ હોવાથી શાસ્ત્રને વિષે અસ્ખલિત પ્રવૃત્તિ થાય છે. સાંભળીએ છીએ કે મંગલમાં અપમંગલના પરીણામ થઇ જાય તો નુકશાન થાય છે. જ્યારે મંગલમાં મંગલ બુદ્ધિ હોય તોજ કાર્યની સિદ્ધિ થાય છે. એટલુંજ નહિ પરંતુ ઇષ્ટ દેવતાને નમસ્કાર સ્વીકારે છતે તે મહાપુરૂષે રચેલા આગમને અનુસારે આ શાસ્ત્ર છે માટે આદર કરવા લાયક છે. એવા પ્રકારની શિષ્યની બુદ્ધિરૂપ કારણ વડે આ મંગલ શિષ્યની પ્રવૃત્તિ માટે થશે કહ્યું છે કે:—

આહ ચ મંગલ૦ ઇત્યાદિના.

મંગલ પૂર્વક પ્રવર્તમાન પ્રમાદિ-શિષ્ય પણ આ શાસ્ત્રના પારને પામે છે અને મહાપુરૂષના કથન અનુસાર છે એમ સમજી શકિત વિશેષે કરી તે પણ તે શિષ્ય બહુ આદર પૂર્વક પ્રવૃત્તિ કરશે.

પૃ-૨, પં-૧૨, પ્રશ્ન ૨, નનુ મઙ્ગલવિકલાનામપિ૦ ઇત્યાદિના.

મંગલ કર્યા વગરના ઘણાં શાસ્ત્રોની પૂર્ણાહુતિ થઈ છે ને શ્રોતા-જનોની પ્રવૃત્તિ પણ થઈ છે તો પછી શાસ્ત્રને વિશાલ બનાવનાર અને અનૈકાન્તિક એવા વાચિક મંગલ કરવા વડે કરીને શું?

ઉત્તર-૨. સત્યં, કિંતુ શિષ્ટસમય૦ ઇત્યાદિના.

ભાઈ તમારી વાત ઠીક છે, પરન્તુ શિષ્ટ પુરૂષોના આચારના પાલન માટે આ મંગલ થશે. કારણ કે શિષ્ટ પુરૂષો ઇષ્ટદેવતાને નમસ્કાર કરવા પૂર્વક પ્રાયે કરીને ઇષ્ટ કાર્યમાં પ્રવર્તમાન થાય છે, અને આ આ આચાર્ય પણ શિષ્ટ પુરૂષ છે, એટલા માટે તેઓશ્રીએ શિષ્ટ પુરૂષોનો આચાર પાળ્યો છે; અને તેથી વાચિક મંગલનું કથન કર્યું. અર્થાત્ મંગલ કરવામાં વાંધો નથી

આહ ચ શિષ્ટા:૦ ઇત્યાદિના.

કહ્યું છે કે, શિષ્ટ માર્ગના અનુપાલનથી શિષ્ટ પુરૂષો શિષ્ટપણાને પામે છે ને તે માર્ગનું ઉલ્લંઘન કરવાથી તે તે પુરૂષો અશિષ્ટપણાને પામે છે.

(અપૂર્ણ)

## માનવંતા ગ્રાહકોને—

૧. ચાલુ વર્ષના પ્રથમ અંકથી નિયમિત અંકો મેળવનારે ભરેલું લવાજમ કારતક માસથી શરૂ ગણવું, અને બીજા વર્ષનું લવાજમ આવતા કારતક માસ પહેલાં ભરી દેવું.

૨. વી. પી. થયેલા અને થતા અંકો ગ્રાહકોએ છોડાવી લેવા, પરંતુ નહિં લેવાની ઇચ્છાવાળાએ અગાઉથી પોસ્ટદ્વારા સૂચના દેવી.

૩. વિહાર દરમીયાન પૂ. શ્રમણ ભગવંતોને જે જે અંકો ન મળ્યા હોય તે પોસ્ટ દ્વારા જણાવવાથી નિયમિત સ્થળે અંકો મોકલી આપવામાં આવશે.

૪. ચાતુર્માસની સ્થિરતા થવાના દિવસો નક્કી થયે પૂ. શ્રમણ ભગવંતોએ તુરત વ્યવસ્થિત સરનામું જણાવવું.

૫. ધાર્મિક વાંચનનો લાભ બહોળા પ્રમાણમાં લેવાતો હોય તેવી સંસ્થાઓએ વિનંતિ પત્ર લખી મોકલવાથી ભેટ મોકલવા પ્રબંધ થશે.

૬. પ્રથમ જણાવેલ સરનામે મોકલેલ અંક પોસ્ટ થયેલ હશે તે તપાસ કરી મંગાવી લેવા, ગ્રાહક અગર ભેટ મેળવનારની ભૂલથી બીજી વખત તે અંક નહિં મોકલાવાય.

૭. લવાજમ ભરનારે, ભેટ રકમ આપનારે, અને ગ્રાહક થનારે નીચેના સરનામે નાણાં તથા પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
૬૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

# ॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

(ગતાંકથી ચાલુ)

પ્રત્યાખ્યાનનો વિષય સર્વ સામાન્ય છે, અને પ્રત્યાખ્યાનમાં ચતુર્વિધ સંઘ એક સરખો છે. તેથીજ ગ્રન્થકાર પાંચમા પ્રત્યાખ્યાન-પંચાશકમાં "भवविरहं इच्छमाणस्स" એ પદથી ઉપદેશ આપે છે. સંસાર-વિયોગના અર્થિઓએ વિદ્યમાન-પદાર્થ-વિષયક-પ્રત્યાખ્યાનનું પૂર્ણ ભાવથી પરિપાલન કરતાં પ્રત્યાખ્યાન ફલદાયક નીવડે છે. આ ઉપરથી શ્રાવક-સમુદાયે અગર સાધુ-સમુદાયે પ્રત્યાખ્યાનનું પરિપાલન એકજ મુદ્દાથી સેવન કરવું. તે મુદ્દો એજ કે 'સંસારનો વિયોગ અને શાશ્વત ભાવનો સંયોગ.' આ સિવાયના ભાવથી સ્વીકારેલા પ્રત્યાખ્યાન= પચ્ચખાણ નિષ્ફળ નહિં, પરંતુ અનર્થકારિ નીવડે છે. તેથીજ ગ્રન્થકાર ચતુર્વિધ-સંઘને ઉદ્દેશીને પ્રત્યાખ્યાન-પંચાશકની પરિસમાપ્તિમાં પ્રત્યાખ્યાનનું સેવન ભવવિરહનો ઇચ્છાપૂર્વક કરો, આ રીતિએ ભવ-વિરહ પદનું વિયોજન સાર્થક છે. ૫.

દ્રવ્ય-સ્તવ અને ભાવ-સ્તવના બુદ્ધિમાન-અધિકારીઓએ દ્રવ્યસ્તવ તથા ભાવ-સ્તવનું સેવન भवविरहत्थं=સંસારના વિયોગને માટેજ કરવાની શાસ્ત્રકાર ભલામણ કરે છે, અર્થાત્ ભવ-વિરહ પદનું યોજન કરીને સ્તવવિધિ-પંચાશકમાં પણ દ્રવ્ય-સ્તવ અગર ભાવ-સ્તવમાં ભાવિત થનારાઓને સંસારના વિયોગ માટે બંન્ને સ્તવનું સેવન કરવું ઉચિત છે. ૬.

પ્રતિષ્ઠા-વિધિમાં (પ્રતિષ્ઠા-વિધિ-પંચાશકમાં) પ્રતિપાદન કરેલ અનુષ્ઠાનોનું સેવન કરનારે ભવવિરહ-ફલ જે જે રીતિએ થાય તે તે રીતિએ ઉદ્યમ કરવા લાયક છે. આ રીતિએ આ પંચાશકની પરિસમાપ્તિમાં શાસ્ત્રકારે ભવવિરહ-પદનું યોજન પરમાર્થ રીતિએ કરી દીધું છે. ૮.

ભવવિરહને ઇચ્છવાવાળા-પ્રતિમાધારિ-શ્રાવકોએ પ્રતિમાનું પરિપાલન કરવું યોગ્ય છે. અર્થાત્ પ્રતિમા=પ્રતિજ્ઞા પાલનમાં પણ સંસારના વિયોગનું ધ્યેય ભૂલવું જ નહિ. ૧૦.

સંવેગ સંપત્તિનો સ્વામી મોક્ષાભિલાષી શ્રમણ ભગવન્ત સંવેગ-રંગના તરંગોને ઝીલતો, પાપ કર્મને પીલતો कुग्गह विरहेण=અતાત્ત્વિક અભિનિવેશના વિરહથી શીઘ્ર મોક્ષ-સંપદાને પામે છે.

આ સાધુ-ધર્મ-પ્રતિપાદન-પંચાશકના અંતિમમાં કુગ્રહનો વિરહ થયા વગર શાશ્વત-સિદ્ધિનો રાજમાર્ગ સરળ બનતો નથી, એ રીતિએ શાસ્ત્રકારે વિરહપદનું યોજન કર્યું છે. ૧૧.

દશ-વિધ-ચક્રવાલ-સામાચારિનું સેવન-કરનારા શ્રમણ-ભગવંતો ભવવિરહનું નિષ્પાદન કરે છે, અર્થાત્ સંસારના વિયોગને સત્વર સાધે છે. આ રીતિએ ભવવિરહ પદનું યોજન કરીને ગ્રન્થકાર સામાચારીના સેવનનો સાર જણાવી રહ્યા છે. ૧૨.

પિણ્ડ-વિધાન-પંચાશકમાં પ્રતિપાદન કરેલાં વિધાન મુજબ ભાત પાણીને ગ્રહણ કરતાં, અને સંજમકાયને પોષતાં સાધુ ભગવન્તો જલ્દી ભવવિરહ કરે છે; અર્થાત્ સંસારના વિયોગને

શીઘ્ર કરીને મોક્ષે જાય છે. એ રીતે પુનીત એવા ભવવિરહ પદનું યોજન કર્યું છે. ૧૩.

અઢાર હજાર શીલાંગ એટલે અઢાર હજાર ચારિત્રના અંશોનું અખણ્ડ સેવન કરનારાઓનો ભાવ અતીવ પ્રશસ્ત હોય છે, અને તેથીજ ભવવિરહ માટે અત્યંત ભાવ=અતીવ પ્રશસ્ત અધ્યવસાય અમોઘ કારણરૂપ છે. એ રીતે શાસ્ત્રકારે ભવવિરહની કાર્ય સિદ્ધિમાં પ્રશસ્ત અધ્યવસાયને કારણરૂપ જણાવીને કાર્ય-કારણ ભાવનું યોજન કર્યું છે. ૧૪.

સંસારનું ઉચ્છેદન કરવામાં તત્પર થયેલા સાધુ ભગવંતો સંયમને અનુસરતાં પરિણામ-પ્રવૃત્તિમાં ઉદ્યમવંત હોય છે, અર્થાત્ શાસ્ત્રકારે સાધુ-ભગવંતરૂપ વિશેષ્યની સાથે **भवविरह, पराणं** એ વિશેષણનું વિયોજન કરીને વિશેષણ વિશેષ્ય ભાવની વિશિષ્ટ પ્રકારે સિદ્ધિ કરી દેખાડી છે. ૧૬.

**भवविरहे उज्जुत्ता**=સંસારનો જે રીતિએ વિયોગ થાય તે રીતીએ સાધુ ભગવંતો ઉદ્યમવંત હોય છે. વસ્તુતઃ ભવવિરહ એટલે સંસારનો સર્વથા ક્ષય કરવામાં ઉદ્યમવંત હોય તેજ સાધુઓ છે. ૧૭.

શકિત અનુસારે શાસ્ત્ર વિહિત ભિક્ષુ-પ્રતિમાઓનું પરિપાલન કરનારાઓ અલ્પ સમયમાં ભવવિરહને કરશે. આ રીતિએ શાસ્ત્રકારે ભવવિરહ પદની આવશ્યકતા અને વિશિષ્ટતા પ્રતિપાદન કરી છે. ૧૮.

નિયાણા વગર પૂર્વે કથન કરેલાં અમી-ભર્યાં વચનોથી જે વિવેકિયોની મતિ ભાવિત થઇ છે તે વિવેકિ-આત્માઓ આઠે કર્મનો વિરહ કરશે. આ રીતે શાસ્ત્રકાર વિરહ પદનું પદ્યમાં ગુન્થન કરીને આવશ્યકતા, અલૌકિકતા અને અપૂર્વતા પ્રતિપાદન કરે છે. ૧૯.

ઉપરના ઓગણીશ પંચાશકો પૈકી ૪ ૭ ૯ અને ૧૫ એ ચાર પંચાશકોમાં વિરહાદિ પદોનું યોજન કરેલું નથી, છતાં આગળ પાછળનો સંબંધ વિચારતાં વિરહપદનું ધ્વનિત કરવા ધારીએ તો વિશિષ્ટ-રીતિએ સંધ્વનિત કરી શકીએ છીએ. પંદર પંચાશકો-પૈકી વિરહાદિ પદોના વપરાશ વિવેકપૂર્વક વાંચન-મનન પરિશીલન કરશે, અને ગ્રન્થકારના આશયને હૃદય-મંદિરમાં સ્થિત કરશે તે આત્માઓ જરૂર ભવવિરહ-પદને પ્રાપ્ત કરશે. વસ્તુતઃ સંસારનો સર્વથા ક્ષય કરી આદિ-અનંત એવા શાશ્વ પદનો સુયોગ મેળવવા ભાગ્યશાળી થશે.

卐

પ્રથમ પંચાશક-પ્રારંભની સહેતુકતા ? નામના પેરેગ્રાફમાં-હવે પંચાશકોના અધિકારોનો આરંભ કેવી રીતે થાય છે ?, સંકલનામાં શી વિશિષ્ટતા છે ?, એક અધિકાર સાથે બીજા અધિકારોનો અનુસ્યૂત સંબંધ શો છે ?, વીશ વિશિકા-ષોડશક-અષ્ટક આદિ ગ્રન્થ પ્રતિપાદિત અધિકારોનું સામ્યપણું કંઇ અપેક્ષાએ છે ?, અને તુલનાત્મકપણે કેવી કેવી વિશિષ્ટતાઓ છે ?; આ પાંચ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા.

પ્રથમ પ્રશ્નના સમાધાન રૂપે પ્રથમ પંચાશકની સહેતુકતા તેજ પેરેગ્રાફમાં જણાવી ગયા. હવે બાકીના પ્રશ્નો એટલે ક્રમશઃ દરેક પંચાશકોની સહેતુકતા, સંકલનાની સુંદરતા, અધિકારોનો અનુસ્યૂત સંબંધ, સામ્યપણું અને તુલનાત્મકપણું કંઇ અપેક્ષાએ કઇ રીતિએ ઘટે છે તે વિચારીએ.

## પ્રથમ વિભાગીય પંચાશકોની સહેતુકતા.

આસન્નોપકારિ-અંતિમ—તીર્થંકર—ભગવાન્—મહાવીર—મહારાજાએ પ્રરૂપેલા અને

શાસન-સંચાલક ગણધર-ભગવંતોએ ગુથેલા ગહન ભાવથી ભરપૂર આગમોમાં બે પ્રકારનો ધર્મ કહેલો છે. તે બે પ્રકારમાં ૧ અણગાર-ધર્મ અને ૨ આગાર-ધર્મ. અણગાર-ધર્મ ને સાધુ-ધર્મ, અને આગાર-ધર્મને શ્રાવક-ધર્મના નામથી પંચાશક વિગેરે પ્રકરણોમાં પ્રતિપાદન કરેલો છે. દેશનાકાળે અણગાર-ધર્મની દેશના દીધા પછી આગાર ધર્મની દેશનાનો રિવાજ દેશનાકારો માટે નિયત કરેલો છે. પ્રધાનક્રમ ન્યાયે અણગાર-ધર્મની વ્યાખ્યા કર્યા પછીજ આગાર-ધર્મની વ્યાખ્યા કરવી યોગ્ય છે. દેશનાનો રિવાજ અને પ્રધાનક્રમ ન્યાયની નિતિ રીતિને તિલાંજલિ આપીને ગ્રન્થકારે પ્રથમ પંચાશકમાં, શ્રાવક ધર્મનું પ્રતિપાદન કેમ કર્યું?, અગીઆરમા પંચાશક સાધુ ધર્મની વ્યાખ્યા પ્રથમ હોઇ શકે છતાં પ્રથમ નહિં પ્રતિપાદન કરતાં પછી કેમ કરી?; આવાં અટપટા પ્રશ્નોનો ઉદ્ભવ થવો સહેલ છે. પરંતુ સમાધાન સમજમાં આવે એટલે શાસ્ત્રકારની વ્યવસ્થા યથાસ્થિત માલુમ પડે છે.

જે આત્માઓ પૂર્વ ભવોમાં સાધુ ધર્મની આરાધના કરીને આવ્યા હોય, શ્રાવક ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરીને સાધુ ધર્મમાં પ્રવેશ કરીને તુરત કાળ ધર્મ પામી આવ્યા હોય, સાધુ ધર્મની અદ્વિતીય આરાધના કરીને દેવ-લોકમાં ગયા હોય અને ત્યાંથી જૈન કુળમાં જન્મ પામી તુરત કર્મ ખપાવવાની તાલાવેલી પૂર્વક આવ્યા હોય; આવાં અનેક વિધ ઉત્તમ પરિણામવાળા જીવોને દેશનાકાળે અન્યાય ન થાય તે હિસાબે દેશનાના ક્રમે અણગારપણાની આરાધના વગર અખંડ અવ્યાબદ્ધ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી, વિગેરે યુક્તિ પ્રયુક્તિ પૂર્વક પ્રેરણાત્મક-પૂનીત-ઉપદેશ ઉપદેશકે આપવો જોઇએ, અને તે પછી શ્રાવક-ધર્મ, સમ્યકત્વ, અને માર્ગાનુસારીપણું સમજાવવું જોઇએ. ભગવન્તના શાસનમાં પ્રધાનક્રમે દેશનાનો રિવાજ અદ્યાપિ પર્યંત અખંડપણે પ્રવર્તે છે. ઉચ્ચ-કક્ષાના જીવો ઉચ્ચ ભાવને શ્રવણ કરીને ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ માર્ગે જવા પ્રયાણ કરે છે, અને તે સિવાયના નવીનો યથાયોગ્ય અનુક્રમે પામવા લાયક વ્રત નિયમાદિ ગ્રહણ કરે છે. આ ઉપરથી દેશના અવસરે દેશનાકારો માટે પ્રધાન ક્રમે પુનીત દેશનાનો રિવાજ નિયમીત નિયત કરેલો યથાર્થ છે.

પરંતુ પ્રાપ્તિક્રમે વિચારીએ તો, સામાન્ય બાળ-વર્ગના યોગ્ય-જીવોનો અભ્યાસમાં પ્રવેશ થયો નથી, પ્રવેશીને સ્થીર થયા નથી, વિઘ્ન-વગરના પ્રવેશકાળે સ્થીર રહ્યા હોય પણ આપત્તિકાળમાં ડામાડોળ થઈ ગયા હોય કે થઇ જાય તેવાઓ માટે પ્રાપ્તિક્રમે પ્રથમ શ્રાવક ધર્મનું પ્રતિપાદન કરવું અને કર્યું છે તેજ યથાર્થ છે.

ભાવ-શ્રાવકપણું પામવા માટે શ્રાવકોને દ્રવ્ય શ્રાવકપણાનું સેવન સેંકડો વખત કરવું પડે છે. એકડો કરનારને પૂર્વે અનેક વખત લીટા ઘુંટવા પડે છે, સુંદર સાઇકલ ચલાવનારને સેંકડો વખત સાઇકલ ઉપરથી પતનનો અનુભવ કરવો પડે છે, નક્કાના પોટલા બાંધનારને નુકશાનના ઘણા પ્રસંગોમાંથી પસાર થવું પડે છે; તેવી રીતે ભાવ-શ્રાવકપણાથી ભાવિત થનાર ભવ્યાત્માને દ્રવ્ય-શ્રાવકપણું અનેકશઃ સ્વીકારવું પડે છે. આથી પ્રાપ્તિક્રમે ગ્રન્થ-પ્રણેતાએ પ્રથમ શ્રાવકપણું પ્રતિપાદન કર્યું છે તેજ વાસ્તવિક

છે, અને તેથીજ શ્રાવક ધર્મનું નિરૂપણ પ્રથમ પંચાશકમાં છે.

દ્રવ્ય-સમ્યકત્વના આરોપપૂર્વક પ્રથમતઃ શ્રાવક ધર્મનું સેવન પણ થઇ શકે છે. તેથી બીજા પંચાશકમાં જિન દીક્ષા=સ્વયંસેવક ભાવ રૂપ સ્વયંસેવકની દીક્ષાનું વર્ણન આ બીજા પંચાશકમાં આવે છે. દ્રવ્ય-શ્રાવકપણામાં ઘડાતો ઘડાતો જીવ ભાવ સમ્યકત્વને અને તેને અનુસરતાં અનુષ્ઠાનને અનુસરવાવાળો થાય છે. આથી આ બીજા પંચાશકમાં ચિત્ત-મુંડનરૂપ દીક્ષા અથવા સર્વસ્વ-સમર્પણ-ભાવથી ભાવિત થવા રૂપ સંસ્કારનું સ્પષ્ટીકરણ-આ જિનદીક્ષા છે. વસ્તુતઃ સર્વ સ્વરૂપ વિરતિ રૂપ દીક્ષાને આ બીજા પંચાશકમાં અવકાશ નથી. પરંતુ આ દીક્ષામાં જિનેશ્વરનું પ્રાધાન્યપણું સ્વીકારવાપૂર્વક સર્વસ્વ સમર્પણના સંસ્કાર અપાય છે.

જિનદીક્ષા સ્વીકારનારને જિનચૈત્ય પ્રત્યે વંદનાદિ ભેદ, મુદ્રા, વન્દનવિધિ સમજવાની આકાંક્ષા રહે એ સ્વાભાવિક છે, તેથી ત્રીજા પંચાશકમાં વન્દન વિધિનું પ્રતિપાદન કર્યું. આથી બીજા પંચાશક પછી વંદન-વિધિનું પ્રતિપાદન સહેતુક યુક્તિ યુકત છે.

વંદન વિધિમાં ઉત્તીર્ણ થયેલ શ્રાવકને વંદનમાં જિનેશ્વર ભગવંતોની સ્તુતિ-અભિવાદનાદિમાં નિપુણતા પ્રાપ્ત થયા પછી, તે ભગવંતની પરમ કલ્યાણકારિ-પૂજાની પિછાણ કરાવવી જરૂરીની છે. તેથી ચોથા પંચાશકમાં વંદન વિધિ પછી પૂજાનું વિધાન કહેવું તે સહેતુક યુકિત યુક્ત છે. પૂજામાં પૂજાનો વિધિ, પૂજાનો કાલ, આજ્ઞવિકાદિને બાધા ન પહોંચે તે રીતિએ પૂજનાદિનું વિધાન, ભાવસ્તવ વિચારણા, ફલ વિગેરેનું પ્રતિપાદન આ પંચાશકમાં છે.

પૂર્વના ચારે પંચાશકના પુનિત વિધાનોથી ભાવિત થયેલા શ્રાવકે પ્રત્યાખ્યાન=નિયમનું સેવન કરવું જોઇએ. પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણ અથવા હેયવિભાગથી વિરમવા રૂપ નિયમન કરવું તે. મૂલ-ગુણ ઉત્તર-ગુણ રૂપ પચ્ચખાણ હોય છે. તેથી પ્રથમ પંચાશકમાં શ્રાવકને મૂલ ગુણ રૂપ પાંચ અણુવ્રતાદિ અને ઉત્તર ગુણરૂપ દિગ્વ્રતાદિ જણાવ્યાં છે. પરંતુ અહિં ઉત્તર ગુણ રૂપ દશવિધ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ એટલે નવકાર-પોરિસિ-આદિ દશવિધ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, વિધિ-વિધાનાદિની પ્રરૂપણાને પિછાણવાવાળો ચારિત્ર ધર્મને યોગ્ય બને છે. આથી પાંચમા પંચાશકમાં પૂજાના વિધાન પછી પ્રત્યાખ્યાનને પિછાણવું એ સહેતુક-યુક્તિ યુક્ત છે.

છઠ્ઠા પંચાશકમાં સ્તવવિધિ કહ્યો. આ સ્તવ-વિધિમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું વિધાન વિધિપૂર્વક જણાવેલું છે. ભાવસ્તવ= પરમાર્થ પૂજન અથવા અધ્યાત્મ પૂજા, અર્થાત્ ભાવસ્તવના ભાવથી રંગાયેલ-આત્મા ભાવિકાળમાં ચારિત્ર ધર્મનો અધિકારી બને છે. પાંચમા પંચાશકમાં ઉત્તર ગુણરૂપ ચારિત્રનો વિધિ અને આ પંચાશકમાં તે ભાવસ્તવથી ચારિત્ર ધર્મની યોગ્યતા પરિપકવ બને છે. જિનશાસનમાં પ્રતિપાદન કરેલાં વિધાનો અન્ય ક્રિયા સાથે સંબંધ ધરાવનારાં હોય છે. આથીજ પાંચમા પંચાશક પછી છઠ્ઠા પંચાશકનું વિધાન પણ સહેતુક છે.

સાતમા પંચાશકમાં જિનભવન કરાવવાનું વિધાન કર્યું. છઠ્ઠા પંચાશકમાં ભાવસ્તવ-વિધિ જણાવ્યો, અને તેના પરમાર્થમાં ચારિત્ર ધર્મની પ્રાપ્તિ ફલ રૂપે જણાવી. હવે ચારિત્ર ધર્મની

યોગ્યતાવાળાને પુનઃ દ્રવ્યસ્તવ અનુકૂળ-સાધન સામગ્રીનું વિધાન કેમ શરૂ કર્યું ?, સમાધાનમાં સમજવું જોઇએ કે સિંહાવલોકન ન્યાયે ગૃહસ્થોને પ્રબળ પુણ્યે પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદુપયોગ કરવાના પરમ સાધનનો ઉપદેશ પણ જણાવી દેવો, તેથી સાતમા પંચાશકમા ચપળ લક્ષ્મીને સ્થીર કરવાના પરમ કારણ રૂપ અને ભવ્ય જીવોના ઉદ્ધારાર્થે અનુપમેય સાધન હોવાથી આ પંચાશકમાં જિનભવન કરણ-કરાવણ વિધિ, અને આઠમા પંચાશકમાં પ્રતિષ્ઠા વિધિ પ્રતિપાદન કર્યો છે.

પૂર્વે જિનેશ્વર ભગવાનનું મંદિર, પ્રતિષ્ઠા વિધિ, દ્રવ્યસ્તવ-ભાવસ્તવ વિગેરે વિસ્તારથી જણાવ્યા. જૈન કુળમાં જન્મેલાઓ કુળાચારની પરંપરાથી પૂર્વે જણાવેલાં વિધાનોને પણ મંદિરમાં જઇ દર્શન-વન્દન-પૂજન-સત્કાર-સન્માન કરીને કૃતાર્થ થઇ શકે છે. પરંતુ વિરાધનાદિ-પ્રસંગોથી જૈનેતર કુળમાં જન્મેલાઓને માર્ગાભિમુખ કરાવવાના અમોઘ-સાધન રૂપ યાત્રાદિ પ્રસંગો છે. તેથી નવમા પંચાશકમાં વિશ્વવન્દ્ય-અરિહંત ભગવંતોના મહોત્સવ-સ્વરૂપ યાત્રાદિનો વિધિ આ પંચાશકમાં કહ્યો છે. નવે પંચાશકોની પુનીત ચર્યાને પિછાણવાવાલાઓ, અને પરિશીલન કરવાવાળાઓ શ્રાવક ધર્મની કસોટી રૂપ પ્રતિમા=પ્રતિજ્ઞાઓનું પૂર્ણ પ્રેમથી પાલન કરવું જોઇએ. તેથી દશમા પંચાશકમાં પ્રતિમાનું સ્વરૂપ પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે સહેતુક યુક્તિ-યુક્ત છે.

આ રીતિએ પ્રથમ વિભાગીય શ્રાદ્ધ-ધર્મની યથાસ્થિત આરાધના કરીને આરાધકો અપૂર્વ યોગ્યતા પ્રાપ્ત કરી શકે, અને પરમાર્હતપણાને પ્રાપ્ત કરી શાસનને દીપાવે; તે હેતુથી તેઓ માટે પ્રથમ વિભાગીય દશ-પંચાશકોની યુક્તિ યુક્ત સહેતુકતા જણાવી. પ્રથમ-પંચાશકમાં શ્રાદ્ધ ધર્મ વિધિનો પ્રારંભ અને દશમા પંચાશકમાં શ્રાવક પ્રતિમાના વિધિથી પરિસમાપ્તિ જણાવી દીધી. શરૂઆતના એકથી દશ પંચાશકોમાં શ્રાવક ધર્મનું વિધાન જણાવી દીધું, અને હવે દ્વિતીય-વિભાગમાં શ્રમણ-ધર્મપોષક વિધાનો નવ પંચાશકોમાં જણાવે છે તે ઉત્તરોત્તર સહેતુક છે તે હવે સમજીએ.

## દ્વિતીય-વિભાગીય-પંચાશકોની સહેતુકતા.

### સાધુધર્મ-વિધિ-સહેતુકતા.

પ્રથમ વિભાગીય દશ પંચાશકોના પુનીત-વિધાનોના પૂર્ણ-અભ્યાસિ-આત્માઓ શ્રાવક-ધર્મના-વિધિ-વિધાન-ભેદ ભેદાન્તરોમાં ઓત-પ્રોત થઇ ગયો હોય છે. ઓતપ્રોત થયેલા તે અભ્યાસિયોએ શ્રાવક ધર્મરૂપ મહા-મંદિરના મહિમાવન્ત કલશ સદૃશ અગીઆર પ્રતિમારૂપ પરિક્ષાઓ પણ પસાર કરેલી હોય છે. અને ક્રમશઃ અભ્યાસમાં ઉત્તીર્ણ થયેલાને સાધુ ધર્મની પ્રાપ્તિ કરવાની, પુનીત તાલાવેલી લાગેલી હોય છે. તે હેતુથીજ અગીઆરમા પંચાશકમાં પ્રકરણ પ્રણેતા સાધુ ધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરે છે તે યુકિત-યુક્ત સમજવું તે સુસંગત છે. ૧૧.

### સામાચારી-વિધિ-સહેતુકતા.

સાધુ-ધર્મ સ્વીકારનાર-સર્વ-વિરતિધરોઓ સામાયિકાદિ ભેદ, ગુરૂનિશ્રા, ગુરૂ કુલવાસ, દર્શન-જ્ઞાનવૃદ્ધિ, ચારિત્ર સંરક્ષણાદિ લાભોને નજર સન્મુખ રાખ્યો હોય, અને તેવા મહાત્માને ઇચ્છા-મિચ્છાદિ દશવિધ સામાચારીનું સ્વરૂપ,

સામાચારીના ભેદો, સેવનથી લાભ, નહિં સેવનથી નુકશાન વિગેરે વિસ્તારથી સમજણ આપવા માટે બારમા પંચાશકમાં સામાચારીનું સુંદર વિધાન પ્રતિપાદન કરેલું છે તે પણ સુસંગત છે. ૧૨.

## પિણ્ડવિધિ-સહેતુકતા.

સામાચારીનું સેવન કરવાની અભિલાષાવાળાને પણ સંયમકાયનું સંરક્ષણ કરવાની અનિવાર્ય જરૂર રહે છે. તે સંયમકાયને પોષણ કરવા ભિક્ષા-ચર્યાદ્વિદ્વારે નિર્દોષ-આહારથી શરીરને કેવી રીતે પોષવું ? અને સંયમજ્ઞાનને વધુ મદદગાર બને તેવી રીતે દોષોનું વર્જન કેવી રીતે કરવું ?; તે સમજાવવા માટે સામાચારી પ્રકરણ પછી પિંડવિધાન પ્રકરણ શરૂ કરવું તે અનિવાર્ય છે. આજ હેતુથી ગ્રન્થકારે આ પિંડ-વિધાન નામના તેરમા પંચાશકનું ગુન્થન સહેતુક કરેલું છે. ૧૩.

## શીલાંગવિધિ-સહેતુકતા.

બેતાલીસ દોષ ગોચરીના અને પાંચ મંડળીના દોષ એમ સુડતાલીશ દોષ રહિત ભિક્ષાદિ વૃત્તિથી સંયમ કાયનું સંરક્ષણ કરનાર સર્વ વિરતિ ધરનો ચારિત્ર ધર્મ દીપે છે. જેમ સૂતર અગર રેશમના સૂક્ષ્મ તંતુઓ મળીને તાણો અને વાણો થાય છે, અને ઘણા તાણા-વાણાનું યોગ્ય મીલન થયે સુંદર પટ થાય છે; તેવી રીતે ચારિત્રવન્ત-આત્માઓને ચારિત્ર ધર્મના અઢાર હજાર અંશોથી મીલન થયેલા અઢાર હજાર શીલાંગ રથ ઉપર આરોહણ કરીને અસ્ખલિતપણે મોક્ષ માર્ગ તરફ ગમન કરવાનું છે. આથી નિર્દોષ આહારથી નિર્દોષિત સંયમકાયનું સંરક્ષણ કરનારા સર્વ વિરતિધરોને અદ્વિતીય શીલાંગરથની પ્રાપ્તિ સહેલાઈથી થઇ શકે તે હેતુથી પિંડવિધાન નામના પંચાશક પછી તુરત ચૌદમા શીલાંગ-પંચાશકનું ગ્રન્થકાર પ્રતિપાદન કરે છે. ૧૪.

## આલોચના વિધિ-સહેતુકતા.

અઢાર-હજાર-શીલાંગ-રથના અઢાર હજાર અંશોનું સેવન કરનારા ભિક્ષુકોને દોષો થવાની સંભાવના છે. રાધાવેધની જેમ શીલાંગના અંશોનું સૂક્ષ્મ રીતિએ નિગ્રન્થ ભગવન્તો અવલોકન કરે છે. અવલોકન પ્રસંગે અતિક્રમ-વ્યતિક્રમ-અતિચારાદિનું નિરીક્ષણ કર્યા વગર શીલાંગ=ચારિત્ર અંશોની શુદ્ધિ થતીજ નથી. અને તેજ હેતુથી શીલાંગોની શુદ્ધિ માટે આલોચનના વિધાનની જરૂર છે. આથી શીલાંગ-વિધિ-પ્રકરણ પછી, તુરત આલોચના વિધાન નામનું પંદરમું પંચાશક ગ્રન્થપ્રણેતા પ્રતિપાદન કરે છે. ૧૫.

## પ્રાયશ્ચિત-વિધિ-સહેતુકતા.

આલોચન-કરનાર-અણગારો આલેચેલાં અતિચારોની શુદ્ધિ માટે ગીતારથ-ગુરૂ ભગવંતો પાસે જઇને બાળકની જેમ થયેલા પોતાના અતિચારાદિ દોષો પ્રકટ કરે છે. ગુરૂવર્યો તે દોષોની શુદ્ધિ માટે તપસ્યા રૂપ પ્રાયશ્ચિત આપે છે. આ હેતુથી આલોચના વિધાન-પંચાશક પછી તુરતજ શાસ્ત્રકાર પ્રાયશ્ચિત્ત વિધાન નામના પંચાશકનું પરમાર્થ વૃત્તિથી ગુન્થન કરે છે. આથી આલોચના પંચાશક પછી પ્રાયશ્ચિત પંચાશકની રચના યુક્તિ યુક્ત છે. ૧૬.

## સ્થિતાદિકલ્પવિધિ-સહેતુકતા.

સાધુધર્મ, સામાચારી, પિંડવિધિ, શીલાંગ, આલોચના અને પ્રાયશ્ચિત વિધિ સાધુ ભગ-

વંતોને માટે જણાવેલો છે. વર્તમાન કાલીન–આસન્નોપકારિ ચરમતીર્થંકર ભગવન્ત મહાવીર મહારાજાના સાધુઓને, અગર બાવીશ તીર્થંકર ભગવંતના સાધુઓને, અગર પ્રથમતીર્થંકરના સાધુઓને, અથવા તો વિદેહમાં વિચરતા મુનિવરોને માટે પૂર્વના છ પંચાશકોનો વિધિ જણાવ્યો છે કે કેમ ?, ઉપર જણાવેલ સાધુ ભગવંતોમાંથી કયા સાધુ ભગવંતો લેવાં ?; આ શંકાનો સહેજે ઉદ્ભવ થાય તેથી તેના સમાધાન માટે સ્થિતાદિ કલ્પ=સ્થવિર કલ્પિક આદિ આચારની વ્યવસ્થા માટે અર્થાત્ વર્તમાનકાલીન–શ્રીમહાવીર–મહારાજાના સાધુઓ માટે આ સ્થિરતાદિકલ્પ-પંચાશકનું પ્રતિપાદન કરે છે. પૂર્વેના છ પંચાશકોમાંથી કયો વિધિ ? કેટલા પ્રમાણમાં ?, કેવા પ્રસંગોને અનુસરીને પૂર્વે જણાવેલા સાધુઓને પ્રાપ્ત થાય છે, તેની વ્યવસ્થા કરવી તે સહેતુક છે તેથી ગ્રન્થકાર આ પંચાશકનું ગુંથન કરે છે. ૧૭.

## ભિક્ષુ-પ્રતિમા-પ્રકરણની સહેતુકતા.

વીર્યોલ્લાસની વૃદ્ધિપૂર્વક ક્લિષ્ટ–કર્મોની નિર્જરામાં ભિક્ષુકોના ભાવ દિન પ્રતિદિન વૃદ્ધિ પામે તે હેતુથી સ્થિતાદિકલ્પ પછી ભિક્ષુ પ્રતિમા–પંચાશકનું કથન કરાય છે. સત્તરમા પંચાશકમાં ભિક્ષુકોની વ્યવસ્થા વિવેક પૂર્વક સમજાવી ગયા, અને આ અઢારમા પંચાશકમાં ભિક્ષુકો માટે પ્રતિજ્ઞાઓનો પુનીત વિષય પ્રતિપાદન કરાય છે. આ હેતુથી સત્તરમાં પંચાશક પછી અઢારમું પંચાશક પ્રતિપાદન કરવું એ સહેતુક યુક્તિ યુકત છે. ૧૮.

ભિક્ષુ પ્રતિમા=ભિક્ષુકોની પ્રતિજ્ઞાઓએ તપોધર્મ સ્વરૂપ છે. તેથી ઓગણીશમા પંચાશકમાં પ્રતિમા સિવાય અનેક વિધ તપોધર્મ વિધિ પ્રતિપાદન કરાય છે. કંઇક ભવોના એકઠાં કરેલાં કર્મોની નિર્જરા કરવા માટે ભિક્ષુકોને તપોધર્મની અનિવાર્ય જરૂર છે એટલુંજ નહિં પણ ચતુર્વિધ સંઘને આ તપોધર્મ સેવનની જરૂર છે, તેથી પ્રાસંગિક તપોધર્મનું સ્વરૂપ સર્વ સામાન્યતઃ આ પંચાશકમાં પ્રતિપાદન કરાય છે. આ હેતુથી અઢારમા પંચાશક પછી આ તપ–ઉપધાન નામનું ઓગણીશમું પંચાશક ગ્રન્થકારે પ્રતિપાદન કર્યું છે. ૧૯.

## સામ્યપણાના સુંદર-વિચારમાં.

પ્રથમ વિભાગીય પંચાશકોની સહેતુકતા અને દ્વિતીય વિભાગીય-પંચાશકોની સહેતુકતામાં પૂર્વાપર પંચાશકોનો અનુસ્યૂત સંબંધ અને પારસ્પરિક સહેતુકતા યુક્તિ યુક્ત સુસંગત છે તે વિચારી ગયા. ઓગણીશ પંચાશકોમાં આવતાં નામો શ્રવણ કરીને અષ્ટક-વિંશિકા આદિ ગ્રન્થોનું સામ્યપણું નજર સન્મુખ આવિર્ભાવ થાય છે. નામથી સામ્યપણું શ્રવણ કરનારને અને વિવેકિ–વિચારક-વાંચક-વર્ગને મુંઝવણ ઊભી ન કરે એ હેતુથી સામ્યપણું કઇ અપેક્ષાએ છે ?, અને તુલનાત્મકપણે કઇ કઇ વિશિષ્ટતાઓ છે ?; તે સૂક્ષ્મ બુદ્ધિમન્તોને સહેજે સમજાઇ જાય તે હેતુથી તે બંન્ને વિચારીએ.

બત્રીશ–અષ્ટકજી નામના અપૂર્વ ગ્રન્થના પ્રણેતા પણ આ ગ્રન્થકાર છે, તેવીજ રીતે વિંશતિ વિંશિકા અને ષોડશક પ્રકરણના પ્રણેતા પણ

તેઓશ્રી છે. ન્યાયાચાર્ય શ્રીમદ્‌યશોવિજયજી ઉપાધ્યાય ભગવાને પણ બત્રીશ અષ્ટકો રચેલા છે, તેથી અહીં જે અષ્ટકજીની વાત કરીએ છીએ તે પંચાશક પ્રકરણના પ્રણેતા શ્રીહરિભદ્ર-સૂરીશ્વરજી કૃત અષ્ટકજી સમજવાની જરૂર છે. આથી સામ્યપણાના સદ્‌વિચારમાં આગળ વધીએ.

## પૂજા પ્રકરણની પારમાર્થિક-સામ્યતા.

૩ ત્રીજું પૂજા અષ્ટક, ૯ નવમું જિનપૂજા ષોડશક, ૮ પૂજા વિંશિકા, ૬ અને ૪ થું પંચાશક પૂજા વિધાન છે. આ ચારે નામથી સામ્યપણું જણાવે છે. પરન્તુ ચારે ગ્રન્થની ગુન્થન નિતિ અને અધિકાર વિચારવાથી સ્પષ્ટ માલુમ પડે છે કે જગદ્વન્દ્ય જિનેશ્વર ભગવંતને આશ્રીનેજ પૂજનો વિધિ છે. પરંતુ તે પૂજાના વિધાનમાં અલ્પાંશે કવચિત્ વિષય અધિકારનું સામ્યપણું નજરે પડે છે, પરંતુ વિવેક યુક્ત બુદ્ધિપૂર્વક વિચારતાં ચારે ગ્રન્થોમાં નવનવીન અપૂર્વતા, મૌલિકતા, અનિર્વચનીય સિદ્ધાન્ત પ્રતિપાદિતા; અને સંક્ષેપતઃ વિશેષતઃ વિવેચનતાઓ નજરે પડે છે.

## ભિક્ષાની ભવ્ય-સામ્યતા.

પાંચમું ભિક્ષા અષ્ટક, ૬ પિંડ ભોજન-અષ્ટક, અને ૭ પ્રચ્છન્ન ભોજન અષ્ટકમાં અર્થાત્ આ ત્રણે અષ્ટકોના ભિક્ષાનું સ્વરૂપ-ફલ, પ્રવૃત્તિ નિવૃત્તિ અને નફા-નુકશાન રૂપ ફલ પ્રતિપાદન કરે છે.

વિંશિકા-ગ્રન્થમાં આ સ્વરૂપાદિને કથન કરનારી બે વિંશિકાઓ છે. તેરમી ભિક્ષાવિધિ વિંશિકા અને ચૌદમી તદંતરાય શુદ્ધિ વિંશિકા આ વિંશિકામાં ભિક્ષા શુદ્ધિનું સ્વરૂપ આવે છે, પરંતુ અષ્ટકજીમાં જે નથી કીધું, જે નથી સમજાવ્યું અને જે નથી આલેખન કર્યું; તે આ બે વિંશકામાં વિશેષપણે સમજાવવાને શાસ્ત્રકારે સુંદર પ્રયત્ન કરેલો છે. વિશેષમાં બારમી વિંશિકામાં ગ્રહણ-આસેવન શિક્ષામાં ભિક્ષાદિ માટે અંગુલિ નિર્દેશરૂપ સૂચન પણ છે. તેરમા પિંડવિધાન-પંચાશકમાં ભિક્ષાને અનુસરતો વિધિ પ્રતિપાદન કરેલો છે, પરંતુ અષ્ટક વિંશિકા અને પંચાશકોના પૂનીત વિધાનો અલગ પ્રકાશ પાડે છે એ વાંચકને તે પંચાશક-સારાંશના વાંચન મનન પરિશીલન કાળે સમજાઇ જાય છે.

## પ્રત્યાખ્યાન-વિધિ-સામ્યતા.

આઠમું પ્રત્યાખ્યાન અષ્ટક અને પાંચમું પ્રત્યાખ્યાન-વિધિ-પંચાશક-નામથી બેનું સામ્યપણું છે. પરન્તુ પ્રત્યાખ્યાન અષ્ટકમાં દ્રવ્ય-પચ્ચખાણ અને ભાવ પચ્ચખાણનું સંક્ષેપથી સ્વરૂપ દર્શાવ્યું છે, અને પ્રત્યાખ્યાન-વિધિ-પંચાશકમાં ઉત્તરગુણ વિષયક, દશવિધ પચ્ચખાણ, આલાવાદિનું સ્વરૂપ, અને વિરતિ આદિ ફલને વિસ્તારથી પ્રતિપાદન કરેલ છે. પ્રસંગોપાત મૂલગુણ વિષયક સામાયિક પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જણાવ્યું છે. આ ઉપરથી પ્રત્યાખ્યાન નામથી સામ્યપણું છે, છતાં વિષય-વિભાગ-વિવેચન અલગ અલગ સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલાં છે. આથી સામ્યતા અને વિશેષતાઓનો વિવેક વિચારણીય છે.

(ચાલુ)

૪૬૮. સ્વરૂપથી સાવદ્ય દેખાતી અને અનુબંધથી નિરવદ્ય નિહાળાતી ક્રિયાના સેવનમાં ઉજમાળ રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૯. સ્વરૂપ, હેતુ અને અનુબંધ દયાના પ્રકારો સમજીને સદારંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૭૦. અલ્પાહાર, અલ્પ નિદ્રા અને કષાયરહિત થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૭૧. સત્તા-સંપત્તિ-યુવાવસ્થા અને મદોન્મત્તા આચાર અધઃપતનની સીડીના લપસણીઆ પગથીઆં છે.

૪૭૨. જરૂરીયાતોને ઓછી કર્યા સિવાય નિરપૃહતાનું આસ્વાદન કરવું અશક્ય છે. ઈન્દ્રિયો અને મન પર વિજય મેળવ્યા સિવાય સાચી શાન્તિ-સુખ-કે આનન્દની પ્રાપ્તિ પાંચસો કોષ દૂર છે.

૪૭૩. ઉપકાર માટે સંપત્તિ અને સાહ્યબીઓને તિલાંજલિ આપનારાઓજ ઉપકારની વાસ્તવિક કિંમતને સમજનારા છે.

૪૭૪. ભોગ-સાધન સામગ્રીઓનો ભોગ આપવામાં ઉપકારની ઉચ્ચ કિંમત અંકાય છે.

૪૭૫. આવી પડેલી આપત્તિઓ અને આવી પડનારી આપત્તિઓનું અવલોકન કરીને ઉપકારિઓ ઉપકારના માર્ગથી લવલેશ ડગતા નથી.

૪૭૬, કુબેર ભંડારી સમાન ક્રોડપતિઓને ક્રોડો પ્રયત્ન કર્યા છતાં પણ અન્ન-વસ્ત્રના ફાંફા મારવા પડે છે, માટે ભોગાન્તરાય-ઉપભોગાન્તરાયના ઉન્મૂલન માટે દાન દેવાની અને દેવાના પરિણામ સર્વદા જાગ્રત રાખવાની હિતશિક્ષા હૃદયમાં ધારણ કરવી જરૂરી છે.

૪૭૭. છતે પૈસે અન્ન-વસ્ત્રના હરકોઇને ફાંફા મારવા પડે તે અંતરાયને ઓળખીને પણ કંટ્રોલ-રેશનીંગ દ્વારા મેળવેલા ટુકડામાંથી પણ ટુકડો દેતાં શીખો, નહિંતર અંતરાયની અંધાધુંધીમાં અટવાઇ જવું પડશે.

૪૭૮. ક્રોડપતિઓ કંગાલ બને છે, અને કંગાલો ક્રોડપતિ બને છે છતાં ચપળ લક્ષ્મીના ચકડોળે ચઢેલા ચતુરો પણ ઠોકર ખાય છે એ નવાઈ પામવા જેવું નથી.

૪૭૯. સુર-સુરેન્દ્ર અને સર્વાર્થ સિદ્ધ વિમાન પર્યંતની સાધન-સામગ્રી સાહ્યબીના અસ્ખલિત ભોગવટામાં સુખ માન્યું, સુખ માનીને ભોગવ્યું, અને તેજ સુખની પાછળ પાગલ બનીને ચાર ગતિના ચકડોળને વેગવંતું કીધું, પરંતુ તે સર્વને દુઃખ માન્યા વગર અને તે સર્વ દુઃખમય છે એવો નિર્ધાર કર્યા વગર સુંદર સંવેગનાં તરંગો હૃદય મંદિરમાં ઉઠતા નથી.

૪૮૦. કહેવાતા શ્રીમન્તો, સામાન્ય શ્રીમંતો, ગર્ભ શ્રીમન્તો, ઉભરાતી સંપત્તિના સ્વામિ-શ્રીમંતો, નર-નરેન્દ્ર, બળદેવ, વાસુદેવ, અને ચક્રવર્તિઓની સંપદાઓ-સર્વ સાધન સામગ્રીઓની પ્રાપ્તિમાં, ભોગવટામાં સુખ માન્યું અને ભોગવ્યું, તેજ સુખની પાછળ પાગળ બન્યો છતાં તે બધું દુઃખમય છે એ કલ્પનાના નિર્મળ નિર્ધાર વગર સુંદર સંવેગના તરંગો હૃદય હદમાં ઉભરાતા નથી.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

(લેખકઃ—સુધાવર્ષી.)

**નોંધઃ**—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૰ તન્ત્રી.

૪૫૮. ચાલુ વિભાગના પૂર્વે જણાવેલાં સુધાબિંદુઓદ્વારા (૪૫૧ થી ૪૫૭ નંબર સુધીના) તદ્ગતચિત્ત, સમયવિધાન, ભાવવૃદ્ધિ, ભવભય, વિરમય, પુલાક અને પ્રમોદ–એ સાતે વાક્યોનું સેવન કરીને અમૃતક્રિયાનો સ્પર્શ કરવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૯. "અમૃત લેશ લહે એકવાર, રોગ નહિ ફરી અંગ મોઝાર, સ્વામી સેવીએ" પં. શ્રી વીરવિજયજીની એ સુંદર શિખામણ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૦. "અમૃત લેશ લહ્યો એક વાર, બીજું રે ઔષધ કરતું નહિ પડે જી" મહોપાધ્યાય શ્રીયશોવિજયજીનો એ અનુપમ ઉપદેશ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૧. દગ્ધ, શૂન્ય, અવિધિ અને અતિપ્રવૃત્તિ એ ચાર દોષોથી રહિત અનુષ્ઠાનમાં ઉજમાળ થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૨. અનુષ્ઠાનનું સેવન કરતાં કરતાં અવસરની યોગ્યતાએ પ્રીતિ અને ભક્તિને પરાકાષ્ઠાએ પહોંચાડવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૩. કૂવામાં આવતા પાણીના અખૂટ ઝરણાની માફક ભાવની વૃદ્ધિપૂર્વક દરેક અનુષ્ઠાનોને સેવવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૪. આરંભ સમારંભ વિષયક સંકલ્પ કરવાની, આરંભ-સમારંભ વિષયક સાધનો એકઠાં કરવાની અને આરંભ-સમારંભ દ્વારા એ જીવોના છેદનભેદન કરવાની પાપમય-પ્રવૃત્તિને રોકવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૫. નિરારંભના અર્થી આત્માઓએ જયણાપૂર્વક સદારંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૬. મલિનારંભને છોડવા માટે સદારંભનું સેવન અવશ્યમેવ કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૭. તીવ્રારંભને તિલાંજલિ દઈને નિર્વાહ પૂરતા મંદારંભનું સેવન કરનારે સદારંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

(વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું.)

श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि

# श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**भावार्थः**—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —**आ. बो.**

## सिंहवृत्तिधर-संयमी.

लेखकः—सुधावर्षी.

अनेकविध अभिधानोथी सूत्रादि साहित्यमां संकलित थतो, अने वाक्यप्रयोगमां वपरातो सिंह शब्दनो वाच्य-वाचक संबंध विचारनाराओने अनेकानेक आश्चर्यकारि-अलौकिकताओनो अनुभव थया वगर रहेतोज नथी; अर्थात् थयां करे छे अने थाय छे.

साहित्य सृष्टिसिंह-सिंह शब्दथी ध्वनित थती स्वाभाविक-संपत्तिओ अने आविर्भाव थती अनेकविध वृत्तिओनी अनुपमेय-अलौकिकताओ अनिर्वचनीय-अगम्य होवा छतां अभ्यासियोने अभ्यासकाळे अवश्यमेव तेओनो (स्वाभाविक संपत्तिओ अने वृत्तिओनो) परिचय, उपयोग, शक्ति, स्वभाव अने किंमतनो साक्षात्कार थाय छे.

आगमना रचयिताओओ, आगमना अभ्यासियोओ, आगम स्थित सुधास्वादियोओ, आगमस्थित सुधावर्षियोओ, आगमानुसारि शास्त्रकारोओ, निर्युक्तिकारोओ, वृत्तिकारोओ, प्रकरणकारोओ; अने साहित्य सर्जकारोओ अवसरोचित-आलेखन प्रसंगादिमां सिंह शब्दना पर्यायवाचि सुंदर-भाववाहि-वनराज, पंचानन, केसरी, हरिणाधिप, मृगेन्द्र, मृगाधिप, मृगाधिराज आदि अभिधान चिन्तामणि-स्थित अनेक अभिधानोनो अस्खलितपणे उपयोग करेलो छे ते विचारकोने दृष्टिगोचर थाय छे.

(वधु माटे जुओ टाईटल पेज २ जुं.)

वी सं २४७३
वि सं. २०७३
वर्ष १७ अंक ६.

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२५, २७, धनजी स्ट्रीट—मुंबई.

वार्षिक लवाजम
३. ७-०-०
छुटक नकल एकना
३.०—४—६

મનુષ્યની ગતિ-જાતિ-શરીર અને આયુષ્યાદિની અપેક્ષાએ તિર્યંચની ગતિ-જાતિ-શરીર આયુષ્યાદિને અધમપણે વર્ણવ્યા છે, છતાં તિર્યંચની ગતિ-જાતિ-શરીર-શરીરોપાંગ-સંઘયણ-સંસ્થાનાદિ પ્રાપ્ત કરનાર અને સમગ્ર પંચેન્દ્રિય પ્રાણીગણમાં સ્વાભાવિક સમ્રાટપણું ભોગવનાર સિંહ શબ્દને=સિંહ શબ્દથી ધ્વનિત થતી વ્યક્તિને શાસ્ત્રોની અનેકવિધ રચનાઓમાં રસિકપણે અપનાવ્યો છે. **આથીજ સિંહની સ્વાભાવિક સંપત્તિઓ-શક્તિઓ અને વૃત્તિઓ પ્રત્યે આદર બહુમાન થાય છે.**

**चन्द्रवन्मुख, चन्द्रानन, चन्द्रकुखी**, આ ત્રણે પદ-પ્રયોગોમાં વપરાયેલ ચન્દ્ર શબ્દથી ધ્વનિત થતી સઘળી સંપત્તિઓ અને સઘળા ધર્મો જેમ લેઈ શકાતા નથી, તેમજ સિંહાદિ અભિધાનોથી અભિવિશેષિત થયેલાં વિશેષ્યોમાં સિંહની=મૃગેન્દ્રની=હરિણાધિપની=વનરાજની વિશ્વપ્રસિદ્ધ વિશ્વવૃત્તિઓ-સંપત્તિઓ-શક્તિઓ અને ધર્મો લેવાતાજ નથી; પરંતુ સિંહ શબ્દથી ધ્વનિત થતી અનુપમેય-આશ્ચર્યકારિ-આનન્દજનક-આલ્હાદજનક-પરાક્રમવર્ધક-પ્રોત્સાહજનક-પ્રેરણાત્મક-ઉર્જાત્મક અને શિક્ષણાત્મક સંપત્તિ-શક્તિ-વૃત્તિ અને ધર્મોમાંથી લેઇ શકાય તેવાં ચોક્કસ ધર્મોથી વિશેષ્યની વિશિષ્ટતા-મહત્તા-અને મહદ્ધિકતાની પિછાણ કરાવાય છે.

સિંહની સ્વાભાવિક સંપત્તિઓ, શક્તિઓ, વૃત્તિઓ અને ધર્મોની વિચારણા કરીએ તો સિંહનીજ પ્રવૃત્તિ, સિંહનાદવૃત્તિ, સિંહાવલોકનવૃત્તિ નિરીક્ષણવૃત્તિ, નિર્ભયવૃત્તિ, શિકારવૃત્તિ, સિંહાસનવૃત્તિ, સિંહસ્વભાવવૃત્તિ, વિષયભોગવૃત્તિ, પાદગમનવૃત્તિ, ક્ષુધાશમનવૃત્તિ, નિર્ભયવૃત્તિ, ધૈર્યવૃત્તિ, પરાક્રમવૃત્તિ, રાજવૃત્તિ, વસવાટવૃત્તિ, સિંહવેષવૃત્તિ; અને સિંહ-ક્રોધિવૃત્તિ આદિ અનેકવિધતાઓનો સ્વ-પર હિતકર-સાક્ષાત્કાર સંયમધર-સર્વજ્ઞ ભગવંતોમાં અને સંયમિયોમાં સ્પષ્ટપણે નજરે ચઢે છે.

"પ્રવાદિદ્વિપોચ્છેદને તુલ્ય સિંહા." "સિંહપરે એકલો ધીર સંયમગ્રહી," "तुं मुज हृदयगिरिमां वसे सिंहजे परम निरीहरे, कुमत मातंगना जुथथा ते कशी प्रभु मुजभीहरे" સિંહરે નિજ વિક્રમ શૂરા ત્રિભુવન જન આધારા-ઇત્યાદિ શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય ભગવન્; "तुहयणु पहरणधरा सिंह कुद्धपि न गणंति," **नामउणस्तव; सिंहनादादिद्विगाः वी० स्ता० प्रका० २-९ मृगेन्द्रासनमारूढे; मृगेन्द्रमिव सेवितुम्; वी० स्ता० प्रका० ५, कलिकाल सर्वज्ञा, पुरुषसिंहाणं शक्रस्तव० समणसिंहस्स, विंशिका हरिणाधिपोऽपि० भक्तामरस्तव०** આ રીતિએ અનેકવિધ સ્થળે અનેક શાસ્ત્રકારોએ શાસ્ત્રાદિ રચનાઓમાં સિંહ શબ્દને અરલખિતપણે અપનાવ્યો છે; અને તેથીજ તે તે સંપત્તિ-શક્તિ-વૃત્તિ-ધર્મદ્વારાએ તે તે મહાપુરૂષો વિ. પ્રાતઃસ્મરણીય બન્યા છે. વર્તમાનકાલીન વાતાવરણનો વિવેક પૂર્વક અભ્યાસ કરીને જૈન-શાસનના પ્રાણભૂત-સર્વજ્ઞ પ્રણીત સંસ્કૃતિ, સાહિત્ય, અને સાતે ક્ષેત્રનું સરક્ષણ અને વૃદ્ધિ કરી શકે તો સિંહની સ્વાભાવિક સંપત્તિ-શક્તિ-ધર્મ-વૃત્તિધર સંયમિયોજ કરી શકે છે.

**સિંહવૃત્તિધર સંયમીઓએ સિંહનાદથી શાસનની જે જાહોજલાલી ટકાવી છે, અને વધારી છે, તેજ જાહોજલાલીને હવે કેવળ સિંહનાદથી નહિ પણ સાથે સાથે સિંહાવલોકન ન્યાયે સિંહપ્રકૃત્તિ ધારણ કરવાની હવે અનિવાર્ય જરૂર છે. ધન્ય છે! સિંહવૃત્તિધર સંયમિયોને !!, ધન્ય છે !! મૃગેન્દ્રવૃત્તિધર-મુનિપ્રવરોને !!!**

---

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | જેઠ-માસ. | તંત્રીઃ |
|---|---|---|
| અંક ૯ મો. | તા. ૧૭-૬-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[ નોંધઃ—રાજકોટ મુકામે, ચૈત્ર સુદ ૧૩ તા. ૧૬-૪-૪૭ ના રોજ આસન્નોપકારિ-અંતિમ-વિભુશ્રી વર્દ્ધમાન ભગવાન્‌ના જન્મકલ્યાણક નિમિત્તે પૂ. દેશનાકારે આપેલ દેશના અતીવ મનનીય હોવાથી, અને તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય-મુનિશ્રીસુબોધસાગરજી પાસેથી મેળવી, વાંચકો સારી રીતે વાંચી શકે, તથા વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ-સુધારા-વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ માટે તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી. ]

### વિશ્વવન્દ્ય-ભગવાન્ શ્રીમહાવીર જન્મકલ્યાણક મહોત્સવ—નિમિત્તે આપેલી દેશના.

કલ્યાણપાદપારામં શ્રુતગઙ્ગાહિમાચલમ્ ।
વિશ્વામ્ભોજરવિં દેવં વન્દે શ્રીજ્ઞાતનન્દનમ્ ॥૧॥

(કલિકાલ સર્વજ્ઞ)

### દેશનાના સારભૂત-અવતરણો.

૧. કલ્યાણક શબ્દ અને જયન્તી શબ્દમાં આભ અને જમીન જેટલું અંતર.

૨. લાભની દ્રષ્ટિએ સુષમાકાળ અને દુઃષમાકાળના ફેરફે.

૩. કલિકાળમાં ભાંગ્યાતૂટ્યા શ્રુત-જ્ઞાનથી સંસ્કારિત થવું આવશ્યક છે.

૪. હીરા-પન્ના-સોનૈયા મેળવવાની તાલાવેલીમાં મળતો ત્રાંબાનો પૈસા ગુમાવનારને.

૫. કલિકાળમાં બચાવનાર શાસ્ત્રરૂપી સાંકળો.

૬. જન્મકલ્યાણકની આરાધના શાથી ?

૭. અરિહંતની આરાધનામાં આદર્શપણું શી ચીજ છે ?

૮. અનુકરણ કરતી વખતે અક્કલનો ઉપયોગ કરો.

૯. જ્ઞાતનન્દન શબ્દની ઓળખટ.

### કલ્યાણક-શબ્દની મહત્તા.

આજનો વિષય આસન્નોપકારિ-ભગવાન્ શ્રી મહાવીર મહારાજાના જન્મકલ્યાણકની મહત્તા સમજવા માટેનો છે. શ્રોતાઓએ ખાસ ધ્યાન

કરતી વખતે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે કેટલાકો આ અતિ મહત્ત્વના પ્રસંગને "જયંતી" શબ્દથી સંબોધે છે. તે શબ્દ માટે મારે જણાવવું પડે છે કે સોના મહોરને બદલે પૈસો દેખાડવો, કહેવો અગર મનાવવો તે અક્કલની ખુબી નથી, પરંતુ અણસમજની અંધાધુંધી છે. નહિં તો જે દિવસ નારકીને પણ સુખ કરનાર તરીકે શાસ્ત્રોમાં વખણાયેલો છે, જે દિવસ ચૌદરાજ લોકને શાતા કરનાર તરીકે પ્રશંસાયેલો છે; એટલુંજ નહિં પણ જે દિવસ સામાન્ય કેવલી, ગણધરો, શ્રુત કેવલી આદિને અંગે ન વપરાયો હોય ને ફકત શાસન-સંસ્થાપક-શ્રીતીર્થંકરોનેજ અંગે હોય તેવો કલ્યાણકદિન શબ્દ છોડીને જયંતી શબ્દ વાપરવો ઉચીત નથી. બાપ દાદાની પણ જયંતી ઉજવાય છે, હિંદુ યા મુસલમાનો પણ જયંતી ઉજવે છે, તે સર્વ સાધારણ જયંતી શબ્દને અહીં મૂકવો ને પેલો કલ્યાણકર-કલ્યાણક શબ્દ ભૂલી જવો કે ખસેડી નાંખવો એ ઉચિતજ લાગતું નથી.

## આરાધનાનો આવશ્યક-દિન.

જો કે ઇરાદાપૂર્વક તમો તીર્થંકરના અપમાન તરીકે કરતા હોય, એમ તો હું ન કહી શકું; પણ એટલું તો સ્પષ્ટ કહું છું કે-અજ્ઞાન કે અણસમજથી વપરાએલ શબ્દ નુકસાનકારક છે, માટે આવા દિવસને જયંતી શબ્દથી નહિં બોલતાં કલ્યાણક શબ્દ બોલવામાં ચૂકશો નહિ.

જે કલ્યાણકનો દિવસ એટલો બધો પવિત્ર છે કે જેને અંગે ઇંદ્રોનાં સિંહાસનો પણ ડોલાયમાન થાય છે, અને જેને અંગે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ પણ પોતાના સ્વોલા-પંચાશક નામના પુનીત-ગ્રંથમાં જણાવે છે કે-જે મનુષ્યો આવા કલ્યાણક દિવસમાં તપશ્ચર્યા, પૂજા, મહોત્સવ, સાધર્મિક ભકિત આદિ કરતા નથી અને તે સિવાયના બીજા દિવસોમાં એટલે કલ્યાણક સિવાયના દિવસોમાં તપ-જપ-દાનાદિ કરે છે તે કપોલ-કલ્પિત અર્થાત્ સ્વમતિ કલ્પિત અનુષ્ઠાનો સમજવા. કારણ એ છે કે જેને તીર્થંકરના કલ્યાણકને અંગે બહુમાન નથી તેવો મનુષ્ય બીજી તિથિઓ કયા હિસાબે આરાધે છે ?, વિવાહની વખતે ચાંલ્લો ન કર્યો, અને ઘેર પરણીને સ્ત્રી લેઇને આવી ગયા પછી ચાંલ્લો કરવા આવે તો લે ખરો ? ના કેમ ? દેનારને જવાબ મળે છે કે ટાણું કયાં છે ?, અર્થાત્ આવતા ચાંલ્લાના રૂપિયાને પણ ટાણું નથી એમ કહી આડો હાથ ધરે છે, તેવી રીતે કલ્યાણકમાં તપસ્યાદિ ન કરે ને બીજા દિવસે કરે તે કેવળ કપોળ કલ્પિત છે, એમ આચાર્ય-શ્રીહરિભદ્રસૂરિજીએ યાત્રા-પંચાશકમાં જણાવ્યું છે આ ઉપરથી આપણે એટલુંજ સમજવાનું કે ભગવાન્ મહાવીરનો જન્મ કલ્યાણકનો દિવસ તપસ્યા, પૂજા, સાધર્મિક ભકિતમાંજ વિશેષતઃ આરાધવોજ જોઇએ અર્થાત કલ્યાણકનો દિવસ એ આરાધનાનો આવશ્યક દિન છે.

## કળિકાળની બલિહારી.

સુષમાકાળની મહત્વત્તાને આગળ કરનારાઓ કળિકાળને વખોડયા કરે છે. પરંતુ તેઓને પુછવું જોઇએ કે સોટીનું નુકસાન વધારે કે જિંદગીનું રક્ષણ વધારે ? કહેવું પડશે કે જિંદગીના રક્ષણની કિંમત જુદીજ છે. તેમ આ દુઃષમા કાળ એ ભક્ષે ચોરમાન માતા જેવો છે, આપણને વિચિત્ર સંજોગોમાં મૂકે છે; છતાં એ કલિકાળમાં મૂકયા છતાં આ શાસનના

પ્રભાવે આપણે મિથ્યાત્વ સર્પથી બચી જઈએ છીએ. આ વાત વિચારશો ત્યારે કલિકાળ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહેલ શબ્દોની કિંમત સમજાશે.

" सुषमातो दुःषमायां कृपा फलवती तव "

અર્થાત હે ભગવાન્ સુષમા કાળમાં જો કે આપની જગત ઉપર મહેર હતી, આપે મને ડૂબાડવાનું ધાર્યું ન હતું, આપે મને તારવાનોજ પ્રયત્ન કર્યો હતો, પણ મારૂં નસીબ પાતળું કે તેથી કાણા પાલવે કંચન મળે તેના કરતાં સારા પાલવે તાંબૈયા મળે તો ભૂખ ભાંગી જીવતા રાખે. આપે તો કંચન વરસાવ્યું, કોઇ પૂછવા આવે તેને ઉપકાર કરી કંચન વરસાવ્યું અને આપ્યું છતાં હું કાણા પાલવવાળો હતો તો મારૂં શું ? જો કે દાતા દાન, ગ્રાહક, સામગ્રી મુશ્કેલ છતાં કાણું લુગડું હોય ત્યાં શું થાય ? તેથી સુષમાકાળ કરતાં દુષમાકાળમાં તાંબૈયા મળે છે, તે ઘણો સારા છે. અત્યારે નથી તો તીર્થંકરો, નથી તો સામાન્ય કેવલી નથી તો ગણધરો, નથી મનઃપર્યવ જ્ઞાની, નથી અવધિ જ્ઞાનીઓનો યોગ; જો શ્રુતજ્ઞાન રૂપ યોગ હોય તો માત્ર ભાગ્યું તૂટયું શ્રુતજ્ઞાનજ છે, સંપૂર્ણ નથી તે તાંબૈયોજ વર્તે છે; અર્થાત્ પૈસો ત્રાંબાનો વર્તે છે. રૂપૈયા નથી તો પન્ના, હીરા, માણેક મોતીની વાત કયાં કરવી ? માટે કલિકાળની બલિહારી છે.

## શ્રુતજ્ઞાનથી સંસ્કારિત થાઓ.

કેટલાક એવા હોય છે કે સોનાનો વરસાદ વરસશે ત્યારે પાલવ ધરશું. તેઓએ યાદ રાખવું જોઇએ કે મળેલા ત્રાંબૈયા ન લે અને હીરાના ભરોસે રહે તો ભૂખે મરીને અટવાઇ જશે, અને કુટુંબ પણ નાબુદ થશે. હીરા વગેરેના વરસાદ ત્રાંબૈયાને જો ઝીલી લેશો તો તેથી કુટુંબ જીવતું રહેશે ને પછી તે સોનૈયાદિના વરસાદ વખતે તમારૂં કુટુંબ સોનું મેળવી શકશે. અત્યારે સોનાના વરસાદરૂપી નથી જિનેશ્વરો, નથી કેવળીઓ, નથી ગણધરો, નથી મનઃપર્યવ જ્ઞાનીઓ, નથી અવધિ જ્ઞાનીઓ, નથી પૂર્વધરો; એવી સ્થિતિમાં જેઓએ જિનેશ્વર ભગવાનનું મળતું શ્રુતજ્ઞાન કે જે ત્રાંબૈયાના વરસાદ જેવું છે, તેમાં પણ આત્મા સંસ્કારિત થયો હશે, ત્યારે તે હીરા, મોતી ઝીલવા તૈયાર થશે, પણ જેઓ અત્યારે નહિ ઝીલે તેવાઓને તો ભવાંતરમાં પણ તીર્થંકરનો સંયોગ છતાં પ્રાપ્તિનો સંભવ નથી. માટેજ શ્રુતજ્ઞાનથી સંસ્કારિત થાઓ.

## શાસ્ત્રરૂપી સાંકળને પકડો.

હે ભગવાન્ ! સુષમાકાળ કરતાં દુઃષમાકાળમાં શાસન મળ્યું તે ખરેખર ફળવાળું છે. (જો કે સુષમાકાળ અને તત્કાલીન સામગ્રીના અપમાન માટે નહિ પણ) સુષમાકાળમાં આપ, આપ જેવા—કેવલી, ગણધરો વિગેરે લાઈફઓટો દરિયામાં હતી. તેથી કોઈ ડુબવાનો ભય ન હતો. તે વખતે તીર્થંકરોનો પ્રતિબોધ લાગ્યો હોય તો કલ્યાણની વાત, પ્રતિબોધ લાગ્યો હશે કે કેમ ? નહિં તો કેવલી આદિનો સંયોગ લાગી જાય. જે તળાવમાં જગો જગો પર સાંકળો નાંખી છે, ત્યાં ડુબવાનો ભય નથી, ત્યાં તરી જવું એમાં અધિકતા નથી. આથી તીર્થંકરોની જરૂરીઆત ઓછી નથી. સાંકળો તો એમણેજ નાંખી હતી, તેમનાથીજ કેવળી આદિ ઉત્પન્ન થાય છે. તત્ત્વજ્ઞ સાંકળ નાંખનારનેજ દેખે, બચનાર સાંકળનેજ દેખે.

જે તળાવમાં એકજ સાંકળ હોય, અને ક્રૂર હિંસક જલચર-જાનવરોથી ભરેલું તે તળાવ હોય; અને તેમાં પણ સાંકળ હાથમાં આવવી ને બચવું કેટલું મુશ્કેલ છે, તેવી રીતે દુઃષમા કાળમાં કોઇ તીર્થંકર, કેવલી આદિ નથી અને તરનારને શાસ્ત્રની સાંકળ મળી ગઈ. કયે વખતે ? ચારે બાજુ ઝેરી જાનવરો ઘુઘવાટા કરી રહ્યા છે, અને દુઃષમ કાળમાં મિથ્યાત્વનો પારાવાર ભય છે ત્યારે. તીર્થંકરના વારામાં પણ ગોશાલક, જમાલિ ગણ્યા ગાંઠ્યા હતા પરંતુ અહીં તો વરસના મહિના બાર અને પાખંડીઓ તેર તેવાજ જમાનામાં સાચું શાસન મળવું મુશ્કેલ કેટલું ? આપ જેવા હોય તો નિર્ણય કરી લેત, પણ અહીં એવું નથી. એક ગામ જવું હોય, અજાણ્યું જંગલ હોય, સીધી કેડી કે રસ્તો હોય તો અજાણ્યે ગામ પણ પહોંચી જઇએ, પણ ગામ એક ને રસ્તા એકવીસ હોય ત્યાં શું થાય ? ભવિતવ્યતા હોય તો સીધી કેડી હાથ આવે, નહિ તો સીધી કેડો પણ આવવી મુશ્કેલ, તેવી રીતે આ આત્મા એવો અજાણ્યો છે કે બારનું ડીંડુયે જાણતો નથી. મોક્ષમાર્ગ જાણતો નથી, અને પાખંડીઓથી વ્યાપ્ત એવા દુઃષમા કાળમાં આપના શાસનનો યોગ મળ્યો, અને શાસ્ત્રરૂપી સાંકળ મળી તો કૃપાનો પાર નથી. પૂરેપૂરો ભાગ્યશાળી હોય તોજ ઘોર પ્રાણીઓથી વ્યાપ્ત, એક સાંકળવાળા તળાવમાં શાસ્ત્રરૂપી સાંકળ મેળવી તરી જાય.

## તરવાનો આધાર શ્રુતજ્ઞાન.

સાચી શ્રદ્ધા મેળવવી એ પણ ભાગ્યશાળીપણાને લીધેજ. તેમજ મેરુતો મરુભૂમૌ હિ સુલભ્યા કલ્પતરોઃ સ્થિતિઃ । કલ્પવૃક્ષ ઉત્તમ છે, કોઇ દિવસ હીન છે નહિ, પણ ખરેખર લોકોના આશીર્વાદને કયું કલ્પવૃક્ષ મેળવે ?, મારવાડમાં હોય તે કે નંદનવનમાં રહેલું ?; કારણ કે ત્યાં નંદન વનમાં ઢગલાબંધ કલ્પવૃક્ષના ઝાડો છે. છતાં જ્યાં ઝાડનીજ મુશ્કેલી ત્યાં કલ્પવૃક્ષની કિંમત ઓર છે. તેવી રીતે દુષમા કાળમાં સંસારથી તરીએ એવાં સાધનો મળે તે કલ્યાણકારકજ છે, દુઃષમાકાળમાં તરવાનું સાધન મુશ્કેલ હોવાથી કિંમતી છે, જો કે મારવાડના અને નંદનવનના કલ્પવૃક્ષમાં ફરક નથી., પણ ઢગલા હોય ત્યાં કિંમત ઓછી થાય છે. દુઃષમા કાળમાં સંસાર સમુદ્રથી તરવાનાં સાધન આપ તરફથી મળે છે, તે ખરેખર પ્રશંસનીય છે. સાધનમાં ફેર નથી, પરંતુ સોનાનો ખાંણ પાસે રહેનાર એક ચીભડા પેટે ચાર તોલા સુવર્ણ મેળવે તે કરતાં બીજે સ્થળે પાઇ મળતી નથી અને પાવલી મેળવે તો ખુશ ખુશ થઇ જાય છે, તેવી રીતે તીર્થંકરના વખતમાં પોતે હયાત, શ્રુત કેવલી આદિ હાજર, ત્યાં વધવા ઘટવાનો કિંમત નહિં, પણ દુઃષમાકાળમાં તરવાનો આધાર નહિં, ફક્ત શ્રુતજ્ઞાન એજ તરવાનો આધાર. આથી શ્રુતજ્ઞાન સર્વોત્તમ હોવાથી તેમના જન્મ કલ્યાણકનો દિવસ ઉજવવા વધારે તૈયાર થઈએ છીએ.

## આરાધના શાથી ?

શાથી ઉજવીએ છીએ ? ગર્ભમાં નવ માસ રહ્યા તેથી, પારણે હિંચોલાયા તેથી, રાજાના પુત્ર હતા તેથી ?, જવાબમાં કહેવું પડશે કે તે દ્વારા આરાધના થાય છે. ના ત્યારે ? આરિસો ચોકખો કરીએ તો મોઢું ચોકખું દેખાય તેવી રીતે ભગવાન્ તીર્થંકરોમાં જે મોક્ષની જડો રહી છે, તે જ્યારે આપણે તપાસીએ અને દૃષ્ટિ કરીયે છીએ ત્યારે આપણા

આત્મામાં તે જડ રોપી શકીએ છીએ. શ્રી મહાવીર પ્રભુ મોક્ષને અંગે, ક્ષાયોપશમિક ભાવ, ક્ષાયિક પદોને ઉદ્દેશીનેજ પરમ આરાધ્ય છે. દુનિયાદારીને અંગે હોય તો પ્રથમ યુગલિકોને પૂજવા જોઇએ કારણ કે તેઓને રોગ નહિ, જંગલી જાનવરોનો ભય નહિ શોક ચિન્તાનું નામ નહિ. આજ કારણથી તેઓને યુગલિકોને પૂજવા જોઇએ અને ઋદ્ધિ સમૃદ્ધિ, કુટુંબ કબીલા આદિને અંગે જો આરાધ્ય ગણાએ તો ચક્રવર્તીઓને પહેલા પૂજવા જોઇએ. કારણ કે ચક્રવર્તીઓ પાસે અનેક પ્રકારની રિદ્ધિ હોય છે, છ ખંડના અધિપતિ, નવ નિધાનના માલિક, ચૌદ રત્નોના સ્વામી, એક લાખ બાણું હજાર સ્ત્રીયો વિગેરે સંપૂર્ણ ભોગનાં સાધનોવાળા હોય છે, પરંતુ આપણે તેને આદર્શ નથી ગણતા. આપણે ભગવાન્ મહાવીરનું આદર્શપણું દુનિયા દ્વારાએ ગણતા હોઇએ તો અવજ્ઞા તરીકે નહિ પણ કહેવું પડે કે કચરો હોય તે ખસેડવા માટેજ આરાધીએ છીએ.

## અરિહંતોનું આદર્શપણું.

ક્ષાયોપશમિક કે ક્ષાયિક સિવાયની સ્થિતિનું અનુકરણ કરવાનું હોય તો માના પેટમાંથી બીજી માના પેટમાં જવું, અને દેવાનંદાની કૂખમાંથી ત્રિશલાની કૂખમાં જવું; એ અનુસરવાની શંકા થાય કે તે તો ઇંદ્રાદિકે કર્યું ને?

સમાધાન—મહાવીર મહારાજાએ પ્રભાવિક કર્મ બાંધ્યું ત્યારે થયુને, નહિ તો બ્રાહ્મણીની કૂખમાંથી ક્ષત્રિયાની કૂખમાં જવું થાત? છતાં એ પરાધીન ગણો. હવે ચાલો સ્વાધીનમાં તેમને પુત્ર કેટલા? એકે નહિ. ત્યારે પુત્રવાળાનું કલ્યાણ થવાનું કે નહિ?, અર્થાત્ ભક્તોમાં જે પુત્રવાળા હોય તેનું કલ્યાણ નહિ થાય. અર્થાત્ કર્મોદયથી થવાવાળી ચીજોને અંગે આદર્શપણું નથી, પરંતુ કર્મરાજાની સાથે યુદ્ધ કર્યું, તેને જમીનદોસ્ત કર્યો, ને પોતાના ધર્મ સંચાલક શૂરવીર સરદારોને મજબૂત કર્યા. કેવી રીતે? તો કહે છે કે કર્મની સામા ઉભા રહે ને તેને જમીનદોસ્ત કરે, તેવા સરદારો ગણધરાદિ ઉભા કર્યા. ચક્રવર્તીઓને પોતાના સેનાપતિઓની જેમ તીર્થંકરોએ શાસન સંચાલકો ઉભા કર્યા તે અંગે આદર્શપણું.

મહારાણા પ્રતાપસિંહ અને શિવાજીનું અનુકરણ શામાં? તેઓના અણનમનપણામાં, નહિ કે બીજામાં નાસી જવામાં કે કુશકાના રોટલા ખાવામાં, કે રોટલા બિલાડો લઇ જાય ત્યારે બચ્ચાંઓના રોક્કળ કરવામાં અર્થાત્ ધર્મધ્વંસ કરનારને નમું નહિ, વિરોધીઓની જામેલી સત્તાને ઉઠાડું તેમાંજ આદર્શપણું. તેવી રીતે કર્મ શત્રુના નાશમાંજ અરિહંતોનું આદર્શપણું છે.

## અનુકરણમાં અક્કલનો ઉપયોગ કરો.

આ ઉપરથી અજ્ઞાન દશામાં કરેલા નાકમાંથી શ્લેષ્મના સેડા કાઢતો વખત અને મોઢામાં હાથ ઘાલવાની જેમ કર્મોદયથી જે બનાવો બન્યા હોય તે જૈન શાસનના જયવંત નેતાઓ જીગરથી નહિંજ ચાહે. તે નેતાઓ તો કર્મરાજાને જિતવાને અંગે જે કાંઈ વર્તન હોય તેજ વર્તનને ચાહે છે. ટૂંકો વખત આપણે ભૂલ ખાઇએ છીએ, કે બગલાનો રંગ લેવાને બદલે બગલાનો આકાર લઈ બેઠીએ તો આંધળા જેવી સ્થિતિ કરીએ છીએ. તે માટે આ દૃષ્ટાંત વિચારો.

"એક આંધળા બાવાની ટોળી હતી. દેખ્યું કે નિભાવ થતો નથી, તેથી એક દેખતો માણસ આંધળાની ટોળીમાં ભળ્યો. કોઇએ નિમંત્રણ કર્યું. આંધળાંની ટોળીમાં એક જાતિ અંધ હતો, તેને અનુમાન ન હતું. પાછળથી આંધળા થએલાને અનુમાન હોય, તેથી બીજાને થયું કે એને અહીં રહેવા દો. બધા જમવા ગયા, અને બાઈપોને આવ્યા. જન્મથી આંધળાને કુતૂહલ થયું. આ બધાએ શું બાધું? બીજાઓએ કહ્યું, અરે આજે ખીરપૂરી બિલાઇ. જાતિ-આંધળાએ કહ્યું—ખીર કેવી ચીજ છે? તો દેખતાએ કહ્યું કે—ગોકા દૂધ, બગલા જેસા સફેદ. ગાય તો બાવાને ત્યાં હોય તેથી બબર પડે, પણ 'વો બગલા કયા?' આકાર બતાવ્યો. (ચીઢાઇને કહ્યું) અરે! એસા તુમને બાયા, મેરા તો ગલા ભી કટ જાવે, વાત મત કરો. પેલાએ કહ્યું ભાઈ એતો બગલાનો રંગ! અરે!

આવી રીતે પ્રભુ મહાવીરના જીવનમાંથી તારનારી વસ્તુઓ લેવાને બદલે કર્મેદ્રિયની ચીજ લેવા જઇએ તો તેવી સ્થિતિ થાય. કલ્યાણક શાથી? સંસારીપણાને અંગે નહિ, અગર તેનું અનુકરણ કરવા અહિ ઉજવતા નથી.

પરંતુ આપણા આત્માના ઉદ્ધાર માટે એ તારકે તારક તરીકે ઉપદેશ આપેલ તે ઉપદેશનાં વચનો ધ્યાનમાં રાખવા, તારક તરીકેનાં વર્તનો કહેલાં તેનું અનુકરણ કરવાનું છે. જેમને રાત્રી-પ્રતિક્રમણની ટેવ હશે તેને ધ્યાનમાં હશે કે તપ ચિંતવણીના કાઉસ્સગમાં શું બોલો છો? પ્રભુ મહાવીરે છ મહિના તપશ્ચર્યા કરી તો હે ચેતન! તું કર! આજે તે બધું બોલો છો, પણ હે ચેતન! તે પરણ્યા તું પરણ! આ બોલ્યા?, નહિ. કેમ? તારક દૃષ્ટિથી માનીએ છીએ. આથી તે તરીકેનું અનુકરણ-કરવું તેજ ભક્તિ. આ ઉપરથી ક્ષાયોપશમિક આદિ ભાવોને પ્રગટ કરનારા ભાવોનું જ અનુકરણ કરવું તે શ્રેય તેમાં આત્મહિતકર અક્કલનો ઉપયોગ છે.

ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વર મહારાજે **वंदे श्री ज्ञातनन्दनम्** શ્લોકના આપદોમાં અહિં જ્ઞાતનન્દન શબ્દ શાથી વાપર્યો? કારણ કે માત પિતાએ કરેલ નામ તો "વર્દ્ધમાન છે" અરે! ખુદ મહાવીર નામ પણ-અવિરતિ દેવોએ સ્થાપેલ છે.

## જ્ઞાતનન્દન નામ શાથી?

'વર્દ્ધમાન" શાથી? ગર્ભમાં આવ્યા કે ધન્ય ધાન્યની વૃદ્ધિ, તે તે પાંચમા ગુણસ્થાનક વાળા ત્રિશલારાણી સિદ્ધાર્થનૃપ હતા છતાં-ગુણોથી બનેલ નામ મહાવીર જગો જગોએ લીધું. અર્થાત્ ગુણની પ્રશંસાદિ દ્વારાએ બનેલું નામ જગો જગો પર બધાઓએ મંજુર રાખ્યું. પરંતુ હવે મૂળ વાત લો! અહિં **वंदे श्रीजगद्गुरुम्** આવાં નામ ન લેતાં આ લેવાનું કારણ શું?

સમાધાનઃ—આ શબ્દ સ્વતંત્ર છે, જેને માટે પોતેજ સ્વરચિત અભિધાન ચિંતામણીમાં જણાવે છે "**महावीरो वर्द्धमानो देवार्यो ज्ञातनन्दनः**" આ નામ એકલા એમણે નથી કહ્યું, પણ ખુદ તેઓ શ્રીમાનની જ્ઞાતિમાં જન્મથી અને જન્મ પછી પણ પ્રસિદ્ધ હતું.

જગતમાં પ્રસિદ્ધિ પામેલ નામ જ્ઞાતનન્દનજ હતું. જૈન સૂત્રોમાં પ્રસિદ્ધ "શ્રમણ ભગવાન્ મહાવીર" છે, માતા પિતા સ્થાપિત 'વર્દ્ધમાન" છે, દેવોએ શ્રી મહાવીર નામ સ્થાપિત કરેલ છે તો પછી "જ્ઞાત પુત્ર" શાથી?

સ્હેજે શંકા થાય કે જ્ઞાતકુળમાં ઘણાએ પુત્રો હતા. છતાં આમનેજ જ્ઞાત પુત્ર કહેવાનું કારણ શું ?

વિચારો ! જરા ઉંડા ઉતરો ! બ્રાહ્મણ કુળમાંથી દેવે ઉપાડી જ્ઞાતકુલમાં લાવી–તીર્થંકરપણામાં ધરેલ કોઈ પણ પુરૂષ હોય તો તે મહાવીરજ છે. નન્દીવર્દ્ધન આદિ હતા. પણ સામાન્ય જ્ઞાત પુત્ર હતા. કદાચ કહેશો કે આ જન્મથી હતું એમ કોણ જાણે છે, કારણ કે ગર્ભ સંહરણ વખતે અવસ્વાપિની નિંદ્રા દેવ આપે છે. કોઇને ખબર પડતી નથી, પછી પ્રસિદ્ધિનું પ્રમાણ શું ?

## દેવતાદિ મહિમાને લીધે જ્ઞાતનન્દન.

વિચારો ! દર વરસે કલ્પસૂત્ર સાંભળો છો, સાંભળનારા ઉત્તર આપી શકશે, જરા વિચારી જુઓ કે—જે વખતે પ્રભુ મહાવીરનો જન્મ દેવાનંદાની કુક્ષિમાં આવે છે, ત્યારે દેવાનન્દાને ચૌદ સ્વપ્નો આવે છે, ને ઉઠાવીને દેવ જ્યારે લઇ જાય છે ત્યારે એમ થાય છે કે:—ત્રિશલા રાણી ચૌદ સ્વપ્ન ઉપાડી ગઇ, અર્થાત્ મારો પુણ્ય પ્રભાવક જીવ ત્રિશલાને ગયો. સવારે છાટી ફૂટે છે, આ વાત જાહેર થાય છે કે નહિ ?

હવે બીજી બાજુ તે દિવસે ત્રિશલા રાણી ચૌદ સ્વપ્નો દેખે છે, ને તે સિદ્ધાર્થ રાજાને કહે છે, સિદ્ધાર્થનૃપ સ્વપ્ન પાઠકોને બોલાવે છે. સ્વપ્ન પાઠકો કહે છે કે ત્રણ માસનો ગર્ભ હતો પણ કાલે કોઇ એવો ગર્ભ આવ્યો કે તે જીવ ચક્રવર્તિ કે તીર્થંકર થાય.

આ દેવાનંદાના કલ્પાંતથી, અને ત્રિશલા રાણીના સ્વપ્ન દર્શનથી, સ્વપ્ન પાઠકના કહેવાથી વિગેરે કારણો જાહેર હોવાથી તે છ મહિને પુત્રપણે અવતાર થવાથી સર્વને પક્કો નિશ્ચય થયો તથા **દેવતાઈ મહિમાને (ગર્ભ–અન્ય સ્થળે મૂકવો) લીધે જ્ઞાતનન્દન નામ હતું**, તીર્થંકર થશે.

નન્દીવર્ધનનું જ્ઞાતનન્દનપણું સામાન્ય હતું આથી બૌદ્ધ જેવા જૈનોના કટ્ટર વિરોધીઓને પણ **(નાયપુત્તેણં)** "જ્ઞાતપુત્ર" એ નામ બોલવું પડયું.

ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ જ્ઞાતપુત્ર શા માટે કહ્યું ? અનાજ લેવા માટે નહિ, ગામ, દેશ લેવા માટે નહિ પરંતુ પોતે જણાવે છે કે આ મારા આત્માના કલ્યાણરૂપી વૃક્ષને નવપલ્લિત કરનાર જો કોઇ હોય તો તે "જ્ઞાતનન્દન–આરામ" એટલે વીરરૂપી બગીચોજ છે, તે સિવાય મારા આત્માના કલ્યાણરૂપી વૃક્ષો સૂકાઇ જશે. તથા શ્રુતજ્ઞાન રૂપી ગંગાના પ્રવાહને ચલાવનાર જો હોય તો વીર રૂપી હિમાલય પર્વત છે ને, સર્વ પ્રાણીઓ રૂપી કમળોને વિકસ્વર–કરનાર કોઇ હોય તો વીર રૂપી સૂર્ય છે.

આવો 'નિરૂપમેય—બગીચો, હિમાલય, સૂર્યનો ઉપમાવાળા ભગવાનને હું નમસ્કાર કરું છું.

# વિચાર સાથે વર્તન કેળવો.

લે:—ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ

આજનો ક્રાંતિકારી યુગ, સદાચારી–વક્તાની માગણી કરે છે. 'સદાચારી'....દુરાચારી નહિ. એવો સદાચારી વક્તા, જે એકજ હાકલ સાથે સમાજને જગાડે, જે માત્ર એકજ બુલંદ અવાજ સાથે મુડદામાં પણ ચેતન લાવી શકે..... એવો સદાચારી વક્તા કે જેની દિવ્ય વાણીથી, અધર્મીઓના હૈયામાં એક ક્રારમી કંપારી ધૂમી રહે અને સદ્ધર્મીઓનાં હૈયાં મયૂરની જેમ નાચી ઉઠે!

વક્તા બની ઉપદેશ દેવાનું કામ ઘણું સહેલું છે, પણ એ ઉપદેશને પોતાના જીવનમાં વણવાનું કામ ઘણુજ કપરું અને કઠિન છે. જે સહજતા ઉપદેશ દેવામાં આવે છે, તે સહજતા ઉપદેશના તત્ત્વોને આત્મસાત કરવામાં આવી જાય તો, ઉપદેશક માટે આત્મ કલ્યાણનો માર્ગ સુગમ અને સરળ સહજ બની જાય! પણ આજે કેટલાક પ્રસિદ્ધ વક્તાઓ શું, કે કોંગ્રેસ કાર્યકર્તાઓ શું; સમાજોદ્ધારકો શું. કે કહેવાતા ધર્મગુરૂઓ શુ—એ બધાઓ પરને ઉપદેશ દેવામા તો જાણે વિદ્યુત વેગી વિમાન!, જ્યારે એ ઉપદેશને પોતાના જીવનમાં ઉતારવાનો સમય આવે ત્યારે જાણે રગસીયું ગાડું!

એ કહેવાતા પ્રસિદ્ધ વક્તાઓના લોભનો જાણે સમુદ્ર શું, કે એ કોંગ્રેસ કાર્યકર્તાઓના માનનો ઉન્નત પર્વત શું; એ સમાજોદ્ધારકોની માયાની કાપટ્ય ભરી વિચિત્ર લીલા શું, કે એ ધર્મગુરૂઓનો ક્રોધથી ધમધમતો સળગતો લોહ ગોલક શું; આ બધાનું અવલોકન જો સૂક્ષ્મદૃષ્ટિએ કરવામાં આવે તો આપણું પુણ્ય શું કોમળ હૈયું એક ક્રારમી કમ્પારી અનુભવે અને ચીત્ત પાડી ઉઠે! આપણને થાય કે, બાપડા! હતા ત્યાંજ પડયા છે! એક ડગલું પણ આગળ વધ્યા નથી. આ લોકોથી હજારો તરી ગયા પણ; આ તો હજુ વિષય, વિલાસ અને વિદ્વેષના ક્રારમા કીચડમાં જંતુની પેઠે ખદબદી રહ્યા છે! બાપડાઓમાં કેવળ વિચારોનું ચળરાકપણું જ—આચારમાં તો શૂન્ય!

આ વિષય પર પાટિઆનો અને વેલાનો એક સુંદર સંવાદ કલ્પીએ:—"**હુંગર ઉપર જવાનો રસ્તો**" સમેત શિખરમાં ધર્મશાળાથી થોડેક દૂર જશો એટલે આ પ્રમાણે લખેલું પાટિયું, તમને પહેલ-વહેલું નજરે પડશે. આ પાટિયા પાસે એક સુંદર વેલો છે. તે વર્ષોના વારિથી વૃદ્ધિ પામતો, ધીમે ધીમે પાટિયા પાસે આવે છે. અને ક્રમશઃ વધતો વધતો પાટિયાને વિંટળાઇને એના પર ચઢી જાય છે. જોતજોતામાં આ વેલો પાટિયાની ટોંચ સુધી પહોંચી જાય છે. અને એના માથા પર પગ મૂકી આગળ વધવા લાગે છે.

પોતાના માથા પર પગ મૂકવાથી કુપિત થએલું પાટિયું વેલાને કહે છે— ઓ! અજ્ઞાની ઉદ્ધત વેલા! જરા ભાન રાખ! કોના માથા પર પગ મૂકી રહ્યો છે? હું બધાને રસ્તો બતાવનાર ધર્મગુરૂ છું, હું અજાણ્યાનો માર્ગદર્શક છું, સ્થવિર છું; અને ઘણા કાળથી ઉપકારનું કામ કરૂં છું. જ્યારે તું તો આજકાલ ફુટી નીકળેલો ફણગો! લાંબો તાડ જેવો થઇ મને ક્યાં ઢાંકી દે છે!"

હળવું સ્મિત કરી વેલો કહે છેઃ— 'બાપુ! આપે કહેલી વાત કેટલી સત્ય છે, તે જરા હવે તપાસીએ. આપ બધાને રસ્તો બતાવનાર ગુરૂ ખરા, પણ તે રસ્તે તમે કેટલા ચાલ્યા? તમે માર્ગદર્શક બની ડંફાસ મારો છો, પણ તે માર્ગ ભણી તમે કેટલાં ડગલાં આગળ વધ્યાં? શું એ માર્ગ બીજાને માટેજ છે? તમારે માટે નહિ? આજ પંથથી હજારો પથિકો સ્વ સ્વ સ્થાને પહોંચી ગયા, પણ તમે તો હતા ત્યાંના ત્યાં વર્ષોથી પડયા છો. તમને તો મળ્યું તડકામાં તપવાનું ટાઢમાં ધ્રુજવાનું, વર્ષાદમાં ભીંજવાનું સડીને મરવાનું; અને આજ જગ્યાએ દફનાઈ જવાનું! થોડા દિવસમાં તમારી જગ્યાએ નવું પાટિયું આવશે, ત્યારે તમારૂં નામનિશાન પણ નહિ હોય. માટે હજુય ચેતો! નહિ ચેતો તો મારા જેવા લાખો વેલા તમારા માથા પર પગ મૂકી ચાલ્યા જશે અને તમે તો છો ત્યાંજ રહી જશો. માટે ચેતો! જાગ્યા ત્યારથી પ્રભાત ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. સમય હજુય હાથમાં છે. ચેતી લ્યો નહિ તો પસ્તાશો!—

ભલે તમે વૃદ્ધ છો અને હું આધુનિક છું, પણ તમારામાં ને મારામાં ઘણું અન્તર છે. હું ચાલનાર છું. તમે બેઠેલા છો. હું આગળ વધીશ ને તમે પાછળ પડશો. માટે પાટિયાભાઈ! કેવળ બીજાને માર્ગ બતાવ્યા કરતાં એ માર્ગે એક એક પણ ડગ ભરશો તો તમારૂં કલ્યાણ થશે. સમજ્યા? આટલું કહી વેલો બાજુના વૃક્ષ પર ચઢી જાય છે.

આ સંવાદ કેવો રમ્ય છે! આમાં કેટલો બોધપાઠ ભરેલો છે! પાટિયાને વેલો કેવો સુંદર પ્રત્યુત્તર આપે છે! આ રૂપકમાં પાટિયું એટલે વકતા, અને વેલો એટલે શ્રોતા. નટની પેઠે વકતા કેવળ ઉપદેશ આપી જાય, તેથી વકતાનું શું વળે? એ તો હતો ત્યાંનો ત્યાંજ છે ને?

વાગ્વૈભવ વડે વકતા શ્રોતાને આંજી દે છે અને વકતૃત્વ-કળાથી શ્રોતાને ડોલાવી મૂકે છે. પરિણામે સાંભળેલા ઉપદેશને જીવનમાં વણી, શ્રોતા વકતાથી ધીમે ધીમે આગળ વધે છે; અને વકતાથી પણ વધુ પ્રકાશ મેળવે છે. ત્યારે વકતા બરાડે છે, "તું મારાથી આગળ કયાં જાય છે? તું તો આજકાલનો નવીન શ્રોતા કહેવાય. હું તારો ગુરૂ કહેવાઉં. હઠ જા. તારીથી મારી આગળ નહિ જવાય!"

ત્યારે શ્રોતા કહે છેઃ—"ગુરૂજી! તમારી વાત સત્ય છે. પણ જરા મારૂંભી સાંભળશો? પોપટ 'રામ રામ' નો ઉપદેશ આપે છે, પણ તેના તે રહસ્યને સમજતો નથી. તેમ તમે પણ કેવળ ઉપદેશ આપો છો પણ એ ઉપદેશના રહસ્યને જીવનમાં ઉતારતાં શીખ્યા નથી. હવે હું પણ આપને સમજી ગયો છું. હવે આપના ઉપદેશની અસર મને નહિ થાય. આપને મારી ભલામણ છે કે વિચાર સાથે વર્તન કેળવો. કારણ કે જાહેરમાં રીંગણાંને વખોડી નાંખનાર, અને ઘરમાં એજ રીંગણાંમાં મસાલો ભભરાવી, રાચીમાચીને ખાનાર ભટ્ટજીના ઉપદેશની અસર કેટલી થાય, તે સહજ સમજાય તેમ છે, અને ભટ્ટનું પણ કેટલું કલ્યાણ થાય, તે જાણવું પણ કઠિન નથી.

ધર્મ, રાષ્ટ્ર અને સમાજ માટે મરી ફીટવાની હાકલ કરનારા અને ધાર્મિક નૈતિક જીવનથી પતન પામતા ઉપદેષ્ટાને, ઉદ્દેશીને શ્રી ચિદાનન્દજી મહારાજ એક સુંદર પદ દ્વારા ટકોર કરે છે કેઃ—

**"कथनी कथे सहु कोइ, रहेणी अति दुर्लभ होइ,**
**जब रहेणीका घर पावे, कथनी तब गीनती आवे"**

# —શ્રી પ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ—

૧. **પ્રશ્નોત્તરકારઃ**—નિર્ગ્રન્થ પ્રવચન—પિયૂષવૃષ્ટિ—નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

૨. **પ્રશ્નોત્તર-અવતરણકારઃ**—પૂ. ગીતાર્થ સાર્વભૌમ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરના પરમવિનેય—વૈયાકરણકેસરિ-શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પૂ. પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણીન્દ્રના** અદ્વિતીય—પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ.**

૩. **પ્રશ્નોત્તર સામગ્રી સંચયકારઃ**—**પૂ. પંન્યાસપ્રવરશ્રીજીના** પરમવિનેય **પં શ્રી દેવેન્દ્રસાગર ગણિવર્યના** પરમવિનેય **મુનિ મા દોલતસાગરજી.**

## શ્રાવકધર્મ ગ્રન્થ ગુન્થનાદિ વિષયક પ્રશ્નોત્તર.

પૃ-૩, પં-૧૩, પ્રશ્ન ૩, ननु पूर्वाचार्यैरेव श्रावकधर्मस्याभिहितत्वात् किं तदुपदर्शनेन.

પૂર્વાચાર્યોએ શ્રાવક ધર્મનું કથન કરેલું હોવાથી તે શ્રાવક-ધર્મના કથન કરવાનું પ્રયોજન શું છે?

ઉત્તર-૩. इत्याद्यङ्कयाह—परमसता० इत्यादि.

તે શ્રાવકધર્મ પૂર્વાચાર્યોએ વિસ્તારથી જણાવ્યો છે, જ્યારે અમે અહીં મંદ બુદ્ધિવાલા પ્રાણિઓને ઉપકાર કરવા માટે સક્ષેપથી કહીશું; અને આ કથન કહેવા વડે ગ્રન્થકારે પોતાની જે પ્રકરણ કરવાના વિષયની પ્રવૃત્તિ તેનું પ્રયોજન કહ્યું છે.

પૃ-૪, પં-૪, પ્રશ્ન-૪, ननूमास्वातिवाचकेन समासेन सम्यक्त्वादिश्च श्रावकधर्म उक्तस्तत्किमनेन प्रयोजनमुक्तत्वतो नानेन प्रयोजनमित्.

ઉમાસ્વાતિ વાચકજી મહારાજે સક્ષેપ વડે કરીને સમ્યક્ત્વાદિ શ્રાવક ધર્મનું સ્વરૂપથી "શ્રાવક પ્રજ્ઞપ્તિ" આદિ ગ્રંથમાં સક્ષેપથી કથન કર્યું છે તો પછી આ ગ્રંથને રચવાનું શું કારણ છે?

ઉત્તર-૪. इत्याशंक्याह-भावः? तत्त्वमैदंपर्य० इत्यादिना.

આ ગ્રંથમાં ઐદંપર્ય કરીને યુક્ત એટલે ભાવાર્થ=પરમાર્થ=રહસ્ય કરીને યુક્ત એવો શ્રાવક ધર્મ કહેવાનો છે, કારણ કે પૂર્વાચાર્યોએ મહાન્-બુદ્ધિશાલિઓ સમજી શકે એવા ગંભીર વચનો વડે શ્રાવક-ધર્મ અને તેના અતિચારોનું કથન કરેલું હોવાથી મંદ બુદ્ધિવાલા શિષ્ય વર્ગને તે દુઃખે કરીને જાણી શકાય તેમ છે, જ્યારે અહિં સરળ રીતે ભાવાર્થે કરીને યુક્ત શ્રાવક ધર્મ કહેવામાં આવશે.

## શ્રોતૃજન પ્રવૃત્તિ વિષયક પ્રશ્નોત્તર.

પૃ-૪ પં ૧૧, પ્રશ્ન-૫ ननु श्रोतृजनप्रवर्तकं इत्यादिना.

શ્રોતા જનોને પ્રવૃત્તિ કરાવનાર એવા વિશેષણ સમુહે કરીને યુક્ત આ પ્રકરણ અસર્વજ્ઞ અવીતરાગ-છદ્મસ્થ એવા તમારાથી રચાતું હોવાથી સત્ય અને સંદેહ વગરના વચનના ગ્રાહક આત્માઓને પ્રવૃત્તિના વિષયભૂત નહિં થાય કારણ કે છદ્મસ્થના (અસર્વજ્ઞના) વચનોમાં વિસંવાદની શંકા ટાલી શકાતી નથી.

ઉત્તર-૫. इत्याद्यङ्कयन्नाह—सूत्रं० इत्यादिना.

વૃત્તિકાર જણાવે છે કે ગણધર-પૂર્વધરાદિ-

ભગવંતોએ રચેલ આગમને અનુસાર કહેવાનું છે, પરન્તુ અમારી સ્વતંત્ર બુદ્ધિથી કહેવાનું નથી. કે જેથી અમારૂં કથન વિસંવાદને સ્થાન હોઇ શકે.

## શ્રાવક સંજ્ઞા નિયમન પ્રશ્નોત્તર.

પૃ-૫, પં ૧૨, પ્રશ્ન ૬. ननू श्रवणमात्रेनि बन्धनं० इत्यादिना.

જો સાંભલવું માત્ર એજ શ્રાવકપણાનું કારણ થાય તો જે જે શ્રોત્રેન્દ્રિયવાલા જીવો છે તે બધાને શ્રાવકપણું આવી જશે ને શ્રાવકપણું અમુકનેજ હોય છે, અને હશે ?

ઉત્તર-૬. इत्याशङ्क्याह-जिनवच मृ-अप्ता गमं० इत्यादि ।.

જીન વચનને સાંભળે તે શ્રાવક. કારણ કે અનાપ્તવચન ઇષ્ટ કાર્યની સિદ્ધિ કરવાવાળું નહિ હોવાથી શ્રવણને અનુચિત છે. પરલોકને હિતકારી એવું આપ્ત આગમ=જિન વચન આ જિન વચનનું સ્વરૂપ વિશેષણ છે. કારણ કે પરલોકને અહિતકારી એવું જિનવચન સર્વથા હોતુંજ નથી જો કે જ્યોતિષ પ્રાભૃત વિગેરે નિમિત શાસ્ત્ર આ લોકને હિતકારી છે, તો પણ અભિપ્રાય વિશેષથી પરલોક હિતકારી છે છતાં પણ મુખ્ય વૃત્તિ તો આ લોકનીજ છે. જ્યારે અહિં અભિપ્રાય વિશેષથી પરલોક-હિતકારીજ વચન મુખ્ય વૃત્તિએ લેવું છે. એમ કરવા જતાં બધા કુશાસનો તે પણ પરલોક-હિતકારી થઈ જશે. કારણ કે કહ્યું છે કે—

"जे जत्तिया यहेउ भवस्स ते चेव तत्तिया मोक्खे ।
गणणाईया लोया दोण्हवि पुण्णा भवे तुल्ला" ॥१॥

ભાવાર્થ:—જેટલા હેતુઓ સંસારના તેટલાજ હેતુઓ મોક્ષના છે ને જ્યારે જગતમાં તેની ગણત્રી કરવામાં આવે તો બન્ને પણ બરાબર-તુલ્ય થાય છે.

જ્યારે પરલોક હિત એ શબ્દથી સાક્ષાત્ પરલોક હિતકારી શ્રાવક-સાધુ ધર્મના અનુષ્ઠાનવાલું જિનવચન સાંભળનારને શ્રાવક કહેવો. શ્રાવક પ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે કે:—

संपन्न दंसणाई पइदियहं जइजणा सुणेइ य ।
सामायारिं परमं जो खलु तं सावयं बिंति ॥१॥

સમ્યગ્દર્શન આદિ છે જેને એટલે સમ્યક્દર્શનને આદિ શબ્દથી અણુવ્રતને ધારણ કરનાર હોવા છતાં પણ હંમેશાં મુનિ ભગવંતોની પાસે સાધુ-શ્રાવક સંબંધની સમાચારીને સાંભળે તેને શ્રાવક કહેવો.

## જિનવચન શ્રવણ-વિષયક-પ્રશ્નોત્તર.

પૃ-૬, પં-૮, પ્રશ્ન-૭, ननु कपिलादि० इत्यादिना.

કપિલાદિનાં વચનો પણ પરલોક હિતને કરવાવાલા છે તે માટે કહ્યું છે કે, जावंति बंभलोअं चरगपरिव्वायउववाउत्ति, ચરક અને પરિવ્રાજકો યાવત્ બ્રહ્મ દેવલોક સુધી ઉત્પન્ન થાય છે, અર્થાત બીજા દર્શનના વચનને શ્રવણ કરનારાઓ પણ ઉચ્ચ દેવલોક પામે છે તો પછી કપિલ વચનને છોડીને જિન વચનજ સાંભલનો હોય તેજ શ્રાવક થાય એમ કેમ લખ્યુ ?

ઉત્તર-૭, इत्याशङ्क्याह-सम्यक्-धर्मोचीन-मत्यन्तं० इत्यादिना.

જેમ જીન વચન સાક્ષાત્ અને પરંપરાએ મોક્ષના હેતુપણાએ કરીને સમ્યક્-અત્યન્ત પરલોક હિતકારી છે તેવી રીતે પરદર્શન એવા કપિલાદિનું વચન સમ્યક્ નથી. આથી પરલોકને

હિતકારી જિન વચન છે એ નિયમ ધ્યાનમાં રાખવા લાયક છે.

### અભવ્ય શ્રાવક વિષયક પ્રશ્નોત્તર.

પૃ-૬, પં-૧૩, પ્રશ્ન-૮, ननु ऽयवह रेणोव युक्तोऽशठश्च० इत्यादिना.

વ્યવહારથી ઉપયોગવાળો સરળ એવો અભવ્ય પણ કોઇ અવસ્થામાં જીન વચન સાંભલે છે તો શું તેને શ્રાવક કહેવો ?

ઉત્તર-૮. इत्याशङ्क्याह-अतितिव्वय० इत्यादिना.

જ્ઞાનાવરણીય કર્મ અને મિથ્યાત્વ મોહિનીય આદિ સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો હ્રાસ થતો હોવાથી કારણ કે તીવ્ર કર્મના નાશ વગર પૂર્ણ કથીત કરેલ વિશેષણ રૂપ શ્રવણનો સંભવ હોતો નથી અથવા-પક્ષાન્તરે સાંભલતાં સાંભલતાં તીવ્ર કર્મનો નાશ થવાથીજ વિવક્ષિત શ્રાવકપણું ઘટે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ—

**यदाह-सत्तण्हं पगडीणं अब्भंतरओ उ कोडिकोडीए।**
**काऊण सागराणं जइ लहति चउण्हमण्णयरं ॥**

જ્યારે જીવને આયુષ્ય સિવાયની સાતે કર્મોની એક કોડાકોડી સાગરોપમની અંદરની સ્થિતિ થાય ત્યારે જીવ ચારમાંથી (શ્રુતસામાયિક સમ્યક્ત્વ સામાયિક દેશ વિ. સા-સર્વવિસા ) કોઇ વસ્તુ પામે છે. આ ઉપરથી અભવ્ય પણ શ્રુત સામાયિક પામે તેમાં કાંઇ હરકત નથી.

### શું નિહ્નવોને સમ્યક્ત્વ હોય તે સંબન્ધિ-પ્રશ્નોત્તર.

પૃ-૭, પં-૧૦, પ્રશ્ન ૯, અથવા तत्त्वार्थश्रद्ध नं० इत्यादिना.

તત્ત્વના અર્થોની શ્રદ્ધા નિહ્નવોને પણ હોય છે તો શું તેઓ પણ સમ્યક્ત્વ હોય છે ?

ઉત્તર-૯. इत्याशंक्याह-असद्दहण० इत्यादिना.

જો તત્ત્વના અર્થની સાચી શ્રદ્ધા હોય તો આપ્ત પુરૂષોના વચનને બાધિત પદાર્થમાં પક્ષપાત રૂપ અસદ્દાગ્રહ હોયજ નહિ અને તેઓને અસદ્દાગ્રહ હોય છે તો નિન્હવોને સમ્યક્ત્વ કેમ હોઈ શકે ?, અર્થાત્ તે નિન્હવોને સમ્યક્ત્વ હોતુંજ નથી. વળી જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો હોય ત્યારેજ અસદ્દાગ્રહ હોતો નથી. એટલે મિથ્યાત્વનો ઉદય એજ અસદ્દાગ્રહનો હેતુ છે.


## માનવંતા ગ્રાહકોને—

૧. ચાલુ વર્ષના પ્રથમ અંકથી નિયમિત અંકો મેળવનારે ભરેલું લવાજમ કારતક માસથી શરૂ ગણવું, અને બીજા વર્ષનું લવાજમ આવતા કારતક માસ પહેલાં ભરી દેવું.

૨. વી. પી. થયેલા અને થતા અંકો ગ્રાહકોએ છોડાવી લેવા, પરતુ નહિં લેવાની ઇચ્છાવાળાએ અગાઉથી પોસ્ટદ્વારા સૂચના દેવી.

૩. વિહાર દરમીયાન પૂ. શ્રમણ ભગવંતોને જે જે અંકો ન મળ્યા હોય તે પોસ્ટ દ્વારા જણાવવાથી નિયમિત સ્થળે અંકો મોકલી આપવામાં આવશે.

૪. ચાતુર્માસની સ્થિરતા થવાના દિવસો નક્કી થયે પૂ. શ્રમણ ભગવંતોએ તુરત વ્યવસ્થિત સરનામું જણાવવું.

૫. ધાર્મિક વાંચનનો લાભ જરૂરીયાત પ્રમાણમાં લેવાતો હોય તેવી સંસ્થાઓએ વિનંતિ પત્ર લખી મોકલવાથી ભેટ મોકલવા પ્રબંધ થશે.

૬. પ્રથમ જણાવેલ સરનામે મોકલેલ અંક પોસ્ટ થયેલ હશે તે તપાસ કરી મંગાવી લેવા, ગ્રાહક અગર ભેટ મેળવનારની ભૂલથા બીજી વખત તે અંક નહિં મોકલાય.

૭. લવાજમ ભરનારે, ભેટ રકમ આપનારે, અને ગ્રાહક થનારે નીચેના સરનામે નાણાં તથા પત્રવ્યવહાર કરવો.

૧ છબેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૨ ગુણવંતલાલ જેચંદભાઇ હાર
૬૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

ને સમ્યકત્વ હોય તે અવસરે મિથ્યાત્વોનો ઉદય હોતોજ નથી માટે સમ્યકત્વને ખોટો આગ્રહ હોતો નથી.

## શુશ્રૂષાદિ વિષયક-પ્રશ્નોત્તર.

પૃ-૮, પં-૨, પ્રશ્ન-૧૦, ननु मिथ्यात्वोदयेऽपि० इत्यादि ना.

મિથ્યાત્વના ઉદયમાં પણ શુશ્રૂષાદિ કેટલાકને સંભવે છે?

ઉત્તર-૧૦, इत्याह-दृढम्० इत्यादि ना

જો કે મિથ્યાત્વના ઉદયવાલાને શુશ્રૂષાદિ હોય પણ તે અત્યંત દૃઢ હોતા નથી કે જે શુશ્રૂષાદિ વડે સમ્યકત્વ જાણી શકાય. તો પછી તે શુશ્રૂષાદિ કેવા હોય? તો તે આગળ બતાવવામાં આવશે.

## સમ્યકત્વ સંબંધિ પ્રશ્નોત્તર.

પૃ-૮, પં-૩, પ્રશ્ન ૧૧. ननु तत्त्वार्थश्रद्धान० इत्यादि ना.

જો तत्त्वार्थ श्रद्धानं सम्यक्त्वं એટલે તત્ત્વના અર્થોની શ્રદ્ધા તેનું નામ સમ્યકત્વ કહેવામાં આવે તો શ્રદ્ધા એ तद्भाव विषय રૂપ હોવાથી મનનો પરિણામ છે, ને તે અપર્યાપ્તાદિ અવસ્થામાં રહેલા જીવોને હોય તે ઇષ્ટ નથી, ને સમ્યકત્વ તો અપર્યાપ્ત આદિ અવસ્થામાં ઇષ્ટ છે. કારણ કે તેની (તે સમ્યકત્વની) ઉત્કૃષ્ટ સાદિ-અપર્યવસિત-કાલરૂપ અને ૬૬, છાસઠ સાગરોપમની સ્થિતિરૂપ પ્રતિપાદન કહેલી હોવાથી આગમનો વિરોધ કેમ નહિં આવે?

ઉત્તર ૧૧. अत्रोच्यते तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वस्य कार्यं,० इत्यादि ना.

તત્ત્વના અર્થોની શ્રદ્ધા તે સમ્યકત્વનું કાર્ય છે. અને સમ્યકત્વ તો મિથ્યાત્વના ક્ષયોપશમથી થવાવાલો રૂચિ રૂપ આત્મ પરિણામ છે. કહ્યું છે કે, मे य सम्मत्ते इत्यादिना०

પ્રશસ્ત સમ્યકત્વ મોહનીય કર્મના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયથી ઉત્પન્ન થવાવાલો અને પ્રશમ-સંવેગ આદિ લક્ષણથી લક્ષિત શુભ આત્મ-પરિણામ તેજ સમ્યકત્વ કહેવાય છે, એથીજ મન વગરના સિદ્ધ ભગવંતોને તે સમ્યકત્વ મનાય છે. અહિં સમ્યકત્વ હોયે છતેજ યથાર્થ શ્રદ્ધા હોય છે જો યથાર્થ શ્રદ્ધા હોએ છતે શ્રદ્ધાવાલાઓને સમ્યકત્વ હોય છેજ એટલે લક્ષણ ન દેખાય તો પણ સમ્યકત્વનું અવશ્ય ભાવિપણું બતલાવવા માટે શ્રદ્ધારૂપ કાર્ય ને વિષે સમ્યકત્વ રૂપ કારણનો ઉપચાર કરીને तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वं કહ્યું અર્થાત તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધા કરાય જે દ્વારાએ એ પ્રમાણે ભાવે અનટ્ પ્રત્યય લાવી બહુવીહિ સમાસ કર્યો છે.

## સમ્યકત્વના સદ્ભાવમાં શું શુશ્રૂષાદિ હોય તત્સંબંધે પ્રશ્નોત્તર.

પૃ-૮, પં-૯, પ્રશ્ન-૧૨, ननु मिथ्यात्वोदय० इत्यादि ना.

સમ્યકત્વ હોએ છતે અસદ્ગ્રહના કારણ રૂપ મિથ્યાત્વના ઉદયનો ક્ષયોપશમ થવાથી અસદ્ગ્રહનો અભાવ કહ્યો તે તો બરાબર છે, પરન્તુ શુશ્રૂષાદિ જે ગુણો તે તો જ્ઞાન અને ચારિત્રના અંશરૂપ હોવાથી તે ગુણો જ્ઞાનાવરણીય કર્મ અને ચારિત્રમોહનીય કર્મને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થતાં હોવાથી સમ્યકત્વ હોયે છતે તે શુશ્રૂષાદિ ગુણો હોય તે વાત યોગ્ય નથી.

ઉત્તર-૧૨. सम्यक्त्वहेतोर्मिथ्यात्व० इत्यादिना.

સમ્યકત્વના હેતુભૂત મિથ્યાત્વના ક્ષયો-

પશમના અવસરે જ્ઞાનાવરણીય કર્મ-અને અનંતાનુબન્ધિ કષાય લક્ષણ ચારિત્ર મોહનીયાદિ કર્મોનો પણ ક્ષયોપશમ અવશ્ય થાયજ છે. એટલે સમ્યકત્વના સદ્ભાવમાં શુશ્રૂષાદિ હોય છે એમ કહીએ છીએ તે યોગ્ય છે. જેવો રીતે કેવલજ્ઞાન કષાયના ક્ષયેજ પમાય છે આથીજ કહેવાય છે. केवलियनाणलंभो ण्णत्थखए कसायाणं અથવા મિથ્યાત્વના ક્ષયોપશમથી પામવા લાયક સમ્યકત્વ પણ અનંતાનુબન્ધિ રૂપ ચારિત્ર મોહનીયના ઉદયમાં પામી શકાતું નથી. કહ્યું છે કે-आह च-दंसणमिल्लुणाण० इत्यादि गा.

વિસંયોજના-કષાયવાલા-આત્માઓને અનન્તાનુબન્ધિ-કષાયના ઉદયમાં તદ્ભવ મુક્તિગામી હોય તો પણ નિશ્ચયથી સમ્યકત્વને પામતા નથી.

## વૈયાવૃત્ય-વિષયક-પ્રશ્નોત્તર.

પૃ. ૯, પં-૨ પ્રશ્ન-૧૩, ननु वैय वृत्त नियमस्य०

વૈયાવચ્ચનો નિયમ એ તપોધર્મના ભેદ સ્વરૂપ હોવાથી ચારિત્રના અંશરૂપ છે, અને જ્યારે સમ્યકત્વના સદ્ભાવમાં વૈયાવચ્ચનું અવશ્ય ભાવિપણું માનશો તો ચોથા ગુણ ઠાણાના અભાવ થવા પૂર્વક છઠું ગુણ ઠાણું આવી જશે ?

ઉત્તર ૧૩. नैम्, वैयावृत्यनि म० इत्यादिना.

એમ નથી, વૈયાવચ્ચરૂપ ચારિત્રનું અત્યન્ત અલ્પપણું હોવાથી અચારિત્રપણે વિવક્ષા કરેલી છે. જેમ સમુચ્છિમ જીવોને સંજ્ઞા માત્રનો સદ્ભાવ હોવા છતાં વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ હોવાથી જેમ અસંજ્ઞિપણું ઈષ્ટ છે. તેવી રીતે અહિ પણ વિરતિપણું પણ મહાવ્રત-અણુવ્રતાદિ રૂપ અત્યંત ચારિત્રના સદ્ભાવમાંજ મનાયું છે. જેમ એક સોના-મહોર માત્ર ધનથી ધનવાન અને એક ગાય વડે ગોવાલ કહેવાતો નથી અર્થાત એક સોના મહોરની સંપત્તિ માત્રથી તે ધનવાન્ ગણાતો નથી અને એક ગાય માત્રથી ગોવાલ કહેવાતો નથી.

## શુશ્રૂષા ફલ વિષયક પ્રશ્નોત્તર.

પૃ-૯, પં ૬, પ્રશ્ન ૧૪, સમ્યકત્વ હોએ છતે શુશ્રૂષાદિ હોય છે તે યુકત નથી, કારણ કે દોષનો સદ્ભાવ આવે છે. તે વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે કે ઉપશાન્ત મોહ આદિ ગુણઠાણે રહેલા આત્માઓને સમ્યકત્વનો સદ્ભાવ હોવા છતાં શુશ્રૂષા વિગેરે હોતા નથી. કારણ કે તેઓનું અંતઃકરણ સમસ્ત સંકલ્પ વિકલ્પરૂપ કલ્લોલની પરંપરા કરીને રહિત સ્થિર હોય છે. જેમ અઢી દ્વીપની બહારના સમુદ્રો ભરતી ઓટના તરંગોથી રહિત સ્થિર હોય છે તેવી રીતે સ્થિર આત્માઓને વિષે શુશ્રૂષા કેવી રીતે ઘટી શકે ?

ઉત્તર-૧૪. જો કે ઉપશાન્ત મોહ આદિ ગુણઠાણાવાલા આત્માઓ કૃતાર્થ હોવાથી સાક્ષાત્ શુશ્રૂષાદિ નથી તો પણ તેઓને શુશ્રૂષાદિનું ફલ જરૂર હોય છે શુશ્રૂષાના સદ્ભાવેજ કૃતાર્થપણું હોય તો દોષ કયાંથી રહે ?

## સમ્યકત્વ-વ્રત યુગપત્ પ્રાપ્તિ વિષયક પ્રશ્નોત્તર.

પૃ-૧૦, પં-૧૦, પ્રશ્ન-૧૫, સમ્યકત્વની પ્રાપ્તિના અવસરેજ વ્રતની પ્રાપ્તિ કેમ થતી નથી ?

ઉત્તર-૧૫. સમ્યકત્વની પ્રાપ્તિના ટાઈમે જે કર્મનો ક્ષયોપશમ થાય તેના કરતાં અધિક કર્મનો ક્ષયોપશમ વ્રતની પ્રાપ્તિમાં કારણભૂત છે એટલે જો તે અવસરે અધિક કર્મનો ક્ષયોપશમ થઈ જાય તો વ્રતની પ્રાપ્તિ થાય નહિંતર ન થાય એટલા માટે ભજના રાખી છે. અર્થાત વ્રતની પ્રાપ્તિ થાય અગર ન થાય તે સારૂ

અત્રે ભજના સમજવી. જ્યારે ૭૦ કોડાકોડી સાગરોપમ આદિ સ્થિતિ છે. જેની એવા મોહનીય આદિ કર્મોને યથા પ્રવૃત્તિ કરણ વડે ખપાવતાં જ્યારે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એવા કોડાકોડી સાગરોપમ સાતે કર્મોની સ્થિતિ બાકી રહે ત્યારે જીવ ગ્રન્થિ ભેદ વડે કરીને સમ્યકત્વ પામે ને બાકી રહેલી સ્થિતિમાંથી જેથી નવ પલ્યોપમ સ્થિતિ કર્મની ખપે ત્યારે જીવ ભાવથી અણુવ્રતને પામે છે એ જૈનાગમ મુદ્રાથી મુદ્રિત આગમ રહસ્ય છે ભાવર્થ એટલે પરમાર્થવૃત્તિથી લખવાનું શું કારણ? દ્રવ્યથી તો અત્યંત કર્મની લાંબી સ્થિતિ હોએ છતે પણ મહાવ્રતની પણ પ્રાપ્તિ હોય છે કહ્યું છે કે:—

तदुक्तम्—सव्व जियाणं०

બંન્ને શ્લોકનો ભાવાર્થ:—સર્વ જીવોને ગ્રૈવેયકને વિષે ઉત્પન્ન થયાનું સૂત્રને વિષે કથન છે ને તે ગ્રૈવેયકને વિષે જીવોની ઉત્પત્તિ દ્રવ્યથી વેષ (ચારિત્રનો) વગર હોઇ શકે નહિ વળી જેઓ સમ્યકત્વથી ભ્રષ્ટ છતાં સાધુપણાના વેષનું ગ્રહણ કરે છે. તેઓને પણ ઉત્કૃષ્ટથી યાવત્ ગ્રૈવેયકમાં ઉપજવાનું હોય છે.

## દેશ વિરતિ નિયમન વિષયક પ્રશ્નોત્તર.

પૃ ૧૧, પં-૧૪, પ્રશ્ન-૧૬; જ્યારે સમ્યકત્વ યુકતજ કોઇ દેવ નવ પલ્યોપમથી અધિક સ્થિતિવાલા દેવોને વિષે ઉત્પન્ન થાય છે ત્યારે દેવભવને વિષે વિરતિ પામતાં નથી તો પછી સમ્યકત્વ પામે છતે પલ્યોપમ પૃથકત્વના નાશે વિરતિ આવે सम्मत्तमि उ लद्धे पलिअपुहुत्तेण सावओ होज्जा એ કથન કેવી રીતે ઘટે?

ઉત્તર-૧૬. સમ્યકત્વ યુકત દેવતા તે દેવતાના ભવની અવસ્થામાં જેટલી કર્મની સ્થિતિ ખપાવે છે તેટલીજ બીજી કર્મની સ્થિતિ બાંધે છે એટલે સમ્યકત્વની સ્થિતિથી અધિક સ્થિતિનો હ્રાસ થતોજ નથી. અને તે કારણને લેઇને જેથી નવ પલ્યોપમની સ્થિતિનો નાશ થતો નથી અને તેથી દેવભવમાં દેશવિરતિ આવતી પણ નથી એથી વિરોધ આવતો નથી.

## અતિચારોત્થાન-વિષયક-પ્રશ્નોત્તર.

પૃ-૧૪, પં-૧૪, પ્રશ્ન-૧૭. સર્વ વિરતિને વિષેજ અતિચારો હોય છે. સંજ્વલન કષાયના ઉદયમાંજ અતિચારો કથન છે કહ્યું છે કે—

सव्वेऽवि य अइयारा संजलणाणं तु उदयओ होंति।
मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥१॥

ને સંજ્વલનો ઉદય સર્વ વિરતિઓનેજ હોય છે દેશવિરતિઓને તો પ્રત્યાખ્યાનનો ઉદય હોય છે માટે દેશવિરતિમાં અતિચાર હોય નહિ કારણ કે તેનું અલ્પપણું છે તે વાત દૃષ્ટાંતથી પણ ઘટે છે કે કુંથુઆના શરીરમાં વ્રણ (ઘા) અને પટાનો સંભવ નથી તે વાતને વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે-પહેલા અણુવ્રતને વિષે સ્થુલ જીવને સંકલ્પીને નિરપરાધીને દ્વિવિધ ત્રિવિધ આદિ ભેદો વડે અત્યંત સુક્ષ્મપણું આવે છતે. જ્યારે દેશનોજ અભાવ છે તો દેશ વિરાધના રૂપ અતિચાર કયાંથી હોય? એટલે કુંથુઆના શરીરની માફક સર્વ નાશજ ઘટે છે. ને હાથીના શરીરને વિષે જેમ વ્રણને પાટો વિગેરે ઘટે છે તેવી રીતે મહાન્ એવા મહાવ્રતોને વિષે તે અતિચારો ઘટે છે, અર્થાત્ દેશવિરતિમાં અતિચાર ઘટતાંજ નથી એ શંકાને સ્થીર કરે છે.

ઉત્તર-૧૭. દેશવિરતિમાં અતિચાર ન હોય તે વાત અયુક્ત છે, કારણ કે ઉપાશક દશાંગ આદિ ગ્રન્થોને વિષે દરેક વ્રતના પાંચ પાંચ

અતિચાર કહ્યા છે. કદાચ કોઇ એમ કહે કે ત્યાં તો ભાંગાજ કહ્યા છે; અતિચાર નથી કહ્યા તે વાત પણ યોગ્ય નથી કારણ કે શાસ્ત્રોમાં ભાંગાથી અતિચારને જુદા ગણાવ્યા છે. જેવા પ્રકારના યતિના ભેદો થાય તેવા પ્રકારના ત્યાં ગુણદોષ સમજવા જેવી રીતે જયણા અતિચાર કે ભાંગા હોય ત્યાં તેવી રીતે ભાવના જાણવી.

આ ગાથા પ્રમાણભૂત નથી એમ નહિ પૂર્વાન્તરગતપણે આ ગાથાનું પ્રતિપાદન કરેલું છે. જે પૂર્વે કહ્યું કે સર્વે અતિચારો સંજ્વલના ઉદયેજ હોય છે તે વાત બરાબર છે, પરંતુ તે વાત ફક્ત સર્વ વિરતિ ચારિત્ર વાલાઓને ઉદ્દેશીને તે વાત કહી છે પણ દેશ વરતિ કે સમ્યકત્વને ઉદ્દેશીને કહી નથી. सव्वइयार अइगमे० એ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે—સંજ્વલના ઉદયેજ સર્વ વિરતિમાં અતિચાર હોય છે પરન્તુ બાકીના ઉદયમાં સર્વ વિરતિનો મૂલથીજ છેદ થાય છે ને આ પ્રમાણે હોવાથી દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી જો કે આ ગાથાના પ્રશ્નાર્ધને બીજી રીતે ઘટાવતાં લખે છે કે મુલ છેદનો સંબંધ આવી રીતે જોડવો એટલે પ્રત્યાખ્યાની કષાયના ઉદયમાં સર્વવિરતિનો, અપ્રત્યાખ્યાનની કષાયના ઉદયમાં દેશ વિરતિનો, ને અનંતાનુબન્ધી કષાયના ઉદયમાં સમ્યકત્વનો મુલથી છેદ થાય છે, તે કારણથી પણ દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી. જેવી રીતે સંજ્વલના ઉદયમાં સર્વ વિરતિ હોય છે ને અતિચારો પણ હોય છે, તેવી રીતે પ્રત્યાખ્યાનાવરણીયના ઉદયમાં દેશવિરતિ હોય છે ને અતિચારો પણ હોય છે, એવીજ રીતે અપ્રત્યાખ્યાનાવરણીયના ઉદયમાં સમ્યકત્વ હોય છે ને અતિચારો પણ હોય છે. ન્યાયનું બધે સરખાપણું છે. કષાયોનો ઉદય વિચિત્ર છે કે જે ઉદયથી ગુણરૂપ દેશવિરતિ આદિનો અવિરોધ હોવા સાથે તેના અતિચારોના નિમિત્ત ભૂત થાય છે. જેમ સંજ્વલના ઉદયથી અતિચાર ઘટે ચારિત્રરૂપ લાભનો વિરોધ હોતો નથી. અહીં જે કુથુઆનું દ્રષ્ટાંત કહ્યું છે તે અસંગતજ છે. કારણ કે—બીજા દ્રષ્ટાંતથી તે બાધા પામે છે. જેમ હાથીથી મનુષ્ય તદ્દન નાનો છે, તેને પણ ઘણુ પાટો વિગેરે ઘટે છે. વળી જે કહ્યું છે કે અનંતાનુબન્ધી આદિ=બાર કષાયનું સર્વઘાતિ પણ કહ્યું છે ને તેના ઉદયમાં સમ્યકત્વાદિનો ભંગજ થાય છે. તે વાત અયુક્ત છે. બાર કષાયના સર્વ ઘાતિપણા વડે કરીને જે વ્યાખ્યાન કર્યું છે તે સર્વવિરતિની અપેક્ષાયેજ છે. આ રીતે દેશવિરતિમાં અતિચારનો સંભવ છે.

(અપૂર્ણ)


## સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્" કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭. ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એક્સચેંજ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની બાજુ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.

# ॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

(ગતાંકથી ચાલુ)

પ્રથમ પંચાશકમાં શ્રાવક-ધર્મ વિધિનું પ્રતિપાદન કરેલું છે, અને તે જ શ્રાવક ધર્મનું પ્રતિપાદન નવમી શ્રાવકધર્મ વિંશિકામાં કહેલું છે. શ્રાવકધર્મની પ્રાપ્તિ પહેલાં ધર્મ સન્મુખ થવામાં અને થતાં પહેલાં કેટલી મુશ્કેલીઓ પસાર કરવી પડે છે, તે સારૂ લોકનું અનાદિપણું, સંસારી જીવનું સંસારમાં પરિભ્રમણ, કુલનીતિ લોક ધર્મની અનંતી વખત પ્રાપ્તિ, અચરમાવર્ત અને ચરમાવર્તનાં વિવેક, ધર્મપ્રાપ્તિનું બીજ, સમ્યક્ત્વ અને ગૃહસ્થધર્મ યોગ્ય દાનનું સ્વરૂપ સમજાવીને પછી શ્રાવક ધર્મનું સ્વરૂપ આ બધું નવ વિંશિકામાં કહેલું છે. શ્રાવક નામનું તથા ધર્મનું સામાન્ય સ્વરૂપ, વ્રતોનું સંક્ષેપ સ્વરૂપ, વિરતિધર્મની વિશિષ્ટતા આદિ કથનમાં પ્રથમ પંચાશક અને નવમી વિંશિકાનું સામ્યપણું છે, પરંતુ શ્રાવક ધર્મનું વિશેષતઃ સ્વરૂપ-પ્રતિપાદન પ્રથમ પંચાશકમાં છે, અને તેમાં જે અધિકાર વર્ણવ્યો છે, તેથી પણ વિંશિકામાં સારરૂપે અધિકાર સંક્ષેપથી વર્ણવ્યો છે. આથી વિષય, વિભાગ, અને વિવેચનાદિ વિવેક પૂર્વક વિચારતાં પંચાશક અને વિંશિકામાં સ્પષ્ટ વિનોદનો નિર્ણય થાય છે. વિશેષમાં શ્રાવક ધર્મનું પૂર્વ કથિત પ્રતિપાદન અષ્ટકજીમાં કે ષોડશકમાં વર્ણવ્યું જ નથી.

## શ્રમણોપાસક પ્રતિમાઓનું સામ્યપણું.

દશમું પંચાશક શ્રમણોપાસક પ્રતિમાનું છે, અને દશમી વિંશિકા પણ તેજ નામથી સુપ્રસિદ્ધ છે. બન્નેમાં અગીઆર શ્રાવકની પ્રતિમાઓ=પ્રતિજ્ઞાઓનું સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે. દશમા પંચાશકમાં પ્રતિમાઓનો અધિકાર વિસ્તારથી છે, અને દશમી-વિંશિકામાં તેજ અધિકાર સંક્ષેપથી છે. વિંશિકામાં અગીઆર પ્રતિમાઓની કાળમર્યાદા અને સંક્ષેપથી પ્રતિમાઓની આરાધના જણાવી છે, પરંતુ પંચાશકમાં પ્રતિમાઓ પ્રાપ્ત કરનારની અવસ્થા, થતો લાભ, પ્રતિમા સેવનમાં સાંભવિક દોષો વિગેરેનું વર્ણન વિસ્તારથી કરેલ છે.

શ્રમણો પાશક-પ્રતિમાઓનું પુનીત સ્વરૂપ સંક્ષેપ માત્રથી પણ ષોડશક ગ્રન્થમાં કે અષ્ટકજીમાં લેશભર નથી. આથી પ્રતિમા પંચાશક અને પ્રતિમા વિષયક-વિંશિકામાં અધિકાર વિષયની લગભગ સામ્યતા છે, ફક્ત વિવેચનાદિમાં વિસ્તૃત-વ્યાખ્યા છે. આ રીતિએ શ્રમણોપાસક પ્રતિમાનું સામ્યપણું અને વિશિષ્ટતાઓ વિચારવા લાયક છે.

## યતિધર્માદિ વિધિઓનું સામ્યપણું.

અગીઆરમું પંચાશક સાધુધર્મવિધિ અને અગીઆરમી યતિધર્મ વિંશિકા છે. આ બંન્ને પર્યાયવાચક નામથી ભિન્ન છે, પરંતુ અર્થથી બન્ને એકજ છે. તેવીજ રીતે પંદરમું આલોચનવિધિ પંચાશક અને સોળમું પ્રાયશ્ચિત્તવિધિ પંચાશક પ્રતિપાદન કરેલાં છે, તેજ નામને અનુસરતી અનુક્રમે પંદરમી અને સોળમી વિંશિકાઓ છે. બન્નેના વિષય અને વિભાગ એક સરખાં છે, પરંતુ વિવેચન અનુક્રમે વિસ્તારથી અને સંક્ષેપથી છે.

આ રીતિએ ઉપસ્થિત કરેલા પ્રશ્નોના પુનીત સમાધાન વિસ્તાર પૂર્વક સમજી ગયા. તે તે પ્રશ્નો અંગે આપેલ સમાધાન અગર વધુ છણાવટ પંચાશકોના સારાંશ અવસરે યોગ્ય રીતિએ વિચારીશું.

## પ્રથમ-શ્રાવક ધર્મ-પંચાશક.

આરાધ્યપદમાં પ્રવેશ કરવાનું અમોઘ દ્વાર આરાધના છે. આરાધકોને આરાધ્યપદની સમીપમાં લાવનાર આરાધના છે. આરાધ્ય ભગવંતો અને આરાધક=ભક્તોના ભવ્ય ભેદને ભાંગનારી આરાધના છે. આથીજ આરાધનામાં ઓતપ્રોત થયેલ આચાર્યદેવેશ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આરાધન પદથી=नमिऊण પદથી અર્થાત્ નત્વા=સંબંધક ભૂતકૃદંત પદથી ગ્રન્થની શરૂઆત કરે છે.

લખીને કહીશ, જમીને જઈશ; અથવા લખીને કહે છે અને જમીને જાય છે; આવા પ્રયોગોમાં લખવાની ક્રિયા કરનાર અને કહેવાની ક્રિયા કરનારો પણ કર્તા એકજ છે; આજ ન્યાયે પંચાશકના પ્રારંભના શ્લોકમાં નમન કરીને કહીશ (नमिऊण वोच्छं=नत्वा वक्ष्ये) એ બન્ને પદોદ્વારા નમન ક્રિયા કરનાર અને કથન કરવાની ક્રિયા કરનાર શાસ્ત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજ છે. નમસ્કારાત્મક મંગળ કરનાર ભિન્ન છે=અલગ છે એવી શંકા કરનારાઓ વિશ્વ-વિશ્વ-વિદ્વજ્જનમાન્ય-વૈયાકરણવિશ્વપ્રસિદ્ધ સૂત્રાદિને (प्राक्काले० सिद्धहेम० व्या०) સમજ્યાજ નથી એ કહેવું અત્ર યુક્તિયુકત છે.

"વિશ્વવન્દ્ય શ્રી વર્દ્ધમાનસ્વામીને નમસ્કાર કરીને સમ્યક્ત્વપૂર્વક શ્રાવક ધર્મને શ્રીગણધર ભગવન્તાદિ પૂર્વધરોની પૂનીત સૂત્રનીતિને અનુસરીને સંક્ષેપથી કહીશ." આ ભાવનું પ્રથમ પદ્ય છે. ગાથા-૧ શાસ્ત્ર-રહસ્ય સંગૃહિતા-દશપૂર્વધર ભગવંત શ્રીઉમાસ્વાતિ વાચકવર્યશ્રીજીએ શ્રાવકધર્મપ્રજ્ઞપ્તિમાં શ્રાવક ધર્મનું સ્વરૂપ સંક્ષેપથી કહેલ છે, તો પછી આ ગ્રન્થકાર વિશેષ વિવેચન શું કરવાના છે ?, સમાધાનમાં સમજવું જોઈએ કે પંચાશક શાસ્ત્રકાર ભાવાર્થ સંગત અર્થાત્ તત્ત્વરૂપે સમ્યક્ત્વ-શ્રાવકધર્મ આદિ પદાર્થોના અંતિમ રહસ્ય (ઐદંપર્ય) ને જણાવશે. સાથે સાથે મંગળ-વિષય-પ્રયોજન-સંબન્ધ-અધિકારી-ફળ વિગેરે પણ વિવેકપૂર્વક વિચારતાં વાંચકને સ્પષ્ટતયા જણાઇ આવે છે. ગાથા ૧.

"શ્રાવક શબ્દના પરમાર્થને પ્રતિપાદન કરતાં જણાવે છે કે જે કોઇ પ્રાણી પરલોકને હિતકારિ-જિનેશ્વર કથિત વચનને ઉપયોગ પૂર્વક= સમ્યગ્ભાવે શ્રવણ કરે છે. તેજ પ્રાણી અહીં (આ ગ્રન્થમાં) શ્રાવક તરીકે ગ્રહણ કરેલો છે." આ ભાવથી ભાવિત બીજું પદ્ય છે. દેશ-જાતિ અને કુલનું નિયમન કરીને તે તે દેશથી તે તે દેશવાસિઓ તે તે જાતિવાળા તથા કુલવાળા ગણાય છે અર્થાત્ યુરોપ દેશમાં જન્મ્યો કે વસ્યો તેથી યુરોપિયનો, બ્રાહ્મણની જાતિમાં ઉત્પન્ન થયેલ તે બ્રાહ્મણો અને ક્ષત્રિઓના કુળમાં જન્મવાથી ક્ષત્રિયો કહેવાય છે; તે નિયમ અહીં નથી. પરન્તુ અહિં તો કહાય જે દેશ-જાતિ કુલમાં ઉત્પન્ન થયો હોય, પરંતુ ઉપર કથન કરેલ વ્યાખ્યાને અનુસરવાળા પ્રાણીને શ્રાવક કહેવામાં વાંધો નથી; કારણ કે અતિ-અત્યન્ત તીવ્ર=ક્લિષ્ટ કર્મોના વિનાશ વગર વીતરાગ પ્રણીત વચનનું ઉપયોગ પૂર્વકનું શ્રવણ સંભવતુંજ નથી. અને તેથીજ સમ્યગ્ભાવે ઉપયોગપૂર્વક જિનવચન શ્રવણ કરનાર તે

ઉત્કૃષ્ટ પ્રધાન શ્રાવક છે. અથવા તો સમ્યગ્‌ભાવે ઉપયોગપૂર્વક જિનવચન શ્રવણ કરનારને શુકલપાક્ષિક અર્થાત્ અનંતકાળ સંબન્ધિ સંસારની રખડપટ્ટીને ઓછી કરીને હવે અર્ધ-પુદ્‌ગલ પરાવર્તની અંદર સંસારને નાશ કરનારો કહેવાય છે. ગાથા ૨.

સમ્યકત્વપૂર્વક શ્રાવકધર્મ કથન કરવાની પ્રતિજ્ઞા પૂર્વે કરી હતી. તે પ્રતિજ્ઞાનુસાર શ્રાવક શબ્દના પરમાર્થને જણાવીને ત્રીજી ગાથામાં સમ્યકત્વનું સ્વરૂપ અને ફલ પ્રતિપાદન કરે છે.

સર્વજ્ઞ ભગવન્તોએ પ્રતિપાદન કરેલાં પારમાર્થિક પદાર્થોનું શ્રદ્ધાન તે જ સમ્યકત્વ છે, આવું સમ્યકત્વ વિદ્યમાન હોવે છતે અસદ્‌ આગ્રહ હોતોજ નથી. કારણ કે મિથ્યાત્વના ઉદયમાંજ અસદ્‌આગ્રહના અદ્દિલનો=તરંગો હૃદયમંદિરમાં આવિર્ભાવ થયાજ કરે છે, અને તેથીજ મિથ્યાત્વના ક્ષયોપશમથી ઉપર જણાવેલ ભાવને અનુસરતું સમ્યકત્વ વર્તતું હોય તે અવસરે અસદ્‌ગ્રહ હોતોજ નથી. એટલુંજ નહિં પણ સમ્યકત્વના સદ્‌ભાવમાં અતિશયપણે ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા વિગેરે ઉત્પન્ન થાય છે, અર્થાત્ ચારિત્ર ધર્મ પ્રત્યે રાગ આદિ ફળ રૂપે ધર્મશાસ્ત્ર શ્રવણ ઉત્પન્ન થાય છે.

શ્રાવક ધર્મના અધિકારથી શ્રાવક શબ્દાર્થ, સમ્યકત્વનું સ્વરૂપ તથા સમ્યકત્વના ફલ દ્વારાએ શુશ્રૂષાદિ જણાવ્યા, તેથીજ આ બીજી ગાથા શ્રાવક-અવસ્થામાં અવસ્થિત થયેલ શ્રાવકના સમ્યકત્વને આશ્રિને શુશ્રૂષા અને આદિ પદથી ધર્મરાગ, અને સમાધિનું ઉલ્લંઘન કર્યા વગર ગુરૂવૈયાં આદિ દેવાધિદેવોની સેવા વિનય વૈયાવચ્ચાદિ અવશ્યપણે કરવાનો નિયમ કરવોજ જોઈએ. પરંતુ અણુવ્રતાદિનું અંગીકાર કરવાનું નિયમન નથી અર્થાત્ વ્રત સ્વીકારમાં ભજના જણાવે છે.

આ ઉપરથી પૂર્વે જણાવેલ ત્રણમાં (શુશ્રૂષા ચારિત્રધર્મરાગ અને દેવ-ગુરૂનું વૈયાવચ્ચ) અવશ્ય નિયમવાળો હોય, પણ વ્રત સ્વીકારવામાં ભજના છે, અર્થાત્ વ્રત લેવાવાળો પણ હોય અને વ્રતને નહિં ગ્રહણ કરવાવાળો પણ હોય. ગાથા-૪.

જૈન શાસનમાં શ્રવણ કરવું, તથા શ્રદ્ધા પૂર્વક સમજવું, અને શ્રદ્ધાપૂર્વકની સમજ પ્રમાણે સ્વીકારવું એ અલગ છે, કારણ કે શ્રદ્ધાપૂર્વક સમજમાં અને સ્વીકારમાં જુદા જુદા કર્મોનો ક્ષયોપશમ સ્વીકારેલો છે. મોહનીય કર્મના બે વિભાગો છે. પ્રથમ દર્શન મોહનીયના ક્ષયોપશમથી શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે, અને દ્વિતીય ચારિત્ર મોહનીના ક્ષયોપશમથી વ્રતાદિનો સ્વીકાર થાય છે. સમ્યકત્વ પ્રાપ્તિ અવસરે વ્રત પ્રાપ્તિના હેતુભૂત કર્મસ્થિતિ અધિકતર હોવાથી સમ્યકત્વ પ્રાપ્તિ સાથે વ્રત સ્વીકારે એવો નિયમ નથી, કારણ કે તથાભવ્યત્વ રૂપ આત્માના અધ્યવસાયોનું વિચિત્રપણું છે; અને તેથીજ ત્રીજી ગાથામાં 'ભજના' (કોઇક વ્રત સ્વીકારે છે અને કોઇક

વ્રત સ્વીકારતો નથી) એ શબ્દનો વપરાશ અત્ર કહેલો છે.

ગ્રન્થિ ભેદથી=રાગદ્વેષની નિબિડ ગાંઠને ભેદ્યા પછીજ આત્મા સમ્યક્ત્વ પામે છે, સમ્યક્ત્વ પામ્યા પછી ૨ થી ૯ પલ્યોપમ સ્થિતિનો ક્ષય થયે છતે (બાકી રહેલ કર્મસ્થિતિમાં ૨ થી ૯ પલ્યોપમ સ્થિતિનો ક્ષય થયે છતે) અણુવ્રતાદિ પ્રાપ્ત થાય છે કે જે વ્રતનો સંસાર સમુદ્રમાથી પાર ઉતરવાને નાની નાવા સમાન જણાવેલા છે. આ બન્ને ગાથામાં કથન કરેલા વિષયને અર્થાત્ અધિકતર કર્મ સ્થિતિ, તેના ક્ષયોપશમ, પરિણામ ભેદ, ભજના, સમ્યક્ત્વ પ્રાપ્તિ તદનન્તર શ્રાવક વ્રતાદિની પ્રાપ્તિ આદિ પદાર્થોને વિશેષે સ્પષ્ટ કરવા માટે નવાંગીવૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજીએ વૃત્તિમાં શંકા સમાધાનો આપેલાં છે તે વાંચકોને વિચારવા લાયક છે. ગાથા ૫-૬.

## અણુવ્રતાદિનું સ્વરૂપ અને સંખ્યાથી નિયમન.

સમ્યક્ત્વનું સ્વરૂપ-ફલ અને તે પછી વ્રત પ્રાપ્તિના કાલને પ્રતિપાદન કર્યા પછી અણુવ્રતાદિ જણાવે છે. સ્થૂલ પ્રાણિઓના પ્રાણના વધથી વિરમણ પામવા સ્થૂલપ્રાણાતિપાત વિરતિ આદિ પાંચ અણુવ્રતો છે; અને શ્રાવક ધર્મરૂપ વૃક્ષના મૂલ સમાન હોવાથી તે પાંચે વ્રતોને મૂલ ગુણો તરીકે શ્રાવકને જણાવેલાં છે. તે શ્રાવકધર્મરૂપી વૃક્ષની શાખા પ્રશાખારૂપ દિગ્વિરતાદિ ગુણવ્રતો તથા શિક્ષાવ્રતો છે, અને તે બધાને ઉત્તર ગુણો તરીકે જણાવેલાં છે. બાવીશ તીર્થંકરના સમયમાં જેવી રીતે પાંચ મહાવ્રતને બદલે ચાર મહાવ્રતોનો આચાર શ્રમણ ભગવંતો માટે પ્રતિપાદન કરેલો છે, તેવી રીતે આ અણુવ્રતો નથી, અર્થાત્ બાવીશ ભગવંતોના સમયમાં પણ અણુવ્રતો તો પાંચજ હોય છે. આ પ્રસંગને પુષ્ટ કરતાં વૃત્તિકાર ભગવન્ત જણાવે છે કે-બાળ બ્રહ્મચારિ બાવીશમાં શ્રી નેમિનાથના શિષ્ય પાસે શૈલક રાજાએ પાંચ અણુવ્રત ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત રૂપ શ્રમણોપાસક ધર્મ સ્વીકાર્યો છે. **મહાવ્રતની અપેક્ષાએ લઘુવ્રત હોવાથી, શ્રમણ ભગવંતની શ્રમણપણાની અપેક્ષાએ શ્રમણોપાસકપણું લઘુ હોવાથી, પ્રરૂપણા અપેક્ષાએ મહાવ્રતોની પ્રરૂપણા થયા પછીજ અણુવ્રતોની પ્રરૂપણા કરાતી હોવાથી, અને વ્રતદાન અપેક્ષાએ પણ યતિધર્મ=મહાવ્રત ધારિઓના મહાવ્રત સેવનમાં અસમર્થોને અણુવ્રતાદિ દેવા; આથીજ અણુવ્રતો કહેવાય છે.** આ રીતે આ ગાથામાં અણુવ્રતોનું સ્વરૂપ અને સંખ્યાનું નિયમન કર્યું. અને સ્થૂલપ્રાણવધવિરતિમાં એકેન્દ્રિયાદિ પાંચે સૂક્ષ્મની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિ જીવો અસૂક્ષ્મ એટલે સ્થૂલ છે, તેથી સ્થૂલ પ્રાણવધ વિરતિ છે. અર્થાત્ સ્થૂલકપ્રાણવધ વિરમણમાં એકેન્દ્રિયાદિ જીવોના વધથી ગૃહસ્થ બચી શકતો નથી તેથી સ્થૂલ પ્રાણોના વધ આ વ્રતમાં છોડવાના છે. ગાથા ૭.

(ચાલુ)

૪૯૧. સમરંભ-સમારંભ અને આરંભના અતિ ઉંડા મૂળીઆને જડમૂળથી ઉખેડાને જમીન-દોસ્ત કરનાર પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત છે.

૪૯૨. ઇશ્વર વિષયક સત્ય-માન્યતાનું દિગ્દર્શન કરાવનાર જૈન શાસ્ત્રોજ છે.

૪૯૩. જેઓએ જૈન શાસ્ત્રો વાંચ્યા નથી, વિચાર્યા નથી, અને વિવેકપૂર્વક પરિશીલન કર્યા નથી; તેવાઓજ કહી શકે છે કે 'સ્વતંત્ર-વિચાર અને વિવેક દ્રષ્ટિને ગુંગળાવનાર જૈન શાસ્ત્રો છે."

૪૯૪. સ્વતંત્ર વિચારણા, વિવેક દ્રષ્ટિ અને આત્મહિતકર-અનુભવને અસ્ખલિત વેગ આપનારાં જૈન શાસ્ત્રોજ છે.

૪૯૫. આવડત વગરના સમન્વય કરનારાઓએ કિંમતિ પદાર્થોની કિંમતને આંટી નખી, અર્થાત્ કિંમતી પદાર્થોની કિંમત સમજી શકયાજ નથી.

૪૯૬. આવડત વગરના સમન્વયથી ગોળ-ખોળની જેમ સુદેવ-કુદેવ, સુગુરૂ-કુગુરૂ અને સુધર્મ-કુધર્મનો સમન્વય કરીને અન્યાયની અંધાધુંધીમાં અટવાઈ જવું પડે છે.

૪૯૭. સાપેક્ષ દ્રષ્ટિની સાચી સમજણ સિવાય વસ્તુ માત્રના સમન્વય થઇ શકતાજ નથી.

૪૯૮. વસ્તુ માત્રના સાધારણ ધર્મો અને અસાધારણ ધર્મોનું અવલોકન કર્યા વગર સમન્વય કરનારાઓને સાક્ષરવર્યોની સૃષ્ટિમાં જીવવું મુશ્કેલ છે.

૪૯૯. સ્વાર્થ પરાયણ કહેવાતા બુદ્ધિશાળી-વિદ્વાનો, વક્તાઓ અને લેખકો સાચી, સારી અને કિંમતી વસ્તુનો અનુચિત સમન્વય કરીને મૂળ વસ્તુને વિકૃત બનાવીને કીંમત ઘટાડવા પ્રયત્ન કરે છે.

૫૦૦. ધનના સ્વાર્થે, યશઃકીર્તિની કામનાએ, માન-મોટાઇના મનોરથે, અને પ્રશંસાદિની પાપી વાસનાઓએ માણસાઇ ભૂંસી નાખવાનો કરેલો છે નિશ્ચય જેણે એવા આત્માઓ જગતને શ્રાપ સમાન છે.

૫૦૧. કોઇપણ સિદ્ધાન્તને શ્રવણ કરવો, સમજવો, હૃદયમાં ધારણ કરવો, યુક્તિ યુક્ત રીતિએ પ્રતિપાદન કરવો એ જેટલો સીધો, સહેલો અને સરળ માર્ગ છે; તેના કરતાં તે સિદ્ધાન્તને જીવન વ્યવહારમાં પચાવીને પૂર્ણ રીતિએ સાક્ષાત્કાર કરવો, એ કપરો કઠીણ અને અતિ મુશ્કેલ માર્ગ છે; એ બીના બુદ્ધિમાનને બુદ્ધિમાં સહેજે ઉતરી શકે છે.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—સુધાવર્ષી. )

નોંધઃ—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજવળ બને અને વાચકોલ્લાસના વૃદ્ધ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૦ તન્ત્રી.

૪૮૧. મલીન કપડાંને નિર્મળ કરનાર પાણી છે, તેવીજ રીતે અંતઃકરણની વિશુદ્ધિ કરનાર વીતરાગની વાણી છે.

૪૮૨. શ્રુતધર્મના અભ્યાસિઓ શ્રવણ-મનન-પરિશીલનથી સંસારના ભીરૂ અને શાશ્વતપદના અભિલાષુક બને છે.

૪૮૩. વ્રતધારિયો વ્રતનો સ્વીકાર કરીને, અને વ્રતનું યથાસ્થિત પાલન કરીને મોક્ષમાર્ગ તરફ અસ્ખલિત પ્રયાણ કરે છે; માટે વ્રતોના સ્વીકાર સાથે વ્રતોનું યથાસ્થિત પાલન અવશ્યમેવ જરૂરીનું છે.

૪૮૪. વ્રતના સાપેક્ષપણામાં સુદયાળુપણું, અને વ્રતના નિરપેક્ષપણામાં નિર્દયપણું આવિર્ભાવ થાય છે; એ ભૂલવા જેવું નથી.

૪૮૫. કષાયોથી કલુષિત થયેલ અંતઃકરણવાસિત જીવો વ્રતોની મર્યાદાનું ઉલ્લંઘન કરીને વ્રતોનો ભંગ કરે છે.

૪૮૬. જાણી જોઇને, ઇરાદાપૂર્વક અતિચારોનું સેવન કરનારાઓ વ્રતોનું ભંગ કરનારા મહા પાપી છે.

૪૮૭. ઇચ્છા પરિમાણુ વ્રતનું અંશિક સેવન કરનારો અંશિક-સુખ-શાન્તિ આનંદનો અનુભવ કરે છે.

૪૮૮. ઇચ્છા પરિણામ વ્રતથી બેનશીબ રહેનારાઓને આ સંસારમાં અને પરલોકમાં પણ લેશભર સુખ-શાન્તિ-આનંદ પ્રાપ્ત નથી.

૪૮૯. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક મર્યાદાશીલ લોભ-મહાસાગરને તરી જનારાઓ પાંચમા પરિગ્રહ વ્રત ધારિયોજ છે.

૪૯૦ અસુંદર વ્યાપારોનું વિસર્જન કરવા-કરાવવાની કુનેહભરી કળા નું સામ્રાજ્ય ઇચ્છાપરિમાણુ વિરતિને આધીન છે.

# શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

**ભાવાર્થ:**—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

## આક્રમણ અને સામનો.

લેખકઃ—**સુધાવર્ષી.**

આક્રમણકારોનો આરંભકાળ ઉજ્વળ દેખાય છે, પરંતુ તે આરંભકાળ ધીમે ધીમે પરિસમાપ્તિ તરફ પ્રયાણ કરે છે; ત્યારે તે કાજળ જેવો કાળો. કાબરચિત્રો અને કારમો હોય છે. કારણ કે સમાપ્તિકાળે આક્રમણકારોને હસ્તગત થયેલાં દેશો, પ્રદેશો, સંપત્તિઓ, સાધનો અને સત્તાઓનાં સુંદર પૂર ઓસરી ગયાં હોય છે; એટલું જ નહિ પણ તેઓએ ધિક્કાર-વૈર-ઝેરની પરંપરાનો પાપી વારસો પેઢી ઉતાર પરંપરામાં પ્રાપ્ત કરેલો હોય છે. એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે.

પ્રાચીનકાળમાં રાવણનું આક્રમણ, કૌરવોનું કારમું આક્રમણ અને કોણીનું કલંકિત આક્રમણ શ્રદ્ધાળુઓને સાદી શિખામણ અને સાચી સલાહ સમર્પે છે, એટલું જ નહિ પણ તે શ્રદ્ધાળુ-વિચારક અને વિવેકીઓને ઈ. સ. ૧૯૧૪ થી ઇ. સ. ૧૯૪૭ ના તેત્રીશ વર્ષના ગાળામાં ભજવાઇ ગયેલા ભયંકર યુદ્ધો પણ નવીન બોધપાઠ શીખવે છે.

જર્મન શહેનશાહ કયસરની ઈ. સ. ૧૯૧૪ ની કેસરીયા કૂચ, અને જર્મન સરમુખત્યાર હેર હીટલરની ઇ સ. ૧૯૩૯ની અદ્યતન સાધન-સામગ્રી સાથેની હિંમતભરી કૂચ અનુક્રમે ત્રણ વર્ષ છ વર્ષ પર્યંત વિજયમાર્ગે વાયુવેગે વિસ્તૃત થતી ગઇ. એટલું જ નહિ

(વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું.)

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
વર્ષ ૧૩-અંક ૧૦.

પ્રકાશિકા—
**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

તંત્રી સ્થાનેથી

# નોંધ અને સુસમાચાર

અમેરિકામાં ૨૮૦૦૦૦૦ અઠ્ઠાવીશ લાખ માણસો વનસ્પતિનો આહાર કરે છે.

શહેરની આવૃત્તિ-જન્મભૂમિ તા. ૨૪-૬-૪૭

ઉદયપુર સ્ટેટે તા. ૫-૬-૧૯૪૭ ના રોજ જાહેરનામું બહાર પાડીને ધાર્મિક મિલ્કતોનો આડકતરી રીતિનીતિએ ભોગવટો કરવાનું સાહસ ખેડયું છે, આથી ઉદયપુરની આક્રમણ નીતિ સામે જૈનપત્રે, પ્રજા-પત્રે, જ્ઞાન પ્રકાશ પત્રિકાએ; અને અનેક સંસ્થાઓએ લખાણ-પત્ર-તાર દ્વારા વિરોધની વૃદ્ધિને દિન પ્રતિદિન પગભર બનાવી દીધી છે. છતાં ઉદયપુર સ્ટેટના મહારાણા-મહામંત્રી અને લાગવગવાળાઓ હજુ સુધી જાગૃત થયા નથી તેની સખેદ નોંધ લેવી અત્ર પ્રાસંગિક છે. એટલું જ નહિં પણ આક્રમણ સામે સખ્ત સામનાની જરૂર છે.

ઉદયપુર સ્ટેટની ધાર્મિક મિલ્કતોના આક્રમણ જાહેરનામા પ્રત્યે મુંબાઇ જૈન યુવક સંઘે વિરોધ નોંધાવ્યો છે તે ઉચીત છે, પરંતુ જૈન સંસ્કૃતિ-સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના અજ્ઞાત તે સંઘે જૈન મંદિરમાં અસ્પૃશ્યતા નિવારણ બીલને અપનાવવાનું જણાવ્યું છે અને ઠરાવ્યું છે તે જૈન સંસ્કૃતિના મૂળમાં ઘા કરવા જેવું છે તે માટે જૈન જનતાએ આ નોંધ દ્વારાએ સવેળા ચેતવાની જરૂર છે.

શહેરની આવૃત્તિ વંદેમાતરમ્ તા. ૩-૭-૪૭

જૈન શ્વે૦ કોન્ફરન્સની કમીટીએ ઉદયપુર સ્ટેટના વિરોધી જાહેરનામા પ્રત્યે વિરોધ દર્શાવનારો ઠરાવ કરી મોકલ્યો છે તે ઉચીત છે, પરંતુ હરિજન પ્રવેશ બીલ સંબંધી મુંબાઇ સરકારને મળવાનું જણાવતા હતા પરંતુ સંસ્કૃતિને અનુસરતો નિર્ણય બહાર આવ્યો નથી.

જન્મભૂમિ તા. ૨-૭-૪૭

શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તરફથી પ્રસિદ્ધ થતી જ્ઞાનપ્રકાશ નામની પત્રિકામાં આવેલ યોજનાનું રૂપક સુંદર છે, પરંતુ યોજનાનો અમલ થયે તૈયાર થયેલા ઉંચી કક્ષાના પંડિતોનું આર્થિક ધોરણ ઉચ્ચકક્ષાએ પહોંચે તેવા ક્ષેત્રની અને વ્યવસ્થા શક્તિનો તે યોજનામાં અભાવ છે માટે કાર્યવાહકોને તેમાં જલ્દી સુધારો કરવાની જરૂર છે.

સાંભળવા પ્રમાણે અને સત્તાવાર સમાચારથી જાણવા મળ્યું છે કે ઉદયપુર સ્ટેટના આક્રમણ જાહેરનામા પ્રત્યેથી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખે અને આગેવાનોએ માલવાપ્રાન્તીય જૈન શ્વે૦ મહાસભા ઉદયપુરના આગેવાનોને સંતોષપૂર્વક જવાબ આપ્યો છે. અને તે મુજબ તે પેઢીના પ્રમુખે અને આગેવાનોએ ઢીલની નીતિ છોડીને સત્વર પગલાં લઈ સંસ્કૃતિના સંરક્ષણ માટે જૈન જનતાને જાહેર કરવું જોઇએ. નહિં તો આક્રમણ કરનાર સ્ટેટ સામે સામનાના સત્વર પગલાં લેવાની જનતાને વિનંતી કરવી જોઇએ.

વીરપુર-પશ્ચિમ ખાનદેશથી શ્રી સંઘે, પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરે ઉદયપુર સ્ટેટના વિરોધી જાહેરનામા પ્રત્યે વિરોધદર્શક તાર અને પત્ર અનુક્રમે પાઠવ્યા છે.

નીતિ-ન્યાય અને સત્યની ખાતર તથા જૈન સંસ્કૃતિના સંરક્ષણ માટે માલવા પ્રાન્તીય જૈન શ્વેતાંબર મહાસભા (ઉદયપુર) એ અને પૂ. પં. પ્રવરશ્રી ચંદ્રસાગરજીના શિષ્ય ધર્મસાગરે પણ ઉદયપુર સ્ટેટના આક્રમણ જાહેરનામા પ્રત્યે વિરોધને જાહેર કરતા તાર મોકલાવ્યા છે.

[ વધુ માટે જુઓ પાનુ ૨૩૦ ઉ૫ . ]

# શ્રી સિદ્ધચક્ર.

| વર્ષ-૧૩. | અષાડ-માસ. | તંત્રીઃ |
| --- | --- | --- |
| અંક ૧૦ મો. | તા. ૧૭-૭-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી. |


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળઃ—શ્રીનાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ અમદાવાદ.

[ નોંધઃ—વિ. સં. ૧૯૯૫ ના ચાતુર્માસમાં પૂ. દેશનાકારે શ્રી સૂત્રકૃતાંગ-સૂત્રના દ્વિતીય-શ્રુતસ્કંધના પ્રથમ શ્રીપુંડરીક-અધ્યયન અને ભાવનાધિકારે શ્રીવિંશતિસ્થાનક-ચરિત્ર સંબન્ધિ પરમહિતકારિ-દેશના દીધી હતી, તેનો સારભૂત સંગ્રહ પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય-મુનિશ્રીસુબોધસાગરજી પાસેથી મેળવીને, વાંચકો વિવેક પૂર્વક વાંચી શકે, અને વિચારી શકે તે હેતુથી પૂ. પ. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરુદ્ધ કોઇપણ શબ્દાદિ અદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી ]

### શ્રીપુંડરીક-અધ્યયનના પારમાર્થિક-અવતરણો.

૧. દ્રષ્ટાન્તમાં વિધિ-નિષેધ જણાવાતાં નથી.

૨. દ્રષ્ટાન્તિકદ્વારા હેય જ્ઞેય-ઉપાદેયનું સૂચન.

૩. વાતકી-પ્રેતકી નામે કહેવાતા વકતાઓ.

૪. વકતાએ શ્રોતાને શ્રવણનો અર્થી બનાવવો.

૫. સાંચાતી-શેરડી સાથે પીનાર ઓરંડા જેવા શ્રમણોપાસકો.

૬. ઉચ્ચકોટિના સાધુઓનું શ્રમણપણું શ્રમણપણા માટેજ છે.

૭. સામાન્ય કક્ષાના સાધુઓનું શ્રમણપણું મોક્ષ માટે છે.

૮. ધર્મરાજાના સર્વસ્વ-સમર્પણકરનાર સૈનિકો શ્રમણ ભગવંતો.

૯. સંગ્રામના સૈનિકોના જેમ કુલાભિમાની, જાતિઅભિમાની અને દેશાભિમાની આ સૈનિકો નથી.

૧૦. "કાર્યની સિદ્ધિ કારણને આધીન છે" એવું જૈનો સ્વીકારે છે.

૧૧. ઇચ્છા સર્વથા ગયા વગર મોક્ષ નથી.

૧૨. મોક્ષ પ્રાપ્તિ માટે ઇચ્છાની

જરૂર નથી, પરંતુ મોક્ષને સાધી આપનાર કારણોની પ્રાપ્તિમાં ઇચ્છાની જરૂર છે.

૧૩. વિંશતિ સ્થાનકમાં મોક્ષ પદ કેમ નહિં ?

૧૪. 'તીર્થંકરપણું મેળવવા માટે અરિહંતપદની આરાધના નથી' એ સમજો.

૧૫. દ્રષ્ટાન્તમાં કહેલી બીનાઓ અને ઉપમાઓ ગોખવાની નથી, પરંતુ સમજવાની છે.

૧૬. ભાંતેપદની ભવ્યતા સમજો.

૧૭. વિનયપૂર્વક બોલતાં શીખવાનો જરૂર.

૧૮. જ્ઞાનીપણાની શ્રમણપણા સાથે વ્યાપ્તિ.

ભાવનાધિકારના ભવ્ય અવતરણો.

૧. માનસિક પરિણામને દાન ધર્મ સાથે સંબંધ.

૨. મમતા છુટવા માત્રથી દાન ધર્મ થતો નથી.

૩. જુગારી અને દાનેશ્વરીના ફરક સમજો.

૪. શરીર ઇન્દ્રિય પર કાબુ મેળવ્યા માત્રથી શીલ ધર્મ નથી.

૫. કષ્ટ સહન કરવા માત્રથી તપોધર્મ થતો નથી.

૬. મમત્વને મલીન કરનારા પણ પરિણામ છે, મહત્વત્તાને ટકાવનાર પણ પરિણામ છે.

૭. મમત્વના વિસર્જન સાથે ભવવિરહની ભાવનાવાળાનેજ દાન ધર્મ હોય છે.

૮. શરીર-ઇન્દ્રિય પર અંકુશ રાખવાની સાથે સંસારથી પાર ઉતરવાની ભાવના હોય તોજ શીયળ ધર્મ થાય છે.

૯. અનેક વિધ કષ્ટ સહન સાથે સકળ કર્મથી મુકત થવાની ભાવના હોય તોજ વીતરાગ કથિત તપોધર્મની આરાધના છે.

દાર્ષ્ટાન્તિક-રહસ્ય.

શાસન સંચાલક ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી જંબુસ્વામીને સુયગડાંગ સૂત્રનો અધિકાર જણાવતાં આગળ જણાવી ગયા કે જેવી રીતે પ્રભુ મહાવીરે પુંડરીક અધ્યયન કહેલું છે, અને જે રીતે મેં સાંભળેલું છે તે રીતિએ હું તને કહું છું. તેમાં વાવડી કમળનો અધિકાર, ચારે દિશાના પુરૂષનો અધિકાર; અને છેવટે ભિક્ષુકનો અધિકાર કહ્યા. તે ભિક્ષુક કોઇ દિશાથી ઉતર્યો નહિ, પરંતુ છેવટે કમળ તેની પાસે આવ્યું છે. આ રીતિએ દ્રષ્ટાન્ત જણાવીને પ્રભુ મહાવીરે શું જણાવ્યું ?, તો કહે છે કે દાર્ષ્ટાન્તિક અર્થ એટલે દ્રષ્ટાન્તથી જે ઉપનયાદિ અર્થ સમજાવવાનો તે હજી આગળ સમજાવાશે. હાલ તો ફક્ત દ્રષ્ટાન્તજ જણાવ્યું છે, પરન્તુ તેનો ખરો અર્થ કયારે સમજાય કે ઉપનયન ઘટાડવામાં આવે ત્યારે સમજાય. શ્રમણ ભગવંત મહાવીર મહારાજે શિષ્યોને સાંભળવાની ઉત્કંઠા થાય તે માટે ઉપસંહાર કર્યો કે મેં આ તમોને દ્રષ્ટન્ત જણાવ્યું. અહિં દ્રષ્ટાન્ત જણાવ્યું એમ બોલવાનુ કામ શું ? આ દ્રષ્ટાન્તથી વાવડી અને કમળ વખાણ્યું. ચારે પુરૂષોને વખોડયા અને ભિક્ષુકને વખાણ્યો; આ બધાનું તત્ત્વ નથી. દ્રષ્ટાન્તમાં જણાવેલા પદાર્થ

આદરવા લાયક કે છાંડવા લાયક ન હોય. એટલે વાવડી કમળ કરાવવાં અને પુરૂષોને વર્જવા એવો ઉપદેશ નથી. આ કહેલું છે તે માત્ર દ્રષ્ટાન્ત પૂરતુ કહેલું છે. દુનિયાની પ્રસિદ્ધ વાતનું ફકત અનુમાન કરાય, તેથી ન તો નિષેધ કરાય અગર ન તો હા કહેવાય. હવે દ્રષ્ટાન્તની સાથે દાર્ષ્ટાન્તિક કહી દેવું હતું ને? હેય ઉપાદેયનો વિષય દાર્ષ્ટાન્તિક નિરૂપણમા હોય પણ દ્રષ્ટાન્તમાં ન હોય. જેમ ભમરાનું અને ઝાડનું દ્રષ્ટન્ત દઇએ છીએ, તેમાં ઝાડોને વાવવાનું કે કુલોને કરવાનું કે ભમરાને વાવવાનું નથી. એટલે દ્રષ્ટાન્તમાં વિધિ નિષેધ નથી. હવે તે વિધિ નિષેધ હોય કયાં? તો જ્યાં ઉપનય કરવાનો હોય ત્યાં તે હોય છે. અર્થાત્ ઉપનય વખતે દાર્ષ્ટાન્તિક જણાવતાં વિધિ નિષેધ હોય છે. અહિં વાવડી પાણી કચરો વિગેરેની વાત કરી, અને પાંચમો જે કાંઠે ઉભેલો છે તેની વાત કરી; છતાં વિધિ નિષેધનો પ્રસંગ નથી. ત્યારે વિધિ નિષેધ હોય કયાં? તો જ્યાં ઉપનય ઉતારીએ ત્યાં? જ્યાંસુધી દ્રષ્ટાન્તની સમાપ્તિ જાણવામાં ન આવે, અને દાર્ષ્ટાન્તિકની શરૂઆત ન જાણવામાં આવે ત્યાંસુધી તે બન્નેદ્વારાએ વિધિ નિષેધનો ખબર ન પડે. દ્રષ્ટાન્તમાં વિધિ નિષેધનો ભાગ ન હોય, અને દાર્ષ્ટાન્તિકમાં તે વિધિ નિષેધ હોય.

## શ્રોતાને અર્થી બનાવો.

તો સીધું કહી દેવું હતું ને કે હવે હું ઉપનય કહું છું. દ્રષ્ટાન્ત વગર ઉપનય ન હોય. વગર પ્રસંગે બોલનારને વાતકી પિશાચિકી કવિઓ કહે છે, કારણ કે ખરેખર તે મનુષ્યને વાયુનો રોગ થયો છે; આથી તે બોલ્યા કરે છે. મરઘીવાળો ગુમ-ગાંડા જેવો થઇને બેસે, તો કહેવું પડશે કે સ વાતકી એટલે તે વાયુના રોગવાળો છે, અગર તો ભૂત વળગ્યું છે પણ કયા મનુષ્યને? જેને વાયુનો રોગ થયો હોય. ભૂત વળગ્યું હોય તે પિશાચીકી છે. બીજો સાંભળનાર અર્થી નથી અને એને કહેવા બેસે અર્થાત્ સાંભળવા તૈયાર થયા વિના કહેવા બેસવું તે તો વાયુના રોગવાળો કે ભૂત વળગ્યું છે તેવો માણસ બોલવા બેસે. આ વાત ધ્યાનમાં આવશે ત્યારે વક્તાએ શ્રોતાને સાંભળવાની ઇચ્છાવાળો બનાવવો જરૂરી છે. આવી સ્થિતી નીતીકારોની હોવાને લીધે વકતાએ આકાંક્ષા ઉભી કરીને શ્રોતાને અર્થી બનાવવો, અને ત્યારપછીજ તેની આગળ કથન કરવું જોઇએ; તેવી રીતે મહાવીર મહારાજા શ્રોતાઓને સાંભળવા માટે ઉત્સુક બનાવવા ઉપનય કહે છે. જે દ્રષ્ટાન્ત કહ્યું તેમાં આયુષ્યન્તો-શ્રમણો એવા સંબોધનની જરૂર શી? તો કહે છે કે શ્રોતાને સન્મુખ કરવા માટે, અને તેથી તે શ્રોતા અર્થી બની શકે છે. સન્મુખ કર્યા વિના તે શ્રોતા અર્થી બની શકતો નથી, માટે પ્રથમતઃ શ્રોતાને અર્થી બનાવવાની જરૂર છે.

## શ્રમણપણું શા માટે?

અહિં પ્રભુ મહાવીર જે ઉપદેશ આપે છે તે મુખ્યતાએ શ્રમણને ઉદ્દેશીને આપે છે. પરંતુ બીજાઓને સાંભળવાની મનાઇ નથી. અર્થાત્ મુખ્યતાએ શ્રમણને અનુસરીને કથન કરેલું છે. સેલડીને પાણી સીંચાયે તેથી સાથે રહેલો એરંડો પાણી પી જાય. તે માટે નિષેધ ન હોય, પરંતુ કોશતાણુવાવાળો એમજ બોલે કે હું સેલડી સીંચું છું; છતાં એરંડા પાણી

પીએ છે. એરંડાને ક્ષેત્રમાં જાણી જોઇને વાવ્યો છે, છતાં સીંચતા તો સેલડીનું નામ આપે, પણ એરંડાનું નામ કોઇ આપતું નથી. તેમ અહિં પણ જે ઉપદેશ દેવાય છે તે મુખ્યતાએ સાધુને ઉદ્દેશીને. હવે સાધુ એટલે કોણ? ધર્મરાજાના સૈનિકો. કયા સૈનિકો? સર્વાર્પણ કરવાવાળા સૈનિકો? દુનિયામાં સૈનિકો બનેલા છે તે કયા મુદ્દાથી? તો કહે છે કે સંવર તપશ્ચર્યાના મુદ્દાથી. તપસ્યા તપસ્યાના માટે છે. જગતમાં જેમ ચુલો સળગાઇએ છીએ તે શા માટે? રસોઇ માટે. રસોઇ શા માટે? ક્ષુધા માટે. કારણકે તેથી શાંતી અને છેવટે શાંતી તે શાંતી માટેજ હોય છે. તેથી બીજા કશા માટે શાંતી હોતી નથી, કારણ કે ત્યાં ધ્યેય પુરૂં થાય છે. તેમ અહિં પણ શ્રમણપણું છે તે શાને માટે? ધર્મરાજાના સૈનિક બન્યા તેથી. શ્રમણ થયા અને તે શ્રમણપણું પણ શ્રમણપણા માટેજ છે. હવે મોક્ષ એ ધ્યેય ખરૂંને?, ધ્યેયમાં મોક્ષ છે,· છતાં શ્રમણપણું શ્રમણપણા માટે શા માટે કહો છો?, મોક્ષ માટે કહોને?; સમાધાન આપતાં જણાવે છે કે, જ્યાં સુધી અધુરૂં શ્રમણપણું છે ત્યાં સુધી મોક્ષ માટે તે કહેવાય, પણ જ્યાં મોક્ષપણું થાય ત્યાં તે શ્રમણપણું શ્રમણપણા માટેજ છે. ઉત્તમ શ્રમણપણામાં ભય કે મોક્ષની ચાહના હોતી નથી. આટલ વિચારીએ કે કેવલજ્ઞાની થાય તેને મોક્ષ મેળવવાનો વિચાર થાય ખરો?, ના; કારણ ત્યાં સવિકલ્પ દશાજ નથી. અયોગી કે જે મોક્ષ પામવાનો છે, તે અયોગીપણું તે શાને માટે?; તો તે અયોગીપણાજ માટે છે. તેવીજ રીતે ઉચ્ચ કોટીનું શ્રમણપણું તે શ્રમણપણા માટેજ છે. આથીજ ધર્મરાજાના સૈનિકો શ્રમણપણું જે આદરે છે તે શ્રમણપણા માટેજ આદરે છે. તેમને નથી લગવાડ એટલે સ્ત્રી, કુટુંબ, કાયા, ધન, માલ, મિલ્કત વિગેરે લક્ષ્યમાં નથી. આથી તે શ્રમણ દશા શ્રમણ દશા માટે છે. તેથી સંબોધનમાં હે શ્રમણ ભગવંતો! એમ કહે છે. હવે મોક્ષ એ શ્રમણ દશાવાળો નથી, અને તે મોક્ષમાં શ્રમણ દશા કયાં છે?, કારણ કે મોક્ષ એ સાધ્ય છે, અને મોક્ષ પ્રાપ્તિ અવસરે મોક્ષની ઇચ્છા નથી; તેથી શ્રમણપણું શ્રમણપણા માટે છે.

## કારણની પ્રાધાન્યતા.

હવે તેના સાધનો મેળવો એટલે તે આપો આપ થાય. ઇચ્છા હોય કે ન હોય, તો પણ કારણો મળવાથી કાર્યની સિદ્ધિ થાય છે. '**कार्यं हि कारणायत्तं**' એમ નીતિકારો પણ કહે છે. એટલે ઇચ્છા હોય પણ જો કારણો ન મળે તો તે કાર્ય સિદ્ધિ થતી નથી. નૈયાયિકો ઇચ્છાને પ્રધાન માને છે, ત્યારે જૈન શાસ્ત્રકારો કારણની પ્રધાનતા જણાવે છે. ઉત્તમ કાર્યને માટે કદાચ ઇચ્છા થાય તે સ્વાભાવિક છે, પણ દુઃખ કરવાની ઇચ્છા થયા વિના દુઃખનું કાર્ય થયું કયાંથી? **चिकिर्षा** એટલે કરવાની ઇચ્છાએ કાર્યની સિદ્ધિ થાય છે, છતાં દુઃખ વિગેરે શાથી થયાં?; કહો કે ઇચ્છા ન પણ હોય અને જો કારણો મલી જાય તો કાર્ય સિદ્ધ થાયજ છે.

દુઃખના કારણો મેળવ્યાં, પછી તેની ઇચ્છા ન પણ હોય તો પણ દુઃખ આવી પડે છે. તેવીજ રીતે ઉત્તમ કાર્યોને અંગે વિચારીએ તો ઇચ્છા છે ત્યાં સુધી કાર્યસિદ્ધિ દૂર અને

ઇચ્છા જાય એટલે કાર્યસિદ્ધિ નજીક થાય, આ સ્થળે પણ કારણની પ્રધાન્યા છે.

## મોક્ષાભિલાષિઓ.

મોક્ષની ઇચ્છા કયાંથી ? પ્રથમ ગુણઠાણેથી. હવે પ્રથમ ગુણઠાણું તો મિથ્યાત્વનું છે, તેમાં મોક્ષની ઇચ્છા કયાંથી ? કદાચ ચોથે સમકિતી થાય અને ત્યાં ઇચ્છા થાય, અને ત્યાંજ મોક્ષનું બીપણ ગણાય, પણ પ્રથમ ગુણઠાણે મોક્ષની ઇચ્છા કયાંથી ?, પણ જરા વિચાર કરો તો મોક્ષની ઇચ્છાના બે પ્રકારો છે. મોક્ષના પ્રથમ પ્રકારમાં મોક્ષ જોઇએ, અને બીજા પ્રકારમાં મોક્ષ પણ જોઇએ. જે નવતત્વોને જાણતો નથી, હેય-જ્ઞેયાદિનો વિભાગ જાણી શકયો નથી, છતાં મોક્ષ માત્ર સાંભળ્યો છે; અને તેને મેળવવા ઇચ્છા પણ કરે તેવો પ્રથમ ગુણઠાણાવાળો એક પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રાખે છે. કારણકે તે જીવ **મોક્ષ જોઇએ, મોક્ષ જોઇએ** એમ માંગે છે. હવે બીજે સ્થાને એટલે બીજા પ્રકારમાં પૈસાની માંગણી કરે, નિરોગીપણાની માંગણી કરે, અને મોક્ષની માગણી કરે; ત્યારે તેને **મોક્ષ પણ જોઇએ.** આથી મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો જે હોય તેને એક પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે. જેને અંત મુહૂર્ત માત્ર સમ્યક્ત્વ સ્પર્શ્યું છે, તેને અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે છે. આ સમકિતનો મોટો લાભ કહેવાય, અને જેમાં મોક્ષની ઇચ્છા થાય તે નાનું સમકિત અર્થાત્ રામકિતનો નાનો લાભ કહેવાય. જેને સંસાર વધારે બાકી હોય, તેને મોક્ષ મેળવવાની ઇચ્છા થાયજ નહીં. ત્યાં મોક્ષમાં સ્ત્રી નથી, કુટુંબ, ઘરબાર, ખાવા-પીવાની ઝવડ નથી; તેવા સ્થાનમાં જઇને કરવું શું ? એવા વિચારવાળા-જીવોને તો એક પુદ્ગલ પરાવર્તથી વધારે સંસારમાં રહેવાનું છે. જેને મોક્ષની ઇચ્છા થઇ છે. તેને તો એક પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી છે એમ સમજવું, અને તે બધા મિથ્યાત્વી હોવા છતાં માર્ગપતિત, માર્ગાભિમુખ, માર્ગસન્મુખ-સમ્યક્ત્વ પતિત વિગેરે બધા તેમાં ગણાય છે.

## વીસ સ્થાનકમાં મોક્ષપદ કેમ નહિ ?

આથી મોક્ષની ઇચ્છા પ્રથમ ગુણઠાણાથી લેઇ છસમા ગુણસ્થાનકની અંતિમ અવસ્થાએ જાઓ, અને ક્ષીણ મોહ ન થાય ત્યાં સુધી મોક્ષ નહિ. ૧૨-૧૩-૧૪. મે ગુણસ્થાને જાય ત્યાં મોક્ષની ઇચ્છા બંધજ થાય, ત્યારેજ મોક્ષ મળે છે. આથી તેની ઇચ્છા પણ ન કરવીને ? એક વાત ધ્યાનમાં રાખવી કે મોક્ષ મલે કયારે ?, તેના કારણો મલે ત્યારે તેના કારણો મેળવવા માટે ઇચ્છાની જરૂર. અને કારણો મળ્યા પછી તો આપોઆપ કાર્યની સિદ્ધિ કરી આપશે. આથી મુળ મુદ્દો આપણો શો ? કે શ્રમણપણું શ્રમણપણા માટેજ છે. તેમ તપસ્વીપણું તે તપસ્વીપણા માટેજ છે. આ વાત ધ્યાનમાં લેશો, ત્યારે વીસસ્થાનકમાં મોક્ષપદ કેટલામું છે ? અરિહંત સિદ્ધ આદિ સાધન ભૂતપદો રાખ્યા છે, પણ મોક્ષ કેમ નહિ ? કદાચ કહેશો કે સિદ્ધ નામનું પદ રાખ્યું છે. તેમાં તો સિદ્ધપદ લીધું ખરૂં પણ તેમાં સિદ્ધ થાય તેની આરાધના લીધી, પરંતુ સિદ્ધનું સિદ્ધપણું એવું પદ લીધું નથી. મોક્ષ એ સાધ્ય છે, છતાં તેની નવકારવાળી કોઈ ગણતું નથી. વીસ-સ્થાનક તે સાધન છે, પણ સાધ્ય તો મોક્ષજ છે. છતાં તેનું પદ કેમ

નહિ ?, એટલાજ માટે કે વીસ સ્થાનકની આરાધના તે વીશ સ્થાનક માટેજ છે, અન્ય માટે નહી.

## શ્રમણપણાની યથાર્થતા.

અન્ય માટે કેમ નહિ ? ચોત્રીશ અતિશયવાળા વાણીના પાંત્રીસ ગુણવાળા અને દેવ દેવેંદ્રો જ્યાં સ્તુતિ કરે તેવું અરિહંતપણું વિગેરે વીશસ્થાનકથી મળે છે. હવે કોઇ કહે કે ગમે તેની આરાધના કરીએ પરંતુ તીર્થંકર પદ માટે આરાધના નહિ. કારણ કે અતિશયો ભોગવવા માટે આરાધના નથી, એવા પરિણામ થઈ જાય તો નિયાણું બાંધે છે, અને તીર્થંકર પદ પ્રાપ્ત ન કરી શકે. હવે તપસ્વીઓ તપસ્યા કરે છે, તે તપસ્યા માટેજ કરે છે, બીજા ધ્યેય માટે નહિ. તે તપસ્યા કયાં સુધી ? ફરજ બજાવવાની જીંદગી સુધી. આ શ્રમણપણું તે અમુક મુદતનું નથી. અથવા બીજાઓની જેમ બાર વર્ષ પાળીને પાછા ગૃહ સંસારમાં ચાલ્યા જાય, એવું શ્રમણપણું નથી. આયુષ્ય સુધી શ્રમણતા રહેવાની હોવાથી શ્રમણાયુષ્યમાન્ એમ બન્ને પદો ભેગા કરી સંબોધન વપરાયું છે. અને તેથી કમળને અંગે દ્રષ્ટાન્ત જે કહેવું હતું તે કહી દીધું, પરંતુ હવે આકાંક્ષા ઉભી કરવા શ્રમણાયુષ્યમાન્ એમ બોલ્યા છે.

## ઉપનયની સાર્થકતા.

હજી ઉપનય કહેવાનું બાકી છે. હે શ્રમણો ! હે આયુષ્યમન્તો ! આથી દ્રષ્ટાન્તનો ઉપસંહાર થયો, પણ કથનનો ઉપસંહાર નથી. તેમાં નવી જીજ્ઞાસા ઉભી કરવી છે કે મેં જે દ્રષ્ટાન્ત કહ્યું તે મગજમાં ગોખી રાખવાનું નથી. ઉપમા ગોખી રાખવાવાળાની જેવી સ્થિતિ થાય તેવી દ્રષ્ટાન્ત ગોખી રાખવાવાળાની સ્થિતિ થાય. જુઓ ગઇકાલે અનુકરણમાં કહેલી વાતને ફરી યાદ કરો. જુઓ બાવાઓની જમાતમાં પેલો અંધો હતો. તેમાં બધાને ભોજન માટે આમંત્રણ મળ્યું, પેલા અંધાને છોડી બધા બાવાઓ જમવા ગયા, અને તેના માટે જમણ લાવવાની વાત રાખી. અહીં પેલા અંધાને તર્ક વિતર્ક થયો, કે શું બાધુ હશે ?, અંધો પુછે છે કે શું બવરાવ્યું ? તો બાનારા કહે છે કે, દુધપાક હવે જન્મથી અંધ છે. તેથી પુછે છે કે દુધ કેવું હોય ?, બગલાની પાંખ જેવું. હવે પુછે છે કે પાંખ કેવી ?, હથેલી જેવી પહોળી હોય.

અરે એવા ગલેમે ગયા કેવી રીતે ? તો કહે છે કે, અહીં પાંખના આકારની જરૂર નહિં છે કિન્તુ પાંખકા રંગ સમજના. હવે રંગની ખબર અંધાને કેમ પડે ? અંધો કહે તોબાહ ! તોબાહ ! ગળા ફટ જાના ચાહીએ. અહિં અંધાએ ફક્ત બગલાનો આકાર પકડી રાખ્યો પણ તેનો જે સફેદ રંગ અને તેના જેવા રંગનું ત્યાં સુધી તે પહોંચ્યોજ નહિં. અને તેથી દુધપાકથી પણ અંધ બાવો ભડકતો થયો. તેમ અહિં દાર્ષ્ટાન્તિક અર્થને જાણે નહિ અને એકલા દ્રષ્ટાન્તને પકડી રાખે તો વળે શું ? જૈન શાસ્ત્રોમાં બીજું સૂત્ર સૂયગડાંગ છે. તેમાંય પાછી વાતો કેવી ?, તો કહે છે કે વાવડી કમળ અને તેમાં માણસો ખૂંચ્યા; આવી વિચારણા કોને આવે ? કે જે પેલા અંધા જેવા શ્રોતા હોય તેને. આ સૂત્ર માટે તો ભોગ વહેવાય. અને પછી ભણાય, એવી ઉત્કૃષ્ટતા હોવા છતાં વાતોમાં કંઈ કમ નથી, અર્થાત

એકલું દૃષ્ટાન્ત ધ્યાનમાં લે અને ઉપનય ધ્યાનમાં ન લે તો અંગના જ્ઞાનથી તે અનભિજ્ઞ રહે આથી કહે છે કે, હે શ્રમણો મે તમોને આ દૃષ્ટાન્ત કહ્યું. પણ તેનો અર્થ કહ્યો નથી. અહિં ઉપનયથી જે અર્થ કહેવાનો છે, ત કહ્યો નથી તે કહેવાય છે.

## 'ભંતે' પદનું રહસ્ય.

અહિં જે સૂત્રમાં વાવડી કમળ પુરૂષોનું દૃષ્ટાન્ત છે, પણ તેનો ઉપનય તે જાણવો જોઇએ. જાણવાને લાયક તે ज्ञातुं योग्यम् તે ज्ञातव्यम् શ્રીમુખે ભગવાન્ પોતે જણાવે છે કે તેમાં શબ્દોને પકડો તો તમારૂં શ્રેય કરી શકશો નહિ. અહિં હજી જાણવા જેવું છે, એમ કહ્યું તેથી જીજ્ઞાસા થઇ. ત્યારે શું કહ્યું ? હે ભગવાન્, એમ કહીને એમ કહેવા માટે મંતેતિ કહ્યું તેની જગો પર भयवंति કહેવું હતું ને ? મંતેતિ શા માટે રાખ્યું ? ઐશ્વર્યાદિકને અંગે જીનેશ્વરોમાં ભગવંતપણું છે, પણ સેવા કરનારાઓને અંગે રૂપ યશને અંગે સેવા કરવાની નથી. તેથી મંતેતિ શબ્દે મુકી જણાવે છે કે ભવનો અંત કરનાર અને કલ્યાણ અને સુખને મેળવી આપનાર તેથી. भदंतः, भगवंतः એમ જણાવી કલ્યાણ સુખને કરનારા. ભવના અંતને કરનારા શાથી ? ચારે ગતીના જે દુઃખો છે, તેના અને ભવોના અંતને કરનારા છો તેથી. ભગવાનને મંતેતિ કહે છે. ધ્યાન રાખજો करोमि भंते માં હંમેશાં બોલો છો. દુઃખની ચાલમાંથી આત્માને દૂર કરનારા તેથી દુઃખના નાશક અને સંપત્તિના સાધક તેઓ છે, માટે મંત કહીએ છીએ.

## બોલવામાં વિનય.

તેથી સર્વ સાધુઓ, સાધ્વીઓ પ્રભુ મહાવીર પાસે આવી કહે છે કે-હે ભગવાન ! એ પદનો શું ? સામાન્ય રીતે જેને ગુરૂની તેત્રીસ આશાતનાનો ખ્યાલ હશે તેમાં ગુરૂ બોલાવે, અને આસન પરથી બોલે તો આશાતના લાગે છે, પણ ઉઠીને પાસે આવીને વંદન કરીને બોલે કે હે ભગવન્ શો હુકમ છે ?, હવે આવી આશાતના ગુરૂ માટે ગણી છે તો પછી તીર્થંકરો પાસે તો ઉચીતતા જાળવવી જોઇએ; નહિં તો ઘોર આશાતના થાય. માટે સર્વ સાધુ સાધ્વીઓ પ્રભુ પાસે આવી વંદન નમસ્કાર કરે છે. વચનથી સ્તુતિ અને અને કાયાથી વંદન કરે છે. વંદિતા-નમંસિતા પછી एवं वयासी.

## જ્ઞાનીપણાની શ્રમણપણા સાથે વ્યાપ્તિ.

હે શ્રમણાયુષ્મો આ સંબોધન કેવું છે તો કહે છે કે શ્રમણ ભગવંત મહાવીર મહારાજે આ વિશેષણ વાપર્યું છે. અર્થાત્ આ સાધુ સાધ્વીઓ માટેનું વિશેષણ ભગવાન્ વાપરે છે. આપે જે દૃષ્ટાન્ત કહ્યું તે જાણ્યું એમ નહિ; પરંતુ શ્રમણપણું લીધું છે તે બોટીએ મુકવાનું નથી, પણ તેને જીવન પર્યંત પાળવાનું અને રાખવાનું છે. જ્ઞાની જગતની હત્યા કરે તો તેને પાપ લાગેજ નહિ, પણ જે જ્ઞાની હોય તે જગતની હત્યા કરેજ નહિ, અને જે હત્યા કરે તે જ્ઞાની હોયજ નહિ. ઇતર દર્શનકારો માને છે કે પરમાત્મા જગતને હણે છે, પરંતુ હણે તો અજ્ઞાની ઠરે છે આકાશને કચરો ચોટે નહિ તેમ જ્ઞાનીઓ શ્રમણ વૃત્તિવાળા હોય,

તે વિનાના જ્ઞાની હોયજ નહિ. આપણે અન્ય ગૃહિ-સ્ત્રી વિગેરે લિંગે સિદ્ધ માનએ છીએ. જ્ઞાની હોય તે શ્રમણુતા વિનાનો હોય નહિં, પણ શ્રમણુતાવાળોજ હોય. આથી તમારે એકજ ભેદ માનવો કે શ્રમણ લિંગેજ સિદ્ધ– હવે જો બીજા લિંગે સિદ્ધ માનો છો તો તે વાત ઉડી જાય છે. કારણ શ્રમણ જ્ઞાનીજ હોય, અગર જ્ઞાની હોય તેજ શ્રમણુતાવાળોજ હોય એમ નક્કી કરો. હવે નિયમ નક્કી કરીએ છીએ કે જ્યાં સાધુતા ત્યાં જ્ઞાનીપણું અને જ્ઞાનીપણું ત્યાં સાધુપણુંજ છે.

## કેવળીને શ્રમણુપણું લેવું પડે છે.

હવે ગૃહિલિંગે અન્યલિંગે સિદ્ધ તે કોણ? જેને કેવળજ્ઞાન થયું, અને બે ઘડીથી વધારે આયુષ્ય હોય તે તો ત્યાગી થયા વિના રહેજ નહિં. જેમ ભરત મહારાજા કેવળજ્ઞાન પામી ગયા છે, છતાં સાધુપણું પછીથી શા માટે આરિસા ભુવનમાં લીધું? સાધુપણું શા માટે એમ કેમ પુછો છો? તે સાધુપણું સાધુપણા માટે લેવું છે. કેવળજ્ઞાન માટે સાધુપણું લેવાતું નથી. સાધુપણું તે આત્માનો ગુણ છે. અને તેથીજ ચારિત્ર મોહનીય કર્મ માનીયે છીયે, અને તેથીજ ચારિત્ર એ આત્માનો ગુણ છે. જો આત્માનો ગુણ ન હોય તો ચારીત્ર મોહનીય કર્મ હોયજ નહિં. આથી સાધુપણું તે સાધુપણા માટેજ છે. આથી કેવળજ્ઞાનીને ચારીત્ર લેવું પડે, અને તે આત્માનો ગુણ છે. પણ તે કેવલિપણા માટે ચારિત્ર લેવું પડતું નથી; પરન્તુ આત્માના ગુણ માટે છે. અન્ય લિંગે કેવલી થયા પછી બે ઘડીથી વધારે આયુષ્ય હોય તો શ્રમણપણું લેવું પડે છે, અર્થાત તેઓને બાહ્યથી વેષ લેવો પડે છે. અભ્યંતર સાધુપણું હોય તોજ કેવલજ્ઞાન થાય. હવે શ્રમણુપણું તે શ્રમણુપણાજ માટે છે, તેવી રીતે જ્ઞાન ગુણ-દર્શન ગુણ અને ચારિત્ર ગુણ પણ પોતા માટેજ હોય છે. અને તેથી કેવળજ્ઞાન થયા પછી સાધુપણુ લેવું પડે છે. તે સંબંધમાં ઉચ્ચ કોટીના સાધુઓ લેવાના છે, પરંતુ તે શિવાયના સાધુઓ તો મોક્ષ માટે સાધુપણુ પાળે છે. મોક્ષમાં રહેલા જે સાધુઓ તેમને ભાવી મોક્ષની ઇચ્છા નહિ. જ્ઞાની જ્ઞાની હોય તેજ શ્રમણ બને, અને શ્રમણ હોય તેજ જ્ઞાની બને. આથી સાધુઓ ભગવંતને સંબોધનમાં હે ભગવંત? એમ કહે તે શાથી? કે ચારીત્ર મોહનીયના ક્ષયથી આપે આ સ્થાન મેળવ્યું છે. અમારું કલ્યાણનું કારણ ભવનો અંત કરનાર આપ છો માટે હે ભગવંત! આપે દ્રષ્ટાન્તનું નિરૂપણ કર્યું પણ તેનો જે ઉપનય વાવડી કમળથી શું? દિશાઓથી આવેલા પુરૂષોથી શું? ભિક્ષુકથી શુ? વિગેરેથી શું લેવા માંગો છો તે અમો જાણતાં નથી. આપ જણાવો આવી રીતે જીજ્ઞાસા ઉભી કરી અને શ્રમણો અને શ્રમણીઓને આમંત્રણ કરી પ્રભુ મહાવીર મહારાજા કહે છે તે ઉપનય પોતે કેવી રીતે જણાવશે તે અગ્રે અધિકાર.

## ભાવને ધર્મ શી રીતે કહેવાય?—

ભાવનાધિકારે–શાસ્ત્રકાર–મહારાજા શ્રીમાન્ જીનહર્ષગુરીજી મહારાજ ભવ્યોના ઉપકારને માટે વિંશતી સ્થાનક ચરિત્રની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે **दान, शील, तप, भावभेदैः ॥** દાનને અંગે માત્ર પેટા ભેદમાં સાક્ષી જણાવી. જ્ઞાન, દાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન તે ત્રણ દાન કલ્પિત કહ્યા નથી,

પણ શાસ્ત્રકારે જણાવેલાં કહ્યાં છે. તેવીજ રીતે શીલ અને તપમાં સાક્ષીની જરૂર ન પડી, પણ ભાવ તે સાક્ષીથી સાબીત કરે છે. શા માટે? જગતમાં ભાવને ધર્મ માનવામાં વાંધો હોયજ નહિ છતાં સાક્ષી શા માટે? સાક્ષીની જરૂર કયાં? જ્યાં વાદી પ્રતિવાદીને વાંધો પડે તો સાક્ષીની જરૂર આપે. અહિં વગર વાંધે સાક્ષી શી રીતે આપો છો. શીલ તપમાં તો આપી નહિં. અહિં આપવાનું કારણ શું? કેટલાકો બાહ્ય ધર્મનેજ ધર્મ માનનારા હોય છે, ત્યારે કેટલાકો અભ્યંતર પરિણામને ધર્મ માનનારા હોય છે. પરંતુ મનના મોતીની જગતમાં કીંમત શી? વ્યવહારથી એક શેર લોઢાની કિંમત છે, પણ મનના મોતીની કિંમત શી? દાન, શીલ, તપથી ધર્મ થાય એ માનીએ છીએ, પણ મનમાં માન્યો ને ધર્મ થતો હોય તા ડગલે પગલે કરવા તૈયાર છું. અહિં દાનમાં ઉદારતા, શીલમાં ઇન્દ્રિય-મન અને આત્મા પર કબજો તપમાં કાયાને કષ્ટ પડે પરંતુ અહિં ભાવમાં તો કંઇ નથી. સંસાર ખરાબ છે, મોક્ષ સારો છે; આવા મનના વિચારો જે કરે તેનેજ પુછીએ છીએ કે મનમાં પાંચ વાર પરણ્યો અને છોકરાઓ મરી ગયા તો જવાબમાં કંઇ નહિ. દાન, શીલ તપ કરે તેમાં તો ધર્મ છે, પણ ભાવની બાબતમાં ધર્મ શી રીતે કહેવાય તે બીજાની ચોખવટ કરે છે તે ધ્યાન રાખો.

**ભાવધર્મની ચોખવટ.**

દાનમાં પણ ધર્મ કયારે? જો મનમાં સારા પરિણામમાં હોય તો. રંડીબાજીવાળો રંડીબાજીમાં હજારો ખર્ચે તે મમતા છોડી ત્યારે ને?, જુગારીઓ દાવમાં મુકે છે તે મમતા છોડી ત્યારે ને?; તમે કહો છો કે સાધુને=ભીખારીને આપે તોયે તે મમતા છોડે. મમતા બન્નેમાં છુટે છે. છતાં ધર્મ બરો કે નહિ? તો પરિણામ જુદા છે. મમતા છોડવા જતાં ધર્મ નથી; કારણ કે મનના તો પરિણામ ખરાબ છે. તમે દાનાદિ સુપાત્રે આપતાં પરિણામ સારા છે, તેથી તે ધર્મ કહેવાય. જેમ ચોરી કરનાર બપોરના ઘરમાં પેસી જાય ને રાત સુધી રહે. તે વખતે પોતાના શરીર પર કબજો કેવો મેળવે છે? છતાં તેમાં કલ્યાણ ખરૂં ને? તો કહો છો કે ના, કારણ કે ત્યાં દાનત બુરી છે. શરીર-ઇન્દ્રિય પર કબજો જરૂર, પણ દાનત ખરાબ છે. કબજો મેળવનાર પણ જો પવિત્ર બુદ્ધિવાળો હોય તોજ તે ધર્મ કહેવાય. નાટકીયો નાટક ભજવે, દોરડાપર પગ મુકે ત્યાં શરીર પર કબજો રાખે છે પણ તે પૈસા લેવા માટે. પરિણામ ખરાબ છે. તેથી તે ધર્મ નહિ. મમત્વને બગાડનાર પરિણામ છે. ચોરને ભૂખે મરવાનું હોય છે ત્યાં કબજો મેળવે છે. પણ તેના પરિણામ કે દાનત ખરાબ હોય છે, તેથી તેને ધર્મ કહી શકાતો નથી. કહો કે દાનત બુરી હોવાથી, કષ્ટ સહન કરવા છતાં પાપ બંધાય છે. મમતા ભાન છોડીને રંડીબાજીમાં હજારો ખર્ચ્યા છતાં પાપ બંધાયું. કબજો રાખતાં દુઃખ સહેતાં પણ પાપ બંધાયું. કારણ ખરાબ પરિણામ? **કહાય તો મમત્વભાવ છોડો, શરીર-ઇન્દ્રિય પર કબજો મેળવો અને દુઃખને સહન કરનારાઓ થાઓ પરંતુ સંસારથી પાર ઉતરવું. એવી ભાવના આવે તોજ ધર્મ સાચો ભાવ સ્વરૂપ છે,** અને તે માટે સાક્ષી જણાવે છે. દાન, શીલ,

તપ ને કોઇપણ હોય પણ તે પરિણામ ઉપર આધાર રાખે છે. હવે કિંમત રાંધેલા ચોખાની છે કે મીઠાની ? રાંધેલા ચોખાની કિંમત છે, છતાં મીઠા વગર ચોખામાં મીઠાશ નથી. મીઠા વગરના ચોખામાં સ્વાદ હોતો નથી. તેમ અહિં જ્ઞાન-શીલ-તપમાં જો ભાવ ન હોય તો ખરેખર ફળ મેળવી શકાય નહી. માટે ભાવને ધર્મ ગણ્યો, તેમાં કોઇ જાતની અડચણ નથી. અહિં ચાર ભેદમાં તપનો વિસ્તાર છે. તેના વીસ સ્થાનકો જણાવતાં તેની સાથે ભાવનો સંબંધ અને તેનીજ ઉત્તમતા દેખાડશે તે અગ્રે વર્તમાન.


## સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી બોધતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ,
કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.


(અનુસંધાન ટાઇટલ ૩ થી ચાલુ)

પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના વરદહસ્તે સુરત-નવાપુરામાં બે નવીન દીક્ષાઓ થઈ અને તે બંન્નેના નન્દનસાગર-નરેન્દ્રસાગર નામ રાખીને પં. દેવેન્દ્રસાગરજીના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા. અને સુરત-ગોપીપુરામાં સાત સાધ્વીઓની વડી દીક્ષા પણ થઇ હતી. આ બંન્ને પ્રસંગોમાં ગામ-પરગામના શ્રાવક-શ્રાવિકાઓએ સારો લાભ લઇ શાસન પ્રભાવનામાં વૃદ્ધિ કરી છે.

શીરપુર-પશ્ચિમ ખાનદેશ મુકામે પૂ. પં. પ્રવરશ્રી ચંદ્રસાગરજી આદિ ઠા-૭ સાથે ચાતુર્માસ નક્કી થયું, અને તેઓશ્રીનો વિહાર થયે તુરત અગવડભર્યા પ્રદેશોની મુશ્કેલી નિવારણાર્થે વ્યારાથી શીરપુર સંઘના માણસો સાથે રહ્યા. વ્યારાથી શીરપુર ૯૦ માઈલના વિહારમાં આવતાં નંદુરબાર અને દોંડાઇચા ગામના શ્રી સંઘે મુનિ સમાગમનો સુંદર લાભ લીધો. ચાલુ વર્ષના જેઠ વદ ૩ ના રોજ શાસનપ્રભાવના વધે તેવું અભૂતપૂર્વ સ્વાગત સામૈયું શ્રી સંઘે કર્યું. અશાડ સુદ ૧૩ ના રોજ શ્રી ભગવતી સૂત્ર અને શ્રી ધન્યચરિત્ર વાંચવાનું હોવાથી અશાડ સુદ ૧૨ ના રોજ રાત્રિ જાગરણ. અશાડ સુદ ૧૩ ના સવારમાં શ્રીભગવતી સૂત્ર નિમિત્તે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો. બપોરે પૂજા-આંગી ભાવના પ્રભાવના-સ્વામીવાત્સલ્યાદિ કાર્યો સારા પ્રમાણમાં થયાં. ચાલીશ ઘરની વસ્તીવાળા ગામમાં વ્યાખ્યાનમાં અને પ્રતિક્રમણમાં સાઠ ઉપરાંત પુરૂષોની સંખ્યા ચાલુ રહે છે; અને સ્ત્રીઓ-છોકરીઓની સંખ્યા જુદી હોય છે. ભક્તિ-વિનય-બહુમાનમાં ખાનદેશમાં આ ક્ષેત્ર ઘણુંજ પ્રશંસનીય છે. મુશ્કેલીના સંયોગોમાં પણ શ્રી સંઘની ભક્તિ ઘણીજ અનિર્વચનીય છે. પૂર્વ ખાનદેશ અને પશ્ચિમ ખાનદેશના ગામોનાં શ્રી સંઘો સાધુઓના દર્શન-ભક્તિ આદિના ભુખ્યા છે માટે શ્રમણસંઘે તે વાત ધ્યાનમાં લેવા જેવી છે.

**તા. ક:**—ઉદયપુર સ્ટેટના આકર્ષક જાહેરનામા પ્રતિ વિરોધસૂચક સમાચારાદિ આવતા અંકમાં પ્રગટ થશે.

# —શ્રી પ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ—

૧. **પ્રશ્નોત્તરકારઃ**—નિર્ગ્રન્થ પ્રવચન-પિયૂષવર્ષિ-નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

૨. **પ્રશ્નોત્તર-અવતરણકારઃ**—પૂ. ગીતાર્થ સાર્વભૌમ-આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વર**ના પરમવિનેય-વૈયાકરણકેસરિ-શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પૂ. પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણીન્દ્ર**ના અદ્વિતીય-પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ.**

૩. **પ્રશ્નોત્તર સામગ્રી સંચયકારઃ**—**પૂ. પંન્યાસપ્રવરશ્રીજી**ના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિવર્ય**ના પરમવિનેય **મુનિશ્રી દોલતસાગરજી.**

## વ્રત સંબન્ધિ અતિચાર વિષયક-પ્રશ્નોત્તર.

પ્રશ્ન-૧૮. પૃ-૧૮, પં-૨, **ननु प्राणातिपात एव व्रतिना इति०**

શ્રાવક પહેલા વ્રતમાં પ્રાણાતિપાતનું જ પચ્ચક્ખાણ કરે છે તો વધ બન્ધન આદિ કરવામાં દોષ નથી, કારણ કે લીધેલા વ્રતનું અખંડપણું છે. જો વધ બન્ધાદિકનું પણ પચ્ચક્ખાણ કર્યું હોય તો તે તે વધ બંધનાદિ કરવામાં વ્રત ભંગજ થાય છે અને તે પ્રમાણે વધ બંધનાદિના પચ્ચક્ખાણ કરવામાં કહેલા વ્રતની મર્યાદા તુટે છે. દરેક વ્રતના પાંચ પાંચ અતિચારો મેલવતાં બાર વ્રતો રહી શકતા નથી. આ ઉપરથી વધ બંધનને અતિચારપણું ઘટી શકતું નથી એ અહીં શંકા કરે છે.

ઉત્તર-૧૮. તમારી વાત ઠીક છે, કારણ કે પ્રાણાતિપાતનું જ પચ્ચક્ખાણ કર્યું નથી. છતાં વ્રતના પચ્ચક્ખાણમાં અર્થથી અતિચારોનું પણ પચ્ચક્ખાણ જાણી લેવું. વ્રતોના રક્ષણમાં અતિચારોથી બચવાનો ઉપાયજ કારણભૂત છે. વધ બંધાદિકરણમાં વ્રત ભંગજ નથી પરન્તુ અતિચારજ છે. કારણ કે વ્રત અંતર્વૃત્તિથી ને બહિરવૃત્તિથી એમ બે પ્રકારે હોય છે. તેમાં હું મારૂં=હણું એવા સંકલ્પથી રહિત વ્રતધારી જ્યારે ક્રોધાદિકના આવેશથી બીજાના પ્રાણના નાશની ગણના કર્યા વગર વધ બંધાદિમાં પ્રવૃત્તિ કરે ને પ્રાણનો ઘાત ન થાય એટલે જીવ મરી ન જાય છતાં દયા રહિતપણું આવ્યું એટલે પોતાને લીધેલા વ્રતની અપેક્ષા રહિત વર્તેલો હોવાથી અંતર્વૃત્યાએ વ્રત ભાંગ્યું પરંતુ જીવ મરેલો નહિ હોવાથી બહિર્વૃત્તિથી વ્રતનું પાલન થયું. આ રીતે એક દેશથી વ્રત ભાગ્યું ને એક દેશથી વ્રત પાળ્યું તેથી અતિચાર કહેવાય છે.

**तदुक्तं न मारयामि.** લખ્યું છે કે હું તમારૂં એવા પ્રકારની વિરતિવાલાને આ વ્રતમાં જીવનું મૃત્યુ થયા વગરજ અતિચાર શાનો ? પરન્તુ જે ક્રોધાદિકથી વધબન્ધનાદિ કરનારો તે પોતાના વ્રતમાં નિરપેક્ષ કહેવાય છે. જોકે તે વ્રતધારીની પ્રવૃત્તિમાં પરપ્રાણીનાં મૃત્યુનો અભાવ છે, એટલે બહિર્વૃતિથી વ્રતનું પાલન થયું; પરન્તુ કષાય આદિના પરિણામે નિર્દયપણાવડે અંતર્વૃત્તિથી વ્રતનું ખંડન થયું. એટલે દેશથી વ્રતનું ખંડન ને દેશથી વ્રતનું પાલન જે વ્રતને વિષે હોય તેને પૂજ્ય પુરૂષો અતિચાર કહે છે. કારણકે વિશુદ્ધ-હિંસાદિ વિરતિની પ્રાપ્તિમાં વધબન્ધાદિકનો અભાવજ હોય છે, માટેજ અનાઉપયોગે થતાં વધબન્ધાદિકને અતિચારોજ કહેવાય છે. જોકે અહિં વધબન્ધાદિકને પાંચ અતિચારો કહ્યા છે તેવી રીતે દરેક વ્રતમાં કહ્યા છે, છતાં અહીં પ્રથમ વ્રતમાં ઉપલક્ષણથી મંત્ર તંત્ર પ્રયોગ આદિ બીજા પણ આવી રીતે ઘટતા હોયતો તે બધાને અતિચાર પણે સમજવા જરૂરી છે.

પ્રશ્ન-૧૯. પૃ.-૧૯, પં.-૧૯, **अथद्विपदचतुष्पदा-पदः**જે બીજા વ્રતમાં કન્યાલીક, ગવાલીક, ભૂમ્યાલીક, નામના પ્રથમ ત્રણ અતિચાર લખ્યા અને સ્પષ્ટીકરણ કરતાં લખ્યું કેઃ—**इदम् सर्वं कुमारादि द्विपद विषयालीकोपलक्षणं** એટલે સર્વ કુમાર વિગેરે બે પગવાલા સંબન્ધનું જુઠ બોલવાનો નિષેધ સમજવું. જ્યારે આ પ્રમાણે ઉપલક્ષણથી લેવું એના કરતાં બે

પગવાલા સંબન્ધનું જુઠનો નિષેધ ચાર પગવાલા સંબન્ધનું જુઠનો નિષેધ એમે બે-ચાર પદ સંબન્ધનું જુઠું બોલવાના નિષેધ એમ શા માટે લખ્યું નહિ ?

ઉત્તર-૧૯. કન્યા ગૌ વિગેરે સંબન્ધનું જુઠું દુનિયામાં અતિનિંદાની પણે રૂઢ હોવાથી અર્થાત્ જૈનેતરો પણ કન્યાદાન ગૌદાન વિગેરેમાં ધર્મ માને છે અને તે ધર્મના કારણભૂત કન્યા ગૌ ને ગણી ને તે સંબન્ધનું જુઠું ન બોલવું એ પ્રમાણે રૂઢ હોવાથી કન્યાલીક વિગેરે લખ્યું પણ દ્વિપદ વિગેરે ન લખ્યું.

પ્રશ્ન-૨૦. પૃ.-૨૦, પં.-૬, **नन्वाद्ययोर इत्यादिना।**

વગર વિચારે અસદ્દોષનું આરોપણ કર્યું અને ગુપ્ત મંત્રણા કરનાર દેખીને કહે કે-આ આવી આવી વિરૂદ્ધાદિક મંત્રણા કરે છે. તે બીજા વ્રતના બન્ને અતિચારોમાં પરસ્પર કોઈ તફાવત દેખાતો નથી, કારણકે બન્ને સ્થાને અસદ્ દોષનું આરોપણ સરખું છે તો પછી પરસ્પર એક સરખાપણું હોવા છતાં જુદા અતિચાર કેમ કહ્યા ?

ઉત્તર-૨૦. તમારી વાત ઠીક છે, પરન્તુ બીજા **રહસ્યા०** એ નામના અતિચારમાં જે અસદ્ દોષનું આરોપણ છે તેમાં એકાન્ત મંત્રણા (ગુપ્ત મંત્રણા) એ કારણથી ઉત્પન્ન થયેલા સંકલ્પ વિકલ્પપૂર્વકની છે. જ્યારે **सहसा०** નામની પહેલા અતિચારની પ્રવૃત્તિપૂર્વક અસદ્દોષનું આરોપણ થાય છે એજ તફાવત છે.

પ્રશ્ન-૨૧. પૃ-૨૦, પં-૭, **नन्वभ्याख्यानमसद्दोषोद्भावनरूपं इत्यादिना।**

જ્યારે અભ્યાખ્યાન એટલે અસદ્દોષનું કથન સ્વરૂપ છે અને બીજા વ્રતમાં તેનું પચ્ચખ્ખાણ થાય છે તો અભ્યાખ્યાનથી વ્રતનો ભંગજ થાય પણ અતિચાર કેમ કહેવાય ?

ઉત્તર-૨૧. ઠીક છે, પરન્તુ જ્યારે અનાભોગ-આદિ કારણોને લઈને બોલેલા વચનથી પરપ્રાણનો નાશ થાય, ત્યારે બોલનારના હૃદયમાં સંક્લિષ્ટ પરિણામ-નહિ હોવાથી ને વ્રતનું સાપેક્ષપણું હોવાથી વ્રતનો ભંગ નથી; પણ પરપ્રાણના નાશમાં તે વચન હેતુ હોવાથી ભંગ છે અને ભંગાભંગ રૂપને મહા પુરૂષો અતિચાર કહે છે. જ્યારે તીવ્ર સંકલેશ યુક્ત બીજાનું અહિત કરવાની બુદ્ધિએ જે અસદ્દોષનું આરોપણ કરે તો વ્રતનો ભંગજ થાય છે કારણ કે હેતુરૂપ વ્રતનું નિરપેક્ષપણું હોવાથી કહ્યું છે કે—

**सहसाऽभ्याख्यान-इत्यादिना।**

જાણી જોઈને જે સહસા કે રહસા અભ્યાખ્યાન કરે તો વ્રતનો ભંગજ થાય છે પરંતુ અનાભોગ આદિ કારણોને લઈને અભ્યાખ્યાન હોય તોજ અતિચાર કહેવાય છે.

---

# માનવંતા ગ્રાહકોને-

૧. ચાલુ વર્ષના પ્રથમ અંકથી નિયમિત અંકો મેળવનારે ભરેલું લવાજમ કારતક માસથી શરૂ ગણવું, અને બીજા વર્ષનું લવાજમ આવતા કારતક માસ પહેલાં ભરી દેવું.

૨. વી. પી. થયેલા અને થતા અંકો ગ્રાહકોએ છોડાવી લેવા, પરંતુ નહિ લેવાની ઇચ્છાવાળાએ અગાઉથી પોસ્ટદ્વારા સૂચના દેવી.

૩. વિહાર દરમીયાન પૂ શ્રમણ ભગવંતોને જે જે અંકો ન મળ્યા હોય તે પોસ્ટ દ્વારા જણાવવાથી નિયમિત સ્થળે અંકો મોકલી આપવામાં આવશે.

૪. ચાતુર્માસની સ્થિરતા થવાના દિવસો નક્કી થયે પૂ. શ્રમણ ભગવંતોએ તુરત વ્યવસ્થિત સરનામું જણાવવું.

૫. ધાર્મિક વાંચનનો લાભ ઓછા પ્રમાણમાં લેવાતો હોય તેવી સંસ્થાઓએ વિનંતિ પત્ર લખી મોકલવાથી ભેટ મોકલવા પ્રબંધ થશે.

૬. પ્રથમ જણાવેલ સરનામે મોકલેલ અંક પોસ્ટ થયેલ હશે તે તપાસ કરી મંગાવી લેવા, ગ્રાહક અગર ભેટ મેળવનારની ભૂલથી બીજી વખતે તે અંક નહિ મોકલાવાય.

૭. લવાજમ ભરનારે, ભેટ રકમ આપનારે, અને ગ્રાહક થનારે નીચેના સરનામે નાણાં તથા પત્રવ્યવહાર કરવો.

**૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ**
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ નં. ૩.**

**૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર**
ઠે० ચાંપલાગલી, ગોપીપુરા, **સુરત.**

લી० **તન્ત્રી.**

પ્રશ્ન-૨૨. પૃ-૨૦, પં-૧૧, **स्वदारमंत्रभेदं पुनः इत्यादिना.**

સ્વદારા મંત્ર ભેદ નામનો બીજા વ્રતનો જે ત્રીજો અતિચાર છે, તેમાં પોતાની સ્ત્રી અથવા મિત્ર વિગેરે કહેલી વાતને અનુવાદ રૂપે ફરીથી કહેવા સ્વરૂપ છે અને તે કથન તદ્દન સત્ય છે તો પછી અતિચાર કેમ ઘટે ?

ઉત્તર-૨૨. જો કે પોતાની સ્ત્રી અથવા મિત્ર વિગેરેએ વિશ્વાસથી કથન કહેલી ગુપ્ત વાત પ્રકાશમાં આવે ને તેનાથી ઉત્પન્ન થયેલી લજ્જાથી સ્ત્રી અથવા મિત્રાદિકના મરણનો સંભવ થાય તો તે વાત સત્ય હોવા છતાં અસત્ય છે પરંતું હું જુદું કયાં બોલ્યો છું એ પ્રમાણે વ્રતનું સાપેક્ષપણું હોવાથી ભંગાભંગ રૂપ અતિચાર છે.

પ્રશ્ન-૨૩. પૃ-૨૬, પં-૫, **ननु परविवाहकरणे इत्यादिना.**

ચોથા વ્રતના પરવિવાહકરણ નામના ચોથા અતિચારમાં કન્યાદાનથી થતાં ફલની ઇચ્છાને કારણ બતાવ્યું તો શું વ્રતધારી સમ્યગ્દૃષ્ટિ સમજવો કે મિથ્યાદૃષ્ટિ? જો સમ્યક્દૃષ્ટિ હોય તો તેને કન્યાદાનના ફલની ઇચ્છા હોય નહિ ને મિથ્યાદૃષ્ટિ હોય તો તેને અણુવ્રતજ હોય નહિ તો પછી પરવિવાહ કરણ તે નામનો અતિચાર ઘટેજ શી રીતે ?

ઉત્તર-૨૩. તમારી વાત ઠીક છે, પરન્તુ કેવલ અજ્ઞાન અવસ્થામાં તેવા પ્રકારની ઇચ્છાનો સંભવ છે. જેમ કોઈ ભદ્રિક મિથ્યાદૃષ્ટિને પણ ગીતાર્થો સન્માર્ગમાં પ્રવેશ કરાવવા માટે અભિગ્રહ માત્ર પણ આપે તે વખતે દેશવિરતિ ગણીને તેના અતિચારની ગણત્રી કરી છે. જેમ શ્રી આર્યસુહસ્તિ મહારાજાએ સંપ્રતિ રાજાનો જીવ પૂર્વભવમાં જે રંક છે તેને સર્વવિરતિ આપી છે તેમ અહિં પણ તે પ્રમાણે સમજવું.

પ્રશ્ન-૨૪. પૃ.-૩૩, પં.-૧૧, સાતમા ભોગોપભોગ નામના વ્રતના ભોજન સંબન્ધના અતિચારોમાં જે અપક્વ દુપક્વ ને તુચ્છોષધિરૂપને છેલ્લા ત્રણ અતિચાર જણાવ્યા, તે યથાર્થ લાગતા નથી. કારણકે જો સચિત્ત અથવા અચિત્ત હોય તો ભોજનનું નિરવદ્યપણું છે તો પછી અતિચાર શાના ?

ઉત્તર-૨૪. ઠીક છે, પરંતુ ભોજન સંબન્ધના પહેલા બે અતિચારો છે તે સચિત્ત કંદ અને ફલાદિ વિષય સંબન્ધના છે. જ્યારે છેલ્લા ત્રણ અતિચારો શાલિ ઔષધિ આદિ વિષય સંબન્ધના છે. એટલે તે અતિચારોમાં વિષયને લેઇને જુદાપણું છે

પ્રશ્ન-૨૫. પૃ.-૩૪, પં.-૨, સાતમા ભોગોપભોગ નામના વ્રતના પાંચમા તુચ્છૌષધિનામના અતિચાર સંબન્ધે તે ઔષધિઓ કોઇ તો અપક્વ હોય દુપક્વ હોય કે સમ્યક્પક્વ હોય છે. હવે જો અપક્વ દુપક્વ હોયતો ત્રીજા ચોથા (આપોલી દુપોલી નામના) અતિચારથી કહેવાઇ ગયું છે ને ફરી તુચ્છૌષધિ કહેવાથી પુનરૂક્ત દોષ લાગે છે ને સમ્યક્ પક્વ હોય તો તે તુચ્છૌષધિનુ નિરવદ્યપણું છે તો અતિચારમાં કેમ ગણવી ?

ઉત્તર-૨૫. ઠીક છે, પરંતુ જ્યારે સચિત્ત અને સચિત્ત પ્રતિબદ્ધ તેમજ અપક્વ અને દુપક્વ ચારે અતિચારોમાં સચિત્તપણું સમાન હોવા છતાં પણ ઔષધિ અને અનૌષધિ સંબન્ધનો ભેદ આગલ જણાવી ગયા છે, તેવી રીતે અહિં પણ સચિત્તપણું ને ઔષધિપણું સમાન હોવા છતાં પણ અતુચ્છત્વ તુચ્છત્વ સંબન્ધથી કરાએલો ભેદ સમજવો. કારણકે કોમલ મગની શીંગ વિગેરેને ઉપયોગ રહિતથી ખાનારને અતિચાર લાગે અથવા અત્યના પાપ ભીરૂપણા વડે સચિત્તના પચ્ચખાણવાલા શ્રાવક તૃપ્તિકારક સચિત્ત વસ્તુને અચિત્ત બનાવીને પણ વાપરે છે. કારણકે તેણે સચિત્તનોજ ત્યાગ કર્યો છે. પરન્તુ જે તૃપ્તિકારક નથી છતાં ઔષધિઓની લોલુપતાના અંગે રસનાની ખાતર તે ઔષધિઓને અચિત્ત બનાવીને ભક્ષણ કરનારને તુચ્છૌષધિ નામનો પાંચમો અતિચાર લાગે છે.

પ્રશ્ન-૨૬. પૃ-૩૫, પં.-૧૩, **नन्वङ्गारकर्मादयः इत्यादिना ॥**

અંગારકર્મ વિગેરે પંદર કર્માદાન-સંબન્ધના અતિચારો કયા વ્રતને વિષે હોય છે ? કદાચ કહો કે સાતમા વ્રત સંબન્ધના ખરકર્મવ્રતના અતિચારો છે તો વ્રત અને વ્રતના અતિચારોમાં પરસ્પર કેમ ભેદ છે ?

ઉત્તર-૨૬. વ્રતધારીએ મુખ્યવૃત્તિએ પંદર કર્માદાનનો ત્યાગ કરવો જોઇએ, અને તે વ્રતધારીને અનાભોગ આદિથી પંદર કર્માદાનમાં પ્રવૃત્તિ થઇ જાય તો તે વ્રતનો અતિચાર સમજવો અને અભિમાનથી જાણી જોઇને સેવે તો વ્રતભંગજ સમજવો.

## ચાલુ વર્ષના અંક ૯ નાં "પ્રશ્નોત્તર પિયૂષાબ્ધિ" નો સુધારો.

પૃ-૨૦૮. પંક્તિ-૪, **પૂર્ણકથીતને** બદલે **પૂર્વકથિત** વાંચવું.

,, ,, ૧૪-૧૫ **અભવ્યપણ શ્રુત સામાયિક પામે તેમાં કાંઈ હરકત નથી.** આ વાકયને બદલે **અભવ્ય પણ દ્રવ્યથી શ્રુત સામાયિક પામે તેમાં હરકત નથી, પરંતુ વિવક્ષિત શ્રાવકપણું ઘટે નહિં.**

પૃ.-૨૧૦, પંક્તિ-૫ **જેવી રીતે કેવળજ્ઞાન** છપાયેલ છે તેને બદલે **જેવી રીતે કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી પ્રાપ્ત થવાવાલું કેવળજ્ઞાન** વાંચવું.

પૃ-૨૧૦, પંક્તિ-૧૨ **વિસંયોજના** છપાયેલ છે તેને બદલે **અનંતાનુબન્ધિ** વાંચવું

પૃ.-૨૧૦, પંક્તિ-૨૮ **અસંજ્ઞપણું** છપાયેલ છે તેને બદલે **અસંજ્ઞીપણું** વાંચવું.

પૃ.-૨૧૨, પંક્તિ-૪ **ગણાવ્યા છે. જેવા** છપાયેલ છે તેને બદલે **યતઃ ज़ारिसओ०** એટલે **કેવું સ્વરૂપ? કેટલા ભેદ?, કેવી રીતે ઉત્પન્ન થાય, ત્યાં કેટલા ગુણો?, તથા કેટલા દોષો? અને તેવી રીતે જયણા, અતિચાર ભાંગા અને ભાવના આ નવદ્વારનું વર્ણન નવપદ બૃહદ્વૃત્તિ આદિ ગ્રંથોથી જાણી લેવું. અર્થાત્ તે સ્થળે ભાંગા અને અતિચાર જુદા ગણાવ્યા છે. જેવા.**

# ભકતની કસોટી.

લેખકઃ—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગર.

'भज्' ધાતુમાંથી બનેલો 'ભકત' શબ્દ, જો કે પોતાના નામ સાથે જોડતાં સૌને હર્ષ થાય છે, પણ એ શબ્દના અર્થમાં રહેલા ગામ્ભિર્યને પોતાના જીવનમાં ઊતારતાં માનવને ગ્લાનિ થાય છે! તેથી પહેલાં જે પુનિત જેવો ગણાતો 'ભકત' શબ્દ આજે ઉપહાસને પાત્ર બનતો જાય છે!

કોઇને કહો કે "આવો ભકતરાજ" તો આવનાર એ બિરૂદ સાંભળી પ્રસન્ન બનશે, ભલેને પછી તે પાપી કાં ન હોય, ભલેને પછી તેણે કોઇ દિવસ મન્દિર કે ધર્મસ્થાનનું પગથીયું પણ કાં ન જોયું હોય, તોય ભકત–રાજનું બિરૂદ તો ગમશેજ. પાપી કે અધર્મી શબ્દ પોતાના નામ સાથે જોડાતાં કદિ પણ ગમશે નહિ. આનું પરિણામ એ આવ્યું છે કે, સાચો ભકત જગતની દ્રષ્ટિથી અદ્રશ્ય રહ્યો અને કહેવાતો ભકતવર્ગ, લોકની આંખમાં કાંકરીની જેમ ખૂંચવા લાગ્યો. અન્તે કહેવાતા ભકતોના વિચિત્ર આચાર–વિચારને જોઇ, આજના યુગના યુવકો એના ભણી આંગળી ચીંધી, સાચા ભકતની પણ ઠેકડી કરવા લાગ્યા!

આવોજ બનાવ લૌકિક લોકવાર્તામાં સંભળાય છેઃ—

પૃથ્વીના કોઇ એક વિશાળ પ્રદેશ પર કોઇ એક બુદ્ધિશાળી, શ્રદ્ધાળુ રાજા રાજ્ય કરતો હતો. ન્યાય અને નીતિથી રાજ્ય કરતો તે નૃપતિ પોતાની ફર્જ માટે સદા સચેત રહેતો. સમયે સમયે પોતાને શું શું કરવું તેની સાચી

સલાહ કોઈ કોઇ સાચા ત્યાગી પાસે લેતો હતો. ત્યાગી વિના સાચી સલાહ આપે પણ કોણ ?

એક વખત રાજા પોતાના રસાલા સાથે; ઊપવન ભણી સંચરી રહ્યો છે. તેવામાં વનમાંથી નગર ભણી આવતાં કોઇ એક તેજસ્વી ત્યાગીને રાજા જુએ છે.

આ અવધૂતને જોઇ, રાજા ઘોડા પરથી ઉતરી, તેમને નમસ્કાર કરી, કાંઇક ઉપદેશ સંભળાવવા વિનંતિ કરે છે.

અવધૂતે કહ્યું:—"રાજન્! દુનિયામાં પોતાની શક્તિ અનુસાર ધર્મનો પ્રચાર કરી ધર્મિઓ વધારવા એ દરેક વ્યકિતની ફરજ છે. તેમાં પણ અધિકાર પામેલાએ તો પોતાની શુભ-નિષ્ઠાદ્વારા, તે કાર્ય અધિક રીતે કરવું એ તેનું કર્તવ્ય છે. તારા જેવા શક્તિમાન પૃથ્વી-પતિ તો એ કાર્ય સહજ રીતે કરી શકે એમ છે. માટે તારા રાજ્યમાં, ભકતોની ભકિત દિન-પ્રતિદિન વધતી જાય ને નવા ભકતો વધતા જાય તેવો ઉપાય કર."

રાજાએ વિનીત ભાવે કહ્યું—"આપ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા તૈયાર છું."

અવધૂતે કહ્યું:—"તારા રાજ્યમાં જે ભકત હોય તેનો કર-વેરો માફ કરવો."

રાજાએ તે વાત સ્વીકારી અને અવધૂતની રજા લીધી.

બીજે દિવસે ગામમાં તપાસ કરતાં જણાયું તો આખા ગામમાં સાચો ભકત તો એકજ છે, રાજાએ તેનો કર-વેરો માફ કર્યો. અને 'જે ભકત બનશે તેનો કર-વેરો માફ કરવામાં આવશે.' એવો ઢંઢેરો પીટાવ્યો.

આ ઢંઢેરો સાંભળી હજારો ખૂશ થયા. બધાને એકજ વિચાર આવ્યો-'ચાલો ભકત બની જઇએ.' દર વર્ષે હજારોનો આપવો પડતો કર-વેરો મટી જાય, પૈસા બચે અને આબરૂ વધે ! વ્હા ! કેવો મઝાનો રાજાનો ઢંઢેરો !

રોજ-બરોજ ભકતો વધવા લાગ્યા. મન્દિર ભણી લોકોનાં ટોળે ટોળાં જવા લાગ્યાં-જાણે ગળપણના ડાભડા પ્રતિ કીડીયારૂં !

લાંબી ચોટી, કપાળમાં ટીલાં, ડોકમાં માળા, લાંબી જનોઇ, હાથમાં ગૌમુખી—આ બધી હતી મન્દિર આગળ હડીયા હડી કરતા ભકતોની નિશાની ! જ્યાં જુઓ ત્યાં ભકત, ભકત ને ભકત !

પાંચ વર્ષ પછી ફરી પેલો અવધૂત મળ્યો. રાજાને સંપત્તિ-હીન, ચિન્તા મગ્ન, અને નિર્ધન બનેલો જોઇ, અવધૂતે પૂછયું:—'રાજન ! આમ ઉદાસ કાં ? આપની કરોડી સ્થિતિ કેમ થઇ ગઇ ?"

"દેવ ! આપની આજ્ઞા પ્રમાણે ભકતોનો કરવેરો બન્ધ કર્યો. આજે ગામમાં ભકત વગરનું કોઇ નથી. તેથી કર-વેરો આપનાર પણ કોઇ નથી." આમ નમ્રતાથી કહી, અવધૂતને ઝરૂખામાં લઇ ગયો. અને લાંબા લાંબા ટીલાં ટપકાં કાઢી આમ તેમ હડીયા હડી કરતાં ભકતોને બતાવ્યા.

અવધૂત સમજી ગયો કે, બકરૂં કાઢતાં ઊંટ પેઠું. જરા હિમત કરી કહ્યું "રાજન્!

આવતી કાલે ઢંઢેરો પીટાવી કહેવડાવ કે જે ભકત હોય તે કૃપા કરી પધારે અને રાજય મહેલ પાવન કરે."

બીજે દિવસે આ ઢંઢેરો સાંભળી, ભકતો વિચારવા લાગ્યા-ઠીક, રાજાના ગુરૂ પધાર્યા છે! ખૂબ માલ મલીદો ઉડશે! ખૂબ પ્રસાદ વ્હેંચાશે! આપણે રાંધવાની પીડા મટી જશે! ચાલો, માલમસાલો ઉડાવવાની મઝા આવશે!

ચોટીઓ ફફડાવતાં, લાંબા લાંબા ટીલાં કાઢી, આવતાં ભકતોએ જોત જોતામાં આખું રાજમહેલ ભરી દીધું. અને થવા લાગી ભકતોની ધસાધસી!

અવધૂતની સૂચના પ્રમાણે મુખ્ય દ્વાર આગળ આવી રાજાએ કહ્યું:—"મારા ગુરૂ યાત્રા કરી ગઇ કાલે પધાર્યા છે. તેમને ભકત તેલની આવશ્યકતા છે. ભકતને ઘાણીમાં ઘાલી તેલ કાઢવાનું છે માટે જે ભકત હોય તે આગળ આવી જાય."

આ ભયંકર કસોટી સાંભળી, ભયભીત બનેલા ભકતો ભાગવા લાગ્યા, પણ જાય કયાં? ચારે બાજુ સંત્રી પહેરો કયારનોય ગોઠવાઈ ગયો હતો.

અંદરના ભકતો ટીલાં ટપલાં લૂંછી, માળા કંઠી તોડી જ્યાં ત્યાં ફગવવા લાગ્યા.

દ્વાર આગળ ઉભેલા રાજાએ અને અવધૂતે એક પછી-એકને જુહાર કાઢી પૂછવા માંડયું. "તું ભકત છે?"

જૂજતા જૂજતા ભકતો ઉત્તર આપવા લાગ્યા:—"નામદાર! ના, ના; હું ભકત નથી. હું તો ભૂલથી અહિં આવી ચઢયો." કોઇ કહે "હું તો ઊંઘતો હતો પણ મારો ભાઇ મને તાણી લાવ્યો. હું ભકત નથી." આમ જે તે ઉત્તર આપી, પગે પડી, છૂટીને છૂટકારાનો દમ ખેંચવા લાગ્યા.

અન્તે એક ખરો ભકત આવ્યો. એણે કહ્યું:—"આપ ખૂશીથી મારા શરીરનો ભોગ લઇ શકો છે. હું કોઇના ઉપયોગમાં આવતો હોઉં તો ઘાણીમાં તો શું પણ કહો તે રીતે મરવા તૈયાર છું. અરે, પ્રસન્ન મુખે મારૂં શરીર અને મારૂં સર્વસ્વ આપવા તત્પર છું. જો ઉપકાર થતો હોય તો."

આ માણસની નીખાલસ વાણી સાંભળી, અવધૂતે કહ્યું:—'આ ખરો ભકત છે. બીજા બધા ઢોંગી છે.' સૌની પાસેથી પાંચ વર્ષનો ચડેલો કર-વેરો ઉઘરાવો, અને યોગ્ય રીતે વસૂલ કરો,

વાંચક! આ દ્રષ્ટાન્તથી સમજી શકશો કે, આ દ્રષ્ટાન્તમાં આખું ગામ ભકત બની ગયું, પણ પરીક્ષામાં એકજ જણ ઉત્તીર્ણ થયો. તેમ આજે પણ ભકત અને ભકત જેવી બીજી અનેક બિરૂદાવલિ ધારણ કરી છે; પણ એ બિરૂદાવલિની કસોટી થાય ત્યારે આ ભકતોની જેમ-પોલી દલીલોની શ્રેણી ગોઠવે. જેમાં માલ કાંઇ ન હોય. અને અન્તે લોકમાં ઉપહાસને પાત્ર બને.

# ॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

(ગતાંકથી ચાલુ)

## પ્રથમ અણુવ્રત સ્વરૂપ.

પ્રથમ અણુવ્રતનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે. સ્થૂલ પ્રાણીઓના પ્રાણના વધની વિરતિ બે પ્રકારે છે, કારણ કે વધ બે પ્રકારે છે- એક સંકલ્પથી=મારવાનો સંકલ્પથી અને બીજો આરંભથી=ખેતી, મકાન વિગેરેના પાયા ખોદવા વિગેરેના આરંભ-કાર્યથી વધ થાય છે. શ્રાવક સંકલ્પ આશ્રિત વધની વિરતિ કરી શકે પણ આરંભનું વર્જન કરી શકતો નથી. તેથી સંકલ્પપૂર્વક વધ વર્જન પણ વિધિપૂર્વક કરવું. વધ વર્જન વિધિનું સેવન, અને તેની અંદર લાગતા દોષોના નિવારણ માટે ધર્મના જાણકાર, ધર્મના કરનાર, ધર્મમાં તત્પર, બીજાને ધર્મમાં જોડવા હરદમ પ્રયત્ન કરનાર, અને સમ્યગ્જ્ઞાનક્રિયાયુકત ગુરૂ પાસે જઈને શ્રુતધર્મની સેવના એટલે અણુવ્રતાદિનું સ્વરૂપ-હેતુ-ફળ-ભેદ-ભેદાન્તર શ્રવણ કરીને હેય-ઉપાદેયરૂપે વ્રતો જીવનમાં સેવન કરવાં. શ્રુત-ધર્મના શ્રવણ-મનનથી શ્રોતા સંસારનો ભીરૂ અને મોક્ષ સુખનો અભિલાષુક બને છે. મોક્ષા-ભિલાષીને વ્રતનો સ્વીકાર મોક્ષ માટે થાય છે. મોક્ષાભિલાષિ-જીવ ઇત્વર=અલ્પકાળ એટલે થોડા દિવસ, માસ, ચાતુર્માસિકકાલ, અથવા બહુકાલ અર્થાત્ યાવજ્જીવ પર્યંત વ્રતનો સ્વીકાર કરે છે. અથવા અલ્પકાળ અગર દીર્ઘ-કાળ પર્યંત સ્થૂલ પ્રાણવધ વિરમણરૂપ પ્રત્યા-ખ્યાન કરીને સાથે સાથે અતિક્રમાદિ અતિચારોને વર્જવા ભાગ્યશાળી બને છે. ગાથા ૮-૯.

## પ્રથમ અણુવ્રત સમ્બન્ધિ અતિચારાદિ.

પ્રથમ અણુવ્રતમાં લાગતા અતિચારોને જણાવતાં થકાં કહે છે કે, બે પગવાળા દાસ-દાસીઓ અને ચાર પગવાળાં ગાય-બળદ વિગેરેને દોરડાં વિગેરેથી બાંધવા નહિ તે પ્રથમ બંધ. સોટી, ચાબુક વિગેરેથી વધ કરવો નહિ બીજો વધ, શરીરના અંગોપાંગ ચામડી વિ. ને છરી વિગેરેથી છેદવા તે ત્રીજો છવિચ્છેદ, ગજા ઉપરાંત અતિ અત્યન્ત ભાર ભરવો તે ચોથો અતિભાર. અને પાંચમો ભાત પાણીનો અંતરાય કરવો તે પાંચમો ભાત પાણીનો વ્યુચ્છેદ=અંતરાય તે આ પાંચ અતિ-ચારો છે. પ્રિય પુત્રાદિને વિનય-વૈયાવચ્ચનું શિક્ષણ આપવા માટે અગર રોગનિવારણ આદિ માટે પણ વ્રતધારિયોને ઉપરના પાંચ પ્રસંગોનું સેવન કરવાનો અવસર આવે તેથી આ અગર આવા બીજા પ્રસંગમાં સાપેક્ષપણું હોય છે. તેથી વ્રતની મલીનતા થતી નથી. પરંતુ ક્રોધ-માનાદિથી દૂષિત થયેલા અંતઃકરણવાસિત જીવો નિરપેક્ષપણે ન કરવાનું કરી દે છે. સાપેક્ષપણામાં દયાળુપણું વર્તે છે, અને કષાયથી કલુષિત થયલા જીવોને નિરપેક્ષપણામાં નિર્દયપણું આવિર્ભાવ પામે છે. તેથી શાસ્ત્રકાર કથન કરે છે કે વ્રતના અર્થિ-જીવોએ કષાયોથી દૂષિત થયેલ અંતઃકરણથી પણ ગાય-મનુષ્ય આદિનો બંધ-વધ ત્વચાદિ-છેદ, અતિભાર અને ભાત પાણીનો વ્યુચ્છેદ કરવોજ નહિ. નિરપેક્ષવધાદિમાં નિર્દયતા પૂર્વકના તાડનાદિ સંભવે છે તેથી અતિચારોના સંભવ છે. અને સાપેક્ષ વધાદિમાં દયાપૂર્વકના તાડનાદિ સંભવે છે; ત્યાં અતિચાર નથી. આ

બધું શંકા સમાધાન સહિત વિસ્તાર પૂર્વકનું વિવેચન પંચાશકોદ્ધૃત પિયૂષ=રહસ્યના આલેખન અવસરે ઉચીત સમયે વાંચકને વાંચવા-વિચરાવાનું પ્રાપ્ત થશે. ગાથા. ૧૦.

## સ્થૂલમૃષાવાદ વિરતિનું સ્વરૂપ અને અતિચારાદિ.

સ્થૂલ મૃષાવાદ પાંચ પ્રકારે પ્રરૂપેલું છે. કન્યા સંબન્ધિ, ગાય સંબન્ધિ, અને ભૂમિ સંબન્ધિ મૃષાવાદનું વિરમણ, ચોથું મુકેલી થાપણ (ધન-ધાન્યાદિ) નું હરણ કરવું તથા જુઠી સાક્ષી ભરવી; આ પાંચ પ્રસંગોમાં (બોલાતું જુઠું) જુઠાની વિરતિ કરવાથી શ્રાવકને બીજા અણુવ્રતનું પાલન થાય છે. તે સિવાયના સૂક્ષ્માદિ જુઠની વિરતિ મહાવ્રતધારિયોને હોય છે, તેથી આ અણુવ્રતનું નામ સ્થૂલમૃષાવાદ-વિરમણ વ્રત છે.

પોતાની કન્યા ને પરની કન્યા અથવા દૂષણવાળીને નિર્દોષા, અને નિર્દોષાને સદોષાદિ પણે જાહેર કરવા વિગેરેમાં કન્યા સંબન્ધિ અલીક પ્રથમ. ઓછાં દુધાળીને વધુ દુધાળી વિગેરે કહેવું તે ગવાલીક બીજું. પોતાની ભૂમિને પરની ભૂમિ વિગેરે જણાવવું તે ભૂમ્યલીક ત્રીજું. ન્યાસહરણ (મૂકેલ દ્રવ્યનું હરણ) સ્તેય સ્વરૂપ છે પરંતુ અપલાપ વચન હોવાથી તે ન્યાસહરણ રૂપ મૃષાવાદ ચોથું. બીજાના પાપનું પ્રકાશનકરણૈકતત્પર હોવાથી કૂટ સાક્ષ્ય સ્વરૂપ પાંચમું. આ પાંચ પ્રકારે વિરતિનું નિયમ કરના-બીજા વ્રત ધારિયોને વ્રતની આરાધના થાય છે

હવે બીજા વ્રતમાં થતા પાંચ અતિચારો જણાવે છેઃ—અસદ્ દોષોનું આરોપણ કરવું અથવા પૂર્વાપરની વિચારણા કર્યા વગર સહસાત્કારે આળ=તહોમત દેવું એ પ્રથમ અતિચાર એકાન્તમાં વિચાર કરનારાઓ પ્રત્યે કહી દેવું કે આ રાજ્યવિરૂદ્ધાદિ વિચાર કરે છે, અભ્યાખ્યાનની સાથે સંબંધ રાખનારો આ બીજો અતિચાર છે. પોતાની સ્ત્રીએ અગર મિત્રે કથન કરેલ ગુપ્ત વાતો બીજા આગળ પ્રકાશન કરવી તે સ્વદારમંત્રભેદ નામનો ત્રીજો અતિચાર જુઠો ઉપદેશ દેવો એ ચોથો અતિચાર, અને પાંચમો કૂટ સાક્ષી પુરવી તે પાંચમો અતિચાર, મૃષાવાદ-વિરમણ-વ્રતધારિએ આ પાંચે અતિચારોનું વર્જન કરવુંજ જોઇએ. આ ગાથાના પરમાર્થને પ્રતિપાદન કરતાં નવાંગીવૃતિકાર જણાવે છે કે જાણીને પૂર્વે કહેલા અતિચારોનું સેવન કરે તો વ્રતનો ભંગ થાય છે, પરંતુ અનાઉપયોગથી થઇ જાય તોજ તે અતિચાર કહેવાય છે. આ અતિચારો અતિચાર સ્વરૂપે ઘટે છે કે નહિ ?, સ્વદાર મંત્ર ભેદમાં અનુવાદરૂપે સત્ય કથન હોવાથી અતિચાર કેમ છે ?; આ વિગેરે વિસ્તારથી વિવેચન પંચાશક પ્રકરણ રહસ્યના આલેખન અવસરે અવલોકન કરવું જરૂરી ગણાશે. ગાથા ૧૧-૧૨

## સ્થૂલ ત્રીજા વ્રતનું સ્વરૂપ અને અતિચારાદિ.

સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતધારિયોએ સચિત્ત-અચિત્ત વિષયક વસ્તુઓ લીધા વગર લેવી નહિ સચિત્ત વસ્તુ માં લવણ વિગેરે અને અચિત્ત વસ્તુમાં સુવર્ણ વિગેરે સમજવું. આ અદત્તાદાન વ્રતના સંરક્ષણાર્થે પાંચ અતિચારો વર્જવા જરૂરી છે. ૧ ચોરેલું ચોરી કરીને લાવેલું તે સ્તેનાહૃત પ્રથમ, ૨ ચોરને

ચોરી કરવામાં પ્રેરણા-હુકમ-આજ્ઞા-આદેશ કરવો તે તસ્કર યોગ નામનો બીજો, દુશ્મનાદિ રાજ્ય સાથે વ્યવહાર રાખવો તે વિરૂદ્ધરાજ્ય નામનો ત્રીજો, જોખવા લાયકની ચીજોને લેતી વખતે અને દેતી વખતે ખોટા તોલા-માપલાથી જોખીને (લેતી વખતે વધારે લઇ શકાય દેતી વખતે ઓછું આપી શકાય તેવાં સાધન વિશેષ) દેવા-લેવાનો વ્યવહાર તે કૂટતુલા કૂડમાન નામનો ચોથો; અને વેચવાલાયક ચીજોને (પિત્તળની ચીજોને સુવર્ણ સરખી બનાવીને તેના જેવી=સુવર્ણના રૂપ-રંગે મળતી બનાવીને) સત્સદૃશ=તત્પ્રતિરૂપવ્યવહાર નામનો પાંચમો. આ પાંચે અતિચારને વર્જીને ત્રીજા સ્થૂલ અદત્તાદાનની વિરતિનું વિશેષતઃ પાલન કરવું. ગાથા ૧૩-૧૪.

## સ્થૂલ ચોથા વ્રતનું સ્વરૂપ અને અતિચારાદિ.

પરદારસ્સ-પરકલત્રની વિરતિ. પર શબ્દથી પોતાથી પર મનુષ્ય દેવ-તિર્યંચની સ્ત્રીઓ તે બધી પરકલત્ર કહેવાય છે. પરસ્ત્રીરૂપ જાતિમાં એક વચન છે. ચતુર્થ અણુવ્રતની વિરતિમાં પરસ્ત્રીનું વિરમણ પુરૂષને અને પરપુરૂષનું વિરમણ સ્ત્રીઓને ઉપલક્ષણથી હોય છે. પરસ્ત્રી વિરમણ વ્રતમાં બે ભેદ જણાવે છે—૧ ઔદારિકા=નારિઓ ( મનુષ્યની સ્ત્રીઓ ) અને તિર્યંચ સ્ત્રીઓ ( તિર્યંચિનીઓ ), અને ૨. વૈક્રિયા=વિદ્યાધરી અને દેવીઓ. આથી આ ચોથા અણુવ્રતમાં ઔદારિક-વૈક્રિયા બે ભેદ આ રીતિએ વિરતિ જાણવા લાયક છે, પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો અને તે સિવાયની પરસ્ત્રીઓના વિષય ભોગથી વિરામ પામવું એ આ વ્રતનો પરમાર્થ છે.

આ વ્રતના સંરક્ષણ માટે વિવેકિયોએ પાંચ અતિચારોનું વર્જન કરવું જોઇએ. ૧ ઈત્વરીગમન ભાડુ વિગેરે દઇને અલ્પકાળના ભોગ માટે નિયમ કરેલ સાધનભૂત વેશ્યાસેવ નાદિ પ્રથમ જેનો કોઇપણ માલીક નથી એવી કુલાંગના-અનાથા અથવા વેશ્યા વિગેરે સાથે (બીજાએ ભાડું દઇને પોતાની કરી નથી એવી વેશ્યા) તેની સાથે ગમન કરવું તે અપરિગ્રહીત ગમન બીજો-યોનિ-મેહન વર્જિત અંગોને વિષે વિષય વાસનાથી રમણ કરવું અર્થાત્ ક્રીડા કરવી તે અનંગ ક્રીડા નામનો ત્રીજો. પોતાના સિવાયના બીજાઓના છોકરાં છોકરીઓના વિવાહ કરવા-કરાવવામાં તત્પરતા નામનો પર વિવાહ કરણ નામનો અતિચાર ચોથો. પોતાના પુત્ર-પુત્રીઓના વિવાહ કરવા-કરાવવાનો પણ સંખ્યાપૂર્વક અભિગ્રહ રાખવો ઉચીત છે. પર-વિવાહ કરવા-કરાવવામાં ઉદ્યમવંત આત્માંઓ 'કન્યાઓને વિવાહ કરવા કરાવવાથી કન્યા ફળ મળે છે અને સ્નેહ સંબંધ વધે છે' એવું સમજે છે. તે હેતુથી અપ્રાપ્ત અભિમુખ થયેલા વ્રતધારિયોને આ અતિચારથી સાવધાન રહેવું જરૂરીનું છે. હવે પાંચમો અતિચાર કામ વિષયક તીવ્રાભિલાષ. કામ=કામભોગેષુ અત્યન્ત તીવ્ર અધ્યવસા વર્તતો રહે ત્યારે તેને કામ

તીવ્રાભિલાષ કહેવાય છે, અને તે સ્વરૂપ પાંચમો અતિચાર કહેલો છે. શબ્દ-રૂપ કામના ઘરના છે, અને ગન્ધ-રસ-સ્પર્શ એ ભોગના ઘરના છે, અર્થાત્ શબ્દરૂપ કામસ્વરૂપ છે. અને ગન્ધ-રસ સ્પર્શ ભોગ સ્વરૂપ છે. બ્રહ્મચર્યનું મહત્વ સમજનારા પુણ્યાત્માઓએ ચોથા અણુવ્રતના પરિપાલન માટે ઉપરના પાંચે અતિચારોથી અલગ થઇ બ્રહ્મચર્યનું અખંડ પાલન કરીને અખણ્ડ પુણ્ય ઉપાર્જન કરવું એજ હિતાવહ છે. ગાથા ૧૫-૧૬.

## પંચમ અણુવ્રતનું સ્વરૂપ.

સંસાર રસિક જીવોને સંસાર-ઉપયોગિ પદાર્થ વિષયક થતી ઇચ્છાઓ મનોરથો સંકલ્પો વાંચ્છાદિઓની નોંધ એકજ દિવસની લેઇ શકાતી નથી. કદાચ ઉઠતી ઇચ્છાઓના તરંગોની નોંધ લેવાની તૈયારી કરે તો નોંધ લેતી વખતમાં થતી ઇચ્છાઓ આંખના પલકારાની જેમ પૂર વેગમાં પલાયન થઇ જાય છે તે દરેકને સ્વાનુભવ સાક્ષિ રૂપ છે. તેથીજ સમસ્ત પ્રકારે ગ્રહણ કરવા લાયક વસ્તુ વિષયક વાંચ્છાઓનું પરિમાણ કરવું તે અતિ લાભદાયિ છે, અને તેનુંજ નામ પરિગ્રહ પરિમાણ વ્રત છે. તે ઇચ્છાઓનું પરિમાણ કરવાથી અસદ્ધારમ્ભની પ્રવૃત્તિનું રોકાણ થાય છે, આરંભ સબન્ધિના સંકલ્પોનું નિયમન, આરંભ સમ્બન્ધિની સામગ્રીઓ લાવવી, મંગાવવી રક્ષણ કરવી વિગેરેનું પણ નિયમન; અને આરંભ દ્વારાએ જીવોનાં છેદન-ભેદન-તાડન-તર્જન દ્વારાએ થતા અસુંદર વ્યાપારોનું વિવેકપૂર્વક વિસર્જન કરવાની-કરાવવાની કુનેહભરી કળાનું સામ્રાજ્ય ઇચ્છાઓના પરિમાણની વિરતિને આધીન છે.

સાંસારિક જીવોની ઉઠતી અનેકવિધ ઇચ્છાઓ વિષયક નવ વસ્તુઓ જણાવી છે. આ નવ વસ્તુઓ સંબન્ધિની ઇચ્છાઓને વિવેક પૂર્વક નિયમન કરવા ઉદ્યમવન્ત થયેલો જીવ ઉજમાળ થાય છે, ત્યારે સ્વયંભૂરમણ કરતાં અધિક મર્યાદાશીલ-લોભ મહાસાગરને એ ખાબોચીયા જેવો બનાવી દે છે. આજના જીવનકલહમાં કુદકે અને ભુસકે સમરંભ-સમારંભ અને આરંભની અનેક વિધ આવિર્ભાવ પામતી પ્રવૃત્તિઓને રોકનાર આ ઇચ્છાપરિમાણ વ્રત છે. આ વ્રતનો અંશિક લાભ લેનારો અંશિક શાન્તિ અનુભવે છે, પરંતુ આ વ્રતથી બેનશીબ રહેનારા પામર આત્માઓ માટે આ ભવ અગર પરભવમાં પણ શાંતિ સુખ આનંદના આસ્વાદનો ઓડકાર પણ અજ્જો કોષ દૂર છે. તે નવ વસ્તુઓમાં ધન-ધાન્ય-ક્ષેત્ર-વસ્ત્ર-રૂપું-સુવર્ણ-કુપ્ય (રૂપા-સુવર્ણ સિવાયની ધાતુઓ) બે પગવાળાં પ્રાણી અને ચાર પગવાળાં પ્રાણીઓ લેવાં. ઉપરના નવે પદાર્થોમાં ઉઠતી ઇચ્છાઓના પરિમાણ માટે પદાર્થોનું નિયમન પણ વિચિત્ર પ્રકારનું હોય છે. કારણકે નિર્ધનોનું અને ધનવાનોનું ઇચ્છાપરિમાણ અલગ અલગ હોય છે. આ ઉપરથી પુણ્યવન્તોએ ચિત્તની સમાધિ રહે તે રીતિએ (વ્રત લેવાના અવસરથી વ્રત નિયમના નિયમીત કાળ પર્યંત ઇચ્છાનુસાર ક્ષેત્રાદિ વસ્તુ વિષય ઇચ્છાનું પરિમાણ કરવું જરૂરીનું છે કે જે ઇચ્છાનું પરિમાણ કરવાથી અસદ્ધારંભની પ્રવૃત્તિનો અસ્ખલિત વેગ મંદ પડે છે; અને તે ઇચ્છાનો પરિમાણ અસદ્ધારંભ પ્રવૃત્તિને રોકવામાં પરમ કારણ રૂપ બને છે. ગાથા ૧૭. (ચાલુ)

પણ બૃહદ જર્મન રાષ્ટ્રની એડી નીચે દેશ-પ્રદેશોને દબાવીને યુરોપના નકશાને તે વિજયવન્તી કૂચે પલટી નાંખ્યો, છતાં આક્રમણ કરનારે અને તેને અનુસરનાર પ્રજા સમૂહે બુરા હાલે મરણ-મોત-આપઘાત-ધિક્કાર, અને વેરઝેરની પરંપરા પ્રાપ્ત કર્યા, અંતમાં પરતન્ત્રતાના પિંજરામાં તેઓને પુરાવું પડયું એ આક્રમણ-નીતિના અંતિમ-અંજામના અનિષ્ટ ફલો છે.

ચીન પર આક્રમણ કરનાર જાપાન સરકારને ચીનના મેળવેલાં સઘળાં સંપત્તિ-સાધન-સામગ્રી, દેશ-પ્રદેશોને છોડવા પડયાં, અને અંતે તે સરકારે પ્રજાને ધિક્કાર-વેરઝેરની પરંપરાનો પાપી વારસો પ્રાપ્ત કર્યો. એટલુંજ નહિ પણ અમેરિકન ટાપુ-પર્લહાર્બર પર આક્રમણ કરીને આનન્દ માન્યો, કે જે આનન્દના જવાબમાં બે શહેરની નિર્દોષ પ્રજાના લાખો માણસોને અણુબોમ્બના આકસ્મિક સંયોગોમાં જીવનનો બુરા હાલે અંત આણવો પડયો. આક્રમણ નીતિના અંતિમ અંજામના આ અનિષ્ટ ફલોને સાંભળનારાઓએ અને વાંચનારાઓએ તો આક્રમણ કરવું નહિ, કરાવવું નહિ અને આક્રમણકારની કોઈપણ રીતિ નીતિ કે વ્યવહારને અનુમોદવોજ નહિ.

આક્રમણ કરનારની વ્યવસ્થા સાધન-સામગ્રીઓના મુકાબલે સામનો કરનારની સાધન-સામગ્રી વ્યવસ્થાની ન્યૂનતા હોવાથી આક્રમણકારોનું વર્તમાન ઉજળા દેખાય છતાં ભાવિકાળ તો હંમેશ માટે તેઓ માટે ખતરનાક સર્જાયેલો છે, તે બેને બે ચાર જેવી સીધી અને સ્પષ્ટ વાત છે.

આક્રમણ નીતિની અંધાધુંધીમાં અંધ બનેલા આક્રમણકારોને આક્રમણના અંતિમ નુકશાનો અનુભવમાં આવી શકતાજ નથી, કે જેથી કરીને ભાવિમાં તે બિચારાઓએ દુનિયાભરનાં દુભાવેલાં હૃદયો આગળ દયાપાત્રની વાસ્તવિક યોગ્યતા પણ ગુમાવી દીધી હોય છે.

કોમની કારમી કામનાઓએ, જાતિ-અભિમાનના જંગલી ઝનુને, અને ધર્માંધપણાની ધીકતી ધમાલે અને ઘેળે દિવસે ધાડપાડુ વૃત્તિ બળે આંધળું-આક્રમણ કરનારાઓને "ધોળું એટલું દુધ તથા પીળું એટલે સુવર્ણ" માનવામાં કેવી ભીંત ભુલાય છે, તે ભીંત જેવી ભૂલનો ભોગ બનીને કલકત્તા-નોઆખલી-બિહાર અને પંજાબની પ્રજાએ કડવો અનુભવ ચાખ્યો એ આજની દુનીયા નિહાળી રહી છે.

આક્રમણકારોની નીતિ સામે સર્વકક્ષાથિત નીતિ રિતિથી વ્યવસ્થિત સૌજન્યપૂર્ણ-સામનો કરનારને વર્તમાનમાં કષ્ટ-દુઃખાદિ સહન કરવાં પડે છતાં સત્ય-નીતિ ન્યાયને અનુસરનારાઓનો સાત્વિક સામનો વિજયમાં અને જગતના આશીર્વાદમાં પરિણમે છે એ ભૂલવા જેવું નથી. વર્તમાન કાલીન સામનામાં આડકતરી રીતિએ તપાસીએ તો આક્રમણનો એક પ્રકાર હોય છે.

ધાર્મિક સ્થાવર-જંગમ મીલકતો પર આક્રમણ કરનાર ઉદયપુર સ્ટેટનું આક્રમણકારક જાહેરનામું જાહેર કરનારાઓ મુગલાઈ રાજયના મનોરથ સેવે છે, છતાં તેત્રીશ વર્ષના બનાવોનો બારીક અભ્યાસ કરીને આક્રમણનીતિને તિલાંજલિ આપશે તો તેઓ ક્ષત્રિયોની ઉજાળી કીર્તિઓનાં અભિનન્દન પત્રાદિ પ્રાપ્ત કરશે; નહિ તો મેવાડની ધર્મભૂમિ ઉપર વ્યવસ્થિત સામાના માટેનું સમરાંગણ ખડું થશે. આક્રમણકારોના હૃદયમાં જૈન જનતાને સંતોષવાના અને ધાર્મિક મિલકત સંરક્ષણના સુંદર તત્વો ખીલે એજ મહેચ્છા.

---

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# ઉદયપુર નરેશને.

**નોંધ:**—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી**ના પરમવિદ્વાન્-વિનેય-**પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્ય** નીચેનો પત્ર **શ્રી ઉદયપુર નરેશને,** અને તેની નકલ તે રાજ્યના **મહામંત્રીને** રજીસ્ટરથી તા. ૨૦-૬-૪૭ ના રોજ મોકલીને વિરોધ જાહેર કર્યો છે. તેવીજ રીતે મહા પ્રાભાવિક-**પ્રાચીન તીર્થ શ્રી કેશરીયાજી** સાથે ભક્તિ-બહુમાન ધરાવનાર ચતુર્વિધ સંઘે અને ન્યાય-નીતિ-સત્યની અર્થિ પ્રજાએ પોતાનો વિરોધ તાર-પત્રાદિ દ્વારાએ સત્વર કરવાની અનિવાર્ય જરૂર છે. આક્રમણ સામે સજ્જ સામનો કર્યા વગર ઈષ્ટ-લાભ થવો અશક્ય છે.

તા. ૬:—પ્રચાર માટે શ્રી મેવાડપ્રાંતીય જૈન શ્વે૦ મહાસભા-ઉદયપુર, ધ્વજ-મંદસોર, જૈન પત્ર વિગેરે પત્રો પર મોકલી આપવામાં આવેલ છે. એજ. લિ૦ **તંત્રો.**

વિશ્વવિખ્યાત ધર્મસ્થાનાદિરક્ષણૈકસદ્દક્ષ **સ્વ. પ્રતાપ મહારાણા**ની પરંપરાની પૂતીત ગાદીનશીન **શ્રીમાન્ ભોપાલસિંહજી બહાદુર** અને અન્ય રાજ્ય કાર્યવાહકો વિગેરે.

**શ્રી ઉદયપુર.** (મેવાડ સ્ટેટ)

ધર્મલાભ સાથે લખવાનું કે આપશ્રીના પુણ્ય સ્મરણીય પૂર્વજોએ અને તેજ પુણ્ય સ્મરણીય પૂર્વજોના પુનીત પગલે સ્વ. મહારાણા ફતેસીંહજી તથા આપશ્રીએ આપશ્રીના હકુમત-રાજ્યસ્થાન સ્થિત-ધર્મસ્થાનો, ધર્મ સ્થાન-સ્થિત મૂર્તિઓ અને તત્સંબંધિ સ્થાવર જંગમ મિલકતોનું સંરક્ષણ-સંવૃદ્ધિ કરીને પૂર્વજોની પુણ્ય કીર્તિ-યશને વિશ્વવ્યાપી બનાવ્યાં છે, તેની જૈન શ્વેતાંબર ચતુર્વિધ સંઘે નોંધ લીધી હતી અને નોંધ લે છે.

પરંતુ આશ્ચર્યપૂર્વક સખેદ જણાવવું પડે છે કે સેંકડો વર્ષની સુંદરતમ-કીર્તિ-યશને કલંકિત કરવાનું સાહસ બાર વર્ષ ઉપરાંત નિરધાર્યું, અને તે વિષમ વિચારોએ સરકારી પત્રક તરીકે આપની આજ્ઞાથી તા. ૫-૬-૧૯૪૭ના રોજ મેવાડ ગવર્નમેંટના એકટીંગ પ્રાઈમ મીનીસ્ટર મનોહરસીંહની સહીથી મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું; અને તે સરકારી પત્રકે જૈન શ્વેતાંબર ચતુર્વિધ સંઘના લાખોના હૃદયને દુઃખી કર્યાં છે તેની નોંધ લેશો.

ટ્રસ્ટી તરીકેની મુખ્ય ફરજોના આપશ્રી સારી રીતે અભ્યાસી હોવા છતાં વર્તમાન ભાવિ પરિણામને વિચાર્યા વગર અવળે રસ્તે દોરવનારાઓએ આપની પાસે જે કાર્ય કરાવ્યું છે, અને આપશ્રીએ કરવાની જે હિંમત કરી છે તે કાર્યમાં નીતિ-ન્યાય ધર્મ અને કીર્તિ-યશને કલંકિત કરવાનું ભારે સાહસ છે તેની સત્વર નોંધ લેશો.

સ્વર્ગીય મહારાણા ફતેસિંહજીએ રૂ. ૨૩૫૦૦) બે લાખ પાંત્રીસ હજાર રૂપીયાનો મુકુટ વીગેરે ભંડારની રકમથી કરાવ્યો. પરંતુ તે રકમ આપશ્રીના સ્વ. ફતેસિંહજીએ પોતાના રાજ ભંડારથી તે રૂપીઆ આપીને શ્રી કેશરિયાજીને ભેટ કર્યા; આથી ભેટ કરનાર ભક્ત તરીકે ટ્રસ્ટીઓને સીધી કે આડકતરી રીતે આ દેવ ભંડારની એક પણ પાઇનો ભોગવટો પોતાના માટે પોતાના પૂર્વજો માટે કે (શ્રી કેશરીયાજીનાથ દેવાધિદેવ અગર તીર્થપતિના તીર્થસ્થાન સિવાય) તે સિવાય બીજા કોઈપણ લોકોપયોગી કામમાં વાપરી શકાતાંજ નથી. અને ટ્રસ્ટી તરીકે આ તીર્થની મિલકતનો સીધો કે આડકતરો ભોગવટો કરી રહ્યા છો. તેથી ટ્રસ્ટી તરીકેની પ્રાચીન પૂતીત કીર્તિને દેશવટો આપવાનું સાહસ ખેડીને ઈતિહાસને કલંકિત કરવાનો પ્રારંભ કર્યો છે તેની નોંધ લેશો.

તા. ૬:—મેવાડ પ્રદેશની મહિમાવન્તી કીર્તિ-યશને કલંકિત કરવા જેઓએ તમોને સલાહ આપી છે, અને કુટીલ મનોરથોના કોટડા ઉભા કરવાને પોતાના કુહાડાના હાથારૂપ આપને બનાવ્યા છે; તે સંબંધમાં આપશ્રીને એ જણાવવાનું કે આ સરકારી પત્રકમાં જણાવ્યા મુજબ અખિલ-ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતાંબર ચતુર્વિધ સંઘની પ્રાણભૂત સ્થાવર મિલકત રૂપ આ તીર્થની ગેરવ્યવસ્થા કરવાનો કોઇપણ જાતનો હક્ક આપશ્રીને નથી, માટે ભાવિમાં આ કાર્ય માટે આપશ્રીને, આપના અધિકારીઓને અને આપના સલાહકારોને ભાવિ આંદોલનમાં મુંઝાવું ન પડે તેથી હિતકર ભલામણરૂપે આ પત્ર પાઠવવામાં આવ્યો છે; અને સત્વર જવાબની આશા રાખું છું. વિલંબ થયે જૈન જનતા અને રાજ્યને સંઘર્ષણ વધશે તેની નોંધ લેશો એજ.

લિ. **ચન્દ્રસાગરના ધર્મલાભ.**

તા. ૨૦-૬-૪૭ **શીરપુર,** પશ્ચિમ ખાનદેશ.

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र

# श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**भावार्थः**—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —आ. बो.

## संगठ्ठनની आवश्यकता

लेखकः—**सुधावर्षी.**

विश्वयुद्ध विराम पाम्या पछी महान् सत्ताओओ विश्वशांतिना नामे संगठ्ठन सांधवानो सुंदर विचार कर्यो, अने ते विचारने मूर्तस्वरूप आपवा अनेकशः प्रयत्नो करीने प्रयास कर्यो; परंतु मार्शल योजनाना नामे महान् अंतराय ऊभो थयो अने महान् सत्ताओ-अनुगामि सत्ताओ बन्ने विभागमां व्हेंचाइ गइ ओ आजनी जनता जणी गइ छे. आ भावि युद्धनो प्राथमिक भणकारो छे. सहिष्णुताना अभावमां अने स्वार्थ साधवानी तालावेलीमां देश-राज्य-सत्ता, संगठ्ठन-संपना संगीन पायाओ हचमची जाय छे, अने अंतमां विश्व-जनताने भावि युद्धना भणकारा कर्णगोचर थाय छे. स्वदेश के परदेश, शहेर के नगर, गाम के परगाम, स्वज्ञाति के परज्ञाति, स्वसमाज के परसमाज, स्वकुटुंब के परकुटुंब; अने स्वसंस्था के परसंस्थाओनो ऊंडो अभ्यास करनारने जरूर निर्णय थाय छे के जे जे स्थानोमांथी सहिष्णुतानो अभाव, विश्वासनी विदाय गीरी, अने स्थान प्रत्येनी वफादारी जवाबदारी-जोखमदारीनी जलांजलिओ अपाइ गयेली होय छे, तेथीज तेने स्वदेश के परदेश आदि स्थानना अधिपतिओने अने जनसमुदायने संगठ्ठन-संप-शान्तिना सुंदर फलोने बदले भागलाना भयनी परंपरा-कुसंप अने अशान्तिना कडवा घुंटडा गळे उतारवा पडे छे, अने अंतमां दरेकने अशान्ति-अखंड साम्राज्यनो साक्षात्कार थाय छे.

(वधु माटे जुओ टाईटल पेज २ जुं.)

वी. सं. २४७३
वि. सं. २००३
वर्ष १३-अंक ११.

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२५, २७, धनजीस्ट्रीट—मुंबइ.

वार्षिक लवाजम
३. ३-०-०
छुटक नकल एकना
३. ०—४—६

# નોંધ અને સુસમાચાર

**શ્રી કેશરીઆજી અંગે**—સુરત મુકામેથી પૂ. આગમોદ્ધારક **આચાર્યદેવેશ શ્રી આનન્દ-સાગરસૂરીશ્વરજી**એ ઉદયપુર મહારાણા ઉપર એક પત્ર પાઠવ્યો છે. તે પત્રમાં પોતાની હાજરીમાં શ્વે૦ કમીટીદ્વારા થયેલ (આંગી ચઢાવવી, ધ્વજદંડ ચઢાવવાની ક્રિયાઓ) કાર્યોની નોંધ જણાવીને ન્યાયિ-પ્રતિષ્ઠાને વળગી રહેવા ભલામણ કરી છે,

બહુધાન મુકામેથી **પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્યના પરમવિનેય પં. શ્રી દેવેન્દ્ર-સાગરજીએ** અને **શ્રી સંઘે** અનુક્રમે પત્ર અને તારથી ઉદયપુર સ્ટેટના અધિકારીયોને વિરોધની જાણ કરી છે. તેવીજ રીતે સીનોર, અમદાવાદ, ડભોઇ, મુંબાઈ, મોરબી, અંજાર, પાચોરા, સાવડી આદિ અનેક ગામના સંઘોએ તાર-ટપાલદ્વારા વિરોધ જાહેર કર્યો છે.

**શ્રી સંઘના કાર્યવાહકો=શીરપુર** (પશ્ચિમ ખાનદેશ) માં ચાલીશ ઘરની વસ્તીમાં નાના મોટા ત્રણસો માણસની લગભગ સંખ્યા છે. ચાલીશ વર્ષથી એક સરખો શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરાવનાર માણસ આંખના ઝામરાથી પીડાય છે, અને અશકત બને છે ત્યારે જતી વખત **માસ્તર હરગોવનદાસને** શ્રી સંઘે રૂ. ૧૦૧૧) રૂપીઆ આપ્યા છે, અને જીવન પર્યંત દર માસિક રૂ. ૩૦) ત્રીશ શ્રી સંઘ આપ્યા કરશે એવું જાહેર કરીને અખિલ જૈન સમાજમાં શ્રુતજ્ઞાનનું પઠન કરાવનાર શિક્ષકની કદર કરીને બીજા સંઘના આગેવાનોને અનુકરણ કરવાનો અમોઘ માર્ગ બતાવ્યો છે.

**અનુમોદનીય આરાધના=**શીરપુર-પશ્ચિમ ખાનદેશમાં પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગર ગણિવરની નિશ્રામાં પ્ર. શ્રા. વદ ૫ ની સવારમાં શ્રી પંચ મહામંગલ શ્રુતસ્કંધ શ્રી નવકાર મહામંત્રનું આરાધન શરૂ થયેલ છે. લગભગ બસોની સંખ્યામાં ભાઈ બહેનો જોડાયા છે. આરાધન માટેના ચાંદીના બન્ને પટો મુંબાઈથી શ્રીવિજયદેવસૂર સંઘના ટ્રસ્ટીઓએ આપીને અપૂર્વ લાભ પ્રાપ્ત કર્યો છે. આરાધનના અંતે તે પટો બનાવી લેવાની વિચારણા શ્રી સંઘની છે. ગામના જૈન ઘરોની સંખ્યા અને વસ્તી પ્રમાણમાં વ્યાખ્યાન-પ્રતિક્રમણમાં અને આરાધનમાં સારી સંખ્યા લાભ લે છે.

**પત્ર વ્યવહાર**—સિદ્ધચક્ર માસિકનું પુનીત પ્રકાશન પૂ. પં પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરજીની નિર્મળ-નજર તળે થાય છે, માટે પ્રકાશન થતી સામગ્રી સંબંધક પ્રશ્નકારોને વિનતિ છે કે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

**પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્ય**
કે૦ શ્રી જૈન ઉપાશ્રય, મુ. **શીરપુર.**
સ્ટે. નરડાણા, T. V. Rly. પશ્ચિમ ખાનદેશ.

(ટાઇટલ પેજ પહેલાનું અનુસંધાન)

વિશ્વભરની વિશ્વ સંસ્થાઓને બાજુએ મુકીએ તો પણ જૈનશાસનમાન્ય ચતુર્વિધ સંઘને પૂર્વકાલીન પૂર્વાચાર્યોએ અને શાસન માટે સર્વસ્વ સમર્પણ કરનાર શ્રાવકોએ જમાવેલી પ્રતિષ્ઠાને સહિસલામત રાખવી હોય તો સંગઠન અને સંપને સર્વદેશીય-સહિષ્ણુતા સાથે, સ્વાર્થની સકલ કાર્યવાહિઓને દેશવટો દેવોજ પડશે.

જૈન સમાજમાં કાર્યકુશળ પૂ. આચાર્યવર્યો ઉપાધ્યાયો અને શ્રમણોભગવંતો છે, કાર્યદક્ષ-શ્રાવક-સમુદાયો છે, હજારોની સંખ્યામાં શ્રમણ ભગવંતો છે અને લાખોની સંખ્યામાં શ્રાવકો છે છતાં આગળ પાછળના વેરઝેર, કલેશ, કંકાસ, અસહિષ્ણુતા, અવિશ્વાસ, ભાગલા પાડવાની ભયંકર કૂટ નીતિથી જગમશહૂર જૈન સમાજ એકત્રિત થઈ શકતો નથી અને થવાનો નથી.

ચતુર્વિધ સંઘની ફાટફુટને લીધે કેશરીયાજી પ્રકરણ આદિ અનેકવિધ આક્રમણ આવીને સન્મુખ ખડા થાય છે માટેજ સર્વ વિરોધ-વેર-ઝેર ભૂલીને શાસન માટે સંગઠનની આવશ્યકતા છે.

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૩. | અધિક શ્રાવણ-માસ. | તંત્રીઃ
અંક ૧૧ મો. | તા. ૧૭-૮-૪૭. | પાનાચંદ રૂપચંદ ઝવેરી.


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળઃ—શ્રીનાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.

[ નોંધઃ—વિ. સં. ૧૯૯૫ ના ચાતુર્માસમાં પૂ. દેશનાકારે શ્રી સૂત્રકૃતાંગ-સૂત્રના દ્વિતીય-શ્રુતસ્કંધના પ્રથમ શ્રીપુંડરીક-અધ્યયન અને ભાવનાધિકારે શ્રીવિંશતિસ્થાનક-ચરિત્ર સંબન્ધિ અમોઘદેશના દીધી હતી, તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય-મુનિશ્રીસુબોધસાગરજી પાસેથી મેળવીને, વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે, અને વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરુદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી. ]

### દેશનાના દિવ્ય અવતરણો.

૧. શ્રોતાઓને શ્રવણના અર્થી બનાવો.

૨. પ્રિય બોલતા થાઓ.

૩. સત્ય બોલવાની પ્રતિજ્ઞા નથી, પરંતુ જુઠું નહિં બોલવાની પ્રતિજ્ઞા.

૪. વિવેકપૂર્વક બીજા વ્રતની વ્યવસ્થા.

૫. સૂત્ર સ્થિત પદાર્થોનું વિભાગશઃ વર્ણન.

૬. પ્રયોજન વિના પ્રવર્તન થતું જ નથી.

૭. સર્વપાપનાશક પરમેષ્ઠિઓ.

૮. જાહેરાતને અનુસરતી જોગવાઇ.

૯. દેશકાળ ફરે છતાં દાન-શિયળ-ભાવ ફરતા નથી.

૧૦. જાહેરાતને અનુસરતી જોગવાઇ.

૧૧. ગ્રહણ ધારણામાં ફરક.

૧૨. તપસ્યાનું સામ્રાજ્ય.

### શ્રોતાઓને ઉલ્લાસમાં લાવો.

શાસ્ત્રકાર ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્મા સ્વામીજી મહારાજ શ્રી જંબુસ્વામીજીને સૂયગડાંગ સૂત્ર સંભળાવતા થકાં આગળ જણાવી ગયા કે હે જંબુ! શ્રમણ ભગવંત શ્રીમહાવીર મહારાજે કમળની ઉપમા જેમાં મુખ્ય છે એવું સુયગડાંગ સૂત્રનું અધ્યયન જે રીતિએ પ્રથમ નિરૂપણ કરેલું છે, તેવીજ રીતે મેં

અવધારણ કરેલું છે. કર્ણ પરંપરાએ સાંભળેલું નથી. પરંતુ ખુદ મહાવીર ભગવાનના શ્રીમુખેથી સાંભળેલું છે. કર્ણ પરંપરામાં એક બાઇ દળી ઉઠી એ શબ્દમાંથી દિલ્લી લુઠી ગઇ એવું સમજી ગઇ તેવું આ નથી. જેવું સાંભળ્યું તેવીજ રીતે જણાવું છું આવી રીતે ઉપક્રમ જણાવીને પુંડરિકને અંગે વાવડી, નાના મોટા કમળો, ચારે દિશાના પુરૂષો, પાણી, કચરો, તેમાં ખુંચાવું, પાંચમા પુરૂષનું આવવું; અને કમળનું ઉઠવું વિગેરે જણાવ્યું. તેમાં આદરવા લાયક અને છોડવા લાયક કંઇજ નહિં.

जहा दुमस्स पुप्फेसु भमरो आवियइरसं।

આ વાત શાસ્ત્રકારે જણાવી, પણ તેમાં છાંડવા લાયક કે આદરવા લાયક કંઇ જણાવ્યું નથી. એટલે ઝાડ, ફુલ, કે રસનો આદર કે નિષેધ કરવાનું જણાવ્યું નથી, કારણ કે દ્રાર્ષ્ટાન્તીકથી આદર નિષેધ જણાવાય છે. **एमे ए समणा मुत्ता** એ પદથી ત્યાં દ્રાર્ષ્ટાન્તિક રૂપે જણાવે છે. વાવડીના અંગે હકીકતમાં કમળો રાખવાં કે કાઢવાં? કચરો રાખવો કે કાઢવો વિગેરે પદાર્થોમાં વિધિ નિષેધનો અવકાશજ ન હોય. પણ દ્રાર્ષ્ટાન્તિકમાં વિધિ નિષેધને સ્થાન હોય છે. **किट्टिए णाए समणाओ** એ રીતિએ દ્રષ્ટાન્તને હે આયુષ્મન્તો મ્હે તમને જણાવ્યું. ખુદ મહાવીર મહારાજા કથન કરનારા અને વિનીત શિષ્યો સાંભળનારા છતાં સાકર જેવું વચન શા માટે શિષ્યો આગળ બોલે છે. હે શ્રમણો અને હે આયુષ્મન્તો એ પદો શા માટે? શું સાકર પીરસવાનું કામ કરે છે? તો સાકર નથી પીરસી પણ વકતાએ ધર્મોપદેશ સાંભળનારને ઉલ્લાસમાં લાવવો જોઇએ.

## પ્રિય બોલતાં શીખો.

સોનાના ગૃહસ્થ શ્રોતાએ પચ્ચકખાણ નથી કર્યા, અને સૌ તેના અર્થી છે, પણ સોનાની લગડીને તપાવીને, લાલ કરીને હાથમાં આપશો તો કોઇપણ નહિજ લે. કેમ? દાઝવાના ડરથી હાથ લાંબો નહિં કરતાં સંતાડે છે તેમ જાણીને પોતે હિતનાં કારણો અને સુખના કારણોને લેવા જરૂર માંગે છે. જો તેમાં કટુક શબ્દો કહેવા માંગો તો તે ધર્મોપદેશ સાંભળી શકતોજ નથી, દેખાતો નથી, આંધળો છે, આવું પાપ કરે છે. અહિં પાપ તરીકે સમજાવવાનું વાકય પાપને જરૂર જણાવે છે. પણ સાથે દેખાતો નથી, આંધળો છે, લુચ્ચો છે, હરામખોર છે, આ શબ્દો સાચા વાકયને ગ્રહણ કરવામાં અડચણભૂત થાય છે. હવે આ વાત જ્યારે ધ્યાનમાં લેશું ત્યારે મહાવીર મહારાજા પાસે મેઘકુમાર જેવા રાજર્ષિ કલ્યાણનું કિમતીભાણું ઉંધું વાળવા વિચાર કરે છે કે 'કાલે ઘરે જાશું.' આવી રીતે પ્રાતઃકાળમાં આવીને કહે છે. મહાવીર મહારાજા તો કેવળજ્ઞાની છે. એટલે જાણે છે. કાળું કરવાનો વીચાર કરેલ છે. એ ચોક્કસ છે ફકત કહેવાજ આવ્યો છે, બીજું કંઇ નથી. સવારે પુછીને ઘેર જવું છું, અને આપણાથી સાધુપણામાં રહેવાય તેમ નથી; આવા મેઘકુમારને **देवाणुप्पिय महानुभाव** વિગેરે શબ્દો શી રીતે બોલી શકે છે. શી રીતે? સ્વાર્થ જેવા પ્રસંગમાં હિત કહેનારાઓના મુખે વચનની કટુકતાના શબ્દો સંભવે નહિ. જ્ઞાતા સૂત્ર અને ઉપદેશમાળા વિગેરે પ્રૌઢ ગ્રન્થમાં જણાવ્યું છે કે અત્યંત સુંદર ધર્મમય વચનો

સંભળાવવા જોઇએ, પરંતુ કટુક સંભળાવવા નહિ. જે જે સાંભળવા બેસેલા છે તે બધા મોહમદમાં રાચ્યા માચ્યા હોય છે. પરંતુ તેમને એ ગાંડીઆઓ ! સાંભળજો. એમ કહીને બોલાવાયને ? કહેવું પડશે કે ના. અરે સાધુઓ જ્યાંસુધી કેવલી થયા નથી; ત્યાંસુધી અજ્ઞાનીઓ છે. તો પછી તેમને અમારે શું અજ્ઞાનીઓ કહીને બોલાવવાને ? કહો કે સાચું છે, છતાં ન બોલાય.

## બીજા મહાવ્રતની વ્યવસ્થા.

શાસ્ત્રકારોએ મૃષાવાદ વિરમણ વ્રત રાખ્યું છે, પરંતુ સાચું બોલવું એ મહાવ્રત રાખ્યું નથી. એમાં ફરક શો ? જુઠું ન બોલવું અને સાચું બોલવું એમાં ફરક કેટલો છે ? આકાશને જમીન જેટલો. કેવી રીતે ? જુઠું ન બોલવું એનો અર્થ એટલોજ કે બોલવું ન બોલવું તે મરજીની વાત, પણ બોલવું પડે તો જુઠું નજ બોલવું. ત્યારે સાચું બોલવું એ પ્રતિજ્ઞાનો અર્થ કેટલો કે જે જે સાચું હોય તે બોલી દેવું. હવે કેટલાકો વિનયને ન સમજતા હોય પણ તેઓ બોલી નાંખે કે આપણે તો સાચું હોય તે કહી દેવાના. આ નિયમ જૈન શાસનમાં નહિં. કેવળજ્ઞાની જે દેશના દે તે વખતે શ્રોતાઓના આચાર વિચારાદિ સર્વને પોતે જાણે છે. છતાં તેમના અશુભ આચાર વિચાર અને ઉચ્ચાર જાણવાથી બોલે જવું ને ? વીતરાગ કેવલી મહાવ્રતી હોય તો બોલે નહિં, પણ કદાચ બોલે તો જે વખતે દેવદત્તની વાત કરશે. તે વખતે બીજાઓની વાત કયાંથી બોલી શકશે ? કારણ સાચું હોય તે બોલવું એ નિયમ સચવાશે નહિ. જે જ્ઞાની હોય તે તો અહિં બેઠો બેઠો શું વિચારે છે. શું કરે છે. એ જાણે એટલે તો બોલ્યાજ જવું ને ? તો કહો કે સત્ય બોલી દેવું તે પ્રતિજ્ઞા તો સામાન્ય જ્ઞાનીઓને પણ અશકય છે. અને વિશિષ્ટ જ્ઞાનીઓ જે છે તેઓને તો અતિ અશકય છે. જે કેવળજ્ઞાનીઓ સમયે સમયે જગત્‌ના આચાર વિચાર જાણે છે અને સમજે છે તો તેને શું બોલી દેવા. તો કહો કે સાચું બોલવું એ પ્રતિજ્ઞા પાળી શકાય તેમજ નથી. જ્ઞાનીને ગળે જોતરાં આવે છે. હવે એક છોકરાનું નામ દેવદત્ત છે, ત્યાં દેવતાથી અપાયેલ નથી. છતાં નામ બોલું ને ? તો કહો કે વ્યવહારથી નામ છે. ઘટને ઘટ પટને પટ એવી વાત કરવી તે સત્યજ બોલવું એવી પ્રતિજ્ઞા કરનારને મુશ્કેલ છે. માટે શાસ્ત્રકારોએ નિયમ રાખ્યો કે જુઠું ન બોલવું. બોલવું ન બોલવું તે મુન્સફીની વાત છે. પણ જુઠું તો ન બોલવું. કેટલાકો સાચી વાત કહી દેવી એવા વિચારવાળાઓ તો સાચાના નામે ધાત કરનારા છે. હવે જુઠું ન બોલો, તેમ કટુક પણ ન બોલો. ધર્મમય વચન હોય, પાપ પરિહારવાળું વચન હોય. અને સાથે અત્યંત સુંદર વચન હોવું જોઇએ. આપણે સકષાયી છીએ. આથી ક્રોધના આવેશમાં કટુક વચન બોલાઈ જાય, પણ માર્ગમાં તો ઉભા રહેવું જોઇએ કે "અમો બોલી ગયા; પરંતુ બોલવું ન જોઇએ" એ વિચાર તો થવો જોઇએ. સાધુના વચન ધર્મમયજ હોય. આરંભ

વિષય પરિગ્રહને વધારવાનું હોયજ નહિ. પણ ધર્મમય વચન હોય. અને તે અતિ સુંદર હોય.

## વિવેકપૂર્વક વિભાગશઃ વર્ણન.

આથી મહાવીર મહારાજ મેઘકુમાર સરખાને સુંદર વચનથી બોલાવે છે જે કલ્યાણના કિંમતી ભોજનને ઉંધું વાળવા તૈયાર થયેલ છે તેને કટુક વચનને બદલે મિષ્ટ વચન કહે તેમાં નવાઇ શી ? તેવીજ રીતે પોતાના સાધુઓને અગે પ્રભુ મહાવીર "હે શ્રમણો ? હે આયુષ્મન્તો ?" એમ કહી બોલાવે છે કે મેં તમને આ દ્રષ્ટાંત જે જણાવ્યું પણ તેમાં આદરવા લાયક કે છાંડવા લાયકનું વિધાન નથી, પણ દાર્ષ્ટાન્તિકને પકડજો. આથી સાધુઓ નવગ્રહની બહાર હતા તેથી અવગ્રહમાં આવી વંદનાદિ કરી કહેવા લાગ્યા કે અમે દાર્ષ્ટાન્તિકનો અર્થ જાણ્યો નથી. તો આપ જણાવો. આવી વિનંતી કરી તેમાં પોતે સાધુઓ પણ ભગવાનને "હે આયુષ્મન્ત ! હે ભદંત !" એમ કહી સંબોધન કરે છે. હંત શબ્દ એ એદમાં અને સંબોધનમાં, તેમજ અંગીકારમાં પણ વપરાય છે. અહિં હંત શબ્દથી અંગીકાર અર્થ કરવાનો છે. કારણ સાધુઓની વિનંતિનો પ્રભુએ સ્વીકાર કર્યો છે કે તમારી વિનંતિ મારે કબુલ છે. અને દાર્ષ્ટાન્તિક અર્થની જીજ્ઞાસા જણાવી અને કહેવાની પ્રેરણા કરી તે માન્ય છે. ભગવાન્ પોતે કહે છે કે—હું પ્રથમ કથન કરીશ, પછી શું કરશો ? તો બધામાં કથન કરીશ પણ તેમાં પ્રકારો જણાવીશ. પ્રથમ વાવડી તરીકે શું ? પાણી, કચરા, અને કમળ તથા મોટા કમળ તરીકે શું શું ગણવું ? તે વાત પ્રથમ જણાવીશ. એ વાત જ્યાં સુધી જણાવીએ નહિં. ત્યાં સુધી પુરૂષોની હકીકતથી વાકેફગાર ન થઇ શકાય. માટે પ્રથમ ઉપમેય પદાર્થો જણાવીશ. ઉપમા રૂપે કઇ કઇ વસ્તુ મેં લેવી ધારી છે. તો વાવડીનું વર્ણન કર્યું તેમાં આ દાર્ષ્ટાન્તિકને અંગે સંબંધ નથી. પણ તેનો સંબંધ માત્ર વાવડી સાથે છે. પાણીના વર્ણનમાં પણ તેમાં પાણીની હયાતીજ લેવાની છે. તેવીજ રીતે કમળમાં ને પાણીમાં કે કચરામાં ઉત્પન્ન થયું. તેથી વધ્યું. અને અળગ રહ્યું એવા જે ધર્મો કમળના છે. તેનો અહિં સંબંધ નથી. પણ કમળની જગોએ શું લેવું તે જણાવીશ. તેવી રીતે મોટા કમળના વર્ણનની જરૂર નથી. તેનું પ્રમાણપત્ર કે નાળની જરૂર નથી. પણ મોટાપણું જે છે તેનો સંબંધ છે. તેવી રીતે કીચડમાં સમજી લેવું કે ત્યાં પાણીનો સંબંધ નથી. પણ મુખ્ય વસ્તુ જે કીચડ તેની જરૂર છે. હવે મુખ્ય મુખ્ય વસ્તુઓ જણાવીશ. પછી હું તમને તેનું સ્વરૂપ સમજાવીશ. ફલાણા પદાર્થને વાવડી, કચરો, પાણી કમળ તરીકે તેમજ મહા કમળ તરીકે કેમ લીધો તે જણાવીશ. વિભાવન કરીશ. કિર્તયામિ. એટલે સારો અને નરસો પદાર્થ કયો કયો છે એવો વિભાગ કરીશ. હેય-જ્ઞેય. ઉપાદેય આદિ જણાવીશ. ઘટના કરવી તે વિભાવન છે, અને હેમ જ્ઞેયાદિ કહીશ તે ધારવા યોગ્ય છે. અર્થાત છેવટે હેતુ યુકિતથી હેય જ્ઞેય સમજાવીશ. સારામાં હેતુ કયા અને ખરાબમાં હેતુ કયા તે પણ સાથે સમજાવીશ.

## પ્રયોજન વિના પ્રવર્તન થતું નથી.

સામાન્ય દુનિયામાં નિયમ છે કે—**પ્રયોજન મનુદ્દિશ્ય મન્દોઽપિ ન પ્રવર્તતે** અર્થાત્ મુર્ખ માણસ પણ પ્રયોજન વિના પ્રવૃત્તિ કરતો નથી. તેમ અહિં દરેક છાંડવા લાયક વસ્તુનું પ્રયોજન, અને આદરવા લાયક વસ્તુનું પ્રયોજન પણ સમજાવીશ. નવકાર મંત્રમાં પણ બોલો છો ને? **एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो.** એનો અર્થ ખરો છે કે, આ પંચ નમસ્કાર તે સર્વ પાપનો પ્રનાશક છે. એ એકવચન છે, પણ બહુવચન નથી. છતાં અર્થમાં બહુવચન કરીએ છીએ. સૂત્રનો મહિમા માટે જણાવ્યું એ પંચ નમસ્કાર શ્રુતસ્કંધ રૂપ અને સર્વ પાપનો નાશ કરનાર છે. આ નમસ્કારનું પ્રયોજન છે. ઠેકડે ઠેકડે ઉડીને હેઠ બહુચરાજી પોચીએ એના જેવી વાત કરીને? આ નવકારનું સૂત્ર સર્વ પાપનો નાશ કરી દે છે. એટલેાજ અર્થ કર્યો અને મહિમા ગણાવી દીધો અહીં એનો સંબંધ શો? લાકડે માંકડું વળગાવી દીધું ને? અહિં નવકારની અવગણના નથી. પણ શંકાકાર શંકા કરે છે કે નવકાર ગણ્યો તેમાં તમે ફળ બતાવી દીધું કે નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે છતાં ગાંડા છીએ કે પંચિંદિય અને લોગસ્સ ગણીએ છીએ. શિખનાર અને શિખવનાર બન્ને ગાંડા કારણ સર્વ પાપનો નાશ કરવો એ ધ્યેય છે અને તે નવકારથી થાય છે. એમ તમો જણાવો છો: આ તો અતિશયોકિત લાગે છે. કારણ દુનિયામાં પરણે તેને ગાય એવો સ્થિતિ છે. પછી તો નાનો બાળક હોય, અને ઘોડા ઉપર બેસાડનાર પણ બીજો હોય છતાં ગાનારા બેરા તેનોજ પ્રશંસા કરે છે. અર્થાત્ ઇંડરીયો ગઢ જીતવા જેવો વાત કરાય છે. હવે જ્યાં સુધી હેતુ સમજાવાય નહિં ત્યાંસુધી ફળને અંગે શંકા થાય તેનું નિવારણ થઈ શકે નહિં. આપણો સિદ્ધાન્ત શો છે? કે સર્વ પાપનો નાશ કરનાર નવકાર છે. આ વાત ઈડરીયા ગઢ જેવી વાત નથી. **दध्यानय** એ વાકયમાં દહિં લાવો એ કહેલું છે છતાં હાંડો લાવ્યો તેને ઠપકો આપો કે હાંડો કેમ લાવ્યો? કારણ ભાજન વિના દહિં આવી શકે નહિં અને લાવનારથી તે વિના દસ શેર દહીં લાવી શકાય નહિ. દહીં લાવવાની સાથે ભાજન લાવવાનો હુકમ થઇ જાય છે. હવે દહીં લાવવાના હુકમથી ભાજન લાવવાનું ચોક્કસ છે, તેવી રીતે અહિં પણ સર્વ પાપના નાશ કરનાર એવા તીર્થંકર છે અને તેવી છાપવાળા તીર્થંકર અરિહંતાદિને નમસ્કાર કરીએ એટલે પાપનો નાશ સાથે થાય છે.

## સર્વ પાપનાશક પરમેષ્ઠિઓ.

વકીલો, બેરીસ્ટરો, સોલીસીટરો, અને ડાકટરો પોત-પોતાની ડીગ્રીઓવાળા પોતાના ધંધાની જાહેરાત પૂર્વક પાટીયા ચોંટાડે છે. તેવીજ રીતે અરિહંત પરમાત્માએ પોતાનું બોર્ડ સર્વ પાપના નાશ કરનાર તરીકેનું રાખ્યું છે. તેવાએજ મારી ઓફીસમાં આવવું. જેને પાપના પોટલા બાંધી રાખવા હોય, અને સંસારમાં રખડવું હોય, તેવાને માટે આ ઓફીસમાં સ્થાનજ નથી. પાપ નહિ કરવાની ઈચ્છાએજ પ્રવેશ કરાય છે.

**"एसो पंच नमुक्कारो ऋद्धि-सिद्धि प्रदायको"**

એમ બોલાયજ નહિ. જો કે નમસ્કારથી તે થાય છે ખરૂં પણ બોર્ડ તરીકે નહિ. સુવાવડના બાતામાં નાક, કાન, આંખના ડોકટરો રખાય છે, અને તે તે કામ કરાવાય છે છતાં નામ તો પ્રસુતિગૃહજ અપાય છે. આંખના ડોકટરને ચૂંક આવતી હોય તો દવાથી મટાડાય. એમ નહિ પણ તેની દવા કરાય, પરંતુ તે ડાકટરને આંખના સ્પેશ્યાલીસ્ટ ગણાય છે, બાકીના ગૌણ તો હોયજ. તેમ અહિં આ પાંચ પરમેષ્ઠિઓ ઋદ્ધિ-સિદ્ધિના સ્પેશીયાલીસ્ટ નહિં પણ સર્વ પાપનો નાશ કરવો તેમાંજ સ્વતંત્ર છે, તે સંબંધમાં બીજો હાથ ન ઘાલે. હવે જેને સર્વ પાપનો નાશ કરવો હોય, નાશ નાશ કરવાની ઈચ્છા હોય તેજ અરિહંતાદિને નમસ્કાર કરે. ચોકખું કહે છે કે તગારી દ્રષ્ટિએ પરમેષ્ઠિ ગાંડા છે, કારણ કે કોઇ થેલીમાંથી રૂપીયા નાંખી દે તો તેને મગજ ચસ્કી ગયેલો કહી ગાંડાની ઉપમા આપો. ખુલ્લા માથે ધોતીયું નહિં અને કાછડી વિનાનો પગરખા વિનાનો હોય તેને તમે ગાંડો પાગલ કહો છો ને? તે બધું અમારે છે એટલે પૈસા ફેંકવાની વાત પણ અમો કરી ગયેલા છીએ ધોતીયું કાછડી જોડા છેજ નહિ. આવા ઉલ્ટા પરમેષ્ઠિઓ પાસેથી શું લેવાનું? અરે ગાંડો તો પોતેજ ગાંડપણ કરે, પણ બીજાને તે નહિં કહે? પણ આ તો આમાંજ કલ્યાણ માની બેઠેલા છે અને બીજાને પણ તેમ કરવા જણાવે છે. ધન માલ કંચન સર્વ દુર્ગતિનું ભાજન છે. તેને છોડો એમ જણાવે છે. હવે આવાની પાસે આવવાનું કારણ શું? તે કહો કે પાપને નાશ કરવાની બુદ્ધિ ન હોય તો દાખલ થવાનું કામજ નથી? **सव्व पावप्पणासणो** એ જે પદ છે તે તીર્થંકર મહાત્માનું બોર્ડજ છે. અમારે ત્યાં તેજ આવો કે જેને પાપનો નાશ કરવો હોય. જેમ આંખ, કાનના ડોકટરો પાસે આંખ કે કાનના રોગી-ઓજ જાય. બીજા નહિ. તેમ અહિં અરિહંતાદિમાં સમજવું. અર્થાત્ સર્વ પાપનો નાશ કરવો હોય તેજ આ પાંચની પાસે આવે.

## જાહેરાતને અનુસરતી જોગવાઈ.

હવે આ બોર્ડ સાચું છે કે નહિ? કેટલાક રાજાઓ બોટી બોફીસ-કારકુન આદિ રાખે છે, સિક્કો-છાપો રાખે છે હવે તે બ્યાજબી છે કે નહિ. તેમ અહિં પંચ પરમેષ્ટિ એ સીક્કો સર્વ પાપના નાશનો રાખ્યો છે તે સાચો છે કે નહિ? તે સહેજે સમજાય તેમ છે. કલ્પ વૃક્ષની આગળ જે ચિંતવવામાં ચૂકે તેજ ચૂકે, પણ જે ચિંતવવામાં ન ભૂલે તે તો પામી જાય. તેમ અહિં ધર્મ આગળ પણ ચિંતવવામાં જો ભૂલે એટલે ઋદ્ધિ સિદ્ધિ આદિ પૌદ્ગલિક વાંચ્છા કરે તો કામ ન લાગે. પણ એવી ભાવના ભાવે કે આ ધર્મ હું સર્વ પાપના નાશને માટે કરૂં છું. તેથી હું તીર્થંકરાદિને વંદન નમન કરૂં છું અને તેથીજ તેમના શરણે આવેલ છું. આવી ભાવનાવાળાને અર્ધ પુદ્ગલ પરાવર્તમાં સમ્યક્ત્વ થાયજ. આ વાત જ્યારે નક્કી છે. તો પછી આગળના સૂત્રો ભણવાથી શું? જેમ ગોટલો વાવ્યો તેમાં ગોટલો થવાનો છે. અને આંબો પણ થવાનોજ છે. એ બેમાં વાવવાની વાતમાં સિંચ્યા વિના થવાનું નથી. કેરી આવવી. તે પણ સિંચ્યા વિના થવાની નથી. આંબાના

ગોટલાને અંગે આંબો થવાનો છે. ફળ લાવવા માટે સીંચવાની ઉછેરવાની અને રક્ષણની જરૂર છે. તેમ અહિં સર્વ પાપનો નાશ ઇચ્છેલો છે. તેને માટે બાકીના સૂત્રો ભણવાની તે કરવાની વિચારણા તે પણ રક્ષણ-સિંચન રૂપ સમજવું. આ વાત હવે હેતુએ સમજાવીએ ત્યારે માન્ય રખાય. અનાદિ કાળથી જીવ રખડયો. તે કાળા ધોળા કરતો આવ્યો છે, પણ તેને પાપનો નાશ કરવાની બુદ્ધિ કે વિચાર આવ્યોજ નથી. એવો વિચાર અર્ધ-પુદ્ગલ પરાવર્ત સંસારીને તેમજ સમ્યક્ત્વીને આવે છે. આથી નમસ્કાર સૂત્ર સર્વ પાપને નાશ કરનાર છે. તેવી રીતે કમળનો ઉપનય કહ્યો તેમાં આદરવા લાયક છાંડવા લાયકપણું જણાવશું અને સાથે સાથે તેના કારણો ન જણાવાય તો ફળની આશા રખાય નહિં.

## ગ્રહણ-ધારણામાં ફરક.

હવે હેતુ સહિત કહેવા છતાં કારણ ન સમજાય તો વસ્તુ મગજમાં ઉતરી શકે નહિ. તેના કારણોમાં-સિદ્ધમાં અનંત સુખ શાથી? સર્વ કર્મનો નાશ થયો. આત્મા જેમ જ્ઞાન સ્વરૂપ છે તેવીજ રીતે અનંત સુખના સ્વભાવ વાળો છે. એ નિમિત્તથી સર્વ કર્મના નાશના હેતુ સમજી શકાય. હવે કમળનો ઉપનય પણ હેતુ યુકિત નિમિત્તાદિથી જણાવીશ. એક વખત સમજાવ્યું પછી બીજી વખત નહિ સમજાવું એમ નહિં. જેમ નાનુ બચ્ચું ડાલડીને ઓળખતું નથી અને ઓળખાવાય છે, છતાં ભૂલી જવાથી બીજે દિવસે પૂછે. તેમાં કંટાળો લવાયજ નહિ. કારણ ગ્રહણ શકિત કે ધારણા શકિત વિના તે બાલક શું કરે. અને શકિત આવવાથી આપો આપ બાળક પોતે તે વસ્તુને સમજી રાખે છે. છોકરા માટે વારંવાર કહેવાય છે તો પછી આ આત્મા તો અનાદિનો બાળક છે. અને તેને એક વખત કહે ન પાલવે. તેને તો ઘણીવાર કહીશ અને દેખાડીશ. બીજી વાત દ્રષ્ટાન્ત-હેતુ-નિમિત્ત સર્વ બતાવ્યા છતાં તેનો પડછો દેખાડવો જોઈએ. પડછો (સાક્ષાત્કાર ફળાદિ) દેખાડવા સુધી વસ્તુની સાબીત કરવામાં આવે તો લોકોને શંકાનું સ્થાન ન રહે. એટલે છાંડવા લાયક અને આદરવા લાયકના


## માનવંતા ગ્રાહકોને-

૧. ચાલુ વર્ષના પ્રથમ અંકથી નિયમિત અંકો મેળવનારે ભરેલું લવાજમ કારતક માસથી શરૂ ગણવું, અને બીજા વર્ષનું લવાજમ આવતા કારતક માસ પહેલાં ભરી દેવું.

૨. વી. પી. થયેલા અને થતા અંકો ગ્રાહકોએ છોડાવી લેવા, પરતુ નહિં લેવાની ઇચ્છાવાળાએ અગાઉથી પોસ્ટદ્વારા સૂચના દેવી.

૩. વિહાર દરમીયાન પૂ શ્રમણ ભગવંતોને જે જે અંકો ન મળ્યા હોય તે પોસ્ટ દ્વારા જણાવવાથી નિયમિત સ્થળે અંકો મોકલી આપવામાં આવશે.

૪. ચાતુર્માસની સ્થિરતા થવાના દિવસો નક્કી થયે પૂ. શ્રમણ ભગવંતોએ તુરત વ્યવસ્થિત સરનામું જણાવવું.

૫. ધાર્મિક વાંચનનો લાભ બહોળા પ્રમાણમાં લેવાતો હોય તેવી સંસ્થાઓએ વિનંતિ પત્ર લખી મોકલવાથી ભેટ મોકલવા પ્રબંધ થશે.

૬. પ્રથમ જણાવેલ સરનામે મોકલેલ અંક પોસ્ટ થયેલ હશે તે તપાસ કરી મંગાવી લેવા, ગ્રાહક અગર ભેટ મેળવનારની ભૂલથી બીજી વખતે તે અંક નહિં મોકલાવાય.

૭. લવાજમ ભરનારે, ભેટ રકમ આપનારે, અને ગ્રાહક થનારે નીચેના સરનામે નાણાં તથા પત્રવ્યવહાર કરવો.

૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૨ ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંદલાગલી, ગોપીપુરા, સુરત.

લી૦ તન્ત્રી.

વિભાગો તેના ફળાદિનો વિભાગ પણ કરી બતાવીશ. આવી રીતે દાષ્ટાન્તિકને કહેવાનો ઉપક્રમ કર્યો. જેમ મેઘ ગર્જારવ કરે અને વરસે નહિં. તેમ અહિં નથી. કેસમાં જેમ મુદ્દાઓ ટંકાય પછી એકેક વિષય ચર્ચાય તેમ અહિં મુદ્દાઓ તો બતાવ્યા પણ હવે તે એકેક વાતને હું અનુક્રમે બોલીશ. આ વાત પ્રભુએ શ્રીમુખે કહી. હવે પ્રથમ ઉપમામાં કર્યો પદાર્થ ઘટાવે છે તે અગ્રે વર્તમાન.

## ભાવનાધિકાર.

### તપસ્યાનું સામ્રાજ્ય.

શાસ્ત્રકાર મહારાજશ્રી જિનહર્ષસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે વિંશતિ સ્થાનક ચરિત્રની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે—**भूयांसि तपांसि०** દાન, શીલ, તપ, ભાવ એ ચારે પ્રકારના ધર્મમાં તીર્થંકર પદવીનું કારણ જો કોઇપણ હોય તો વિંશતિ સ્થાનક તપોધર્મની આરાધના છે. તેમાંના વીસે પદો દાનમય છે, શીલમય છે. એટલે દરેક પદની આરાધનમાં દાન-શીયળ પાળવાનું, સંયમ ચાખવાનું અને ભાવના પણ દરેક જાતના જીવોના ઉદ્ધારની રાખવાની છે. મોક્ષ સારો અને સંસાર ખરાબ એવી ભાવના રહેવાનીજ છે. જો સંસાર સારો અને મોક્ષ ખરાબ એ ભાવના હોત તો તે દુર્ધ્યાનમાં જાત. હવે દરેક પદોમાં દાન-શીલ-ભાવ આદિ રહેવાના છે. છતાં તેને (વિંશતિસ્થાનકને) તપમાં કેમ નાખ્યું? તપની કોટીનું કારણ શું? મુખ્યતાએ જીવને ઘાંચીના ઘાણીના બેલની જેમ ચકાવો છે તેની ઉપર અસર દાન-શીલથી થાય તે કરતાં તપથી વધારે થાય છે. સાધુઓએ પૂર્વે વિત્તદાન દઇ દીધેલા છે, શીલ ઉપર કબજો કરી રહ્યા છે; અને ભાવના પણ ભાવી રહ્યા છે. તો તેમને સાધુપણામાં કરવાનું શું? તો કહે છે કે હવે સાધુઓને કરવાનો વીસ સ્થાનક તપ છે. નંદનમુનિ માસક્ષમણના પારણે માસ ક્ષમણ એમ લાખ વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરે છે. એવી રીતે વીસ સ્થાનકની આરાધના કરી. કહો કે શ્રમણ ભગવંતોને મુખ્યતાએ આરાધવાનું સ્થાન હોય તો આ તપસ્યાજ છે. અહિં અહિં અનાદિના ચકાવા ઉપર કબજો મેળવનાર તપસ્યા છે. દાનને અંગે શીલને અંગે નિયમિત સંખ્યા નહિં. પંચાશક જેઓએ સાંભળ્યું કે વાંચ્યું હશે. ત્યાં છુટ દેવામાં આવી છે-કે અમુક ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને રોહિણી વિગેરેની પણ તપસ્યા કરી શકાય. દાન શીલ અને ભાવમાં પલટો ન થઇ શકે એટલે દાનમાં જ્ઞાન અભય ધર્મોપગ્રહ એ ત્રણ ભેદ, શીલમાં સાધુને પંચ મહાવ્રત અને ગૃહસ્થને બાર વ્રતાદિ, ભાવમાં મોક્ષ સારો અને સંસાર ખરાબ એ રહાય જેવા દેશમાં કે કાળમાં જાઓ તેમાં ફેરફારજ નહિં, પણ તપ માટે તો કોઈ પણ નામે કરી શકો છો. યોગ-શુદ્ધિના નામે અને તીર્થંકરના કલ્યાણકોને નામે પણ થઈ શકે તેથી કહે છે કે,

ઘણા તપો છે તેની સંખ્યા નહિ. પુષ્પમાળામાં મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરીજી, અને પંચાશકમાં પણ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી પણ કહે છે કે. આવા આવા બીજાં પણ ઘણુંજ તપો છે. તેથી અહિં શ્રી જીનહર્ષગણીજી કહે છે કે ઘણું તપો છે. એનું પ્રમાણ નથી. જે કાળના પલટાયે કે દેશના પલટાયે પલટી જાય પણ તેના સ્વરૂપમાં પલટો ન થાય એવા ઘણું તપો ધર્મના પ્રકારો છે. ચારે પ્રકારના આહારનો ત્યાગ, કષાયનો ત્યાગ, જીનેશ્વરનું પુજન, શુભ ભાવ–એમાં પલટો નહિં. વસ્તુ સ્વરૂપ તો તેજ જીનેશ્વરના શાસનની અંદર તપો ઘણા પ્રસિદ્ધ છે. જો એમ ન માનીએ તો નળરાજાની દમયંતીએ અષ્ટાપદને ઉદ્દેશીને કરેલ તપ તે કયા આગમમાં છે ? કહો કે તે ઉપલક્ષણથી તપનો ભેદ છે. હવે તપના ઘણા ભેદો હોવા છતાં વીસ કેમ લીધા ? કારણ એકજ કે બીજા બધા તપો જે છે તે જુદા જુદા ઉદ્દેશવાળા છે. એટલે એકેક ઉદ્દેશવાળુ હોય છે ત્યારે આ વીશ સ્થાનક તપને સર્વ અંગના ઉદ્દેશવાળું, સકળ જંતુઓને તારવાના ઉદ્દેશવાળું આજ છે. તેના જેવું બીજું એક પણ તપ નથી. અર્થાત્ બીજા તપો અંશિક ઉદ્દેશવાળા અને આ વીશસ્થાનક તપ સર્વ ઉદ્દેશવાળું છે. તે કયા કયા તીર્થંકરોએ કર્યું ? તો કોઇ તીર્થંકર પૂર્વ કાલે થયા નથી, ભવિષ્યમાં થશે નહિં, તેમ વર્તમાનમાં થતા નથી કે જેમણે આ વીશસ્થાનકની આરાધના ન કરી હોય. હવે તે સ્થાનકો કયા ? તેની આરાધના કોને કરી વિગેરે અગ્રે વર્તમાન.

# પાપનું પ્રાયશ્ચિત.

(લેઃ—ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ)

પુષ્પની શોભા મધુર સુવાસમાં સમાએલી છે, સરોવરની શોભા નિર્મલ જલમાં સમાએલી છે, તેમ નર અને નારીની શોભા શીયળના રક્ષણમાં સમાએલી છે.

જેમ સુરભિ વિહોણા પુષ્પની કિમ્મત કાંઇ નથી, જેમ લૂણ વિહોણા ભોજનની લહેજત આવતી નથી, જેમ જળ વિહોણા સરોવરની શોભા કાંઇ નથી, તેમ બ્રહ્મચર્ય વિહોણા માનવીની કિમ્મત પણ કાંઇ નથી.

સંયમી આત્મા, પોતાના માટે અને જનતા માટે કલ્પવૃક્ષ સમાન છે. જ્યારે વ્યભિચારી આત્મા, પોતાના માટે અને જનતા માટે કંટકતરૂ જેવો છે. સંયમી આત્મા, ભલે ત્યાગી ન હોય અને સંસારમાં હોય તો પણ તે અનેક કુકર્મોથી બચી, સ્વપરનું કલ્યાણ સાધે છે તે નિર્વિવાદ સત્ય છે.

આજ વાત હું તમને એક સુંદર દ્રષ્ટાન્તથી સમજાવું.—

એક ગામમાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ ઉદયચંદ્ર અને બીજાનું નામ વિદ્યુત્ચંદ્ર

એમની મૈત્રી એવી ગાઢ કે જાણે પુષ્પ અને સુગન્ધ.

યૌવનકાળમાં પ્રવેશ કરતા ઉદયચંદ્રનું લગ્ન, એક રૂપવાન્ છતાં ગુણવાન્ એવી સુશીલ સુશીલા સાથે થાય છે. આ વાતને વર્ષોના વાણાં વાય છે એવામાં એક દિવસ વિદ્યુતચંદ્ર પોતાના મિત્રને મળવા ઉદયચંદ્રને ઘેર આવે છે. પણ ઉદયચંદ્ર બહાર ગએલો હોવાથી સુશીલા તેનો સત્કાર કરે છે અને સ્વાભાવિક એવા નિર્દોષ ભાવથી તેના પ્રત્યે બહુમાન દર્શાવે છે.

પણ વિદ્યુતચંદ્ર એનો અર્થ ઊંધો કરે છે. એ મોહના સામ્રાજ્યમાં જકડાતો જાય છે. અને કામાન્ધ બને છે. સાચી વાત છે કે, **कामी दोषान् न पश्यति.**

**શીયલની મહત્તાને નહિં સમજનાર પામર-અણસમજુ-આત્માઓને, વિષય વિલાસની તીવ્ર અભિલાષા થાય, તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.**

મિત્ર માટે તીક્ષ્ણ ભાલાના ઘાને સહન કરનાર આ વિદ્યુતચંદ્ર, સુશીલાના એક નિર્દોષ કટાક્ષને સહન કરી શકયો. હવે તે રોજ વારંવાર મિત્રને ત્યાં આવવા લાગ્યો. અને મધુર હાસ્ય અને દ્રષ્ટિ વિક્ષેપ કરવા લાગ્યો.

સુશીલા ચતુર હતી. તે આ ભેદને કળી ગઇ. પોતાના પતિના મિત્રને ઊંડા ખાડમાં પડતા બચાવવાનો વિચાર કરવા લાગી. **શીયળવંત આત્મા સદા સદ્બુદ્ધિવાળાજ હોય !**

આઠ દિવસ માટે પોતાનો મિત્ર બહાર ગયો હતો. સુશીલા ઘરે એકલી હતી, અને એકાન્ત હતું. આ અવસર ઉચિત જાણી વિદ્યુતચંદ્ર મિત્રના ઘેર આવે છે. સુશીલા એની કુટિલ ભાવના સમજી જાય છે, કારણ કે એના હૈયામાં ભાવ દયાનું ઝરણું અખંડ વહેતું હોય છે. એનાથી ઉપેક્ષા અગર તો કુકર્મ કેમજ થાય ?

વિદ્યુતચંદ્રે જરા હમત કરીને કહ્યું: મારા મિત્ર ઘેર નથી. તમે એકલા છો. તમારા રક્ષણ માટે હું શયન કરવા આજે અહિંજ આવીશ."

**વિષયાધીન આત્માઓ વિષયમાં એવા તો ચકચૂર બની જાય છે કે લજ્જા જેવી અપૂર્વ ચીજને પણ તેઓ જલાંજલિ આપી બેસે છે.**

કીચડમાં ખૂંચતાને બચાવવાની બુદ્ધિથી સુશીલાએ કહ્યું: "જેવી આપની મહેચ્છા."

આ કર્ણપ્રિય શબ્દોને સાંભળી, એના મનમાં અનેક પ્રકારની આનન્દની લહરીઓ લહરાવા લાગી. એ મનમાંજ બબડી ગયો. "ચાલો, ધારણા સફળ થઇ."

**પણ પાપીઓને ખબર નથી કે ધારેલી ધારણા તો ઘણાની ધુળમાં મળી ગઇ.**

સુશીલાએ એક સુંદર ઢોલીયો ઢાળ્યો. એના પર એક સુંદર સુંવાળો ગાલીચો બીછાવ્યો. એના પર રેશમ અને જરીના ઉંચામાં ઉંચા

સેલાં પાથર્યા. અને રસ્તામાં પણ ઉંચા ગાલીચા નાંખ્યા. ઓરડો એવો તો સુંદર દીપમાળાઓથી સુશોભિત કર્યો કે જાણે સ્વર્ગ લોક! પણ આંગણામાં તો ખૂબ કીચડ અને ડામર પાથર્યું.

રાત્રીના આઠના ટકોરા થયાને દ્વાર ઉઘડ્યું. દીપમાળાના ઝબમગાટથી ઝબમગતા ઓરડાને જોઈ, વિદ્યુતચંદ્રના મનમાં તો કામ-વાસના વધવા લાગી. એને થયું કે આ ભભકો તો બધો મારે માટેજ છે ને! **ઘુવડ દિવસે અન્ધ બને છે. કાગડો રજનીમાં અન્ધ બને છે. પણ કામી તો સદા અન્ધ બને છે.** કામથી અન્ધ બનેલો એ પણ ઓરડા ભણી કીચડમાં થઈ ધસ્યો. પણ ઓરડાના દ્વાર આગળ બીછાવેલા રેશમી ગાલીચા જોઈ, એ થંભી જાય છે ને સુશીલાને પૂછે છે. આ ગાલીચા અહિં શા માટે?

સુશીલાએ કહ્યું "આપ પધારવાના છો એટલા માટે."

આશ્ચર્યચકિત વિદ્યુતચંદ્રે કહ્યું. "આ ગાલીચા અને જરીના સેલા રસ્તામાંથી કાઢી નાંખો. કારણ કે, તમારા આંગણામાં કાદવ અને ડામર પડયાં હતાં. જેમાં મારા બધા પગ ખરડાઇ ગયા છે. આ ખરડાએલા પગ ગાલીચા ઉપર મૂકીશ તો બધા બગડી જશે, માટે ઉપાડી લ્યો."

સુશીલાએ હૃદયને વિંધી નાંખે એવા **માર્મિક** શબ્દમાં કહ્યું:—

**'વાંધો નહિ, આપ એના પર ખૂશીથી પગ મૂકો. ભલે એ બગડી જાય. તમે તમારો ને મારો જન્મારોજ બગાડવા બેઠા છો, ત્યાં આ ગાલીચો શું વિસાતમાં છે! જીવન કરતાં આ ગાલીચો ને વસ્ત્રો મોંઘાં નથી. આનાં મૂલ્યાંકનો કોઇ દિવસ આપણા નિર્મળ જીવનથી અધિક થનારાં નથી. તમે જો મારૂં સ્ત્રીત્વ લૂંટો છો અને તમારૂં પુરુષત્વ વેડફો છો, તો ભલે, બગડી જતાં આ વસ્ત્રો!"**

આ વેધક શબ્દો વિદ્યુતચંદ્રના હૈયામાં વિદ્યુતની જેમ તીવ્ર અસર કરી ગયા! એના હૈયામાં એક જબ્બર ચીરાડો પડયો! એના હૈયામાં પાપની જવાળાઓ સળગવા લાગી. એને મિત્રદ્રોહનું ભાન થયું! એનાં વિવેક નેત્રો ઉઘડી ગયાં! એના હૈયામાં અનેક પ્રકારના આંદોલનો થવા લાગ્યાં. મેં આ શું કર્યું? અરે, વિશ્વાસઘાત! અરે, દુષ્કૃત્યનું પાયશ્ચિત શું? લજ્જાથી એનું મુખ અવનત બન્યું. એ એકદમ સુશીલાના પગમાં આંસુ વહાવતો લોટવા લાગ્યો. ઓ! દેવી! ઓ! શીયલની મૂર્તિ! મને બચાવ. બચાવ. આ ભયંકર પાપથી બચાવ. એમ બોલતો એ સુશીલાના ચરણમાંથી ઉઠીને એક ભયંકર અટવી ભણી પાપનું પ્રાયાશ્ચિત કરવા ડગ ભરવા લાગ્યો!!!

## ચાલુ વર્ષના અંક ૧૦ ના "પ્રશ્નોત્તર પિયૂષાબ્ધિ" ના સુધારો.

પૃષ્ટ–૨૩૧. પ્રથમ કોલમ પંક્તિ-૨૨, પચ્ચક્ખાણ કર્યું નથી તેના બદલે પચ્ચક્ખાણ કર્યું છે, પરંતુ વધ બંધનનું પચ્ચક્ખાણ કર્યું નથી.

,, ,, બીજી કોલમ પંક્તિ-૧૦, તમારૂં ના બદલે ન મારૂં

,, ,, બીજી કોલમ પંક્તિ-૧૯, પૂજ્ય પુરૂષો અતિચાર કરે છે ત્યાર પછીનું અનુસંધાન વળી જે કહ્યું કે વ્રતની મર્યાદા તૂટે છે તે વાત પણ અયુકત છે.

,, ,, બીજી કોલમ પંક્તિ-૨૧," અનાઉપયોગે ના બદલે અનાઉપયોગાદિએ

પૃષ્ટ-૨૩૨. પ્રથમ કોલમ પંક્તિ-૨-૪, એમે ને બદલે એમ. અતિ નિંદાની ને બદલે અતિ નિંદનીય

,, ,, પ્રથમ કોલમ પંક્તિ-૧૩, વિરૂદ્ધાદિક ને બદલે રાજ્યવિરૂદ્ધાદિ

,, ,, પ્રથમ કોલમ પંક્તિ-૨૨, પહેલા અતિચારમાં ત્યાર પછીનું અનુસંધાન વિચારણાને અવકાશજ નથી એટલે વગર

પૃષ્ટ-૨૩૩ પ્રથમ કોલમ પંક્તિ-૩૫, સચિત્ત ત્યાર પછીનું અનુસંધાન. પ્રતિબદ્ધ હોય તો પહેલા બે અતિચારોમાં સમાવેશ થાય.

,, ,, પ્રથમ કોલમ પંક્તિ-૩૬, અથવાને બદલે અનેજો

,, ,, બીજી કોલમ પંક્તિ-૧૯, મગનોશીંગ ત્યાર પછીનું અનુસંધાન વિશિષ્ટ પ્રકારની તૃપ્તિકારક નહિ હોવાથી તુચ્છ ગણાય છે, હવે સચિત્તજ એવી તે

,, ,, બીજી કોલમ પંક્તિ-૨૦, અત્યના ના બદલે અત્યંત

,, ,, બીજી કોલમ પંક્તિ-૨૪, રસનાની ને બદલે રસનાના સ્વાદની

,, ,, બીજી કોલમ પંક્તિ-૩૨, કેમ ભેદ છે? ને બદલે કયો ભેદ છે?

---


## સાહિત્ય–રસિકો માટે

કલિકાલ–સર્વજ્ઞ–શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર–શ્રી ચન્દ્રસાગરજી–ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા–સન્ધિ–નામ–કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "**શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**" કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

**પ્રાપ્તિસ્થાનઃ—**

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ મુલીયન–એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૬. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ–અમદાવાદ.

# ॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

(ગતાંકથી ચાલુ)

## પાંચમા વ્રતના અતિચારો.

વ્રત લીધા પછી પણ વ્રતધારિયોને સંયોગવશાત્ ચિત્તની સમાધિ નહિં રહેવાથી લીધેલાં વ્રત-નિયમોમાં અતિક્રમાદિ=ઉલ્લંઘનાદિ થવાથી અતિચારો થાય છે તે જણાવે છે. ૧ ક્ષેત્રાદિ-સંબંધિ, ૨ હિરણ્યાદિ-સંબન્ધિ, ૩ ધનાદિ-સંબન્ધિ, ૪ દ્વિપદાદિ-સંબન્ધિ, અને ૫ સોના-રૂપા સિવાયની ધાતુઓ-સંબન્ધિના સાધનો વિગેરે અનુક્રમે યોજન-પ્રદાન-બન્ધન-કારણ અને ભાવથી અતિચારો થાય છે; તે વ્રતધારિયોએ સેવન કરવાં નહિં.

જેટલાં યોજન પ્રમાણમાં પરિમીત-ક્ષેત્ર-મકાન-આમાદિનો નિયમ રાખ્યો હોય તે લાભાદિ પ્રસંગવશાત્ વધુ યોજન રાખવાની ઇચ્છાદિ થવાથી ક્ષેત્રાદિ-સંબન્ધિનો યોજનાદિ ઉલ્લંઘન નામનો પ્રથમ અતિચાર. સોનું-રૂપું અથવા તે ધાતુની કિંમતિ ચીજોનું પરિમાણ કર્યું, પ્રસંગોપાત્ ધંધા-વેપાર, ભૂમિખનન અને રાજાદિની મહેરબાનીથી પરિમાણ કરતાં વધુ મળ્યું. હવે નિયમ ભંગ થાય તે માટે તે વધારાનું હિરણ્યાદિ વ્રત ભંગ ભયથી બીજાને દેવરાવી રાખે અને મુદત થયે પાછું લઇશ ઇત્યાદિ કરે તે હિરણ્યાદિ-સંબન્ધિ પ્રદાનાદિકરણરૂપ બીજો અતિચાર.

ગણી શકાય તેવું ગણિમ ધન સોપારી-શ્રીફળ વિગેરે, ત્રાજવાથી જોખી શકાય તે ધરિમ-ધન-ગોળ-સાકર વિગેરે, માપ વિશેષથી માપી શકાય તે મેય ધન-દુધ-તેલ-ઘી વિગેરે; અને તેજ-તોલ અને કિંમતથી પરખીને લઈ શકાય તે ઝવેરાતને પરિછેદ્ય ધન હીરા-પન્નાદિ. આ ચાર પ્રકારનું ધન પરિમાણ કરતાં પ્રસંગોપાત્ લાભાદિથી વધુ થઇ જાય તો વધારાનો માલ બીજાને ઘેર રાખવો, રખાવવો; અને મારો પોતાનો માલ વેચાઇ જશે એટલે ત્યાંથી પાછો લેઇ લેવા સંબંધિ અર્થાત્ ધન ધાન્ય સંબન્ધિ બન્ધન=નિયમન વિશેષ નામનો ત્રીજો અતિચાર જાણવો.

ચોથો દ્વિપદાદિ-સમ્બન્ધિ કારણવિશેષથી થવાવાળો અતિચાર આ પ્રમાણે છે. દ્વિપદ=પુત્ર-સ્ત્રી-દાસી-દાસ-નોકર-ચાકર-પોપટ વિગેરે, આદિપદથી ચાર પગવાળા ગાય-ભેંસ-ઘોડા વિગેરેનું પરિમાણ કરેલું હોય પરંતુ ગર્ભાધાન વિગેરે કારણથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ પરિમાણ ઉપરાંત થવાથી કારણ વિશેષ ચોથો અતિચાર થાય છે.

હવે પાંચમો કુપ્ય-સંબન્ધિ ભાવ=પર્યાયાદિ પલટન સ્વરૂપથી પાંચમો અતિચાર થાય છે. બેસવા-સૂવાના-પહેરવાના-ખાવા પીવાના સાધન વિશેષોનું જે પરિમાણ કર્યું હોય પરંતુ સંયોગવશાત્ ધનાદિની વૃદ્ધિ થવાથી તે સાધનોને (હલકા હોય તો ભારે, નાના હોય તો મોટા વિગેરે) પરાવર્તન કરીને વ્રતભંગ ભયથી જે કરાય તે પાંચમો અતિચાર છે.

આ ઉપરથી પાંચે અતિચારોના પ્રસંગાદિને લક્ષ્યમાં લેઇને વિવેકિયોએ ભાવિ પ્રસંગોને વિચારીને લીધેલું પાંચમું વ્રત અગર લેવા ધારેલું આ પાંચમું વ્રત નિર્મળ આશયથી નિર્દોષપણે પાળવા ઉજમાળ થવું ગાથા. ૧૮.

## પ્રથમ ગુણવ્રત સેવનથી થતા ફાયદા.

અણુવ્રતોનું સ્વરૂપ અને તત્સંબન્ધિ પ્રાસંગિક અતિચારોનું અવલોકન કર્યા પછી, ઉત્તર-ગુણ રૂપ, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષા-વ્રતોનું સ્વરૂપાદિ કહે છે. પાંચ અણુવ્રતો રૂપ મૂલ ગુણોને ગુણકર હોવાથી હવે કહેવાતાં ત્રણ ગુણવ્રતોનું સેવન અણુવ્રતધારિયો માટે આવશ્યક છે. ત્રણ ગુણવ્રતોમાં પ્રથમ દિશિ-પરિમાણ ગુણવ્રત, બીજું ભોગોપભોગ પરિમાણ ગુણવ્રત; અને ત્રીજું અનર્થદંડ વિરમણ ગુણવ્રત છે. ઉર્ધ્વદિશા-અધોદિશા અને તિર્યક્‌દિશાને આશ્રિતે જવા આવવાનો નિયમ વિશેષતઃ અંગી-કાર કરવો તેનું નામ દિશિપરિમાણ ગુણવ્રત છે. દિશાનું પરિમાણ કરવાથી અણુવ્રતોને શો લાભ ? હિંસા-જૂઠ-ચૌર્યાદિ વિરામ પામવું તે આત્માનો સ્વતંત્ર વિષય છે તેમાં દિશા કયો લાભ-બચાવ કરે છે ?, દિશા પરિમાણ એ ગુણવ્રત છે તો કયો ગુણ કરે છે ?; આવાં અનેકવિધ પ્રશ્નોની પરંપરા ઉપસ્થિત થાય છે, પરંતુ સમાધાન સમજ્યા પછી પ્રશ્નને ઉપસ્થિત થવાનો અવકાશ રહેતોજ નથી.

સમાધાનમાં સમજવું જરૂરીનું છે કે દિશા પરિમાણથી વ્રતોની મર્યાદા અથવા વ્રત-રૂપી પ્રદેશની પુનીત-સરહદ નક્કી થાય છે. સો યોજનની ઉર્ધ્વ-અધો અને તિર્ચ્છ દિશાના અને ચાર મહિનાદિ નિયમવાળાને તે સિવાયના ક્ષેત્રોમાં અને તે સિવાયના કાળમાં થતી હિંસા-જૂઠ-સ્તેયાદિનો સંબંધ નથી. આથી વ્રત ધારણ કરનારે હવે જે કાંઇ કરવાનું છે તેણે નક્કી કરેલ પ્રદેશમાંજ કરવાનું છે. આ ઉપરથી રાખેલા પ્રદેશમાંથી જેમ જેમ ઓછો પ્રદેશ થતો જાય છે તેમ તેમ વ્રત નિયમોમાં રાખેલી મોકલાશનો સંકોચ થાય છે. જેમ જેમ સંકોચ થાય છે તેમ તેમ પાપના વિચારો-પાપની પ્રવૃત્તિ આદિના દ્વારો બંધ થાય છે. મહાવિષધર-ફણીધરના ડંખથી ડંસિત થયેલા મનુષ્યનું શરીર વિષથી વ્યાપ્ત થાય છે, ત્યારે વિષહર-જાંગુલી-મંત્રવાદિઓ મંત્રદ્વારાએ સમગ્ર શરીરમાં વ્યાપેલા ઝેરને ડંખની જગોએ લાવીને સ્થગિત કરે છે; અને તેટલા પ્રદેશના ઝેરનું નિવારણ કરીને વિષમય શરીરને નિર્વિષ બનાવે છે; તેવી રીતે મહા મોહવિષધરના વિષથી મૂર્છિત થયેલ મનુષ્યના જીવનમાં સાતે ધાતુમાં ઓત-પ્રોત થયેલ વિષને આ ગુણવ્રત અંશિક પ્રદેશમાં લાવીને સ્થીર કરે છે. જેવી રીતે પ્રથમ ગુણવ્રતના સેવનથી અણુવ્રતધારિયો અણુ-વ્રતનું અખંડ પાલન કરે છે, અને મર્યાદામાં રહીને પાપમય પ્રવૃત્તિઓનું રોકાણ કરે છે; તેવીજ રીતે બીજું ગુણવ્રત ભોગોપભોગ-પરિ-માણ-વિરમણ વ્રતથી અને અનર્થદંડ વિરમણ વ્રતથી વ્રતધારિયોને સ્થૂલ-હિંસા-વિરમણાદિ અણુવ્રતોમાં પણ નિયમા ફાયદો થાય છે. આથીજ સાતમા-આઠમા વ્રતને ગુણવ્રત કહેવાય છે, કારણ કે અણુવ્રત-ધારિયોના અણુવ્રતોનું અંગીકરણ-પાલન અને રક્ષણ કરવામાં અવશ્ય-મેવ ગુણ કરનાર હોવાથી તે ત્રણેને ગુણવ્રતો કહેવાય છે. સાતમું ભોગોપભોગ પરિમાણ વિરમણ વ્રત અને આઠમું અનર્થદંડ-વિરમણ વ્રતના સારાંશમાં અણુવ્રતોને કઇ રીતિએ ગુણ કરે છે તે વાત તે તે ગુણવ્રતના પેરેઆફમાં સમજાવવાનો યથાશક્ય પ્રયત્ન થશે.

## પ્રથમ ગુણવ્રતની મર્યાદા.

આ ઉપરથી આ વ્રતને ધારણકરવાવાળાનો પાપમય પ્રવૃત્તિનો પ્રદેશ નિર્ણીત થાય છે, નિયમ કરેલ બહારના બધા પાપોના આશ્રવદ્વારા

થાય છે. જરૂરીયાતના કાર્યો કરવાનો પ્રસંગ આવે તો નિયત કરેલ દિશા-વ્યાપ્ત ક્ષેત્રમાંજ કરવો તે નિર્ધાર થાય છે, નિયત કરેલ ક્ષેત્ર બહારના પ્રસંગોને જતા કરવાનું ધૈર્ય કેળવાય છે, નિયત કરેલ ક્ષેત્રમાં ગ્રહસ્થાશ્રમને ઉચીત કાર્યવાહી કરવાથી અને નિયત કરેલ ક્ષેત્ર બહારના પ્રદેશના પ્રસંગોથી પરાઙ્મુખ થવાની વૃત્તિથી દ્રઢતા કેળવાય છે, આ દ્રઢતા અનુક્રમે આત્માને પુણ્યોદય પાપોદયની વિચારણામાં વ્યવસ્થિત કરે છે; અને નિયમિત ક્ષેત્રમાં રહીને પાંચે અણુવ્રતોનું પાલન પૂર્ણ પ્રેમથી કરવામાં સંતોષનું સામ્રાજ્ય વૃદ્ધિ પામે છે. નક્કી થયેલ સરહદની બહાર જવામાં શો ભય છે?, શું નુકશાન છે?, આત્માની કેવી કફોડી હાલત થાય છે; વિગેરે વાતોનું દિગ્દર્શન કરાવી નેત્રને વિકસ્વર કરનાર આ પ્રથમ ગુણવ્રત છે. આથીજ અણુવ્રતધરોના અણુવ્રતને આ ગુણવ્રત ગુણકર છે, એ સમજવું સ્થાન પુરસ્સરનું છે. આ ગુણવ્રત-વ્રતધારિયોને એક હિસાબે પરતંત્ર બનાવીને આત્મિક-સ્વતંત્રતાના સત્ય-રાજ-માર્ગમાં સ્થિર કરે છે.

## પ્રથમ ગુણવ્રતના અતિચારો.

પ્રથમ દિશિપરિમાણ ગુણવ્રતમાં પ્રાસંગિક થતા ત્રણ અતિચારો સમજીને, વ્રત ધારિયોએ તે અતિચારોથી વિરામ પામવું જરૂરીનું છે. ૧ ઉર્ધ્વદિશિમાં જવા માટે નિયત કરેલ પ્રદેશથી બહારના પ્રદેશમાં ઉપયોગ રહિતપણે જવું, તેવીજ રીતે અધોદિશા-સંબન્ધિ અને તિર્ચ્છી-દિશા-સંબંધિના બન્ને અતિચારો મેળવતાં કુલ ત્રણ અતિચારો છે. આ ઉપરથી નિયત કરેલા ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં રહેલ પદાર્થોનું બીજા પાસે મંગાવવું અગર મોકલવું વિગેરે અતિચારમય-ક્રિયાઓનું વર્જન પ્રથમ ગુણ વ્રત ધારિયો માટે લાભદાયક છે. ગાથા ૧૯-૨૦.

## બીજા ગુણવ્રતનું સ્વરૂપ.

આ ગુણવ્રતને ભોગ-ઉપભોગ=ભોગોપભોગ પરિમાણ વ્રત કહે છે, અથવા ઉપભોગ-પરિભોગ વ્રત પણ કહે છે. એક વખત અથવા અંત-ર્વૃત્તિથી ઉપભોગ કરી શકાય એવાં અશન-પાનાદિ (ખાદ્ય અન્ન, ફળ, પીવા લાયક પાણી દુધ વિગેરે)ને ભોગ અથવા ઉપભોગ તરીકે ગણાય છે. અનેક વખત=વારંવાર અથવા બહિર્વૃત્તિથી ભોગવટો કરી શકાય એવાં વસ્ત્ર, અલંકાર, લલના, મકાનાદિને ઉપભોગ અથવા પરિભોગ તરીકે ગણાય છે. જે સ્થળે ભોગોપભોગ એટલે ભોગ-ઉપભોગ પરિમાણ વ્રત કહ્યું હોય ત્યાં ઉપભોગનો અર્થ અને પરિભોગનો અર્થ સમાન છે, પરંતુ આ ગુણવ્રતને ઉપભોગ પરિભોગ વ્રતથી જણાવ્યું હોય ત્યાં ઉપભોગ એટલે ભોગ શબ્દથી કહેવાતો વાચક શબ્દ ઉપભોગ લેવો. આ ઉપરથી ઉપભોગ શબ્દમાં વપરાતા उप અવ્યયનો અર્થ એકવાર અને અનેક વાર અર્થમાં પણ વપરાય છે.

**शब्दानामनेकार्था इत्येव वदन्ति इति न्यायात्।**

શબ્દોના અનેક અર્થ હોઇ શકે છે એ ન્યાયથી ઉપભોગ એટલે ભોગ અને ઉપભોગ એટલે પરિભોગ વાચક પણ થઈ શકે છે. આ વ્રતમાં બે પ્રકારે વર્જન થઇ શકે છે ૧. ભોજ-નથી, અને ૨ બીજું કર્મથી. પ્રથમ ભોજનથી વર્જવા લાયક શાસ્ત્ર સુપ્રસિદ્ધ સર્વ જાતિના કંદાદિ અર્થાત્ અનંતકાય, વડના ટેટા, પિપ્પલ, ઉદુમ્બર આદિ બહુ બીજ અને અતિશય ભોગની આશંકિત વધે તેવાં

ભોગના કારણો જેવાં કે રાત્રિભોજન, માળાધારણ, તામ્બૂલ ચાવન, અંગનાદિનું સેવન તથા મધુ-માંસ-મદ્ય-માંખણ વિગેરે મહા વિગયોનું વર્જન કરવું અથવા તો પરિમાણ દ્રવ્ય-કાલાદિને આશ્રિત કરવું.

૨. બીજું કર્મતઃ=આજીવિકા માટે થતી ક્રિયારૂપ કર્મ તે કર્મ કહેવાય, અને કર્મને આશ્રિને થતાં પાપ સાધનરૂપ ખરકર્માદિનું વર્જન અથવા પરિમાણ કરવું તેને કર્મથી વર્જનાદિ કરવારૂપ વિરતિ કહેવાય છે. ખર-કર્માદિ=નિર્દય માણસોને ઉચિત કઠોર કર્મ પ્રાપ્તિરૂપ આરંભ કરનારા કોટવાલ-જલ્લાદિ (બંદીખાનાના ઉપરી-નાયકો વિગેરે) નું કર્તવ્ય તેને ખરકર્માદિ તરીકે જાણવાં.

વ્રતધારિ શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સર્ગ વિધિએ પ્રાસુક=નિર્દોષ અર્થાત્ વ્રતધારિને યોગ્યજ આહાર ભોજન સમયે વાપરી શકે છે, અને તેવા પ્રકારનો આહારાદિ ન મળે તો સચિત્ત=જીવમય આહાર વર્જિને અનેષણીય પણ વાપરી શકે છે; પરંતુ તેવો પણ આહાર પણ ન મળે તો અનન્તકાય-બહુબીજાદિને છોડીને આહાર વાપરે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ સંયોગવશવર્તિત-વ્રતધારિયો લાભા લાભ તપાસીને આ ગુણવ્રતમાં વર્જન કરવા યોગ્યનું વર્જન કરે છે, અથવા તો પરિમાણ કરવા તેઓ જરૂર ઉદ્યમવન્ત થાય છે. ગાથા ૨૧.

## બીજા ગુણવ્રત સમ્બન્ધિ-અતિચાર સ્વરૂપ.

વ્રતધારિયોએ જે વ્રત લીધાં હોય, અને તે વ્રત-નિયમ-વિષયક વિરૂદ્ધ પ્રવૃત્તિ થાય તો પણ શાસ્ત્રકારોએ તેને અતિચારાદિરૂપે કથન કરેલાં છે. અતિચારાદિનું આલોચન-પ્રાયશ્ચિત્તદ્વારે શોધન કરીને વ્રતને નિર્મળ કરી શકાય છે, પરંતુ લીધેલા વ્રત-નિયમનું સાપેક્ષપણું=વ્રત પાળવા પ્રત્યે અતિ ઉત્કંઠિતપણું હોય અને ઉપયોગ વગર અતિક્રમાદિ કારણને લીધે પ્રવૃત્તિ થઈ જાય તેજ સ્થળે અતિચારોની સંભાવના છે. જે સ્થળે વ્રતનું સાપેક્ષપણું નથી, અને નિરપેક્ષપણે નિઃશંક પ્રવૃત્તિ કરનાર છે તો તેવાઓને અતિચારાદિ હોતાંજ નથી, પરંતુ લીધેલા વ્રતનો ભંગજ થાય છે. દરેક વ્રતોમાં આ ઉપરનો ન્યાય લાગુ પડે છે. આ ઉપરથી વ્રતધારિયોએ વ્રતનું સેવન કરવામાં વ્રતનું રક્ષણ કર્યું છે, અગર વ્રતનો નાશ કર્યો છે; અથવા તો અતિક્રમ વ્યતિક્રમ અતિચાર લગાડયો છે તે વિવેકીયોએ વિવેકપૂર્વક ઉપરનું લખાણ વિચારવું.

શ્રાવકોએ શ્રાવકપણું સફળ કરવા માટે બને ત્યાં સુધી નિરવદ્ય-આહારાદિનું ભોજન કરવું, અને નિરવદ્ય-અલ્પારંભથી આજીવિકા-ગૃહસ્થા-શ્રમ ચલાવવો જરૂરી છે. આવા અલ્પારંભિ-શ્રાવકોને વ્રત સેવનની અતિ અભિલાષા હોવા છતાં પ્રથમ ભોજન સંબંધિના આ અનુક્રમે કહેવાતાં પાંચ અતિચારોનો સંભવ હોઇ શકે છે, તે જણાવાય છે.—૧ સચિત્ત-સંબન્ધિ, સચિત્ત-પ્રતિબદ્ધ-સંબંધિ, ૩ અપકવ-સંબન્ધિ ૪ દુષ્પકવ સંબન્ધિ; અને ૫ તુચ્છ=નિઃસાર-ભક્ષણ સંબન્ધિના પાંચ અતિચારો હોય છે.

અચિત્ત-આહારનો અર્થે આત્મા અચિત્તાદિ કંદ-ફળ-શાક ધારીને અનાઉપયોગે ખાવા જાય, પરંતુ હોય સચેતન તો પ્રથમ સચિત સંબંધિ અતિચાર. સચિત્ત-આહારનું વર્જનકરનાર

ભુલથી પકવ-બજૂરાદિનું ભક્ષણ કરે તો સચિત્ત-પ્રતિબદ્ધસંબંધિ અતિચાર બીજો જાણવો.

અગ્નિથી સંસ્કાર કરવા યોગ્ય બીજોને અગ્નિનો સંસ્કાર કર્યોજ ન હોય તે અપકવ સંબંધિ ત્રીજો અતિચાર જાણવો. અગ્નિથી સંસ્કાર કર્યા છતાં અધું કાચું અધું પાકું થઈ જાય જેમ ચોખા, મગ, કાકડી ચિભડાનું શાક વિગેરે દુષ્પકવ સંબંધિ ચોથો અતિચાર જાણવો. અને જે આહારથી (તુચ્છ=સત્ત્વ વગરના આહારથી પેટ ભરાયજ નહિં તે તુચ્છ ભક્ષણ સંબંધિ પાંચમો અતિચાર જાણવો.

ઉપર પ્રમાણે ભોજન સંબંધિના પાંચ અતિચારો સમજી ગયા. હવે કર્મ સંબંધિ પંદર અતિચારો જણાવે છે. ગાથા-૨૨-પૂર્વાર્દ્ધ.

## દ્વિતીય ગુણવ્રત-વિષયક-કર્મ સંબન્ધિ અતિચારો.

અંગાર કર્માદિ પંદર અતિચારોને પંદર કર્માદાનો કહેવાય છે. આ અંગાર કર્મ=ક્રિયા રૂપ પંદર અતિચારો પંદર કર્મ વિષયક થાય છે તે આ પ્રમાણે અનુક્રમે જાણવા.

૧ અંગાર કર્મ=અંગારા ( બાવળ વિગેરે લાકડાનાં ) પડાવીને વેચવાદિની ક્રિયા કરવી તે, ૨ વનકર્મ=વનને ખરીદવાં, વેચવા અથવા વિગેરેથી આજીવિકા ચલાવવી તે, ૩ શકટીકર્મ=ગાડાં વિગેરેની આજીવિકાથી જીવન નભાવવું તે, ૪ ભાડીકર્મ=શકટ-બળદ, ઘોડા, મકાનાદિના ભાડાથી જીવન નભાવવું તે, ૫ ફોટીકર્મ=જમીન ખોદાવવી-ખાણો ખોદાવવી વિગેરે ક્રિયાઓ કરવી તે, ૬ દન્તવાણિજ્ય=હાથીદાંત અગર તેવાં હાડકાં વિગેરેનો વેપાર કરવો તે, ૭ રસવાણિજ્ય=દારૂ-મદ્ય વિગેરેનો વેપાર કરવો તે, ૮ લાક્ષવાણિજ્ય=લાખ-રાલનો વેપાર કરવો તે, ૯ કેશવાણિજ્ય=દાસ-દાસીઓ ગુલામોને લેવા વેચવાનો ધંધો તે, ૧૦ વિષવાણિજ્ય=વિષ-ઝેરની અનેક જાતિઓ સંબન્ધિનો વેપાર કરવો તે, (જેનાથી ઘણા જીવોની વિરાધનાનો સંભવ છે તે), ૧૧ યંત્ર-પીલણકર્મ=તલની ઘાણી, શેરડીના કોલુ, અનાજ દળવાની ઘંટી, મીલો વિગેરેથી જીવન નભાવવું તે, ૧૨ નિર્લાંચ્છનકર્મ=બળદ વિગેરેને ખસી કર્મ કરવાથી હળ-ગાડાને ઉપયોગી થાય તે ક્રિયા કરવા કરાવવામાં રકત તે, ૧૩ દવાગ્નિકર્મ=ક્ષેત્રના રક્ષણ અર્થે અથવા ક્ષેત્રમાં ઘણું પાકે તેવી ધારણાથી ચાલુ રાજમાર્ગે અગર જંગલમાં અગ્નિ મૂકીને બાળવું તે, ૧૪ સરોવર-દ્રહ-તળાવ શોષણકર્મ=સરોવર, તળાવ, દ્રહ, કુંડ વિગેરેના પાણી સુકાવવા સંબંધિનું કર્મ, ૧૫ અસતીના પોષણકર્મ=યોનિ પોષકો કે જે દાસીઓ, વેશ્યા વિગેરેને પોષે છે. અને તે દ્વારાએ ભાડું વિગેરે મેળવી જીવન જીવે છે તે, અથવા આજની દુનીયામાં લોહીનો વેપાર કરે છે તે; આ પંદર કર્મ સંબંધિ અતિચારો નામ માત્રથી દિશા સૂચન રૂપે બતાવ્યા છે. પરંતુ તેવી જાતના બહુ સાવદ્ય અને તીવ્રારંભની કર્મ-ક્રિયાઓનો પંદર કર્માદાનોમાં સમાવેશ કરી લેવો. ઉપભોગ સંબંધિના પાંચ અતિચારો અને આ પરિભોગ સંબંધિના પંદર અતિચારોથી અર્થાત્ કુલ વીશ અતિચારોથી વિરામ-પામવા વ્રત ધારિયોએ ઉજમાળ થવું. આ સાતમા ઉપભોગ પરિભોગ વ્રતનું સેવન

કરનારો, વર્જન કરવા યોગ્ય પદાર્થને વર્જન કરનારો; અને સાપેક્ષપણે વ્રતનું રક્ષણ કરનારો જરૂર સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિ પાંચે અણુવ્રતોને અનુકુળ જીવન જીવનારો થાય છે. આ બીના વિવેકિયોને વિવેકપૂર્વક સ્પષ્ટ સમજાય તેવી બીના છે. ગાથા. ૨૨. ઉત્તરાર્દ્ધ.

## ત્રીજાગુણવ્રતનું સ્વરૂપ.

આ ત્રીજા ગુણવ્રતને અનર્થદંડ વિરમણ વ્રત કહેવાય છે. દિશિ પરિમાણ નામનું પ્રથમ ગુણવ્રત, અને ઉપભોગ-પરિભોગ-પરિમાણ વ્રત નામનું બીજું ગુણવ્રત, જેવી રીતે અણુવ્રતોને ગુણકારક છે; તેવીજ રીતે આ ત્રીજા ગુણવ્રતનું સેવન પણ અણુવ્રતોને અસ્ખલિતપણે ઉપકારક છે.

સ્વજન-કુટુમ્બ-સ્ત્રી-પુત્ર-પરિવારાદિ આશ્રિત સમુદાયને અનુસરીને આજીવિકા માટે જે કાંઇ કરાય છે તે બધું પ્રયોજન પુરસ્સરનું હોવાથી અર્થદંડ છે, પરંતુ પ્રયોજન વગર જીવોનું છેદન-ભેદન-તાંડન-તર્જન-ઉપમર્દન કરવું તે નિષ્પ્રયોજન પુરસ્સનું હોવાથી તેને અનર્થદંડ કહેવાય છે. ઉપભોગ-પરિભોગ નામના બીજા ગુણવ્રતમાં જે કાંઈ પરિમણાદિ કરાય છે, તે પ્રયોજન પુરસ્સરની પ્રવૃત્તિ અર્થરૂપ છે, જ્યારે આ ગુણવ્રતમાં નિષ્પ્રયોજન પ્રવૃત્તિ અનર્થરૂપ હોય છે. જે પ્રવૃત્તિ કર્યા વગર સંસારનો વ્યવહાર નભી શકેજ નહિં તે ભોગપભોગાદિ પરિમાણ અર્થરૂપ પ્રવૃત્તિથી અર્થાત્ પ્રયોજન પૂર્વકની પ્રવૃત્તિથી પણ આત્મા દંડાય છે, પરંતુ સંસારના વ્યવહારને કોઈપણ જાતની બાધા ન પહોંચે તેવી પ્રવૃત્તિ કરવાથી આત્મા દંડાય છે; તે અનર્થ દંડથી નિષ્પ્રયોજન પૂર્વકની પ્રવૃત્તિથી આત્મા દંડાયો એમ કહેવાય છે.

## અનર્થ દંડના પ્રકારો.

અનર્થદંડ ચાર પ્રકારનો શાસ્ત્રકારે જણાવ્યો છે. ૧ પ્રમાદાચરિત, ૨ સત્ત્વોપઘાત-હેતુભૂત, ૩ હિંસપ્રદાન=હિંસાપ્રદાન, અને ચોથું પાપોપદેશ. હવે મદ્ય-વિષય-કષાય-નિદ્રા અને વિકથાથી થતાં આચરણ અથવા તત્સંબન્ધિ (મદ્ય-વિષય કષાય-નિંદ્રા સંબંધિ) થતાં આચરણોને પ્રથમ પ્રમાદાચરણ કહેવાય છે. ૧. તેલ, ઘી, ગોળ, વિગેરેના ભાજનોને આલસ્યાદિને અંગે ઢાંકવા વિગેરે રહી જાય અને તેથી જીવોનું ઉપમર્દન= નાશ થાય તેથી બીજો સત્ત્વોપઘાત-હેતુભૂતમ્= જીવોના નાશમાં કારણભૂત કહેવાય છે. ૨. જે ક્રિયા પ્રવૃત્તિમાં હિંસન-ધર્મની પ્રવૃત્તિજ થવાની હોય અથવા હિંસાની પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ પરંપરા વધે તે સારૂ હિંસાના સાધન શાસ્ત્ર-અગ્નિ-વિષ-હલ-ઘંટી વિગેરે દેવરાવવાં તે હિંસપ્રદાન-હિંસાપ્રદાન નામનો ત્રીજો. ૩. જે ઉપદેશદ્વારાએ પાપની પ્રવૃત્તિ, પાપના વિચારો, અને પાપ વધે તેવા સાધનોની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ દેવો તેનું નામ પાપોપદેશ નામનો ચોથો. ઉપરના ચારે પ્રકારોમાં અપધ્યાન=દુષ્ટ અધ્યવસાય વર્તતા હોવાથી તે તે ચાર પ્રકાર રૂપ આચરણ પણ અનર્થ દંડ સ્વરૂપજ છે, અને તે તે ચાર પ્રકારનું સેવન કરીને આત્મા અનર્થ દંડથી દંડાય છે; આ હેતુથી અનર્થ દંડની વિરતિ કરવી યોગ્ય છે.

## અનર્થદંડ-વિરતિવિષયક-અતિચાર.

અનર્થદંડની વિરતિને ધારણ કરનારા-વિવેકિયોએ આ અનર્થ દંડ વિષયક પાંચે અતિચારોનું આલોચન પૂર્વક પ્રાયશ્ચિત કરીને વ્રતનું વિશોધન કરવું જરૂરીનું છે. ૧. કંદર્પ=કામ જાગે-મોહની વૃદ્ધિ થાય તેવાં વચન પ્રયોગ કરવાં તે કંદર્પ નામનો પ્રથમ અતિચાર. ૨. કુકુઇઅ=કામ જાગે અને મોહની અભિવૃદ્ધિ થાય તેવાં મુખ-નયન-કુત્સિત-સંકોચનાદિ ચેષ્ટાઓ કરવી તે કુકુઇઅ=કૌકુચ્ય-નામનો બીજો અતિચાર. ૩. મૌખર્ય=ધિંગાઇથી અસંબંદ્ધ પ્રલાપ કરવો જેમાં પાપોદેશપણાપૂર્વક અતિ વાચાલ પણું હોય છે તેને મૌખર્ય નામનો ત્રીજો અતિચાર. ૪. સંયુકતાધિકરણ=શકટ, ઘંટી, હળ, ગાડી, રથ વિગેરે અધિકરણો તૈયાર કરી રાખ્યાં હોય કે જેથી માંગનાર માંગે અને મેળવવાની સાથે મેળવનારને તુરત પાપના સેવનની અનુકુળતા કરી આપવી તે સંયુકતાધિકરણ નામનો ચોથો અતિચાર અને ૫. ઉપભોગ-પરિભોગ-પરિમાણ વ્રતથી અધિક વસ્તુનું સેવન વિગેરે કરવું તે ઉપભોગ-પરિભોગ અતિરેકતા=આધિકય સેવન નામનો પાંચમો અતિચાર. આ પાંચે અતિચારોને આત્માર્થિઓએ અવશ્યમેવ વર્જન કરવાં જરૂરી છે. અનાઉપયોગે સેવન કરવામાં ઉપરના પ્રસંગોમાં અતિચારાદિ થવાનો સંભવ છે, નહિં તો વ્રત ભંગનો દોષ આવે છે; માટે વ્રતધારીઓએ વ્રત-સેવનમાં સાવધાનતા રાખવી જરૂરીની છે.

આ ઉપરથી અનર્થદંડની વિરતિ કરનારા પુણ્યવન્ત-શ્રાવકોએ અટ્ટહાસ્ય=ખડખડ હસવું=જોર શોરથી હસવું નહિં, કુતુહલ કરીને બીજાઓને હસાવવાં નહિ, રાજ-કથા, દેશ કથા ભકત-કથા, સ્ત્રી-કથા ચાર કથાઓથી હંમેશા વિરામ પામવું, પર્વ તિથિએ ન્હાવા, ધોવા, ખાંડવા, દળવાના નિયમોને અનુસરવાનો ખ્યાલ રાખવો, નાટક-સીનેમાદિ જોવાં નહિ; અને અનર્થકારી રિતિએ આત્મા દંડાય તે તે વસ્તુઓથી વિરામ પામવા વિવેક રાખવો જરૂરીનો છે. ગાથા ૨૪.

## શિક્ષણાત્મક-શિક્ષાવ્રતોની જરૂરીયાત.

પાંચે અણુવ્રતોને ગુણકારક ત્રણ ગુણવ્રતોનું સ્વરૂપ અને અતિચારોનું સ્વરૂપ વ્રતધારિયોને વર્તનમાં તથા વિચારમાં સુધાની જેમ સીંચાઈ જાય છે, તેથી કરીને વ્રતધારિ-આત્માઓને શિક્ષાવ્રતના સેવનમાં લેશભર સંકોચ થતો નથી. શ્રમણ-ભગવંતોના મહાવ્રતોની અપેક્ષાએ પૂર્વ જણાવેલાં શ્રાવકોનાં સ્થૂલ-વ્રતોને અણુ વ્રતોના નામથી જણાવી ગયાં. અણુવ્રતોને અનુકૂળ અને ફાયદાકારક રીતિએ ગુણ કરનારાં હોવાથી ત્રણ ગુણવ્રતો તો જણાવી ગયાં. અણુવ્રતોનું અને ગુણવ્રતોનું સ્વરૂપ અને અપેક્ષાદિનું અવલોકન કરી ગયા પછી શિક્ષાવ્રતનું સ્વરૂપ કથન કરવા પૂર્વે શિક્ષાવ્રતોની શી જરૂરીયાત છે ?, અણુવ્રતો-ગુણવ્રતોની જેમ શિક્ષાવ્રતો જીવનમાં કેવા હિતકારક છે ?, ચારે શિક્ષાવ્રતોમાં શી શી વિશિષ્ટતાઓ છે ?; આવાં-અનેકવિધ પુનીત-પ્રશ્નોત્તરો આ પ્રસંગે સમજવાં જરૂરી છે.

શિક્ષા એટલે અભ્યાસ કહેવાય છે. અભ્યાસમાં અંગીકાર કરેલ નિયત આચાર-વિચાર-વાણીનું પુનઃ પુનઃ સેવન કરાય છે. અભ્યાસ સારો અને ખરાબ પણ હોય છે. અત્ર શુભ અભ્યાસની વાત છે. આજ વાતને સ્પષ્ટ કરે છે.

'पुनः पुनः प्रवृत्तिरूपोऽभ्यासः' इति कलिकाल सर्वज्ञः।

પાંચે અણુવ્રતોનું સેવન કરનારાઓ અને ત્રણ ગુણવ્રતો પરિપાલન કરનારાઓ જે શિક્ષા-વ્રતોના સેવનથી બેનશીબ હોય તો ભાવિ-જીવનમાં અર્થાત શ્રમણ યોગ્ય જીવનને જીવવા ભાગ્યશાળી થઇ શકતોજ નથી. સર્વથા સર્વદા નિરવદ્યનું સેવન અને સાવદ્યનો ત્યાગ યતિ પણાના આદર્શ જીવનમાં ઓતપ્રોત બની ગયેલો હોય છે. એ યતિપણાની યત્કિંચિત-સાદૃશ્યતાનું ભાન કરાવીને અંશે અંશે નિરવદ્યનું સેવન કરાય અને સાવદ્યનો ત્યાગ પગભર બને તે સારૂ શિક્ષાવ્રતોની અનિવાર્ય જરૂર છે. બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી નિરવદ્ય સેવનનો અને સાવદ્ય ત્યાગનો અભ્યાસ પ્રથમ શિક્ષાવ્રતથી થાય છે, અડતાલીસ મીનીટનો અભ્યાસ વધુ પગભર બને તે સારૂં લગભગ આઠ કલાકનો અસ્ખલિત અભ્યાસ બીજા દેશાવગાશિક શિક્ષા વ્રતથી થાય છે; અને આ નિરવદ્ય સેવનના નિર્મળ રંગમાં તથા સાવદ્ય ત્યાગના પુનીત પરિમલમાં ઓતપ્રોત બનાવીને જીવનમાં 'શ્રમણ ધર્મ સારભૂત છે' તેની આછી ઝાંખી થયાં કરે તે સારૂ ચાર પહોર-આઠ પહોરના અખંડ અભ્યાસ અધિક-અધિકતર-અધિકતમ થયાં કરે તેજ હેતુથી ત્રીજું પૌષધ-શિક્ષા વ્રતનું આયોજન અતિ જરૂરીનું છે. અનુક્રમે ત્રણ શિક્ષા વ્રતોનું વારંવાર સેવન કરનાર શ્રાવક-શ્રાવિકાઓના હૃદય મંદિરમાં પુનીત ભાવનાના ભવ્ય તરંગો જીવનભરમાં અસ્ખલિત ઉછળ્યાંજ કરે છે— જેવાં કે-"સાધુપણા વગર સંસાર સમુદ્રથી હું તરી શકવાનો નથી, સાધુઓ સિવાય મ્હને કોઇ તારનારા જગત્માં નથી, મને અને જગત્ને તારનારા આ શ્રમણ ભગવંતો છે, શરીરને પોષણ કરવા લાયકના આહારપાણી આદિથી તેઓનું સન્માન કરી કૃતાર્થ થાઉ, એ સાધુ ભગવંતોને દીધા વગર મારે ભોજન-પાણી લેવું કલ્પેજ નહિં, સાધુ રહિત ક્ષેત્રોમાં આવી ગયા હોય તો પણ સાધુ ભગવંતોની પ્રાપ્તિ માટે ઝંખના કર્યા કરે અગર મેળવવા માટે દિશા-અવલોકન પુનઃ પુનઃ કરે, સાધુ ભગવંતોને દીધાં વગરના ભોજનપાણી વાપરવાના અવસરે તે દિવસને વાંઝીયા દિવસની જેમ જાણે;" આવાં આવાં અનેક પુનીત ભાવનાના ભવ્ય તરંગોથી પાવન થયેલા આત્માઓ ચોથા શિક્ષા-વ્રતના અભ્યાસી બની, શ્રાવકપણાની ઉચ્ચ કક્ષાએ પહોંચીને સાધુધર્મ સેવનને યોગ્ય બને છે. સાધુધર્મની સન્મુખ કરનાર, સન્મુખ થયેલાઓને દૃઢ કરનાર; અને યતિધર્મનો યોગ્ય-માર્ગ બતાવનાર આ શિક્ષાવ્રતો છે. આ પ્રસંગે શિક્ષા વ્રતોની જરૂરીયાત અને શિક્ષા-વ્રતના સેવનથી હિતકારક ફાયદાઓ સમજી ગયા. હવે દરેક શિક્ષા વ્રતોનું અનુક્રમે સ્વરૂપ અને વિશિષ્ટતાઓ સમજવા પ્રયત્નશીલ થઇએ.

(અપૂર્ણ.)

૫૧૩. ગુણાનુરાગમાં રંગાયા વગર અને ભક્તિ-ભાવના ભવ્ય-તરંગો હૃદયમંદિરમાં ઉભરાયા વગર સુપાત્રદાનનું વાસ્તવિક ફલ પ્રાપ્ત થતું નથી.

૫૧૪. દેવા દેવ્ય નિર્દોષ વસ્તુ મળે, લેનાર સંયમ-તપસ્વી મળે, દેનારને દેવાનો અવસર પણ મળે; પરંતુ ભાવ ભર્યાં દેવાના પુનીત પરિણામ તો ભાગ્યશાળીઓનેજ થાય છે.

૫૧૫. દાનના સંસ્કારિ-આત્માઓજ શરીર ઇંદ્રિય-વિષય-વિકાર અને તેના સમગ્ર સાધનો પરથી મૂર્ચ્છા ઉતારીને મોહની મુંઝવણભરી પ્રવૃત્તિથી પરાઙ્મુખ થઈ શકે છે.

૫૧૬. ક્ષાયોપશમિક દાનદ્વારા ક્ષાયિકભાવને પ્રાપ્ત કરવો એ વિવેકીઓનું પરમ કર્તવ્ય છે.

૫૧૭. દાનનો મુખ્ય અર્થ ત્યાગ હોવાથી દાનેશ્વરીઓએ ત્યાગ-ત્યાગી અને ત્યાગના સાધનોમાં હરદમ રંગાઈ જવું જરૂરી છે.

૫૧૮ ટૂકડો રોટલો અને કટોરી પાણી સંયમધરને આપીને આપનારની ભાવના તો સંયમ મ્હને મળે અથવા સંયમ સાધન દ્વારાએ સંયમના સંયોગો ભાવિમાં મ્હને મળો એ ભાવનાએ આપતા શીખો.

૫૧૯. દાન દઇને પશ્ચાતાપ કરનારાઓ ભવાન્તરમાં દુઃખી થાય છે, અગર કદાચ સંપત્તિઓ મળે છતાં ભોગવી શકતાંજ નથી.

૫૨૦. પરોપકારિ પિતાએ અને પૂજ્ય ગુરૂએ અનુક્રમે પોતાના પુત્રોની અને શિષ્યોની સ્તુતિઃ-પ્રશંસા કરવીજ નહિં એમ નીતિકારો કહે છે તે અર્થ ગામ્ભીર્યનું આસ્વાદન કરો.

૫૨૧. હલાવેલી ખીચડી અને લાલન-પાલનપૂર્વક પંપાળેલી પુત્રી અનુક્રમે ભોજન યોગ્ય અને શ્વસુરપક્ષને યોગ્ય થતીજ નથી,

૫૨૨ ઇર્ષ્યાથી અંધ બનેલાઓનાં વિવેકનેત્રો કાર્ય સાધક થતાં નથી.

૫૨૩. 'ઇર્ષ્યાના પ્રબળ પ્રભાવે પીઠ અને મહાપીઠ મુનીશ્વરો છઠ્ઠે ગુણઠાણેથી પ્રથમ ગુણઠાણે આવી ગયા, અને સ્ત્રીવેદ બાંધ્યું,' આ પ્રસંગને વિચારનારાઓએ ઇર્ષ્યાને સર્વદા-સર્વત્ર દેશવટો દેવો એજ હિતકર છે.

૧૨૪. ઇર્ષ્યાના ચશ્મા ચઢાવનારને સીધું અને સરળ પણ વાંકું અને વક્ર જણાય છે, એજ ઇર્ષ્યાનો ચમત્કાર છે.

૧૨૫. ઇર્ષ્યાળુ-આત્માઓ ગુણીજનોનો, ગુણોનો અને ગુણપ્રાપ્તિના સાધનોનો વિનય-બહુમાન-આદર કરી શકતાજ નથી.

૧૨૬. ઇર્ષ્યાળુ મુનિવરોને ઇર્ષ્યાના આવિર્ભાવમાં ગુણને અવગુણ તરીકે દેખવામાં દેખાડવામાં માનવામાં અને કહેવામાં સમ્યક્ત્વ બદલે મિથ્યાત્વ આવિર્ભાવ થાય છે એ હંમેશા વિચારવું જરૂરી છે.

૫૨૭. જેઓ નિર્ગુણીઓને ગુણરત્નાકરો સાથે સરખાવવાની ધીઠાઈ કરે છે, તેઓ શાસ્ત્રમાન્ય સમ્યક્ત્વને હજુ પણ સમજી શકયાજ નથી એ સમજવું સ્થાન પુરસ્સરનું છે. આ પ્રસંગને વિશ્વવન્દ્ય-વીર પ્રભુ-હસ્ત દીક્ષિત શ્રી ધર્મદાસગણિવર્યજી સ્પષ્ટ કરે છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખકઃ—સુધાવર્ષી.)

નોંધઃ—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ० તન્ત્રી.

૫૦૨. અતુલ અને અગણ્યલાભની પ્રાપ્તિ હોવા છતાં તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછીજ ઉપદેશ દે છે એ ભૂલવા જેવું નથી.

૫૦૩. "ચાર હજાર ચારિત્રવંતો ગૃહસ્થાશ્રમી થઇ ગયા, છતાં શ્રી આદીશ્વર ભગવાને અવસરોચિત શુભ દેશના પણ દીધીજ નહિં" એ મર્યાદાને સમજતા શીખો.

૫૦૪. તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી બોલે છે, અને વર્તમાનકાલીન-આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ બોલે છે; પરંતુ તેઓ સ્વતંત્રપણે બોલતાજ નથી પણ પ્રાતઃસ્મરણીય પૂર્વ પુરૂષોના કથનનો અનુવાદ કરે છે એ ધ્યાનમાં રાખો.

૫૦૫. વર્તમાન કાલીન કોઇપણ આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓને સ્વતંત્રપણે બોલવાનો ઇજારો જૈનશાસને આપ્યોજ નથી.

૫૦૬. પૂર્વ પુરૂષોના પ્રણીત-સિદ્ધાન્ત-વચનોને અનુસરીનેજ શ્રમણ ભગવંતો બોલી શકે છે, અને ઉપદેશ દઇ શકે છે; અન્યથા નહિંજ.

૫૦૭. દાનધર્મની વ્યવસ્થિત મર્યાદા વગર શ્રી જૈન—શાસનનું સંચાલન વર્તમાનમાં પણ અશકય છે.

૫૦૮. દાનધર્મની વ્યવસ્થાના અભાવે પ્રથમ ભગવંતની સાથે થયેલા ચાર હજાર દીક્ષિતોને ધરભેગા થવું પડયું માટે દાનધર્મની વ્યવસ્થાને સમજતાં શીખો.

૫૦૯. સ્થાવર-જંગમ સંપત્તિઓ અને સાધનો પ્રબળ-પાપોદયે ચાલ્યાં જાય, છતાં પણ સત્પાત્રમાં દેવાની પરિણતિ જેના હૃદયમંદિરમાં રમ્યા કરે છે તેજ ખરો ભાગ્યશાળી છે, અર્થાત્ વાસ્તવિક-દાનેશ્વરીજ છે.

૫૧૦. સંપત્તિઓના અભાવની નિર્ધન દશા પ્રાપ્ત થયા છતાં પણ દેવાના પરિણામની નિર્ધન દશા ન આવે તે સારૂ દાનેશ્વરીઓએ ધ્યાનમાં રાખવા જેવું છે.

૫૧૧. પુણ્યાનુબન્ધિ પુણ્યનો ઉદય થયે છતે સુપાત્ર દાન દેવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને સુપાત્રની સુંદર પ્રાપ્તિની અંખના કર્યા કરે છે.

૫૧૨. પાપાનુબન્ધિ પાપનો ઉદય વર્તતો હોય તો સુપાત્રદાન દેવાના મનોરથ થતાજ નથી.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું. ]